સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

ઉપાંગટીકાકાર શ્રી મલયગિરિસૂરીશ્વરજી મહારાજા પ્રણીત ટીકાયુક્ત

# ધર્મસંગ્રહણિ

શબ્દશઃ વિવેચન

ભાગ-૩



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# ધર્મસંગ્રહણિ

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૩

✤ મૂળ ગ્રંથકાર ✤

**સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત**

✤ ટીકાકાર ✤

**ઉપાંગટીકાકાર શ્રી મલયગિરિસૂરીશ્વરજી મહારાજા પ્રણીત ટીકાયુક્ત**

✤ દિવ્યકૃપા ✤

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર **શ્રી મોહજિતવિજયજી મહારાજા**

✤ આશીર્વાદદાતા ✤

**પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ.સા.ના સમુદાયવર્તી** તથા
તેઓશ્રીના લઘુગુરુભ્રાતા, વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
**પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

✤ વિવેચનકાર ✤

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

✤ સંકલનકારિકા ✤

**રાખીબેન રમણલાલ શાહ**

✤ પ્રકાશક ✤

ગીતાર્થ
ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# ધર્મસંગ્રહણિ ભાગ-૩ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૫ ✦ વિ. સં. ૨૦૭૫ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

મૂલ્ય : રૂ. ૪૩૫-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પ.પૂ. મુનિરાજ શ્રી વિશ્વદર્શનવિજયજી મ.સા.ની પ્રેરણાથી
હીરાબેન છોટાલાલ, ગઢતીર્થ - હ. ભાનુબેન સેવંતીલાલ (સુલસા)
અને
એક સદ્ગૃહસ્થ તરફથી - મુંબઈ.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૨૧૭

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : mygg@gitarthganga.com ❖ www.gitarthganga.com

✻ મુદ્રક ✻
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તેનાથી પણ ટૉર્ચ હોવા છતાં ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન-જાણનાર વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮થી અધિક વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં,

શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક **ધર્મતીર્થ** વિષયક સંપૂર્ણ પ્રવચનો કુલ ચાર ભાગમાં પ્રગટ થઈ ચૂક્યા છે અને **પર્ષદા, દેશના** વિષયક પ્રવચનોનું સંકલન ચાલુ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજે Encyclopedia (વિશ્વકોષ) તરીકે ઓળખવામાં આવે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો, પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો તથા અન્ય સાહિત્ય જે શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
તા. ૧૩-૦૧-૨૦૧૮

**ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ**
**અને શ્રુતભક્ત પરિવાર**

# પ્રસ્તાવના

ધર્મસંગ્રહણિ ભાગ-૧ અને ભાગ-૨માં વીતરાગ, સર્વજ્ઞ અને સર્વદર્શી એવા ભગવાન વડે બતાવાયેલ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ભાવધર્મનું સવિસ્તાર કથન કર્યું.

અહીં કેટલાક દર્શનકારો શંકા કરે છે કે રાગાદિ દોષોરહિત, સર્વવસ્તુ વિષયક અતીતાદિ સર્વ ભાવોના જ્ઞાતા અને સર્વવસ્તુ વિષયક સર્વ કાળના દ્રવ્યગુણપર્યાયના જોનારા કોઈ પુરુષ હોઈ શકે નહીં. આ પ્રકારની શંકાનું સમાધાન કરતા ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ધર્મસંગ્રહણિ ભાગ-૩માં ભગવાનમાં વીતરાગત્વ, સર્વજ્ઞત્વ અને સર્વદર્શીપણાની સિદ્ધિ કરેલ છે.

સૌ પ્રથમ વીતરાગતાના સદ્ભાવની સિદ્ધિ કરેલ છે. ત્યાં રાગાદિ દોષોના હ્રાસ અને સર્વથા નાશ માટેના ઉપાયો બતાવ્યા છે. રાગાદિ દોષોના કારણ, સ્વરૂપ, વિષય અને ફળનું ભાવન કરવાથી રાગાદિ દોષો કઈ રીતે ક્ષીણ, ક્ષીણતર થાય છે ? તેની સ્પષ્ટતા કરેલ છે. વળી, જ્ઞાન, તપ અને સંયમના સ્વરૂપવાળી ભાવનાના ભાવનથી રાગાદિ દોષોનો ક્ષય થાય છે અને પરંપરાએ સર્વ કર્મ ક્ષયરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેની સ્પષ્ટતા કરેલ છે. ભગવાનની બાહ્ય પ્રવૃત્તિઓથી પણ ભગવાનના વીતરાગત્વની સિદ્ધિ કઈ રીતે થાય છે તેની સ્પષ્ટતા ગ્રંથકારશ્રીએ કરેલ છે.

ત્યારબાદ અતીન્દ્રિય પ્રત્યક્ષથી સર્વજ્ઞને અશેષ દ્રવ્યગુણપર્યાયના જ્ઞાનની સિદ્ધિ કરીને ગ્રંથકારશ્રીએ વિવક્ષિત એવા વીરભગવાનમાં સર્વજ્ઞતાના સંભવનું સ્થાપન કરેલ છે. અહીં સર્વજ્ઞ દ્વારા કથિત આગમોને પ્રમાણરૂપે સ્વીકારવામાં કોઈ દોષ નથી અને અપૌરુષેય એવા વેદને પ્રમાણરૂપે સ્વીકારી ન શકાય તેમ યુક્તિથી સ્થાપન કરેલ છે.

વળી, 'અસર્વજ્ઞ' શબ્દમાં રહેલા 'અ' અક્ષરના જુદા જુદા અર્થ કરીને પર દર્શનકારો વડે કરવામાં આવેલ તર્કોનું ખંડન કરીને સર્વજ્ઞના સદ્ભાવનું સ્થાપન કરેલ છે. પરદર્શનવાદીએ અસર્વજ્ઞતાની સિદ્ધિ કરવા બતાવેલ 'પુરુષત્વ' અને 'વક્તૃત્વ' રૂપ હેતુની તેમજ ઉડ્ડયનની અને ભોજનની ક્રિયારૂપ દૃષ્ટાંતોની અસંગતતા બતાવીને ગ્રંથકારશ્રીએ સર્વજ્ઞનું સ્થાપન કરેલ છે.

વળી, સર્વજ્ઞ પ્રતિષેધક પ્રત્યક્ષપ્રમાણ, અનુમાનપ્રમાણ, આગમપ્રમાણ, ઉપમાનપ્રમાણ, અર્થાપત્તિપ્રમાણ અને અભાવપ્રમાણની અસંગતિ બતાવીને સર્વજ્ઞ સાધક પ્રમાણથી સર્વજ્ઞના સદ્ભાવનું સ્થાપન કરેલ છે. ત્યારપછી અતીન્દ્રિય પદાર્થોને કહેનારા વૈદ્યકાદિ શાસ્ત્રોના બળથી સર્વજ્ઞતાની સિદ્ધિ કરેલ છે.

વળી, સર્વ વસ્તુના અતીત અને અનાગતના ભાવો વર્તમાનમાં અવિદ્યમાન હોવાથી તેનું દર્શન કોઈ પુરુષને થઈ શકે નહીં, એ પ્રકારની પૂર્વપક્ષીની યુક્તિનું ઉદ્ભાવન કરીને સર્વજ્ઞને કઈ રીતે સર્વ વસ્તુ વિષયક ત્રણે કાળના ભાવોનું દર્શન થાય છે ? તેની સ્પષ્ટતા કરેલ છે.

વળી, કેવળજ્ઞાન થયા પછી કેવલીના કેવલદર્શન અને કેવલજ્ઞાનના ઉપયોગની વિચારણાના વિષયમાં ભગવાનના શાસનમાં પૂર્વના ઋષિઓના ભિન્ન ભિન્ન અભિપ્રાયો કઈ અપેક્ષાએ છે ? તેનું પણ યુક્તિઓથી સ્પષ્ટીકરણ કરેલ છે. જેથી શાસ્ત્રવચનને ઉચિત રીતે યોજન કરવા અર્થે નિપુણ પ્રજ્ઞાવાળા ઋષિઓ કઈ રીતે યત્ન કરે છે ? અને પ્રાજ્ઞ પુરુષે તેનું અનુસરણ કરવું જોઈએ તેનો પણ મર્મસ્પર્શી બોધ થાય છે.

વળી, જિનાગમ પરિગૃહીત, વિવાદાસ્પદ અને છિન્નમૂલક હોવાથી પ્રમાણભૂત નથી એમ પરદર્શનકારોએ દોષ આપ્યો. તેમાં ગ્રંથકારશ્રીએ દૃષ્ટાંતો દ્વારા સમાધાન કરેલ છે.

ત્યારપછી સમ્યગ્દર્શનાદિ ભાવધર્મના સેવનથી અનંત સુખમય એવા મોક્ષની પ્રાપ્તિ થાય છે. એમ બતાવીને મોક્ષમાં અનંત સુખના કારણો બતાવ્યા. વળી, મોક્ષમાં રાગાદિનો અભાવ છે અને જન્માદિનો અભાવ છે તેમજ અવ્યાબાધપણું છે માટે મોક્ષમાં અનંત સુખ છે અને તે અનંત સુખ સંસારના અનુભવસિદ્ધ સુખની સાથે તુલના કરીને તે સુખસદૃશ જ મોક્ષનું સુખ શાશ્વતકાળ માટે પરાકાષ્ટાનું છે તેમ બતાવેલ છે. તેનાથી એ ફલિત થાય છે કે સંસારના સુખમાં અને મોક્ષના સુખમાં સુખત્વજાતિ સમાન છે; કેમ કે અનુકૂળ વેદનરૂપ છે માત્ર સંસારનું સુખ ક્ષણમાત્ર કાળભાવિ છે અને મોક્ષનું સુખ શાશ્વત છે.

વળી, કન્યાના દૃષ્ટાંત દ્વારા ગ્રંથકારશ્રીએ મોક્ષસુખની અનુપમતા બતાવેલ છે.

અનંતકાળથી અનંત જીવોના મોક્ષગમન થવાથી ભવ્ય જીવોની સંખ્યાનો અંત આવશે એવી શંકા કરતા પૂર્વપક્ષીને ગ્રંથકારશ્રીએ ઉત્તર આપતા બતાવ્યું કે જેટલા અનંત જીવો મોક્ષે જાય છે અને જશે એના કરતાં અનંતગુણા ભવ્ય જીવોની સંખ્યા હોવાથી ભવ્ય જીવોની સંખ્યાનો અંત આવવાનો સંભવ નથી.

અંતે પ્રસ્તુત ગ્રંથની રચના દ્વારા ગ્રંથકારશ્રીએ સ્વ-પર ઉપકાર દ્વારા જિનશાસનરૂપ સંબોધિને પ્રાપ્ત કરી જિજ્ઞાસુ જીવો મોક્ષફળ મેળવે, એવી અભિલાષા વ્યક્ત કરી છે.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

**— પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**વૈશાખ સુદ-૩, વિ. સં. ૨૦૭૪**
**તા. ૧૮-૪-૨૦૧૮, બુધવાર**
**બી-૫, જય જિનેન્દ્ર ટાવર,**
**બેન્ક ઓફ બરોડાની સામે,**
**ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૯૪૨૮૧૬૯૫૯૩**

# અનુક્રમણિકા


| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૧૩૭ થી ૧૧૪૫ | વીતરાગ-સર્વજ્ઞથી પ્રરૂપિત ભાવધર્મને સ્થાપન કરનાર યુક્તિ. | ૧-૧૪ |
| ૧૧૪૬ થી ૧૧૬૨ | વીતરાગતાના અસંભવની સ્થાપક પૂર્વપક્ષીની યુક્તિઓ અને તેના દ્વારા સર્વજ્ઞનું વચન ભાવધર્મને કહેનારું છે, તે કથનનું પૂર્વપક્ષી દ્વારા નિરાકરણ. | ૧૪-૩૫ |
| ૧૧૬૩ થી ૧૨૦૩ | જગતમાં વીતરાગતાનો અસંભવ છે એમ પૂર્વપક્ષીએ પૂર્વમાં સ્થાપન કર્યું તે કઈ રીતે અસંગત છે ? અને પ્રતિપક્ષના ભાવનથી રાગાદિ દોષોનો કઈ રીતે ક્ષય થઈ શકે છે અને વીતરાગતાની પ્રાપ્તિ કઈ રીતે થઈ શકે છે તેનું અનુભવ અનુસાર યુક્તિઓથી સ્થાપન, જેના દ્વારા વીતરાગ થવાના ઉપાયોનો મર્મસ્પર્શી બોધ થઈ શકે એવું નિરૂપણ. | ૩૫-૧૦૭ |
| ૧૨૦૪ થી ૧૨૫૨ | શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર જગતમાં સર્વજ્ઞ સંભવી શકે તેનું નિપુણતાપૂર્વક નિરૂપણ જેનાથી વીતરાગ સર્વજ્ઞ દ્વારા પ્રણિત આગમની પ્રમાણિકતાની સિદ્ધિ. | ૧૦૭-૧૭૭ |
| ૧૨૫૩ થી ૧૨૭૦ | આગમને અપૌરુષેય સ્વીકારનાર મીમાંસકના મતની અનેક યુક્તિઓના નિરૂપણપૂર્વક તેની અસંગતતાની સ્થાપક યુક્તિઓ. | ૧૭૭-૨૦૨ |
| ૧૨૭૧ થી ૧૨૭૭ | 'અસર્વજ્ઞ'માં રહેલા 'અ'ના અલગ અલગ અર્થને આશ્રયીને 'અસર્વજ્ઞ'ના જુદા જુદા અર્થનું કથન અને તેની અસંગતતાની સિદ્ધિ. | ૨૦૩-૨૧૪ |
| ૧૨૭૮ | અસર્વજ્ઞતાની સિદ્ધિ કરતા પૂર્વપક્ષીએ 'પુરુષત્વ' હેતુ બતાવ્યો તે હેતુની જ અસિદ્ધિ. | ૨૧૪-૨૧૫ |
| ૧૨૭૯ | અસર્વજ્ઞતાની સિદ્ધિ કરતા પૂર્વપક્ષીએ 'વક્તૃત્વ' હેતુ બતાવ્યો તે હેતુની જ અસિદ્ધિ. | ૨૧૫-૨૧૭ |
| ૧૨૮૦ થી ૧૨૮૨ | પુરુષત્વના જ્ઞાન પ્રકર્ષ સાથે વિરોધરૂપ દોષનું ઉદ્‌ભાવન અને અવિરોધની સિદ્ધિ. | ૨૧૭-૨૨૦ |
| ૧૨૮૩ થી ૧૨૯૩ | વક્તૃત્વના જ્ઞાનપ્રકર્ષ સાથે વિરોધરૂપ દોષનું ઉદ્‌ભાવન અને અવિરોધની સિદ્ધિ. | ૨૨૦-૨૪૦ |
| ૧૨૯૪ | સર્વજ્ઞપ્રતિષેધક પ્રમાણનો અભાવ. | ૨૩૮-૨૪૦ |
| ૧૨૯૫ | સર્વજ્ઞપ્રતિષેધક પ્રત્યક્ષપ્રમાણનો અભાવ. | ૨૪૦-૨૪૧ |
| ૧૨૯૬ | સર્વજ્ઞપ્રતિષેધક અનુમાનપ્રમાણનો અભાવ. | ૨૪૧-૨૪૨ |
| ૧૨૯૭ | સર્વજ્ઞપ્રતિષેધક આગમપ્રમાણનો અભાવ. | ૨૪૨-૨૪૩ |
| ૧૨૯૮ | સર્વજ્ઞપ્રતિષેધક ઉપમાનપ્રમાણનો અભાવ. | ૨૪૩-૨૪૪ |
| ૧૨૯૯ | અર્થાપત્તિથી સર્વજ્ઞના અભાવની અસિદ્ધિ. | ૨૪૪-૨૪૬ |
| ૧૩૦૦ થી ૧૩૦૨ | કેટલાક દર્શનકારો છટ્ઠુ અભાવપ્રમાણ સ્વીકારે છે તેનાથી પણ સર્વજ્ઞના અભાવની અસંગતતાની સ્થાપક યુક્તિ. | ૨૪૬-૨૫૨ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૩૦૩ થી ૧૩૦૬ | સર્વજ્ઞ પ્રતિષેધક પ્રમાણને ઉદ્દેશીને દૃષ્ટાંતની સંદિગ્ધ સાધ્યતાનું ઉદ્‌ભાવન અને નિરાકરણ. | ૨૫૨-૨૫૮ |
| ૧૩૦૭ | સર્વજ્ઞસાધકપ્રમાણના અભાવરૂપ દોષનું ઉદ્‌ભાવન અને તેનું નિરાકરણ. | ૨૫૮-૨૬૧ |
| ૧૩૦૮ થી ૧૩૧૪ | વૈદ્યકાદિ શાસ્ત્રોના અસ્તિત્વથી સર્વજ્ઞની સિદ્ધિ. | ૨૬૧-૨૭૧ |
| ૧૩૧૫ થી ૧૩૨૩ | વસ્તુમાં અતીત અને અનાગત ભાવો વર્તમાનમાં વિદ્યમાન નહીં હોવાથી તેના જ્ઞાનનો અસંભવ હોવાને કારણે સર્વજ્ઞના અસંભવની યુક્તિનું નિરાકરણ. | ૨૭૧-૨૮૪ |
| ૧૩૨૪ | સ્વપ્નાદિ દૃષ્ટાંત દ્વારા બૌદ્ધ મતના કથનથી પણ કેવળજ્ઞાનમાં સર્વવસ્તુ વિષયક અતીતાદિ સર્વ ભાવોના પ્રત્યક્ષ જ્ઞાનની સિદ્ધિ. | ૨૮૪-૨૮૯ |
| ૧૩૨૫ થી ૧૩૨૮ | દર્પણમાં છાયાના પ્રતિબિંબની જેમ કેવળજ્ઞાનમાં જ્ઞેયનું પ્રતિબિંબ સ્વીકારનાર મતનું નિરાકરણ. | ૨૮૯-૨૯૭ |
| ૧૩૨૯ થી ૧૩૩૫ | કેવળજ્ઞાનને વિશ્વમાં ગમન સ્વીકારનાર પક્ષના કથનનું ઉદ્‌ભાવન અને નિરાકરણ. | ૨૯૮-૩૦૮ |
| ૧૩૩૬ થી ૧૩૭૨ | કેવળજ્ઞાન પામ્યા પછી કેવલીના કેવલદર્શન અને કેવલજ્ઞાનના ઉપયોગની વિચારણામાં ક્રમિક આદિ વિકલ્પોની ચર્ચા. | ૩૦૯-૩૫૬ |
| ૧૩૭૩ થી ૧૩૭૫ | 'પરિગૃહીત અને વિવાદાસ્પદ' હોવાથી જિનાગમના છિન્નમૂલકપણારૂપ દોષનું ઉદ્‌ભાવન અને નિરાકરણ. | ૩૫૬-૩૬૧ |
| ૧૩૭૬ | સમ્યગ્દર્શનાદિ ભાવધર્મના સેવનથી મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ. | ૩૬૧-૩૬૩ |
| ૧૩૭૭ થી ૧૩૮૩ | મોક્ષમાં અનંત સુખના કારણો :-<br>(૧) રાગાદિનો અભાવ,<br>(૨) જન્માદિનો અભાવ,<br>(૩) અવ્યાબાધતા. | ૩૬૩-૩૭૨ |
| ૧૩૮૪-૧૩૮૫ | સંસારના સુખ કરતા મોક્ષસુખમાં રહેલ વિશેષતા. | ૩૭૨-૩૭૪ |
| ૧૩૮૬-૧૩૮૭ | મોક્ષસુખની અનુપમતા. | ૩૭૫-૩૮૧ |
| ૧૩૮૮ થી ૧૩૯૦ | મોક્ષસુખની અનુપમતામાં કન્યાનું દૃષ્ટાંત. | ૩૭૭-૩૮૧ |
| ૧૩૯૧ | કન્યાના દૃષ્ટાંતનું મોક્ષસુખરૂપ દાર્ષ્ટાંતિકમાં યોજન. | ૩૭૯-૩૮૧ |
| ૧૩૯૨ થી ૧૩૯૪ | અનંતકાળથી અનંત જીવોના મોક્ષગમન થવા છતાં ભવ્ય જીવોની સંખ્યાનો અંત થવારૂપ દોષનું ઉદ્‌ભાવન અને તેનું નિરાકરણ. | ૩૮૨-૩૮૪ |
| ૧૩૯૫ | પ્રસ્તુત પ્રકરણ ગ્રંથની રચનાનો હેતુ. | ૩૮૪-૩૮૫ |
| ૧૩૯૬ | પ્રસ્તુત પ્રકરણ ગ્રંથની રચનાથી ગ્રંથકારશ્રીને ઇચ્છિત ફળનો અભિલાષ. | ૩૮૬ |
| શ્લોક : ૧ થી ૪ | પ્રશસ્તિ | ૩૮૭-૩૮૮ |

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

ઉપાંગટીકાકાર શ્રી મલયગિરિસૂરીશ્વરજી મહારાજા પ્રણીત ટીકાયુક્ત

# ધર્મસંગ્રહણિ

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૩

**અવતરણિકા :-**

एष तावद् भावधर्म्मः संक्षेपेणोक्तो विस्तरतस्तु सूत्रतोऽवसेयस्तथाचाह—

**અવતરણિકાર્થ :-**

આ ભાવધર્મ સંક્ષેપથી કહેવાયો. વિસ્તારથી વળી સૂત્રથી જાણવો અને તે રીતે=વિસ્તારથી ભાવધર્મ સૂત્રથી જાણવો તે રીતે, કહે છે –

**ગાથા :-**

एसो उ भावधम्मो भणिओ परमेहिं वीयरागेहिं ।
सव्वन्नूहिं सूत्ते पवंचतो सव्वदरिसीहिं ।।११३७।।

**છાયા :-**

एष तु भावधर्मो भणितः परमैर्वीतरागैः ।
सर्वज्ञैः सूत्रे प्रपञ्चतः सर्वदर्शिभिः ।।११३७।।

**ગાથાર્થ :-**

વળી પરમ વીતરાગ સર્વજ્ઞ, સર્વદર્શી વડે આ ભાવધર્મ સૂત્રમાં વિસ્તારથી કહેવાયો છે. ।।૧૧૩૭।।

**ટીકા :-**

**एष तु भावधर्म्मः सूत्रे प्रपञ्चतो भणितः परमैर्वीतरागैः सर्वज्ञैः सर्वदर्शिभिस्ततस्तस्मादेव सूत्रात् प्रपञ्चेन ज्ञेय इति ।।११३७।।**

**ટીકાર્થ :-**

**एष तु भावधर्म्मः ..... ज्ञेय इति ।। વળી આ ભાવધર્મ=પાંચ મહાવ્રત અને ઉત્તરગુણરૂપ આ ભાવધર્મ, સૂત્રમાં=આગમમાં, વિસ્તારથી પરમ વીતરાગ સર્વજ્ઞ, સર્વદર્શી વડે કહેવાયો છે. તેનાથી જ=સૂત્રથી જ, વિસ્તારથી જાણવો. ।।૧૧૩૭।।**

**ભાવાર્થ :-**

ગાથા-૩૩માં ગ્રંથકારશ્રીએ કહેલ કે 'ભાવધર્મને હું કહીશ' ત્યાર પછી તે ભાવધર્મ જીવમાં પ્રગટ થાય છે તેથી જ જીવના અસ્તિત્વની સિદ્ધિ કરી, એ રીતે આનુષંગિક અન્ય પદાર્થોની સિદ્ધિ કર્યા પછી જ્ઞાન, દર્શન, ચારિત્રાત્મક ભાવધર્મનું અત્યાર સુધી વર્ણન કર્યું. વળી, આગમમાં વિસ્તારથી વીતરાગ સર્વજ્ઞ વડે તેનું વર્ણન કરાયું છે. તેથી વિસ્તારથી ભાવધર્મના સ્વરૂપના બોધના અર્થી જીવે ત્યાંથી જ જાણવા યત્ન કરવો જોઈએ એ પ્રકારે ગ્રંથકારશ્રી દિશાસૂચન કરે છે. **।।૧૧૩૭।।**

**અવતરણિકા :-**

**यदुक्तं 'वीतरागैः सर्वज्ञै'रिति, तत्र परस्य चोद्यमपाकर्तुमुद्भावयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**વીતરાગ સર્વજ્ઞ વડે એ પ્રમાણે જે કહેવાયું=ગાથા-૧૧૩૭માં જે કહેવાયું, ત્યાં પરની શંકાને દૂર કરવા માટે ઉદ્ભાવન કરતાં=પરની શંકાનું ઉદ્ભાવન કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**चोएति कहं रागादिदोसविरहो हविज्ज सत्तस्स? ।**
**तद्धम्म च्चिय जम्हा अणादिमंता य ते तस्स ।।११३८।।**

**છાયા :-**

चोदयति कथं रागादिदोषविरहो भवेत् सत्त्वस्य ?।
तद्धर्मा एव यस्मादनादिमन्तश्च ते तस्य ।।११३८।।

**ગાથાર્થ :-**

**જીવના રાગાદિ દોષનો વિરહ કેવી રીતે થાય ? એ પ્રકારે પર પ્રશ્ન કરે છે. કેમ ન થાય ? એમાં હેતુ કહે છે. જે કારણથી તેનો=જીવનો, ધર્મ છે અને તે=રાગાદિ, તેના=આત્માના, અનાદિના છે. ।।૧૧૩૮।।**

**ટીકા :-**

**चोदयति परो यथा—कथं रागादिविरहः सत्त्वस्य भवेत् यद्वशाद्वीतरागता सर्वज्ञता वा भवेत्?, नैव भवेदिति भावः । कथं न भवेदित्यत आह—'तद्धम्म च्चिय जम्हा' यस्माद्रागादयो दोषास्तद्धर्म्मा एव-आत्मधर्मा एव, यच्च तद्धर्म्मरूपं न तस्य निरन्वयो विनाशो, यथा—ज्ञानस्य, तद्धर्म्मभूताश्च रागादयो दोषास्तत्कथं तेषामभाव इति । द्वितीयं हेतुमाह—'अणादिमंतो य ते तस्स' ते-रागादयो दोषास्तस्य-आत्मनोऽनादिमन्तो, यच्चानादिमन्न तन्निरन्वयविनाशि यथा आकाशम्, अनादिमन्तश्च रागादय इति न रागद्वेषमोहादिदोषाभावः ।।११३८।।**

**ટીકાર્થ :-**

**चोदयति ..... दोषाभावः ।। પર શંકા કરે છે. તે શંકા 'यथा'થી બતાવે છે. જીવને રાગાદિનો વિરહ કેવી રીતે થાય ? જેના વશથી વીતરાગતા અથવા સર્વજ્ઞતા થાય અર્થાત્ જીવને રાગાદિનો વિરહ થાય નહીં જ. કેમ ન થાય ? એથી કહે છે — જે કારણથી રાગાદિ દોષો તદ્ધર્મ જ છે=આત્માના ધર્મો જ છે. અને જે તદ્ધર્મરૂપ છે=જે રાગાદિ જીવના ધર્મરૂપ છે, તેનો નિરન્વય વિનાશ=સર્વથા જીવમાં અનુવૃત્તિ ન હોય તેવો વિનાશ, નથી, જે પ્રમાણે જ્ઞાનનો સર્વથા વિનાશ નથી અને તદ્ધર્મભૂત=જીવના ધર્મભૂત, રાગાદિ દોષો છે, તે કારણથી કેવી રીતે તેઓનો અભાવ થાય ? અર્થાત્ થાય નહીં. બીજા હેતુને કહે છે=પૂર્વમાં રાગાદિ જીવનો ધર્મ છે એ રૂપ એક હેતુને કહ્યો હવે રાગાદિ નાશ થઈ શકે નહીં એમાં બીજા હેતુને કહે છે. તે=રાગાદિ દોષો, તેના=આત્માના, અનાદિના છે અને જે અનાદિના હોય તે નિરન્વય વિનાશી ન હોય, જે પ્રમાણે આકાશ, અને અનાદિના રાગાદિ છે એથી રાગ, દ્વેષ, મોહાદિ દોષોનો અભાવ નથી. ।।૧૧૩૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે વીતરાગ વડે ભાવધર્મ કહેવાયેલો છે. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે જગતમાં વીતરાગ સંભવી શકે તેમ નથી. કેમ સંભવી શકે તેમ નથી ? તે સ્પષ્ટ કરવા અર્થે યુક્તિ બતાવે છે — જે જેનો ધર્મ હોય તે ધર્મનો સર્વથા નાશ સંભવી શકે નહીં. જેમ જીવનો જ્ઞાનધર્મ છે અને સંસારી જીવોમાં જ્ઞાનની હાનિ-વૃદ્ધિ થતી દેખાય છે, તો પણ જ્ઞાનનો સર્વથા નાશ સંભવતો નથી. આથી જ જીવ કર્મથી અત્યંત અભિભૂત થાય છે ત્યારે નિગોદમાં પણ અક્ષરના અનંતમા ભાગપ્રમાણ જ્ઞાન વિદ્યમાન છે પરંતુ જ્ઞાનનો અભાવ જીવમાં ક્યારેય પ્રાપ્ત થતો નથી. તેમ રાગાદિ દોષો પણ જીવમાં હાનિ-વૃદ્ધિ થતા દેખાય છે તો પણ જીવના દરેક ભવમાં તેનો અધિક કે અલ્પ માત્રામાં અવશ્ય અન્વય છે પરંતુ રાગાદિનો આત્મામાં અન્વય ન હોય તેવો સર્વથા નાશ સંભવે નહીં; કેમ કે જીવના ધર્મરૂપ જ રાગાદિ છે.

વળી બીજો હેતુ કહે છે, તે રાગાદિ દોષો જીવના અનાદિના છે અને જે વસ્તુ અનાદિની હોય તેનો નિરન્વય વિનાશ થઈ શકે નહીં અર્થાત્ ઉત્તરમાં જેનો અન્વય ન હોય તેવો વિનાશ થઈ શકે નહીં. જેમ

આકાશનો સર્વથા વિનાશ થતો નથી પરંતુ આકાશ ઘટાકાશ, પટાકાશ આદિ તે તે ભાવરૂપે નાશ પામે છે તો પણ સદા માટે આકાશસ્વરૂપે અન્વય પામે છે. તેમ રાગાદિ દોષો અધિક-અલ્પ થતા હોય તો પણ આત્મામાં સદા તેનો અન્વય પ્રાપ્ત થાય અને આકાશની જેમ આત્મામાં રાગાદિ અનાદિના છે તેથી રાગ, દ્વેષ, મોહાદિ દોષોનો અભાવ થઈ શકે નહીં. માટે કોઈપણ જીવમાં વીતરાગતા અને સર્વજ્ઞતા સંભવી શકે નહીં એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. **॥૧૧૩૮॥**

**અવતરણિકા :-**

**अपि च,**

**અવતરણિકાર્થ :-**

**અને વળી, રાગાદિનો વિરહ થઈ શકે નહીં તેમાં અન્ય યુક્તિ બતાવે છે –**

**ગાથા :-**

**धम्मा य धम्मिणो किं भिन्नाऽभिन्न त्ति? पढमपक्खम्मि ।**
**सव्वेवि वीयरागा सत्ता को तम्मि उ विसेसो? ।।११३९।।**

**છાયા :-**

धर्माश्च धर्मिणः किं भिन्ना अभिन्ना इति ? प्रथमपक्षे ।
सर्वेऽपि वीतरागाः सत्त्वाः कस्तस्मिंस्तु विशेषः ? ।।११३९।।

**ગાથાર્થ :-**

**ધર્મિથી ધર્મો શું ભિન્ન છે કે અભિન્ન છે ? એ પ્રકારના વિકલ્પમાં પ્રથમ પક્ષમાં સર્વ જીવો વીતરાગ છે. તેમાં કોણ વિશેષ છે ? અર્થાત્ કોઈ વિશેષ નથી. ॥૧૧૩૯॥**

**ટીકા :-**

**धर्म्माश्च धर्मिणः सकाशात् किं भिन्ना वा स्युरभिन्ना वेति पक्षद्वयम् । तत्र प्रथमपक्षे-भेदलक्षणेऽभ्युपगम्यमाने सति सर्वेऽपि सत्त्वा वीतरागा एव प्राप्नुवन्ति, रागादिभ्यो भिन्नत्वात्, विवक्षितपुरुषवत् । ततश्च को नाम तस्मिन्-विवक्षिते वर्द्धमानस्वाम्यादौ विशेषो? येन तद्वच एव प्रमाणं स्यात् न रथ्यापुरुषादिवचोऽपीति ।।११३९।।**

**ટીકાર્થ :-**

धर्म्माश्च धर्मिणः ..... वचोऽपीति ।। ધર્મો=રાગાદિરૂપ ધર્મો, ધર્મીથી=આત્મારૂપ ધર્મીથી, શું ભિન્ન છે ? અથવા અભિન્ન છે ? એ પ્રકારે બે પક્ષ છે. ત્યાં=બે પક્ષમાં, પ્રથમ પક્ષ સ્વીકાર કરાયે છતે=

**ભેદલક્ષણ પ્રથમ પક્ષ સ્વીકાર કરાયે છતે, સર્વ પણ જીવો વીતરાગ જ પ્રાપ્ત થાય; કેમ કે રાગાદિથી ભિન્નપણું છે=સર્વ જીવોનું રાગાદિથી ભિન્નપણું છે. વિવક્ષિત પુરુષની જેમ=વિવક્ષિત એવા વીતરાગની જેમ, અર્થાત્ વીતરાગથી રાગાદિ ભિન્ન છે તેમ સર્વ જીવોથી રાગાદિ ભિન્ન હોવાથી સર્વ જીવો વીતરાગ જ પ્રાપ્ત થાય. અને તેથી=રાગાદિનો ભેદ પક્ષ સ્વીકાર્યો તેના કારણે સર્વ જીવો વીતરાગ સિદ્ધ થાય તેથી, કોણ ખરેખર તે વિવક્ષિત વર્ધમાનસ્વામી આદિમાં વિશેષ છે ? જે કારણે તેનું= વર્ધમાનસ્વામીનું, વચન જ પ્રમાણ થાય રથ્યાપુરુષાદિનું વચન પણ પ્રમાણ થાય નહીં=શેરીમાં ભટકતા અસંબદ્ધ પ્રલાપ કરતા પુરુષાદિનું વચન પણ પ્રમાણ થાય નહીં. ॥૧૧૩૯॥**

**ભાવાર્થ :-**

ગાથા-૧૧૩૭માં કહ્યું કે વીતરાગ સર્વજ્ઞ વડે ભાવધર્મ કહેવાયો છે. ત્યાં પ્રશ્ન થાય કે જીવ વીતરાગ કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં. તે ગાથા-૧૧૩૮માં બતાવ્યું. હવે જો જીવ વીતરાગ થઈ શકે તેમ સ્વીકારીએ તો પણ વીતરાગનું વચન પ્રમાણભૂત છે એમ સ્વીકારી શકાય નહીં. તે બતાવવા અર્થે પૂર્વપક્ષ પ્રશ્ન કરે છે – જીવરૂપ ધર્મીથી રાગાદિરૂપ ધર્મો ભિન્ન છે કે અભિન્ન છે, એમ બે વિકલ્પ થઈ શકે છે, ત્રીજો વિકલ્પ સંભવતો નથી. તેમાં પ્રથમ વિકલ્પ સ્વીકારવાથી એ પ્રાપ્ત થાય કે જીવરૂપ ધર્મીથી રાગાદિરૂપ ધર્મો ભિન્ન છે અને તેમ સ્વીકારવાથી એ પ્રાપ્ત થાય કે સર્વ જીવો પોતે રાગાદિ પરિણામવાળા નથી પરંતુ વીતરાગ જ છે; કેમ કે જીવનું સ્વરૂપ વીતરાગતા છે અને રાગાદિ જીવથી ભિન્ન છે. જેમ કોઈ વિવક્ષિત પુરુષ બીજા જીવોથી ભિન્ન છે તેમ બધા જીવોથી રાગાદિ પણ ભિન્ન છે માટે રાગાદિવાળા જીવો નથી અને બધા જીવો વીતરાગ છે તેમ સ્વીકારો તો વિવક્ષિત એવા વર્ધમાનસ્વામીમાં અન્ય જીવોથી શું ભેદ છે ? અર્થાત્ કોઈ ભેદ નથી; કેમ કે જેમ વર્ધમાનસ્વામી રાગાદિ રહિત વીતરાગ છે તેમ સર્વ જીવો પણ વીતરાગ છે માટે જેમ શેરીમાં ભટકતા પુરુષનું વચન પ્રમાણ નથી તેમ વર્ધમાનસ્વામીનું વચન પ્રમાણ થઈ શકે નહીં; કેમ કે વીતરાગતા બંનેમાં સમાન છે. **॥૧૧૩૯॥**

**અવતરણિકા :-**

**द्वितीयं पक्षमधिकृत्याह—**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે પ્રથમ વિકલ્પથી વીર ભગવાનનું વચન પ્રમાણ નથી તેમ સ્થાપન કરીને બીજા પક્ષને આશ્રયીને કહે છે –**

**ગાથા :-**

**तव्विरहम्मि अभावो पावइ सत्तस्स बितियपक्खम्मि ।**
**को व सरूवावगमे? भावो तस्स त्ति वत्तव्वं ।।११४०।।**

**છાયા :-**

तद्विरहेऽभावः प्राप्नोति सत्त्वस्य द्वितीयपक्षे ।
को वा स्वरूपापगमे भावस्तस्येति वक्तव्यम् ।।११४०।।

**ગાથાર્થ :-**

**બીજા પક્ષમાં તેનો વિરહ હોતે છતે=રાગાદિનો વિરહ હોતે છતે, જીવનો અભાવ પ્રાપ્ત થાય. સ્વરૂપનો અપગમ થયે છતે તેનો=જીવનો, કયો જ ભાવ છે ? એ કહેવું જોઈએ. ।।૧૧૪૦।।**

**ટીકા :-**

**द्वितीयपक्षे-अभेदलक्षणेऽभ्युपगम्यमाने सति तद्विरहे-प्रतिपक्षभावनावशेन रागाद्यभावे सत्त्वस्याप्यभावः प्राप्नोति, तदभिन्नत्वात्तत्स्वरूपवत् । एतदेव स्पष्टयति—'को वेत्यादि' रागादयो हि तदभिन्नत्वादात्मस्वरूपं, स्वरूपापगमे च तस्य-आत्मनः को वाऽन्यो भावः-सत्ता स्यादिति वक्तव्यं?, नैव कश्चित्स्यादितिभावः ।।११४०।।**

**ટીકાર્થ :-**

**द्वितीयपक्षे ..... दितिभावः ।। બીજો પક્ષ સ્વીકાર કરાયે છતે=અભેદરૂપ બીજો પક્ષ સ્વીકાર કરાયે છતે=રાગાદિ ધર્મો જીવથી અભિન્ન છે તેમ સ્વીકાર કરાયે છતે, તેના વિરહમાં=પ્રતિપક્ષભાવનાના વશથી રાગાદિના અભાવમાં=રાગાદિના પ્રતિપક્ષ ક્ષમાદિ ભાવોથી આત્માને ભાવિત કરવાના વશથી રાગાદિના અભાવમાં, જીવનો પણ અભાવ પ્રાપ્ત થાય; કેમ કે તેનાથી અભિન્નપણું છે=જીવથી રાગાદિનું અભિન્નપણું છે. તેના સ્વરૂપની જેમ=જીવના જીવત્વ સ્વરૂપની જેમ, આને જ સ્પષ્ટ કરે છે. જે કારણથી રાગાદિ તેનાથી અભિન્ન હોવાથી આત્મસ્વરૂપ છે અને સ્વરૂપનું અપગમ થયે છતે તેનો= આત્માનો, કયો અન્ય ભાવ થાય=સત્તા થાય, એ પ્રમાણે કહેવું જોઈએ ? 'કોઈ થાય નહીં જ=કોઈ સત્તા થાય નહીં જ' એ પ્રકારનો ભાવ છે. ।।૧૧૪૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ બે વિકલ્પ કર્યા કે રાગાદિરૂપ ધર્મો જીવમાં દેખાય છે તે જીવથી ભિન્ન છે કે અભિન્ન છે અને જીવથી રાગાદિને ભિન્ન સ્વીકારીએ તો બધા જીવો રાગાદિરહિત હોવાથી વીતરાગ છે તેમ માનવું પડે. તેથી વીતરાગનું વચન પ્રમાણ છે તેમ કહી શકાય નહીં. તે દોષના નિવારણ માટે કોઈ કહે કે રાગાદિ પુરુષથી અભિન્ન છે અર્થાત્ રાગાદિ ભાવો જીવ સ્વરૂપ જ છે, જીવથી પૃથક્ નથી. તેને પૂર્વપક્ષી કહે છે – તેમ સ્વીકારવામાં આવે તો જે મહાત્માઓ સંસારના ઉચ્છેદ અર્થે રાગાદિના પ્રતિપક્ષ એવા ક્ષમાદિ ભાવોથી આત્માને ભાવિત કરે છે તેના કારણે તેઓના રાગાદિ અલ્પ, અલ્પતર થતા દેખાય છે અને જ્યારે સંપૂર્ણ રાગાદિ નાશ પામશે ત્યારે તે જીવનો પણ અભાવ પ્રાપ્ત થશે; કેમ કે જીવથી અભિન્ન જેમ જીવનું સ્વરૂપ છે, તેમ જીવથી અભિન્ન રાગાદિ છે. તેથી પોતાના સ્વરૂપનો નાશ થાય તો જીવની સત્તા રહે નહીં

તેમ પોતાનાથી અભિન્ન એવા આત્માના સ્વરૂપરૂપ રાગાદિ નાશ પામે તો જીવની સત્તા રહે નહીં. માટે 'રાગાદિનો નાશ થવાથી વીર ભગવાન વીતરાગ છે' તેમ કહી શકાય નહીં પરંતુ વીર ભગવાનના અભાવની જ પ્રાપ્તિ થાય. તેથી 'વીતરાગ સર્વજ્ઞએ આ ભાવધર્મ કહ્યો છે' એ પ્રકારે ગાથા-૧૧૩૭માં કહ્યું, તે વચન યુક્ત નથી એમ પૂર્વપક્ષીનો આશય છે. **॥૧૧૪૦॥**

**અવતરણિકા :-**

**तदेवं स्वरूपतो वीतरागत्वाभावमुपदर्श्य सांप्रतं प्रमाणाभावतस्तमुपदर्शयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે સ્વરૂપથી વીતરાગત્વનો અભાવ બતાવીને=ભગવાનમાં સ્વરૂપથી વીતરાગભાવ સંભવે નહીં તેમ ગાથા-૧૧૩૮થી ગાથા-૧૧૪૦ સુધી બતાવીને, હવે પૂર્વપક્ષી પ્રમાણના અભાવથી તેને=વીતરાગત્વના અભાવને, બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**अन्नं च नज्जइ कहं जह एसो रागदोसरहितो त्ति? ।**
**चेट्ठाओ चेव मती तन्नो पडिबंधऽभावातो ।।११४१।।**

**છાયા :-**

**अन्यच्च ज्ञायते कथं यथा एष रागद्वेषरहित इति ।**
**चेष्टात एव मतिस्तन्न प्रतिबन्धाभावात् ।।११४१।।**

**ગાથાર્થ :-**

**અને બીજું, કેવી રીતે જણાય જે પ્રમાણે આ રાગાદિ દોષરહિત છે ? ચેષ્ટાથી જણાય, એ પ્રમાણે મતિ થાય તે યુક્ત નથી; કેમ કે પ્રતિબંધનો અભાવ છે=વીતરાગની સાથે વ્યાપ્ય એવા લિંગનો અભાવ છે. ।।૧૧૪૧।।**

**ટીકા :-**

**अन्यच्च कथमिदं ज्ञायते यथा—एषः-परिदृश्यमानः पुरुषो रागादिदोषरहित इति?, नैव कथमपि, प्रमाणाभावादितिभावः । अथ स्यान्मतिः-चेष्टात एव वीतराग इति ज्ञायते । तत्राह—'तन्नो' इत्यादि यदेतदुक्तं तन्न । कुत इत्याह—'प्रतिबन्धाभावात्' वीतरागत्वेन सह चेष्टायाः प्रतिबन्धनियमाभावात् । न च प्रतिबन्धमन्तरेणान्यदर्शने अन्यकल्पना युक्ता, मा प्रापदतिप्रसङ्ग इति ।।११४१।।**

**ટીકાર્થ :-**

**अन्यच्च ..... प्रसङ्ग इति ।। અને બીજું, કેવી રીતે આ જણાય છે ? શું જણાય છે ? તે 'यथा'થી**

**બતાવે છે – 'આ=દેખાતો પુરુષ, રાગાદિ દોષરહિત છે.' એ પ્રમાણે કેવી રીતે જણાય ? અર્થાત્ કોઈ રીતે જણાય નહીં જ; કેમ કે પ્રમાણનો અભાવ છે=દેખાતા પુરુષમાં 'રાગાદિ દોષનો અભાવ છે' તેનો નિર્ણય કરવા માટે પ્રમાણનો અભાવ છે, એ પ્રકારનો ભાવ છે. હવે મતિ થાય=વીતરાગને સ્વીકારનારાની મતિ થાય. ચેષ્ટાથી જ વીતરાગ છે, એ પ્રમાણે જણાય છે. ત્યાં=આ પ્રકારની કોઈકની મતિમાં, પૂર્વપક્ષી કહે છે – તે નથી=જે આ કહેવાયું તે નથી='ચેષ્ટાથી જ વીતરાગ જણાય છે' એમ જે કહેવાયું તે બરાબર નથી. કયા કારણથી ? એથી કહે છે=કયા કારણથી 'ચેષ્ટાથી વીતરાગ જણાય છે' એ કથન બરાબર નથી ? એથી કહે છે, પ્રતિબંધનો અભાવ હોવાથી= વીતરાગત્વની સાથે ચેષ્ટાની વ્યાપ્તિના નિયમનો અભાવ હોવાથી, ચેષ્ટાથી વીતરાગ છે એમ નિર્ણય થાય નહીં અને પ્રતિબંધ વગર અન્યના દર્શનમાં=ચેષ્ટાના દર્શનમાં, અન્યની કલ્પના યુક્ત નથી=વીતરાગત્વની કલ્પના યુક્ત નથી; કેમ યુક્ત નથી ? તેથી કહે છે. અતિપ્રસંગ પ્રાપ્ત ન થાઓ, તેથી યુક્ત નથી. ।।૧૧૪૧।।**

**ભાવાર્થ :-**

વળી, પૂર્વપક્ષી વીતરાગના નિર્ણય માટે કોઈ પ્રમાણ નથી તે બતાવતાં કહે છે – જે પુરુષને તમે સાક્ષાત્ વીતરાગ સર્વજ્ઞ કહો છો તે પુરુષ રાગાદિ દોષોરહિત છે તે કઈ રીતે જાણી શકાય ? અર્થાત્ જાણી શકાય નહીં; કેમ કે કોઈનામાં વર્તતા રાગાદિ દોષો જ્યારે નિમિત્તથી અભિવ્યક્ત થાય છે ત્યારે દેખાય છે તે સિવાય પુરુષને જોવા માત્રથી 'આ પુરુષમાં રાગાદિ છે અને આ પુરુષમાં રાગાદિ નથી' તેવો નિર્ણય કરવા માટે કોઈ પ્રમાણ નથી. અહીં કોઈ કહે કે તે પ્રકારની સંયમની ચેષ્ટાથી અનુમાન કરી શકાય કે 'આ વીતરાગ છે' તેને પૂર્વપક્ષી કહે છે – આ કથન યુક્ત નથી; કેમ કે વીતરાગત્વની સાથે કોઈ ચેષ્ટાનો પ્રતિબંધનો નિયમ પ્રાપ્ત થતો નથી અર્થાત્ 'આ પ્રકારની ચેષ્ટા કરે તે વીતરાગ હોય' તે પ્રકારની વ્યાપ્તિ પ્રાપ્ત થતી નથી. અને વીતરાગ સાથે કોઈ ચેષ્ટાની વ્યાપ્તિ પ્રાપ્ત ન થતી હોય છતાં કોઈ ચેષ્ટાને જોઈને 'આ વીતરાગ છે' તેમ અનુમાન કરવામાં આવે તો તેની ચેષ્ટાને જોઈને અવીતરાગમાં પણ વીતરાગત્વની કલ્પનાનો પ્રસંગ પ્રાપ્ત થાય; કેમ કે બાહ્યથી સંયમની ચેષ્ટા છદ્મસ્થ પણ કરતા હોય છે અને અભવ્ય પણ નિરતિચાર ચારિત્ર બાહ્યથી પાલન કરે છે તેથી બાહ્ય ચેષ્ટાના બળથી 'આ વીતરાગ છે' તેની કલ્પના થઈ શકે નહીં. એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

વસ્તુતઃ ભગવાનના વચનના નિયંત્રણથી સુસાધુઓ ચેષ્ટા કરે છે ત્યારે તેઓના ચિત્તમાં રાગાદિ સ્ફુરણ થતા નથી પરંતુ વીતરાગતાને અનુકૂળ શુભભાવો સ્ફુરણ થાય છે. આથી જ ઉપસર્ગોમાં પણ તેવા મહાત્માના ચિત્તમાં રાગાદિના સંક્ષોભો થતા નથી અને 'જે કરાતું હોય તે કરાયું' એ ન્યાય મુજબ 'જે મહાત્માના ચિત્તમાં વીતરાગતા કરાતી હોય તેઓ વીતરાગ છે' એમ ઉપચારથી કહેવાય છે. નિષ્ઠાને પામેલી વીતરાગતાવાળા મહાત્માના ચિત્તમાં રાગાદિથી આકુળ ચેતનાનો સદા અભાવ પ્રાપ્ત થાય છે. તેનાથી 'આ વીતરાગ છે' એમ અનુમાન થાય છે તોપણ સ્થૂલ દૃષ્ટિથી વીતરાગની સાથે કોઈ ભાવની વ્યાપ્તિ દેખાતી નથી. તેને આશ્રયીને પૂર્વપક્ષીએ પ્રતિબંધ અભાવ બતાવ્યો છે. **॥૧૧૪૧॥**

**અવતરણિકા :-**

**प्रतिबन्धाभावमेव स्पष्टतरमुपदर्शयति—**

**અવતરણિકાર્થ :-**

**પ્રતિબંધના અભાવને જ=વીતરાગત્વની સાથે ચેષ્ટાના વ્યાપ્યત્વના અભાવને જ, સ્પષ્ટતર બતાવે છે=પૂર્વપક્ષી બતાવે છે –**

**ગાથા :-**

**लद्धादिनिमित्तं जं चिट्ठं दरिसिंति वीतराग व्व ।**
**मुद्धजणविम्हयकरिं हंदि सराग च्चिय मणूसा ।।११४२।।**

**છાયા :-**

लब्ध्यादिनिमित्तं यच्चेष्टां दृश्यन्ते (दर्शयन्ति) वीतरागा इव ।
मुग्धजनविस्मयकरीं हंदि सरागा एव मनुष्याः ।।११४२।।

**ગાથાર્થ :-**

**જે કારણથી મુગ્ધજનને વિસ્મયને કરનારી લબ્ધિ આદિ નિમિત્તે વીતરાગના જેવી ચેષ્ટાને સરાગ જ મનુષ્યો કરતા દેખાય છે. ।।૧૧૪૨।।**

**ટીકા :-**

**'लब्ध्यादिनिमित्तं' लब्धिप्रशंसादिनिमित्तं सरागा अपि सन्तो मनुष्या 'हंदीति' परामन्त्रणे, वीतरागा इव चेष्टां कायवाक्कर्म्मवृत्तिलक्षणां मुग्धजनविस्मयकरीं कुर्वन्तो दृश्यन्ते, तन्न वीतरागत्वेन सह चेष्टायाः प्रतिबन्धसिद्धिः ।।११४२।।**

**ટીકાર્થ :-**

**'लब्ध्यादिनिमित्तं' ..... प्रतिबन्धसिद्धिः ।। લબ્ધિ આદિના નિમિત્તે=લબ્ધિ-પ્રશંસાદિના નિમિત્તે, રાગવાળા પણ છતા મનુષ્યો વીતરાગ જેવી કાય, વાણીની ક્રિયાની પ્રવૃત્તિરૂપ મુગ્ધજનને વિસ્મય કરનારી ચેષ્ટાને કરતા દેખાય છે. તે કારણથી વીતરાગત્વની સાથે ચેષ્ટાના પ્રતિબંધની સિદ્ધિ નથી. 'हंदि' શબ્દ પરના આમંત્રણમાં છે. ।।૧૧૪૨।।**

**ભાવાર્થ :-**

વીતરાગની સાથે કોઈ બાહ્ય ચેષ્ટાની વ્યાપ્તિ નથી. તે બતાવવા અર્થે પૂર્વપક્ષી કહે છે – ઘણા સાધુઓ માન, સન્માનની પ્રાપ્તિ અર્થે કે લોકોથી થતી પ્રશંસા અર્થે કે દેવભવના સુખના અર્થે વીતરાગના જેવી જ ચેષ્ટા કરે છે. જેને જોઈને મુગ્ધજનને જણાય કે આ મહાત્માની કાયિક અને વાચિક ક્રિયાઓ સર્વત્ર રાગ,

દ્વેષના સ્પર્શ વગરની છે, છતાં તે મનુષ્યો સરાગ જ હોય છે. તેથી તેવી ચેષ્ટાના બળથી આ વીતરાગ છે તેમ અનુમાન કરી શકાય નહીં. માટે વાણી અને કાયાની દેખાતી ચેષ્ટા દ્વારા આ વીતરાગ છે તેવું અનુમાન થઈ શકે નહીં એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. **॥૧૧૪૨॥**

**અવતરણિકા :-**

**स्यादेतत्-मा भूत् चेष्टामात्रस्य वीतरागत्वेन सह प्रतिबन्धश्चेष्टाविशेषस्य तु भविष्यतीति तत आह—**

**અવતરણિકાર્થ :-**

**આ પ્રમાણે થાય. ચેષ્ટામાત્રનું=પ્રતિનિયત ચેષ્ટાસામાન્યનું, વીતરાગત્વની સાથે પ્રતિબંધ ન થાઓ, ચેષ્ટાવિશેષનું થશે. તેથી કહે છે –**

**ગાથા :-**

**ण य वीयरायचेट्ठा विसेसतो वीयरागपडिबद्धा ।**
**अविणाभावग्गहणाभावा सिद्धा दुवेण्हं पि ।।११४३।।**

**છાયા :-**

**न च वीतरागचेष्टा विशेषतो वीतरागप्रतिबद्धा ।**
**अविनाभावग्रहणाभावात् सिद्धा द्वयोरपि ।।११४३।।**

**ગાથાર્થ :-**

**અને વીતરાગની ચેષ્ટા વિશેષથી વીતરાગ સાથે પ્રતિબદ્ધ બંનેને પણ સિદ્ધ નથી; કેમ કે અવિનાભાવના ગ્રહણનો અભાવ છે. ।।૧૧૪૩।।**

**ટીકા :-**

**न च-नैव विशेषतो-विशेषरूपेण विशिष्टरूपापीतियावत् वीतरागस्य सतो या चेष्टा सा वीतरागप्रतिबद्धा द्वयोरप्यावयोः सिद्धा । कुत इत्याह—अविनाभावग्रहणाभावात् ।।११४३।।**

**ટીકાર્થ :-**

न च-नैव ..... भावात् ।। વિશેષથી=વિશેષરૂપથી વિશિષ્ટરૂપ પણ, વીતરાગ છતા જે ચેષ્ટા તે વીતરાગ સાથે પ્રતિબદ્ધ ચેષ્ટા બંને પણ આપણને સિદ્ધ નથી જ=વીતરાગને માનનારા તમને અને વીતરાગ નથી એમ માનનારા અમને એ બંનેને પણ સિદ્ધ નથી જ, કયા કારણથી ?=કયા કારણથી વિશેષ ચેષ્ટા વીતરાગ સાથે પ્રતિબદ્ધ સિદ્ધ નથી ? એથી કહે છે, અવિનાભાવ ગ્રહણનો અભાવ છે=આ પ્રતિવિશિષ્ટ ચેષ્ટા વીતરાગ સાથે અવિનાભાવી છે એ પ્રકારની વ્યાપ્તિના ગ્રહણનો અભાવ છે. ।।૧૧૪૩।।

**અવતરણિકા :-**

अविनाभावग्रहणाभावमेव भावयति—

**અવતરણિકાર્થ :-**

અવિનાભાવના ગ્રહણના અભાવને જ=વીતરાગની સાથે પ્રતિનિયત ચેષ્ટાના ગ્રહણના અભાવને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે.

**ગાથા :-**

जम्हा रागाभावो इच्छिज्जति आयधम्म एवेह ।
सो किं पच्चक्खेणं घेप्पइ सव्वेण वि ण तेण ।।११४४।।

**છાયા :-**

यस्माद् रागाभाव इष्यते आत्मधर्म एवेह ।
स किं प्रत्यक्षेण गृह्यते सर्वेणापि न तेन ।।११४४।।

**ગાથાર્થ :-**

**જે કારણથી અહીં=વીતરાગમાં, રાગનો અભાવ આત્મધર્મ જ ઈચ્છાય છે. તે=રાગનો અભાવ, શું પ્રત્યક્ષથી ગ્રહણ થાય છે ? તે સર્વથી પણ નહીં=તે સર્વ ઈન્દ્રિયોના પ્રત્યક્ષથી પણ ગ્રહણ થતું નથી. ।।૧૧૪૪।।**

**ટીકા :-**

यस्मादिह रागाभाव उपलक्षणमयं ततोऽयमर्थः—रागद्वेषादिदोषसमूहाभाव इष्यते आत्मधर्म्म एव, भावान्तरभाव एव ह्यभावो यथा—कपालोत्पाद एव घटविनाश इति । यद्येवं ततः किमित्याह—'सो इत्यादि' सः-रागाभावः किं प्रत्यक्षेण गृह्यते अनुमानेन वा? । न तावत् प्रत्यक्षेण, यत आह—'सव्वेण वि न तेण त्ति' तेन प्रत्यक्षेण सर्वेणापि नेत्रोद्भवादिभेदभिन्नेन न गृह्यते, आत्मनोऽतीन्द्रियत्वेन तद्धर्म्मस्याप्यतीन्द्रियत्वात् । नाप्यनुमानेन अनवस्थाप्रसक्तेः, तथाहि—तदपि लिङ्गस्य साध्याविनाभावग्रहणे सति प्रवर्त्तते, ततस्तत्रापि लिङ्गस्य साध्याविनाभावग्रहणमनुमानान्तरात् कर्त्तव्यं तत्राप्यनुमानान्तरादित्यनवस्था ।।११४४।।

**ટીકાર્થ :-**

यस्मादिह ..... नान्तरादित्यनवस्था ।। જે કારણથી અહીં=જીવમાં, રાગનો અભાવ આત્મધર્મ જ ઈચ્છાય છે. આ ઉપલક્ષણ છે, તેથી આ અર્થ છે=આગળમાં કહે છે એ અર્થ છે. રાગ, દ્વેષાદિ દોષના સમૂહનો અભાવ આત્મધર્મ જ ઈચ્છાય છે. ભાવાંતરનો ભાવ જ અભાવ છે=રાગ, દ્વેષનો જે

**અભાવ છે તે ભાવાંતરના ભાવરૂપ જ છે. જે પ્રમાણે કપાલનો ઉત્પાદ જ ઘટવિનાશ છે. જો આ પ્રમાણે છે=રાગાદિનો અભાવ આત્મધર્મરૂપ ભાવ છે એ પ્રમાણે છે, તેનાથી શું=તેનાથી શું પ્રાપ્ત થાય ? એથી કહે છે – તે રાગનો અભાવ શું પ્રત્યક્ષથી ગ્રહણ થાય છે કે અનુમાનથી ગ્રહણ થાય છે ? પ્રત્યક્ષથી ગ્રહણ થતો નથી, જે કારણથી કહે છે – નેત્રના ઉદ્ભવાદિ ભેદથી ભિન્ન એવા સર્વ પણ તે પ્રત્યક્ષથી ગ્રહણ થતું નથી=રાગના અભાવરૂપ આત્મધર્મ સર્વ પ્રકારના પ્રત્યક્ષથી ગ્રહણ થતું નથી; કેમ કે આત્માનું અતીન્દ્રિયપણું હોવાને કારણે તેના ધર્મનું પણ=આત્મધર્મનું પણ અતીન્દ્રિયપણું છે. અને અનુમાનથી પણ નથી=રાગાદિ અભાવરૂપ આત્માનો બોધ અનુમાનથી પણ થતો નથી; કેમ કે અનવસ્થાની પ્રસક્તિ છે. તે આ પ્રમાણે – તે પણ=અનુમાન પણ, લિંગના સાધ્યની સાથે અવિનાભાવ ગ્રહણ થયે છતે પ્રવર્તે છે=અનુમાન પણ ધૂમરૂપ લિંગના વહ્નિરૂપ સાધ્યની સાથે અવિનાભાવ ગ્રહણ થયે છતે પ્રવર્તે છે. તેથી ત્યાં પણ=સાધ્યની સાથે અવિનાભાવના ગ્રહણમાં પણ, લિંગનો સાધ્યની સાથે અવિનાભાવ ગ્રહણ અનુમાનાંતરથી કર્તવ્ય છે=સાધ્યની સાથે બાહ્યલિંગના અવિનાભાવના ગ્રહણનું અનુમાનાંતરથી કર્તવ્ય છે. ત્યાં પણ=અનુમાનાંતરમાં પણ, અનુમાનાંતરથી અનુમાન થાય છે. એ પ્રકારની અનવસ્થા છે. ॥૧૧૪૪॥**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ પૂર્વમાં સ્થાપન કર્યું કે વીતરાગની સાથે ચેષ્ટાના પ્રતિબંધનો નિયમ નથી. તેથી ચેષ્ટાથી 'આ વીતરાગ છે', તેવો નિર્ણય થઈ શકે નહીં. અહીં કોઈ કહે કે વિશિષ્ટ ચેષ્ટા જોઈને 'આ વીતરાગ છે', તેવું અનુમાન થઈ શકશે અર્થાત્ વીતરાગ કાયાની અને વાણીની વિશિષ્ટ ચેષ્ટા કરે છે. તેવી ચેષ્ટા વીતરાગ જ કરી શકે, અન્ય કોઈ નહીં અને તે ચેષ્ટાને જોઈને 'આ મહાત્મા વીતરાગ છે', તેમ નિર્ણય થઈ શકશે. તેનું નિરાકરણ કરતાં પૂર્વપક્ષી કહે છે – વીતરાગની સાથે પ્રતિબદ્ધ એવી વિશિષ્ટ ચેષ્ટા વીતરાગને માનનારા તમને અને વીતરાગને નહીં માનનારા એવા અમને બંનેને સિદ્ધ નથી; કેમ કે જેમ ધૂમની સાથે વહ્નિના અવિનાભાવનું ગ્રહણ થાય છે, તેમ વીતરાગ સાથે અવિનાભાવવાળી એવી કોઈ ચેષ્ટા પ્રત્યક્ષાદિથી ગ્રહણ થતી નથી. કેમ થતી નથી ? તે બતાવવા અર્થે પૂર્વપક્ષી યુક્તિ બતાવે છે – રાગ-દ્વેષનો અભાવ એ આત્માનો ધર્મ જ છે અર્થાત્ રાગ-દ્વેષ જેમ આત્માનો ધર્મ છે, તેમ રાગ-દ્વેષનો અભાવ એ પણ કોઈ ભાવાંતરરૂપ આત્માનો ધર્મ જ છે. જે રીતે ઘટનો નાશ એ ઘટના અભાવરૂપ નથી પરંતુ કપાલના ઉત્પાદરૂપ છે તેમ રાગ-દ્વેષનો અભાવ એ પણ વિશિષ્ટ ક્ષમાદિભાવના ઉત્પાદ સ્વરૂપ છે અને કોઈ જીવમાં રાગ-દ્વેષનો અભાવ વિદ્યમાન હોય તે પ્રત્યક્ષથી ગહણ થઈ શકે નહીં; કેમ કે આત્મા અરૂપી છે. તેથી આત્માનો રાગ-દ્વેષના અભાવરૂપ વીતરાગતા ધર્મ પણ અરૂપી છે અને પાંચ ઇન્દ્રિયોથી રૂપી ધર્મ જ ગ્રહણ થઈ શકે. આત્માનો અરૂપી એવો વીતરાગતારૂપ ધર્મ ગ્રહણ થઈ શકે નહીં. માટે કોઈ પુરુષમાં વીતરાગતા હોય તો પણ તેને જોઈને 'આ વીતરાગ છે' તેવો નિર્ણય થઈ શકે નહીં.

વળી, અનુમાનથી પણ આ વીતરાગ છે, તેવો નિર્ણય થઈ શકે નહીં; કેમ કે અનવસ્થાની પ્રાપ્તિ છે. કઈ રીતે અનુમાનથી વીતરાગતાનો નિર્ણય કરવામાં અનવસ્થાની પ્રાપ્તિ છે ? તેથી કહે છે – ધૂમ વહ્નિ

સાથે અવિનાભાવી છે, તેવો જેને બોધ છે તે પુરુષ જ ધૂમરૂપ લિંગને જોઈને અગ્નિનું અનુમાન કરી શકે છે અને તે પુરુષને અગ્નિ અન્યત્ર પ્રત્યક્ષ છે અને અગ્નિથી ધૂમ પ્રગટ થાય છે, તેવો અનુભવ છે. તેથી ધૂમને જોઈને પર્વતમાં અગ્નિ છે, તેમ અનુમાન કરે છે. તે રીતે વીતરાગતાનું અનુમાન કરવા માટે વીતરાગતા પ્રત્યક્ષથી દેખાતી નથી જેની સાથે લિંગના અવિનાભાવનો નિર્ણય કરી શકાય. તેથી વીતરાગતા સાથે કઈ ચેષ્ટા અવિનાભાવવાળી છે, તેનો નિર્ણય કરવા માટે કોઈ પ્રત્યક્ષ પ્રમાણ નથી. તેથી વીતરાગતા સાથે કોઈ પ્રતિનિયત ચેષ્ટાનો નિર્ણય પણ બીજા અનુમાનથી કરવો પડે અને તે બીજું અનુમાન કરવા માટે વ્યાપ્તિનું ગ્રહણ થતું નહીં હોવાથી અન્ય અનુમાન કરવું પડે. આથી અનવસ્થાની પ્રાપ્તિ થાય. જ્યાં પ્રત્યક્ષ પ્રમાણથી લિંગની સાધ્ય સાથે અવિનાભાવની પ્રાપ્તિ થતી હોય, ત્યાં જ અનુમાનાંતરથી પણ તેનો બોધ થઈ શકે. જેમ રસોડામાં ધુમાડાની કાળાશ જોઈને અનુમાન થાય છે કે 'અહીં કોઈએ અગ્નિ સળગાવ્યો હશે.' ત્યાં પણ અગ્નિ સાથે ધુમાડાજન્ય કાળાશની વ્યાપ્તિનું ગ્રહણ કોઈક સ્થાને થયેલું હોય છે. તેથી અનુમાન થાય છે કે 'અહીં આ કાળાશ દેખાય છે માટે ધુમાડો થયેલો હોવો જોઈએ, અને ધુમાડો અગ્નિ વગર થાય નહીં માટે કોઈકે અહીં અગ્નિ સળગાવેલો હોવો જોઈએ. આ પ્રકારનું અનુમાન અનુમાનાંતરથી થાય છે, ત્યાં પણ કાળાશ સાથે ધુમાડાની વ્યાપ્તિ અને ધુમાડા સાથે અગ્નિની વ્યાપ્તિ પ્રત્યક્ષથી જેને સિદ્ધ છે તે પુરુષ તે પ્રકારે અનુમાન કરી શકે છે પરંતુ વીતરાગતા સાથે અવિનાભાવી લિંગનું ગ્રહણ ક્યાંય થતું નથી. તેથી ત્યાં અનુમાનની પરંપરા જ ચાલે પરંતુ કોઈ અનુમાન વ્યાપ્તિ ગ્રહણ કરાવી શકતું નહીં. તેથી અનવસ્થાની પ્રાપ્તિ છે. **॥૧૧૪૩-૧૧૪૪॥**

**ગાથા :-**

**अग्गहितम्मि य तम्मि अविणाभावग्गहो कहं होज्जा? ।**
**अब्भुवगमम्मि य तहा अइप्पसंगादसारमिणं ।।११४५।।**

**છાયા :-**

**अगृहीते च तस्मिन् अविनाभावग्रहः कथं भवेत् ।**
**अभ्युपगमे च तथाऽतिप्रसंगादसारमिदम् ।।११४५।।**

**ગાથાર્થ :-**

**અને અગૃહીત તે હોતે છતે=રાગાદિ અભાવરૂપ વીતરાગતા અગૃહીત હોતે છતે, અવિનાભાવનું ગ્રહણ=વીતરાગતાની સાથે પ્રતિનિયત ચેષ્ટાના અવિનાભાવનું ગ્રહણ, કેવી રીતે થાય ? અને સ્વીકાર કરાયે છતે=ચેષ્ટાનો અવિનાભાવ સ્વીકાર કરાયે છતે, તે પ્રકારનો અતિપ્રસંગ હોવાથી આ અસાર છે. ।।૧૧૪૫।।**

**ટીકા :-**

**अगृहीते च तस्मिन्-आत्मधर्म्मरूपे रागाद्यभावे कथं तेन सह चेष्टाया अविनाभावग्रहो भवेत्? नैव भवेदितिभावः । अगृहीतेऽपि च रागाद्यभावे तेन सहाविनाभावग्रहणस्याभ्युपगमेऽतिप्रसङ्गो-**

**यस्य कस्यचित् येन तेन वा सहाविनाभावग्रहणप्रसक्तेः । तस्मात् यदुच्यते चेष्टाविशेषाद्वीतरागत्वनिश्चितिरिति तदसमीचीनमवसेयम् ।।११४५।।**

**ટીકાર્થ :-**

**अगृहीते ..... मवसेयम् ।। અગૃહીત તે હોતે છતે=આત્મધર્મરૂપ રાગાદિ અભાવ અગૃહીત હોતે છતે, કેવી રીતે તેની સાથે=રાગાદિ અભાવરૂપ વીતરાગતાની સાથે, ચેષ્ટાનો અવિનાભાવ ગ્રહણ થાય ? અર્થાત્ થાય નહીં જ, એ પ્રકારનો ભાવ છે અને અગૃહીત પણ રાગાદિનો અભાવ હોતે છતે તેની સાથે=રાગાદિના અભાવરૂપ વીતરાગતાની સાથે, અવિનાભાવના ગ્રહણનો સ્વીકાર કરાયે છતે=કોઈ પ્રતિનિયત ચેષ્ટાના અવિનાભાવના ગ્રહણનો સ્વીકાર કરાયે છતે, અતિપ્રસંગ છે, તે અતિપ્રસંગ જ સ્પષ્ટ કરે છે — જે કોઈનો જેની સાથે અથવા તેની સાથે અવિનાભાવના ગ્રહણની પ્રસક્તિ છે, તે કારણથી જે કહેવાય છે — ચેષ્ટાવિશેષથી વીતરાગત્વનો નિશ્ચય છે, તે અસમીચીન જાણવું. ॥૧૧૪૫॥**

**ભાવાર્થ :-**

વીતરાગતાની સાથે ચેષ્ટાનો અવિનાભાવ ગ્રહણ થઈ શકે નહીં તે સ્પષ્ટ કરતાં પૂર્વપક્ષી કહે છે. આત્મા અરૂપી છે. તેથી તેનું ગ્રહણ થઈ શકે નહીં અને રાગાદિના અભાવરૂપ વીતરાગતા પણ આત્મધર્મરૂપ હોવાથી અરૂપી છે માટે તેનું પણ ગ્રહણ પ્રત્યક્ષથી થઈ શકે નહીં; કેમ કે તે વીતરાગતા પ્રત્યક્ષથી દેખાતી નથી. તેથી તે વીતરાગતાની સાથે વચન, કાયાની ચેષ્ટાનો અવિનાભાવ ગ્રહણ થઈ શકે નહીં અર્થાત્ આ પ્રતિનિયત વચન અને પ્રતિનિયત કાયાની ચેષ્ટા વીતરાગતા સાથે અવિનાભાવી છે એવો બોધ થઈ શકે નહીં. આમ છતાં વીતરાગતાનું ગ્રહણ થતું ન હોય તોપણ તેની સાથે કોઈ પ્રતિનિયત ચેષ્ટાનો અવિનાભાવ છે તેમ સ્વીકારવામાં આવે તો અતિપ્રસંગ આવે અર્થાત્ જે તે વસ્તુની સાથે જે તે પ્રવૃત્તિનો અવિનાભાવ સ્વીકારવાનો પ્રસંગ આવે. માટે પ્રત્યક્ષથી ગ્રહણ થતા પદાર્થમાં જ વ્યાપ્તિનું ગ્રહણ છે એમ માનવું જોઈએ. માટે ચેષ્ટાવિશેષથી 'આ પુરુષ વીતરાગ છે' એવો નિર્ણય થાય છે એમ જે ગ્રંથકારશ્રીએ કહ્યું તે અનુચિત છે, એમ પૂર્વપક્ષી કહે છે. **॥૧૧૪૫॥**

**અવતરણિકા :-**

**तदेवं वीतरागत्वं निराकृत्य संप्रति सर्वज्ञत्वं निराकुर्वन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે વીતરાગપણાનું નિરાકરણ કરીને હવે સર્વજ્ઞપણાનું નિરાકરણ કરતાં પૂર્વપક્ષી કહે છે —**

**ગાથા :-**

**सव्वं च जाणइ कहं ? किं पच्चक्खेणुदाहु सव्वेहिं ?।**
**पच्चक्खमादिएहिं माणेहि दुहावि णणु दोसो ।।११४६।।**

**છાયા :-**

**सर्वं च जानाति कथम् ? किं प्रत्यक्षेणोत सर्वैः ? ।**

**प्रत्यक्षादिभिर्मानैः, द्विधापि ननु दोषः ।।११४६।।**

**ગાથાર્થ :-**

**અને સર્વ કેવી રીતે જાણે છે ? શું પ્રત્યક્ષથી અથવા પ્રત્યક્ષાદિ સર્વ પ્રમાણોથી જાણે છે ? બંને પણ પક્ષમાં ખરેખર દોષ છે. ।।૧૧૪૬।।**

**ટીકા :-**

**सर्वं हि वस्तु जानातीति सर्वज्ञः, सर्वं च जानाति किं प्रत्यक्षेण? उत सर्वैरेव प्रत्यक्षादिभिः प्रमाणैः?, किंचात इत्याह—द्विधापि पक्षद्वयेऽपि ननु दोषः ।।११४६।।**

**ટીકાર્થ :-**

**सर्वं हि ..... ननु दोषः ।। સર્વ જ વસ્તુને જાણે એ સર્વજ્ઞ અને શું પ્રત્યક્ષથી સર્વને જાણે છે ? અથવા સર્વ પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સર્વને જાણે છે ? આનાથી શું પ્રાપ્ત થાય ? એથી કહે છે – બંને પણ=પક્ષદ્વયમાં પણ, દોષ છે. ।।૧૧૪૬।।**

**ભાવાર્થ :-**

'જગતમાં વીતરાગ સર્વજ્ઞ કોઈ નથી', એમ સ્થાપન કરવા અર્થે કોઈ વીતરાગ સંભવી શકે નહિ='આ વીતરાગ છે' એમ નિર્ણય થઈ શકે નહીં, એમ બતાવીને સર્વજ્ઞ પણ સંભવી શકે નહીં. એ બતાવવા અર્થે પૂર્વપક્ષી કહે છે -

'જગતની સર્વ વસ્તુઓને જાણે તેને સર્વજ્ઞ કહી શકાય.' તેમાં બે વિકલ્પો સંભવી શકે. પ્રત્યક્ષ પ્રમાણથી સર્વ વસ્તુઓને જાણે કે પ્રત્યક્ષ, અનુમાનાદિ સર્વ પ્રમાણોથી સર્વ વસ્તુઓને જાણે છે. આ બંને પણ પક્ષમાં દોષની પ્રાપ્તિ છે માટે જગતમાં કોઈ સર્વજ્ઞ નથી. આ બંને પક્ષમાં દોષ કઈ રીતે છે તે ગ્રંથકારશ્રી આગળ સ્વયં બતાવે છે. **।।૧૧૪૬।।**

**અવતરણિકા :-**

**तत्र प्रथमपक्षमधिकृत्य दोषमाह—**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=પૂર્વની ગાથામાં સર્વજ્ઞવિષયક બે પક્ષો બતાવ્યા ત્યાં, પ્રથમ પક્ષને આશ્રયીને=પ્રત્યક્ષ પ્રમાણથી સર્વ વસ્તુઓને જાણે છે, તે રૂપ પ્રથમ પક્ષને આશ્રયીને, દોષને કહે છે=પૂર્વપક્ષી દોષને કહે છે—**

**ગાથા :-**

**भिन्निंदियावसेओ(आ)रूवादी सुहुमववहितादी य ।**
**कहमवगच्छति सव्वे जुगवं नेत्तादिणेक्केण? ।।११४७।।**

**છાયા :-**

**भिन्नेन्द्रियावसेया रूपादयः सूक्ष्मव्यवहितादयश्च ।**
**कथमवगच्छति सर्वान् युगपद् नेत्रादिनैकेन ।।११४७।।**

**ગાથાર્થ :-**

**ભિન્ન ઈન્દ્રિયથી બોધ થઈ શકે તેવા રૂપાદિ છે, સૂક્ષ્મ છે અને વ્યવહિત છે. તેથી સર્વ રૂપાદિને યુગપદ એક નેત્રાદિથી કેવી રીતે જાણી શકે ? અર્થાત્ જાણી શકે નહિ. ।।૧૧૪૭।।**

**ટીકા :-**

**भिन्नेन्द्रियावसेया रूपादयो-रूपरसगन्धस्पर्शाः सूक्ष्मा व्यवहिताश्च, अत्रादिशब्दादत्यासन्नामूर्त्तादयो गृह्यन्ते, ततश्च तान् सर्वानपि रूपादीन् युगपदेकेन नेत्रादिना-नेत्रोद्भवादिना प्रत्यक्षेण कथमवगच्छति?, नैव कथंचनेतिभावः । तस्य भिन्नेन्द्रियावसेये सूक्ष्मादौ च प्रवृत्त्ययोगात् ।।११४७।।**

**ટીકાર્થ :-**

**भिन्नेन्द्रियावसेया ..... प्रवृत्त्ययोगात् ।। ભિન્ન ઈન્દ્રિયોથી જાણવા યોગ્ય રૂપાદિ છે=રૂપ, રસ, ગંધ, સ્પર્શ છે. સૂક્ષ્મ અને વ્યવહિત છે. અહીં 'आदि' શબ્દથી અતિ આસન્ન અને અમૂર્તાદિનું ગ્રહણ છે, અને તેથી=રૂપાદિ ભિન્ન ભિન્ન ઈન્દ્રિયથી ગ્રહણ થાય છે તેથી, તે સર્વ પણ રૂપાદિને એક સાથે એક નેત્રાદિ દ્વારા=નેત્ર ઉદ્‌ભવાદિ પ્રત્યક્ષ દ્વારા, કેવી રીતે જાણે ? અર્થાત્ કોઈ રીતે જાણી શકે નહીં જ, એ પ્રકારનો ભાવ છે; કેમ કે તેની=નેત્રાદિ ઉદ્‌ભવ પ્રત્યક્ષની, ભિન્ન ભિન્ન ઈન્દ્રિયથી જણાતા પદાર્થોમાં અને સૂક્ષ્માદિ પદાર્થોમાં પ્રવૃત્તિનો અયોગ છે. ।।૧૧૪૭।।**

**ભાવાર્થ :-**

જગતમાં સર્વ વસ્તુને જાણનાર સર્વજ્ઞ સંભવી શકે નહિ તે બતાવવા અર્થે પૂર્વગાથામાં બે વિકલ્પ કરેલ. જેમાંથી પ્રથમ વિકલ્પરૂપ 'પ્રત્યક્ષથી સર્વને જાણે છે તે સર્વજ્ઞ છે.' એ પ્રકારનો વિકલ્પ સંભવી શકે નહીં. તે બતાવવા અર્થે પૂર્વપક્ષી કહે છે–

પુદ્‌ગલમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ છે. તે એક ઇન્દ્રિયથી ગ્રહણ થતા નથી પરંતુ ભિન્ન-ભિન્ન ઇન્દ્રિયથી ગ્રહણ થાય છે. વળી કેટલાક પદાર્થોમાં ઇન્દ્રિયોથી ગ્રહણ થઈ શકે એવા સ્થૂલરૂપાદિ છે. તો પણ કેટલાક પદાર્થોમાં ઇન્દ્રિયોથી ગ્રહણ થઈ ન શકે એવા અતિ સૂક્ષ્મ રૂપ, રસાદિ છે, તેને ઇન્દ્રિય ગ્રહણ કરવા અસમર્થ છે. વળી ઇન્દ્રિયો પોતાને સન્મુખ રહેલા પદાર્થોને કે સંબંધિત થયેલા પદાર્થોને ગ્રહણ કરી શકે

છે, દૂર રહેલા રૂપાદિવાળા પદાર્થોને ગ્રહણ કરવા સમર્થ નથી. વળી વ્યવહિત રહેલા પુદ્ગલના રૂપાદિને તે ઇન્દ્રિયો ગ્રહણ કરી શકે નહિ. વળી ઇન્દ્રિયોને અતિ આસન્ન પુદ્ગલો પણ ઇન્દ્રિયોથી ગ્રહણ થતા નથી. જેમ ચક્ષુથી પોતાની કીકીનું ગ્રહણ થતું નથી, તેમ કીકી પાસે રહેલા ડાઘાદિનું ગ્રહણ થતું નથી. કેમ કીકી પાસે રહેલા ડાઘાદિનું પણ ગ્રહણ થતું નથી ? તેથી કહે છે – અતિ આસન્નને પણ ચક્ષુઇન્દ્રિય ગ્રહણ કરવા સમર્થ નથી. વળી આકાશાદિ અમૂર્ત પદાર્થો છે, તેનું ઇન્દ્રિયોથી ગ્રહણ થતું નથી. તેથી તે નેત્રાદિથી થનારા પ્રત્યક્ષ દ્વારા તે સર્વ પદાર્થોને એકસાથે કયો પુરુષ જાણી શકે ? અર્થાત્ કોઈ પુરુષ જાણી શકે નહિ. આ પ્રકારે છદ્મસ્થને ઇન્દ્રિયથી થતા પ્રત્યક્ષને ગ્રહણ કરીને જગતમાં પ્રત્યક્ષ પ્રમાણથી સર્વને જાણનાર કોઈ નથી એમ પૂર્વપક્ષી સ્થાપન કરે છે. **॥૧૧૪૭॥**

**અવતરણિકા :-**

**अथ—**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રત્યક્ષ પ્રમાણ વિષય વિકલ્પ બતાવે છે –**

**ગાથા :-**

**अन्नं अतिंदियं से पच्चक्खं तेण जाणई सव्वं ।**
**तब्भावम्मि पमाणाऽभावा सद्धेयमेवेयं ।।११४८।।**

**છાયા :-**

अन्यदतीन्द्रियं तस्य प्रत्यक्षं तेन जानाति सर्वम् ।
तद्भावे प्रमाणाऽभावात् श्रद्धेयमेवैतत् ।।११४८।।

**ગાથાર્થ :-**

**અન્ય એવું અતીન્દ્રિય પ્રત્યક્ષ તેમને=સર્વજ્ઞને, વિધમાન છે. તેનાથી=અતીન્દ્રિય પ્રત્યક્ષથી, સર્વને જાણે છે. આ કથનમાં પૂર્વપક્ષી કહે છે. તેના ભાવમાં=અતીન્દ્રિય પ્રત્યક્ષના ભાવમાં, પ્રમાણનો અભાવ હોવાથી આ=અતીન્દ્રિય પ્રત્યક્ષ, શ્રદ્ધેય જ છે=શ્રદ્ધા માત્ર ગમ્ય છે. યુક્તિયુક્ત નથી. ।।૧૧૪૮।।**

**ટીકા :-**

**अन्यत्-ऐन्द्रियप्रत्यक्षादितरत् अतीन्द्रियं प्रत्यक्षं 'से' तस्य सर्वज्ञस्य विद्यते तेन सर्वं जानाति ततो न कश्चिद्दोष इत्यत्राह—'सद्धेयमेवेयमिति' इदम्-अतीन्द्रियं प्रत्यक्षं श्रद्धेयमेव-श्रद्धामात्रगम्यमेव । कुत इत्याह—तद्भावे-अतीन्द्रियप्रत्यक्षभावे प्रमाणाभावात् । न च प्रमाणमन्तरेण प्रमेयव्यवस्था, सर्वस्य सर्वेष्टार्थसिद्धिप्रसक्तेः ।।११४८।।**

**ટીકાર્થ :-**

**अन्यत्- ..... प्रसक्तेः ।। બીજું=ઈન્દ્રિય સંબંધી પ્રત્યક્ષથી ઈતર એવું અતીન્દ્રિયપ્રત્યક્ષ, તેમને=સર્વજ્ઞને, વિદ્યમાન છે તેનાથી 'સર્વને જાણે છે, તેથી કોઈ દોષ નથી,' એ પ્રમાણેના કથનમાં પૂર્વપક્ષી કહે છે – આ=અતીન્દ્રિયપ્રત્યક્ષ, શ્રદ્ધેય જ છે=શ્રદ્ધા માત્ર ગમ્ય જ છે યુક્તિથી સિદ્ધ નથી. કયા કારણથી યુક્તિથી સિદ્ધ નથી ? એમાં હેતુ કહે છે – તેના ભાવમાં=અતીન્દ્રિયપ્રત્યક્ષના ભાવમાં, પ્રમાણનો અભાવ છે અને પ્રમાણ વગર પ્રમેયની વ્યવસ્થા નથી; કેમ કે સર્વને સર્વ ઈષ્ટાર્થની સિદ્ધિની પ્રસક્તિ છે. ।।૧૧૪૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે ઇન્દ્રિયોથી સર્વ વસ્તુનું કોઈને જ્ઞાન થઈ શકે નહીં તેથી કોઈ સર્વજ્ઞ નથી. અહીં કોઈ કહે કે ઇન્દ્રિયપ્રત્યક્ષથી અન્ય એવું અતીન્દ્રિય પ્રત્યક્ષ છે અને તે પ્રત્યક્ષ સર્વજ્ઞને છે. તેનાથી સર્વજ્ઞને સર્વજ્ઞેયનું જ્ઞાન થાય છે. તેને પૂર્વપક્ષી કહે છે – અતીન્દ્રિય પ્રત્યક્ષ છે ? એમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી ફક્ત શ્રદ્ધામાત્ર ગમ્ય છે, તેથી અતીન્દ્રિયપ્રત્યક્ષ સ્વીકારી શકાય નહીં; કેમ કે પ્રમાણ વગર પ્રમેયની વ્યવસ્થા નથી અને અતીન્દ્રિય પ્રત્યક્ષ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી માટે 'અતીન્દ્રિયપ્રત્યક્ષ છે' એમ સ્વીકારી શકાય નહીં. અતીન્દ્રિય પ્રત્યક્ષ સ્વીકારવામાં પ્રમાણ ન હોવા છતાં અતીન્દ્રિય પ્રત્યક્ષ રૂપ પ્રમેયને સ્વીકારવામાં આવે તો સ્વરુચિ અનુસાર બધાને પોતાના અર્થની સિદ્ધિ કરવી શૂકર બને છે માટે યથાતથા બોલનાર બધાના વચનને સ્વીકારવાની આપત્તિ આવે. **॥૧૧૪૮॥**

**અવતરણિકા :-**

**अत्रैवाभ्युच्चयेनाह—**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=અતીન્દ્રિય પ્રત્યક્ષ સ્વીકારી શકાય નહિ એમાં જ, અભ્યુચ્ચયને કહે છે –**

**ગાથા :-**

**सति तम्मि सव्वमेतावदेव तस्सऽत्तनिच्छओ किह णु? ।**
**सिद्धं अतिंदियं पि हु ओहादि ण सव्वविसयं ते ।।११४९।।**

**છાયા :-**

**सति तस्मिन् सर्वमेतावदेव तस्यात्मनिश्चयः कथं नु ?।**
**सिद्धमतीन्द्रियमपि हु अवध्यादि न सर्वविषयं ते ।।११४९।।**

**ગાથાર્થ :-**

**તે હોતે છતે પણ=અતીન્દ્રિય પ્રત્યક્ષ હોતે છતે પણ, તેમને=સર્વજ્ઞને, સર્વ આટલું જ છે,**

**એવો આત્મનિશ્ચય કેવી રીતે થાય ? 'हु'=જે કારણથી, અતીન્દ્રિય પણ અવધિ આદિ સર્વ વિષયવાળા તમને સિદ્ધ નથી. ॥૧૧૪૯॥**

**ટીકા :-**

**अत्र लुप्तोऽपिशब्दो द्रष्टव्यः सत्यपीति । नास्त्येव तावदतीन्द्रियं प्रत्यक्षं तद्ग्राहकप्रमाणाभावात्, सत्यपि तस्मिन् सर्वमेतावदेवेति तस्य सर्वज्ञस्यात्मनिश्चयः कथं नूपजायते?, नैव जायते इति भावः । कुत इत्याह—'हुः' यस्मादर्थे यस्मादतीन्द्रियमपि प्रत्यक्षमवध्यादि न सर्वविषयं-न सर्ववस्तुगोचरं 'ते' तव रा(सि)द्धान्ते सिद्धम् ।।११४९।।**

**ટીકાર્થ :-**

**अत्र लुप्तो ..... सिद्धम् ।। અહીં=ગાથામાં, લુપ્ત 'अपि' શબ્દ જાણવો. તેથી 'सति'ના સ્થાને 'सत्यपि' પ્રયોગ કરવો. અતીન્દ્રિય પ્રત્યક્ષ નથી જ કારણ કે તેના ગ્રાહક પ્રમાણનો અભાવ છે. તે હોતે છતે પણ=અતીન્દ્રિય પ્રત્યક્ષ હોતે છતે પણ, સર્વ આટલું જ છે. એ પ્રમાણે=અતીન્દ્રિય પ્રત્યક્ષથી દેખાય છે એટલું જગતમાં સર્વ છે અધિક નથી. એ પ્રમાણે, તે સર્વજ્ઞને આત્મનિશ્ચય કેવી રીતે થાય ? અર્થાત્ ન જ થાય એ ભાવ છે. કયા કારણથી ન થાય ? એથી કહે છે — 'हुः' શબ્દ 'यस्माद्' અર્થમાં છે. તેથી જે કારણથી અતીન્દ્રિય પણ પ્રત્યક્ષ એવા અવધિ આદિ સર્વ વિષયવાળું=સર્વ વસ્તુવિષયવાળું, તમારા સિદ્ધાંતમાં સિદ્ધ નથી. ॥૧૧૪૯॥**

**ભાવાર્થ :-**

વળી સર્વજ્ઞ કોઈ નથી તે સ્થાપન કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે કે જગતમાં અતીન્દ્રિય પ્રત્યક્ષ નથી જેનાથી કહી શકાય કે સર્વજ્ઞ અતીન્દ્રિયપ્રત્યક્ષવાળા છે. કેમ અતીન્દ્રિય પ્રત્યક્ષ નથી ? તેમાં યુક્તિ બતાવે છે. અતીન્દ્રિય પ્રત્યક્ષના ગ્રાહક પ્રમાણનો અભાવ છે. વળી અતીન્દ્રિય પ્રત્યક્ષ સ્વીકારીએ તો અતીન્દ્રિય પ્રત્યક્ષવાળા મહાત્માને જે જ્ઞાન થાય છે તેટલું જ્ઞેય છે અધિક જ્ઞેય નથી તેવો આત્મનિર્ણય સર્વજ્ઞને કેવી રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં; કેમ કે અતીન્દ્રિય પ્રત્યક્ષ માનનારા તમારા મતે પણ અવધિ આદિ સર્વ જ્ઞેયવિષયક જ્ઞાનવાળા નથી તેમ તમે જેને સર્વજ્ઞ માનો છો તેના જ્ઞાનનો વિષય સર્વ જ્ઞેય છે એવો નિર્ણય થઈ શકે નહીં. માટે અતીન્દ્રિય પ્રત્યક્ષ સ્વીકારીએ તો પણ સર્વજ્ઞની સિદ્ધિ થાય નહીં. **॥૧૧૪૯॥**

**અવતરણિકા :-**

**ततः किमित्याह—**

**અવતરણિકાર્થ :-**

**તેથી શું ?=અતીન્દ્રિય પ્રત્યક્ષ સ્વીકારવા છતાં સર્વજ્ઞ સિદ્ધ થાય નહીં તેથી શું ? એથી કહે છે —**

**ગાથા :-**

**जह सव्वमुत्तविसयंपि ओहिनाणं न धम्ममादीणं ।**
**गाहयमिय केवलमवि अन्नेसिमगाहगं किण्णो ?।।११५०।।**

**છાયા :-**

**यथा सर्वमूर्त्तविषयमपि अवधिज्ञानं न धर्म्मादीनाम् ।**
**ग्राहकमिति केवलमपि अन्येषामग्राहकं किन्न ?।।११५०।।**

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે સર્વ મૂર્તવિષયવાળું પણ અવધિજ્ઞાન ધર્માદિનું ગ્રાહક નથી. એ રીતે કેવળ પણ અન્ય કેટલીક વસ્તુનો અગ્રાહક કેમ નથી ? ।।૧૧૫૦।।**

**ટીકા :-**

**यथा सर्वमूर्त्तविषयमप्यवधिज्ञानं न धर्म्मादीनां-धर्म्मास्तिकायादीनां ग्राहकमिति:-एवं केवलमपि-केवलज्ञानमपि अन्येषां केषांचिद्वस्तूनामग्राहकमिति किन्न संदेहो जायते?, जायत एवेति भावः, तन्निवृत्तिनिबन्धनाभावात् ।।११५०।।**

**ટીકાર્થ :-**

**यथा ..... बन्धनाभावात् ।। જે પ્રમાણે સર્વ મૂર્તવિષયવાળું પણ અવધિજ્ઞાન ધર્માદિનું=ધર્માસ્તિકાયાદિનું ગ્રાહક નથી. એ પ્રમાણે કેવલ પણ=કેવલજ્ઞાન પણ, અન્ય કેટલીક વસ્તુનું અગ્રાહક છે. એ પ્રમાણે કેમ સંદેહ ન થાય ? અર્થાત્ થાય જ; કેમ કે તેના નિવૃત્તિના કારણનો અભાવ છે=કેવળીને જ્ઞાનના વિષય કરતાં અધિક જ્ઞેય છે કે નથી ? એ પ્રકારના સંદેહના નિવૃત્તિના કારણનો અભાવ છે. ।।૧૧૫૦।।**

**ભાવાર્થ :-**

કેવલજ્ઞાન સર્વ વિષયને ગ્રહણ કરી શકે છે તેમ સિદ્ધ થઈ શકે નહીં. તે યુક્તિથી બતાવતા પૂર્વપક્ષી કહે છે – જેમ અવધિજ્ઞાન અતીન્દ્રિય પ્રત્યક્ષ છે, તેથી દૂરવર્તી પુદ્ગલોને ગ્રહણ કરી શકે છે, પુદ્ગલોના સૂક્ષ્મ ભાવોને ગ્રહણ કરી શકે છે એટલું જ નહીં પણ પરમાવધિ સર્વ મૂર્ત દ્રવ્યોને ગ્રહણ કરી શકે છે તો પણ અરૂપી એવા ધર્માસ્તિકાયાદિને ગ્રહણ કરી શકતું નથી. તે રીતે તમને અભિમત કેવલજ્ઞાન પણ કેટલાક પદાર્થોને ગ્રહણ કરી શકતું હોવા છતાં કેટલાક પદાર્થોનું અગ્રાહક છે એ પ્રકારનો સંદેહ થઈ શકે છે તે સંદેહના નિવર્તન કરવામાં કોઈ પ્રમાણ વિદ્યમાન નથી. માટે સર્વ જ્ઞેયને જે જાણે છે તે કેવલી છે તેમ સિદ્ધ થઈ શકે નહીં. **।।૧૧૫૦।।**

**અવતરણિકા :-**

**अत्राचार्याभिप्रायमाशङ्कते–**

**અવતરણિકાર્થ :-**

અહીં=સર્વજ્ઞના વિષયમાં, આચાર્યના અભિપ્રાયની શંકા પૂર્વપક્ષી કરે છે –

**ગાથા :-**

सव्वविसयं ति माणं किमेत्थ जं णोवलब्भती अन्नं ।
ओहीए अणुवलद्धेहिं धम्ममादीहिं वभिचारो ।।११५१।।

**છાયા :-**

सर्वविषयमिति मानं किमत्र यन्नोपलभ्यतेऽन्यत् ।
अवधिनाऽनुपलब्धैर्धर्मादिभिर्व्यभिचारः ।।११५१।।

**ગાથાર્થ :-**

આમાં=કેવલજ્ઞાનમાં, સર્વ વિષય છે એ પ્રકારે શું પ્રમાણ છે ? તેને આચાર્ય કહે છે – જે કારણથી અન્ય ઉપલબ્ધ થતું નથી. ત્યાં પૂર્વપક્ષી કહે છે – અવધિમાં અનુપલબ્ધ એવા ધર્માસ્તિકાયાદિની સાથે વ્યભિચાર છે. ।।૧૧૫૧।।

**ટીકા :-**

यस्मादिदं केवलज्ञानं सर्वविषयं तत् कथमन्येषामपि केषांचिद्वस्तूनामिदमग्राहकमिति संदेह उपजायते इति । अत्राह–'माणं किमेत्थ त्ति' सर्वविषयं केवलज्ञानमित्यत्र किं मानं?, नैव किंचिदिति भावस्ततो वाङ्मात्रमेतत् । अत्राचार्योत्तरमपाकर्तुमाह–'जन्नोवलब्भइ अन्नं ति' यस्मादन्यन्नोपलभ्यते तस्माज्ज्ञायते सर्वविषयमिदं केवलज्ञानमिति । अत्राह–'ओहीए' इत्यादि, अवधिनाऽनुपलब्धैर्धर्म्मादिभिर्व्यभिचारः । इदमुक्तं भवति यथा–अवधिज्ञाने प्रादुर्भवति सति यस्मादन्यन्नोपलभ्यते तत इदं सर्वविषयमिति निश्चेतुं न शक्यते, तदनुपलब्धानामपि धर्मास्तिकायादीनां भावात्, एवं केवलज्ञानेऽपि न सर्ववस्तुविषयताविषयो निश्चयः कर्तुं शक्यते इति ।।११५१।।

**ટીકાર્થ :-**

यस्मादिदं ..... शक्यते इति ।। જે કારણથી આ=કેવલજ્ઞાન, સર્વ વિષયવાળું છે તે કારણથી, અન્ય પણ કેટલીક વસ્તુઓનું આ=કેવલજ્ઞાન, અગ્રાહક છે એ પ્રકારે કેવી રીતે સંદેહ થાય ? અર્થાત્ સંદેહ થાય નહીં. અહીં પૂર્વપક્ષી કહે છે – સર્વ વિષયવાળું કેવલજ્ઞાન છે તે સ્વીકારવામાં શું પ્રમાણ છે ? કોઈ પ્રમાણ નથી જ, એ પ્રકારનો ભાવ છે. તેથી આ=કેવલજ્ઞાન, વાણીમાત્ર છે. અહીં આચાર્યના ઉત્તરનું નિરાકરણ કરવા પૂર્વપક્ષી કહે છે – જે કારણથી અન્ય ઉપલબ્ધ થતા નથી=કેવલજ્ઞાનના વિષયથી અન્ય પદાર્થો ઉપલબ્ધ થતા નથી, (માટે કેવલજ્ઞાન સર્વ વિષયવાળું છે.) તે કારણથી આ=

**કેવલજ્ઞાન, સર્વ વિષયવાળું છે તે પ્રમાણે જણાય છે. આમાં=આચાર્યના ઉત્તરમાં, પૂર્વપક્ષી કહે છે – અવધિજ્ઞાન વડે નહીં પ્રાપ્ત થતા ધર્માસ્તિકાયાદિની સાથે વ્યભિચાર છે. આ કહેવાયેલું થાય છે – જે પ્રમાણે અવધિજ્ઞાન પ્રાદુર્ભાવ થયે છતે જે કારણથી અન્ય ઉપલબ્ધ થતા નથી=અવધિજ્ઞાન વિષયભૂત પદાર્થથી અન્ય વિષયો ઉપલબ્ધ થતા નથી. તેથી આ=અવધિજ્ઞાન, સર્વ વિષયવાળું છે, તે પ્રમાણે નિશ્ચય કરવા માટે શક્ય નથી; કેમ કે તેનાથી અનુપલબ્ધવાળા પણ=અવધિજ્ઞાનથી અનુપલબ્ધવાળા પણ, ધર્માસ્તિકાયાદિનો સદ્ભાવ છે, એ રીતે=જે રીતે અવધિજ્ઞાનમાં છે એ રીતે, કેવલજ્ઞાનમાં પણ સર્વ વસ્તુની વિષયતાવાળો વિષય નિર્ણય કરવા માટે શક્ય નથી. ॥૧૧૫૧॥**

**ભાવાર્થ :-**

સંપૂર્ણ વસ્તુનું જ્ઞાન કોઈને સંભવતું નથી તે બતાવવા અર્થે પૂર્વપક્ષી યુક્તિ આપે છે અને કેવલજ્ઞાન સર્વ વિષયવાળું જેઓ માને છે તેઓને પ્રશ્ન કરે છે કે કેવલજ્ઞાન જગતના સર્વ જ્ઞેય વિષયને જાણે છે તેમાં શું પ્રમાણ ? અર્થાત્ કોઈ પ્રમાણ નથી; કેમ કે અનંતા જીવો અને અનંત પુદ્ગલો છે, તે બધા કેવલજ્ઞાનથી જણાય છે તેવું સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી. તેને આચાર્ય કહે છે – કેવલીને કેવલજ્ઞાનમાં જેટલા પદાર્થો દેખાય છે તેનાથી અન્ય કોઈ પદાર્થ ઉપલબ્ધ થતા નથી. માટે કેવલજ્ઞાન સર્વ વિષયવાળું છે અર્થાત્ કેવળીને કેવલજ્ઞાનથી જે પદાર્થો ઉપલબ્ધ થાય છે તેનાથી અન્ય પદાર્થો કોઈક અન્યને ઉપલબ્ધ થતા હોય તો તેના બળથી કહી શકાય કે કેવલજ્ઞાન સર્વ વિષયવાળું નથી પરંતુ કેવલીને કેવલજ્ઞાનથી જે પદાર્થો દેખાય છે તેનાથી અન્ય કોઈ પદાર્થ કોઈ અન્ય જીવને ઉપલબ્ધ થતા નથી. માટે કેવલજ્ઞાન સર્વ વિષયવાળું છે. આ પ્રકારે આચાર્યના ઉત્તરને સામે રાખીને પૂર્વપક્ષી કહે છે – કોઈને અવધિજ્ઞાન થયેલ હોય અને તેને અવધિજ્ઞાનમાં સર્વ પુદ્ગલોનું ગ્રહણ થતું હોય તો પણ ધર્માસ્તિકાયાદિનું ગ્રહણ થતું નથી. તેટલા માત્રથી અવધિજ્ઞાન સર્વ વિષયવાળું કહેવાતું નથી; કેમ કે અવધિજ્ઞાનના અવિષયભૂત ધર્માસ્તિકાયાદિ છે, તેમ કેવલીને કેવલજ્ઞાનમાં જે પુદ્ગલો અને જીવો દેખાય છે અને ધર્માસ્તિકાયાદિ દેખાય છે, તેનાથી પણ અન્ય કોઈ વસ્તુ જગતમાં હોઈ શકે, જે કેવલજ્ઞાનનો વિષય નથી. જેમ તમારા મતે અવધિજ્ઞાનીને અવધિજ્ઞાનમાં સર્વ પુદ્ગલો દેખાય છે તેટલા માત્રથી અવધિજ્ઞાન સર્વ પદાર્થોને જાણતું નથી એમ તમે સ્વીકારો છો, તેમ તમને અભિમત કેવલી પણ કેવલજ્ઞાનમાં જે જાણે છે, તેનાથી અધિક પદાર્થનો સંભવ હોઈ શકે છે. તેથી જેમ અવધિજ્ઞાની ઘણા પદાર્થોને જાણે છે, છતાં સર્વજ્ઞપણાનો વ્યભિચાર છે, તેમ કેવલી અવધિજ્ઞાન કરતાં ઘણા પદાર્થો અધિક જાણે છે, તો પણ સર્વ જાણે છે તેમાં વ્યભિચાર પ્રાપ્ત થઈ શકે. **॥૧૧૫૧॥**

**અવતરણિકા :-**

**उपसंहरति—**

**અવતરણિકાર્થ :-**

**હવે ઉપસંહાર કરે છે=પૂર્વપક્ષીએ 'જગતમાં કોઈ સર્વજ્ઞ નથી,' એ બતાવવા અર્થે સર્વજ્ઞ પ્રત્યક્ષથી સર્વને જાણે છે ? કે પ્રત્યક્ષાદિ સર્વ પ્રમાણોથી સર્વને જાણે છે ? એમ ગાથા-૧૧૪૬માં બે પક્ષ**

બતાવેલા. તેમાંથી પ્રથમ પક્ષ પ્રમાણે સર્વજ્ઞ સંભવે નહીં એમ અત્યાર સુધી સ્થાપન કર્યું. તેનો ઉપસંહાર કરતાં કહે છે –

**ગાથા :-**

**जम्हा पच्चक्खेणं ण सव्वरूवावि(दि)जाणणं जुत्तं ।**
**सव्वन्नुनिच्छओ अत्तणो य तम्हाऽसपक्खोऽयं ।।११५२।।**

**છાયા :-**

**यस्मात् प्रत्यक्षेण न सर्वरूपादिज्ञानं युक्तम् ।**
**सर्वज्ञनिश्चय आत्मनि य तस्मादसत्पक्षोऽयम् ।।११५२।।**

**ગાથાર્થ :-**

**જે કારણથી પ્રત્યક્ષથી સર્વ રૂપાદિનું જ્ઞાન યુક્ત નથી, તે કારણથી જે આ આત્મામાં સર્વજ્ઞનો નિશ્ચય અસત્ પક્ષ છે. ॥૧૧૫૨॥**

**ટીકા :-**

**यस्मादुक्तप्रकारेण न प्रत्यक्षेण सर्वरूपादिज्ञानं युक्तं, तस्मात् योऽयमात्मनि सर्वज्ञत्वनिश्चयो 'यथाहं सर्वज्ञ' इति सोऽसत्पक्ष इति स्थितम् ।।११५२।।**

**ટીકાર્થ :-**

**यस्मादुक्तप्रकारेण ..... इति स्थितम् ।। જે કારણથી ઉક્ત પ્રકાર મુજબ પ્રત્યક્ષથી, સર્વ રૂપાદિનું જ્ઞાન યુક્ત નથી, તે કારણથી આત્મામાં જે આ સર્વજ્ઞત્વનો નિશ્ચય=જે પ્રમાણે 'હું સર્વજ્ઞ છું,' એ પ્રકારનો નિશ્ચય, તે અસત્ પક્ષ છે, એ પ્રમાણે સ્થિત છે. ॥૧૧૫૨॥**

**ભાવાર્થ :-**

જે કારણથી ચક્ષુ આદિ ઇન્દ્રિય દ્વારા જગતવર્તી સર્વ પદાર્થોના રૂપાદિનું જ્ઞાન થઈ શકતું નથી. તેથી ચક્ષુ આદિ ઇન્દ્રિયના પ્રમાણથી સર્વનું જ્ઞાન કોઈને થઈ શકે નહીં. આમ છતાં વીર ભગવાનને પોતાનામાં 'હું સર્વજ્ઞ છું', તે પ્રકારનો નિર્ણય કર્યો એ અવાસ્તવિક છે. માટે પ્રત્યક્ષથી સર્વ વસ્તુને જાણનાર જગતમાં કોઈ નથી, એ પ્રમાણે સિદ્ધ થાય છે. એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. **॥૧૧૫૨॥**

**અવતરણિકા :-**

**द्वितीयं पक्षमधिकृत्याह–**

**અવતરણિકાર્થ :-**

**બીજા પક્ષને આશ્રયીને કહે છે=પૂર્વપક્ષી કહે છે –**

**ગાથા :-**

**पच्चक्खमाइएहिं जाणइ सव्वेहिमह मतं ते तु ।**
**आगमकयस्समो णणु को वा एवं न सव्वन्नू? ।।११५३।।**

**છાયા :-**

**प्रत्यक्षादिभिर्जानाति सर्वैरथ मतं ते तु ।**
**आगमकृतश्रमो ननु को वा एवं न सर्वज्ञः ।।११५३।।**

**ગાથાર્થ :-**

**હવે પ્રત્યક્ષાદિ સર્વ પ્રમાણો વડે જાણે છે એ પ્રમાણે તમારો મત છે, તેને પૂર્વપક્ષી કહે છે. આગમકૃત શ્રમવાળા સાધુ આ રીતે સર્વજ્ઞ કોણ ન થાય ? અર્થાત્ એ પણ સર્વજ્ઞ થાય. ।।૧૧૫૩।।**

**ટીકા :-**

**अथ मतं ते तव, तुः पूरणे, प्रत्यक्षादिभिः प्रमाणैः सर्वैः सर्वं वस्तु जानातीति । अत्राह– 'आगमेत्यादि' नन्वेवं सति आगमविषयकृतश्रमः सन् को वा सर्वज्ञो न भवेत्?, सर्व एव कृतागमश्रमः सन् सर्वज्ञ इतियावत्, आगमस्य प्रायः सर्वार्थविषयत्वात्, तथाच सति कस्तस्मिन् विवक्षितपुरुषे वर्द्धमानस्वाम्यादौ विशेषो? येन स एव प्रमाणमिष्यते न जैमिनिरिति ।।११५३।।**

**ટીકાર્થ :-**

**अथ मतं ..... जैमिनिरिति ।। 'अथ'થી પૂર્વપક્ષી કહે છે — તમારો મત છે=કેવલી સર્વને જાણે છે એ પ્રકારે તમારો મત છે. 'तु' શબ્દ પૂરણ અર્થમાં છે. એ કથનને સ્પષ્ટ કરે છે. 'સર્વ પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે સર્વ વસ્તુને કેવલી જાણે છે.' એ પ્રમાણે તમારો મત છે. આમાં=આ પ્રકારના ગ્રંથકારશ્રીના મતમાં, પૂર્વપક્ષી કહે છે. આ પ્રમાણે હોતે છતે='સર્વ પ્રમાણથી કેવલી સર્વને જાણે છે' એ પ્રમાણે હોતે છતે, આગમવિષયક કરાયેલા શ્રમવાળા છતા કોણ સર્વજ્ઞ ન થાય ? અર્થાત્ સર્વ જ કૃતઆગમના શ્રમવાળા છતા ચૌદ પૂર્વી સર્વજ્ઞ છે; કેમ કે પ્રાયઃ આગમનું સર્વ વિષયપણું છે અને તે પ્રમાણે હોતે છતે=આગમ વિષયક કરાયેલા શ્રમવાળા ચૌદપૂર્વી સર્વને જાણે છે તેથી સર્વજ્ઞ છે તે પ્રમાણે હોતે છતે, તે વિવક્ષિત પુરુષ વર્ધમાનસ્વામી આદિમાં શું વિશેષ ? જે કારણથી તે જ પ્રમાણ ઈચ્છાય છે=વર્ધમાનસ્વામી જ પ્રમાણ ઈચ્છાય છે, જૈમિની નહીં અર્થાત્ જૈમિનીએ પણ આગમમાં શ્રમ કર્યો છે તેથી તે પણ પ્રમાણ છે તેમ સ્વીકારવું જોઈએ. ।।૧૧૫૩।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૧૩૭માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે વીતરાગ સર્વજ્ઞએ આ ભાવધર્મ કહ્યો છે. ત્યાં પૂર્વપક્ષીએ શંકા કરી કે વીતરાગ કોઈ સંભવી શકે નહીં. ત્યાર પછી સર્વજ્ઞ સંભવી શકે નહીં તે બતાવતા બે પક્ષો કર્યા.

(૧) પ્રત્યક્ષથી સર્વને જાણે છે કે (૨) સર્વ પ્રમાણો વડે સર્વને જાણે છે. તેમાં ઇન્દ્રિય પ્રત્યક્ષથી સર્વને જાણનાર કોઈ સંભવી શકે નહીં અને અતીન્દ્રિય પ્રત્યક્ષથી પણ સર્વને જાણનારા કોઈ સંભવી શકે નહીં તેમ પૂર્વમાં સ્થાપન કર્યું. હવે સર્વ પ્રમાણોથી સર્વને જાણે છે તે સર્વજ્ઞ છે, એમ સર્વજ્ઞ સ્વીકારનાર કહે તો પૂર્વપક્ષી કહે છે – જેઓએ આગમ વિષયક શ્રમ કર્યો છે તેઓ પણ આગમ પ્રમાણથી સર્વને જાણનારા છે માટે સર્વજ્ઞ છે, એમ તમારે સ્વીકારવું પડે; કેમ કે આગમ પ્રાયઃ સર્વ અર્થના વિષયને કહેનાર છે. તેથી આગમરૂપ પ્રમાણના બળથી સર્વને જાણનારા જે હોય તે સર્વજ્ઞ છે તેમ સ્વીકારવું પડે અને તેમ સ્વીકારવામાં આવે તો ગ્રંથકારશ્રીએ ગાથા-૧૧૩૭માં કહ્યું કે 'સર્વજ્ઞ વીતરાગ એવા વર્ધમાનસ્વામીએ આ ભાવધર્મ કહ્યો છે માટે પ્રમાણભૂત છે' એ પ્રકારનો વર્ધમાનસ્વામીમાં શું વિશેષ છે ? અર્થાત્ કોઈ વિશેષ નથી; કેમ કે જેમ વર્ધમાનસ્વામી સર્વજ્ઞ છે તેમ આગમમાં શ્રમ કરનારા જૈમિની આદિ પણ સર્વજ્ઞ છે. આ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. **॥૧૧૫૩॥**

**અવતરણિકા :-**

**तदेवं स्वरूपतः सर्वज्ञत्वमपाकृत्य सांप्रतं तद्विषयप्रमाणाभावतस्तदपाकर्तुमाह—**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે સ્વરૂપથી સર્વજ્ઞપણાનું નિરાકરણ કરીને હવે તેના વિષયવાળા પ્રમાણનો અભાવ હોવાથી=સર્વજ્ઞના વિષયવાળા પ્રમાણનો અભાવ હોવાથી, તેના નિવારણ માટે=વર્ધમાનસ્વામીમાં સર્વજ્ઞપણાના નિવારણ માટે, પૂર્વપક્ષી કહે છે –**

**ગાથા :-**

**अन्नं च नज्जइ ततो केण पमाणेण सव्वणाणि त्ति ?।**
**णो पच्चक्खेणं जं परविन्नाणं न पच्चक्खं ।।११५४।।**

**છાયા :-**

**अन्यच्च ज्ञायते सकः केन प्रमाणेन सर्वज्ञानीति (सर्वज्ञ इति) ।**
**न प्रत्यक्षेण यत् परविज्ञानं न प्रत्यक्षम् ।।११५४।।**

**ગાથાર્થ :-**

**અને બીજું તે=વિવક્ષિત પુરુષ, વર્ધમાનસ્વામી, કયા પ્રમાણથી સર્વજ્ઞાની એ પ્રમાણે જણાય છે ? પ્રત્યક્ષથી નહીં. જે કારણથી પરમાં રહેલું જ્ઞાન પ્રત્યક્ષ નથી. ॥૧૧૫૪॥**

**ટીકા :-**

**अन्यच्च 'तओत्ति' सको विवक्षितः पुरुषः सर्वं जानातीति सर्वज्ञ इति केन प्रमाणेन ज्ञायते?, किं**

प्रत्यक्षेणानुमानेनागमेन वा? । न तावत् प्रत्यक्षेण यत्-यस्मात्परविज्ञानं न प्रत्यक्षं-न प्रत्यक्षस्य विषयोऽतीन्द्रियत्वात्, तत्कथं प्रत्यक्षेणायं सर्वज्ञ इति ज्ञायते ।।११५४।।

**ટીકાર્થ :-**

अन्यच्च ..... इति ज्ञायते ।। અને બીજું તે વિવક્ષિત પુરુષ સર્વને જાણે છે એથી સર્વજ્ઞ છે. એ પ્રમાણે કયા પ્રમાણથી જણાય છે ? શું પ્રત્યક્ષથી અથવા અનુમાનથી અથવા આગમથી જણાય છે ? પ્રત્યક્ષથી જણાતું નથી. જે કારણથી પરનું જ્ઞાન પ્રત્યક્ષ નથી=પ્રત્યક્ષનો વિષય નથી; કેમ કે અતીન્દ્રિયપણું છે, તે કારણથી કેવી રીતે પ્રત્યક્ષથી આ સર્વજ્ઞ છે એ પ્રમાણે જણાય ? ।।૧૧૫૪।।

**અવતરણિકા :-**

अनुमानमधिकृत्याह—

**અવતરણિકાર્થ :-**

અનુમાનને આશ્રયીને કહે છે=અનુમાનથી પણ 'આ પુરુષ સર્વજ્ઞ છે', એ પ્રમાણે નિર્ણય થઈ શકે નહીં. એને કહે છે –

**ગાથા :-**

अणुमाणेणावि कहं गम्मति पच्चक्खपुव्वगं जेण ।
तल्लिंगलिंगिसंबंधगहणतो चेव गमगं ति ।।११५५।।

**છાયા :-**

अनुमानेनापि कथं गम्यते प्रत्यक्षपूर्वकं येन ।
तल्लिंग-लिंगिसम्बन्धग्रहणादेव गमकमिति ।।११५५।।

**ગાથાર્થ :-**

**અનુમાનથી પણ કેવી રીતે જણાય ?='આ સર્વજ્ઞ છે', એ પ્રમાણે કેવી રીતે જણાય ? જે કારણથી પ્રત્યક્ષપૂર્વક અનુમાન છે. તે=અનુમાન, લિંગલિંગીના સંબંધના ગ્રહણથી જ ગમક છે. ।।૧૧૫૫।।**

**ટીકા :-**

**अनुमानेनापि कथं गम्यते? यथायं सर्वज्ञानीति, नैव गम्यत इतिभावः । कुत इत्याह—येन कारणेन तदनुमानं प्रत्यक्षपूर्वकं प्रवर्त्तते । एतदपि कथमवसीयत इति चेत् ? अत आह—'तल्लिंगेत्यादि' चेत् ? अत यस्मात्तदनुमानं लिङ्गलिङ्गिसंबन्धग्रहणत एव गमकं नान्यथा, लिङ्गलिङ्गिसंबन्धग्रहणं च प्रत्यक्षत एवाभ्युपगन्तव्यं नानुमानतोऽनवस्थाप्रसक्तेरतः प्रत्यक्षपूर्वकमेवानुमानमिति ।।११५५।।**

**ટીકાર્થ :-**

अनुमानेनापि ..... मेवानुमानमिति ।। અનુમાનથી પણ કેવી રીતે જણાય છે ? જે પ્રમાણે 'આ સર્વજ્ઞાની છે,' એ પ્રમાણે જણાતું નથી જ એ પ્રમાણે ભાવ છે. કયા કારણથી=કયા કારણથી 'આ સર્વજ્ઞ છે' એ પ્રકારે અનુમાનથી જણાતું નથી ? એથી કહે છે. જે કારણથી તે અનુમાન પ્રત્યક્ષપૂર્વક પ્રવર્તે છે. આ પણ=અનુમાન પ્રત્યક્ષપૂર્વક પ્રવર્તે છે એ પણ, કેવી રીતે જણાય છે ? એ પ્રમાણે જો કોઈ કહે તો પૂર્વપક્ષી કહે છે – જે કારણથી તે અનુમાન લિંગલિંગીના સંબંધના ગ્રહણથી જ ગમક છે, અન્યથા નથી અને લિંગલિંગીના સંબંધનું ગ્રહણ પ્રત્યક્ષથી જ સ્વીકારવું જોઈએ, અનુમાનથી નહીં; કેમ કે અનવસ્થાની પ્રસક્તિ છે=અનુમાનાંતરના પરંપરાની પ્રસક્તિ છે, આથી પ્રત્યક્ષપૂર્વક જ અનુમાન છે. ।।૧૧૫૫।।

**અવતરણિકા :-**

अस्तु प्रत्यक्षपूर्वकमनुमानं ततः को दोष इति चेत् उच्यते–

**અવતરણિકાર્થ :-**

પ્રત્યક્ષપૂર્વક અનુમાન હો, તેનાથી શું દોષ છે ? એ પ્રમાણે જો કોઈ કહે તો પૂર્વપક્ષી ઉત્તર આપે છે–

**ગાથા :-**

> **ण य पच्चक्खेण तओ घेप्पइ लोगम्मि अन्ननाणस्स ।**
> **निच्चपरोक्खत्तणओ लिंगेवि अतो च्चियानियमो ।।११५६।।**

**છાયા :-**

> न च प्रत्यक्षेण सको गृह्यते लोकेऽन्यज्ञानस्य ।
> नित्यपरोक्षत्वाद् लिङ्गेऽपि अत एवानियमः ।।११५६।।

**ગાથાર્થ :-**

**પ્રત્યક્ષથી તે=લિંગલિંગીનો સંબંધ, ગ્રહણ થતો નથી; કેમ કે અન્યમાં વર્તતા જ્ઞાનનું લોકમાં નિત્ય પરોક્ષપણું છે. આથી જ લિંગમાં પણ અનિયમ છે. ।।૧૧૫૬।।**

**ટીકા :-**

न च प्रत्यक्षेण 'तओ त्ति' सको लिङ्गलिङ्गिसंबन्धो गृह्यते । कुत इत्याह–लोकेऽन्यज्ञानस्य नित्यपरोक्षत्वात्, तथा च तस्मिन्नगृहीते कथं तेन सहाविनाभावहेतोः संबन्धस्य लिङ्गे निश्चयः ? । 'अतो च्चिय त्ति' अत एव च संबन्धग्रहणाभावादेव लिङ्गेऽपि लिङ्गत्वेनानियमः, 'तस्येदमेव लिङ्गमेतदेव वेति' नियमनिश्चयाभावः । तत्कथमनुमानेनापि सर्वज्ञ इति ज्ञायते ।।११५६।।

**ટીકાર્થ :-**

**न च ..... ज्ञायते ।।** પ્રત્યક્ષથી તે=લિંગલિંગીનો સંબંધ, ગ્રહણ થતો નથી=પ્રત્યક્ષથી સર્વજ્ઞરૂપ લિંગી અને તેનું લિંગ એ બેનો સંબંધ ગ્રહણ થતો નથી. કયા કારણથી ?=કયા કારણથી લિંગલિંગીનો સંબંધ ગ્રહણ થતો નથી ? એથી કહે છે – અન્યમાં વર્તતા જ્ઞાનનું લોકમાં નિત્યપરોક્ષપણું છે અને તે રીતે=અન્યમાં વર્તતું જ્ઞાન પરોક્ષ છે તે રીતે, તેનું અગ્રહણ થયે છતે=પરમાં રહેલા જ્ઞાનનું અગ્રહણ થયે છતે, કેવી રીતે તેની સાથે અવિનાભાવરૂપ હેતુના સંબંધનો લિંગમાં નિશ્ચય થાય ? અર્થાત્ થાય નહીં. આથી જ=સંબંધના ગ્રહણના અભાવથી જ, લિંગમાં પણ=સર્વજ્ઞત્વના અનુમાનમાં સ્વીકારાયેલા લિંગમાં પણ, લિંગપણાથી અનિયમ છે='આ સર્વજ્ઞત્વનું અનુમાપક લિંગ છે' એ પ્રકારનો અનિયમ છે. 'તેનું આ જ લિંગ છે અથવા એ જ લિંગ છે, એ પ્રકારના નિયમના નિશ્ચયનો અભાવ છે. તે કારણથી=સર્વજ્ઞત્વના લિંગના નિયમના નિશ્ચયનો અભાવ છે તે કારણથી, અનુમાનથી પણ 'સર્વજ્ઞ છે' એ પ્રમાણે કેવી રીતે જણાય ? અર્થાત્ જણાય નહીં. ।।૧૧૫૬।।

**અવતરણિકા :-**

आगममधिकृत्याह—

**અવતરણિકાર્થ :-**

આગમને આશ્રયીને કહે છે=આગમપ્રમાણથી સર્વજ્ઞત્વની સિદ્ધિ નથી તેને કહે છે –

**ગાથા :-**

**गम्मइ न यागमातो जं पुरिसकतो स होज्ज निच्चो वा? ।**
**पुरिसकओ चिय सव्वन्नुरत्थपुरिसेहिं भइयव्वो ।।११५७।।**

**છાયા :-**

गम्यते न चागमाद्यत् पुरुषकृतः स भवेद् नित्यो वा ? ।
पुरुषकृत एव सर्वज्ञरथ्यापुरुषाभ्यां भक्तव्यः ।।११५७।।

**ગાથાર્થ :-**

**અને આગમથી જણાતું નથી='આ સર્વજ્ઞ છે' એમ જણાતું નથી. જે કારણથી તે=આગમ, પુરુષથી કરાયેલો થાય ? અથવા નિત્ય કરાયેલો થાય ? પુરુષથી કરાયેલો પણ સર્વજ્ઞ પુરુષથી કે રથ્યાપુરુષથી (એમ) ભજના કરવી=વિકલ્પ કરવો. ।।૧૧૫૭।।**

**ટીકા :-**

न चागमात् प्रमाणादयं सर्वज्ञानीति गम्यते यस्मात्स आगमः किं पुरुषकृतः-पौरुषेयो भवेत् नित्यो वा?, पुरुषकृतोऽपि च सर्वज्ञकृतो वा स्यात् रथ्यापुरुषकृतो वा? ।।११५७।।

**ટીકાર્થ :-**

न चागमात् ..... रथ्यापुरुषकृतो वा? ।। અને આગમ પ્રમાણથી 'આ સર્વ જ્ઞાની છે' એ પ્રમાણે જણાતું નથી; જે કારણથી તે આગમ શું પુરુષથી કરાયેલો છે ?=પૌરુષેય છે ? અથવા નિત્ય છે ? પુરુષથી કરાયેલો પણ સર્વજ્ઞથી કરાયેલો છે ? અથવા શેરીમાં વર્તતા પુરુષથી કરાયેલો છે ? એમ બે વિકલ્પ થાય છે. ।।૧૧૫૭।।

**અવતરણિકા :-**

किंचातः

**અવતરણિકાર્થ :-**

અને આનાથી શું ?=પુરુષથી કરાયેલો આગમ છે કે અપૌરુષેય છે અને પુરુષથી કરાયેલો આગમ પણ સર્વજ્ઞકૃત છે કે રથ્યાપુરુષથી કરાયેલો છે ? ઈત્યાદિ વિકલ્પોથી શું પ્રાપ્ત થાય ? એથી કહે છે –

**ગાથા :-**

**जइ सव्वन्नुकओ सो तदसिद्धौ हंदि! तस्स कह सिद्धी? ।**
**इतरेतरासयो इह दोसो अनिवारणिज्जो तु ।।११५८।।**

**છાયા :-**

यदि सर्वज्ञकृतः स तदसिद्धो हंदि । तस्य कथं सिद्धिः ? ।
इतरेतराश्रय इह दोषोऽनिवारणीयस्तु ।।११५८।।

**ગાથાર્થ :-**

**જો સર્વજ્ઞકૃત તે=આગમ છે, તો તેની અસિદ્ધિમાં=સર્વજ્ઞની અસિદ્ધિમાં, તેની=સર્વજ્ઞકૃત આગમની, કેવી રીતે સિદ્ધિ થાય ? અહીં ઈતર ઈતર આશ્રયદોષ અનિવારિત છે. ।।૧૧૫૮।।**

**ટીકા :-**

यदि स-आगमः सर्वज्ञकृतोऽभ्युपगम्यते तर्हि 'हंदीति' आमन्त्रणे तदसिद्धौ-सर्वज्ञासिद्धौ तस्य-सर्वज्ञकृतस्यागमस्य कथं सिद्धिः स्यात् ?, नैव कथंचनापीति भावः । अपि चैवं अभ्युपगम्यमाने सति इहेतरेतराश्रयदोषोऽनिवारणीयः प्राप्नोति । तथाहि—सर्वज्ञसिद्धौ तत्कृतागमसिद्धिस्तत्सिद्धौ च सर्वज्ञसिद्धिरिति ।।११५८।।

**ટીકાર્થ :-**

यदि स- ..... सर्वज्ञसिद्धिरिति ।। જો તે=આગમ, સર્વજ્ઞકૃત સ્વીકાર કરાય છે તો તેની અસિદ્ધિમાં=સર્વજ્ઞની અસિદ્ધિમાં, તેની=સર્વજ્ઞકૃત આગમની, કેવી રીતે સિદ્ધિ થાય ? કોઈ પણ રીતે થાય નહીં

જ. 'हंदीति' આમંત્રણ અર્થમાં છે. વળી, આ રીતે સ્વીકાર કરાયે છતે=આગમથી સર્વજ્ઞની સિદ્ધિ છે એ પ્રમાણે સ્વીકાર કરાયે છતે, ઈતર ઈતર આશ્રયદોષ અનિવારણીય પ્રાપ્ત થાય છે. તે ઈતર ઈતર આશ્રયદોષ 'तथाहि'થી સ્પષ્ટ કરે છે. સર્વજ્ઞની સિદ્ધિ થયે છતે તત્કૃત આગમની સિદ્ધિ છે=સર્વજ્ઞકૃત આગમની સિદ્ધિ છે. અને તત્ સિદ્ધિ હોતે છતે=સર્વજ્ઞકૃત આગમની સિદ્ધિ હોતે છતે, સર્વજ્ઞની સિદ્ધિ છે. ॥૧૧૫૮॥

**અવતરણિકા :-**

द्वितीयं पक्षमधिकृत्याह—

**અવતરણિકાર્થ :-**

બીજા પક્ષને આશ્રયીને કહે છે=સર્વજ્ઞકૃત આગમ નથી પરંતુ રથ્યાપુરુષકૃત છે અર્થાત્ મનુષ્યલોકમાં કોઈક સ્થાને વર્તતા કોઈક પુરુષકૃત છે એ પ્રકારના બીજા પક્ષને આશ્રયીને કહે છે—

**ગાથા :-**

अह रत्थापुरिसकओ ण पमाणं रेवणाइकव्वं व ।
अपमाणाओ य तओ तदवगमो सव्वधाऽजुत्तो ।।११५९।।

**છાયા :-**

अथ रथ्यापुरुषकृतो न प्रमाणं रेवणादिकाव्यमिव ।
अप्रमाणाच्च तस्मात्तदवगमः सर्वथाऽयुक्तः ।।११५९।।

**ગાથાર્થ :-**

જો રથ્યાપુરુષકૃત છે=આગમ છે, રેવણાદિ કૃત કાવ્યની જેમ પ્રમાણ નથી. અપ્રમાણભૂત એવા તેનાથી=આગમથી, તેનો અવગમ=સર્વજ્ઞત્વનો અવગમ, સર્વથા અયુક્ત છે. ॥૧૧૫૯॥

**ટીકા :-**

अथ रथ्यापुरुषकृतः स आगम इति पक्षस्तर्हि न प्रमाणं रेवणादिकृतकाव्यमिव । अप्रमाणाच्च तस्मात् रथ्यापुरुषकृतादागमात्तदवगमः-सर्वज्ञावगमः सर्वथा अयुक्तः, अप्रमाणस्य प्रमेयसिद्ध्यनङ्गत्वात्, अन्यथा अप्रमाणत्वायोगात् ।।११५९।।

**ટીકાર્થ :-**

अथ ..... अप्रमाणत्वायोगात् ।। 'अथ'થી પૂર્વપક્ષી કહે છે. રથ્યાપુરુષકૃત તે આગમ છે, એ પ્રકારનો જો પક્ષ છે તો પ્રમાણ નથી. રેવણાદિકૃત કાવ્યની જેમ=રેવણઆદિ કોઈક વ્યક્તિએ અસંબદ્ધ કાવ્ય કર્યા છે તેથી પ્રમાણ નથી તેમ રથ્યાપુરુષકૃત કોઈ આગમ પ્રમાણ નથી, અને અપ્રમાણ એવા તે

રથ્યાપુરુષકૃત આગમથી તેનો અવગમ=સર્વજ્ઞનો અવગમ, સર્વથા અયુક્ત છે; કેમ કે અપ્રમાણનું પ્રમેયની સિદ્ધિનું અનંગપણું છે=અપ્રમાણભૂત એવા આગમનું તેનાથી કહેવાયેલા સર્વજ્ઞરૂપ પ્રમેયની સિદ્ધિનું અહેતુપણું છે. અન્યથા=અપ્રમાણભૂત આગમથી સ્વીકારાયેલું સર્વજ્ઞત્વરૂપ પ્રમેય સિદ્ધ થાય નહીં એમ ન માનો તો, અપ્રમાણત્વનો અયોગ છે=તે આગમના અપ્રમાણત્વનો અયોગ છે. ॥૧૧૫૯॥

**ગાથા :-**

> अह निच्चो सव्वन्नू उसहो एमादि अत्थवायो उ ।
> अह णो अणिच्चमेसो कित्तिमभावाभिहाणाओ ।।११६०।।

**છાયા :-**

> अथ नित्यः सर्वज्ञ ऋषभ एवमादि अर्थवादस्तु ।
> अथ न अनित्य एष कृत्रिमभावाभिधानात् ।।११६०।।

**ગાથાર્થ :-**

હવે, નિત્ય=આગમ નિત્ય છે, (તો) ઋષભ સર્વજ્ઞ છે એ વગેરે અર્થવાદ જ છે. હવે નથી=અર્થવાદ નથી, તો અનિત્ય આ છે=અનિત્ય આગમ છે; કેમ કે કૃત્રિમભાવનું અભિધાન છે. ॥૧૧૬૦॥

**ટીકા :-**

अथ न स आगमः पुरुषकृतः किंतु नित्यो, नन्वेवं तर्हि ऋषभः सर्वज्ञो वर्द्धमानस्वामी वेत्येवमादि अर्थवाद एव प्राप्नोति, तुरेवकारार्थः, नित्यस्यागमस्यानित्येन वस्तुना सह संबन्धाभावात् । तदपेक्षया तस्याप्रवृत्तेः ऋषभादयो ह्यधुनातनकल्पभाविन आगमश्च तेभ्योऽपि प्राग्भावी, नित्यत्वाभ्युपगमात्, तत्कथं तदपेक्षया तस्य प्रवृत्तिः ? । अथ ऋषभः सर्वज्ञ इत्येवमादि अर्थवादो नाभ्युपगम्यते तर्हि अनित्य एवासावागमः प्राप्नोति । कुत इत्याह–'कृत्रिमभावाभिधानात्' अनित्यऋषभादिपदार्थाभिधानात्, तद्भावमपेक्ष्य हि तस्य वृत्तिरन्यथा संबन्धाभावेन तदभिधानानुपपत्तेः ।।११६०।।

**ટીકાર્થ :-**

अथ न ..... नानुपपत्तेः ।। હવે, તે આગમ પુરુષકૃત નથી પરંતુ નિત્ય છે. આ રીતે તો=આગમ નિત્ય છે એ રીતે તો, ઋષભ સર્વજ્ઞ છે, વર્ધમાનસ્વામી સર્વજ્ઞ છે, એ વગેરે અર્થવાદ જ પ્રાપ્ત થાય=કથન માત્ર જ પ્રાપ્ત થાય. 'तु' શબ્દ एवकार અર્થવાળો છે; કેમ કે ઋષભ સર્વજ્ઞ છે ઈત્યાદિ વચન વાસ્તવિક નથી, અર્થવાદ માત્ર જ છે. તેમાં હેતુ કહે છે – નિત્ય એવા આગમનો અનિત્ય વસ્તુની સાથે સંબંધનો અભાવ છે. તેની અપેક્ષા દ્વારા=અનિત્ય વસ્તુની અપેક્ષા દ્વારા, તેની=આગમની, અપ્રવૃત્તિ હોવાથી અર્થવાદ જ છે, એમ અન્વય છે. हि=જે કારણથી, ઋષભાદિ હમણાંના કલ્પભાવિ

છે અને આગમ તેનાથી પણ પૂર્વભાવી છે; કેમ કે નિત્યપણારૂપે સ્વીકાર છે=આગમનો નિત્યપણારૂપે સ્વીકાર છે, તે કારણથી=આગમ ઋષભાદિ કરતાં પૂર્વભાવી છે તે કારણથી, તેની અપેક્ષાથી=ઋષભાદિ સર્વજ્ઞ છે એ પ્રકારે કહેવાની અપેક્ષાથી, તેની=આગમની, કેવી રીતે પ્રવૃત્તિ થાય ? અર્થાત્ થાય નહીં. હવે ઋષભ સર્વજ્ઞ છે, એ પ્રમાણે વગેરે અર્થવાદ સ્વીકારાતો નથી, તો અનિત્ય જ આ આગમ પ્રાપ્ત થાય. કયા કારણથી આગમ અનિત્ય પ્રાપ્ત થાય ? એથી કહે છે – 'કૃત્રિમભાવનું અભિધાન હોવાથી'=અનિત્ય એવા ઋષભાદિ પદાર્થોનું કથન હોવાથી=અનિત્ય એવા પ્રસ્તુત 'કલ્પભાવિ ઋષભાદિ સર્વજ્ઞ છે', એ પ્રકારની વસ્તુનું કથન કરનાર હોવાથી આગમ અનિત્ય જ છે એમ અન્વય છે. हि=જે કારણથી, તે ભાવની અપેક્ષા કરીને=અનિત્ય એવા ઋષભાદિ ભાવની અપેક્ષા કરીને, તેની=આગમની, વૃત્તિ છે=પ્રવૃત્તિ છે; કેમ કે અન્યથા=આગમ અનિત્ય ન હોય તો, સંબંધના અભાવને કારણે=ઋષભાદિ સાથે સંબંધનો અભાવ હોવાને કારણે, તેના અભિધાનની અનુપપત્તિ છે. ॥૧૧૬૦॥

**અવતરણિકા :-**

अपि च,

**અવતરણિકાર્થ :-**

અને વળી,

**ગાથા :-**

निच्चे य तम्मि सिद्धे तत्तो च्चिय धम्ममादिसिद्धीओ ।
सव्वन्नुकप्पणावि हु अपमाणा निप्फला चेव ।।११६१।।

**છાયા :-**

नित्ये च तस्मिन् सिद्धे तत एव धर्मादिसिद्धेः ।
सर्वज्ञकल्पनापि हु अप्रमाणा निष्फला एव ।।११६१।।

**ગાથાર્થ :-**

નિત્ય તે સિદ્ધ થયે છતે=નિત્ય એવું તે આગમ સિદ્ધ થયે છતે, તેનાથી જ=નિત્ય એવા આગમથી જ, ધર્માદિની સિદ્ધિ હોવાથી સર્વજ્ઞની કલ્પના પણ અપ્રમાણ અને નિષ્ફલ જ છે. ॥૧૧૬૧॥

**ટીકા :-**

नित्ये च तस्मिन्-आगमे सिद्धे सति तत एव-आगमात् धर्मादिसिद्धेः-धर्माधर्मव्यवस्थासिद्धेः सर्वज्ञकल्पना 'हु' निश्चितमुक्तेन प्रकारेणाप्रमाणा क्रियमाणा निष्फलैवेति ।।११६१।।

**ટીકાર્થ :-**

**नित्ये ..... निष्फलैवेति ।। અને નિત્ય તે હોતે છતે=આગમ નિત્ય સિદ્ધ થયે છતે, તેનાથી જ=નિત્ય એવા આગમથી જ, ધર્માદિની સિદ્ધિ હોવાને કારણે=ધર્મ-અધર્મની વ્યવસ્થાની સિદ્ધિ હોવાને કારણે, ઉક્ત પ્રકારથી=પૂર્વમાં બતાવ્યું એ પ્રકારથી, અપ્રમાણભૂત કરાતી એવી સર્વજ્ઞની કલ્પના 'हु'=નિશ્ચિત= નક્કી નિષ્ફળ જ છે. ॥૧૧૬૧॥**

**ભાવાર્થ :-**

સર્વજ્ઞને સ્વીકારવા માટે કોઈ પ્રમાણ નહીં હોવાથી સર્વજ્ઞ નથી, તે બતાવવા અર્થે પૂર્વપક્ષી કહે છે – સર્વજ્ઞ છે એમ સ્વીકારવા માટે તમારે કહેવું પડે કે 'આ વર્ધમાનસ્વામી આદિ કોઈ પુરુષ સર્વને જાણે છે માટે સર્વજ્ઞ છે', એ કથન તમે કયા પ્રમાણથી કરશો ? તેમાં ત્રણ વિકલ્પ સંભવે. (૧) પ્રત્યક્ષપ્રમાણથી, (૨) અનુમાનપ્રમાણથી, (૩) આગમપ્રમાણથી એમ ત્રણ વિકલ્પ છે.

(૧) પ્રત્યક્ષપ્રમાણથી 'વર્ધમાનસ્વામી સર્વજ્ઞ છે', એમ સ્વીકારી શકાય નહીં; કેમ કે વર્ધમાનસ્વામીમાં વર્તતું જ્ઞાન સર્વ પદાર્થનો વિષય કરે છે કે આપણી જેમ પરિમિત પદાર્થનો વિષય કરે છે, તે પ્રત્યક્ષથી દેખાતું નથી અર્થાત્ સાક્ષાત્ કોઈ વર્ધમાનસ્વામીને જુએ છે તે પુરુષ પણ વર્ધમાનસ્વામીને જોઈને 'આ સર્વજ્ઞ છે,' તેમ નિર્ણય કરી શકે નહીં માટે પ્રત્યક્ષથી સર્વજ્ઞની સિદ્ધિ થઈ શકે નહીં.

(૨) હવે અનુમાનથી 'આ સર્વજ્ઞ છે' તેમ કહેવું હોય તો પણ કહી શકાય નહીં; કેમ કે અનુમાન પ્રત્યક્ષપૂર્વક જ પ્રવર્તે છે. જેમ ધૂમ અને વહ્નિ વચ્ચેના નિશ્ચિત સંબંધ જેને પ્રત્યક્ષથી ગ્રહણ થયા છે તે ધૂમને જોઈને અનુમાનથી 'પર્વતમાં અગ્નિ છે' તેમ બોધ કરી શકે છે પરંતુ સર્વજ્ઞની સાથે કોઈ લિંગનું પ્રત્યક્ષથી ગ્રહણ થતું ન હોય તો તે લિંગ દ્વારા 'આ સર્વજ્ઞ છે' તે પ્રકારનું અનુમાન થઈ શકે નહીં. માટે અનુમાનથી પણ સર્વજ્ઞનો નિશ્ચય થઈ શકે નહીં.

(૩) હવે આગમપ્રમાણથી 'આ પુરુષ સર્વજ્ઞ છે' તેવું સ્વીકારવું હોય તો આગમ પૌરુષેય છે કે નિત્ય છે, એમ બે વિકલ્પ ઉદ્ભવ થાય અને આગમ પુરુષકૃત છે તેમ સ્વીકારો તો તે આગમ સર્વજ્ઞકૃત છે કે રથ્યાપુરુષકૃત છે=સામાન્ય લોકકૃત છે, એમ બે વિકલ્પ થાય. હવે જો આગમ સર્વજ્ઞકૃત છે તેમ માનવામાં આવે તો સર્વજ્ઞની સિદ્ધિ થયે છતે સર્વજ્ઞકૃત આગમની સિદ્ધિ થઈ શકે અને સર્વજ્ઞકૃત આગમ સિદ્ધ થાય તો તે આગમથી સર્વજ્ઞની સિદ્ધિ થઈ શકે એ પ્રકારે અન્યોન્યાશ્રયદોષ છે. તેથી અન્યોન્યાશ્રયદોષ હોવાને કારણે જ્યાં સુધી આગમના બળથી સર્વજ્ઞની સિદ્ધિ થાય નહીં ત્યાં સુધી સર્વજ્ઞકૃત આગમની સિદ્ધિ થઈ શકે નહીં. તેથી આગમ સર્વજ્ઞકૃત છે તેમ સ્વીકારવા માટે આગમપ્રમાણથી સર્વજ્ઞની સિદ્ધિ સ્વીકારી શકાય નહીં. વળી જો આગમ સામાન્ય પુરુષથી કરાયો છે અને તે આગમથી સર્વજ્ઞની સિદ્ધિ છે, તો સામાન્ય પુરુષથી કરાયેલું આગમ સ્વયં પ્રમાણ નથી. તેથી તે આગમના વચનથી સર્વજ્ઞની સિદ્ધિ સ્વીકારી શકાય નહીં.

આ રીતે સર્વજ્ઞકથિત આગમ સ્વીકારીને આગમથી સર્વજ્ઞની સિદ્ધિ થઈ શકે નહીં અને રથ્યાપુરુષથી કથિત આગમને સ્વીકારીને તે અપ્રમાણભૂત આગમથી સર્વજ્ઞની સિદ્ધિ થઈ શકે નહીં. તેથી આગમને

અપુરુષ કૃત જ સ્વીકારવો પડે અને અપુરુષકૃત આગમ સ્વીકારીએ તો તે 'આગમ નિત્ય છે', તેમ માનવું પડે અને નિત્ય એવો આગમ વર્તમાન કલ્પભાવી એવા ઋષભાદિથી માંડીને 'વર્ધમાનસ્વામી સર્વજ્ઞ છે', તેમ કહી શકે નહીં; કેમ કે જો 'આગમ નિત્ય હોય તો ધર્માધર્મની વ્યવસ્થા કહે પરંતુ અનંતી ચોવીશીરૂપ અનંતા કલ્પ થયા છે, તેમાંથી આ કલ્પભાવી ઋષભાદિ સર્વજ્ઞ છે', તેનું કથન નિત્ય એવા આગમમાં પ્રાપ્ત થઈ શકે નહીં અને નિત્ય એવું આગમ સર્વ પદાર્થોને કહી શકે તેમ હોય તો અનંતા કલ્પભાવી સર્વ તીર્થંકરોના સર્વજ્ઞનું કથન તે આગમે કરવું જોઈએ પરંતુ પ્રતિનિયત આ કલ્પના 'આ તીર્થંકરો સર્વજ્ઞ છે', તેમ તે આગમ કહી શકે નહીં; કેમ કે 'તીર્થંકરોની ઉત્પત્તિ પૂર્વે જ આગમ વિદ્યમાન છે. વળી આગમ નિત્ય છે', તેમ સ્વીકારીએ તો નિત્ય એવા આગમથી જ 'આ કૃત્ય ધર્મરૂપ છે, આ કૃત્ય અધર્મરૂપ છે', એ પ્રકારની વ્યવસ્થાની સિદ્ધિ થતી હોવાથી આગમને પ્રમાણ સ્વીકારવા માટે 'આગમને કહેનારા વીતરાગ સર્વજ્ઞ છે', એ પ્રકારની કલ્પના અપ્રમાણભૂત છે; કેમ કે પ્રત્યક્ષાદિ ત્રણેય પ્રમાણોથી સર્વજ્ઞની સિદ્ધિ થતી નથી અને આગમને પ્રમાણ સ્વીકારવા અર્થે 'આગમ સર્વજ્ઞ કથિત છે', એમ કહેવું નિષ્ફળ છે એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. **॥૧૧૫૪થી ૧૧૬૧॥**

**અવતરણિકા :-**

**तदेवं सर्वज्ञत्वसिद्धिनिबन्धनप्रमाणाभावमुपदर्श्य सांप्रतं तत्प्रतिषेधकं प्रमाणमाह—**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે સર્વજ્ઞત્વની સિદ્ધિના કારણ એવા પ્રમાણનો અભાવ બતાવીને હવે તેના પ્રતિષેધક પ્રમાણને=સર્વજ્ઞત્વના અભાવના સાધક પ્રમાણને, કહે છે—**

**ગાથા :-**

**पडिसेहगं च माणं सोऽसव्वन्नुत्ति णो पइन्नाओ ।**
**पुरिसादित्ता हेऊ दिट्ठंतो देवदत्तो व्व ।।११६२।।**

**છાયા :-**

**प्रतिषेधकं च मानं सोऽसर्वज्ञ इति नः प्रतिज्ञा ।**
**पुरुषादित्वाद् हेतुः दृष्टान्तो देवदत्त इव ।।११६२।।**

**ગાથાર્થ :-**

**પ્રતિષેધક માન છે='સર્વજ્ઞત્વના નિષેધનું સાધક પ્રમાણ છે, તે અસર્વજ્ઞ છે.' એ અમારી પ્રતિજ્ઞા છે, પુરુષાદિપણું હોવાથી હેતુ છે. દેવદત્તની જેમ દૃષ્ટાંત છે. ।।૧૧૬૨।।**

**ટીકા :-**

**प्रतिषेधकं च मानं-प्रमाणं सर्वज्ञस्य विद्यते, तद्यथा—सः-विवक्षितो वर्द्धमानस्वाम्यादिरसर्वज्ञ**

**इति(नः) प्रतिज्ञा, पुरुषादित्वात्, आदिशब्दाद्वक्तृत्वपरिग्रह इति हेतुः, देवदत्त(इव)इति दृष्टान्तः, एष पूर्वपक्षः ।।११६२।।**

**ટીકાર્થ :-**

**प्रतिषेधकं ..... पूर्वपक्षः ।। અને સર્વજ્ઞનું પ્રતિષેધક માન=પ્રમાણ, વિદ્યમાન છે, તે આ પ્રમાણે – તે=વિવક્ષિત વર્ધમાનસ્વામી આદિ, અસર્વજ્ઞ છે, એ પ્રમાણે અમારી પ્રતિજ્ઞા છે; કેમ કે પુરુષાદિપણું છે. આદિ શબ્દથી વક્તૃત્વનું ગ્રહણ છે. એ=પુરુષાદિત્વ, હેતુ છે. દેવદત્તની જેમ એ દૃષ્ટાંત છે, આ પૂર્વપક્ષ છે. ॥૧૧૬૨॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ પૂર્વમાં કહ્યું કે આ ભાવધર્મ વીતરાગ સર્વજ્ઞ વડે કહેવાયો છે. ત્યાં પૂર્વપક્ષીએ 'વીતરાગ સંભવી શકે નહીં.' એમ સ્થાપન કર્યું. ત્યાર પછી 'સર્વજ્ઞત્વનું સાધક કોઈ પ્રમાણ નથી' તેમ સ્થાપન કર્યું. હવે 'સર્વજ્ઞ નથી' તેનું સાધક અનુમાનપ્રમાણ બતાવે છે. વર્ધમાનસ્વામી પક્ષ છે, જેને ગ્રંથકારશ્રી 'સર્વજ્ઞ' કહે છે. તે પક્ષમાં અસર્વજ્ઞત્વ સ્થાપન કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે – 'વર્ધમાનસ્વામી અસર્વજ્ઞ છે એ અમારી પ્રતિજ્ઞા છે અર્થાત્ અમારું સાધ્ય છે અને તેમાં પુરુષપણું અને વક્તૃપણું છે એ હેતુ છે' અને દેવદત્તની જેમ દૃષ્ટાંત છે. તેથી જેમ દેવદત્ત પુરુષ છે અને વક્તા છે છતાં સર્વજ્ઞ નથી તેમ વર્ધમાનસ્વામી પણ પુરુષ છે, વક્તા છે માટે સર્વજ્ઞ નથી તેમ સિદ્ધ થાય છે. **॥૧૧૬૨॥**

**અવતરણિકા :-**

**अत्राचार्य आह–**

**અવતરણિકાર્થ :-**

**આમાં=વર્ધમાનસ્વામી સર્વજ્ઞ વીતરાગ નથી એ પ્રકારના પૂર્વપક્ષીના અત્યાર સુધીના સ્થાપનમાં, આચાર્ય કહે છે –**

**ગાથા :-**

**जइ णाण जीवधम्मा अणादिमंतो य एत्थ रागादी ।**
**संभवइ तहवि विरहो इह कत्थइ हासभावाओ ।।११६३।।**
**पडिवक्खभावणाओ अणुहवसिद्धो य हासभावो सिं ।**
**थीविग्गहादितत्तं भावयतो होइ भव्वस्स ।।११६४।।**

**છાયા :-**

**यदि नाम जीवधर्मा अनादिमन्तश्चात्र रागादयः ।**
**संभवति तथापि विरह इह कुत्रचिद् हासभावात् ।।११६३।।**

प्रतिपक्षभावनातोऽनुभवसिद्धश्च ह्रासभाव एषाम् ।
स्त्रीविग्रहादितत्त्वं भावयतो भवति भव्यस्य ।।११६४।।

**ગાથાર્થ :-**

**જોકે અહીં=જગતમાં, રાગાદિ જીવધર્મ છે અને અનાદિવાળા છે તો પણ અહીં=જીવમાં, વિરહ સંભવે છે; કેમ કે કોઈક જીવમાં હ્રાસનો સદ્ભાવ છે. ।।૧૧૬૩।।**

**અને 'સિં'=આમનો=રાગાદિ દોષોનો, પ્રતિપક્ષના ભાવનથી હ્રાસભાવ અનુભવસિદ્ધ છે. સ્ત્રીના શરીરાદિના તત્ત્વને ભાવન કરતા ભવ્યને થાય છે=રાગાદિ દોષોનો હ્રાસ થાય છે. ।।૧૧૬૪।।**

**ટીકા :-**

यदि नामात्र-जगति रागादयो दोषा जीवधर्मा अनादिमन्तश्च तथापि तेषां विरहः-सर्वथापगमः संभवति । कुत इत्याह—इह प्रतिपक्षभावनातः कुत्रचित् विरक्तचेतसि पुंसि तेषां रागादीनां ह्रासभावात्-क्षयभावदर्शनात् । न च वाच्यमसौ ह्रासभावोऽसिद्ध इति, यत आह—अनुभवसिद्धश्च एषां-रागादिदोषाणां ह्रासभावः, यतः स्त्रीविग्रहादितत्त्वं-स्त्रीकलेवरादियाथात्म्यं भावयतः कस्यचित् भव्यसत्त्वस्य रागादिह्रासभावो भवत्येव, तथानुभवभावात् ।।११६३-११६४।।

**ટીકાર્થ :-**

यदि ..... तथानुभवभावात् ।। જોકે અહીં=જગતમાં, રાગાદિ દોષો જીવના ધર્મો છે અને અનાદિવાળા છે તો પણ તેઓનો વિરહ=સર્વથા અપગમ, સંભવે છે. કયા કારણથી રાગાદિનો સર્વથા વિરહ સંભવે છે ? એથી કહે છે — અહીં=સંસારમાં, પ્રતિપક્ષભાવનાથી કોઈક વિરક્ત ચિત્તવાળા પુરુષમાં તેઓના=રાગાદિના, હ્રાસનો સદ્ભાવ હોવાથી=ક્ષયના ભાવનું દર્શન હોવાથી, સર્વથા નાશ સંભવે છે, એમ અન્વય છે. અને આ હ્રાસનો સદ્ભાવ અસિદ્ધ છે એ પ્રમાણે ન કહેવું. જે કારણથી કહે છે અને આમના=રાગાદિ દોષોના, હ્રાસનો સદ્ભાવ અનુભવસિદ્ધ છે, જે કારણથી સ્ત્રીના શરીર આદિનું તત્ત્વ=સ્ત્રીક્લેવરાદિનું યથાત્મપણું, ભાવન કરતા કોઈક ભવ્ય જીવના રાગાદિના હ્રાસનો સદ્ભાવ થાય જ છે; કેમ કે તે પ્રકારે અનુભવનો સદ્ભાવ છે. ।।૧૧૬૩-૧૧૬૪।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં પૂર્વપક્ષીએ ગાથા-૧૧૩૮માં કહેલ કે રાગાદિ દોષો જીવના ધર્મો છે અને અનાદિના છે માટે તેનો વિરહ થઈ શકે નહીં, જેમ જીવના જ્ઞાનરૂપ ધર્મનો વિરહ થતો નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – જોકે જગતમાં રાગાદિ દોષો સંસારી જીવોના ધર્મો છે, અનાદિના છે તો પણ રાગાદિ દોષોનો સર્વથા નાશ કોઈક જીવોમાં સંભવી શકે છે. કેવી રીતે સંભવી શકે ? તેથી કહે છે – પ્રતિપક્ષના ભાવનથી વિરક્ત ચિત્તવાળા કોઈક જીવમાં રાગાદિનો હ્રાસ થતો દેખાય છે. વળી, આ રાગાદિનો નાશ અનુભવસિદ્ધ

છે; કેમ કે જે જીવો સ્ત્રીના શરીરના વાસ્તવિક સ્વરૂપનું ભાવન કરે છે તેઓને સ્ત્રીવિષયક રાગ નાશ પામતો દેખાય છે. તે રીતે રાગના સ્થાનભૂત પોતાનો દેહ, ધન, બાહ્ય વૈભવ વગેરે સર્વ વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ વિચારે તો તેના પ્રત્યેનો રાગભાવ વિવેકી જીવોને ક્ષય થતો દેખાય છે. તેથી ક્રમસર રાગ, દ્વેષ નાશ પામતા દેખાય છે, તેના બળથી સર્વથા રાગાદિનો નાશ કોઈક જીવોમાં સંભવે છે તેમ નિર્ણય થાય છે. **॥૧૧૬૩-૧૧૬૪॥**

**અવતરણિકા :-**

**अत्र पर आह—**

**અવતરણિકાર્થ :-**

**અહીં=રાગાદિનો નાશ ભાવ થઈ શકે છે એમ કહ્યું એમાં, પર કહે છે –**

**ગાથા :-**

**जइ नाम हासभावो सव्वाभावम्मि तेसि को हेऊ? ।**
**पडिवक्खभावण च्चिय सम्मं अद्धाविसेसेणं ।।११६५।।**

**છાયા :-**

**यदि नाम ह्रासभावः सर्वाभावे तेषां को हेतुः ?।**
**प्रतिपक्षभावनैव सम्यगद्धाविशेषेण ।।११६५।।**

**ગાથાર્થ :-**

**જોકે હ્રાસનો ભાવ છે, તો પણ તેઓના=રાગાદિના, સર્વ અભાવમાં કોણ હેતુ છે ? અદ્ધા વિશેષથી=કાળવિશેષથી, સમ્યક્ પ્રતિપક્ષની ભાવના જ હેતુ છે. ॥૧૧૬૫॥**

**ટીકા :-**

**यदि नाम प्रतिपक्षभावनावशात् रागादीनां ह्रासभावस्तथापि तेषां-रागादीनां निःशेषतोऽपगमे को हेतुः ? इति वाच्यं । अत्राचार्य आह—प्रतिपक्षभावनैव सम्यक् क्रियमाणा अद्धाविशेषेण ।।११६५।।**

**ટીકાર્થ :-**

**यदि नाम ..... अद्धाविशेषेण ।। જોકે પ્રતિપક્ષના ભાવનના વશથી રાગાદિના હ્રાસનો સદ્ભાવ છે તો પણ તેઓના=રાગાદિના, નિઃશેષથી અપગમમાં કોણ હેતુ છે ? એ પ્રમાણે કહેવું જોઈએ. અહીં= પૂર્વપક્ષીના પ્રશ્નમાં, આચાર્ય કહે છે – અદ્ધાવિશેષથી=કાળવિશેષથી, સમ્યક્ કરાતી પ્રતિપક્ષની ભાવના જ રાગાદિના સંપૂર્ણ હ્રાસનો હેતુ છે, એમ અન્વય છે. ॥૧૧૬૫॥**

**અવતરણિકા :-**

किमत्र प्रमाणमिति चेत् ? उच्यते–

**અવતરણિકાર્થ :-**

આમાં=દીર્ઘકાળ સુધી સમ્યક્ પ્રતિપક્ષની ભાવના જ સંપૂર્ણ રાગાદિના નાશમાં હેતુ છે એ કથનમાં, શું પ્રમાણ છે ? એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે –

**ગાથા :-**

देसक्खयोऽत्थ जेसिं दीसइ सव्वक्खयोऽवि तेसिं तु ।
तद्धेतुपगरिसातो कंचणमलरोगमादीणं ।।११६६।।

**છાયા :-**

देशक्षयोऽत्र येषां दृश्यते सर्वक्षयोऽपि तेषां तु ।
तद्धेतुप्रकर्षतः कंचनमलरोगादीनाम् ।।११६६।।

**ગાથાર્થ :-**

અહીં=જગતમાં, જેઓનો દેશક્ષય દેખાય છે, તેના હેતુના પ્રકર્ષથી તેઓનો સર્વક્ષય પણ થાય છે. જે પ્રમાણે સુવર્ણનો મલ અને રોગાદિનો સર્વ ક્ષય થાય છે. ।।૧૧૬૬।।

**ટીકા :-**

देशक्षयः अत्र-जगति येषां भावानां दृश्यते तेषां सर्वक्षयोऽपि भवति, तद्धेतुप्रकर्षतः-क्षयहेतुप्रकर्षतः सकाशात्, यथा काञ्चनमलरोगादीनाम् । काञ्चनमलादीनां हि क्षारमृत्पुटपाकादिसामग्रीसंपर्कतो देशक्षयदर्शनानन्तरं तत्सामग्रीपरिपाकप्रकर्षवशात् सर्वात्मनापि क्षयो दृष्टस्तद्वद्रागादीनामपीति । प्रयोगश्चायम्-ये यदुपधानापकर्षिणस्ते तदत्यन्तवृद्धौ तदभिभवान्निरन्वयविनाशधर्माणो, यथा–क्षारमृत्पुटपाकाद्युपधानात् काञ्चनमलरोगादयः, प्रतिपक्षभावनावशादपकर्षिणश्च रागादय इति ।।११६६।।

**ટીકાર્થ :-**

देशक्षयः ..... रागादय इति ।। અહીં=જગતમાં, જે ભાવોનો દેશક્ષય દેખાય છે, તેઓનો સર્વક્ષય પણ થાય છે. શેનાથી સર્વક્ષય થાય છે ? તેથી કહે છે – તેના હેતુના પ્રકર્ષથી=ક્ષયના હેતુના પ્રકર્ષથી, સર્વક્ષય થાય છે. જે પ્રમાણે સુવર્ણના મલ અને રોગાદિનો સર્વક્ષય થાય છે. हि=જે કારણથી, સુવર્ણના મલાદિનો ક્ષાર, માટીના પુટપૂર્વક પાકાદિ સામગ્રીના સંપર્કથી દેશક્ષયના દર્શન પછી તેની સામગ્રીના પરિપાકના પ્રકર્ષના વશથી સર્વ પ્રકારે પણ ક્ષય જોવાયો છે, તેની જેમ

**રાગાદિનો પણ ક્ષય જોવાયો છે અને આ પ્રયોગ છે=અનુમાનનો પ્રયોગ છે. જે જેના ઉપધાનથી અપકર્ષી છે=જે વસ્તુના સાંનિધ્યથી હીન થાય છે, તે તેની અત્યંત વૃદ્ધિમાં=તેના અપકર્ષના સાધનની અત્યંત વૃદ્ધિમાં, તેનો અભિભવ થવાથી=રાગાદિનો અભિભવ થવાથી, નિરન્વયવિનાશ ધર્મવાળા છે=જે વિનાશ ફરી પ્રાદુર્ભાવનું કારણ ન બને તેવા નિરન્વયવિનાશધર્મવાળા છે. જે પ્રમાણે ક્ષાર અને માટીના પુટપૂર્વક પાકાદિના ઉપધાનથી કાંચનનો મલ અને રોગાદિ અત્યંત નાશ પામે છે. તે પ્રમાણે પ્રતિપક્ષ ભાવનાના વશથી અપકર્ષી રાગાદિ છે. ॥૧૧૬૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં પૂર્વપક્ષીએ સ્થાપન કરેલું કે 'વીતરાગ કોઈ સંભવી શકે નહીં.' તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે રાગાદિ જીવના ધર્મો હોવા છતાં પ્રતિપક્ષના ભાવનથી તેનો નાશ થઈ શકે છે. ત્યાં પૂર્વપક્ષી શંકા કરે છે કે પ્રતિપક્ષના ભાવનથી રાગાદિનો નાશ થતો દેખાય છે તો પણ સંપૂર્ણ રાગાદિનો નાશ કોઈક જીવોમાં થઈ શકે છે. તેમાં હેતુ શું છે ? તેને ગ્રંથકારશ્રી કહે છે – કોઈ મહાત્મા રાગાદિના નાશ વિષયક તીવ્ર શ્રદ્ધાથી સમ્યક્ પ્રતિપક્ષનું ભાવન દીર્ઘકાળ સુધી કરે તો તે પ્રતિપક્ષના ભાવનથી સંપૂર્ણ રાગાદિનો નાશ કોઈક જીવને થઈ શકે છે. ત્યાં પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે કે વર્તમાનમાં આપણામાં પ્રતિપક્ષના ભાવનથી રાગાદિનો દેશથી ક્ષય થતો દેખાય છે પરંતુ સંપૂર્ણ રાગાદિનો ક્ષય થાય છે, તેમ સ્વીકારવામાં શું પ્રમાણ છે ? તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે, જે ભાવોનો દેશથી ક્ષય થતો દેખાય છે તે ભાવોના ક્ષયના હેતુના પ્રકર્ષથી સર્વક્ષય પણ થાય છે. જેમ ખાણમાંથી નીકળેલો સુવર્ણનો પત્થર મલથી યુક્ત હોય છે અને તેના શોધનની પ્રક્રિયા પ્રમાણે તેમાં યત્ન કરવામાં આવે તો શોધન પ્રક્રિયા દરમિયાન સુવર્ણ થોડું થોડું શુદ્ધ થતું દેખાય છે અને તેના મલક્ષયના હેતુનો પ્રકર્ષ થાય છે ત્યારે તે સુવર્ણ પૂર્ણ શુદ્ધ પણ થાય છે. એ રીતે દેહમાં થયેલા રોગાદિ પણ ઔષધના સેવનથી અલ્પ થતા દેખાય છે અને તે રોગના નાશના હેતુના પ્રકર્ષથી તે રોગનો સંપૂર્ણ નાશ પણ થાય છે, તેમ આત્માના રાગાદિભાવોરૂપ મલિનભાવો પોતાનામાં પ્રતિપક્ષના ભાવનથી દેશથી ક્ષય થતા દેખાય છે અને જેઓએ રાગાદિના ક્ષયના હેતુઓ પ્રકર્ષથી સેવન કર્યું છે તેઓના સંપૂર્ણ રાગાદિનો ક્ષય પણ થાય છે માટે વર્ધમાનસ્વામી આદિને વીતરાગ સ્વીકારવામાં કોઈ બાધ નથી એ પ્રકારનો આચાર્યશ્રીનો આશય છે. **॥૧૧૬૫-૧૧૬૬॥**

**અવતરણિકા :-**

**प्रतिपक्षभावनातो रागादिक्षय इत्युक्तं अतस्तस्या एव प्रतिपक्षभावनाया योग्यो यो भवति तमुपदर्शयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**'પ્રતિપક્ષ ભાવનાથી રાગાદિ ક્ષય થાય છે', એ પ્રમાણે કહેવાયું. આથી તે જ પ્રતિપક્ષ ભાવનાને યોગ્ય જે છે તેને બતાવે છે –**

**ગાથા :-**

**नाणी तवम्मि निरओ चारित्ती भावणाए जोगो त्ति ।**
**सा पुण विचित्तरूवावत्थाभेदेण निद्दिट्ठा ।।११६७।।**

**છાયા :-**

ज्ञानी तपसि निरतश्चारित्री भावनाया योग्य इति ।
सा पुन र्विचित्ररूपावस्थाभेदेन निर्दिष्टा ।।११६७।।

**ગાથાર્થ :-**

**જ્ઞાની, તપમાં નિરત, ચારિત્રી ભાવનાને=પ્રતિપક્ષ ભાવનાને, યોગ્ય છે. તે વળી=રાગાદિની પ્રતિપક્ષ ભાવના વળી, અવસ્થાના ભેદથી વિચિત્રરૂપવાળી નિર્દિષ્ટ છે. ।।૧૧૬૭।।**

**ટીકા :-**

**ज्ञानी-हेयोपादेयवस्तुयाथात्म्यावगमवान्, तपसि-बाह्यान्तरभेदभिन्ने यथाशक्ति निरतः-आसक्तः, चारित्री-सदसत्क्रियाप्रवृत्तिनिवृत्तिलिङ्गगम्यशुभपरिणामविशेषवान्, एष इत्थंभूतो रागादिप्रतिपक्ष-भावनाया योग्यो भवति, नान्यः, तस्य यथाभावनप्रवृत्त्ययोगतस्तस्या मिथ्यारूपत्वात् । सा पुनर्भावना विचित्ररूपाऽवस्थाभेदेन-अप्रमत्तगुणस्थानकाद्यारोहणक्रमेणानेकावस्थाभेदेन निर्दिष्टा-कथिता तीर्थकर-गणधरैरिति ।।११६७।।**

**ટીકાર્થ :-**

**ज्ञानी- ..... तीर्थकरगणधरैरिति ।। જ્ઞાની=હેય-ઉપાદેય વસ્તુના યાથાત્મ્યના અવગમવાળા=આત્માને માટે કયા ભાવો હેય છે ? અને તે ભાવોના ત્યાગ અર્થે કઈ ક્રિયા હેય છે તથા આત્માને માટે કયા ભાવો ઉપાદેય છે અને તે ભાવોને પ્રગટ કરવા માટે કઈ ક્રિયા કયા પ્રકારે સેવવી જોઈએ ? તેના યથાર્થ બોધવાળા જ્ઞાની છે. तपसि=બાહ્ય-અભ્યંતરભેદથી ભિન્ન એવા તપમાં યથાશક્તિ નિરત અર્થાત્ આસક્ત છે. ચારિત્રી=સદ્ અસદ્ ક્રિયાની પ્રવૃત્તિ-નિવૃત્તિ લિંગથી ગમ્ય શુભપરિણામવિશેષવાળા છે. આવા પ્રકારના મહાત્મા રાગાદિ પ્રતિપક્ષ ભાવનાને યોગ્ય છે, બીજા નહીં; કેમ કે તેને યથાભાવનની પ્રવૃત્તિનો અયોગ હોવાથી તેનું=રાગાદિ પ્રતિપક્ષ ભાવનનું, મિથ્યારૂપપણું છે. વળી તે ભાવના વિચિત્ર રૂપવાળી અવસ્થાના ભેદથી=અપ્રમત્ત ગુણસ્થાનકાદિ આરોહણના ક્રમરૂપ અનેક અવસ્થાના ભેદથી, નિર્દિષ્ટ છે=તીર્થંકર-ગણધરો વડે કથિત છે. ।।૧૧૬૭।।**

**ભાવાર્થ :-**

જીવ માત્ર સુખના અર્થી છે અને જીવના પારમાર્થિક સુખની પ્રાપ્તિ માટે જીવને કયા ભાવો હેય છે, કયા ભાવો ઉપાદેય છે અને એ ભાવોના ત્યાગ અર્થે કઈ પ્રવૃત્તિઓનો ત્યાગ આવશ્યક છે અને જીવ માટે

ઉપાદેય ભાવોને પ્રાપ્ત કરવા અર્થે પ્રવૃત્તિ કઈ રીતે સેવવી જોઈએ ? તેનો યથાર્થ બોધ છે, તે જ્ઞાની છે. વળી, આવા જ્ઞાની પણ આત્માના મલિનભાવોને નાશ કરવા અર્થે બાર પ્રકારના તપમાં પોતાની શક્તિને ગોપવ્યા વગર યત્નશીલ હોય તો તે તપસ્વી છે. વળી, તે જ્ઞાની અને તપસ્વી સંયમની સત્ક્રિયામાં પ્રવૃત્તિ અને અસત્ક્રિયામાં નિવૃત્તિ કરનારા હોવાથી શુભપરિણામવિશેષવાળા છે, તે ચારિત્રી છે તેવા જીવો રાગાદિ પ્રતિપક્ષ ભાવનાને યોગ્ય છે. આથી જ તેવા મહાત્માઓ એકાંત સ્થાનમાં બેસીને સર્વજ્ઞના વચનથી આત્માને અત્યંત ભાવન કરીને રાગાદિના પ્રતિપક્ષ ભાવોથી વાસિત કરે છે અને જેઓને વિશેષ બોધ થયો નથી, શક્તિ અનુસાર તપમાં યત્ન કરતા નથી, અપ્રમાદથી ચારિત્રની ક્રિયા કરતા નથી તેઓ એકાંતમાં બેસીને ધ્યાનાદિ દ્વારા રાગાદિ નાશ કરવા યત્ન કરે તો પણ સમ્યક્ ભાવનની પ્રવૃત્તિનો અયોગ હોવાને કારણે તેઓની રાગાદિ પ્રતિપક્ષ ભાવનાનું મિથ્યારૂપપણું છે. વળી, જે જ્ઞાની, તપસ્વી અને ચારિત્રી રાગાદિની પ્રતિપક્ષ ભાવના કરે છે તે ભાવનાઓ અવસ્થાભેદથી અનેક પ્રકારની ભગવાને કહી છે. તેથી એ પ્રાપ્ત થાય કે અપ્રમત્ત ગુણસ્થાનકના આરોહણના ક્રમથી ક્ષપકશ્રેણીની પ્રાપ્તિને અનુકૂળ અનેક અવસ્થાવાળી રાગાદિની પ્રતિપક્ષભાવના છે. **॥૧૧૬૭॥**

**અવતરણિકા :-**

**तदेवं भावनायोग्यं भावनाभेदांश्चाभिधाय सांप्रतं यद् भावयति तद्दर्शयति–**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે ભાવનાના યોગ્યને અને ભાવનાના ભેદોને કહીને=ભાવનાના વિચિત્રરૂપ ભેદોને કહીને, હવે જેને ભાવન કરે છે તેને બતાવે છે –**

**ગાથા :-**

**भावेइ य दोसाणं निदाणमेसो तहा सरूवं च ।**
**विसयं फलं च सम्मं एवं च विरज्जई तेसुं ।।११६८।।**

**છાયા :-**

**भावयति च दोषाणां निदानमेष तथा स्वरूपं च ।**
**विषयं फलं च सम्यग् एवं च विरज्यते तेषु ।।११६८।।**

**ગાથાર્થ :-**

**દોષોના કારણને, સ્વરૂપને, વિષયને અને ફલને આ=ભાવક, સમ્યગ્ભાવન કરે છે અને એ રીતે તેઓમાં=દોષોમાં, વિરક્ત થાય છે. ।।૧૧૬૮।।**

**ટીકા :-**

**भावयति च सम्यगेष-भावको दोषाणां-रागादीनां निदानं तथा स्वरूपं विषयं फलं च प्रतिकलमवदातबुद्धिर्भावयन् तेषु दोषेषु विरज्यते-विरक्तो भवति ।।११६८।।**

**ટીકાર્થ :-**

ભાવયતિ ..... ભવતિ ।। આ=ભાવક, દોષોના=રાગાદિના, નિદાનને=કારણને, રાગાદિના સ્વરૂપને, રાગાદિના વિષયને અને રાગાદિના ફલને સમ્યગ્ ભાવન કરે છે. પ્રતિકલામાં અવદાત બુદ્ધિવાળા=પ્રત્યેક સ્થાનમાં નિર્મળ બુદ્ધિવાળા, ભાવન કરતા ભાવક તે દોષોમાં વિરક્ત થાય છે. ।।૧૧૬૮।।

**અવતરણિકા :-**

तत्र यथा दोषाणां निदानं भाव्यं तथा दर्शयन्नाह—

**અવતરણિકાર્થ :-**

ત્યાં=ભાવક મહાત્મા રાગાદિના નિદાન આદિને ભાવન કરે છે તેમાં, ગ્રંથકારશ્રી જે પ્રમાણે દોષોનું કારણ ભાવ્ય છે તે પ્રમાણે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

जं कुत्सि(च्छि)याणुजोगो पयइविसुद्धस्स चेव जीवस्स ।
एतेसिमो णिदाणं बुहाण न य सुंदरं एयं ।।११६९।।

**છાયા :-**

यत्कुत्सिताणुयोगः प्रकृतिविशुद्धस्यैव जीवस्य ।
एतेषां निदानं बुधानां न च सुंदरमेतत् ।।११६९।।

**ગાથાર્થ :-**

**જે કારણથી પ્રકૃતિવિશુદ્ધ જ જીવનો કુત્સિત અણુયોગ=કુત્સિત કર્મનો સંબંધ, આમનું=રાગાદિ દોષોનું, કારણ છે, (તે કારણથી) બુધ પુરુષોને આ સુંદર નથી જ. ।।૧૧૬૯।।**

**ટીકા :-**

यत्-यस्मादेतेषां रागादिदोषाणां निदानं-कारणं प्रकृतिविशुद्धस्यैव सतो जीवस्य कुत्सिताणुयोगः-कुत्सितकर्मांशसंबन्धस्तस्मात्, न च-नैव बुधानाम्-अवगतवस्तुतत्त्वानां सुन्दरमेतन्निदानमुपेक्षितुमिति गम्यते ।।११६९।।

**ટીકાર્થ :-**

યત્- ..... ગમ્યતે ।। જે કારણથી પ્રકૃતિથી વિશુદ્ધ જ છતા જીવનું કુત્સિત અનુયોગ=કુત્સિત કર્માંશનો સંબંધ, આમનું=રાગાદિ દોષોનું, નિદાન=કારણ, છે. તે કારણથી બુધ પુરુષોને=અવગત વસ્તુતત્ત્વવાળા જીવોને, આ સુંદર નથી=નિદાનની ઉપેક્ષા કરવા માટે યોગ્ય નથી. ।।૧૧૬૯।।

ગાથા :-

रूवंपि संकिलेसोभिस्संगापीतिमादिलिंगो उ ।
परमसुहपच्चणीओ एयंपि असोहणं चेव ।।११७०।।

છાયા :-

रूपमपि संक्लेशोऽभिष्वंगाप्रीत्यादिलिङ्गस्तु ।
परमसुखप्रत्यनीक एतदपि अशोभनमेव ।।११७०।।

ગાથાર્થ :-

અભિષ્વંગ, અપ્રીતિ આદિ લિંગવાળો સંક્લેશ જ રૂપ પણ=રાગાદિનું સ્વરૂપ પણ, પરમસુખનો પ્રત્યનીક છે (તે કારણથી) આ પણ અશોભન જ છે. ||૧૧૭૦||

ટીકા :-

रूपमपि-स्वरूपमपि यस्माद्रागादिदोषाणां संक्लेश एवाभिष्वङ्गाप्रीत्यादिलिङ्गः, तुरवधारणे भिन्नक्रमश्च स च यथास्थानं योजितः, परमसुखप्रत्यनीकः-परमानन्दरूपप्रशमसुखप्रत्यनीकस्तस्मादेतदपि स्वरूपमशोभनमेवेति ।।११७०।।

ટીકાર્થ :-

रूपमपि- ..... शोभनमेवेति ।। જે કારણથી રાગાદિ દોષોનું રૂપ પણ=સ્વરૂપ પણ, અભિષ્વંગ, અપ્રીતિ આદિ લિંગવાળો સંક્લેશ જ છે. 'तु' શબ્દ અવધારણમાં છે અને ભિન્ન ક્રમવાળો છે અને તે યથાસ્થાને યોજિત છે='एव'કાર સંક્લેશ પાસે યોજિત છે. પરમસુખનો પ્રત્યનીક છે=પરમ આનંદરૂપ પ્રશમસુખનો વિરોધી છે. તે કારણથી આ પણ સ્વરૂપ અશોભન જ છે. ||૧૧૭૦||

અવતરણિકા :-

विषयभावनामाह—

અવતરણિકાર્થ :-

વિષય ભાવનાને કહે છે=રાગાદિના વિષયની ભાવનાને કહે છે –

ગાથા :-

विसओ य भंगुरो खलु गुणरहितो तह य तहऽतहारूवो ।
संपत्तिनिप्फलो केवलं तु मूलं अणत्थाणं ।।११७१।।

**છાયા :-**

विषयश्च भङ्गुरः खलु गुणरहितस्तथा च तथाऽतथारूपः ।
संप्राप्तिनिष्फलः केवलं तु मूलमनर्थानाम् ।।११७१।।

**ગાથાર્થ :-**

**વિષય=રાગાદિ દોષોનો વિષય, નિશ્ચિત ભંગુર, ગુણરહિત અને તે પ્રકારે તથાઅતથારૂપ છે=સુંદર, અસુંદરરૂપ છે. સંપ્રાપ્તિ નિષ્ફળ છે પુરુષને કેવલ અનર્થોનું મૂળ જ છે. ।।૧૧૭૧।।**

**ટીકા :-**

**विषयश्च-रागादिदोषाणां स्त्र्यादियौवनादिकः खलु-निश्चितं भङ्गुरः क्षणदृष्टनष्टस्वरूपस्तथा गुणरहितो-रागवत्समारोपितमनोज्ञत्वादिगुणविरहितस्तथाच तथातथारूपो-मनोज्ञामनोज्ञस्वरूपः, तथाहि—य एव विषयो रागवेदनीयोदयवशादभीष्टः प्रतिभात आसीत् स एवेदानीं बुभुक्षादिवेदनीया-क्रान्तमनसोऽनभीष्टः प्रतिभाति । तदुक्तम्—**

'तानेवार्थान् द्विषतस्तानेवार्थान् प्रलीयमानस्य ।
निश्चयतोऽस्यानिष्टं न विद्यते किंचिदिष्टं वा ।।१।।'

**इति, 'संपत्तिनिप्फलो त्ति' संप्राप्तिरिह परत्र च श्रेयोहेतुत्वमधिकृत्य निष्फला यस्य स तथाभूतः, केवलं मूलमेव-कारणमेवानर्थानाम्, तदुक्तम्—**

'रागद्वेषोपहतस्य केवलं कर्मबन्ध एवास्य ।
नान्यः स्वल्पोऽपि गुणोऽस्ति यः परत्रेह च श्रेयान् ।।१।।' **इति ।।११७१।।**

**ટીકાર્થ :-**

विषयश्च- ..... श्रेयान् ।।' इति ।। અને રાગાદિ દોષોનો વિષય સ્ત્રી આદિ, યૌવન આદિ નિશ્ચિત ભંગુર=ક્ષણ દૃષ્ટ નષ્ટ સ્વરૂપવાળો, છે અને ગુણરહિત છે=રાગવાળા પુરુષથી સમારોપિત મનોજ્ઞત્વાદિ ગુણથી વિરહિત છે=રાગાદિવાળા પુરુષોએ સ્વકલ્પનાથી 'આ વિષયો સુંદર છે' ઈત્યાદિ જે ગુણની કલ્પના કરી તેનાથી વિરહિત છે. અને તે પ્રકારે તથાઅતથાસ્વરૂપવાળો છે=મનોજ્ઞ-અમનોજ્ઞ સ્વરૂપવાળો રાગાદિ વિષય છે. તે આ પ્રમાણે — જે જ વિષય રાગવેદનીય ઉદયના વશથી અભીષ્ટ પ્રતિભાસ થયેલ='આ મને અભીષ્ટ છે', એ પ્રકારે પ્રતિભાસમાન થયેલ, તે જ હવે બુભુક્ષાદિ વેદનીયથી અક્રાંતમનવાળા જીવને અનભીષ્ટ પ્રતિભાસમાન થાય છે=ભોગવવાની ઈચ્છાને અનુકૂળ વેદનીય કર્મથી અક્રાંતમનવાળા જીવને અનભીષ્ટ પ્રતિભાસે છે. તે કહેવાયું છે — "તે જ અર્થોને દ્વેષ કરતા, તે જ અર્થોને પ્રીતિ કરતા એવા આ પુરુષને નિશ્ચયથી અનિષ્ટ અથવા કંઈ ઈષ્ટ વિદ્યમાન નથી." અહીં અને પરલોકમાં શ્રેયના હેતુત્વને આશ્રયીને સંપ્રાપ્તિ નિષ્ફળ છે જેને તે તેવા પ્રકારનો છે=સંપ્રાપ્તિ કેવળ

**અનર્થોનું મૂળ જ છે=અનર્થોનું કારણ જ છે, તે કહેવાયું છે.** "રાગ, દ્વેષથી હણાયેલા એવાઆને=જીવને, કેવળ કર્મબંધ જ છે અન્ય સ્વલ્પ પણ ગુણ નથી=વિષયની પ્રાપ્તિથી ગુણ નથી જે=જે ગુણ, આલોકમાં અને પરલોકમાં શ્રેયકારી છે. **॥૧૧૭૧॥**

**ગાથા :-**

**जम्मजरामरणादी विचित्तरूवो फलं तु संसारो ।**
**बुहजणणिव्वेदकरो एसोऽवि तहाविहो चेव ।।११७२।।**

**છાયા :-**

**जन्मजरामरणादि विचित्ररूपः फलं तु संसारः ।**
**बुधजननिर्वेदकर एषोऽपि तथाविध एव ।।११७२।।**

**ગાથાર્થ :-**

**જન્મ, જરા, મરણાદિ વિચિત્રરૂપવાળો સંસાર ફળ=રાગાદિ દોષોનું ફળ, છે. બુધ પુરુષને નિર્વેદનું કારણ છે. (તે કારણથી) આ પણ=રાગાદિના ફળભૂત સંસાર પણ, તેવા પ્રકારનો જ છે=રાગાદિની જેમ અશોભન જ છે. ॥૧૧૭૨॥**

**ટીકા :-**

**रागादिदोषाणां फलं संसारः, स च यस्मात् जन्मजरामरणादिर्विचित्ररूपो बुधजननिर्वेदकरस्तस्मा-देषोऽपि तत्फलभूतस्संसारस्तथाविध एव-अशोभन एव ।।११७२।।**

**ટીકાર્થ :-**

**रागादिदोषाणां ..... एव ।। રાગાદિ દોષોનું ફળ સંસાર છે અને જે કારણથી તે=સંસાર, જન્મ, જરા, મરણાદિ વિચિત્ર રૂપવાળો બુધજનને નિર્વેદને કરનારો છે. તે કારણથી આ પણ=તેના ફળભૂત સંસાર પણ=રાગાદિ દોષોના ફળભૂત સંસાર પણ, તેવા પ્રકારનો જ છે=અશોભન જ છે. ॥૧૧૭૨॥**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે જ્ઞાની આદિ ગુણોવાળા પુરુષ રાગાદિની પ્રતિપક્ષ ભાવનાને યોગ્ય છે. તેથી હવે જ્ઞાનાદિ ગુણોથી યુક્ત પુરુષ રાગાદિ દોષોનું કારણ, સ્વરૂપ, વિષય અને ફળને ભાવન કરે છે. કઈ રીતે ભાવન કરે છે ? તે બતાવતાં કહે છે – દરેક સ્થાનમાં નિર્મળ બુદ્ધિવાળા જીવો તે પ્રકારે ભાવન કરે છે. જેથી તે દોષોમાં વિરક્ત ચિત્તવાળા બને છે. તેથી એ ફલિત થાય કે જ્ઞાનાદિ ગુણોથી યુક્ત પણ પુરુષ અત્યંત નિર્મળ બુદ્ધિને ઉલ્લસિત કર્યા વગર રાગાદિનું ભાવન કરે તો તે ભાવન ભાવનમાત્ર થાય પરંતુ હૈયાને સ્પર્શે નહીં. પણ જે મહાત્મા રાગાદિના કારણાદિ ચારેયના વિષયમાં તેના તાત્પર્યને સ્પર્શે તેવી નિર્મળ બુદ્ધિપૂર્વક રાગાદિ દોષોનું ભાવન કરે તો તે મહાત્મા વિરક્ત થાય છે, અન્યથા તે પુરુષ વિરક્ત

થતા નથી. તે બતાવવા માટે જ કહ્યું કે પ્રતિકલામાં અવદાત બુદ્ધિવાળા ભાવન કરતા મહાત્મા વિરક્ત થાય છે. વળી, તે દોષોનું ભાવન બતાવતાં કહે છે – જીવ પ્રકૃતિથી શુદ્ધ છે, છતાં કુત્સિત કર્મોનો સંબંધ રાગાદિનું કારણ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જીવ પ્રકૃતિથી રાગાદિ ભાવવાળો નથી પરંતુ વીતરાગ જ છે. છતાં આત્મામાં વિકૃતિને આપાદક અજ્ઞાન અને રાગાદિઆપાદક મોહનીયકર્મ છે જેના કારણે જીવમાં રાગાદિ ભાવો થાય છે અને બુધ પુરુષોને શાસ્ત્રવચનના બળથી કે અન્ય કોઈક નિમિત્તના બળથી યથાર્થ બોધ થાય કે રાગાદિ એ જીવની કુત્સિત પ્રકૃતિ છે, સ્વાભાવિક પ્રકૃતિ નથી. તેથી તેઓને તે પ્રકૃતિ સુંદર જણાતી નથી પરંતુ બુધપુરુષો રાગાદિના કારણભૂત કુત્સિત પ્રકૃતિનો વારંવાર વિચાર કરીને તેને દૂર કરવા યત્ન કરે છે.

વળી રાગાદિનું સ્વરૂપ સંક્લેશ છે; કેમ કે રાગ બાહ્ય પદાર્થોમાં સંશ્લેષાત્મક છે અને દ્વેષ અપ્રીતિઆત્મક છે. તેથી જીવોને બાહ્ય પદાર્થોમાં સંશ્લેષ, અપ્રીતિ, શોક આદિ ભાવોરૂપે રાગાદિ વર્તે છે. તેથી સંક્લેશરૂપ રાગાદિનું સ્વરૂપ છે અને પરમ આનંદરૂપ જે પ્રશમનું સુખ છે, તેને નાશ કરનાર આ રાગાદિનું સ્વરૂપ છે માટે અશોભન છે. આ પ્રકારે અવદાત બુદ્ધિથી=નિપુણ બુદ્ધિથી, જેઓ રાગાદિના સ્વરૂપનું ભાવન કરે છે તેઓનું ચિત્ત રાગાદિ દોષોમાં વિરક્ત થાય છે.

વળી, રાગાદિનો વિષય સ્ત્રી આદિ અને યૌવન આદિ છે; કેમ કે વેદમોહનીય કર્મના ઉદયને કારણે જીવને સ્ત્રી પ્રત્યે રાગ થાય છે. બાહ્ય સુંદર આહારાદિ પ્રત્યે રાગ થાય છે અને પોતાનું સુંદર યૌવન જોઈને તેના પ્રત્યે રાગ થાય છે કે સ્ત્રી આદિના યૌવનને જોઈને તેના પ્રત્યે રાગ થાય છે. જે રાગાદિનો વિષય છે અને તે નક્કી ભંગુર છે અને ગુણરહિત છે; કેમ કે સ્ત્રી આદિ કે યૌવન આદિ અશાશ્વત ભાવો છે. તેથી ક્ષણમાં નાશ પામે તેવા છે અને નાશ પામશે ત્યારે જીવને ખેદ, ઉદ્વેગ કરાવે છે. વળી, જે બાહ્ય પદાર્થોમાં રાગ થાય છે તે 'આ પદાર્થ મનોજ્ઞ છે', એ પ્રકારે સ્વબુદ્ધિના આરોપણને કારણે થાય છે. આથી જ જેઓને જે પદાર્થમાં મનોજ્ઞ બુદ્ધિનું આરોપણ થાય છે ત્યાં રાગ થાય છે. તેના તે જ પદાર્થમાં જ્યારે અમનોજ્ઞ બુદ્ધિનું આરોપણ થાય છે, ત્યારે દ્વેષ થાય છે. તેથી સ્વયં રાગાદિના વિષયો ગુણરહિત છે. જીવને સંયોગાનુસાર તે પ્રકારની કલ્પનાને કારણે તે વસ્તુ તેને મનોજ્ઞ-અમનોજ્ઞ જણાય છે.

વળી, તે રાગાદિના વિષયોની સંપ્રાપ્તિ આત્માના શ્રેયના હેતુપણાથી વિચારીએ તો નિષ્ફળ છે; કેમ કે આત્માનું સ્વાસ્થ્ય જ આત્મા માટે શ્રેય છે અને રાગાદિના વિષયની સંપ્રાપ્તિમાં જીવો સ્વાસ્થ્યરહિત થઈને રાગાદિથી આકુળ બને છે અને પરલોકમાં પણ તે રાગાદિના વિષયોની સંપ્રાપ્તિને કારણે હિતને પ્રાપ્ત કરતા નથી. તેથી રાગાદિના વિષયોની પ્રાપ્તિ નિષ્ફળ છે. કેવળ અનર્થોનું કારણ છે. આ પ્રમાણે નિપુણ બુદ્ધિપૂર્વક રાગાદિના વિષયનું જે મહાત્મા ભાવન કરે છે તેઓને રાગાદિ દોષો પ્રત્યે વિરક્ત ચિત્ત થાય છે.

વળી, રાગાદિ દોષોનું ફળ જન્મ, જરા, મરણાદિરૂપ સંસાર છે; કેમ કે રાગાદિ ભાવો બાહ્ય પદાર્થો પ્રત્યે સંશ્લેષ કરાવીને સંસારના પરિભ્રમણના કારણીભૂત કર્મબંધ પ્રાપ્ત કરાવે છે જેનું ફળ વિચિત્ર પ્રકારનું સંસારનું પરિભ્રમણ છે. વળી બુદ્ધિમાન પુરુષોને રાગાદિના ફળભૂત સંસાર અશોભન જ જણાય

છે. માટે બુદ્ધિમાન પુરુષો રાગાદિના નાશ માટે યત્ન કરે છે. આ રીતે નિપુણ પ્રજ્ઞાથી ભાવન કરનારને અવશ્ય રાગાદિ દોષોમાં વિરક્તભાવ થાય છે. **II૧૧૬૮થી ૧૧૭૨II**

**ગાથા :-**

**एते भावेमाणो एएसिं चेव निग्गुणत्तणओ ।**
**एईए पगरिसम्मि विरज्जती सव्वहा तेसु ।।११७३।।**

**છાયા :-**

**एतानि भावयन् एतेषामेव निर्गुणत्वतः ।**
**एतस्याः प्रकर्षे विरज्यते सर्वथा तेषु ।।११७३।।**

**ગાથાર્થ :-**

**આને=નિદાનાદિને, ભાવન કરતા મહાત્મા આમના જ=રાગાદિના જ, નિર્ગુણપણાને કારણે આમનો=ભાવનાઓનો, પ્રકર્ષ થયે છતે, તેઓમાં=રાગાદિમાં, સર્વથા વિરક્ત થાય છે. ।।૧૧૭૩।।**

**ટીકા :-**

**एतानि-निदानस्वरूपविषयफलानि प्राकृतत्वात्पुंस्त्वनिर्देशः उक्तेन प्रकारेण भावयन् एतेषां तत्त्वेन निर्गुणत्वतस्तस्याः भावनायाः प्रकर्षे सति सर्वेष्वेतेषु रागादिषु सर्वथा विरज्यते-विरक्तो भवतीति ।।११७३।।**

**ટીકાર્થ :-**

**एतानि- ..... भवतीति ।। આમના=રાગાદિના, આને=નિદાન, સ્વરૂપ, વિષય અને ફળોને, ઉક્ત પ્રકારથી ભાવન કરતા મહાત્મા તત્ત્વથી નિર્ગુણપણું હોવાને કારણે=રાગાદિનું પરમાર્થથી આત્માને અનુપકારીપણું હોવાને કારણે, તે ભાવનાઓનો પ્રકર્ષ થયે છતે=નિદાન આદિ ચારેય વિષયક ભાવનાઓનો પ્રકર્ષ થયે છતે, સર્વ એવા આ રાગાદિમાં સર્વથા વિરક્ત થાય છે=ભાવના કરનાર મહાત્મા સર્વથા વિરક્ત થાય છે. પ્રાકૃતપણું હોવાને કારણે, 'एतानि' રૂપ નપુંસકલિંગને બદલે ગાથામાં 'एते' એ પ્રકારે પુંલિંગનો નિર્દેશ છે. ।।૧૧૭૩।।**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્માને રાગાદિ ભાવો સંસારની સર્વ વિડંબનાનું કારણ છે તે પ્રકારે શાસ્ત્રવચન, યુક્તિ અને સ્વઅનુભવથી જણાય. તેથી સંસારની વિડંબનાના ઉચ્છેદના અર્થી તે મહાત્મા રાગાદિના ઉચ્છેદના અર્થી બને છે. તેથી પૂર્વની ગાથામાં વર્ણન કર્યું એ પ્રકારે તે મહાત્મા પોતાની બુદ્ધિને અત્યંત સ્પર્શે તે રીતે રાગાદિનાં કારણો, રાગાદિનું સ્વરૂપ, રાગાદિના વિષય અને રાગાદિના ફળનું ભાવન કરે છે જેનાથી તે મહાત્માને તે રાગાદિ ભાવો પરમાર્થથી નિર્ગુણ જણાય છે અને પરમાર્થથી રાગાદિ ભાવો આત્માને કોઈ

ગુણ કરનાર નહીં હોવાને કારણે તે મહાત્માને ભાવનાનો પ્રકર્ષ થાય ત્યારે રાગાદિની નિર્ગુણતાનો બોધ અત્યંત સ્પષ્ટ થાય છે જેના કારણે રાગાદિમાં તેમનું ચિત્ત સર્વથા વિરક્ત થાય છે. તેથી રાગાદિમાં વિરક્ત થયેલા તે મહાત્મા સુખપૂર્વક તેનો ઉચ્છેદ કરી શકે છે. **॥૧૧૭૩॥**

**અવતરણિકા :-**

भावनामेव प्रकारान्तरेणाह—

**અવતરણિકાર્થ :-**

ભાવનાને જ પ્રકારાંતરથી કહે છે –

**ગાથા :-**

**नाणादिगाऽहवेसा सव्वच्चिय तेसि खयनिमित्ता उ ।**
**पडिवक्खभावणा खलु परमगुरूहिं जतो भणियं ।।११७४।।**

**છાયા :-**

ज्ञानादिकाऽथवैषा सर्वैव तेषां क्षयनिमित्ता तु ।
प्रतिपक्षभावना खलु परमगुरुभिर्यतो भणितम् ।।११७४।।

**ગાથાર્થ :-**

તેઓના ક્ષય નિમિત્તવાળી સર્વ જ જ્ઞાનાદિરૂપ પ્રતિપક્ષ ભાવના ખરેખર જાણવી. જે કારણથી પરમગુરુઓ વડે કહેવાયું છે. ।।૧૧૭૪।।

**ટીકા :-**

अथवा एषा प्रतिपक्षभावना तेषां-रागदिदोषाणां क्षयनिमित्तभूता सर्वैव ज्ञानादिका-ज्ञानादिस्वरूपा (प्रतिपक्षभावना) खलु बोद्धव्या, यतो-यस्मात्परमगुरुभिरर्हद्भिर्भणितम् ।।११७४।।

**ટીકાર્થ :-**

अथवा ..... भणितम् ।। અથવા આ પ્રતિપક્ષ ભાવના તેઓના=રાગાદિ દોષોના, ક્ષયનિમિત્તભૂત છે. કઈ પ્રતિપક્ષ ભાવના રાગાદિના ક્ષયમાં નિમિત્તભૂત છે ? તેથી કહે છે, સર્વ જ જ્ઞાનાદિ સ્વરૂપવાળી પ્રતિપક્ષ ભાવના જાણવી. જે કારણથી પરમગુરુ વડે=અરિહંતો વડે કહેવાયું છે. ।।૧૧૭૪।।

**અવતરણિકા :-**

किं तदित्याह—

**અવતરણિકાર્થ :-**

શું તે=પરમગુરુ વડે શું તે, કહેવાયું છે ? એથી કહે છે –

ગાથા :-

नाणं पगासगं सोहओ तवो संजमो य गुत्तिकरो ।
तिण्हंपि समायोगे मोक्खो जिणसासणे भणिओ ।।११७५।।

છાયા :-

ज्ञानं प्रकाशकं शोधकं तपः संयमश्च गुप्तिकरः ।
त्रयाणामपि समायोगे मोक्षो जिनशासने भणितः ।।११७५।।

ગાથાર્થ :-

જ્ઞાન પ્રકાશક, તપ શોધક અને સંયમ ગુપ્તિકર છે. ત્રણેયના પણ સમાયોગમાં મોક્ષ જિનશાસનમાં કહેવાયો છે. ।।૧૧૭૫।।

ટીકા :-

अस्य व्याख्या—इह यथा कचवरसमन्वितमहागृहशोधने प्रदीपादीनां पृथग्व्यापारस्तद्वज्जीवगृहकर्मकचवरशोधने ज्ञानादीनाम् । तत्र ज्ञायतेऽर्थोऽनेनेति ज्ञानं, तच्च प्रकाशकं, प्रकाशकत्वेन ज्ञानमुपकुरुते गृहमलापनयने प्रदीपवदिति भावः । तथा शोधयतीति शोधकं, किं तदित्याह—'तपः' तापयति अनेकभवोपात्तमष्टविधं कर्मेति तपः, तच्च शोधकत्वेनोपकुरुते, गृहशोधने कर्म्मकरपुरुषवत् । संयमनं संयम-आश्रवद्वारविरमणं चशब्दः पृथक् ज्ञानादीनां विवक्षितफलसिद्धौ भिन्नोपकारकारित्वावधारणार्थः, गोपनं गुप्तिः-कर्म्मकचवरागमनिरोधस्तत्करणशीलो गुप्तिकरः, संयमोऽपि कर्मकचवरागमनिरोधकरणेनोपकुरुते इति भावः, गृहशोधने पवनप्रेरितकचवरागमनिरोधकरणेन वातायनादिस्थगनवदितियावत् । उक्तं च—

'ज्ञानं सुमार्गदीपं सम्यक्त्वं तदपराङ्मुखत्वाय ।
चारित्रमाश्रवघ्नं क्षपयति कर्माणि तु तपोऽग्निः ।।१।। '

इति, एवं त्रयाणामेव अपिशब्दोऽवधारणे, अथवा संभावने, किं संभावयति?, त्रयाणामपि ज्ञानादीनां क्षायिकाणां नतु क्षायोपशमिकादीनामिति समायोगे-संयोगे मोक्षः-सकलकर्म्ममलविकलतालक्षणो जिनशासने भणितः-प्रतिपादितः । नन्वेवं तर्हि 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग्ग' इत्यागमो विरुध्यते, सम्यग्दर्शनमन्तरेणापि उक्तलक्षणज्ञानादिद्वयादेव मोक्षप्रतिपादनात्, न विरुध्यते, सम्यग्दर्शनस्य ज्ञानान्तर्भावात्, तदन्तरेण ज्ञानस्य ज्ञानत्वस्यैवायोगादिति ।।११७५।।

ટીકાર્થ :-

अस्य व्याख्या ..... योगादिति ।। આની વ્યાખ્યા=પ્રસ્તુત ગાથાની વ્યાખ્યા, અહીં=સંસારમાં, જે

પ્રકારે અતિ કચરાથી સમન્વિત મહાગૃહના શોધનમાં, પ્રદીપ આદિનો પૃથગ્ વ્યાપાર છે=પ્રદીપ, દ્વારનું સ્થગન અને કચરો કાઢવાની ક્રિયા તેનો પૃથગ્ વ્યાપાર છે, તેની જેમ જીવરૂપી ગૃહમાં કર્મરૂપી કચરાના શોધનમાં, જ્ઞાનાદિનો=જ્ઞાન, તપ અને સંયમનો, પૃથગ્ વ્યાપાર છે. ત્યાં=જ્ઞાનાદિ ત્રણમાં, આના વડે અર્થ જણાય છે=આત્મામાં વર્તતા કાષાયિક ભાવોરૂપ અર્થ અને આત્મામાં વર્તતા કાષાયિક ભાવોના અભાવરૂપ અર્થ અને તેને ઉપષ્ટંભક જગતના પદાર્થોની વ્યવસ્થારૂપ અર્થ આના વડે જણાય છે, એ જ્ઞાન છે, અને તે=જ્ઞાન, પ્રકાશક છે. પ્રકાશકપણા વડે જ્ઞાન, ગૃહમાં રહેલા મલને દૂર કરવામાં પ્રદીપની જેમ ઉપકાર કરે છે. એ પ્રકારનો ભાવ છે. અને શોધન કરે છે એ શોધક છે, ઘરમાં રહેલા કચરાને દૂર કરવાનું સાધન ગૃહમલનું શોધન કરે છે, તે પ્રસ્તુતમાં શું છે ? એથી કહે છે – તપ છે. અનેક ભવથી ગ્રહણ કરાયેલા આઠ પ્રકારના કર્મમલને તપાવે છે=દૂર કરે છે, એ તપ છે, અને તે=તપ શોધકપણાથી ઉપકાર કરે છે, ઘરના શોધનમાં કર્મકર પુરુષની જેમ. સંયમન સંયમ છે=આત્માની પાંચ ઇન્દ્રિયો ઉપર નિયંત્રણ સંયમ છે=આશ્રવદ્વારનું વિરમણ છે=પાંચ ઇન્દ્રિયો કર્મના આગમનનું દ્વાર છે તેને સ્થગન કરવા સ્વરૂપ છે. 'च' શબ્દ પૃથગ્ જ્ઞાનાદિના વિવક્ષિત ફલસિદ્ધિમાં ભિન્ન ઉપકારિત્વના અવધારણ અર્થવાળું છે. ગોપન ગુપ્તિ છે=કર્મરૂપી કચરાના આગમનનો નિરોધ, તેના કરવાના સ્વભાવવાળો ગુપ્તિકર છે. 'સંયમ પણ કર્મરૂપી કચરાના આગમનના નિરોધના કરણ વડે ઉપકાર કરે છે', એ પ્રકારનો ભાવ છે. ગૃહના શોધનમાં પવનથી પ્રેરિત કચરાના આગમનના નિરોધના કરણથી ગવાક્ષ આદિના સ્થગનની જેમ સંયમ ગુપ્તિકર છે. એ પ્રકારનો અર્થ છે. અને કહેવાયું છે – "જ્ઞાન સુમાર્ગનું દીપક છે. તેનાથી અપરાંગમુખપણા માટે સમ્યક્ત્વ છે. ચારિત્ર આશ્રવને નાશ કરનારું છે. વળી, તપરૂપી અગ્નિ કર્મોનો નાશ કરે છે", આ રીતે ત્રણેયના જ સમાયોગમાં=સંયોગમાં, સકલ કર્મમલની વિકલતાલક્ષણ મોક્ષ જિનશાસનમાં કહેવાયું છે=પ્રતિપાદન કરાયું છે. 'त्रयाणामपि'માં રહેલ 'अपि' શબ્દ અવધારણમાં છે અર્થાત્ 'एवकार' અર્થમાં છે અથવા 'अपि' શબ્દ સંભાવનામાં છે. શું સંભાવના કરે છે ? એથી કહે છે – ત્રણેય પણ ક્ષાયિક એવા જ્ઞાનાદીઓનો સમાયોગમાં મોક્ષ છે, પરંતુ ક્ષાયોપશમિકાદિ જ્ઞાનાદીઓના સમાયોગમાં મોક્ષ નથી. 'ननु'થી શંકા કરે છે. આ રીતે=જ્ઞાન, તપ અને સંયમ ત્રણથી મોક્ષ છે એમ કહ્યું એ રીતે તો "સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષમાર્ગ છે" એ આગમનો વિરોધ પામે છે; કેમ કે સમ્યગ્દર્શન વગર પણ ઉક્ત લક્ષણ જ્ઞાનાદિ દ્વયથી જ=જ્ઞાન અને તપ-સંયમરૂપ ચારિત્રથી જ, મોક્ષનું પ્રતિપાદન છે. તેનો ઉત્તર આપે છે – વિરોધ પામતું નથી=રત્નત્રયીને મોક્ષમાર્ગ કહેનાર આગમ જ્ઞાન, તપ અને સંયમથી મોક્ષ કહેનાર વચન સાથે વિરોધ પામતું નથી; કેમ કે સમ્યગ્દર્શનનો જ્ઞાનમાં અંતર્ભાવ છે. કેમ સમ્યગ્દર્શનનો જ્ઞાનમાં અંતર્ભાવ છે ? તેમાં હેતુ કહે છે – તેના વગર=સમ્યગ્દર્શન વગર, જ્ઞાનના જ્ઞાનપણાનો જ અયોગ છે. ॥૧૧૭૫॥

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે રાગાદિના નાશનો ઉપાય રાગના નિદાનાદિ ચારના સ્વરૂપના ચિંતવનથી થાય છે. તેથી

જેઓ નિપુણતાપૂર્વક રાગાદિનું કારણ, રાગાદિનું સ્વરૂપ, રાગાદિનો વિષય અને રાગાદિનું ફળ, સમ્યક્ ભાવન કરે છે તેનાથી તેઓને રાગાદિની અનર્થકારિતાનો સૂક્ષ્મ બોધ થાય છે અને જે વસ્તુ પોતાને અનર્થકારી હોય તેના પ્રત્યે દ્વેષ થાય છે. તેનાથી તે વસ્તુ ચિત્તની પરિણતિમાંથી ક્રમસર દૂર થાય છે. તેથી રાગાદિના વિનાશનો ઉપાય રાગાદિના કારણાદિનું સમ્યગ્ ભાવન છે. હવે રાગાદિના ક્ષય માટે અન્ય પ્રકારે પણ ભાવના છે. તે 'અથવા'થી બતાવે છે.

જ્ઞાન, તપ અને સંયમ ત્રણેયનું સ્વરૂપ સમ્યગ્ ભાવન કરવામાં આવે તો, રાગાદિનો ક્રમસર નાશ થાય છે. કેમ, જ્ઞાનાદિના સ્વરૂપના ભાવનથી રાગાદિનો નાશ થાય છે ? તેમાં યુક્તિ આપે છે – પરમગુરુ એવા ભગવાને કહ્યું છે. શું કહ્યું છે ? તે બતાવે છે – જેમ કોઈક ઘરમાં કચરો ભરાયેલો હોય તો તે ઘરમાં નિવાસ થઈ શકે નહીં તેમ આત્મામાં કર્મરૂપી કચરો ભરાયેલો છે, તેથી આત્મા પોતાના મૂળ સ્વભાવરૂપ ઘરમાં નિવાસ કરી શકતો નથી. તેથી સુખનો અર્થી જીવ બહારના પદાર્થોમાં સંશ્લેષ પામીને સુખ માટે યત્ન કરે છે. પોતાના આત્માના સ્વરૂપ રૂપ ગૃહમાં નિવાસ કરવા સમર્થ થતો નથી. તેથી જેમ તે ગૃહને શોધન કરવામાં આવે તો તે ગૃહમાં નિવાસ થઈ શકે છે તેમ જેઓએ આત્મરૂપ ગૃહનું શોધન કર્યું છે તેવા સિદ્ધ ભગવંતો પોતાના આત્મરૂપી ગૃહમાં નિવાસ કરીને સદા સુખી વર્તે છે. વળી, તે ઘરને શોધન કરવા માટે ત્રણ પ્રવૃત્તિ આવશ્યક છે – તે ઘરમાં ગાઢ અંધકાર હોય તો પ્રદીપાદિનો પ્રકાશ આવશ્યક બને છે. ત્યાર પછી જે ગવાક્ષાદિમાંથી ગૃહમાં સતત કચરો આવે છે તે ગવાક્ષાદિનાં દ્વારો સ્થગન કરવામાં આવે તો નવો કચરો તે ઘરમાં આવે નહીં અને કર્મકર પુરુષ ગૃહમાં રહેલા કચરાનું શોધન કરે તો તે ગૃહ શુદ્ધ થાય. તેથી ગૃહના શોધન માટે દીવો, કચરાના આગમનાં દ્વારોનું સ્થગન અને કર્મકર પુરુષની શોધનની ક્રિયા તે ત્રણેથી તે ગૃહ નિવાસસ્થાનને યોગ્ય બને છે. તેમ સમ્યગ્જ્ઞાન સંસારના વાસ્તવિક સ્વરૂપનું પ્રકાશન કરે છે, મોક્ષના વાસ્તવિક સ્વરૂપનું પ્રકાશન કરે છે, સંસારના પરિભ્રમણની કદર્થનાના કારણભૂત અધ્યવસાયાદિનું સમ્યક્ પ્રકાશન કરે છે, મોક્ષની પ્રાપ્તિના કારણીભૂત અધ્યવસાયાદિનું સમ્યક્ પ્રકાશન કરે છે, જે જ્ઞાનની પ્રાપ્તિથી યોગ્ય જીવને સંસાર ચારગતિની વિડંબના સ્વરૂપ જણાય છે અને તેની નિષ્પત્તિનાં કારણોના યથાર્થ સ્વરૂપનો બોધ થાય છે. તેથી તે જીવો સંસારની પ્રાપ્તિના કારણીભૂત કર્મના આગમનાં દ્વારોના સ્થગનના અર્થી બને છે અને સમ્યગ્જ્ઞાનને કારણે કઈ રીતે તે દ્વારોનું સ્થગન કરવું તેના બોધવાળા બને છે અને આત્મામાં વર્તતા કર્મરૂપી કચરાથી જ આત્મા મલિન થયેલો છે તેથી પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી તેવો બોધ સમ્યગ્જ્ઞાન કરાવે છે. એટલું જ નહીં પણ આત્મામાં રહેલા કર્મરૂપી કચરાને કાઢવા માટે કઈ રીતે નિપુણતાપૂર્વક યત્ન કરવો જોઈએ ? તેનો બોધ પણ સમ્યગ્જ્ઞાન કરાવે છે. તેથી જેઓને ભગવાનના વચનાનુસાર સમ્યગ્જ્ઞાન પ્રગટે છે તેઓ બહારના ભટકવાનાં તુચ્છ સુખોના પૂર્વમાં અર્થી હતા, તે હવે સમ્યગ્જ્ઞાનને કારણે પારમાર્થિક આત્માના સ્વાસ્થ્યના સુખના અર્થી બને છે. તેથી પારમાર્થિક સુખના અર્થી એવા તેઓ સમ્યગ્જ્ઞાનના બળથી પાંચ ઇન્દ્રિયો અને મનરૂપ કર્મઆગમનનાં દ્વારોને સ્થગન કરે છે. જેથી ગુપ્તિના પરિણામરૂપ સંયમને પ્રાપ્ત કરે છે અને ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થયેલા હોવાથી નવા કચરાનો આગમન બંધ થાય છે. વળી, આત્મામાં રહેલાં કર્મોને અકષાયભાવને

સ્પર્શનાર સૂક્ષ્મ જ્ઞાનના ઉપયોગસ્વરૂપ તપથી કર્મોને બાળે છે અર્થાત્ જેમ કર્મકર પુરુષ ઘરમાં રહેલા કચરાને અગ્નિથી બાળીને ભસ્મ કરે છે તેમ તપરૂપી અગ્નિથી તે મહાત્મા અનેક ભવોથી સંચિત આઠ પ્રકારનાં કર્મોને ભસ્મ કરે છે. આ રીતે સમ્યગ્જ્ઞાન, ત્રણ ગુપ્તિરૂપ સંવર અને કર્મના બાળવાનું કારણ એવો નિર્મળ તપ, એ ત્રણેય પ્રકર્ષવાળા થાય છે ત્યારે સર્વ કર્મોનો નાશ કરીને જીવ પોતાના આત્મસ્વરૂપ ગૃહમાં સદા નિવાસ કરીને સર્વ પ્રકારના બાહ્ય ઉપદ્રવોથી રહિત થઈને સુખે વર્તે છે.

અહીં વિશેષ એ છે કે જીવ જ્ઞાનના ઉપયોગ સ્વરૂપ છે. છદ્મસ્થ અવસ્થામાં મતિ આદિ ચાર જ્ઞાનોમાંથી કોઈક જ્ઞાનનો ઉપયોગ વર્તે છે અને જેઓને અવધિજ્ઞાન કે મનઃપર્યવ જ્ઞાન પ્રગટ્યું નથી તેઓનો સદા મતિજ્ઞાનનો ઉપયોગ પ્રવર્તે છે અને શ્રુત અધ્યયન કરે છે ત્યારે તે જીવની મતિ જિનવચનાનુસાર શ્રુતથી પરિકર્મિત બને છે જે મતિના બળથી તેઓ સંસારની સર્વ વ્યવસ્થાને યથાર્થ જાણે છે અને જેઓને તે પ્રકારનો બોધ થયો નથી તેઓમાં જે મતિજ્ઞાનનો બોધ છે તે બાહ્ય પદાર્થોને અવલંબીને સદા પ્રવર્તે છે અને 'બાહ્ય આ પદાર્થો મને ઇષ્ટ છે, બાહ્ય આ પદાર્થો મને અનિષ્ટ છે' ઇત્યાદિ ભાવો કરીને મતિજ્ઞાનના જ ક્લિષ્ટભાવના બળથી જ સંસારના ચક્રમાં તેઓ પરિભ્રમણ કરે છે અને જ્યારે કંઈક કર્મમલની અલ્પતા થાય છે ત્યારે જિનવચનના શ્રવણાદિથી નિર્મળ મતિવાળા તે જીવો આત્મહિતમાં પ્રવર્તે છે ત્યારે તેઓનો મતિજ્ઞાનનો ઉપયોગ જ જિનવચનાનુસાર તત્ત્વને જોનાર બને છે. તેથી તેઓ પોતાના મતિજ્ઞાનને જ વિષયોના સંશ્લેષથી સંવૃત કરીને ત્રણ ગુપ્તિમાં પ્રવર્તાવે છે. જેથી તેઓનો મતિજ્ઞાનનો ઉપયોગ બાહ્ય પદાર્થોને આશ્રયીને જે સંશ્લેષભાવને પામતો હતો તે સંવરના પરિણામવાળો મતિજ્ઞાનનો ઉપયોગ થવાથી સંયમરૂપ બને છે અને તે સંવરના પરિણામની નિષ્પત્તિના અર્થે તે મહાત્મા સંયમની સર્વ ક્રિયાઓ દૃઢ ઉપયોગપૂર્વક કરે છે જેથી તેઓનો મતિજ્ઞાનનો ઉપયોગ બાહ્ય પદાર્થો પ્રત્યે જે પૂર્વમાં સંશ્લેષ પામતો હતો તેનો નિરોધ થાય છે. વળી, તે મહાત્માનો મતિજ્ઞાનનો ઉપયોગ જ યથાયોગ્ય બાર પ્રકારના તપના બળથી આત્માના વીતરાગભાવને અભિમુખ તીક્ષ્ણતાપૂર્વક ગમન કરે છે જેના બળથી ઘણાં કર્મોનો નાશ થાય છે; કેમ કે સંશ્લેષના ભાવથી જે કર્મ બંધાયાં હતાં તે અસંશ્લેષ ભાવ તરફ પ્રવર્તતા મતિજ્ઞાનના ઉપયોગથી ક્ષયને પામે છે. આ રીતે તીક્ષ્ણ મતિજ્ઞાનનો ઉપયોગ જ સર્વ કર્મોનો નાશ કરીને કેવલજ્ઞાન સ્વરૂપે પરિણમન પામે છે અને અવીતરાગભાવના પૂર્વના સંશ્લેષનો નાશ કરીને વીતરાગભાવરૂપે મતિજ્ઞાનનો ઉપયોગ પરિણમન પામે છે. તેથી એક જ મતિજ્ઞાનનો ઉપયોગ બોધઅંશને આશ્રયીને જ્ઞાન સ્વરૂપ છે. બાહ્ય પદાર્થોથી અસંશ્લેષને અભિમુખ પ્રવર્તતો તે મતિજ્ઞાનનો ઉપયોગ સંવરરૂપ છે અને તીક્ષ્ણતાથી વીતરાગભાવ તરફ ગતિ કરતો મતિજ્ઞાનનો ઉપયોગ તપસ્વરૂપ છે અને આ ત્રણ ભાવો પ્રથમ ભૂમિકાના ક્ષયોપશમભાવના હોય છે અને જ્યારે વીતરાગ સર્વજ્ઞ બને છે ત્યારે પૂર્વનો ક્ષયોપશમભાવરૂપ મતિજ્ઞાનનો ઉપયોગ જ ક્ષાયિકભાવ એવા કેવલજ્ઞાનરૂપ બને છે અને યોગનિરોધ કરે છે ત્યારે તે તપ-સંયમ પણ પરાકાષ્ઠાને પામે છે જેનાથી સર્વ કર્મોનો નાશ થાય છે તેથી જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે. માટે રાગાદિના નાશનો ઉપાય જ્ઞાન, તપ, સંયમમાં યત્ન છે તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. **॥૧૧૭૪-૧૧૭૫॥**

**અવતરણિકા :-**

**अथ कथमेषा ज्ञानादिका भावना रागादिप्रतिपक्षभूतेत्यत आह—**

**અવતરણિકાર્થ :-**

**હવે, આ જ્ઞાનાદિ ભાવના કેવી રીતે રાગાદિના પ્રતિપક્ષભૂત છે ? આથી કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૧૧૭૪ અને ગાથા-૧૧૭૫માં બતાવ્યું એ રાગાદિના પ્રતિપક્ષભૂત જ્ઞાનાદિ ભાવનાઓ છે એમ પૂર્વમાં કહ્યું. ત્યાં શંકા થાય કે આ જ્ઞાનાદિ ભાવનાઓ રાગાદિના નાશનું કારણ બને એવી પ્રતિપક્ષભૂત ભાવના છે એ કેવી રીતે નક્કી થાય ? તેથી એને જ સ્પષ્ટ કરે છે-

**ગાથા :-**

**अन्नाणादिनिमित्तं जं कम्मं तस्स भेदजोगाओ ।**
**ते होंति जं ततो सिं जुज्जइ एमेव खवणं तु ।।११७६।।**

**છાયા :-**

अज्ञानादिनिमित्तं यत् कर्म तस्य भेदयोगात् ।
ते भवन्ति यत् तत एतेषां युज्यते एवमेव क्षपणं तु ।।११७६।।

**ગાથાર્થ :-**

**જે કારણથી અજ્ઞાનાદિ નિમિત્ત જે કર્મ તેના ભેદના યોગથી તે રાગાદિ થાય છે, તે કારણથી આ રીતે જ=જ્ઞાનાદિ ત્રણની ભાવના કરાય એ રીતે જ, 'सिं'=આમનું=રાગાદિ દોષોનું, ક્ષપણ ઘટે છે. ।।૧૧૭૬।।**

**ટીકા :-**

**अज्ञानादिनिमित्तं यत् कर्म-मोहनीयादि तस्य ये भेदा-लोभमोहनीयादयः तद्योगात्-तत्संबन्धतो यत्-यस्मात्ते-रागादयो दोषा भवन्ति ततः-तस्मादेतेषां-रागादिदोषाणां क्षपणमेवमेव-ज्ञानादिभावनारूपेणैव प्रकारेण युज्यते ।।११७६।।**

**ટીકાર્થ :-**

**अज्ञानादिनिमित्तं ..... युज्यते ।। જે કારણથી અજ્ઞાનાદિ નિમિત્ત મોહનીયાદિ જે કર્મ, તેના જે લોભ મોહનીયાદિ ભેદો તેના યોગથી=તેના સંબંધથી, તે રાગાદિ દોષો થાય છે તે કારણથી આ રાગાદિ દોષોનું ક્ષપણ=વિનાશ, આ રીતે જ=જ્ઞાનાદિ ભાવના સ્વરૂપ જ પ્રકારથી ઘટે છે. ।।૧૧૭૬।।**

**અવતરણિકા :-**

एतदेव स्पष्टतरं भावयति–

**અવતરણિકાર્થ :-**

આને જ=પૂર્વ ગાથામાં કહ્યું કે અજ્ઞાન નિમિત્તે કર્મ બંધાય છે અને તેનાથી રાગાદિ દોષો થાય છે તે કારણથી તેઓના નાશનો ઉપાય જ્ઞાનાદિ ભાવના છે એને જ, સ્પષ્ટતર ભાવન કરે છે=બતાવે છે –

**ગાથા :-**

बंधइ जहेव कम्मं अन्नाणादीहिं कलुसियमणो तु ।
तह चेव तव्विवक्खे सहावतो मुच्चति तेणं ।।११७७।।

**છાયા :-**

बध्नाति यथैव कर्माज्ञानादिभिः कलुषितमनास्तु ।
तथैव तद्विपक्षे स्वभावतो मुच्यते तेन ।।११७७।।

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે જ અજ્ઞાનાદિથી કલુષિત મનવાળો જીવ કર્મને બાંધે છે, એ પ્રકારે જ તેનો વિપક્ષ હોતે છતે=અજ્ઞાનાદિનો વિપક્ષ હોતે છતે, સ્વભાવથી તેના વડે=કર્મ વડે, મુકાય છે. ।।૧૧૭૭।।**

**ટીકા :-**

**यथैवाज्ञानादिभिः कलुषितमनाः सन् जीवः कर्म्म-ज्ञानावरणीयादि बध्नाति तथैव तद्विपक्षे-ज्ञानादिसद्भावरूपे सति स्वभावतस्तेन कर्मणा मुच्यते, न हि कारणोच्छित्तावपि कार्यस्योद्भवो भवति, निर्हेतुकत्वप्रसङ्गात्, अज्ञानादिनिमित्तं च कर्म, ज्ञानादि चाज्ञानादिप्रतिपक्षभूतं, ततो ज्ञानादि-नैरन्तर्याभ्यासवशतो निर्मूलत एवाज्ञानादिव्यवच्छित्तौ कुतस्तन्निमित्तकर्मसंबन्धसंभवो? येन तदुदय-निबन्धना रागादयो दोषा भवेयुरिति ज्ञानादिरूपा भावना रागादिप्रतिपक्षभूतेति स्थितम् ।।११७७।।**

**ટીકાર્થ :-**

यथैवाज्ञानादिभिः ..... स्थितम् ।। જે પ્રમાણે જ અજ્ઞાનાદિથી કલુષિત મનવાળો છતો જીવ જ્ઞાનાવરણીયાદિ કર્મોને બાંધે છે તે પ્રકારે જ તેનો વિપક્ષ હોતે છતે=જ્ઞાનાદિના સદ્ભાવરૂપ અજ્ઞાનાદિનો વિપક્ષ હોતે છતે, સ્વભાવથી=અકલુષિત મનવાળા સ્વભાવથી, તે કર્મ દ્વારા મુકાય છે. हि=જે કારણથી, કારણની ઉચ્છિત્તિમાં પણ=કર્મબંધના કારણરૂપ કલુષિત મનના ઉચ્છેદમાં પણ, કાર્યનો ઉદ્ભવ=કર્મબંધરૂપ કાર્યનો ઉદ્ભવ થતો નથી; કેમ કે નિર્હેતુકત્વનો પ્રસંગ છે=કર્મબંધનાં

**કારણો ન હોય અને કર્મબંધરૂપ કાર્ય થાય તો તે કાર્યના નિર્હેતુકત્વનો સ્વીકારવાનો પ્રસંગ આવે, અને અજ્ઞાનાદિ નિમિત્ત કર્મ છે અને જ્ઞાનાદિ અજ્ઞાનાદિના પ્રતિપક્ષભૂત છે તેથી જ્ઞાનાદિના નૈરન્તર્યના અભ્યાસના વશથી નિર્મૂલથી જ અજ્ઞાનાદિનો વ્યવચ્છેદ થયે છતે કેવી રીતે તદ્નિમિત્તક કર્મના સંબંધનો સંભવ છે ?=અજ્ઞાનાદિ નિમિત્તક કર્મબંધના સંબંધનો સંભવ નથી. જે કારણથી તેના ઉદયના નિબંધનવાળા=કર્મના ઉદયના કારણવાળા, રાગાદિ દોષો થાય છે. એથી જ્ઞાનાદિરૂપ ભાવના રાગાદિના પ્રતિપક્ષભૂત છે એ પ્રમાણે સ્થિત છે. ।।૧૧૭૭।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે જ્ઞાન, સંયમ અને તપના ભાવનથી રાગાદિનો ક્ષય થાય છે. તેથી વિચારકને પ્રશ્ન થાય કે જ્ઞાન, સંયમ અને તપની ભાવના કઈ રીતે રાગાદિના પ્રતિપક્ષભૂત છે ? તેથી કહે છે – જીવ અજ્ઞાન, અસંયમ અને બાહ્ય પદાર્થોમાં સંશ્લેષરૂપ અતપના પરિણામથી કર્મ બાંધે છે અને તે કર્મ મોહનીયાદિ ભેદોવાળું છે અને તે મોહનીયાદિના ભેદોના ઉદયથી રાગાદિ ભાવો થાય છે. તેથી રાગાદિ દોષોનો નાશ કરવાનો ઉપાય જ્ઞાન, સંયમ અને તપની ભાવના જ ઘટે છે. કઈ રીતે જ્ઞાનાદિ ત્રણની ભાવના જ રાગાદિ દોષના નાશનો ઉપાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

સંસારી જીવો સુખના અર્થી છે અને પારમાર્થિક સુખનું તેઓને અજ્ઞાન વર્તે છે. તેથી પારમાર્થિક સુખના અજ્ઞાનને કારણે ઇન્દ્રિયોમાં સુખ અર્થે વ્યાપારવાળા બને છે અને ઇન્દ્રિયોના વિષયોમાં સંશ્લેષવાળા બને છે જે અજ્ઞાન, અસંવર અને અતપના પરિણામ સ્વરૂપ છે જેનાથી કલુષિત મનવાળા છતા જ્ઞાનાવરણીયાદિ કર્મો બાંધે છે; કેમ કે અજ્ઞાનને કારણે ઇન્દ્રિયોને વિષયોમાં પ્રવર્તાવે છે અને વિષયોમાં સંશ્લેષને પામીને કષાયોથી કલુષિત મનવાળા બને છે. જેનાથી જ્ઞાનાવરણીયાદિ કર્મો બંધાય છે અને જ્યારે તે જીવોમાં વિવેક પ્રગટે છે ત્યારે ઉપદેશાદિથી સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરે છે, ઇન્દ્રિયોને વિષયોથી સંવૃત કરે છે જે સંયમસ્વરૂપ છે અને વીતરાગના ગુણોમાં તીવ્ર ઉપયોગ પ્રવર્તે તેવો તપમાં યત્ન કરે છે. તેનાથી કલુષિત મનનો નાશ થાય છે અને તેના કારણે કર્મોથી તે જીવ મુકાય છે. જેમ કારણનો ઉચ્છેદ થાય તો કાર્યનો ઉદ્ભવ થાય નહીં તેમ કર્મબંધના કારણીભૂત કલુષિત મનનો ઉચ્છેદ થવાથી નવાં કર્મોનું આગમન થાય નહીં અને જે ભાવથી જે કર્મ બંધાયું હોય તેના વિરોધ ભાવથી તે કર્મ નાશ પામે છે. તેથી અજ્ઞાન નિમિત્તે, અસંવરનિમિત્તે અને વિષયોમાં સંશ્લેષનિમિત્તે જે કર્મ બંધાતું હતું તે કર્મ સમ્યગ્જ્ઞાન, ઇન્દ્રિયોનો સંવર અને આત્માના સંશ્લેષના અભાવને કારણે નાશ પામે છે. તેથી એ ત્રણેયનો નિરંતર અભ્યાસ કરવામાં આવે તો અજ્ઞાનાદિનો મૂળથી નાશ થાય છે. તેથી અજ્ઞાનાદિનિમિત્તક કર્મબંધનો સંભવ રહેતો નથી અને અજ્ઞાનાદિનિબંધન કર્મ હોય નહીં તો તેના ઉદયથી થનારા રાગાદિનો ઉદય પણ થઈ શકે નહીં માટે જ્ઞાનાદિ ત્રયની ભાવના રાગાદિના પ્રતિપક્ષભૂત છે એમ સિદ્ધ થાય છે. **।।૧૧૭૬-૧૧૭૭।।**

**અવતરણિકા :-**

**इह केचिन्मन्यन्ते-यथेह जले शुष्के सति यथा वा प्रदीपरूपे ज्वलने विध्याते सति पश्चान्न**

**किंचिदवतिष्ठते तद्वदिहापि नारकादिरूपसंसारस्य निर्मूलतोऽपगमे सति पश्चान्न किंचिदवतिष्ठते, उक्तं च—**

'दीपो यथा निर्वृतिमभ्युपेतो, नैवावनिं गच्छति नान्तरिक्षम् ।
दिशं न कांचिद्विदिशं न कांचित्, स्नेहक्षयात् केवलमेति शान्तिम् ।।१।।
मुनिस्तथा निर्वृतिमभ्युपेतो, नैवावनिं गच्छति नान्तरिक्षम् ।
दिशं न कांचिद्विदिशं न कांचित्, कर्मक्षयात्केवलमेति शान्तिम् ।।२।।' **इति । तन्मतमपाकर्तुमाह—**

**અવતરણિકાર્થ :-**

**અહીં=પ્રતિપક્ષ ભાવનથી કર્મ નાશ પામે છે એ વિષયમાં, કેટલાક માને છે. શું માને છે ? તે 'યથા'થી બતાવે છે – જે પ્રમાણે અહીં=સંસારમાં, જલ સુકાયે છતે અથવા જે પ્રમાણે પ્રદીપરૂપ અગ્નિ બુઝાયે છતે પછી કંઈ રહેતું નથી અર્થાત્ જલનો અભાવ કે અગ્નિનો અભાવ માત્ર પ્રાપ્ત થાય છે, કોઈ વસ્તુ રહેતી નથી. તેની જેમ અહીં પણ=જીવના વિષયમાં પણ, નારકાદિ રૂપ સંસારનો નિર્મૂલથી અપગમ થયે છતે પાછળથી કંઈ રહેતું નથી. અને કહેવાયું છે –** "જે પ્રમાણે નિવૃત્તિને પામેલો દીવો પૃથ્વી ઉપર જતો નથી, અંતરિક્ષમાં=આકાશમાં જતો નથી, કોઈ દિશામાં જતો નથી, કોઈ વિદિશામાં જતો નથી, સ્નેહના ક્ષયથી=તેલના ક્ષયથી, કેવળ શાંતિને પામે છે=બુઝાઈ જાય છે." તે પ્રમાણે નિર્વૃતિને પામેલા મુનિ પૃથ્વી ઉપર જતા નથી, આકાશમાં જતા નથી, કોઈ દિશામાં જતા નથી, કોઈ વિદિશામાં જતા નથી. કર્મના ક્ષયથી કેવળ શાંતિને પામે છે=બુઝાયેલા દીપકની જેમ અભાવને પ્રાપ્ત કરે છે." **એ પ્રકારના તેના મતને નિરાકરણ કરવા માટે કહે છે—**

**ગાથા :-**

**जम्हा स थिरो धम्मी कम्मक्खयतो य वीयरागत्तं ।
तम्हा असोभणं चिय नेयं जलजलणणायंपि ।।११७८।।**

**છાયા :-**

**यस्मात् स स्थिरो धर्मी कर्मक्षयतश्च वीतरागत्वम् ।
तस्मादशोभनमेव ज्ञेयं जलज्वलनज्ञातमपि ।।११७८।।**

**ગાથાર્થ :-**

**જે કારણથી સ્થિર તે આત્મરૂપ ધર્મી કર્મના ક્ષયથી વીતરાગપણાને પામે છે તે કારણથી પાણી અને અગ્નિનું દૃષ્ટાંત પણ અશોભન જ જાણવું. ।।૧૧૭૮।।**

**ટીકા :-**

**यस्मात्स-आत्मलक्षणो धर्मी स्थिरो-नित्यस्वभावो द्रव्यरूपतया अतस्तस्यैव कथंचिदवस्थितस्य**

**(मोहनीय) कर्मक्षयतो वीतरागत्वं (च शब्दात्) सकलकर्मापगमतो मुक्तत्वं, तस्मादशोभनमेव ज्ञेयं जलज्वलनज्ञातमपि-पूर्वोक्तस्वरूपम् । न च तथापि (तयोरपि) एकान्तेन विनाशः, सतः सर्वथा विनाशायोगात्, केवलं ते प्रदीपरूपज्वलनादिपरमाणवस्तथाविधाभासुरसूक्ष्मरूपतामापन्नास्ततो न दृश्यन्त इति, तदुक्तम्—**

'न य सव्वहा विणासोऽनलस्स परिणामओ पयस्सेव ।

कुंभस्स कवालाण व तहाविकारोवलंभाओ ।।१।।

**जइ सव्वहा न नासोऽनलस्स किं दीसए न सो सक्खं? । परिणामसुहुमयाओ जं विकारंजणरउव्व त्ति' ।।११७८।।**

**ટીકાર્થ :-**

**यस्मात्स-..... विकारंजणरउव्व त्ति' ।। જે કારણથી તે=આત્મલક્ષણ ધર્મી, સ્થિર=દ્રવ્યપણાથી નિત્ય સ્વભાવવાળો છે. આથી કથંચિત્ અવસ્થિત એવા તેનું જ મોહનીયકર્મના ક્ષયથી વીતરાગપણું અને સકલ કર્મના અપગમથી મુક્તપણું છે, તે કારણથી પૂર્વમાં કહેવાયેલા સ્વરૂપવાળું=અવતરણિકામાં કહેવાયેલા સ્વરૂપવાળું પાણી અને અગ્નિનું દૃષ્ટાંત પણ, અશોભન જ જાણવું. અને તે બેનો પણ= પાણી અને અગ્નિનો પણ, એકાંતથી વિનાશ નથી=પાણી અને અગ્નિનો પૂર્વમાં કહ્યું તે પ્રકારે પણ એકાંતથી વિનાશ નથી; કેમ કે વિદ્યમાનનો સર્વથા વિનાશનો અયોગ છે=પાણી અને અગ્નિ વિદ્યમાન છે તેના સર્વથા વિનાશનો અયોગ છે. કેવળ તે પ્રદીપરૂપ અગ્નિ આદિ પરમાણુઓ તેવા પ્રકારના અભાસુર સૂક્ષ્મરૂપતાને પામેલા છે, તેથી દેખાતા નથી. તે કહેવાયું છે,** "સર્વથા અગ્નિનો વિનાશ નથી. જેમ પયસનો પરિણામ હોવાથી=દૂધનો દહીં આદિ રૂપે પરિણામ હોવાથી, સર્વથા વિનાશ નથી. જેમ કુંભનો કપાલરૂપે તે પ્રકારનો વિકારનો ઉપલંભ હોવાથી સર્વથા વિનાશ નથી.

**જો અગ્નિનો સર્વથા વિનાશ નથી તો તે=અગ્નિ, સાક્ષાત્ કેમ દેખાતો નથી ? તેનો ઉત્તર આપે છે – જે કારણથી વિકારવાળા અંજનના રંજની જેમ પરિણામનું સૂક્ષ્મપણું હોવાને કારણે દેખાતા નથી. ।।૧૧૭૮।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં બૌદ્ધ મતાનુસાર યુક્તિ બતાવતાં કહ્યું કે જેમ પાણી સુકાઈ જાય છે ત્યાર પછી કંઈ રહેતું નથી અથવા જેમ દીવો બુઝાઈ જાય છે ત્યાર પછી કાંઈ રહેતું નથી. તેમ ચાર ગતિના પરિણામરૂપ સંસાર નાશ થાય ત્યાર પછી કંઈ રહેતું નથી=જીવનું અસ્તિત્વ રહેતું નથી. આ પ્રકારે બૌદ્ધ દર્શનવાદી મોક્ષરૂપે આત્માનો અભાવ સ્વીકારે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – આત્મારૂપ ધર્મી દ્રવ્યરૂપે સ્થિર છે તેથી કર્મના ક્ષયથી વીતરાગતાને પામે છે=મોહનીયકર્મના ક્ષયથી વીતરાગતાને પામે છે, અને સર્વ કર્મના ક્ષયથી મુક્તપણાને પામે છે. તેથી ચાર ગતિની વિડંબના વગરની જીવની સુંદર અવસ્થા

મુક્ત અવસ્થા છે પરંતુ કર્મના ક્ષયથી આત્માનો સર્વથા નાશ નથી પણ કર્મવાળી અવસ્થા સ્વરૂપે જ આત્માનો નાશ છે. માટે પૂર્વપક્ષીએ આપેલું જલનું અને દીવાનું દૃષ્ટાંત અશોભન છે.

વસ્તુતઃ દીવો પણ એકાંતે નાશ પામતો નથી પરંતુ તેલના પુદ્ગલો અગ્નિરૂપે પરિણમન પામે છે અને અગ્નિના પુદ્ગલો ધુમાડા આદિ રૂપે પરિણમન પામે છે. તેથી ભાસ્વરરૂપે દેખાતા અગ્નિના પુદ્ગલો તે પ્રકારના અભાસ્વર અને સૂક્ષ્મરૂપતાને પામે છે તેથી દેખાતા નથી. માટે જગતમાં પાણીના પુદ્ગલો, દીવાના પુદ્ગલો કે આત્મદ્રવ્ય કોઈનો પણ સર્વથા વિનાશ થતો નથી પરંતુ સર્વ દ્રવ્યો દ્રવ્યરૂપે નિત્ય છે અને તે તે પરિણામરૂપ પર્યાયરૂપે અનિત્ય છે. માટે મુક્ત અવસ્થામાં કર્મના ઉપદ્રવ વગરનો આત્મા છે તેમ સ્વીકારવું જોઈએ. **॥૧૧૭૮॥**

**અવતરણિકા :-**

**स्यादेतत्,भवतु निःशेषतोऽपि रागादिदोषप्रहाणं तथापि भूयस्ते कथं न प्रादुर्भवेयुर्येन निष्प्रतिपक्षं तस्य वीतरागत्वं सिद्ध्येदित्यत आह—**

**અવતરણિકાર્થ :-**

**આ થાય=કોઈને શંકા થાય. શું શંકા થાય તે બતાવે છે. નિઃશેષથી પણ રાગાદિ દોષનો નાશ થાઓ, તો પણ ફરી તે કેમ પ્રાદુર્ભાવને પામે નહીં ? જેથી નિષ્પ્રતિપક્ષ એવું=રાગાદિના પ્રતિપક્ષ વગરનું એવું, તેનું=જિનનું, વીતરાગપણું સિદ્ધ થાય.**

**ગાથા :-**

**खीणा य ते ण होंति पुणो वि सहकारिकारणाभावा ।**
**न हु होइ संकिलेसो तेहिं विउत्तस्स जीवस्स ।।११७९।।**

**છાયા :-**

क्षीणाश्च ते न भवन्ति पुनरपि सहकारिकारणाभावात् ।
न हु भवति संक्लेशस्तैर्वियुक्तस्य जीवस्य ।।११७९।।

**ગાથાર્થ :-**

**અને ક્ષીણ એવા તે=રાગાદિ દોષો, ફરી પણ થતા નથી; કેમ કે સહકારી કારણનો અભાવ છે. તેઓથી=રાગાદિ દોષોથી, વિપ્રમુક્ત જીવને સંક્લેશ થતો નથી જ. ॥૧૧૭૯॥**

**ટીકા :-**

**क्षीणाश्च रागादयो दोषाः पुनरपि न भवन्ति । कुत इत्याह—'सहकारिकारणाभावात्' रागादिवेदनीयकर्मलक्षणसहकारिकारणाभावात् । अमुमेव सहकारिकारणाभावं दर्शयति—'न हु इत्यादि' न हु**

नैव हुरवधारणे तैः-रागादिदोषैर्विप्रमुक्तस्य सतो जीवस्य संक्लेशः-अशुभाध्यवसायरूपो भवति, तस्य तद्धेतुकत्वात्, अन्यथा कारणान्तराभावेनाहेतुकत्वतः सर्वत्र तद्भावप्रसङ्गात्, आकस्मिकस्य देशकालनियमायोगात् ।।११७९।।

**ટીકાર્થ :-**

**क्षीणाश्च ..... नियमायोगात् ।। અને ક્ષીણ થયેલા રાગાદિ દોષો ફરી પણ થતા નથી. કયા કારણથી=કયા કારણથી ફરી થતા નથી ? એથી કહે છે — સહકારી કારણનો અભાવ હોવાથી=રાગાદિ રૂપે વેદનીય એવા કર્મ લક્ષણ સહકારી કારણનો અભાવ હોવાથી, ફરી રાગાદિ થતા નથી એમ અન્વય છે. આ જ સહકારી કારણના અભાવને બતાવે છે — તે રાગાદિ દોષોથી વિપ્રમુક્ત છતા જીવને સંક્લેશ=અશુભ અધ્યવસાયરૂપ સંક્લેશ, થતો નથી જ. કેમ કે તેનું=સંક્લેશનું, તદ્હેતુકપણું છે=રાગાદિવેદનીયકર્મહેતુકપણું છે, 'હુ' શબ્દ અવધારણમાં છે; રાગાદિવેદનીય કર્મને સંક્લેશના હેતુરૂપે સ્વીકારવામાં હેતુ કહે છે. અન્યથા=સંક્લેશનું રાગાદિવેદનીયકર્મહેતુપણું ન માનો તો, કારણાંતરના અભાવને કારણે=સંક્લેશ પ્રત્યે રાગાદિઆપાદક કર્મ સિવાય અન્ય કોઈ કારણ નહીં હોવાને કારણે, અહેતુકપણું હોવાથી=સંક્લેશનું નિષ્પાદક કોઈ કારણ નહીં હોવાથી, સર્વત્ર=સર્વ સંસારી જીવોમાં સર્વ કાળમાં, તેના ભાવનો પ્રસંગ છે=અશુભ અધ્યવસાયરૂપ સંક્લેશના ભાવનો પ્રસંગ છે.**

**વસ્તુતઃ જે જીવોમાં અશુભ અધ્યવસાયરૂપ સંક્લેશ થાય છે તે પણ તે તે જીવમાં તે તે કાળમાં થાય છે. સર્વદા સર્વ જીવોમાં સંક્લેશ થતો નથી અને તે સંક્લેશને અહેતુક સ્વીકારવામાં આવે તો, આકસ્મિક સંક્લેશની પ્રાપ્તિ થાય છે તે સંગત થાય નહીં, તેના નિવારણ માટે હેતુ કહે છે. આકસ્મિક કાર્યને દેશકાલના નિયમનો અયોગ છે. અર્થાત્ હેતુ વગર અકસ્માત જે કાર્ય થતું હોય તે સર્વ દેશમાં ને સર્વ કાળમાં પ્રાપ્ત થવું જોઈએ. અહીં આકસ્મિકનો અર્થ ન કસ્માત્ એ પ્રમાણે કરવો. ॥૧૧૭૯॥**

**ભાવાર્થ :-**

કોઈ જીવ સંપૂર્ણ રાગાદિનો નાશ કરે તો પણ ફરી નિમિત્તને પામીને 'તેઓને રાગાદિ દોષ થાય છે, એમ સ્વીકારીએ તો વીતરાગત્વની સિદ્ધિ થાય નહીં' એ આશંકાના નિવારણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે — પૂર્વમાં બતાવેલી પ્રતિપક્ષ ભાવનાના પ્રકર્ષને જેઓ પ્રાપ્ત કરે છે તેઓમાં રાગાદિ દોષોનો સર્વથા ક્ષય થાય છે. તેથી રાગાદિના સંસ્કારો તે આત્મામાં સર્વથા નાશ પામે છે અને રાગાદિ રૂપે વેદન થાય તેવાં કર્મોરૂપ સહકારી કારણોનો પણ સર્વથા અભાવ પ્રાપ્ત થયો છે. તેથી તેઓને હવે પછી ક્યારેય રાગાદિ થશે નહીં. તેઓમાં સહકારી કારણના અભાવને કારણે ક્યારેય સંક્લેશ થતો નથી તે યુક્તિથી સ્પષ્ટ કરે છે — સંસારી જીવોને રાગાદિઆપાદક કર્મોને કારણે તે તે નિમિત્તોને પામીને અશુભ અધ્યવસાયરૂપ સંક્લેશ થાય છે; કેમ કે રાગાદિઆપાદક બાહ્ય નિમિત્તો પ્રાપ્ત થાય છે ત્યારે તે જીવ બાહ્ય નિમિત્તોને ગ્રહણ કરવાને અભિમુખ પરિણામવાળો થાય છે. તેથી આત્મામાં વર્તતા રાગાદિઆપાદક કર્મોનો ઉદય થાય છે અને તે કર્મોના ઉદયને કારણે તે તે કાળમાં તે તે જીવમાં અશુભ અધ્યવસાયરૂપ સંક્લેશ થાય છે. હવે જો

રાગાદિઆપાદક કર્મ ન હોય તો સંક્લેશનું આપાદક અન્ય કોઈ કારણાંતર નથી. તેથી ક્ષીણ રાગદ્વેષના આપાદક કર્મોવાળા જીવમાં પણ ફરી રાગાદિ સંક્લેશ સ્વીકારીએ તો કર્મો વગર તે રાગાદિ થાય છે તેમ માનવું પડે અને રાગાદિઆપાદક અંતરંગ કર્મ સિવાય અન્ય કોઈ હેતુ નથી તેથી અહેતુક રાગાદિ ક્ષીણ રાગદ્વેષવાળા જીવોને થાય છે તેમ માનવું પડે અને તેમ સ્વીકારીએ તો સર્વ જીવોમાં સર્વ કાળ અશુભ અધ્યવસાયરૂપ સંક્લેશની પ્રાપ્તિ થાય; કેમ કે જે અહેતુક હોય તેની સદા પ્રાપ્તિ થાય. જેમ જીવનો કોઈ હેતુ નથી તેથી જીવની સદા પ્રાપ્તિ છે. તેમ સંક્લેશનો કોઈ હેતુ ન હોય તો સર્વ જીવોમાં સદા સંક્લેશની પ્રાપ્તિ થવી જોઈએ.

વસ્તુતઃ સંસારી જીવોમાં સર્વદા સંક્લેશ પ્રાપ્ત થતો નથી પરંતુ કોઈક કોઈક જીવમાં કોઈક કોઈક કાળમાં સંક્લેશ પ્રાપ્ત થતો દેખાય છે અને જેનું કોઈ કારણ ન હોય તેવો આકસ્મિક સંક્લેશ તે જીવરૂપ દેશમાં અને તે કાળમાં પ્રાપ્ત થઈ શકે નહીં. જ્યારે સંસારી જીવોમાં પણ અશુભ અધ્યવસાયરૂપ સંક્લેશ તે તે કાળમાં થાય છે, સર્વ કાળમાં થતો નથી. તેથી નક્કી થાય છે કે સંક્લેશઆપાદકકર્મરૂપ સહકારી કારણ વગર તે જીવમાં તે પ્રતિનિયત કાળમાં સંક્લેશ થઈ શકે નહીં અને ક્ષીણ રાગદ્વેષવાળા વીતરાગને સંક્લેશઆપાદકસહકારી કારણનો સર્વથા અભાવ હોવાથી ફરી ક્યારેય રાગાદિ થતા નથી. **॥૧૧૭૯॥**

**ગાથા :-**

**તદભાવે ણ ય બંધો તપ્પાઓગ્ગસ્સ હોઇ કમ્મસ્સ ।**
**તદભાવા તદભાવો સવ્વદ્ધં ચેવ વિન્નેઓ ।।૧૧૮૦।।**

**છાયા :-**

**तदभावे न च बन्धस्तत्प्रायोग्यस्य भवति कर्मणः ।**
**तदभावात्तदभावः सर्वाद्धं एव विज्ञेयः ।।११८०।।**

**ગાથાર્થ :-**

**તેના અભાવમાં=સંક્લેશના અભાવમાં, તત્ પ્રાયોગ્ય કર્મનો બંધ થતો નથી જ, તેના અભાવથી=કર્મના અભાવથી, તેનો અભાવ=રાગાદિ દોષનો અભાવ, સર્વકાળ જ જાણવો. ॥૧૧૮૦॥**

**ટીકા :-**

**तदभावे-संक्लेशाभावे न च-नैव बन्धस्तत्प्रायोग्यस्य-संक्लेशप्रायोग्यस्य भवति कर्मणो-मोहनीयादेस्तस्य तन्निमित्तत्वात्तदभावे ग्रावादौ तस्याभावदर्शनात्, ततस्तदभावात्-कर्माभावात्तदभावो रागादिदोषाभावः सर्वाद्धमेव विज्ञेयः, तत्सहकारिभूतकर्मसंबन्धाभावस्योक्तयुक्तितः सर्वाद्धं भावात् ।।११८०।।**

**ટીકાર્થ :-**

**તદભાવે- ..... ભાવાત્ ।। તેના અભાવમાં=સંક્લેશના અભાવમાં, તત્પ્રાયોગ્ય કર્મનો=સંક્લેશપ્રાયોગ્ય મોહનીયાદિ કર્મનો, બંધ થતો નથી જ; કેમ કે તેનું=મોહનીયાદિ કર્મના બંધનું, તદ્દ્નિમિત્તકપણું છે= સંક્લેશનિમિત્તપણું છે. સંક્લેશનિમિત્તક મોહનીય કર્મનો બંધ કેમ છે ? તેમાં હેતુ કહે છે – તેના અભાવમાં=સંક્લેશના અભાવમાં, ગ્રાવાદિમાં=પથ્થરાદિમાં, તેના અભાવનું દર્શન છે=મોહનીયાદિ કર્મના બંધના અભાવનું દર્શન છે. તેથી તેના અભાવને કારણે=કર્મના અભાવને કારણે, તેનો અભાવ=રાગાદિ દોષનો અભાવ, સર્વ કાળમાં જ જાણવો; કેમ કે તત્સહકારીભૂત કર્મના સંબંધના અભાવનો ઉક્ત યુક્તિથી સર્વ કાળ ભાવ છે=રાગાદિમાં સહકારીભૂત એવા રાગાદિના આપાદક કર્મના સંબંધના અભાવનો પૂર્વમાં કહેલી યુક્તિથી સર્વ કાળ ભાવ છે. ।।૧૧૮૦।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ પૂર્વમાં બતાવેલ રાગાદિની પ્રતિપક્ષ ભાવનાથી આત્માને ભાવન કરીને તેના પ્રકર્ષને પામ્યા છે તેઓનાં રાગાદિઆપાદક કર્મો ક્ષીણ થયા છે. તેથી બાહ્ય નિમિત્તોની પ્રાપ્તિમાં પણ તેઓને સંક્લેશ થતો નથી અને બાહ્ય નિમિત્તોની પ્રાપ્તિમાં પણ તેઓને સંક્લેશ થાય નહીં તો સંક્લેશને ઉત્પન્ન કરે તેવા મોહનીય અને જ્ઞાનાવરણીય કર્મના બંધનો અભાવ પ્રાપ્ત થાય છે. જેમ પથ્થરાદિને સંક્લેશ થતો નથી તેથી પથ્થરાદિને મોહનીય કર્મ કે જ્ઞાનાવરણીય કર્મનો બંધ થતો નથી અને જેઓને સંક્લેશઆપાદક મોહનીય કર્મ અને જ્ઞાનાવરણીય કર્મનો બંધ થતો નથી અને પૂર્વમાં બંધાયેલ કર્મો નાશ પામ્યાં છે તેઓને સર્વ કાળ રાગાદિ દોષનો અભાવ પ્રાપ્ત થાય છે; કેમ કે રાગાદિની પ્રાપ્તિમાં સહકારી કારણભૂત કર્મના સંબંધનો અભાવ તેઓમાં સર્વ કાળ વર્તે છે. તેથી તે જીવોમાં પ્રગટ થયેલું વીતરાગપણું ક્યારેય નાશ પામશે નહીં. **॥૧૧૮૦॥**

**અવતરણિકા :-**

**तदेवं यथारूपा रागादिप्रतिपक्षभावना यथा च तद्वशाद्रागादिदोषप्रहाणं यथा च तेषामपुनर्भावस्तथा प्रतिपादितमिदानीं पुनर्ये भावनामन्यथा वर्णयन्ति तन्मतमपाकर्तुमुपन्यस्यन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે જે સ્વરૂપવાળી રાગાદિ પ્રતિપક્ષ ભાવના છે અને જે પ્રકારે તેના વશથી=રાગાદિ પ્રતિપક્ષ ભાવનાના વશથી, રાગાદિ દોષોનો પ્રકૃષ્ટથી નાશ છે અને જે પ્રકારે તેઓનો અપુનર્ભાવ છે=રાગાદિ દોષોનો ફરી અપ્રાદુર્ભાવ છે, તે પ્રકારે પ્રતિપાદન કરાયું. હવે વળી જેઓ ભાવનાને અન્ય પ્રકારે વર્ણન કરે છે. તે મતનું નિરાકરણ કરવા માટે ઉપન્યાસ કરતાં ગ્રંથકારશ્રી કહે છે—**

**ગાથા :-**

**अन्ने उ नत्थि आया इति भावणमो सुदिट्ठपरमत्था ।**
**दोसपहाणनिमित्तं वयंति निस्संकियं चेव ।।११८१।।**

**છાયા :-**

**अन्ये तु नास्ति आत्मेति भावनां सुदृष्टपरमार्थाः ।**
**दोषप्रहाणनिमित्तं वदन्ति निःशंकितमेव ।।११८१।।**

**ગાથાર્થ :-**

**વળી સુદૃષ્ટ પરમાર્થવાળા અન્ય 'આત્મા નથી', એ પ્રકારની ભાવનાને નિશંકિત જ દોષનાશનું નિમિત્ત કહે છે. ।।૧૧૮૧।।**

**ટીકા :-**

**अन्ये-सौगताः सुदृष्टपरमार्था वक्ष्यमाणयुक्त्या तदभ्युपगमस्यात्यन्तासारताप्रतिपादनात् उपहासपद-(र)मेतदवसेयं, नास्त्येवात्मेति भावनां दोषप्रहाणनिमित्तं निःशङ्कितमेव वदन्ति । तद्यथा—यथा(दा)हि मोहादात्माऽस्तीत्यभिमानो भवति तदा तत्राहमिति स्नेहो जायते, तस्माच्च स्नेहात् यानि तत्सुखसाधनानि तानि ममेत्यादत्ते, तदुपरोधिनि च प्रतिहतिप्रणिधानं करोति, आत्माऽऽत्मीयस्नेहश्च रागस्तदुपरोधिनि प्रतिहतिप्रणिधानं च द्वेषस्तस्मात् यावदात्माभिनिवेशस्तावन्न रागादिदोषप्रहाणमिति । उक्तं च—**

'यः पश्यत्यात्मानं तत्रास्याहमिति शाश्वतः स्नेहः ।
स्नेहात्सुखेषु तृष्यति तृष्णा दोषांस्तिरस्कुरुते।।१।।
गुणदर्शी परितुष्यन् ममेति तत्साधनान्युपादत्ते।
तेनात्माभिनिवेशो यावत्तावत्स संसारे ।।२।। **इति**' ।।

**आत्माभिनिवेशाभावे तु 'नाहं न चेदमात्मीयं नवा कश्चित् मम प्रतिरोद्धेति' भावयतो भवत्येव रागादिदोषप्रहाणमिति ।।११८१।।**

**ટીકાર્થ :-**

अन्ये- ..... प्रहाणमिति ।। **અન્ય=સૌગતો, સુદૃષ્ટ પરમાર્થવાળા છે, વક્ષ્યમાણ યુક્તિથી તદ્-અભ્યુપગમની=સૌગતના સ્વીકારની, અત્યંત અસારતાનું પ્રતિપાદન હોવાથી, ઉપહાસ પર આ જાણવું=સુદૃષ્ટ પરમાર્થવાળા એ પ્રકારનું વિશેષણ જાણવું. સુદૃષ્ટ પરમાર્થવાળા સૌગતો શું કહે છે ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – 'આત્મા નથી જ' એ પ્રકારની ભાવના નિઃશંકિત જ દોષનાશનું નિમિત્ત સૌગતો કહે છે. તે આ પ્રમાણે – જ્યારે મોહથી 'આત્મા છે,' એ પ્રમાણે અભિમાન થાય છે, ત્યારે ત્યાં=આત્મામાં, 'હું છું' એ પ્રકારનો સ્નેહ થાય છે અને તે સ્નેહથી જે તેના સુખનાં સાધનો છે='આત્માના સુખનાં સાધનો છે તે મારાં છે,' એ પ્રમાણે ગ્રહણ કરે છે=જીવ ગ્રહણ કરે છે. તેના ઉપરોધિમાં=આત્મા અને આત્માના સુખનાં સાધનોમાં ઉપરોધ કરનારામાં, પ્રતિહતિ પ્રણિધાન કરે છે=તેને દૂર કરવાનો જીવ સંકલ્પ કરે છે. આત્માનો અને આત્મીયનો સ્નેહ=આત્માનો સ્નેહ અને**

**આત્મીયનો સ્નેહ, રાગ છે અને તેના ઉપરોધિમાં પ્રતિહતિનું પ્રણિધાન=દૂર કરવાનો સંકલ્પ, દ્વેષ છે. તે કારણથી જ્યાં સુધી આત્મામાં અભિનિવેશ છે='હું આત્મા છું', એ પ્રકારનો આગ્રહ છે, ત્યાં સુધી રાગાદિ દોષનો પ્રહાણ નથી=રાગાદિ દોષોનો પ્રકૃષ્ટ નાશ નથી, અને કહેવાયું છે=**"જે આત્માને જુવે છે, તેમાં=આત્મામાં, આને=આત્માના જોનારને 'હું છું' એ પ્રકારે શાશ્વત સ્નેહ થાય છે. સ્નેહથી સુખોમાં તૃષ્ણા થાય છે, તૃષ્ણા દોષોનો તિરસ્કાર કરે છે=જીવમાં વર્તતી તૃષ્ણા પ્રતિકૂળ ભાવો પ્રત્યે દ્વેષ કરે છે. ગુણદર્શી પરિતોષ પામતો 'મારું છે' એ પ્રકારે તેનાં સાધનોને=ગુણનાં સાધનોને, ગ્રહણ કરે છે. તેથી આત્માનો અભિનિવેશ જ્યાં સુધી છે, ત્યાં સુધી તે=આત્મા સંસારમાં છે."

**વળી આત્માના અભિનિવેશના અભાવમાં='હું આત્મા છું', એ પ્રકારના આગ્રહના અભાવમાં, 'હું નથી' અને 'આ આત્મીય નથી'=પોતાના શરીર-સંપત્તિ આદિ નથી, અથવા કોઈ મારું પ્રતિરોદ્ધા નથી=પ્રતિકાર કરનાર નથી, એ પ્રમાણે ભાવન કરતા રાગાદિ દોષોનું પ્રહાણ થાય છે. ॥૧૧૮૧॥**

**ભાવાર્થ :-**

બૌદ્ધ દર્શનવાદી પદાર્થને ક્ષણિક સ્વીકારે છે અને ભગવાનના શાસનમાં નયવાદ છે. તેથી પદાર્થ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. નિત્યવાદ આત્માને 'હું નિત્ય છું' માટે નિત્યાત્માના હિત અર્થે ઉચિત પ્રવૃત્તિ કરવા પ્રેરણા કરે છે. વળી, કોઈક દૃષ્ટિથી પદાર્થ પ્રત્યેક ક્ષણે નાશવંત છે. તેથી અનિત્ય ભાવના કરીને બાહ્ય પદાર્થો પ્રત્યેના સ્નેહના પ્રતિબંધોનો ત્યાગ કરવા અનિત્યવાદ પ્રેરણા કરે છે. તેથી પદાર્થના વાસ્તવિક સ્વરૂપને બતાવીને ભગવાનનું વચન નિત્ય આત્માને હિતમાં પ્રવર્તાવે છે અને પદાર્થોને ક્ષણિક બતાવીને તેના પ્રત્યેના સ્નેહનાં બંધનોને તોડવા માટે પ્રેરણા કરે છે પરંતુ પદાર્થને જોનારી નિત્ય દૃષ્ટિ અને અનિત્ય દૃષ્ટિ છે તેમાંથી બૌદ્ધ દર્શનવાદી માત્ર અનિત્ય દૃષ્ટિને જ જોઈને પ્રવર્તે છે. તેથી એકાંતવાદનું સ્થાપન કરીને કથંચિત્ નિત્ય આત્માનો અપલાપ કરે છે અને કહે છે કે રાગ-દ્વેષના ભાવને કારણે જ સંસાર છે અને જેઓ 'હું આત્મા છું' એ પ્રકારે માને છે તેઓને આત્મા પ્રત્યે સ્નેહ થશે અને આત્માના સુખનાં સાધનો પ્રત્યે મારાપણાની બુદ્ધિ થશે અને પોતાને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે દ્વેષ થશે. તેથી જેઓ 'પોતાનો આત્મા નિત્ય છે', તેમ માને છે તેઓ નિત્ય આત્મા પ્રત્યે સ્નેહનો ત્યાગ કરી શકે નહીં અને નિત્ય આત્માને જે અનુકૂળ ભાવો છે તેના સ્નેહનો ત્યાગ કરી શકે નહીં અને તેને જે પ્રતિકૂળ ભાવો છે તેના દ્વેષનો ત્યાગ કરી શકે નહીં. માટે રાગ-દ્વેષ રહિત થવાનો ઉપાય 'આત્મા નથી', એ પ્રકારે અત્યંત ભાવન કરવામાં આવે અને તે ભાવનાનો પ્રકર્ષ આત્મામાં થાય ત્યારે પોતાના આત્માનો જ અભાવ તેને દેખાવાથી 'સ્નેહનો વિષય આત્મા નથી', તેવો સ્થિર પરિણામ થાય છે જેના કારણે આત્મા પ્રત્યે રાગ થતો નથી અને આત્મા ન હોવાને કારણે તેને 'આ અનુકૂળ સાધનો છે', તેવી બુદ્ધિ નહીં થવાથી તેમાં પણ સ્નેહ થતો નથી અને આત્મા નહીં હોવાથી તેને 'આ ભાવો પ્રતિકૂળ છે', તેવી બુદ્ધિ પણ નહીં થવાથી તે ભાવો પ્રત્યે દ્વેષ થતો નથી. આ રીતે 'જગતવર્તી સર્વ પદાર્થો ક્ષણિક છે, આત્મા પણ ક્ષણિક છે તેથી બીજી ક્ષણમાં નાશ પામે છે' તે પ્રકારની ભાવના કરવાથી રાગ-દ્વેષનો નાશ થાય છે. આ પ્રકારે બૌદ્ધ દર્શનવાદી કહે છે. **॥૧૧૮૧॥**

**અવતરણિકા :-**

तदेतन्मतमपाकुर्वन्नाह—

**અવતરણિકાર્થ :-**

તે આ મતને=પૂર્વગાથામાં બતાવ્યું તે આ બૌદ્ધ મતને, નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

सति असति वावि तम्मि एसा सइ कह णु सम्मरूव त्ति? ।
मिच्छारूवा य कहं? पहाणहेऊ विरोहातो ।।११८२।।

**છાયા :-**

सत्यसति वाऽपि तस्मिन् एषा सति कथं नु सम्यग्रूपा इति ।
मिथ्यारूपाश्च कथं प्रहाणहेतुः ? विरोधात् ।।११८२।।

**ગાથાર્થ :-**

**તે=આત્મા, વિધમાન હોતે છતે અથવા અવિધમાન હોતે છતે, આ=ભાવના, થાય છે. સતિ= આત્મા વિધમાન હોતે છતે, ભાવના થાય છે, કેવી રીતે સમ્યગ્રૂપ થાય ? મિથ્યારૂપ થાય. કેવી રીતે દોષના નાશનો હેતુ થાય ? અર્થાત્ થાય નહીં; કેમ કે વિરોધ છે. ।।૧૧૮૨।।**

**ટીકા :-**

**नन्वेषा भावना किं सति तस्मिन्-आत्मनि क्रियेत असति वेति विकल्पद्वयम् । तत्र यदि सतीति पक्षः कथं नु सा भावना सम्यग्रूपा भवेत्?, किंतु मिथ्यारूपैव स्यात्, सति आत्मनि असन्नयमात्मेति प्रवृत्तेः, मिथ्यारूपा चैषा भावना कथं दोषप्रहाणहेतुः?, विरोधात् । तथाहि—मिथ्याभावनानिबन्धना एव दोषास्तत्कथं तत एव क्षीयेरन्निति ।।११८२।।**

**ટીકાર્થ :-**

नन्वेषा ..... क्षीयेरन्निति ।। 'ननु'થી પ્રશ્ન કરે છે. આ ભાવના=આત્મા નથી એ ભાવના, શું તે=આત્મા, હોતે છતે કરાય છે ? અથવા નહીં હોતે છતે કરાય છે, એ પ્રકારે વિકલ્પદ્વય છે=બે વિકલ્પો છે. ત્યાં જો છે=આત્મા છે, એ પ્રકારે પક્ષ છે. કેવી રીતે તે ભાવના સમ્યગ્ રૂપ થાય ? અર્થાત્ જો આત્મા વિધમાન હોય અને 'આત્મા નથી', એ પ્રકારે કોઈ ભાવના કરે તો તે ભાવના સમ્યગ્ રૂપવાળી કેવી રીતે થાય ? અર્થાત્ થાય નહીં પરંતુ મિથ્યારૂપ જ થાય; કેમ કે વિધમાન આત્મા હોતે છતે 'આ આત્મા અસત્ છે' એ પ્રકારની પ્રવૃત્તિ છે અને મિથ્યારૂપ એવી આ ભાવના કેવી રીતે દોષનાશનો હેતુ થાય ? અર્થાત્ થાય નહીં; કેમ કે વિરોધ છે=આત્મા વિધમાન હોય અને 'આત્મા નથી', એ ભાવનાનો અનુભવ સાથેનો વિરોધ છે. તે આ પ્રમાણે – મિથ્યાભાવનાના

નિબંધન જ દોષો છે, તે કારણથી કેવી રીતે જ તેનાથી=મિથ્યાભાવનાથી, ક્ષય પામે=દોષો ક્ષય પામે ? અર્થાત્ પામે નહીં. ।।૧૧૮૨।।

**અવતરણિકા :-**

द्वितीयं पक्षमधिकृत्याह—

**અવતરણિકાર્થ :-**

બીજા પક્ષને આશ્રયીને='આત્મા નથી' એ પ્રકારના પક્ષને આશ્રયીને, કહે છે –

**ગાથા :-**

असइ य को भावेती? खणिगो अह सव्वहा निसिद्धो सो ।
नो भावी मे वाही नाउं च करेइ को किरियं? ।।११८३।।

**છાયા :-**

असति च को भावयेत् ? क्षणिकोऽथ सर्वथा निषिद्धः सः ।
न भावी मे व्याधिर्ज्ञात्वा च करोति कः क्रियाम् ।।११८३।।

**ગાથાર્થ :-**

અને આત્મા અવિધમાન હોતે છતે કોણ ભાવના કરે ? અથ ક્ષણિક=ક્ષણિક આત્મા ભાવન કરે છે. એને ગ્રંથકારશ્રી કહે છે. તે=ક્ષણિક આત્મા, સર્વથા નિષિદ્ધ છે અને 'મને વ્યાધિ ભવિષ્યમાં નથી', એ પ્રમાણે જાણીને કોણ ક્રિયાને કરે ?=વ્યાધિના નાશની ક્રિયાને કોણ કરે ? ।।૧૧૮૩।।

**ટીકા :-**

असति चात्मनि को नाम भावनां भावयेत्?, नैव कश्चिदितिभावः, तदतिरेकेणान्यस्य भावकत्वायोगात्, घटादौ तथादर्शनाभावात् । अथोच्येत परपरिकल्पिताविचलितैकरूप आत्मा नास्तीत्युच्यते न पुनर्ज्ञानरूपः प्रतिक्षणनश्वरस्वभावः, ततः स भावनां भावयिष्यतीत्यदोष इति । तदयुक्तम्, यत आह—'सव्वहा निसिद्धो सो' स-यस्मात्प्रतिक्षणविनश्वरस्वभाव आत्मा भवत्परिकल्पितः सर्वथा प्राक् परिणामित्वसिद्धौ निषिद्धो-निराकृतः, तस्मान्न स भावको युक्त इति । अपि च 'नो इत्यादि' नो भावी-न भविष्यति मे-मम व्याधिरिति ज्ञात्वा 'चो' दूषणान्तरसमुच्चये, को नाम क्रियां-तदभवनप्रतिविधानलक्षणां करोति?, नैव कश्चिदन्यत्र मूढात् । एवमिहापि न मम रागादिनिमित्तः संसारो भावी अनन्तरमेव मम निरन्वयविनाशादिति ज्ञात्वा को नाम रागादिप्रहाणनिमित्तं भावनायां यततेति? ।।११८३।।

**ટીકાર્થ :-**

**असति ..... यततेति? ।। અને આત્મા અવિદ્યમાન હોતે છતે કોણ ભાવના ભાવે છે ? કોઈ ભાવન કરતું નથી જ. એ પ્રકારનો ભાવ છે; કેમ કે તેના વગર=આત્મા વગર, અન્યના ભાવકત્વનો અયોગ છે. કેમ આત્માથી અન્ય ભાવનાનો ભાવક નથી ? તેમાં હેતુ કહે છે. ઘટાદિમાં તે પ્રકારના દર્શનનો અભાવ છે=ઘટાદિ 'હું આત્મા નથી' એ પ્રકારે ભાવન કરતા દેખાતા નથી. હવે કહેવાય છે, 'પરપરિકલ્પિત અવિચલિત એકરૂપવાળો આત્મા નથી' એ પ્રમાણે કહેવાય છે='નિત્યવાદી દ્વારા કલ્પિત ત્રણ કાળમાં અવિચલિત એક સ્વરૂપવાળો આત્મા સ્વીકારાય છે તેવો આત્મા નથી' એ પ્રમાણે કહેવાય છે. વળી 'જ્ઞાનરૂપ પ્રતિક્ષણ નશ્વર સ્વભાવવાળો આત્મા નથી' તેમ કહેવાતું નથી. તેથી તે=જ્ઞાન સ્વરૂપવાળો પ્રતિક્ષણ નશ્વર એવો આત્મા, ભાવનાને ભાવન કરશે, એથી અદોષ છે. તે અયુક્ત છે=બૌદ્ધનું આ પ્રકારનું સમાધાન અયુક્ત છે. જે કારણથી કહે છે, 'સર્વથા તે નિષેધ છે'= જે કારણથી પ્રતિક્ષણ વિનશ્વર સ્વભાવવાળો તે આત્મા તમારાથી પરિકલ્પિત સર્વથા પૂર્વે પરિણામિત્વની સિદ્ધિમાં નિરાકૃત કરાયો છે, તે કારણથી=તમારો કલ્પના કરાયેલો આત્મા જગતમાં વાસ્તવિક નથી તે કારણથી, તે=બૌદ્ધપરિકલ્પિત આત્મા, ભાવકયુક્ત નથી. વળી 'ભવિષ્યમાં મને વ્યાધિ નથી' એ પ્રમાણે જાણીને ક્રિયાને=તેના અભવનના પ્રતિવિધાન લક્ષણ ક્રિયાને=ભાવિના વ્યાધિના અભવન પ્રત્યે કારણ હોય એવી ચિકિત્સારૂપ ક્રિયાને, કોણ કરે ? અર્થાત્ મૂઢને છોડીને કોઈ બુદ્ધિમાન કરે નહીં જ, એ રીતે અહીં પણ=ભાવરોગના વિષયમાં પણ, 'મને રાગાદિનિમિત્ત સંસાર ભવિષ્યમાં નથી; કેમ કે અનંતર જ=બીજી ક્ષણમાં જ, મારો નિરન્વય વિનાશ છે', એ પ્રમાણે જાણીને રાગાદિના નાશના નિમિત્તે કોણ ભાવનામાં યત્ન કરે ? અર્થાત્ કોઈ બુદ્ધિમાન પુરુષ કરે નહીં. મૂઢ પુરુષ જ કરે. ગાથામાં રહેલો 'च' શબ્દ દૂષણાંતરના સમુચ્ચયમાં છે. ।।૧૧૮૩।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૧૮૧માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે બૌદ્ધ દર્શનવાદી રાગાદિના નાશનો ઉપાય અનિત્ય ભાવના કહે છે અને તે કહે છે કે, "આત્મા નથી" એ પ્રકારની દૃઢ ભાવના કરવાથી રાગાદિનો નાશ થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – "આત્મા વિદ્યમાન છે અને આત્મા નથી, એમ ભાવના કરે છે" અથવા "આત્મા વિદ્યમાન નથી અને આત્મા નથી, એમ ભાવના કરે છે." એ પ્રકારના બે વિકલ્પો થઈ શકે અને જો બૌદ્ધ મતાનુસાર "આત્મા છે" એ પ્રકારનો પક્ષ સ્વીકાર થાય આમ છતાં રાગાદિના નાશ અર્થે "આત્મા નથી" એમ ભાવના કરાય છે, તો તે ભાવના કઈ રીતે સમ્યગ્રૂપ થાય ? અર્થાત્ સમ્યગ્રૂપ થાય નહીં પરંતુ મિથ્યારૂપ જ થાય; કેમ કે "આત્મા છે" છતાં "આત્મા નથી" એમ ભાવન કરવું એ મિથ્યા પ્રવૃત્તિ છે અને મિથ્યારૂપ ભાવના કેવી રીતે દોષનાશ કરી શકે ? અર્થાત્ કરી શકે નહીં; અર્થાત્ મિથ્યાભાવનાને કારણે જ દોષો થાય છે. જેમ શરીરથી આત્મા ભિન્ન હોવા છતાં 'શરીરરૂપ હું છું' ઇત્યાદિ ભાવનાને કારણે જ રાગાદિ દોષો થાય છે તેમ આત્મા વિદ્યમાન હોવા છતાં 'આત્મા નથી' તેમ ભાવન કરવાથી પદાર્થને

વિપરીત જોવાની દૃષ્ટિરૂપ મિથ્યાત્વ જ દૃઢ થાય છે માટે "આત્મા નથી" એ પ્રકારની મિથ્યાભાવનાથી દોષોનો નાશ થાય નહીં.

બીજા પક્ષને આશ્રયીને ગ્રંથકારશ્રી કહે છે – હવે બૌદ્ધ દર્શનવાદી કહે કે 'આત્મા નથી' માટે અમે આત્મા નથી, એ પ્રકારની ભાવના કરીએ છીએ. તેથી તે ભાવના મિથ્યારૂપ બનશે નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે – જો પરમાર્થથી આત્મા ન હોય તો કોણ ભાવના કરે છે ? કોઈ કરતું નથી; કેમ કે આત્માને છોડીને ભાવના કરનાર અન્ય કોઈને સ્વીકારી શકાય નહીં. જેમ આત્માથી ભિન્ન ઘટાદિ છે તે 'હું આત્મા નથી' તેમ ભાવન કરતા નથી માટે 'આત્મા નથી' એમ કહીને આત્માના અભાવની ભાવનાથી રાગાદિ નાશ થાય છે એમ કહેવું પરસ્પર વિરોધી છે. હવે પૂર્વપક્ષી કહે કે અન્ય દર્શનવાળા સ્થિર આત્માને સ્વીકારે છે તેવો આત્મા નથી પરંતુ જ્ઞાનસ્વરૂપ આત્મા છે અને પ્રતિક્ષણ નશ્વર છે અને તે જ્ઞાનસ્વરૂપ પ્રતિક્ષણ નશ્વર આત્મા "આત્મા નથી=સ્થિર આત્મા નથી" એ પ્રકારની ભાવના કરશે જેનાથી રાગાદિ દોષો નાશ થશે. તેને ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વમાં આત્માના પરિણામિત્વની સિદ્ધિમાં પ્રતિક્ષણ નશ્વર આત્માનું નિરાકરણ કરાયું છે. તેથી તેવો નશ્વર આત્મા જગતમાં વિદ્યમાન નથી માટે તેને ભાવક સ્વીકારવો યુક્ત નથી. વળી ક્ષણિક આત્મા જગતમાં નહીં હોવા છતાં બૌદ્ધ મત પ્રમાણે તેનો સ્વીકાર કરીએ તો પણ તેવો ક્ષણિક આત્મા 'આત્મા નથી' એમ ભાવન કરે છે તેમ સ્વીકારવું ઉચિત નથી. તે બતાવવા અર્થે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે – જો આત્મા ક્ષણિક હોય તો બીજી ક્ષણમાં સર્વથા તેનો અભાવ પ્રાપ્ત થાય. તેથી ભવિષ્યમાં તેને રાગાદિરૂપ વ્યાધિ નથી તેમ નક્કી થાય; કેમ કે બીજી ક્ષણમાં જે ન હોય તેને રાગાદિ વ્યાધિ બીજી ક્ષણમાં કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં. તેથી ક્ષણિક એવા મને ભવિષ્યમાં વ્યાધિ નથી, તેમ જાણીને ભવિષ્યમાં મને વ્યાધિનો નાશ થાઓ, તેના અર્થે પ્રતિવિધાનરૂપ ચિકિત્સા કોણ કરે ? મૂઢ આત્મા જ કરે, બુદ્ધિમાન કરે નહીં. તેથી જેને જ્ઞાન છે કે 'બીજી ક્ષણમાં હું નથી' તે રાગાદિના નાશ નિમિત્તે 'આત્મા નથી', એ પ્રકારની ભાવનામાં યત્ન કરે નહીં પરંતુ મૂઢ જીવ જ કહે કે "હું ક્ષણિક છું છતાં ભાવિના રાગાદિના નાશ માટે હું ભાવના કરું છું." **॥૧૧૮૨-૧૧૮૩॥**

**અવતરણિકા :-**

**पर आह—**

**અવતરણિકાર્થ :-**

**પર કહે છે=બૌદ્ધ દર્શનવાદી કહે છે –**

**ગાથા :-**

**पुत्तस्स नो भविस्सइ गहणे सति तस्स जुज्जए एतं ।**
**अन्नस्स चिगिच्छाए पउणइ अन्नो न लोगम्मि ।।११८४।।**

**છાયા :-**

पुत्रस्य नो भविष्यति ग्रहणे सति तस्य युज्यते एतत् ।
अन्यस्य चिकित्सायां प्रगुणीभवति (प्रगुणयति) अन्यो न लोके ।।११८४।।

**ગાથાર્થ :-**

**'અમારા પુત્રને થશે=અમે રાગાદિ પ્રતિપક્ષ ભાવન કરશું તેથી અમારા સંતાનરૂપ પુત્રને રાગાદિ ક્લેશનો નાશ પ્રાપ્ત થશે', એમ બૌદ્ધ કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તેનું ગ્રહણ થયે છતે=પુત્રનું ગ્રહણ થયે છતે, આ ઘટે છે=પુત્ર અર્થે ધનઅર્જન ઘટે છે. લોકમાં અન્યની ચિકિત્સા કરાયે છતે અન્ય પ્રગુણી થતો નથી=રોગ રહિત થતો નથી. ।।૧૧૮૪।।**

**ટીકા :-**

**यथा इदं धनं भाविनि काले ममानुपयोगीति जानन्नपि पिता पुत्रस्य-आत्मजस्य नः-अस्माकं भविष्यतीति बुद्ध्या तदुपार्जनं प्रति प्रयतते, तद्वदिहापि मत्संतानभावी परंपरया उत्तरः क्षणो रागादिक्लेशविमुक्तो भविष्यतीति जानन् रागादिप्रहाणहेतुभावनायां यतत इति । अत्राह—'गहणे सइ तस्स जुज्जए एयं' ति तस्य पुत्रस्य ग्रहणे-दर्शने सति पुत्रस्य नो भविष्यतीत्येतत्संकल्पनं पितुर्युज्यते नान्यथा, लोके तथा दर्शनात्, न चेह स्वसंतानवर्त्तिनो भाविन उत्तरक्षणस्य विवक्षितज्ञानक्षणेन ग्रहणमस्ति, तत्कथं स तन्निमित्तं रागादिप्रहाणाय यतेतेति । अन्यच्च, लोके न अन्यस्य एकान्तविलक्षणस्य चिकित्सायां क्रियमाणायामन्यः प्रगुणीभवति, तथादर्शनाभावात्, तत्कथमिह विवक्षितक्षणचिकित्साया-मुत्तरक्षण एकान्तनिर्मलो भवेत् । ननु च लोके पितुर्नीरोगतायां सत्यां तेन तथारूपेण जनितस्य पुत्रस्यापि नीरोगता दृष्टा, तथाऽविगानेन प्रतीतेः,** 'मिताशनं षट् सुगुणा भजन्ते आरोग्यमायुश्च वपुर्बलं च । अनाविलं चास्य भवत्यपत्यं न चैनमाद्यून इति क्ष(क्षि)पन्ती'**त्यादिवचनाच्च । तत्कथमिह रागादिप्रहाणहेतुभूत-भावनया विशुद्ध्यमानात् विवक्षितक्षणादुत्तरक्षण एकान्तनिर्मलो न भवेदिति ? । तदयुक्तम्, दृष्टान्त-दार्ष्टान्तिकयोरत्यन्तं वैषम्यात् । पुत्रे हि पितृवीर्यस्यान्वयोऽस्ति तत्पुद्गलानामेव पुत्रशरीरतया परिणममानत्वात्, ततस्तत्र पितृनीरोगतया पुत्रस्य नीरोगता भवन्ती न विरुध्यते, इह तु प्राक्क्षणस्य निरन्वयविनाशितया निर्मूलत एवापगमे सति कथं तद्विशुद्धेरुत्तरस्य विशुद्धिर्भवेत् ?, मा प्रापदतिप्रसङ्ग इति यत्किंचिदेतत् ।।११८४।।**

**ટીકાર્થ :-**

यथा इदं ..... यत्किंचिदेतत् ।। જે પ્રમાણે આ ધન ભાવિકાલમાં મને અનુપયોગી છે, એ પ્રમાણે જાણતો પણ પિતા પોતાના પુત્રને પ્રાપ્ત થશે='મારું ધન ઉપયોગી થશે' એ બુદ્ધિથી તેના ઉપાર્જન પ્રત્યે પ્રયત્ન કરે છે. તેની જેમ અહીં પણ='આત્મા નથી', એ પ્રકારની ભાવનામાં પણ, મારા

સંતાનમાં થનારી પરંપરાથી ઉત્તર ક્ષણ રાગાદિ ક્લેશથી વિમુક્ત થશે, એ પ્રમાણે જાણતો પુરુષ રાગાદિના પ્રહાણના હેતુ એવી ભાવનામાં યત્ન કરે છે=રાગાદિના નાશના હેતુ "આત્મા નથી" એ પ્રકારની ભાવનામાં યત્ન કરે છે. અહીં=આ પ્રકારના બૌદ્ધ દર્શનના સમાધાનમાં, ગ્રંથકારશ્રી કહે છે – 'તે પુત્રનું ગ્રહણ થયે છતે=દર્શન થયે છતે, અમારા પુત્રનું થશે=મારું કમાયેલું ધન મારા પુત્રનું થશે', એ પ્રકારે આ સંકલ્પ પિતાને ઘટે છે અન્યથા નહીં=પુત્રનું દર્શન નહીં થયે છતે એ પ્રકારનો સંકલ્પ પણ ઘટતો નથી; કેમ કે તે પ્રકારે=પુત્રના દર્શન થવાથી પુત્ર અર્થે ધન કમાવાનો સંકલ્પ પિતાને થાય છે તે પ્રકારે, લોકમાં દર્શન છે, અને અહીં=ભાવનાના વિષયમાં સ્વસંતાનવર્તી ભાવિની ઉત્તર ક્ષણનું વિવક્ષિતજ્ઞાનક્ષણથી ગ્રહણ નથી. તે કારણથી તે=વિવક્ષિતજ્ઞાનક્ષણરૂપ આત્મા, તેના નિમિત્તે=પોતાના ભાવિના સંતાન નિમિત્તે, રાગાદિના નાશ માટે કેવી રીતે યત્ન કરે ? અર્થાત્ કરે નહીં. અને બીજું, લોકમાં એકાંત વિલક્ષણ એવા અન્યની ચિકિત્સા કરાયે છતે અન્ય પ્રગુણી થતો નથી=રોગરહિત થતો નથી; કેમ કે તે પ્રકારના દર્શનનો અભાવ છે=અન્ય ચિકિત્સા કરે અને અન્યને રોગનો અભાવ થાય તે પ્રકારે દર્શનનો અભાવ છે. તે કારણથી અહીં='આત્મા નથી', એ પ્રકારની ભાવના વિષયક, વિવક્ષિત ક્ષણની ચિકિત્સામાં ઉત્તરની ક્ષણ કેવી રીતે એકાંતથી નિર્મલ થાય ? અર્થાત્ થાય નહીં. અને 'નનુ'થી પૂર્વપક્ષી કહે છે – લોકમાં પિતાની નીરોગિતા હોતે છતે તથારૂપ એવા તેના વડે જનિત એવા પુત્રની પણ નીરોગિતા જોવાય છે; કેમ કે તે પ્રકારે અવિગાનથી=વિકલ્પ વગર, પ્રતીતિ છે, અને "પરિમિત ભોજન, છ સુગુણોને પ્રાપ્ત કરે છે. આરોગ્ય, આયુષ્ય, શરીર અને બલ. અનાવિલ=રોગરહિત, પુત્ર આને થાય છે અને એને=મિતાશન કરનારને, 'આ ખાઉધરો છે', એ પ્રમાણે લોકો ક્ષેપ કરતા નથી" ઈત્યાદિ વચન છે. તે કારણથી અહીં રાગાદિના નાશના હેતુભૂત ભાવનાથી વિશુદ્ધ્યમાન એવી વિવક્ષિત ક્ષણથી ઉત્તર ક્ષણ એકાંત કેવી રીતે નિર્મળ ન થાય ? તે='નનુ'થી પૂર્વપક્ષીએ કહ્યું તે, અયુક્ત છે; કેમ કે દૃષ્ટાંત દાર્ષ્ટાંતિકમાં અત્યંત વૈષમ્ય છે. હિ=જે કારણથી, પુત્રમાં પિતાના વીર્યનો અન્વય છે; કેમ કે તેના પુદ્ગલોનું જ=પિતાના વીર્યના પુદ્ગલોનું જ, પુત્રના શરીરપણાથી પરિણમન પામે છે. તેથી ત્યાં=પિતાથી પુત્ર થાય છે તેમાં, પિતાનું નીરોગીપણું હોવાથી પુત્રની નીરોગિતા થતી વિરોધ પામતી નથી. વળી અહીં=ભાવના કરનારમાં, પ્રાક્ ક્ષણનું નિરન્વય વિનાશીપણું હોવાથી નિર્મૂળથી જ અપગમ થયે છતે=પ્રથમ ક્ષણ સર્વથા અપગમ થયે છતે, તેની વિશુદ્ધિથી=ભાવના કરનાર જ્ઞાનક્ષણની વિશુદ્ધિથી, ઉત્તરના ક્ષણની વિશુદ્ધિ કેવી રીતે થાય ? અર્થાત્ થાય નહીં. અતિપ્રસંગ પ્રાપ્ત ન થાઓ=ભાવના કરનાર જ્ઞાન ક્ષણથી નિરન્વય વિનાશવાળી ઉત્તરની ક્ષણમાં જો વિશુદ્ધિ સ્વીકારવામાં આવે તો ભાવના કરનાર પુરુષના સંતાનથી અન્ય પુરુષના સંતાનમાં પણ વિશુદ્ધિનો અતિપ્રસંગ પ્રાપ્ત ન થાઓ એથી આ=પૂર્વપક્ષીનું કથન, યત્કિંચિત્ છે. ।।૧૧૮૪।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે "આત્મા એકાંત ક્ષણિક હોય તો 'આત્મા નથી', એ પ્રકારે રાગાદિના નાશ અર્થે કોઈ બુદ્ધિમાન પુરુષ પ્રયત્ન કરે નહિ; કેમ કે 'બીજી ક્ષણમાં જ પોતાનો સર્વથા નાશ

થશે' તેવો જેને નિર્ણય છે એ પુરુષ 'બીજી ક્ષણમાં પોતાને રાગાદિ નાશ થાઓ' એવા આશયથી ભાવના કરે નહીં." આ પ્રકારના ગ્રંથકારશ્રીના કથન સામે બૌદ્ધ દર્શનવાદી કહે છે – પિતાને બોધ છે કે 'મારી પાસે પ્રચુર ધન છે. તેથી મારા ધન કમાવાના પ્રયત્નથી પ્રાપ્ત થતું તે ધન મને ઉપયોગી થશે નહીં તો પણ મારા પુત્રને તે ધન ઉપયોગી થશે' તેવી બુદ્ધિવાળો પિતા ધનઉપાર્જનમાં યત્ન કરે છે, તેમ જેઓને ક્ષણિકવાદના પરમાર્થનો બોધ થયો છે તેઓને નિર્ણય છે કે બીજી ક્ષણમાં મારો સર્વથા વિનાશ છે તો પણ મારા સંતાનમાં રાગાદિ ભાવોના ક્લેશો પ્રાપ્ત થશે. તેથી 'હું આત્મા નથી' એ પ્રકારે નિપુણતાપૂર્વક ભાવન કરીશ તો મારા સંતાનને રાગાદિ ક્લેશનો ક્રમસર અભાવ પ્રાપ્ત થશે. તેથી પોતાના સંતાનના ક્લેશના નિવારણ અર્થે બુદ્ધિમાન પુરુષ પણ રાગાદિના નાશના હેતુ એવી 'હું ક્ષણિક છું' એ પ્રકારની ભાવના કરે. એ પ્રકારે બૌદ્ધ દર્શનવાદી કહે તેને ગ્રંથકારશ્રી કહે છે – પિતાને પુત્રનું દર્શન થાય છે. તેથી પુત્રના હિત અર્થે ધનઅર્જનનો સંકલ્પ કેટલાક પિતા કરે છે. જો તેને પુત્રનું દર્શન ન હોય તો પુત્ર અર્થે કોઈ વિવેકી પિતા ધન અર્જન કરે નહીં. જ્યારે ક્ષણિકવાદના મતાનુસાર પોતાનો આત્મા વર્તમાન ક્ષણના જ્ઞાનસ્વરૂપ છે અને ઉત્તરમાં જે તેનું સંતાન થવાનું છે તે વર્તમાનમાં વિદ્યમાન નથી તેથી તેનું ગ્રહણ તેને થતું નથી. તેથી જે સંતાન પોતાને સાક્ષાત્ દેખાતું નથી તેના હિત અર્થે 'હું રાગાદિ ભાવના નાશ અર્થે તેના ઉપાયમાં યત્ન કરું' તેવો વિકલ્પ કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં; કેમ કે પિતાને પોતાનો પુત્ર સાક્ષાત્ દેખાય છે. તેથી તેના હિત અર્થે ધનઅર્જનમાં પ્રવૃત્તિ કરે છે. જ્યારે વિવક્ષિત જ્ઞાનક્ષણરૂપ ક્ષણિક આત્માને ભાવિમાં થનારું પોતાનું સંતાન દેખાતું નથી. તેથી તેના નિમિત્તે રાગાદિનાશની ભાવના ક્ષણિક આત્મા કરે છે તેમ કહેવું અસંગત છે.

વળી બૌદ્ધનું કથન અસંગત છે તે સ્પષ્ટ કરવા અર્થે અન્ય યુક્તિ આપે છે – કોઈક પુરુષ રોગી હોય અને અન્ય કોઈ પુરુષ ચિકિત્સા કરે તેનાથી તે રોગીનો રોગ નાશ પામતો નથી તેમ વર્તમાનની ક્ષણવાળો આત્મા અન્ય છે અને ઉત્તરની ક્ષણવાળો આત્મા સર્વથા અન્ય છે; કેમ કે ક્ષણિકવાદના મતે આત્માનો નિરન્વય વિનાશ છે. તેથી વર્તમાન ક્ષણના આત્માથી ઉત્તરના ક્ષણનો આત્મા સર્વથા અન્ય છે અને વર્તમાન ક્ષણનો આત્મા રાગાદિ નાશની ભાવના કરે તેનાથી સર્વથા અન્ય એવા ઉત્તર ક્ષણના આત્માના રાગાદિ નાશ પામે તેમ કહી શકાય નહીં. અહીં પૂર્વપક્ષી કહે કે – 'પિતા અને પુત્ર સર્વથા અન્ય છે છતાં પિતા રોગરહિત હોય તો તેનાથી ઉત્પન્ન થયેલ પુત્ર પણ નીરોગિતાને પ્રાપ્ત કરે છે.' તેની જેમ વર્તમાન ક્ષણનો પોતાનો ક્ષણિક આત્મા ભાવના કરશે તેનાથી ક્રમસર ઉત્તર ઉત્તરના ક્ષણવાળા આત્માને રાગાદિરહિત અવસ્થાની પ્રાપ્તિ થશે. તેને ગ્રંથકારશ્રી કહે છે – આ પ્રકારનું બૌદ્ધનું સમાધાન પણ યુક્ત નથી; કેમ કે પિતાના વીર્યરૂપ પુદ્ગલો પુત્રના શરીરરૂપે પરિણમન પામે છે. તેથી આરોગ્યવાળા પિતાના વીર્યથી આરોગ્યવાળો પુત્ર થાય છે ત્યાં વીર્યનું અન્વય છે. જ્યારે એકાંત ક્ષણિક આત્મામાં તો પૂર્વ ક્ષણના આત્માનો ઉત્તર ક્ષણમાં કોઈ અન્વય નથી. જેથી પૂર્વ ક્ષણવાળો આત્મા ભાવના કરે તેનાથી ઉત્તર ક્ષણના આત્માને રાગાદિ નાશરૂપ ફળ થઈ શકે નહીં અને જો પૂર્વ ક્ષણના આત્મા સાથે ઉત્તર ક્ષણનો અન્વય નહીં હોવા છતાં પૂર્વ ક્ષણનો આત્મા ભાવના કરે છે તેનાથી અન્વય વગરના ઉત્તર ક્ષણના આત્માને રાગાદિના

અભાવની પ્રાપ્તિ થતી હોય તો પોતાનાથી અન્ય એવા ભિન્ન સંતાનવર્તી જીવોના પણ રાગાદિ નાશ થવાનો અતિપ્રસંગ પ્રાપ્ત થાય; કેમ કે જેમ પોતાના ઉત્તર ઉત્તરના સંતાન સાથે પોતાનો અન્વય નથી તેમ પોતાનાથી ભિન્ન અન્યના સંતાન સાથે પણ પોતાનો અન્વય નથી. તેથી ઉભયત્ર અન્વયનો અભાવ સમાન હોય તો પોતાના ભાવનથી પોતાના સંતાનમાં રાગાદિ નાશ થાય છે. તેમ અન્યના સંતાનમાં પણ રાગાદિના નાશના સ્વીકારવાનો પ્રસંગ આવે. માટે આત્મા ક્ષણિક છે, તેમ સ્વીકારીને 'આત્મા નથી' એ પ્રકારનું ભાવન રાગાદિના નાશનો ઉપાય છે. એ પ્રમાણે બૌદ્ધ દર્શનવાદી કહે છે, તે અર્થ વગરનું છે. **II૧૧૮૪II**

**અવતરણિકા :-**

**पुनरपि दूषणान्तरमाह—**

**અવતરણિકાર્થ :-**

**ફરી પણ દૂષણાંતરને કહે છે='આત્મા નથી' એ પ્રકારની ભાવના રાગ-દ્વેષના ક્ષયનું કારણ છે એ પ્રકારના બૌદ્ધના મતમાં ફરી અન્ય દૂષણને કહે છે –**

**ગાથા :-**

**नो भावी मे दोसो मम चेवाभावओ त्ति ता विसए ।**
**भुंजामि किं न बुद्धी जायइ णइरातवादम्मि? ।।११८५।।**

**છાયા :-**

**न भावी मे दोषो मम एवाभावादिति तस्माद् विषयान् ।**
**भुञ्जे किं न बुद्धि जायते नैरात्म्यवादे ? ।।११८५।।**

**ગાથાર્થ :-**

**મને ભવિષ્યમાં દોષ નથી; કેમ કે મારો જ અભાવ છે, તે કારણથી વિષયોને ભોગવું, એ પ્રકારની બુદ્ધિ નૈરાત્મ્યવાદમાં કેમ ન થાય ? અર્થાત્ થાય જ. ।।૧૧૮૫।।**

**ટીકા :-**

**नो भावी-न भविष्यति मे-मम दोषो, विवक्षितक्षणानन्तरमेव निरन्वयविनाशितया ममैव तदानीमभावात्, 'ता' तस्माद्विषयान्-मनोज्ञरूपादिलक्षणान् भुञ्जे इति किन्न बुद्धिर्नैरात्म्यवादेऽभ्युपगते सति जायते?, जायत एवेति भावः । अभिहितयुक्तेः समीचीनत्वात् ।।११८५।।**

**ટીકાર્થ :-**

**नो भावी- ..... समीचीनत्वात् ।। મને દોષ થશે નહીં; કેમ કે વિવક્ષિત ક્ષણ પછી જ નિરન્વય વિનાશીપણું હોવાથી મારો જ ત્યારે=ભવિષ્યમાં, અભાવ છે. તે કારણથી 'મનોજ્ઞ રૂપાદિ સ્વરૂપ**

**વિષયોને હું ભોગવું', એ પ્રકારે બુદ્ધિ નૈરાત્મ્યવાદ સ્વીકાર કરાયે છતે કેમ ન થાય ? અર્થાત્ થાય જ; કેમ કે કહેવાયેલી યુક્તિનું સમીચીનપણું છે=પોતે નિરન્વય નાશ પામનાર હોય તો ભોગના ત્યાગની બુદ્ધિ વિચારકને થાય નહીં એ પ્રકારની કહેવાયેલી યુક્તિનું યુક્તિયુક્તપણું છે. ॥૧૧૮૫॥**

**ભાવાર્થ :-**

બૌદ્ધ દર્શનવાદી રાગાદિના નાશના ઉપાયરૂપે નૈરાત્મ્યવાદને સ્વીકારે છે અને કહે છે કે 'મારો આત્મા ક્ષણિક છે તેવી બુદ્ધિ થવાથી આત્મા ઉપર સ્નેહ થાય નહીં.' તેને ગ્રંથકારશ્રી દોષ આપતાં કહે છે – વિવક્ષિત ક્ષણ પછી મારો સર્વથા અભાવ છે માટે મને ભવિષ્યમાં કોઈ અનર્થો થશે નહીં. તેથી પ્રાપ્ત થયેલા ભોગોને હું ભોગવું, એ પ્રકારની બુદ્ધિ નૈરાત્મ્યવાદમાં કેમ નહીં થાય ? અર્થાત્ અવશ્ય થશે; કેમ કે જીવ માત્ર સુખના અર્થી છે અને જ્યારે ભોગને કરવાની ઇચ્છા થાય તેવા વિકારો વિદ્યમાન છે, છતાં આ વિકારી સુખ આગામી દુઃખની પરંપરાનું કારણ છે તેવી બુદ્ધિ થવાથી જ જીવો થતા વિકારોનો રોધ કરીને નિર્વિકારી અવસ્થાના અર્થી બને છે. પરંતુ આગામી 'હું સર્વથા નથી માટે મને કોઈ દોષ નથી' તેવો સ્થિર નિર્ણય જેને છે, તે જીવ વિકારી પણ સુખમાં સુખનું સ્પષ્ટ વેદન થતું હોય તેને છોડીને ભોગના ત્યાગ અર્થે ક્યારેય પ્રવૃત્તિ કરે નહીં. માટે નૈરાત્મ્યવાદ ભોગમાં દૃઢ પ્રવૃત્તિ કરવાના ઉત્સાહનો આધાયક જ છે. **॥૧૧૮૫॥**

**અવતરણિકા :-**

**उपसंहारमाह—**

**અવતરણિકાર્થ :-**

**ઉપસંહારને કહે છે='ક્ષણિકવાદની નૈરાત્મ્ય ભાવના રાગાદિ દોષના નાશનું કારણ છે' એ પ્રકારના મતનું નિરાકરણ કર્યું તેના ઉપસંહારને કહે છે –**

**ગાથા :-**

**तम्हा असपक्खोऽयं जुत्तिविरोधा विवज्जयपसंगा ।**
**सत्ताणुगुन्नतो पुण जुज्जइ इय देसणामेत्तं ।।११८६।।**

**છાયા :-**

तस्मादसत्पक्षोऽयं युक्तिविरोधाद् विपर्ययप्रसंगात् ।
सत्त्वानुगुण्यतः पुनर्युज्यते इति देशनामात्रम् ।।११८६।।

**ગાથાર્થ :-**

**તે કારણથી આ='આત્મા નથી' એ પ્રકારની ભાવનાનો પક્ષ, અસત્ પક્ષ છે; કેમ કે યુક્તિનો વિરોધ છે અને વિપર્યયનો પ્રસંગ છે. વળી, સત્ત્વના અનુગુણ્યથી=જીવની યોગ્યતાને**

**આશ્રયીને, આ=આત્મા ક્ષણિક છે એ, દેશનામાત્ર ઘટે છે=એક દૃષ્ટિથી યોગ્ય જીવોને ઉપદેશ આપવારૂપ દેશનામાત્ર ઘટે છે. ।।૧૧૮૬।।**

**ટીકા :-**

**तस्मात् अयं-नास्त्येवात्मेति भावना रागादिदोषप्रहाणनिमित्तमिति पक्षोऽसत्पक्ष एव । कुत इत्याह–युक्तिविरोधात् पूर्वोक्तात्, विपर्ययप्रसङ्गाच्चानन्तरमेवोक्तात् । यदि पुनरुच्येत-सत्त्वानुगुण्यतः-सांसारिकसुखासक्तजन्त्वानुगुण्यतो भगवतेदं देशनामात्रं कृतं शाश्वतभावास्थानिवृत्त्यर्थमिति, तदा युज्यत एव, देशनाया विनेयानुगुण्येनान्यथापि कथंचित्प्रवृत्तेर्ब्राह्मणमृतजायाऽमृतदेशनावत् ।।११८६।।**

**ટીકાર્થ :-**

**तस्मात् ..... देशनावत् ।। તે કારણથી આ='આત્મા નથી' એ ભાવના રાગાદિ દોષના નાશનું નિમિત્ત છે એ પ્રકારનો પક્ષ, અસત્ પક્ષ જ છે. કયા કારણથી અસત્ પક્ષ છે ? એથી કહે છે – પૂર્વમાં કહેલ યુક્તિનો વિરોધ હોવાથી અને અનંતરમાં કહેલ જ વિપર્યયનો પ્રસંગ હોવાથી=ગાથા-૧૧૮૫માં કહેલ એ પ્રમાણે 'હું ભોગ ભોગવું' એ રૂપ વિપર્યયનો પ્રસંગ હોવાથી, બૌદ્ધનો પક્ષ અસત્ પક્ષ જ છે એમ સંબંધ છે. જો વળી કહેવાય છે. સત્ત્વના અનુગુણ્યથી=સંસારી સુખમાં આસક્ત જંતુના અનુસારથી, ભગવાન વડે આ દેશનામાત્ર શાશ્વત ભાવની આસ્થાની નિવૃત્તિ માટે કરાયેલી છે અર્થાત્ 'મારો આત્મા આ ભવમાં શાશ્વત છે', એવી આસ્થાની નિવૃત્તિ માટે ક્ષણિકવાદની દેશના માત્ર ભગવાન વડે કરાઈ છે, તો ઘટે જ છે=ક્ષણિક વાદી બૌદ્ધનો મત સંગત જ છે; કેમ કે દેશનાનું શિષ્યોના અનુગુણ્યને કારણે=દેશનાનું યોગ્ય જીવોના ઉપકારને અનુરૂપપણું હોવાને કારણે, અન્યથા પણ કોઈક રીતે પ્રવૃત્તિ છે. બ્રાહ્મણની મરેલી પત્ની અમૃત દેશનાની જેમ=નથી મરેલી એ પ્રકારની દેશનાની જેમ. (અર્થાત્ કોઈ બ્રાહ્મણની પત્ની મરી ગયેલી હોય અને તેના આઘાતથી તે બ્રાહ્મણ અત્યંત વિહ્વળ થયેલો હોય ત્યારે તેની વિહ્વળતાને દૂર કરવાના ઉપાય રૂપે કોઈ વૈદ્ય આદિ કહે કે 'તારી પત્ની હજી મરી ગઈ નથી', તે ઉપદેશ ઉચિત છે, તેમ જે જીવોને પોતાનો આત્મા મૃત્યુ સુધી શાશ્વત છે, તેવી સ્થિર બુદ્ધિને કારણે ભોગથી ચિત્ત વિમુખ થતું ન હોય ત્યારે સર્વ પદાર્થો ક્ષણિક છે, એમ 'તારો આત્મા પણ ક્ષણિક છે', એ પ્રકારે ઉપદેશ આપે તે ઉચિત છે.) ।।૧૧૮૬।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૧૮૧થી બૌદ્ધમત બતાવ્યો અને કહ્યું કે "તેઓ રાગાદિના નાશ માટે 'આત્મા નથી', એ પ્રકારની ભાવનાને સ્વીકારે છે અને તે ભાવના કઈ રીતે ઉચિત નથી ?" તેનું સ્થાપન ગાથા-૧૧૮૫ સુધી ગ્રંથકારશ્રીએ કર્યું. હવે તેનો ઉપસંહાર કરતાં કહે છે – રાગાદિ દોષના નાશનું નિમિત્ત 'આત્મા નથી', એ પ્રકારની ભાવનાને સ્વીકારનારો પક્ષ અસત્ પક્ષ છે; કેમ કે 'આત્મા નથી', એમ ભાવના કરવામાં

યુક્તિનો વિરોધ છે અર્થાત્ 'આત્મા ન હોય તો ભાવના કરનાર કોઈ નથી', તેમ માનવું પડે અને 'આત્મા છે', તેમ સ્વીકારીને 'આત્મા નથી', એ પ્રકારની ભાવના કરવી તે મિથ્યા ભાવના છે માટે મિથ્યા ભાવનાથી મિથ્યાત્વ જ સ્થિર થાય, રાગાદિ દોષનો નાશ થાય નહીં. વળી આત્માને ક્ષણિક સ્વીકારીને પણ 'આત્મા નથી', એ પ્રકારની ભાવના યુક્તિસંગત નથી, એમ પૂર્વમાં સ્થાપન કર્યું. તેથી 'આત્મા નથી', એ પ્રકારની ભાવનાનો પક્ષ મિથ્યાપક્ષ છે. વળી આત્માને ક્ષણિક સ્વીકારવામાં આવે તો ગાથા-૧૧૮૫માં કહ્યું તેમ વિષયોના ત્યાગનો પરિણામ જ થાય નહીં પરંતુ મનોજ્ઞ વિષય ભોગવવાનો જ પરિણામ થાય. તેથી 'આત્મા નથી', એ પ્રકારની ભાવનાથી રાગાદિની વૃદ્ધિનો જ પ્રસંગ છે.

વળી જીવોના ઉપકાર અર્થે ભગવાને અનિત્ય દેશના કહી છે. તે દૃષ્ટિથી આત્માને ક્ષણિક સ્વીકારવામાં આવે તો દોષ નથી. જેમ કેટલાક જીવો પોતે ૧૦૦ આદિ વર્ષ જીવનારા છે તેમ સ્પષ્ટ જોઈ શકે છે તો પણ ૧૦૦ વર્ષથી અધિક હું નથી ત્યાં સુધી શાશ્વત એવા પોતાના અવસ્થાનભાવને જોઈને નિશ્ચિંતપણે ભોગાદિમાં અને ભોગાદિની સામગ્રી મેળવવામાં પ્રવૃત્તિ કરે છે. વળી કેટલાક માને છે કે પોતાનો આત્મા શાશ્વત કૂટસ્થ છે અર્થાત્ નિત્ય છે. તેથી 'ભોગાદિમાં પ્રવૃત્તિ કરવા છતાં આત્મામાં કોઈ પરિવર્તન થતું નથી. તેથી દુર્ગતિમાં જનાર મારો આત્મા નથી, સંસારમાં પરિભ્રમણ કરનાર મારો આત્મા નથી પરંતુ હું ત્રિકાળવર્તી એક સ્વરૂપવાળો છું તેથી ભોગાદિ શરીર કરે છે, આત્મા કરતો નથી' તેમ એકાંતથી માને છે. તેવા જીવોને બોધ કરાવવા અર્થે કહેવામાં આવે છે કે 'જન્મથી માંડીને પ્રત્યક્ષથી દેખાતો આત્મા પ્રતિક્ષણ અન્ય અન્યરૂપે થતો દેખાય છે. આથી જ બાલ્યાવસ્થાથી વૃદ્ધિ પામીને પોતે વૃદ્ધ થાય છે.' પૂર્વ પૂર્વ ક્ષણના પરિણામવાળો આત્મા નાશ પામે છે અને ઉત્તર ઉત્તર ક્ષણમાં નવા નવા પર્યાયરૂપે આત્મા ઉત્પન્ન થાય છે. માટે જગતના સર્વ ભાવો ક્ષણિક છે, તેમ 'આત્મા પણ ક્ષણિક છે.' તેથી પોતાના આત્માના આગામી હિત અર્થે 'હું ધર્મમાં પ્રવૃત્તિ કરીશ તો મારું હિત થશે.' તેવો બોધ કરાવવા અર્થે શાશ્વત ભાવની આસ્થાની નિવૃત્તિ માટે આત્માને ક્ષણિક કહેનારા એક નયની દેશના પણ ઉચિત છે. જેમ કોઈ બ્રાહ્મણની પત્ની મૃત્યુને પામેલી હોય અને તેનાથી તે બ્રાહ્મણ અત્યંત શોકાતુર થવાથી મનનો કાબૂ નહીં કરી શકવાથી ગાંડા જેવો થયેલો હોય ત્યારે તેના મનને સ્વસ્થ કરવા અર્થે કહેવામાં આવે કે 'તારી પત્ની મૃત નથી, હજી જીવે છે. ઔષધના ઉપચારથી સ્વસ્થ થશે' તે આશ્વાસનથી તે બ્રાહ્મણ કંઈક સ્વસ્થતાને અનુભવે છે. તેથી મૃત પત્નીને પણ મરેલી નથી, એમ કહેનારું વચન દોષરૂપ નથી. તેમ આત્મા એકાંત ક્ષણિક નહીં હોવા છતાં એકાંત નિત્યવાદથી જેનું ચિત્ત અત્યંત આવિષ્ટ છે. તેના મોહના ઉન્માદની નિવૃત્તિને માટે આત્મા ક્ષણિક છે, તેમ એક નયથી સ્થાપન કરવામાં આવે જેનાથી એકાંતથી નિત્ય આત્માને માનનાર પુરુષની વાસના દૂર થાય છે. ત્યાર પછી યુક્તિથી 'કથંચિત્ આત્મા નિત્ય છે' અને 'કથંચિત્ આત્મા અનિત્ય છે', એ પ્રકારનો બોધ કરાવીને તે આત્માને માર્ગની પ્રાપ્તિ કરાવી શકાય. તેથી યોગ્ય જીવના ઉપકાર અર્થે 'આત્મા ક્ષણિક છે', એ પ્રકારની દેશનાની પ્રવૃત્તિ અન્યથા હોવા છતાં કથંચિત્ યુક્ત છે. **॥૧૧૮૬॥**

**અવતરણિકા :-**

**યદપ્યુક્તં– 'યદા હિ મોહાદાત્માऽસ્તીત્યભિમાન' ઇત્યાદિ યાવત્ 'યાવદાત્માભિનિવેશસ્તાવન્ન રાગાદિ-**

दोषप्रहाणमिति' तदप्यु(प्ययु)क्तम्, आत्मनि कथंचिन्नित्यरूपेऽपि सति तथाविधक्षयोपशमयोगेन रागादिदोषसंबन्धिनिदानादियाथात्म्यावगमतो निर्वेदभावेन विरतिपरिणामोत्पादने रागादिदोषप्रहाणोपपत्तेरित्यलं प्रसङ्गेन ।। यत्पुनरुक्तं—'यत् तद्धर्मभूतं न तस्य निरन्वयविनाशो यथा ज्ञानस्येति' तत्राचार्यः स्वयमेव—'धम्मा हवंति दुविहा' इत्यादिना प्रतिविधास्यते । यदप्युक्तम्—'यदनादिमत् न तन्निरन्वयविनाशि यथाऽऽकाशमिति' तदप्ययुक्तम्, हेतोरनैकान्तिकत्वात्, प्रागभावेन व्यभिचारात् । यच्चोक्तम्—'धम्मा य धम्मिणो किं भिन्नेत्यादि' तत्र प्रतिविधानमाह—

**અવતરણિકાર્થ :-**

જે પણ કહેવાયું=ગાથા-૧૧૮૧ની ટીકામાં જે પણ કહેવાયું, શું કહેવાયું, તે સ્પષ્ટ કરતાં કહે છે – 'જ્યારે આત્મા છે' એ પ્રકારનો મોહથી અભિમાન છે ઈત્યાદિથી માંડીને યાવત્ 'જ્યાં સુધી આત્માનો અભિનિવેશ છે, ત્યાં સુધી રાગાદિ દોષનો નાશ નથી' એ પ્રકારનું તે પણ બૌદ્ધનું કથન અયુક્ત છે; કેમ કે કથંચિત્ નિત્યરૂપ આત્મા હોતે છતે પણ તેવા પ્રકારના ક્ષયોપશમના યોગથી=આત્માના પારમાર્થિક હિતનો બોધ થાય તેવા માર્ગાનુસારી ક્ષયોપશમના યોગથી, રાગાદિ દોષ સંબંધી નિદાન આદિના યાથાત્મ્યનો અવગમ થવાથી=પોતાનામાં વર્તતા રાગાદિ દોષો સંબંધી હેતુ, સ્વરૂપ, વિષય અને ફલના યથાર્થ બોધ થવાથી, નિર્વેદ થવાને કારણે=રાગાદિ વિષયો પ્રત્યે ચિત્તમાં વિરક્ત ભાવ થવાને કારણે, વિરતિના પરિણામના ઉત્પાદનમાં='ભોગોથી હું વિરામ પામું' એ પ્રકારના પરિણામના ઉત્પાદનમાં, રાગાદિ દોષના નાશની ઉપપત્તિ છે. પ્રસંગથી સર્યું. જે વળી કહેવાયું=જે વળી ગાથા-૧૧૩૮ની ટીકામાં કહેવાયું, "જે તેના ધર્મભૂત છે=રાગાદિ આત્માના ધર્મભૂત છે, તેનો નિરન્વય વિનાશ થાય નહીં=સર્વથા વિનાશ થાય નહીં. જે પ્રમાણે જ્ઞાનનું=જે પ્રમાણે જ્ઞાન આત્માનો ધર્મ છે તેનો સર્વથા વિનાશ થતો નથી, એ પ્રકારે અસર્વજ્ઞવાદીએ જે કહેલું ત્યાં આચાર્ય સ્વયં જ "ધર્મ બે પ્રકારના હોય છે" ઈત્યાદિ દ્વારા આગળ પ્રતિવિધાન કરશે. જે વળી કહેવાયું=૧૧૩૮માં અસર્વજ્ઞવાદી વડે કહેવાયું. 'જે અનાદિવાળા હોય તે નિરન્વય વિનાશી નથી=આત્માના રાગાદિ અનાદિમાન છે, માટે તે સર્વથા વિનાશી નથી, જે પ્રમાણે આકાશ=આકાશ અનાદિમાન છે માટે તેનો સર્વથા વિનાશ નથી', તે પણ અયુક્ત છે=અસર્વજ્ઞવાદીનું એ પ્રકારનું કથન પણ અયુક્ત છે; કેમ કે હેતુનું અનેકાંતિકપણું છે=અનાદિમાન રૂપ હેતુનું વ્યભિચારીપણું છે. ક્યાં વ્યભિચાર છે ? તેમાં હેતુ કહે છે – પ્રાગ્ અભાવની સાથે વ્યભિચાર છે=કાર્યની નિષ્પત્તિ પૂર્વે અનાદિનો પ્રાગ્ અભાવ ઉપાદાનમાં વર્તે છે છતાં કાર્ય થાય છે ત્યારે તેનો નિરન્વય વિનાશ થાય છે. માટે વ્યભિચાર છે. અને જે કહેવાયું=ગાથા-૧૧૩૯માં જે કહેવાયું. "ધર્મ અને ધર્મી શું ભિન્ન છે ? ઈત્યાદિ" ત્યાં=પૂર્વમાં કરેલા તે કથનમાં, પ્રતિવિધાન કહે છે=નિરાકરણને કરે છે –

**ભાવાર્થ :-**

ગાથા-૧૧૮૧માં બૌદ્ધવાદીના મતાનુસાર ટીકામાં કહ્યું કે 'આત્મા છે' એ પ્રકારનું અભિમાન મોહથી

થાય છે. તેથી ‘હું છું’ એ પ્રકારે આત્મા પ્રત્યે સ્નેહ થાય છે. તેથી આત્મા પ્રત્યેના સ્નેહને કારણે સુખનાં સાધનોમાં મમત્વ થાય છે અને દુ:ખનાં સાધનોમાં દ્વેષ થાય છે અને જ્યાં સુધી ‘આત્મા છે’ એ પ્રકારનો અભિનિવેશ છે, ત્યાં સુધી રાગાદિ દોષનો નાશ થઈ શકે નહીં. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, આત્મા કથંચિત્ નિત્યરૂપ હોવા છતાં જે જીવોને માર્ગાનુસારી ક્ષયોપશમ થાય છે, તેઓ ‘નિત્ય આત્મા શાશ્વત સુખનો સ્વામી છે અને કર્મના સંયોગને કારણે સંસારની વિડંબના પામે છે અને કર્મોથી યુક્ત હોવાને કારણે શરીર આદિ પ્રત્યે રાગાદિ થાય છે અને રાગાદિને કારણે ફરી કર્મ બંધાય છે જેના ફળરૂપે નવા નવા જન્મની પરંપરાની પ્રાપ્તિ થાય છે તે પ્રકારના સંસારના પરિભ્રમણની વિડંબના પોતાના રાગાદિના પરિણામવશ જીવને પ્રાપ્ત થાય છે, તેવું ચિંતવન કરે છે. તેથી વિવેક પ્રગટ થવાને કારણે તે મહાત્મા રાગાદિ દોષના સંબંધી નિદાન આદિ ચારેય ભાવોનો યથાર્થ સ્વરૂપ શાસ્ત્રોથી જાણે છે અને તેનાથી આત્માને ભાવિત કરે છે. તેથી ભોગાદિ પ્રત્યે તેઓને નિર્વેદ થાય છે. તેના કારણે ભોગાદિની વિરતિનો પરિણામ પ્રગટ થાય છે, તેથી ભોગાદિનો ત્યાગ કરે છે જેનાથી રાગાદિ દોષના નાશની ઉપપત્તિ થાય છે માટે આત્માને કથંચિત્ નિત્ય માનવા છતાં રાગાદિ દોષોનો નાશ થઈ શકે છે. આ રીતે બૌદ્ધ મતનું નિરાકરણ કર્યું તે પ્રસંગથી પ્રાપ્ત હતું તેનો વિસ્તાર અહીં પૂર્ણ થયો.

વળી, જે અસર્વજ્ઞવાદી વડે કહેવાયેલું કે રાગાદિ આત્માના ધર્મભૂત છે. તેથી આત્માના ધર્મોનો નિરન્વયનાશ થઈ શકે નહીં. જેમ આત્માનો જ્ઞાન ધર્મ છે, તેનો નિરન્વય નાશ થતો નથી. આ પ્રકારના અસર્વજ્ઞવાદી વડે ‘ભગવાન વીતરાગ થઈ શકે નહીં’, એમ જે કહેવાયેલું ત્યાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ધર્મ બે પ્રકારના છે. તેથી કેટલાક ધર્મો નાશ પામી શકે છે અને કેટલાક ધર્મો નાશ પામી શકતા નથી ઇત્યાદિ કથન દ્વારા આત્માના રાગાદિ ધર્મો નાશ થઈ શકે છે તે પ્રકારનું સમાધાન આગળ ગ્રંથકારશ્રી કરશે.

વળી, અસર્વજ્ઞવાદીએ કહેલું કે જે રાગાદિ આત્મામાં અનાદિના છે તેનો નિરન્વય નાશ થઈ શકે નહીં જેમ આકાશનો નિરન્વય નાશ થતો નથી. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનમાં અનાદિમાન હેતુ અનેકાંતિક છે=વ્યભિચારી છે; કેમ કે પ્રાગ્ અભાવની સાથે વ્યભિચારની પ્રાપ્તિ છે. જેમ ભવ્ય જીવોમાં મોક્ષમાં જવાની યોગ્યતારૂપ મોક્ષનો પ્રાગ્ અભાવ છે જે અભાવ તે જીવમાં અનાદિનો છે અને તે જીવ મોક્ષમાં જાય છે ત્યારે મોક્ષમાં જવાની યોગ્યતારૂપ જે મોક્ષનો પ્રાગ્ અભાવ હતો તે નાશ પામે છે. તેમ અનાદિના રાગાદિ ભાવો આત્મામાં વર્તે છે તે પણ વિવેકપૂર્વકની કરાયેલી પ્રતિપક્ષ ભાવનાથી નાશ પામી શકે છે.

વળી, અસર્વજ્ઞવાદીએ ગાથા-૧૧૩૯માં કહેલું કે આત્માના ધર્મો આત્માથી ભિન્ન છે કે અભિન્ન છે ? તે બે વિકલ્પ કરીને ભગવાનમાં વીતરાગતાનો સંભવ નથી તેમ સ્થાપન કર્યું. તેનું નિરાકરણ કરતા ગ્રંથકારશ્રી ગાથામાં કહે છે –

**ગાથા :-**

**धम्मा य धम्मिणो इह भिन्नाभिन्ना भवंति नायव्वा ।**
**न वि (हि) धम्मिधम्मभावो जुज्जइ एगंतवादम्मि ।।११८७।।**

**છાયા :-**

**धर्माश्च धर्मिण इह भिन्नाभिन्ना भवन्ति ज्ञातव्याः ।**
**न हि धर्मिधर्मभावो युज्यत एकान्तवादे ।।११८७।।**

**ગાથાર્થ :-**

**અહીં=જગતમાં, ધર્મીથી ધર્મો ભિન્નાભિન્ન જ્ઞાતવ્ય થાય છે. हि=જે કારણથી, એકાંતવાદમાં=ધર્માધર્મીના એકાંતભેદવાદમાં અને એકાંત અભેદવાદમાં, ધર્મિધર્મભાવ ઘટતો નથી. ।।૧૧૮૭।।**

**ટીકા :-**

**धर्माश्च धर्मिणः सकाशादिह-जगति भिन्नाभिन्नाः जात्यन्तरात्मकभेदाभेदोपेता भवन्ति ज्ञातव्याः, न तु भिन्ना नाप्यभिन्ना अपि तु परस्परसंलुलितभेदाभेदसमन्विताः, कुत इत्याह—हिः=यस्मादेकान्तवादेऽभ्युपगम्यमाने सति धर्मधर्मिभावो न युज्यते ।।११८७।।**

**ટીકાર્થ :-**

धर्माश्च ..... युज्यते ।। અહીં=જગતમાં, ધર્મીથી ધર્મો ભિન્નાભિન્ન છે=જાત્યન્તરાત્મક ભેદાભેદયુક્ત જ્ઞાતવ્ય થાય છે=ભિન્નત્વ જાતિવાળા પણ નથી અભિન્નત્વ જાતિવાળા પણ નથી પણ ભિન્નાભિન્નત્વરૂપ એકજાતિવાળા જ્ઞાતવ્ય છે, પરંતુ ભિન્ન પણ નથી=ધર્મીથી ભિન્ન પણ નથી, વળી અભિન્ન પણ નથી=ધર્મીથી અભિન્ન પણ નથી, પરંતુ પરસ્પર સંલુલિત ભેદાભેદ સમન્વિત છે. કયા કારણથી ? એથી કહે છે=ભિન્નાભિન્નરૂપ એકજાતિવાળા કયા કારણથી છે ? એથી કહે છે – हि=જે કારણથી, એકાંતવાદ સ્વીકાર કરાયે છતે, ધર્મધર્મીભાવ ઘટતો નથી. ।।૧૧૮૭।।

**અવતરણિકા :-**

**कथमित्याह—**

**અવતરણિકાર્થ :-**

કેવી રીતે એકાંતવાદમાં ધર્મધર્મિભાવ ઘટતો નથી ? એથી કહે છે –

**ગાથા :-**

**एगंतभेदपक्खे धम्मा एयस्स को णु संबंधो? ।**
**एगंताभेदम्मिऽवि दुहाभिहाणादि कह जुत्तं? ।।११८८।।**

**છાયા :-**

एकान्तभेदपक्षे धर्मा एतस्य को नु सम्बन्धः ? ।
एकान्ताभेदेऽपि द्विधाऽभिधानादि कथं युक्तम् ।।११८८।।

ગાથાર્થ :-

એકાંત ભેદ પક્ષમાં આના ધર્મો=આ ધર્મીના ધર્મો, એ પ્રકારે કયો સંબંધ થાય ? અર્થાત્ થાય નહીં. એકાંત અભેદમાં પણ બે પ્રકારના અભિધાનાદિ=ધર્મ અને ધર્મી એ પ્રકારના અભિધાનાદિ, કેવી રીતે યુક્ત થાય ? અર્થાત્ થાય નહીં. ।।૧૧૮૮।।

ટીકા :-

एकान्तभेदपक्षे सति 'एतस्य धर्मिणः संबन्धिनो धर्मा' इति को नु संबन्धः स्यात्?, किं तादात्म्यलक्षणस्तदुत्पत्तिलक्षणः समवायलक्षणो वा?, नैव कश्चिदितिभावः । भेदाभ्युपगमे सति तादात्म्यायोगात्, कार्यकारणभावानभ्युपगमाच्च तदुत्पत्तेरप्ययोगात्, समवायस्य प्रागेव प्रतिषिद्धत्वादिति । स्यादेतत्, मा भूदेकान्तभेदपक्षे धर्मधर्मिभावः, अभेदपक्षे भविष्यतीत्येतदाशङ्क्याह—एकान्ताभेदेऽप्यभ्युपगम्यमाने द्विधाभिधानादि-धर्मधर्म्यभिधानादि कथं युक्तं? नैव कथंचनेतिभावः । तथाहि—एकान्तेनाभेदे सति धर्ममात्रं वा स्यात् धर्मिमात्रं वा इतरेतराव्यतिरिक्तत्वात्, इतरेतरस्वरूपवत्, तथा च सति कथं 'धर्मी, धर्मा' इति द्वयोरभिधानमुपपद्यते?, एकतरस्यैव सत्त्वात्, आदिशब्दादेकस्याप्यभिधानमयुक्तमिति परिगृह्यते, तयोरात्मलाभस्येतरेतरनान्तरीयकत्वात्, धर्मनान्तरीयको हि धर्म्मी धर्मिनान्तरीयकाश्च धर्माः, ततोऽनयोरेकतरस्याभावेऽन्यतरस्याप्यभाव इत्येकस्याप्यभिधानमयुक्तमिति । तस्मात् भेदाभेदपक्ष एव धर्मधर्मिणोः समीचीनः । ननु भेदाभेदपक्षोऽपि कथं समीचीनो यावता तत्रापि येनाकारेण भेदस्तेन भेद एव, ततश्च तदपेक्षया कथं तयोः संबन्धः स्यात्?, येन चाकारेणाभेदस्तेनाभेद एव ततश्च तदपेक्षया तयोरेकान्तेनैकत्वमिति द्वयाभिधानमयुक्तम्, तदुक्तम्—

'भेदाभेदोक्तदोषाश्च, तयोरिष्टौ कथं न वा? ।
प्रत्येकं ये प्रसज्यन्ते, द्वयोर्भावे कथं न ते? ।।१।। **इति'** ।।

अथ येनैवाकारेण भेदस्तेनैवाभेदो येनैव चाभेदस्तेनैव भेद इति, तदप्ययुक्तम्, विरोधात्, तथाहि—येनाकारेण भेदः कथं तेनैवाभेदः, अथाभेदः कथं भेद इति?, तदेतदसमीचीनम्, अन्योऽन्यव्याप्तिलक्षणजात्यन्तरात्मकभेदाभेदपक्षाभ्युपगतावुक्तदोषाणामनवकाशात् । धर्मा हि धर्मिणा सह परस्परं लोलीभावेनावस्थितास्ततो न तयोर्भेद एव, तद्भावे सति लोलीभावस्यानुपपद्यमानत्वात्, नाप्यभेद एव, तथा च सति परस्परमिति विशेषणानुपपत्तेः, द्वयोर्हि विविक्तस्वरूपलाभे सति परस्परमित्युपपद्यते नान्यथेति, उक्तं च—

'अन्योऽन्यमिति यद्भेदं, व्याप्तिश्चाह विपर्ययम् ।
भेदाभेदे द्वयोस्तस्मादन्योऽन्यव्याप्तिसंभवः ।।१।। **इति'** ।

न चात्रोभयपक्षभाविनो दोषा आपद्यन्ते, केवलभेदाभेदलक्षणोभयानभ्युपगमेन तन्निबन्धनानां तेषामिहावकाशायोगात् । धर्मिधर्मा हि स्वभावत एवेत्थमन्योऽन्यसंलुलिता येन न तेषामंशेन भेदोऽभेदो वा केवलः शक्यो व्यवस्थापयितुमिति ।।११८८।।

**ટીકાર્થ :-**

एकान्तभेदपक्षे ..... व्यवस्थापयितुमिति ।। એકાંત ભેદપક્ષ હોતે છતે=ધર્મથી ધર્મીનો એકાંત ભેદપક્ષ હોતે છતે, 'આ ધર્મી સંબંધીના ધર્મો છે', એ પ્રકારે કયો સંબંધ થાય ? શું તાદાત્મ્ય લક્ષણ અથવા તદ્ઉત્પત્તિ લક્ષણ અથવા સમવાય લક્ષણ થાય ? કોઈ થાય નહીં જ=આ ત્રણ સંબંધમાંથી કોઈ સંબંધ થાય નહીં જ; કેમ કે ભેદ સ્વીકાર કરાયે છતે=ધર્મિથી ધર્મનો ભેદ સ્વીકાર કરાયે છતે, તાદાત્મ્યનો અયોગ છે=ધર્મ અને ધર્મિનો તાદાત્મ્ય સંબંધનો અયોગ છે, અને કાર્યકારણભાવનો અનભ્યુપગમ હોવાથી=ધર્મ-ધર્મી વચ્ચે કાર્યકારણ ભાવનો અસ્વીકાર હોવાથી, તદ્ઉત્પત્તિનો પણ અયોગ છે=ધર્મ-ધર્મી વચ્ચે તદ્ઉત્પત્તિ સંબંધનો પણ અયોગ છે. સમવાયનું પૂર્વમાં જ પ્રતિષિદ્ધપણું છે=ધર્મ અને ધર્મી વચ્ચે સમવાય સંબંધ નૈયાયિક સ્વીકારે છે તેનું ગ્રંથકારશ્રીએ પૂર્વમાં જ નિરાકરણ કરેલું છે. 'આ પ્રમાણે થાય, શું થાય ?' તે બતાવે છે. 'એકાંત ભેદપક્ષમાં ધર્મ-ધર્મીભાવ ન થાય 'અભેદ પક્ષમાં થશે=ધર્મ અને ધર્મીનો એકાંત અભેદ સ્વીકારવાથી તે બેનો સંબંધ થશે', એ પ્રકારની આશંકા કરીને કહે છે – એકાંત અભેદ સ્વીકાર કરાયે છતે=ધર્મીથી ધર્મનો એકાંત અભેદ સ્વીકાર કરાયે છતે, 'બે પ્રકારના અભિધાનાદિ=આ ધર્મ છે અને આ ધર્મી છે' એ પ્રકારના અભિધાનાદિ, કેવી રીતે યુક્ત થાય ? અર્થાત્ કોઈ રીતે થાય નહીં જ, એ પ્રકારનો ભાવ છે. તે આ પ્રમાણે – એકાંતથી અભેદ હોતે છતે=ધર્મીથી ધર્મનો એકાંત અભેદ હોતે છતે, ધર્મ માત્ર થાય અથવા ધર્મી માત્ર થાય; કેમ કે ઈતર ઈતરનું=ધર્મ-ધર્મી પરસ્પરનું, અવ્યતિરિક્તપણું છે=અભેદપણું છે, ઈતર ઈતરના સ્વરૂપની જેમ અને તે પ્રકારે હોતે છતે=એકાંત અભેદ પક્ષમાં ધર્મ માત્ર થાય અથવા ધર્મી માત્ર થાય એ પ્રકારે હોતે છતે, 'ધર્મી, ધર્મો' એ પ્રકારે બેનું અભિધાન=બંનેનું કથન, કેવી રીતે ઘટે ? અર્થાત્ ઘટે નહીં; કેમ કે એકતરનું જ સત્ત્વ છે, 'આદિ' શબ્દથી એકનું પણ કથન અયુક્ત છે એ પ્રમાણે પરિગ્રહણ થાય છે; કેમ કે તે બંનેના આત્મલાભનું ઈતર ઈતર અવિનાભાવિપણું છે=ધર્મના પોતાના સ્વરૂપની પ્રાપ્તિ ધર્મીને આધીન છે અને ધર્મિના સ્વરૂપની પ્રાપ્તિ ધર્મને આધીન છે તેથી ધર્મ કે ધર્મી એ બેમાંથી એકનું પણ અભિધાન યુક્ત નથી એમ સંબંધ છે. हि=જે કારણથી, ધર્મની સાથે અવિનાભાવિ ધર્મી છે. ધર્મીની સાથે અવિનાભાવી ધર્મો છે. તેથી આ બંનેના એકતરના અભાવમાં અન્યતરનો પણ અભાવ છે. એથી એકનું પણ અભિધાન અયુક્ત છે=ધર્મ અને ધર્મીમાંથી 'ધર્મ જ છે અથવા ધર્મી જ છે' એ રૂપ એકનું પણ કથન અયુક્ત છે. તે કારણથી ધર્મધર્મીનો ભેદાભેદ પક્ષ જ સમીચીન છે=યુક્તિસંગત છે. 'નનુ'થી શંકા કરે છે. ભેદાભેદ પક્ષ પણ=ધર્મ અને ધર્મીનો કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદરૂપ પક્ષ પણ, કેવી રીતે સમીચીન થાય ? જેટલાથી ત્યાં પણ=ભેદાભેદ પક્ષમાં પણ, જે આકારથી ભેદ છે તે આકારથી ભેદ જ છે અને તેથી=ભેદાભેદ પક્ષમાં પણ જે

આકારથી ભેદ છે તે આકારથી ભેદ જ છે તેથી, તે અપેક્ષાએ તે બંનેનો સંબંધ કેવી રીતે થાય ?= ધર્માધર્મીનો સંબંધ કેવી રીતે થાય ? અને જે આકારથી અભેદ જ છે=ધર્મ-ધર્મીનો જે આકારથી અભેદ જ છે તે આકારથી અભેદ જ છે અને તેથી=ધર્મ અને ધર્મીનો અભેદ જ છે તેથી, તેની અપેક્ષાથી=ધર્મધર્મીની અભેદ અપેક્ષાથી, તે બંનેનું=ધર્મધર્મીનું, એકાંતથી એકત્વ છે. એથી બંનેનું કથન=ધર્મ અને ધર્મી બંનેનું કથન, અયુક્ત છે, તે કહેવાયું છે — ભેદાભેદમાં કહેવાયેલા દોષો છે. તે બંનેમાં=ભેદ પક્ષમાં અને અભેદ પક્ષમાં, ઈષ્ટ છે=ભેદ પક્ષમાં અભેદ પક્ષ વડે કહેવાયેલા દોષો ઈષ્ટ છે અને અભેદ પક્ષમાં ભેદ પક્ષ વડે કહેવાયેલા દોષો ઈષ્ટ છે. પ્રત્યેકને આશ્રયીને તે દોષો કેવી રીતે પ્રાપ્ત ન થાય ? અર્થાત્ પ્રાપ્ત થાય. બંનેના પણ ભાવમાં=ભેદ-અભેદરૂપ ઉભય પક્ષના સ્વીકારમાં, કેવી રીતે તે નથી અર્થાત્ તે દોષોની પ્રાપ્તિ ઉભય પક્ષરૂપ સ્યાદ્વાદના સ્વીકારમાં તે નથી. હવે જે જ આકારથી ભેદ છે તે જ આકારથી અભેદ છે અને જે જ આકારથી અભેદ છે તે જઆકારથી ભેદ છે તે પણ અયુક્ત છે=ભેદાભેદ પક્ષમાં અયુક્ત છે; કેમ કે વિરોધ છે. તે આ પ્રમાણે — જે આકારથી ભેદ છે=ધર્મધર્મીનો ભેદ છે, તે જ આકારથી કેવી રીતે અભેદ થાય ? અર્થાત્ થાય નહીં. હવે અભેદ છે=ધર્માધર્મીનો અભેદ છે, તો ભેદ કેવી રીતે થાય ?=જે આકારથી અભેદ છે તે જ આકારથી કેવી રીતે ભેદ થાય ? તે આ='નનુ'થી માંડીને અત્યાર સુધી પૂર્વપક્ષીએ કહ્યું તે આ, અસમીચીન છે= અયુક્ત છે; કેમ કે અન્યોન્ય વ્યાપ્તિ લક્ષણ જાત્યન્તરાત્મક ભેદાભેદ પક્ષ અભ્યુપગત હોતે છતે=ભેદાભેદ પક્ષ સ્વીકાર કરાયે છતે, ઉક્ત દોષોનો='નનુ'થી પૂર્વપક્ષીએ જે ઉભયપક્ષના દોષો બતાવ્યા અને આકારને ગ્રહણ કરીને જે દોષો બતાવ્યા તે દોષોનો, અનવકાશ છે=તે દોષોની પ્રાપ્તિ નથી. हि=જે કારણથી, ધર્મો ધર્મીની સાથે પરસ્પર લોલીભાવથી અવસ્થિત છે. તેથી તે બંનેનો ભેદ નથી જ. તેનો ભાવ હોતે છતે=તે બંનેનો ભેદ હોતે છતે, લોલીભાવનું અનુપપદ્યમાનપણું છે. વળી, અભેદ નથી જ. અને તે પ્રકારે હોતે છતે=ધર્મ-ધર્મીનો એકાંત અભેદ હોતે છતે, 'પરસ્પર' એ પ્રકારના વિશેષણની અનુપપત્તિ છે, हि=જે કારણથી, બંનેનો પરસ્પર વિવિક્ત સ્વરૂપનો લાભ થયે છતે, 'પરસ્પર' એ પ્રમાણે ઘટે છે='પરસ્પર લોલીભાવથી અવસ્થિત છે' એ કથનમાં 'પરસ્પર' એ પ્રકારનું વિશેષણ ઘટે છે અન્યથા નહીં=બંનેના વિવિક્ત સ્વરૂપના લાભ વગર નહીં. અને કહેવાયું છે, "અન્યોન્ય છે એ પ્રમાણે જે ભેદ અને વ્યાપ્તિ બંનેના ભેદાભેદના વિપર્યયને કહે છે, તે કારણથી અન્યોન્ય વ્યાપ્તિનો સંભવ છે" અને અહીં=ભેદાભેદની અન્યોન્ય વ્યાપ્તિમાં, ઉભય પક્ષ ભાવિ=ભેદ પક્ષ અને અભેદ પક્ષરૂપ ઉભય પક્ષ ભાવિ એવા, દોષો પ્રાપ્ત થતા નથી; કેમ કે કેવળ ભેદ અને કેવળ અભેદ લક્ષણ ઉભયનો અનભ્યુપગમ હોવાથી તદ્નિબંધન તેઓનો=કેવળભેદ નિબંધન દોષોનો કે કેવળ અભેદ નિબંધન દોષોનો, અહીં=લોલીભૂત ભેદાભેદ પક્ષમાં, અવકાશનો અયોગ છે. हि=જે કારણથી, ધર્મી અને ધર્મો સ્વભાવથી જ આ પ્રકારે=પૂર્વમાં કહ્યું એ પ્રકારે, અન્યોન્ય સંલુલિત છે. જે કારણથી તેઓનો=અન્યોન્ય સંલુલિત એવા ધર્મ-ધર્મીનો, અંશથી ભેદ અથવા અંશથી અભેદ કેવળ વ્યવસ્થાપન કરવા માટે શક્ય નથી. ॥૧૧૮૮॥

**ભાવાર્થ :-**

ગાથા-૧૧૩૯માં વીતરાગનો સંભવ નથી એ બતાવવા અર્થે પૂર્વપક્ષીએ કહેલ કે 'જો આત્માથી રાગાદિ ધર્મો સર્વથા ભિન્ન હોય તો સર્વ જીવો વીતરાગ છે તેમ પ્રાપ્ત થાય અને અભિન્ન હોય, તો પ્રતિપક્ષના ભાવનથી અભિન્ન એવા રાગાદિનો નાશ થવાથી આત્માનો અભાવ પ્રાપ્ત થાય.' તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે - આત્મારૂપ ધર્મિથી રાગાદિરૂપ ધર્મો ભિન્ન-અભિન્ન છે=જાત્યન્તરાત્મક ભેદાભેદ સ્વરૂપ છે પરંતુ માત્ર ભિન્ન નથી કે માત્ર અભિન્ન નથી. કેમ માત્ર ભિન્ન કે માત્ર અભિન્ન નથી ? તેમાં યુક્તિ બતાવે છે. ધર્મી કરતાં રાગાદિ ધર્મોને એકાંતે ભિન્ન સ્વીકારવા હોય તો ત્રણ સંબંધથી વિચારણા થઈ શકે. ધર્મ અને ધર્મી વચ્ચે તાદાત્મ્ય લક્ષણ સંબંધ છે, તદ્ઉત્પત્તિ લક્ષણ સંબંધ છે કે સમવાય લક્ષણ સંબંધ છે. (૧) જો આત્માથી રાગાદિનો એકાંત ભેદ હોય તો તાદાત્મ્ય સંબંધ પણ થઈ શકે નહીં અને કાર્યકારણ ભાવરૂપ સંબંધ પણ થઈ શકે નહીં. આશય એ છે કે આત્મારૂપ ધર્મીથી રાગાદિરૂપ ધર્મનો જાત્યન્તરાત્મક ભેદાભેદરૂપ સંબંધ સ્વીકારવામાં આવે તો આત્માની સાથે તાદાત્મ્ય સંબંધથી રાગાદિ રહેલા છે તેમ સ્વીકારી શકાય; કેમ કે આત્માના જ પરિણામરૂપ રાગાદિ ભાવો છે પરંતુ આત્માથી ભિન્ન ઘટ, પટાદિના જેવા રાગાદિ નથી. માટે તે બે વચ્ચે તાદાત્મ્ય ભાવનો સંબંધ છે તેમ સ્વીકારી શકાય. (૨) આત્મા રાગાદિનું કારણ છે અને રાગાદિ આત્મામાં કાર્યરૂપે ઉત્પન્ન થાય છે તેમ જાત્યન્તરાત્મક ભેદાભેદ સ્વીકારવાથી સંગત થાય પરંતુ રાગાદિને આત્માથી ભિન્ન સ્વીકારીએ તો રાગાદિ વચ્ચે આત્માનો તાદાત્મ્ય ભાવરૂપ સંબંધ નથી અને કાર્યકારણ ભાવરૂપ પણ સંબંધ નથી તેમ પ્રાપ્ત થાય. (૩) વળી નૈયાયિક આત્મામાં વર્તતા રાગાદિ ધર્મને એકાંત ભિન્ન સ્વીકારીને સમવાય સંબંધથી 'આત્મામાં રાગાદિ રહે છે' તેમ માને છે તે પણ સંભવી શકે નહીં. એ પ્રકારે પૂર્વમાં ગ્રંથકારશ્રીએ નિરાકરણ કરેલ છે; કેમ કે આત્મા અને રાગાદિ બંનેને સંબંધ કરવા માટે સમવાય સંબંધની નૈયાયિક કલ્પના કરે છે તે સંબંધને રાખવા માટે પણ અન્ય સંબંધની કલ્પના કરવી પડે. તેથી અનવસ્થાની પ્રાપ્તિ થાય અને તેના નિવારણ માટે નૈયાયિક 'સમવાયનો ગુણગુણી સાથે સ્વરૂપ સંબંધ છે' તેમ કહે છે તો નૈયાયિકે ગુણગુણી વચ્ચે જ સ્વરૂપ સંબંધ સ્વીકારવો જોઈએ, જે તાદાત્મ્ય સંબંધરૂપ જ છે અને તેમ સ્વીકારીએ તો જાત્યન્તરાત્મક ભેદાભેદને સ્વીકારની જ પ્રાપ્તિ થાય. માટે એકાંત ભેદ પક્ષમાં આત્મારૂપ ધર્મી સાથે રાગાદિનો સંબંધ ઘટે નહીં. વળી એકાંત અભેદ પક્ષમાં 'રાગાદિ ધર્મો છે' અને 'આત્મા ધર્મી છે', એ પ્રકારના ધર્મ અને ધર્મીરૂપ બે વચનો સંગત થાય નહીં. વળી 'ધર્મ' અને 'ધર્મી' એ બે વચનો પરસ્પર એકબીજાની અપેક્ષા રાખે છે; કેમ કે 'રાગાદિ ધર્મો છે' એમ કહેવામાં આવે તો 'કોના ધર્મો છે ?' એ પ્રકારની અપેક્ષા રહે છે અને 'આત્મા ધર્મી છે', એમ કહેવામાં આવે તો 'કયા ધર્મોનો ધર્મી આત્મા છે ?' એમ કહેવું પડે. તેથી માત્ર 'ધર્મી' કે માત્ર 'ધર્મ' એ પ્રકારનું પણ કથન કહી શકાય નહીં. માટે એકાંત અભેદ પક્ષ પણ યુક્ત નથી. વળી, આત્માને રાગાદિ ધર્મો સાથે ભેદાભેદ સ્વીકારવાને કારણે માત્ર ભેદ પક્ષમાં જે દોષો આવે છે અને માત્ર અભેદ પક્ષમાં જે દોષો આવે છે તે બંને પ્રકારના દોષોની પ્રાપ્તિ ભેદાભેદ પક્ષમાં નથી; કેમ કે ભેદાભેદ પરસ્પર લોલીભાવથી અવસ્થિત છે. તેથી એકાંતભેદ પક્ષમાં જે દોષો પ્રાપ્ત થતા હતા તે દોષો કથંચિત્

અભેદ પક્ષને સ્વીકારવાને કારણે દૂર થાય છે અને એકાંતઅભેદ પક્ષમાં જે દોષો પ્રાપ્ત થતા હતા તે દોષો કથંચિત્ ભેદ પક્ષને સ્વીકારવાને કારણે દૂર થાય છે. તેથી આત્મા અને રાગાદિ ભાવો પરસ્પર લોલીભાવથી ભેદાભેદ રૂપે રહેલા છે. માટે આત્મા અને રાગાદિ વચ્ચે તાદાત્મ્ય સંબંધ અને તદ્ઉત્પત્તિ સંબંધ સંગત થાય છે. **॥૧૧૮૭-૧૧૮૮॥**

**અવતરણિકા :-**

**अमुमेव जात्यन्तरात्मकं भेदाभेदं दर्शयति–**

**અવતરણિકાર્થ :-**

**આ જ જાત્યન્તરાત્મક ભેદાભેદને બતાવે છે–**

**ગાથા :-**

**एगो धम्मी धम्माऽणेगे जं तेण हौंति भिन्न त्ति ।**
**जं पुण तेणऽणुविद्धा सव्वेऽवि अतो अभिन्न त्ति ।।११८९।।**

**છાયા :-**

एको धर्मी धर्माऽनेके यत्तेन भवन्ति भिन्ना इति ।
यत्पुनस्तेनानुविद्धाः सर्वेऽपि अतोऽभिन्ना इति ।।११८९।।

**ગાથાર્થ :-**

**જે કારણથી ધર્મી એક છે, ધર્મો અનેક છે, તે કારણથી ભિન્ન છે=ધર્મી અને ધર્મો પરસ્પર ભિન્ન છે. વળી જે કારણથી તેની સાથે=તે ધર્મી સાથે, સર્વ પણ ધર્મો અનુવિદ્ધ છે=અત્યંત એકમેક ભાવને પામેલા છે, આથી અભિન્ન છે. ॥૧૧૮૯॥**

**ટીકા :-**

**यद्यपि धर्मा धर्मिणा लोलीभावेन व्याप्तास्तथाप्ययमेको धर्मी अनेके चामी धर्मा इति यत्-यस्मात् स्वरूपवैविक्त्यपरः प्रत्यय उपजायते तेन कारणेन धर्मी धर्माश्च परस्परं भिन्ना भवन्ति । यत्-यस्मात् पुनस्तेन धर्मिणा अनुविद्धा-लोलीभावेन व्याप्ता आत्मसात्कृताः सर्वेऽपि धर्मा अतः-अस्मात्कारणात् तेऽभिन्ना भवन्ति । नचेमौ भेदाभेदावत्यन्तविविक्तावन्योऽन्यं व्याप्तिभावाद्, अतो जात्यन्तरात्मक एव भेदाभेदो धर्मधर्मिणोरिति ।।११८९।।**

**ટીકાર્થ :-**

यद्यपि ..... धर्मधर्मिणोरिति ।। જોકે ધર્મો ધર્મીની સાથે લોલીભાવથી વ્યાપ્ત છે, તો પણ આ એક

**ધર્મી છે અને આ ધર્મો અનેક છે, એ પ્રમાણે જે કારણથી સ્વરૂપવૈવિક્ત્યમાં તત્પર એવો પ્રત્યય=તે બંનેના સ્વરૂપનો ભેદ કરવામાં તત્પર એવો બોધ, થાય છે, તે કારણથી ધર્મી અને ધર્મો પરસ્પર ભિન્ન થાય છે. વળી, જે કારણથી ધર્મી સાથે અનુવિદ્ધ=લોલીભાવથી વ્યાપ્ત=આત્મસાત્ કરાયેલા, સર્વ પણ ધર્મો છે, એ કારણથી તે=સર્વ ધર્મો, અભિન્ન છે=ધર્મીથી અભિન્ન છે. અને આ ભેદાભેદ અત્યંત વિવિક્ત નથી; કેમ કે અન્યોન્ય વ્યાપ્તિનો ભાવ છે=ભેદ-અભેદ બંનેનો પરસ્પર એકમેક ભાવ છે આથી ધર્માધર્મીનો ભેદાભેદ જાત્યન્તરાત્મક જ છે. ॥૧૧૮૯॥**

**ભાવાર્થ :-**

ગાથા-૧૧૮૭માં કહેલું કે ધર્મ અને ધર્મીનો ભેદાભેદરૂપ સંબંધ છે પરંતુ એકાંત ભેદ અને એકાંત અભેદરૂપ સંબંધ નથી. 'કેમ એકાંત ભેદ કે એકાંત અભેદરૂપ સંબંધ નથી ?' તેની સ્પષ્ટતા ગાથા-૧૧૮૮માં કરી. હવે ધર્મ-ધર્મીનો પરસ્પર લોલીભૂત ભેદાભેદાત્મક સંબંધ કઈ રીતે છે ? તે સ્પષ્ટ કરે છે. આત્મારૂપ ધર્મી એક છે અને તેમાં રાગાદિ ભાવરૂપ ધર્મો અનેક છે. એથી ધર્મીની સંખ્યાનો અને ધર્મોની સંખ્યાનો ભેદ છે માટે નક્કી થાય છે કે 'ધર્મી કરતાં ધર્મનો કોઈક અપેક્ષાએ ભેદ છે.' જો ધર્મિ સાથે ધર્મનો એકાંત અભેદ હોય તો 'ધર્મી એક અને ધર્મો અનેક' એ પ્રકારની પ્રતીતિ થાય છે, તે સંગત થઈ શકે નહીં. વળી ઘટ-પટ બંનેનો ભેદ પ્રત્યક્ષથી દેખાય છે, તેવો ભેદ આત્મારૂપ ધર્મી અને તેમાં વર્તતા રાગાદિરૂપ ધર્મોનો દેખાતો નથી પરંતુ આત્મારૂપ ધર્મી સાથે એકમેક ભાવને પામેલા રાગાદિ ધર્મો છે એમ દેખાય છે. તેથી આત્માથી તે રાગાદિ ધર્મો અભિન્ન વર્તે છે. વળી આત્મારૂપ ધર્મી અને રાગાદિરૂપ ધર્મો તે બે વચ્ચેનો જે ભેદાભેદ સંબંધ છે તે અત્યંત ભિન્ન નથી પરંતુ અન્યોન્ય વ્યાપ્તિભાવવાળો છે. તેથી ધર્મ-ધર્મીનો જે ભેદાભેદ સંબંધ છે તે જાત્યન્તરાત્મક જ છે. જેમ ઘટપટાદિ પદાર્થોમાં એકાંત ભેદ વર્તે છે અને દરેક પદાર્થ પોતાની સાથે પોતાના સ્વરૂપે અભિન્ન વર્તે છે તેવો ભેદ અને અભેદ ધર્મ-ધર્મી વચ્ચે નથી પરંતુ તે બંને જાતિ કરતાં=ભેદત્વ અને અભેદત્વ જાતિ કરતાં, વિલક્ષણ એવી ભેદાભેદાત્મકત્વ જાતિ ધર્મ ધર્મીમાં પ્રત્યક્ષથી દેખાય છે. **॥૧૧૮૯॥**

**અવતરણિકા :-**

**अमुमेव स्पष्टतरं भावयति—**

**અવતરણિકાર્થ :-**

**આને જ=ધર્મ-ધર્મીમાં જાત્યન્તરાત્મક ભેદાભેદ છે એને જ, સ્પષ્ટતર બતાવે છે—**

**ગાથા :-**

**णेयप्पमेयभावोऽवत्थाभेदो य चित्तरूवो तु ।**
**एमादि होंति धम्मा धम्मी पुण तेसिमाहारो ।।११९०।।**

**છાયા :-**

ज्ञेयप्रमेयभावोऽवस्थाभेदश्च चित्ररूपस्तु ।
एवमादयो भवन्ति धर्मा धर्मी पुनस्तेषामाधारः ।।११९०।।

**ગાથાર્થ :-**

**વળી, ચિત્રરૂપવાળો જ્ઞેયનો પ્રમેયભાવ છે અને ચિત્રરૂપવાળો અવસ્થાનો ભેદ છે=ધર્મીની અવસ્થાનો ભેદ છે, એ વગેરે ધર્મો હોય છે. વળી, તેઓનો આધાર=તે સર્વ ધર્મોનો આધાર, ધર્મી છે. ।।૧૧૯૦।।**

**ટીકા :-**

**यो ज्ञेयप्रमेयभावोऽवस्थाभेदश्च यो विचित्ररूप एवमादयो धर्मा भवन्ति । धर्मी पुनरेतेषां धर्माणामाधारः-समानपरिणामलक्षणः, तत एतेषां जात्यन्तरात्मक एव भेदाभेद इति ।।११९०।।**

**ટીકાર્થ :-**

**यो ज्ञेयप्रमेय ..... भेदाभेद इति ।। જે જ્ઞેયમાં વર્તતો વિચિત્ર રૂપવાળો પ્રમેયભાવ છે અને જે વિચિત્ર રૂપ અવસ્થાભેદ છે, આવા પ્રકારના વગેરે ધર્મો છે. વળી, આ ધર્મોનો સમાન પરિણામરૂપ આધાર ધર્મી છે=બધા ધર્મોનો આધાર સમાન પરિણામરૂપ એકધર્મી છે, તેથી આમનો=ધર્મ-ધર્મીનો, ભેદાભેદ જાત્યન્તરાત્મક જ છે. ।।૧૧૯૦।।**

**ભાવાર્થ :-**

જગતવર્તી જેટલા જ્ઞેયપદાર્થો છે તેમાં પ્રમેયભાવ રહેલો છે અને કેવલીના કેવલજ્ઞાનમાં જગતવર્તી સર્વ દ્રવ્યો જ્ઞાનનો વિષય છે. તેથી જ્ઞેય છે અને તે સર્વ દ્રવ્યોમાંથી કોઈપણ દ્રવ્યને ગ્રહણ કરીને વિચારીએ તો તેમાં જ્ઞાનના વિષયભૂત પ્રમેયભાવો વિચિત્રરૂપ અનેક પ્રાપ્ત થાય છે. જેમ આત્મદ્રવ્યને ગ્રહણ કરીને વિચારીએ તો તેમાં પણ તે આત્મામાં વર્તતું જ્ઞાન, સુખ, વીર્ય આદિ સર્વ અનેક પ્રમેયભાવો છે. વળી, તે આત્મામાં વર્તતા અવસ્થાના ભેદો પણ અનેક પ્રકારના છે. જેમ મનુષ્ય અવસ્થા, તિર્યંચ અવસ્થા અને તેની અવાંતર અવસ્થારૂપ અનેક ભેદો પ્રાપ્ત થાય છે. વળી, રાગાદિ અવસ્થા રૂપે અને સુખદુઃખાદિ અવસ્થારૂપે પણ અનેક ભેદો પ્રાપ્ત થાય છે, એ વગેરે ધર્મો છે અને તે સર્વ ધર્મોનો આધાર જે દ્રવ્ય છે, તે સમાન પરિણામરૂપ છે. તેથી આત્માને આત્મામાં વર્તતા ધર્મોનો ભેદાભેદ જાત્યન્તરઆત્મક છે. જેમ ઘટનો આધાર ભૂતલ છે અને ભૂતલમાં વર્તતા રૂપાદિનો આધાર પણ ભૂતલ છે, છતાં ભૂતલમાં ઘટની આધારતા અને ભૂતલમાં ભૂતલના રૂપાદિની આધારતા સમાન પરિણામરૂપ નથી પરંતુ ભૂતલમાં વર્તતા રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ અનેક ભાવોનો આધાર ભૂતલ છે, તે સર્વમાં સમાન આધારરૂપ પરિણામ છે; કેમ કે ભૂતલમાં વર્તતા રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે ભૂતલ સાથે લોલીભાવરૂપે વર્તે છે જ્યારે ભૂતલમાં રહેલો ઘટ ભૂતલ સાથે લોલીભાવરૂપે નથી તેથી ભૂતલરૂપ ધર્મી અને તેમાં વર્તતા રૂપાદિરૂપ ધર્મોનો ધર્મી સાથે જે ભેદાભેદ છે, તે જાત્યન્તરાત્મક જ છે. **।।૧૧૯૦।।**

**અવતરણિકા :-**

तत्र यदुक्तम्—'एगो धम्मी धम्माणेगे' इति । तत्र धर्माणामनेकत्वं विपक्षे बाधकप्रमाणोपन्यासेन समर्थयते—

**અવતરણિકાર્થ :-**

ત્યાં=ગાથા-૧૧૮૯માં, જે કહેવાયું, 'એક ધર્મી અને ધર્મો અનેક', ત્યાં=એ કથનમાં, ધર્મોનું અનેકપણું વિપક્ષમાં બાધક પ્રમાણના ઉપન્યાસથી સમર્થન કરે છે=ધર્મોનું અનેકપણું ન સ્વીકારવામાં આવે તો શું બાધ થાય ? એ પ્રકારના બાધક પ્રમાણના કથનથી ધર્મોનું અનેકપણું છે, તેને સ્પષ્ટ કરે છે—

**ગાથા :-**

सव्वेसिं एगत्ते अविसिट्ठा नेयबुद्धिमो सव्वा ।
पावइ भिन्ना य तई अणुहवसिद्धा तु सव्वेसिं ।।११९१।।

**છાયા :-**

सर्वेषामेकत्वेऽविशिष्टा ज्ञेयबुद्धिः सर्वा ।
प्राप्नोति भिन्ना च सकाऽनुभवसिद्धा तु सर्वेषाम् ।।११९१।।

**ગાથાર્થ :-**

**સર્વનું=સર્વ ધર્મોનું, એકત્વ સ્વીકાર કરાયે છતે સર્વ અવિશિષ્ટ જ્ઞેયબુદ્ધિ પ્રાપ્ત થાય य=જે કારણથી, ભિન્ન તે=જ્ઞેયબુદ્ધિ છે, तु=જે કારણથી, સર્વ પ્રમાતૃઓને અનુભવસિદ્ધ છે. (તે કારણથી સર્વ ધર્મોનું અનેકપણું છે એમ અન્વય છે) ॥૧૧૯૧॥**

**ટીકા :-**

सर्वेषां धर्माणामेकत्वेऽभ्युपगम्यमाने सति अविशिष्टा ज्ञेयबुद्धिरेव केवला सर्वा विवक्षितवस्तुधर्मविषया बुद्धिः प्राप्नोति । 'मो' निपातोऽवधारणे । अस्त्वेवं का नो हानिरिति चेत् अत आह—'भिन्ना य तइ त्ति' चो हेत्वर्थे, यस्माद्भिन्ना-भिन्नस्वरूपा परस्परं 'तइ त्ति' सका विवक्षितवस्तुधर्मविषया बुद्धिः । न चैतत् बुद्धिभेदप्रतिभासनं भ्रान्तिरिति वाच्यं, यत आह—'अणुहवसिद्धा उ सव्वेसिं' सर्वेषां-देशकालावस्थाभेदभिन्नानां प्रमातॄणां, तुर्हेतौ, यस्मादियं विवक्षितवस्तुधर्मविषया बुद्धिः परस्परं भिन्ना प्रतिभासमाना अनुभवसिद्धा-स्वसंवेदनप्रमाणसिद्धा, सती बुद्धिरियं भ्रान्तिरिति न शक्यते वक्तुं, मा भूदतिप्रसङ्गः, तस्मान्नेदं बुद्धिभेदप्रतिभासनं भ्रान्तिमात्रं, न चैषा भिन्ना बुद्धिरभ्रान्ता धर्माणां परस्परं भेदमन्तरेणोपपद्यते विषयमन्तरेण प्रवृत्तौ भ्रान्तत्वप्रसङ्गात् । तस्मान्न तेषां धर्माणामेकत्वं किंत्वनेकत्वमेव । तदनेन धर्माणामनेकत्वानभ्युपगमे बुद्धिभेदविषयस्वसंवेदनप्रमाणानुपपत्तिलक्षणं बाधकं प्रमाणमुपदर्शितम् ।।११९१।।

**ટીકાર્થ :-**

**सर्वेषां ..... प्रमाणमुपदर्शितम् ।। સર્વ ધર્મોનું એકત્વ સ્વીકાર કરાયે છતે='એક ધર્મીમાં વર્તતા સર્વ ધર્મો એક છે, અનેક નથી' એ પ્રકારે સ્વીકાર કરાયે છતે, અવિશિષ્ટ કેવળ જ્ઞેયબુદ્ધિ જ=વિવક્ષિત વસ્તુના ધર્મના વિષયવાળી અવિશિષ્ટ જ સર્વ બુદ્ધિ કેવળ થાય, 'મો' શબ્દ અવધારણમાં નિપાત છે. તેથી જ્ઞેયબુદ્ધિ જ એ પ્રકારનો અર્થ કરેલ છે. આ પ્રમાણે હો=ધર્મોમાં અવિશિષ્ટ જ્ઞેયબુદ્ધિ થાઓ, અમને શું હાનિ છે ?=સર્વ ધર્મોમાં એકત્વ સ્વીકારનાર અમને શું દોષની પ્રાપ્તિ છે ? એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે, આથી કહે છે. 'ચ' શબ્દ હેતુ અર્થમાં છે. જે કારણથી પરસ્પર ભિન્ન સ્વરૂપવાળી તે=વિવક્ષિત વસ્તુ ધર્મ વિષયવાળી બુદ્ધિ, સર્વ જીવોને અનુભવસિદ્ધ છે, એમ અન્વય છે અને આ=બુદ્ધિભેદનું પ્રતિભાસન=એક ધર્મીમાં અનેક ધર્મોના બુદ્ધિભેદનું પ્રતિભાસન, ભ્રાંતિ છે, એ પ્રમાણે ન કહેવું. જે કારણથી કહે છે, સર્વ પ્રમાતૃઓને=દેશ, કાલ, અવસ્થાભેદથી ભિન્ન પ્રમાતૃઓને, જે કારણથી આ=વિવક્ષિત વસ્તુના ધર્મ વિષયવાળી બુદ્ધિ, પરસ્પર ભિન્ન પ્રતિભાસમાન, અનુભવસિદ્ધ છે=સ્વસંવેદન પ્રમાણસિદ્ધ છે. 'તુ' શબ્દ હેતુ અર્થમાં છે. તેથી 'यस्माद्' એ પ્રમાણે અર્થ કરેલ છે. 'છતી આ બુદ્ધિ ભ્રાંતિ છે', એ પ્રમાણે કહેવું શક્ય નથી. અતિપ્રસંગ ન થાઓ=ધર્મી કરતાં અનેક ધર્મોનો ભેદ પ્રતિભાસમાન હોવા છતાં તેને ભ્રાંત કહેવામાં આવે તો અન્ય સર્વ અનુભવોને પણ ભ્રાંત કહેવાનો અતિપ્રસંગ પ્રાપ્ત થાય એ ન થાઓ. એથી આ બુદ્ધિને ભ્રાંત કહેવી શક્ય નથી, તેમ સંબંધ છે. તે કારણથી આ બુદ્ધિના ભેદનું પ્રતિભાસન ભ્રાંતિમાત્ર નથી અને આ અભ્રાંત ભિન્ન બુદ્ધિ ધર્મોના પરસ્પર ભેદ વગર ઘટતી નથી; કેમ કે વિષય વગર પ્રવૃત્તિમાં ભ્રાંતત્વનો પ્રસંગ આવે, તે કારણથી તે ધર્મોનું=એક ધર્મીમાં વર્તતા અનેક ધર્મોનું, એકત્વ નથી પરંતુ અનેકત્વ જ છે. તે કારણથી આના દ્વારા=એક ધર્મીમાં અનેક ધર્મોનું પ્રત્યક્ષથી અનુભવ છે એના દ્વારા, ધર્મોના અનેકત્વના અનભ્યુપગમમાં બુદ્ધિના ભેદના વિષયરૂપ સ્વસંવેદન પ્રમાણ તેની અનુપપત્તિરૂપ બાધક પ્રમાણ બતાવાયું. ॥૧૧૯૧॥**

**ભાવાર્થ :-**

ધર્મી એક છે અને ધર્મો અનેક છે. માટે 'ધર્મી કરતાં ધર્મનો ભેદ છે' એ પ્રમાણે ગાથા-૧૧૮૯માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કરેલું તે કથનને જ દૃઢ કરવા અર્થે કહે છે – એક ધર્મીમાં રહેલા અનેક ધર્મો ન સ્વીકારવામાં આવે તો અનેક ધર્મોથી વિશિષ્ટ ધર્મીની પ્રતીતિ થાય છે તે પ્રતીતિ થાય નહીં પરંતુ સર્વ ધર્મોની અવિશિષ્ટ જ પ્રતીતિ થવી જોઈએ અર્થાત્ એક ધર્મીમાં અનેક ધર્મો ન હોય તો અનેક ધર્મોથી વિશિષ્ટ ધર્મીમાં જ્ઞેયબુદ્ધિ થાય છે તે થવી જોઈએ નહીં અને વિવક્ષિત ધર્મીમાં અનેક ધર્મો છે, તેવી બુદ્ધિ છે અને તે બુદ્ધિને ભ્રાંત સ્વીકારી શકાય નહીં; કેમ કે બધા પ્રમાતૃઓને અનુભવસિદ્ધ છે. જેમ એક આંબામાં રૂપ, રસ, ગંધ, સ્પર્શરૂપ અનેક ધર્મો બધા પ્રમાતૃને અનુભવસિદ્ધ છે. તેથી તે અનુભવને ભ્રાંત કહી શકાય નહીં માટે એક ધર્મીમાં અનેક ધર્મો છે અને તેઓનું અનેકપણું સ્વીકારવામાં આવે તો ધર્મી કરતાં કથંચિત્ તેઓનો ભેદ છે તે સિદ્ધ થાય છે. **॥૧૧૯૧॥**

**અવતરણિકા :-**

**स्यादेतत्, ज्ञेयत्वमेव केवलमनेकस्वभावतया भिन्नबुद्धिप्रतिभासनिबन्धनं, तत्र तद्वशाद्धर्मानेकत्व-व्यवस्थेत्याह—**

**અવતરણિકાર્થ :-**

આ થાય, જ્ઞેયત્વ જ કેવળ અનેક સ્વભાવપણાથી ભિન્ન બુદ્ધિના પ્રતિભાસનું કારણ છે. તે કારણથી તેના વશથી=જ્ઞેયત્વના અનેક સ્વભાવને કારણે ભિન્ન બુદ્ધિના પ્રતિભાસના વશથી, ધર્મોના અનેકત્વની વ્યવસ્થા નથી. એથી કહે છે –

**ગાથા :-**

**तस्सेवऽणेगरूवत्तणम्मि सिद्धो तु धम्मभेदो त्ति ।**
**अविगाणबुद्धिसिद्धस्स णिण्हवेऽतिप्पसंगो य ।।११९२।।**

**છાયા :-**

तस्यैवानेकरूपत्वे सिद्धस्तु धर्मभेद इति ।
अविगानबुद्धिसिद्धस्य निह्नवेऽतिप्रसंगश्च ।।११९२।।

**ગાથાર્થ :-**

**તેનું જ=જ્ઞેયત્વનું જ, અનેક રૂપપણું હોતે છતે ધર્મભેદ સિદ્ધ જ છે અને અવિગાન બુદ્ધિથી સિદ્ધના અપલાપમાં અતિપ્રસંગ છે=સર્વ પદાર્થના અપલાપનો પ્રસંગ છે. ।।૧૧૯૨।।**

**ટીકા :-**

**तस्यैव-ज्ञेयत्वस्यानेकरूपत्वेऽभ्युपगम्यमाने सति सिद्ध एव धर्मभेदो, रूपाणामेव धर्मशब्दवाच्यत्वात् तेषां चानेकत्वात्, केवलं प्रकारान्तरेणाभ्युपगतस्तद्वरं धर्मिण एवानेके धर्माः सन्तु, तथा लोकानुभवसिद्धेः, न ज्ञेयत्वस्य, विरोधात्, नहि धर्मस्य धर्मा भवन्ति, भावे वा धर्मित्वप्राप्तेर्धर्मत्वव्याघात इति । तदेवं युक्त्यनुभवाभ्यामविगानबुद्धिसिद्धस्य धर्मभेदस्य यदि निह्नवः क्रियते तर्हि तस्मिन् सति सकलशून्य-तापत्त्याऽतिप्रसङ्ग एव प्राप्नोतीति यत्किंचिदेतत् ।।११९२।।**

**ટીકાર્થ :-**

तस्यैव- ..... यत्किंचिदेतत् ।। તેનું જ=જ્ઞેયત્વનું જ, અનેક સ્વરૂપપણું સ્વીકાર કરાયે છતે ધર્મભેદ સિદ્ધ જ છે; કેમ કે 'રૂપોનું જ ધર્મ શબ્દ વાચ્યપણું છે' અને તે રૂપોનું અનેકપણું છે. કેવળ પ્રકારાંતરથી સ્વીકારાયું છે=પૂર્વપક્ષી તે એક જ્ઞેય સ્વીકારીને તેના અનેક સ્વભાવપણારૂપ પ્રકારાંતરથી તે ધર્મો સ્વીકારે છે, તે કારણથી ધર્મીના જ અનેક ધર્મ હો, એ સુંદર છે; કેમ કે તે પ્રકારે લોક

**અનુભવની સિદ્ધિ છે. જ્ઞેયત્વના અનેક ધર્મો નથી; કેમ કે વિરોધ છે. हि=જે કારણથી, ધર્મના=જ્ઞેયત્વ રૂપ ધર્મના, ધર્મો થતા નથી અથવા ભાવમાં=જ્ઞેયત્વરૂપ ધર્મોના સદ્ભાવમાં, ધર્મિત્વની પ્રાપ્તિ હોવાથી=જ્ઞેયત્વમાં ધર્મિત્વની પ્રાપ્તિ હોવાથી, ધર્મત્વનો વ્યાઘાત છે. આ રીતે યુક્તિને અનુભવથી અવિગાન બુદ્ધિથી=વિકલ્પ વગરની બુદ્ધિથી, સિદ્ધ ધર્મભેદનો જો નિહ્નવ=અપલાપ, કરાય છે, તો તે હોતે છતે=ધર્મભેદનો અપલાપ કરાયે છતે, સકલ શૂન્યતા આપત્તિનો અતિપ્રસંગ જ પ્રાપ્ત થાય અર્થાત્ યુક્તિ અને અનુભવથી સિદ્ધ ધર્મના ભેદનો અપલાપ કરવામાં આવે તો યુક્તિ અને અનુભવથી સિદ્ધ દેખાતા સર્વ પદાર્થોનો અપલાપ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. એથી યત્કિંચિત્ આ છે='ધર્મીથી ધર્મનો ભેદ નથી', એ કથન અર્થ વગરનું છે. ॥૧૧૯૨॥**

**ભાવાર્થ :-**

જેઓ ધર્મ-ધર્મીનો એકાંત અભેદ માને છે તેઓ કહે છે કે 'જ્ઞેયરૂપ ધર્મીમાં રહેલા જ્ઞેયત્વનો તેવો જ સ્વભાવ છે કે ભિન્ન બુદ્ધિનું પ્રતિભાસન કરાવે.' તેને ગ્રંથકારશ્રી કહે છે – જ્ઞેયત્વના અનેક રૂપ સ્વીકાર કરાયે છતે ધર્મનો ભેદ સિદ્ધ જ થાય છે; કેમ કે અનેક રૂપો કહેવાથી 'રૂપ' શબ્દથી ધર્મ જ વાચ્ય છે અને અનેક કહેવાથી અનેક ધર્મો છે તેમ સિદ્ધ થાય છે. ફક્ત 'સાક્ષાત્ અનેક ધર્મો નથી', તેમ કહીને અન્ય શબ્દો દ્વારા ધર્મીના અનેક ધર્મોનો સ્વીકાર થાય છે અને લોકોને પણ તે પ્રકારનો જ અનુભવ છે કે ધર્મીરૂપ વસ્તુ અનેક સ્વભાવવાળી છે પરંતુ ધર્મીમાં રહેલો જ્ઞેયત્વ ધર્મ અનેક સ્વભાવવાળો નથી અને જો 'જ્ઞેયરૂપ ધર્મીને અનેક સ્વભાવવાળું ન સ્વીકારવામાં આવે અને જ્ઞેયમાં રહેલા જ્ઞેયત્વ ધર્મને અનેક સ્વભાવવાળો સ્વીકારવામાં આવે તો અનેક ધર્મોનો આધાર એવું જ્ઞેયત્વ છે તેમ પ્રાપ્ત થાય.' તેથી જ્ઞેયત્વને ધર્મી સ્વીકારવાનો પ્રસંગ આવે પરંતુ વસ્તુમાં રહેલું જ્ઞેયત્વ 'ધર્મ છે' તેનો સ્વીકાર થાય નહીં. વળી યુક્તિ અને અનુભવથી સિદ્ધ ધર્મીમાં ધર્મનો ભેદ જણાતો હોય અને તેનો અપલાપ કરવામાં આવે તો યુક્તિ અને અનુભવથી સિદ્ધ ઘટ-પટાદિ પદાર્થોનો અને દેખાતા મનુષ્યાદિનો અપલાપ કરવાનો પ્રસંગ આવે અર્થાત્ દેખાતા જગતના પદાર્થો વાસ્તવિક નથી, ભ્રાંતિથી દેખાય છે તેમ સ્વીકારવાનો પ્રસંગ આવે. માટે 'એકાંતે ધર્મીથી ધર્મનો ભેદ નથી' એ કથન અર્થ વગરનું છે. **॥૧૧૯૨॥**

**અવતરણિકા :-**

**तदेवं धर्माणामनेकत्वमभिधाय सांप्रतमेको धर्मीति समर्थयमान आह–**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે ધર્મોનું અનેકત્વ કહીને, હવે એક ધર્મી છે=અનેક ધર્મોના આધારભૂત એક ધર્મી છે, એ પ્રકારે સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**चेतणरूवादीया बालकुमारादिघडकवालादी ।**
**इह भेदबुद्धिसिद्धा सत्ताधाराऽविगाणेणं ।।११९३।।**

**છાયા :-**

**चैतन्यरूपादयो बालकुमारादयो घटकपालादयः ।**
**इह भेदबुद्धिसिद्धाः सत्त्वाधारा अविगानेन ।।११९३।।**

**ગાથાર્થ :-**

**ચૈતન્યરૂપાદિ, બાલકુમારાદિ, ઘટકપાલાદિ અહીં=જગતમાં, ભેદબુદ્ધિથી સિદ્ધ અવિગાનથી સત્ત્વના આધારવાળા છે. ।।૧૧૯૩।।**

**ટીકા :-**

**चैतन्यरूपादयो बालकुमारत्वादयो घटकपालादयश्च सर्वे धर्मा इह-जगति भेदबुद्ध्या-भिन्नप्रतिभासया बुद्ध्या अविगानेन सिद्धाः, सत्त्वाधाराः-सदितिप्रत्ययहेतुपरिणतिविशेषलक्षणधर्म्याधाराः सन्तो, नत्वन्यथा, निराश्रयाणां तेषामसंभवात् । तस्माद्यथोक्तसत्त्वलक्षणस्तदाश्रयो धर्मी प्रतिपत्तव्य इति ।।११९३।।**

**ટીકાર્થ :-**

**चैतन्यरूपादयो ..... प्रतिपत्तव्य इति ।। ચૈતન્યરૂપાદિ, બાલકુમારત્વાદિ અને ઘટકપાલાદિ સર્વ ધર્મો અહીં=જગતમાં, ભેદબુદ્ધિથી=ભિન્ન પ્રતિભાસવાળી બુદ્ધિથી, અવિગાનથી જ સિદ્ધ છે. સત્ત્વના આધારવાળા=સત્ એ પ્રકારના પ્રત્યયના હેતુ એવી પરિણતિ વિશેષ સ્વરૂપ ધર્મીના આધારવાળા, છતા 'ધર્મો ભેદબુદ્ધિથી સિદ્ધ છે' એમ અન્વય છે પરંતુ અન્યથા સિદ્ધ નથી=ધર્મીના આધાર વગર ધર્મો ભેદબુદ્ધિથી સિદ્ધ નથી'; કેમ કે નિરાશ્રય એવા ધર્મોનો અસંભવ છે. તે કારણથી યથોક્ત સત્ત્વ લક્ષણવાળો=પૂર્વમાં કહેલ સત્ત્વ લક્ષણવાળો, તેનો આશ્રય ધર્મી=અનેક ધર્મોનો આશ્રય એવો ધર્મી, સ્વીકારવો જોઈએ. ।।૧૧૯૩।।**

**ભાવાર્થ :-**

ચૈતન્ય ધર્મોનો આધાર આત્મદ્રવ્ય છે. રૂપ, રસાદિ ધર્મોનો આધાર પુદ્ગલ દ્રવ્યો છે. બાલકુમારાદિ ભાવોનો આધાર શરીરધારી જીવ છે. ઘટકપાલાદિ ભાવોનો આધાર મૃદ્ દ્રવ્ય છે અને તે તે દ્રવ્યમાં ભેદબુદ્ધિથી પ્રતિભાસમાન એવા તે ચૈતન્યાદિ ધર્મો કોઈક આધારમાં પ્રતિભાસમાન થાય છે. નિરાધાર પ્રતિભાસમાન થતા નથી. જેમ આત્મારૂપ ધર્મીમાં ચૈતન્ય, વીર્ય, સુખ, દુઃખાદિ અનેક ધર્મો પ્રતિભાસમાન થાય છે પરંતુ આત્મદ્રવ્યના આધાર વગર તે ચૈતન્યાદિ ધર્મો પ્રતિભાસમાન થતા નથી. તેમ પુદ્ગલ દ્રવ્યમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ ધર્મો પ્રતિભાસમાન થાય છે પરંતુ પુદ્ગલરૂપ સત્ત્વના આધાર વગર રૂપાદિ પ્રતિભાસમાન થતા નથી. વળી શરીરધારી જીવમાં જ બાલ કુમારાદિ ભાવો પ્રતિભાસમાન થાય છે પરંતુ નિરાશ્રય બાલ કુમારાદિ ભાવો પ્રતિભાસમાન થતા નથી. તેમ મૃદ્ દ્રવ્યને આશ્રયીને ઘટ કપાલાદિ ભાવો

પ્રતિભાસમાન થાય છે પરંતુ મૃદ્ દ્રવ્યના આધાર વગર ઘટ કપાલાદિ ભાવો ભાસતા નથી. તેથી અનેક ધર્મોના આધારભૂત એવા ધર્મીને સ્વીકારવો જોઈએ. **॥૧૧૯૩॥**

**અવતરણિકા :-**

**इदानीं धर्मिणा सह धर्माणां भेदाभेदमुपदर्शयति—**

**અવતરણિકાર્થ :-**

**હવે, ધર્મીની સાથે ધર્મોના ભેદાભેદને બતાવે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૧૧૯૨માં ધર્મો અનેક છે, તે યુક્તિથી બતાવ્યું. ગાથા-૧૧૯૩માં અનેક ધર્મોનો આધાર એક ધર્મી છે તેમ બતાવ્યું. હવે ધર્મીની સાથે ધર્મોના ભેદાભેદ સંબંધને બતાવે છે.

**ગાથા :-**

**सत्ताओ अन्नत्ते असत्तमेसिं तहा अणन्नत्ते ।**
**तम्मत्तय त्ति तम्हा अन्नाणन्ना तु णियमेणं ।।११९४।।**

**છાયા :-**

सत्त्वादन्यत्वेऽसत्त्वमेषां तथाऽनन्यत्वे ।
तन्मात्रतेति तस्मादन्यानन्यास्तु नियमेन ।।११९४।।

**ગાથાર્થ :-**

**સત્તાથી અન્યપણામાં=ધર્મના અન્યપણામાં, આમનું=ધર્મનું, અસત્પણું પ્રાપ્ત થાય અને અનન્યપણામાં તન્માત્રતા પ્રાપ્ત થાય. તે કારણથી અન્યાનન્ય નિયમથી સ્વીકારવું જોઈએ. ॥૧૧૯૪॥**

**ટીકા :-**

**सत्त्वात्सकाशादेषां ज्ञेयत्वचैतन्यादीनां धर्माणामन्यत्वे-एकान्तेन भेदे अभ्युपगम्यमाने सत्यसत्त्वमेव प्राप्नोति, सत्त्वादन्यत्वात्, खरविषाणवत् । तथा अनन्यत्वे-एकान्तेनाभेदे सति तन्मात्रता-धर्मिमात्रता धर्ममात्रता वा केवला प्राप्नोति, न तूभयम्, अथ चेदमनुभवसिद्धं यथोक्तमनन्तरं, तस्मादन्यानन्या-भिन्नाभिन्ना धर्मिणः सकाशादेते धर्मा नियमेनाभ्युपगन्तव्या, यथा दर्शितं प्राक् ।।११९४।।**

**ટીકાર્થ :-**

सत्त्वात्सकाशादेषां ..... दर्शितं प्राक् ।। **સત્ત્વથી આમનું=જ્ઞેયત્વ અને ચૈતન્યાદિ ધર્મોનું, અન્યત્વ**

**હોતે છતે=એકાંતથી ભેદ સ્વીકાર કરાયે છતે, અસત્ત્વ જ પ્રાપ્ત થાય=જ્ઞેયત્વ આદિ ધર્મોનું અસત્ત્વ જ પ્રાપ્ત થાય; કેમ કે સત્ત્વથી અન્યપણું છે ખરવિષાણની જેમ. અને અનન્યપણું હોતે છતે=એકાંતથી અભેદ હોતે છતે, તન્માત્રતા પ્રાપ્ત થાય=ધર્મિમાત્રતા પ્રાપ્ત થાય અથવા કેવળ ધર્મમાત્રતા પ્રાપ્ત થાય, ઉભય પ્રાપ્ત થાય નહીં=ધર્મ અને ધર્મીરૂપ ઉભય પ્રાપ્ત થાય નહીં, અને આ=ધર્મ અને ધર્મી એ, જે પ્રમાણે અનંતરમાં કહેવાયા, તે પ્રમાણે અનુભવસિદ્ધ છે, તે કારણથી ધર્મીથી આ=ધર્મો, નિયમથી જે પ્રમાણે પૂર્વમાં બતાવ્યા તે પ્રમાણે અન્ય અનન્ય=ભિન્નાભિન્ન, સ્વીકારવા જોઈએ. ||૧૧૯૪||**

**ભાવાર્થ :-**

દ્રવ્યની ત્રિકાળવર્તી સત્તા છે અને તેની સાથે ભેદાભેદરૂપે રહેલા ધર્મો હોવાથી તેનું પણ અસ્તિત્વ પ્રાપ્ત થાય છે. હવે જો ધર્મી એવા દ્રવ્યથી ધર્મોનો એકાંત ભેદ સ્વીકારવામાં આવે તો તેમાં અસત્ત્વ જ પ્રાપ્ત થાય; કેમ કે સત્ત્વ એવા દ્રવ્યથી તેઓ અન્ય છે, માટે તેમાં સત્ત્વ નથી. જેમ ગધેડાના શિંગડાનું સત્ત્વ નથી. આથી જીવદ્રવ્યથી ભિન્ન જ્ઞેયત્વ, ચૈતન્યત્વાદિની ક્યાંય પ્રતીતિ થતી નથી પરંતુ જીવરૂપ અધિકરણમાં જે ધર્મો છે તે ધર્મોની પ્રતીતિ થાય છે. વળી, દ્રવ્યની સત્તાથી એકાંતે ધર્મનો અભેદ સ્વીકારવામાં આવે તો ધર્મિમાત્રતાની પ્રાપ્તિ થાય અથવા ધર્મમાત્રતાની પ્રાપ્તિ થાય, ઉભયરૂપે બેની પ્રાપ્તિ થાય નહીં અને અનુભવથી જ્યારે કોઈપણ દ્રવ્યને જોવામાં આવે છે ત્યારે ધર્મી અને તેમાં રહેલા ધર્મો તે બેની ઉભય સ્વરૂપે પ્રાપ્તિ છે. તેથી અનુભવ અનુસાર ધર્મ-ધર્મિ બેની પ્રાપ્તિની સંગતિ કરવા અર્થે ધર્મીથી ધર્મો ભિન્નાભિન્નરૂપે નિયમથી સ્વીકારવા જોઈએ. **||૧૧૯૪||**

**અવતરણિકા :-**

**तदेवं धर्मधर्मिभेदाभेदमभिधाय सांप्रतं यथाऽस्मिन्निर्दोषता तथा दर्शयति—**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=પૂર્વ ગાથામાં બતાવ્યું એ રીતે, ધર્મ-ધર્મીના ભેદાભેદને કહીને હવે જે પ્રમાણે આમાં=ભેદાભેદ પક્ષમાં, નિર્દોષતા છે. એ પ્રમાણે બતાવે છે —**

**ગાથા :-**

**एएणं पडिसिद्धा भेदाभेदादिया तु जे दोसा ।**
**जम्हा एगंतातो वत्थंतरमो अणेगंतो ।।११९५।।**

**છાયા :-**

**एतेन प्रतिषिद्धा भेदाभेदादिकास्तु ये दोषाः ।**
**यस्मादेकान्ताद् वस्त्वन्तरमनेकान्तः ।।११९५।।**

**ગાથાર્થ :-**

**આના વડે=ગાથા-૧૧૯૪માં કરેલા ભેદાભેદના સ્થાપન વડે, ભેદાભેદને આશ્રયીને જે દોષો હતા, તે પ્રતિષિદ્ધ છે. જે કારણથી એકાંતથી વસ્તુઅંતર અનેકાંત છે. ।।૧૧૯૫।।**

**ટીકા :-**

एतेन-अनन्तरोदितेन भेदाभेदव्यवस्थापनेन ये परस्परविविक्तैकान्तभेदाभेदलक्षणमुभयपक्षमाश्रित्य दोषाः परैरभिधीयन्ते यथा–'तत्रापि येनाकारेणाभेदस्तेनाभेद एवे'त्यादयस्ते सर्वेऽपि प्रतिषिद्धा एव द्रष्टव्याः । तुरेवकारार्थो भिन्नक्रमश्च, स च यथास्थानं योजितः । कथं पुनस्ते दोषाः प्रतिषिद्धा इत्यत आह–'जम्हेत्यादि' यस्मादेकान्तात् पराभ्युपगतादनेकान्तोऽस्मदभ्युपगतो वस्त्वन्तरं-जात्यन्तरं, तत्कथं तत्पक्षभाविनो दोषा इह लगेयुरिति । इदमुक्तं भवति–न परस्परविविक्तौ भेदाभेदावपीष्येते येन प्रत्येकभाविनो दोषाः समुदायेऽपि प्रसज्येरन्, किंत्वभेदानुविद्धो भेदो भेदानुविद्धश्चाभेदो जात्यन्तरं, ततो नोक्तदोषावकाश इति । तेन यदुक्तम्–'पढमपक्खम्मि सव्वे वि वीयरागा' इत्यादि, तत्र न सर्वेषां वीतरागत्वप्रसङ्गो, धर्मधर्मिणोरेकान्तभेदानभ्युपगमात्, नाप्यात्मनः स्वरूपापगमप्रसङ्गः, एकान्ताभेदस्याप्यभावादिति ।।११९५।।

**ટીકાર્થ :-**

एतेन- ..... भावादिति ।। આના દ્વારા=અનંતર કહેવાયેલા ભેદાભેદના વ્યવસ્થાપન દ્વારા, પરસ્પર વિવિક્ત એકાંત ભેદ અથવા અભેદ લક્ષણ ઉભય પક્ષને આશ્રયીને જે દોષો પર વડે કહેવાય છે, તે સર્વ પણ પ્રતિષિદ્ધ જ જાણવા, એમ અન્વય છે. પર વડે દોષો ઉભય પક્ષમાં કઈ રીતે બતાવાયા છે ? તે 'યથા'થી બતાવે છે "ત્યાં પણ=ભેદાભેદ પક્ષમાં પણ, જે આકારથી અભેદ છે, તે આકારથી અભેદ જ છે" ઈત્યાદિ જે દોષો પર વડે કહેવાયા, તે સર્વ પણ પ્રતિષિદ્ધ જ જાણવા. 'तु' શબ્દ એવકાર અર્થવાળો છે અને ભિન્ન ક્રમવાળો છે અને તે યથાસ્થાન યોજિત છે='प्रतिषिद्धा एव' તે સ્થાનમાં 'एव'કાર યોજિત જ છે, કેવી રીતે વળી તે દોષો પ્રતિષિદ્ધ છે ? એથી કહે છે – જે કારણથી પર વડે સ્વીકારાયેલા એકાંતથી અમારા વડે સ્વીકારાયેલો અનેકાંત વસ્તુ અન્તરં=જાત્યન્તર છે, તે કારણથી તત્પક્ષભાવિ=ભેદ અને અભેદરૂપ એકાંત પક્ષ ભાવિ દોષો, અહીં=અમારા વડે સ્વીકારાયેલા અનેકાંત પક્ષમાં, કેવી રીતે લાગે ? અર્થાત્ લાગે નહીં. આ કહેવાયેલું થાય છે. પરસ્પર વિભક્ત ભેદાભેદ ઈચ્છાતા નથી, જે કારણથી પ્રત્યેક ભાવિ=પ્રત્યેક પક્ષ ભાવિ, દોષો સમુદાયમાં પણ પ્રાપ્ત થાય નહીં પરંતુ અભેદ અનુવિદ્ધ ભેદ અને ભેદ અનુવિદ્ધ અભેદ જાત્યન્તર છે. તેથી ઉક્ત દોષનો અવકાશ નથી. તેથી જે કહેવાયું=પૂર્વપક્ષી વડે ગાથા-૧૧૩૯માં કહેવાયું કે 'પ્રથમ પક્ષમાં સર્વ પણ વીતરાગ પ્રાપ્ત થાય' ઈત્યાદિ, ત્યાં=ભેદાભેદ પક્ષમાં, સર્વ જીવોના વીતરાગત્વનો પ્રસંગ નથી; કેમ કે ધર્મધર્મીના એકાંત ભેદનો અનભ્યુપગમ છે=ધર્મ-ધર્મીના એકાંત ભેદ સ્વીકારવામાં સર્વ

**જીવોને વીતરાગત્વની પ્રાપ્તિ હતી તે ધર્મ-ધર્મીના એકાંત ભેદ નહીં સ્વીકારવાથી પ્રાપ્તિ થતી નથી. વળી, આત્માના સ્વરૂપના અપગમનો પ્રસંગ નથી; કેમ કે એકાંત અભેદનો પણ અભાવ છે=એકાંત અભેદ સ્વીકારવાને કારણે રાગાદિનો નાશ થાય ત્યારે આત્માના સ્વરૂપના અપગમની પ્રાપ્તિ હતી તે સ્યાદ્વાદી દ્વારા એકાંત અભેદનો અસ્વીકાર કરવાને કારણે આત્માના સ્વરૂપના અપગમનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી. ।।૧૧૯૫।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ ગાથા-૧૧૯૪માં અનુભવ અનુસાર 'ધર્મીનો ધર્મથી ભેદાભેદ છે', તેમ સ્થાપન કર્યું. તેનાથી એકાંત ભેદને આશ્રયીને જે દોષોની પ્રાપ્તિ હતી અને એકાંત અભેદને આશ્રયીને જે દોષોની પ્રાપ્તિ હતી તે દોષોનો પરિહાર થાય છે; કેમ કે સ્યાદ્વાદી એકાંત ભેદ કે એકાંત અભેદ સ્વીકારતા નથી પરંતુ ભેદથી અનુવિદ્ધ અભેદ અથવા અભેદથી અનુવિદ્ધ ભેદ સ્વીકારે છે અર્થાત્ પદાર્થ કથંચિત્ ભેદાભેદ સ્વરૂપ છે એમ સ્વીકારે છે તેથી અભેદને જોનારી દૃષ્ટિ પણ અભેદથી અનુવિદ્ધ એવા ભેદને દેખાડે છે માટે એકાંત ભેદ પક્ષમાં જે દોષોની પ્રાપ્તિ હતી તે દોષો અભેદઅનુવિદ્ધ ભેદ સ્વીકારવાને કારણે પ્રાપ્ત થતા નથી. વળી, એકાંત અભેદ પક્ષમાં જે દોષોની પ્રાપ્તિ હતી તે દોષો ભેદઅનુવિદ્ધ અભેદને સ્વીકારવાને કારણે પ્રાપ્ત થતા નથી. માટે સ્યાદ્વાદી પદાર્થને ભેદાભેદરૂપ જુવે છે. ફક્ત ક્યારેક ભેદને પ્રધાન કરીને અભેદને ગૌણ કરે છે ત્યારે અભેદઅનુવિદ્ધ ભેદને જુવે છે અને ક્યારેક અભેદને પ્રધાન કરીને ભેદને ગૌણ કરે છે ત્યારે ભેદઅનુવિદ્ધ અભેદને જુવે છે. માટે પૂર્વપક્ષીએ આપેલા કોઈ દોષોની પ્રાપ્તિ અનેકાંતવાદ પક્ષમાં થતી નથી. **॥૧૧૯૫॥**

**અવતરણિકા :-**

**अत्र पर आह—**

**અવતરણિકાર્થ :-**

**અહીં=ગ્રંથકારશ્રીએ કહ્યું કે એકાંતવાદમાં પ્રાપ્ત થતા સર્વ દોષો ભેદાભેદ પક્ષમાં પ્રાપ્ત થતા નથી એમાં, પર કહે છે –**

**ગાથા :-**

**एवं पि तेसिं ण खयो एगंतेणेव धम्मिणो जम्हा ।**
**तेऽभिन्नावि कहंची ण य णासो सव्वहा तस्स ।।११९६।।**

**છાયા :-**

**एवमपि तेषां न क्षय एकान्तेनैव धर्मिणो यस्मात् ।**
**तेऽभिन्ना अपि कथञ्चिद् न च नाशः सर्वथा तस्य ।।११९६।।**

**ગાથાર્થ :-**

**આ રીતે પણ તેઓનો=રાગાદિનો, એકાંતથી જ ક્ષય નથી, જે કારણથી ધર્મી એવા આત્માથી તે=રાગાદિ, કથંચિત્ અભિન્ન પણ છે અને તેનો=ધર્મી એવા આત્માનો, સર્વથા નાશ નથી. ।।૧૧૯૬।।**

**ટીકા :-**

**एवमपि यद्यपि धर्मधर्मिणोर्भेदाभेदाभ्युपगमस्तथापि तेषां-रागादिदोषाणां नैकान्तेनैव क्षयः प्राप्नोति, यस्माद्धर्मिणः सकाशात्ते-धर्मा रागादिरूपा अभिन्ना अपि कथंचित् विद्यन्ते, न च तस्य-धर्मिणः सर्वथा निर्मूलत एव नाशो, यथा सौगतैरभ्युपगम्यते, ततो धर्मिवत् रागादीनामपि धर्माणां ततः कथंचिदनन्यत्वात् नैकान्तेनैव क्षय इति ।।११९६।।**

**ટીકાર્થ :-**

**एवमपि ..... क्षय इति ।। આ રીતે પણ=ગાથા-૧૧૯૪માં કહ્યું એ રીતે પણ, જોકે ધર્મ-ધર્મીનો ભેદાભેદ સ્વીકારાયો છે તો પણ તેઓનો=રાગાદિ દોષોનો, એકાંતથી જ ક્ષય પ્રાપ્ત થાય નહીં, જે કારણથી ધર્મીથી તે રાગાદિરૂપ ધર્મો કથંચિત્ અભિન્ન પણ વિદ્યમાન છે, અને તેનો=ધર્મીનો, સર્વથા નિર્મૂળથી નાશ નથી જ, જે પ્રમાણે સૌગતો વડે સ્વીકારાય છે=સૌગતો જે પ્રમાણે ધર્મીનો સર્વથા નાશ સ્વીકારે છે તે પ્રમાણે સ્યાદ્વાદી ધર્મીરૂપ આત્માનો સર્વથા નાશ સ્વીકારતા નથી. તેથી=ધર્મી સાથે રાગાદિરૂપ ધર્મોનો કથંચિત્ અભેદ છે તેથી, ધર્મિની જેમ=આત્માની જેમ, રાગાદિ પણ ધર્મોનો એકાંતથી જ ક્ષય થાય નહીં; કેમ કે તેનાથી=આત્મારૂપ ધર્મીથી, કથંચિત્ અનન્યપણું છે=રાગાદિ ધર્મોનું કથંચિત્ અભેદપણું છે. ।।૧૧૯૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ કહેલ કે 'રાગાદિ આત્માથી ભિન્ન છે કે અભિન્ન છે' અને જો આત્માથી રાગાદિનો એકાંતથી ભેદ સ્વીકારશો તો બધા જીવો વીતરાગ પ્રાપ્ત થશે અને એકાંત અભેદ સ્વીકારશો તો 'રાગાદિ સ્વરૂપ જ ધર્મી છે પરંતુ ધર્મિથી અતિરિક્ત રાગાદિ નથી' તેમ પ્રાપ્ત થશે. તે દોષના નિવારણ માટે ગ્રંથકારશ્રીએ 'આત્માનો રાગાદિ ધર્મો સાથે કથંચિત્ ભેદ છે અને કથંચિત્ અભેદ છે', તેમ સ્થાપન કર્યું. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે 'આ રીતે સ્વીકારવાથી પણ રાગાદિ દોષનો સર્વથા ક્ષય પ્રાપ્ત થઈ શકે નહીં.' કેમ પ્રાપ્ત થઈ શકે નહીં ? તેમાં યુક્તિ બતાવે છે – તમે બૌદ્ધ દર્શનવાદીની જેમ ધર્મી એવા આત્માનો સર્વથા નાશ સ્વીકારતા નથી તેથી તમારા મતે આત્મદ્રવ્યનો નાશ સંભવે નહીં અને આત્મદ્રવ્યથી રાગાદિ દોષો કથંચિત્ અભેદ સ્વીકારો છો તેથી જે ધર્મો આત્મા સાથે કથંચિત્ અભેદ હોય તે ધર્મોનો સર્વથા નાશ થઈ શકે નહીં અને જો આત્મામાં વર્તતા રાગાદિનો સર્વથા નાશ થાય છે તેમ માનો તો તે રાગાદિ સાથે કથંચિત્ અભિન્ન એવા આત્માનો પણ સર્વથા નાશ સૌગતોની જેમ તમારે સ્વીકારવો પડે. માટે આત્મામાં રાગાદિનો સર્વથા

નાશ નથી, તેમ સ્વીકારવું જોઈએ અને તેથી વીતરાગ કોઈ નથી તેમ જ માનવું જોઈએ. માટે વીતરાગ સર્વજ્ઞથી કથિત આગમ છે એમ જે પૂર્વમાં કહ્યું તે ઉચિત નથી, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. **॥૧૧૯૬॥**

**અવતરણિકા :-**

अत्राह–

**અવતરણિકાર્થ :-**

**અહીં=રાગાદિનો સર્વથા નાશ થઈ શકે નહીં એ પ્રકારના પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**धम्मा हवंति दुविहा सहजा सहगारिसव्ववेक्खा य ।**
**सहजेसु अत्थि एयं ण तु इतरेसुं पि तदभावा ।।११९७।।**

**છાયા :-**

**धर्मा भवन्ति द्विविधा सहजाः सहकारिसव्यपेक्षाश्च ।**
**सहजेषु अस्ति एतन्न तु इतरेष्वपि तदभावात् ।।११९७।।**

**ગાથાર્થ :-**

**ધર્મ બે પ્રકારના હોય છે. સહજ અને સહકારીની અપેક્ષાવાળા. સહજ ધર્મમાં આ છે=ધર્મોના ક્ષયથી ધર્મીનો ક્ષય છે એ છે. ઈતરમાં પણ=સહકારી અપેક્ષાવાળા ધર્મોમાં પણ, નથી; કેમ કે તેનો અભાવ છે=સહકારીનો અભાવ છે. ।।૧૧૯૭।।**

**ટીકા :-**

**धर्मा भवन्ति द्विविधाः-सहजाः सहकारिसव्यपेक्षाश्च । तत्र ये धर्माः सहजास्तेष्वेतत्-पूर्वोक्तमस्ति, यदुत-धर्मिवत् धर्माणामपि ततः कथंचिदनन्यतया नैकान्तेनैव क्षयो, यथा ज्ञानस्येति, न तु इतरेष्वपि-सहकारिसव्यपेक्षेष्वेतदन्तरोक्तमस्ति । कुत इत्याह–तदभावात्-सहकार्यभावात् । ते हि सहकारि-संपर्कसंपादितसत्ताकाः, तत्कथं तदभावे ते भवेयुः?, अन्यथा तत्सव्यपेक्षत्वस्यैव तेषामनुपपत्तेरिति ।।११९७।।**

**ટીકાર્થ :-**

**धर्मा ..... पत्तेरिति ।। ધર્મો બે પ્રકારના હોય છે. સહજ ધર્મ અને સહકારીની અપેક્ષાવાળા. ત્યાં= બે પ્રકારના ધર્મોમાં, જે ધર્મો સહજ છે=જીવની સહજ પ્રકૃતિરૂપ છે, તેઓમાં આ=પૂર્વોક્ત, છે. શું પૂર્વોક્ત છે ? તે 'यदुत'થી કહે છે – ધર્મીની જેમ ધર્મોનો પણ તેનાથી=ધર્મીથી, કથંચિત્ અનન્યપણું**

**હોવાને કારણે એકાંતથી જ ક્ષય નથી. જે પ્રમાણે જ્ઞાનનો=આત્માના જ્ઞાનરૂપ ધર્મનો, એકાંતથી જ ક્ષય નથી પરંતુ ઈતરમાં પણ=સહકારીની અપેક્ષાવાળા ધર્મોમાં પણ, આ=અનંતરમાં કહેવાયેલું, નથી=ધર્મોનો સર્વથા ક્ષય નથી એ પ્રમાણે નથી. કયા કારણથી ? એથી કહે છે=સહકારી અપેક્ષાવાળા ધર્મોનો સર્વથા ક્ષય નથી એમ નહીં પરંતુ ક્ષય છે એમ કહ્યું એ કયા કારણથી છે ? એથી કહે છે – તેના અભાવને કારણે=સહકારીના અભાવને કારણે, તે ધર્મોનો સર્વથા ક્ષય છે. हि=જે કારણથી, તે=સહકારીની અપેક્ષાવાળા ધર્મો, સહકારીના સંપર્કથી સંપાદન કરાયેલા સત્તાવાળા છે. તે કારણથી તેના અભાવમાં=સહકારીના અભાવમાં, તે=ધર્મો, કેવી રીતે હોય ? અર્થાત્ હોઈ શકે નહીં. અન્યથા=સહકારીના અભાવમાં પણ જો તે ધર્મો હોય તો, તેઓના=રાગાદિ ધર્મોના, તત્ સવ્યપેક્ષપણાની જ=સહકારીની અપેક્ષાપણાની જ, અનુપપત્તિ છે. ॥૧૧૯૭॥**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ કહેલ કે રાગાદિ ધર્મો જીવના સ્વભાવભૂત હોવાથી તેના નાશથી જીવના નાશની આપત્તિ છે માટે રાગાદિનો સર્વથા નાશ થઈ શકે નહીં. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે – ધર્મો બે પ્રકારના છે. (૧) સહજ અને (૨) સહકારીની અપેક્ષાવાળા. જેમ જીવમાં જ્ઞાનગુણ છે, વીર્ય છે, સુખ છે તે જીવના સહજ ગુણો છે, કર્મજન્ય નથી. વળી જીવમાં રાગાદિ ભાવો થાય છે તે અંતરંગ કર્મના સહકારથી થાય છે તેથી સહકારીની અપેક્ષાવાળા છે. આ રીતે બે પ્રકારના ધર્મોમાં સહજ ધર્મોનો સર્વથા નાશ થઈ શકે નહીં અને સહજ ધર્મોનો સર્વથા નાશ સ્વીકારીએ તો જીવનો પણ નાશ સ્વીકારવો પડે; કેમ કે જીવની પ્રકૃતિરૂપ તે ધર્મો છે. વળી સહકારીની અપેક્ષાવાળા ધર્મો અંતરંગ રાગાદિ આપાદક કર્મના સહકારથી ઉત્પન્ન થાય છે. તેથી બાહ્ય નિમિત્તને પામીને અંતરંગ કર્મો વિપાકમાં આવે છે અને જીવ તેના સહકારથી તે તે રાગાદિ ભાવરૂપે પરિણમન પામે છે. વળી, કોઈક રીતે જીવમાં વિવેક પ્રગટ થાય અને પૂર્વમાં વર્ણન કરાયેલી ભાવના દ્વારા સહકારી એવા રાગાદિઆપાદક કર્મોનો સર્વથા નાશ કરે તો સહકારીના અભાવને કારણે તે ભાવોનો સર્વથા ક્ષય થાય છે તો પણ જીવનો નાશ થતો નથી. **॥૧૧૯૭॥**

**અવતરણિકા :-**

**यद्येवं ततः किमित्याह—**

**અવતરણિકાર્થ :-**

**જો આ પ્રમાણે છે=સહકારીની અપેક્ષાવાળા ધર્મો નાશ થવા છતાં જીવનો નાશ થતો નથી એ પ્રમાણે છે, તેનાથી શું ?=તેનાથી શું સિદ્ધ થાય ? એથી કહે છે –**

**ગાથા :-**

**रागादिवेदणिज्जस्स कम्मुणो उदयमाइ सहकारी ।**
**रागादीणं तस्साभावे य कहं नु ते होंति? ।।११९८।।**

**છાયા :-**

**रागादिवेदनीयस्य कर्मण उदयादिः सहकारी ।**
**रागादीनां तस्याभावे च कथं नु ते भवन्ति ? ।।११९८।।**

**ગાથાર્થ :-**

**રાગાદિ વેદનીય કર્મના ઉદયાદિ રાગાદિના સહકારી છે=રાગાદિની ઉત્પત્તિમાં સહકારી છે, અને તેના અભાવમાં=સહકારી એવા કર્મના અભાવમાં, કેવી રીતે ખરેખર તે=રાગાદિ દોષો, થાય ? ॥૧૧૯૮॥**

**ટીકા :-**

**रागादिवेदनीयकर्मण उदय आदिशब्दात्तथाविधदेशकालादिपरिग्रहः सहकारी रागादीनां दोषाणामुत्पत्तौ, ततस्तस्य-रागादिवेदनीयस्य कर्मणोऽभावे कथं नु ते रागादयो दोषा भवन्ति?, नैव कथंचनापि भवन्तीति भावः । कारणाभावे कार्याभावात् ।।११९८।।**

**ટીકાર્થ :-**

**रागादिवेदनीयकर्मण ..... कार्याभावात् ।। રાગાદિ વેદનીય કર્મનો ઉદય રાગાદિ દોષોની ઉત્પત્તિમાં સહકારી છે, આદિ શબ્દથી તેવા પ્રકારના દેશ, કાળ આદિનું ગ્રહણ છે. તેથી=રાગાદિ દોષોની ઉત્પત્તિમાં કર્મોના ઉદયાદિ સહકારી છે તેથી, તેના=રાગાદિ વેદનીય કર્મના, અભાવમાં કેવી રીતે તે રાગાદિ દોષો થાય ? અર્થાત્ કોઈ રીતે પણ થાય નહીં જ, એ પ્રકારનો ભાવ છે; કેમ કે કારણના અભાવમાં કાર્યનો અભાવ છે=રાગાદિઆપાદક સહકારી કારણના અભાવમાં રાગાદિ દોષોરૂપ કાર્યનો અભાવ છે. ॥૧૧૯૮॥**

**ભાવાર્થ :-**

જીવમાં રાગાદિ દોષોની ઉત્પત્તિ રાગાદિ વેદનીય કર્મના ઉદયથી થાય છે અને તેમાં સહકારી દેશ, કાળ, દ્રવ્ય, ભાવ અને ભવ છે. તેના નિમિત્તને પામીને કર્મો ઉદયમાં આવે છે અને ઉદયમાન કર્મના નિમિત્તથી જીવમાં રાગાદિ થાય છે. આમ છતાં જે જીવો રાગાદિ દોષોના પ્રતિપક્ષ ભાવનથી રાગાદિ દોષોનો નાશ કરવા યત્ન કરે છે તેઓમાં ક્રમસર રાગાદિઆપાદક કર્મો ક્ષીણ-ક્ષીણતર થાય છે અને જ્યારે રાગાદિઆપાદક કર્મોનો અભાવ થાય છે ત્યારે તેઓ વીતરાગ થાય છે. **॥૧૧૯૮॥**

**ગાથા :-**

**अवबोहमादिया पुण सहजा तेसुं तु अवगतेसुं पि ।**
**तेसिं चिय सामन्नं चेतन्नं चिट्ठती चेव ।।११९९।।**

**છાયા :-**

**अवबोधादयः पुनः सहजास्तेषु तु अपगतेष्वपि ।**
**तेषामेव सामान्यं चैतन्यं तिष्ठत्येव ।।११९९।।**

**ગાથાર્થ :-**

**વળી અવબોધાદિ ધર્મો સહજ છે. તેઓ અપગત થયે છતે પણ તેઓનું જ=અવબોધાદિનું જ, સામાન્ય ચૈતન્ય રહે જ છે. ।।૧૧૯૯।।**

**ટીકા :-**

**अवबोधादयो धर्माः पुनः सहजाः-सहभुवस्ततस्तेषु कर्मोदयादपगतेष्वपि तेषामेव-अवबोधादीना यत्सामान्यं चैतन्यमात्रं किंचित्तत् तिष्ठत्येवेति, न कश्चिदिह पूर्वोक्तदोषप्रसङ्गः ।।११९९।।**

**ટીકાર્થ :-**

**अवबोधादयो ..... पूर्वोक्तदोषप्रसङ्गः ।। વળી, અવબોધાદિ ધર્મો સહજ છે=સહભુવ છે=જીવની સાથે સહજ થનારા છે. તેથી કર્મોના ઉદયથી તે અપગત થયે છતે પણ=સહજ ધર્મો કર્મના ઉદયથી પ્રચુર માત્રામાં અવરુદ્ધ થયે છતે પણ, તેઓનું જ=અવબોધાદિનું જ, જે સામાન્ય ચૈતન્યમાત્ર કિંચિત્ છે તે રહે જ છે. એથી અહીં=ધર્મના નાશથી ધર્મીના નાશના સ્વીકારના વિષયમાં, કોઈ પૂર્વોક્ત દોષનો પ્રસંગ નથી. ।।૧૧૯૯।।**

**ભાવાર્થ :-**

જીવોના બે પ્રકારના ધર્મો છે તેમ ગાથા-૧૧૯૭માં બતાવ્યું. તેમાંથી જે અવબોધાદિ ધર્મો છે તે જીવના સહજ ધર્મો છે. તેથી તે ધર્મો કર્મોના ઉદયથી અત્યંત અવરોધ થાય છે તો પણ સામાન્ય ચૈતન્ય અવશ્ય રહે છે. પરંતુ સહજ ધર્મોનો સર્વથા નાશ થતો નથી. તેથી ધર્મોના નાશથી ધર્મિના નાશનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી. **।।૧૧૯૯।।**

**અવતરણિકા :-**

**यच्चोक्तम्—'अन्नं च नज्जइ तओ' इत्यादि तत्र समाधानमाह—**

**અવતરણિકાર્થ :-**

**અને જે કહેવાયું='અને બીજું તે પુરુષ વીતરાગ છે, તે કેવી રીતે જણાય ?' ઈત્યાદિ જે ગાથા-૧૧૪૧માં કહેવાયું, ત્યાં=પૂર્વપક્ષીના તે પ્રશ્નમાં, સમાધાન કરે છે.**

**ગાથા :-**

**एवं च नज्जइ तओ चेट्ठाओ चेव साहुसक्खि व्व ।**
**ववहारेणं निच्छि(च्छ)यभावेण उ आगमातो त्ति ।।१२००।।**

**છાયા :-**

**एवं च ज्ञायते सकश्चेष्टात एव साधुसाक्षिवत् ।**
**व्यवहारेण निश्चयभावेन तु आगमादिति ।।१२००।।**

**ગાથાર્થ :-**

**અને આ રીતે તે=વીતરાગ, વ્યવહાર વડે ચેષ્ટાથી જ જણાય છે. સુંદર સાક્ષીની જેમ. નિશ્ચયભાવથી આગમથી જણાય છે. ।।૧૨૦૦।।**

**ટીકા :-**

**वीतरागत्वस्य तावन्निष्प्रतिपक्षं युक्त्यां संभवो दर्शितः, ततश्चैवं-वीतरागत्वसंभवे सति 'तओ त्ति' सको वीतरागो व्यवहारेण चेष्टात एव ज्ञायते, साधुसाक्षिवत्, निश्चयभावेन तु आगमात्, अन्यस्य तत्त्वतोऽतीन्द्रियार्थनिश्चयविषये प्रामाण्यायोगात् ।।१२००।।**

**ટીકાર્થ :-**

**वीतरागत्वस्य ..... प्रामाण्यायोगात् ।। નિષ્પ્રતિપક્ષ=પક્ષપાતનો આશ્રય કર્યા વગર, યુક્તિથી વીતરાગત્વનો સંભવ બતાવાયો=ગ્રંથકારશ્રી વડે બતાવાયો, અને તેથી આ રીતે વીતરાગત્વનો સંભવ હોતે છતે તે= વીતરાગ, વ્યવહાર વડે ચેષ્ટાથી જ જણાય છે. સાધુ સાક્ષીની જેમ=સુંદર સાક્ષીની જેમ, વળી નિશ્ચયભાવ વડે આગમથી જણાય છે. અન્યનું=વીતરાગથી અન્યનું, તત્ત્વથી અતીન્દ્રિયાર્થ નિશ્ચયના વિષયમાં પ્રામાણ્યનો અયોગ છે. ।।૧૨૦૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં=ગાથા-૧૧૪૧માં, પૂર્વપક્ષીએ કહેલ કે 'આ પુરુષ વીતરાગ છે તેનો નિર્ણય કઈ રીતે થઈ શકે ?' તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે – વ્યવહારમાં કોઈ સુંદર સાક્ષી હોય તો પોતાને નુકસાન થતું જણાય તો પણ ક્યારેય મૃષા બોલે નહીં. તેનાથી જાણી શકાય છે કે 'આ સાક્ષી પ્રામાણિક છે અર્થાત્ રાગાદિને વશ થયા વગર યથાર્થ કથન કરે છે.' તેમ તીર્થંકરો જ્યારે વિદ્યમાન હોય છે ત્યારે તેઓની ચેષ્ટાથી નક્કી થાય છે કે તેઓ ક્યારેય મૃષા બોલે નહીં; કેમ કે મહાવ્રતોની મર્યાદાથી જ સર્વ ઉચિત પ્રવૃત્તિ કરનારા તીર્થંકરો છે. તેથી જેમ વીતરાગ ક્યાંય સંશ્લેષ વગરના હોય છે તેમ તેઓ પણ મધ્યસ્થભાવથી સર્વ જીવોના હિત માટે એકાંતથી પ્રવર્તે છે. કોઈના હિતની ઉપેક્ષા કરતા નથી. પોતાના કોઈ શિષ્ય પ્રત્યે પક્ષપાત કરતા નથી પરંતુ જે રીતે સર્વનું હિત થાય તે રીતે મધ્યસ્થતાથી પ્રવૃત્તિ કરે છે. તેનાથી જણાય છે કે 'આ વીતરાગ છે' આથી જ વીરભગવાન પ્રત્યે ગોશાળાએ તેજોલેશ્યા મૂકીને અત્યંત અનુચિત પ્રવૃત્તિ કરી તો પણ વીરભગવાન વીતરાગ હોવાથી ગોશાળાનું એકાંત હિત કઈ રીતે થાય તે અર્થે ગૌતમસ્વામીને મોકલીને તેને સંવેગ ઉત્પન્ન કરાવ્યો. જેથી તે ગોશાળાનો જીવ બારમા દેવલોકમાં દેવ થાય છે. તેઓની તે ચેષ્ટા જોઈને વ્યવહાર કરાય છે કે 'આ વીરભગવાન વીતરાગ છે.'

વળી, 'આ વીતરાગ છે' એ પ્રકારનો નિર્ણય છદ્મસ્થ કરી શકે નહીં; કેમ કે, આગમથી અન્યનું અતીન્દ્રિય અર્થના નિર્ણયના વિષયમાં પ્રામાણ્યનો અયોગ છે. તેથી આગમવચનથી જ નિર્ણય કરી શકાય કે કોઈક વીતરાગ થઈ શકે છે. તેથી કોઈ વ્યક્તિને જોઈને 'આ વીતરાગ છે' તેમ તેમની ચેષ્ટારૂપ વ્યવહારથી કહી શકાય અને આગમવચનથી કહી શકાય કે, રાગાદિનો નાશ કોઈક કરી શકે છે માટે વીતરાગપણાનો સંભવ છે.

વળી અતીન્દ્રિય અર્થના નિશ્ચયને કહેનારું આગમ હોવાથી જણાય છે કે આગમના કહેનારા સર્વજ્ઞ છે; કેમ કે સર્વજ્ઞ સિવાય પરમાર્થથી અતીન્દ્રિય અર્થના નિશ્ચય વિષયમાં પ્રમાણભૂત કથન અન્ય કોઈ પુરુષ કરી શકે નહીં અને અતીન્દ્રિય અર્થના વિષયમાં યુક્તિયુક્ત આગમ વચન વર્તમાનમાં પણ ઉપલબ્ધ છે. તેનાથી નક્કી થાય છે કે 'આ આગમને કહેનારા અતીન્દ્રિય અર્થને જોનારા સર્વજ્ઞ છે.' **॥૧૨૦૦॥**

**અવતરણિકા :-**

**નનુ વ્યવહારતોऽપિ સ કથં ચેષ્ટાતો ગમ્યતે ?, તસ્યાઃ સાધ્યેન સહ પ્રતિબન્ધાભાવાત્, દૃશ્યન્તે હિ ખલુ લબ્ધ્યાદિનિમિત્તં સરાગા અપિ વીતરાગા ઇવ ચેષ્ટમાના ઇત્યુક્તં પ્રાગિત્યત આહ—**

**અવતરણિકાર્થ :-**

**'નનુ'થી શંકા કરે છે. વ્યવહારથી પણ તે=વીતરાગ, કેવી રીતે ચેષ્ટાથી જણાય અર્થાત્ જણાય નહીં; કેમ કે સાધ્યની સાથે=વીતરાગત્વરૂપ સાધ્યની સાથે, તેના=ચેષ્ટાના પ્રતિબંધનો અભાવ છે= નિયત વ્યાપ્તિનો અભાવ છે. હિ=જે કારણથી, લબ્ધ્યાદિ નિમિત્ત સરાગ પણ વીતરાગની જેમ ચેષ્ટા કરતા દેખાય છે. એ પ્રમાણે પૂર્વમાં=ગાથા-૧૧૪૨માં, કહેવાયું છે. આથી કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૧૨૦૦માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે વ્યવહારથી સુંદર સાક્ષીની જેમ સુંદર ચેષ્ટાના બળથી નક્કી થાય છે કે 'આ પુરુષ રાગાદિ વગરના છે' ત્યાં 'નનુ'થી પૂર્વપક્ષી શંકા કરે છે – વ્યવહારથી પણ સુંદર ચેષ્ટાના બળથી 'તે વીતરાગ છે', તેમ કઈ રીતે કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહીં; કેમ કે વીતરાગત્વરૂપ સાધ્યની સાથે કોઈ પ્રતિનિયત સુંદર ચેષ્ટાની વ્યાપ્તિનો અભાવ છે. વીતરાગત્વની સાથે સુંદર ચેષ્ટાની વ્યાપ્તિનો કેમ અભાવ છે ? એમાં યુક્તિ આપે છે – ઘણા જીવો લોકમાં માન, ખ્યાતિ આદિ અર્થે કે કોઈ સુંદર પદાર્થોની લોકો પાસેથી પ્રાપ્તિ અર્થે કે અન્ય કોઈ નિમિત્તે સરાગ હોવા છતાં પણ 'પોતાને કોઈ ભોગાદિ પદાર્થોમાં રાગ નથી', તે પ્રકારે સંયમની સર્વ પ્રવૃત્તિઓ કરતા દેખાય છે. જે પ્રવૃત્તિને જોઈને જોનારને જણાય કે 'આ મહાત્માને કોઈ બાહ્ય પદાર્થમાં લેશ પણ રાગ નથી પરંતુ વીતરાગ જેવું ચિત્ત છે.' વસ્તુતઃ ચિત્તમાં વર્તતો માન, ખ્યાતિનો પરિણામ કે અન્ય કોઈ પ્રાપ્તિની ઇચ્છા નિમિત્તે તેવી ચેષ્ટા કરતા હોય તેને જોઈને 'આ વીતરાગની ચેષ્ટા છે કે આ સરાગની ચેષ્ટા છે', તેવો ભેદ સન્મુખ રહેલા પદાર્થને જોનારા છદ્મસ્થો કરી શકે નહીં. માટે બાહ્ય ચેષ્ટાના બળથી 'આ વીતરાગ છે', તેવો નિર્ણય થઈ શકે નહીં. એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. તેના નિરાકરણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે.

ગાથા :-

सम्मेतरचेट्ठाणं अत्थि विसेसो निमित्तभेदातो ।
एत्तो च्चिय हेऊतो नज्जइ सो बुद्धिमंतेणं ।।१२०१।।

છાયા :-

सम्यगितरचेष्टयोरस्ति विशेषो निमित्तभेदात् ।
अत एव हेतुतो ज्ञायते स बुद्धिमता ।।१२०१।।

ગાથાર્થ :-

સમ્યગ્ અને ઇતર ચેષ્ટાનો નિમિત્તભેદ હોવાથી વિશેષ છે=વીતરાગની ચેષ્ટા અને અવીતરાગની ચેષ્ટામાં ભેદ છે. આ જ હેતુથી=ચેષ્ટાવિશેષરૂપ હેતુથી જ, તે=વીતરાગ, બુદ્ધિમાન વડે જણાય છે. ।।૧૨૦૧।।

ટીકા :-

सम्यगितरचेष्टयोर्निमित्तभेदात् कारणात् अस्ति तावत्परस्परं स्वरूपतो विशेषो-भेदः, यदि पुनर्निमित्तभेदेऽपि न तयोर्भेदो भवेत् ततो निर्हेतुकौ विश्वस्य भेदाभेदौ प्रसज्येयाताम् । यदपि चोच्यते—'अयमेव हि भेदो भेदहेतुर्वा यदुत विरुद्धधर्माध्यासः कारणभेदश्चेति' तदपि प्लवेतेति । 'एत्तो च्चिय इत्यादि' अत एव-चेष्टाविशेषलक्षणाद्धेतोः स वीतरागो व्यवहारेण बुद्धिमता पुंसा ज्ञायते, साधुसाक्षिवत् । दृश्यन्ते खल्वद्यापि निपुणधिषणाः समवगतसम्यगितरचेष्टाविशेषा दर्शनमात्रेणापि, साध्वितरसाक्षिणोरवगन्तार इति ।।१२०१।।

ટીકાર્થ :-

सम्यगितर ..... इति ।। સમ્યગ્ અને ઇતર ચેષ્ટામાં નિમિત્ત ભેદના કારણે પરસ્પર સ્વરૂપથી વિશેષ=ભેદ છે. જો વળી નિમિત્ત ભેદ હોવા છતાં પણ તે બેનો ભેદ ન હોય તો વિશ્વના ભેદાભેદ નિર્હેતુક પ્રાપ્ત થાય અને જે પણ કહેવાય છે. 'આ જ ભેદ અથવા ભેદનો હેતુ છે' તે જ 'यदुत'થી સ્પષ્ટ કરે છે. વિરુદ્ધ ધર્મનો અધ્યાસ અને કારણ ભેદ છે=વિરુદ્ધ ધર્મનો અધ્યાસ ભેદ છે અને કારણનો ભેદ ભેદનો હેતુ છે, તે પણ પ્લવન થાય=અસંગત થાય અર્થાત્ જો સરાગ અને વીતરાગની ચેષ્ટામાં કોઈ ભેદ ન હોય તો યુક્તિથી પ્રસિદ્ધ છે કે વિરુદ્ધ ધર્મનો અધ્યાસ ભેદ છે અને કારણનો ભેદ ભેદનો હેતુ છે, તે સંગત થાય નહીં. આથી જ=વિરુદ્ધ ધર્મનો અધ્યાસ ભેદ છે અને કારણનો ભેદ ભેદનો હેતુ છે આથી જ, ચેષ્ટાવિશેષ લક્ષણ હેતુથી=અવીતરાગની ચેષ્ટા કરતાં વીતરાગની જે ચેષ્ટાવિશેષ છે તે રૂપ હેતુથી, તે વીતરાગ વ્યવહારથી બુદ્ધિમાન પુરુષ વડે જણાય છે. સાધુ સાક્ષીની જેમ=સુંદર સાક્ષીની જેમ, ખરેખર હમણાં પણ નિર્ણય કર્યો છે સમ્યગ્ અને ઇતર ચેષ્ટાવિશેષ

**જેમણે એવા નિપુણ બુદ્ધિવાળા દર્શન માત્રથી પણ સાધુ સાક્ષીના અને ઈતર સાક્ષીના જાણનારા દેખાય છે. ।।૧૨૦૧।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં પૂર્વપક્ષીએ શંકા કરી કે કેટલાક માન, ખ્યાતિની પ્રાપ્તિ આદિ નિમિત્તે પણ વીતરાગ જેવી ચેષ્ટા કરે છે માટે ચેષ્ટાના બળથી 'આ મહાત્મા વીતરાગ છે' તેમ નક્કી થઈ શકે નહીં. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – સમ્યગ્ ચેષ્ટા અને ઇતર ચેષ્ટામાં સરાગત્વ અને વીતરાગત્વ રૂપ નિમિત્ત ભેદને કારણે પરસ્પર સ્વરૂપથી ભેદ છે. જો નિમિત્તના ભેદમાં પણ વસ્તુનો ભેદ ન હોય તો જગતમાં ભેદાભેદ નિર્હેતુક છે તેમ માનવું પડે. આશય એ છે કે સ્યાદ્વાદી જગતના સર્વ પદાર્થોમાં પરસ્પર ભેદાભેદ સ્વીકારે છે અને તે ભેદાભેદ નિમિત્તના ભેદથી જ સિદ્ધ થાય અને જો તેમ ન સ્વીકારવામાં આવે તો જગતના સર્વ પદાર્થોમાં પરસ્પર કથંચિત્ ભેદ છે અને કથંચિત્ અભેદ છે તે વચન સંગત થાય નહીં. ફક્ત કેટલાક પદાર્થોનો પરસ્પર ભેદ અત્યંત સ્થૂલ હોય છે. જેમ ઘટ અને પટ બંનેનો પરસ્પર કથંચિત્ ભેદ છે અને કથંચિત્ અભેદ છે અર્થાત્ પુદ્ગલ રૂપે બંનેનો અભેદ છે અને ઘટાકાર, પટાકાર રૂપે ભેદ છે. તે ભેદ અત્યંત સ્થૂલદૃષ્ટિવાળા પણ સુખપૂર્વક ગ્રહણ કરી શકે છે. વળી, કેટલીક વખત બહુલતાએ સદૃશ એવા ઘટ પ્રાપ્ત થતા હોય. જેમાં ભેદ સ્પષ્ટ દેખાતો ન હોય તો પણ સૂક્ષ્મ પ્રજ્ઞાવાળા તેના ભેદને ગ્રહણ કરી શકે છે; કેમ કે તે ભેદમાં કોઈક સૂક્ષ્મ નિમિત્તનો ભેદ છે, તેથી તે બે ઘટ વચ્ચે ભેદ દેખાય છે. તેમ કોઈક વાસ્તવિક વીતરાગ હોય અને કોઈક વાસ્તવિક વીતરાગ ન હોય પરંતુ માન, ખ્યાતિ આદિને નિમિત્તે વીતરાગ જેવી ચેષ્ટા કરતા હોય, તેને જોઈને સ્થૂલથી જોનારાને તે બંનેની બાહ્ય ચેષ્ટા સમાન દેખાય છે, તો પણ નિપુણ પ્રજ્ઞાવાળા બુદ્ધિમાન જીવો વીતરાગમાં વર્તતા વીતરાગભાવ નિમિત્તે થતી ચેષ્ટા અને અવીતરાગ પુરુષમાં વર્તતી લબ્ધિ આદિ નિમિત્તે વીતરાગતુલ્ય ચેષ્ટાને જોઈને તેના ભેદને ગ્રહણ કરી શકે છે. જો તે બે ચેષ્ટામાં સર્વથા ભેદ ન હોય તો જે બુદ્ધિમાન પુરુષો કહે છે કે વિરુદ્ધ ધર્મનો અધ્યાસ એ ભેદ છે અને કારણનો ભેદ ભેદનો હેતુ છે, તે વચન પણ સંગત થાય નહીં. તેથી નક્કી થાય છે કે તે બે પુરુષમાં વીતરાગ તુલ્ય ચેષ્ટા દેખાય છે તે ચેષ્ટામાં કોઈક સૂક્ષ્મ વિરુદ્ધ ધર્મનો અધ્યાસ છે. જેથી તે બેની ચેષ્ટામાં કાંઈક સૂક્ષ્મભેદ છે અને તે બંને પુરુષમાંથી એક પુરુષમાં લબ્ધિ આદિ નિમિત્ત કારણ છે અને બીજા પુરુષમાં વીતરાગત્વરૂપ કારણ છે, તે બે રૂપ કારણનો ભેદ તે બેની ચેષ્ટામાં ભેદનો હેતુ છે. તેથી તે બંને પુરુષની ચેષ્ટા સ્થૂલથી સદૃશ દેખાવા છતાં સૂક્ષ્મ પ્રજ્ઞાથી જોનારને ભિન્ન પ્રકારની દેખાય છે જેના બળથી બુદ્ધિમાન પુરુષ અનુમાન કરી શકે છે કે 'આ પુરુષની ચેષ્ટા લબ્ધિ આદિના પરિણામથી વીતરાગ સદૃશ થયેલી છે, પરંતુ સર્વથા સદૃશ નથી અને આ પુરુષની ચેષ્ટા વીતરાગતાના પરિણામથી થયેલી છે.' તેથી લબ્ધિ આદિ નિમિત્તે તેવી ચેષ્ટા કરનારા પુરુષ કરતાં વીતરાગની ચેષ્ટા કંઈક વિલક્ષણ છે. આથી જ બુદ્ધિમાન પુરુષો વ્યવહારથી=ક્રિયારૂપ વ્યવહારથી, વીતરાગ પુરુષને જાણી શકે છે. જેમ નિપુણ પ્રજ્ઞાવાળા જીવો જોવા માત્રથી પણ 'આ સાક્ષી સાચો સાક્ષી છે અને આ સાક્ષી જૂઠો છે', તેવો ભેદ જાણી શકે છે અને જેઓમાં તેવી નિપુણ પ્રજ્ઞા નથી તેઓ જોવા માત્રથી આ સાચો સાક્ષી છે અને આ ખોટો સાક્ષી

છે તેનો નિર્ણય કરી શકે નહીં. વળી કોઈક નિપુણ પ્રજ્ઞાવાળા છે તેઓ સાચા સાક્ષી અને ખોટા સાક્ષીને અનેક પ્રકારે પ્રશ્નો કરીને તેના બળથી પણ સાચા સાક્ષીનો અને ખોટા સાક્ષીનો નિર્ણય કરી શકે છે. વળી જેઓમાં તેવી સૂક્ષ્મ પ્રજ્ઞા નથી તેઓ નિપુણતાપૂર્વક ખોટું બોલનાર સાક્ષીને તેના વચનના કૌશલ્યથી જ સાચો સાક્ષી માને છે અને સાચા સાક્ષીને ખોટો માને છે. તેમ સ્થૂલ પ્રજ્ઞાવાળા જીવો પણ બાહ્ય ચેષ્ટાથી લબ્ધિ આદિ નિમિત્તક વીતરાગતુલ્ય ચેષ્ટા કરનારને વીતરાગ માને છે પરંતુ નિપુણ પ્રજ્ઞાવાળા તો સૂક્ષ્મ રીતે પણ ચિત્તમાં વર્તતા લબ્ધિ આદિ નિમિત્તક પરિણામની છાયાકૃત ચેષ્ટામાં જે જે વીતરાગની ચેષ્ટાથી ભેદ છે તેને ગ્રહણ કરીને 'આ વીતરાગ નથી' એવો નિર્ણય કરી શકે છે. **॥૧૨૦૧॥**

**અવતરણિકા :-**

**यदप्युक्तम्—'न वीतरागचेष्टा विशेषतो वीतरागप्रतिबद्धा सिद्धा, यस्मादात्मधर्म एव रागाद्यभाव इष्यते, न च स प्रत्यक्षेणावगम्यते' इत्यादि, तदपि दूषयितुमाह—**

**અવતરણિકાર્થ :-**

**વળી જે કહેવાયું=પૂર્વપક્ષી દ્વારા ગાથા-૧૧૪૩ અને ૧૧૪૪માં જે કહેવાયું, 'વીતરાગચેષ્ટા વિશેષથી વીતરાગ સાથે પ્રતિબદ્ધ સિદ્ધ નથી. જે કારણથી આત્માનો ધર્મ જ રાગાદિ અભાવ ઈચ્છાય છે અને તે=રાગાદિ અભાવરૂપ આત્મધર્મ, પ્રત્યક્ષથી જણાતો નથી' ઇત્યાદિ તેને પણ=પૂર્વપક્ષી વડે જે કહેવાયું તેને પણ, દૂષિત કરવા માટે કહે છે —**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ કહેલ કે વીતરાગની ચેષ્ટા વીતરાગ સાથે જ પ્રતિબદ્ધ છે અન્ય કોઈ સાથે નહીં. સામાન્યથી વીતરાગતુલ્ય ચેષ્ટા અન્ય કરી શકે પરંતુ વિશેષથી વીતરાગમાં જ એવી ચેષ્ટા સંભવી શકે અન્યમાં નહીં એ પ્રમાણે સિદ્ધ નથી; કેમ કે રાગાદિનો અભાવ એ વીતરાગતારૂપ આત્મધર્મ છે જે ચક્ષુનો વિષય નથી. તેથી, 'આ ચેષ્ટા વીતરાગતા સાથે પ્રતિબદ્ધ છે' તેવો નિર્ણય કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં; કેમ કે વીતરાગતા અરૂપી આત્માનો ધર્મ છે જે ચક્ષુથી દેખાતો નથી જેના બળથી કહી શકાય કે આ જીવમાં વીતરાગતા છે. આ પ્રકારના પૂર્વપક્ષીના મતને દૂષણ આપવા માટે કહે છે.

**ગાથા :-**

**तप्पडिबद्धं लिंगं न दिट्ठमंधेण ण य तओ नत्थि ।**
**आवरियबुद्धिचक्खू पेच्छति कहमायधम्मं तु? ।।१२०२।।**

**છાયા :-**

**तत्प्रतिबद्धं लिंगं न दृष्टमन्धेन न च सको नास्ति ।**
**आवृतबुद्धिचक्षुः पश्यति कथमात्मधर्मं तु ? ।।१२०२।।**

ગાથાર્થ :-

તત્પ્રતિબદ્ધ=વીતરાગની સાથે પ્રતિબદ્ધ, લિંગ અંધ વડે જોવાયું નથી અને તે=વીતરાગ, નથી એમ નહીં. આવૃત બુદ્ધિવાળી ચક્ષુ કેવી રીતે આત્મધર્મને જુવે ? અર્થાત્ જોઈ શકે નહીં. ।।૧૨૦૨।।

ટીકા :-

तत्प्रतिबद्धं-वीतरागप्रतिबद्धं लिङ्गं न दृष्टमन्धेन-चक्षुर्विकलेन, न च तावता अन्धस्यादर्शनमात्रेण 'तओ त्ति' सको वीतरागो नास्तीति निश्चेतुं शक्यते, अतिप्रसङ्गात्, एवं भवानपि ज्ञानावरणीयकर्माणु-पटलावृतबुद्धिचक्षुः कथमात्मधर्मं रागाद्यभावलक्षणमतीन्द्रियं पश्यति?, येन तत्प्रतिबद्धं लिङ्गं जानीयात्, ततो न तव लिङ्गादर्शनमात्रेण तस्याभाव इति । यद्येवं तर्हि कथमुक्तं चेष्टातो व्यवहारेण स वीतरागोऽनुमीयते, ज्ञाताविनाभावो हि हेतुः साध्यस्य गमको भवति, न सत्तामात्रेण, अन्यथा नालिकेरद्वीपवासिनापि धूमदर्शनमात्रादग्निरनुमीयेत, न च चेष्टायाः सन्नपि वीतरागत्वेन सह प्रतिबन्धो निश्चितो, यथोक्तं प्राक्, ततः कथं तद्दर्शनात्सोऽनुमीयत इति? । नैष दोषः । सामान्यतोदृष्टानुमान-नीतितस्तदनुमानोपपत्तेः, यथा गतिमान् आदित्यो, देशान्तरप्राप्तेर्देवदत्तवदिति । तथाहि—न दिनकर-गतिमत्त्वेन देशान्तरप्राप्तिरविनाभूता दृष्टा, अथ च सा तद्गमयति, एवमिह चेष्टापीति । देवदत्ते गतिमत्त्वेन देशान्तरप्राप्तिरविनाभूता दृष्टा, तत आदित्येऽपि सा गमयतीति चेत्?, साधुसाक्षिण्यपि तर्हि सम्यक्चेष्टा माध्यस्थ्येनाविनाभूता दृष्टेति वीतरागेऽपि सा तद्गमयिष्यतीति समानमेतत् । प्रकर्षप्राप्तमाध्यस्थ्येन सह न दृष्टेति चेत्, देवदत्तेऽपि तर्हि न तथा गगनगतिमत्त्वेनाविनाभूता देशान्तरप्राप्तिर्दृष्टेति समानमेवेति ।।१२०२।।

ટીકાર્થ :-

तत्प्रतिबद्धं- ..... समानमेवेति ।। તત્પ્રતિબદ્ધ=વીતરાગ સાથે પ્રતિબદ્ધ, એવું લિંગ અંધ વડે=ચક્ષુવિકલ વડે=તત્ત્વને જોનારી સૂક્ષ્મ પ્રજ્ઞાથી વિકલ પુરુષ વડે, જોવાયું નથી અને તેટલા અંધના અદર્શન માત્રથી તે=વીતરાગ, નથી એ નિશ્ચય કરવા માટે શક્ય નથી; કેમ કે અતિપ્રસંગ છે=અંધપુરુષને રૂપાદિ દેખાતા નથી તેને પણ અસ્વીકારવાનો અતિપ્રસંગ છે. આ રીતે જ્ઞાનાવરણીય કર્મના અણુપટલથી આવૃત બુદ્ધિરૂપ ચક્ષુવાળા તમે પણ રાગાદિઅભાવલક્ષણ અતીન્દ્રિય એવા આત્મધર્મને કેવી રીતે જોઈ શકો ? જેનાથી તેની સાથે પ્રતિબદ્ધ=વીતરાગ સાથે પ્રતિબદ્ધ, લિંગને જાણો. તેથી તમને લિંગના અદર્શન માત્રથી તેનો અભાવ નથી. જો આ પ્રમાણે છે='વીતરાગનું લિંગ દેખાતું નથી' એ પ્રમાણે છે, તો વ્યવહાર દ્વારા ચેષ્ટાથી તે વીતરાગ અનુમાન કરાય છે એ પ્રમાણે કેમ કહેવાયું ? हि=જે કારણથી, જ્ઞાતની સાથે અવિનાભાવવાળો હેતુ=જો વીતરાગ જ્ઞાત હોય તો તેની

સાથે અવિનાભાવવાળો ચેષ્ટારૂપ હેતુ, સાધ્યનો ગમક થાય છે=વીતરાગત્વરૂપ સાધ્યનો ગમક થાય છે, સત્તામાત્રથી નહિ=હેતુની સત્તામાત્રથી હેતુ સાધ્યનો ગમક થતો નથી. અન્યથા=હેતુની સત્તામાત્રથી હેતુ સાધ્યનો ગમક હોય તો, નાળિયેરના દ્વીપવાસી જીવો વડે પણ ધૂમના દર્શનમાત્રથી અગ્નિનું અનુમાન થાય અને વીતરાગત્વની સાથે ચેષ્ટાનો વિદ્યમાન પણ પ્રતિબંધ નિશ્ચિત નથી, જે પ્રમાણે પૂર્વમાં કહેવાયું તેથી કેવી રીતે તેના દર્શનથી=વીતરાગની ચેષ્ટાના દર્શનથી, તે=વીતરાગ, અનુમાન કરાય ? તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ દોષ નથી=પૂર્વપક્ષીએ કહ્યું કે વીતરાગની સાથે ચેષ્ટાની પ્રાપ્તિ હોવા છતાં છદ્મસ્થ જીવને વીતરાગની સાથે ચેષ્ટાના સંબંધનો નિશ્ચય નથી તેથી તે ચેષ્ટાના દર્શનથી વીતરાગત્વનું અનુમાન થાય નહીં એ દોષ નથી; કેમ કે સામાન્યથી દૃષ્ટના અનુમાનની નીતિથી તેના અનુમાનની ઉપપત્તિ છે=વીતરાગના અનુમાનની ઉપપત્તિ છે. જે પ્રમાણે ગતિમાન આદિત્ય છે; કેમ કે દેશાંતરની પ્રાપ્તિ છે. દેવદત્તની જેમ, તે આ પ્રમાણે – દિનકરના ગતિમત્ત્વની સાથે દેશાંતરની પ્રાપ્તિ અવિનાભૂત જોવાઈ નથી અને તે=દેશાંતરની પ્રાપ્તિ, તેને=દિનકરના ગતિમત્ત્વને, જણાવે છે. એ રીતે=જે રીતે દેશાંતરની પ્રાપ્તિથી સૂર્યની ગતિનું અનુમાન થાય છે એ રીતે, અહીં પણ=વીતરાગના વિષયમાં ચેષ્ટા પણ, અનુમાન કરાય છે. દેવદત્તમાં ગતિમત્ત્વને કારણે દેશાંતરની પ્રાપ્તિ અવિનાભૂત જોવાઈ છે. તેથી આદિત્યમાં તે=દેશાંતરની પ્રાપ્તિ, જણાવે છે=ગતિમત્ત્વને જણાવે છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તો સાધુની સાક્ષીવાળી પણ સમ્યક્ ચેષ્ટા=સાધુમાં વર્તતી પણ સમ્યક્ ચેષ્ટા, માધ્યસ્થ્યની સાથે અવિનાભૂત જોવાઈ છે. એથી વીતરાગમાં પણ તે=સમ્યક્ ચેષ્ટા, તેને=વીતરાગત્વ રૂપ મધ્યસ્થભાવને, જણાવશે. એથી આ=દેવદત્તની ગતિ દ્વારા સૂર્યની ગતિનું અનુમાન કર્યું એમ સાધુની ચેષ્ટા દ્વારા વીતરાગનું અનુમાન થાય છે એ, સમાન છે. પ્રકર્ષપ્રાપ્ત માધ્યસ્થ્યની સાથે= વીતરાગત્વની સાથે, જોવાઈ નથી=અવિનાભૂત ચેષ્ટા જોવાઈ નથી, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો દેવદત્તમાં પણ તે પ્રકારે આકાશમાં ગતિમત્ત્વની સાથે અવિનાભૂત દેશાંતરની પ્રાપ્તિ જોવાઈ નથી. એ પ્રકારે સમાન જ છે. ।।૧૨૦૨।।

**અવતરણિકા :-**

अपि च–

**અવતરણિકાર્થ :-**

અને વળી, વીતરાગતાનું નિશ્ચાયક લિંગ અન્ય શું છે ? તે બતાવે છે–

**ગાથા :-**

जह चेव अपच्चक्खो आया ईहादिएहिं लिंगेहिं ।
गम्मइ तहेव भासादिलिंगओ वीयरागो वि ।।१२०३।।

**છાયા :-**

**यथैवाप्रत्यक्ष आत्मा ईहादिभिर्लिङ्गैः ।**
**गम्यते तथैव भाषादिलिङ्गतो वीतरागोऽपि ।।१२०३।।**

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે જ અપ્રત્યક્ષ એવો આત્મા ઈહાદિ લિંગો દ્વારા અનુમાન કરાય છે તે પ્રમાણે જ ભાષાદિ લિંગોથી વીતરાગ પણ અનુમાન કરાય છે. ll૧૨૦૩ll**

**ટીકા :-**

**यथैवाप्रत्यक्षः सन्नात्मा अप्रत्यक्षत्वत एव तेन सहान्वयमुखेन प्रतिबन्धग्रहणमन्तरेणापि ईहादिभिः- ईहापोहमार्गणादिभिर्लिङ्गैर्गम्यते-अनुमीयते, तथैव भाषादिलिङ्गतो वीतरागोऽप्यनुमीयते, तदन्यथा-नुपपत्त्या प्रतिबन्धनिश्चयस्योभयत्राप्यविशेषादिति ।।१२०३।।**

**ટીકાર્થ :-**

**यथैवाप्रत्यक्षः ..... विशेषादिति ।। જે પ્રમાણે જ અપ્રત્યક્ષ છતો આત્મા અપ્રત્યક્ષપણાને કારણે જ તેની સાથે અન્વયમુખથી પ્રતિબંધના ગ્રહણ વગર પણ ઈહાદિ વડે=ઈહા-અપોહ-માર્ગણાદિ લિંગો વડે, અનુમાન કરાય છે. તે પ્રમાણે જ ભાષાદિના લિંગથી વીતરાગ પણ અનુમાન કરાય છે; કેમ કે તેની અન્યથા અનુપપત્તિ હોવાને કારણે=વિશિષ્ટ પ્રકારના ભાષાદિ લિંગની વીતરાગતા વગર અનુપપત્તિ હોવાને કારણે, પ્રતિબંધના નિશ્ચયનો=વ્યાપ્તિના નિશ્ચયનો, ઉભયત્ર પણ=આત્માના વિષયમાં અને વીતરાગના વિષયમાં ઉભયત્ર પણ, અવિશેષ છે. ll૧૨૦૩ll**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ કહ્યું કે 'રાગાદિનો અભાવ આત્મધર્મ છે અને તે પ્રત્યક્ષથી દેખાતો નથી.' તેથી 'વીતરાગની ચેષ્ટા વીતરાગ સાથે પ્રતિબદ્ધ છે', તે જણાય નહીં. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – ચક્ષુવિકલ પુરુષને વીતરાગ સાથે પ્રતિબદ્ધ લિંગ દેખાતું નથી એટલા માત્રથી વીતરાગ નથી, એમ તે કહી શકે નહીં. ફક્ત 'વીતરાગ છે કે નહીં, એ પ્રકારની શંકા થઈ શકે પરંતુ વીતરાગ નથી તેમ કહી શકે નહીં.' એ રીતે જ્ઞાનાવરણીય કર્મના પડદાઓથી આવૃત બુદ્ધિવાળા છદ્મસ્થ જીવો રાગાદિના અભાવરૂપ આત્મધર્મને જોવા માટે સમર્થ નથી. તેથી વીતરાગની સાથે પ્રતિબદ્ધ એવું લિંગ જાણી શકે નહીં તેટલા માત્રથી તેનો અભાવ છે તેમ કોઈ કહી શકે નહીં. આ રીતે 'વીતરાગનો અભાવ છે' તે પ્રકારનું પૂર્વપક્ષીનું વચન અસંગત છે તેમ બતાવ્યા પછી વીતરાગમાં રહેલી વીતરાગતા નહીં દેખાતી હોવા છતાં લિંગથી વીતરાગતાનું અનુમાન સામાન્યથી થઈ શકે છે. તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે – 'જે પ્રમાણે કોઈ જીવમાં વર્તતો આત્મા પ્રત્યક્ષથી દેખાતો નથી. તેથી તેની સાથે ઈહા, અપોહાદિ લિંગોની વ્યાપ્તિ છે' તેવું પ્રત્યક્ષથી દેખાતું નથી,

તો પણ જીવો ઈહા, અપોહાદિ કરે છે તેના લિંગોથી 'આ શરીરધારીમાં આત્મા છે' એમ અનુમાન થઈ શકે છે. તેમ દૃષ્ટ વ્યવસ્થા સાથે બાધ ન થાય અને અનુભવ સાથે વિરોધ ન આવે અને પોતાના પૂર્વ-અપર કથન સાથે વિરોધ ન આવે તેવી અતીન્દ્રિય પદાર્થને કહેનારી ભાષાને કહેનારા સર્વજ્ઞ છે, એ પ્રકારના લિંગથી વીતરાગનું પણ સામાન્યથી અનુમાન થઈ શકે છે; કેમ કે જેમ આત્મા અરૂપી છે તેમ આત્માનો વીતરાગધર્મ પણ અરૂપી છે છતાં અરૂપી એવા આત્માનું ઈહા, અપોહાદિ લિંગો દ્વારા અનુમાન કરાય છે. તેમ શુદ્ધ ભાષાની પ્રરૂપણા અને શુદ્ધ ચેષ્ટાનાં લિંગોથી 'આ મહાત્મા વીતરાગ છે', એમ અનુમાન કરી શકાય છે માટે 'વીતરાગ નથી' એ પ્રકારનું પૂર્વપક્ષીનું વચન અસંગત છે. **॥૧૨૦૨-૧૨૦૩॥**

**અવતરણિકા :-**

**यदपि च सर्वज्ञत्वमधिकृत्योक्तम्—'सव्वं च जाणइ कह'मित्यादि, तत्रापि प्रतिविधानमाह—**

**અવતરણિકાર્થ :-**

**અને સર્વજ્ઞત્વને આશ્રયીને પૂર્વપક્ષી દ્વારા "સર્વ કેવી રીતે જાણે" ઈત્યાદિ** ગાથા-૧૧૪૯માં જે **પણ કહેવાયું, ત્યાં પણ**=પૂર્વપક્ષીના તે કથનમાં પણ, **પ્રતિવિધાનને કહે છે**=ઉત્તરને કહે છે –

**ગાથા :-**

**सव्वं च जाणइ तओ पच्चक्खेणेव ण पुण सव्वेहिं ।**
**भिन्निंदियावसेयादिभणियदोसो वि ण य एत्थ ।।१२०४।।**

**છાયા :-**

सर्वं च जानाति सकः प्रत्यक्षेणैव न पुनः सर्वैः ।
भिन्नेन्द्रियावसेयादिभणितदोषोऽपि न चात्र ।।१२०४।।

**ગાથાર્થ :-**

**અને તે=સર્વજ્ઞ, પ્રત્યક્ષથી જ સર્વને જાણે છે પરંતુ સર્વ પ્રત્યક્ષાદિ વડે નહીં. અહીં=પ્રત્યક્ષથી જ સર્વજ્ઞ જાણે છે એ કથનમાં, ભિન્ન ઈન્દ્રિયથી જણાતા કહેવાયેલા દોષો પણ નથી. ॥૧૨૦૪॥**

**ટીકા :-**

**सर्वं च वस्तु 'तओ त्ति' सकः सर्वज्ञः प्रत्यक्षेणैव जानाति, न पुनः सर्वैः प्रत्यक्षादिभिः प्रमाणैः । न चात्र-प्रत्यक्षेण परिज्ञाने 'भिन्नेन्द्रियावसेया रूपादय' इत्यादिकः प्राग्भणितो दोषोऽपि लगति ।।१२०४।।**

**ટીકાર્થ :-**

सर्वं च ..... लगति ।। **અને સર્વ વસ્તુ તે=સર્વજ્ઞ, પ્રત્યક્ષથી જ જાણે છે. વળી, સર્વ પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે નહીં અને અહીં**=સર્વજ્ઞ પ્રત્યક્ષથી જુવે છે એ પ્રકારના કથનમાં, **"પ્રત્યક્ષથી પરિજ્ઞાન**

થયે છતે, ભિન્ન ઇન્દ્રિયથી જણાતા એવા રૂપાદિ કેવી રીતે સર્વજ્ઞ જાણી શકે" ઇત્યાદિ પૂર્વમાં=ગાથા-૧૧૪૭માં, કહેલા દોષો પ્રાપ્ત થતા નથી. ॥૧૨૦૪॥

**ગાથા :-**

**अन्नं अतिंदियं जं पच्चक्खं तेण जाणई सव्वं ।**
**तब्भावम्मि पमाणं पगरिसभावो उ नाणस्स ।।१२०५।।**

**છાયા :-**

अन्यदतीन्द्रियं यत्प्रत्यक्षं तेन जानाति सर्वम् ।
तद्भावे प्रमाणं प्रकर्षभावस्तु ज्ञानस्य ।।१२०५।।

**ગાથાર્થ :-**

**જે કારણથી અન્ય અતીન્દ્રિય પ્રત્યક્ષ છે તેના વડે સર્વને જાણે છે=કેવળી સર્વને જાણે છે. વળી જ્ઞાનનો પ્રકર્ષભાવ તેના ભાવમાં=અતીન્દ્રિય જ્ઞાનના ભાવમાં, પ્રમાણ છે. ॥૧૨૦૫॥**

**ટીકા :-**

यस्मादतीन्द्रियं प्रत्यक्षमिन्द्रियजात् प्रत्यक्षादन्यत्, ततस्तेन सर्वं जानाति, इन्द्रियजे च प्रत्यक्षे प्रागुक्तदोषावकाश इति । यच्चोक्तम्—'तब्भावम्मि पमाणाभावा सद्धेयमेवेय'मिति, तत्राह—'तब्भावम्मीत्यादि' तद्भावे तु सर्वविषयातीन्द्रियप्रत्यक्षभावे तु प्रमाणं प्रकर्षभावो ज्ञानस्य, नहि सर्वविषयातीन्द्रियप्रत्यक्षभावमन्तरेणान्यो ज्ञानस्य सर्वान्तिमप्रकर्षभावः, किंतु तदात्मक एव प्रकर्षभावः, प्रकर्षभावेन च प्रमीयमाणत्वात् प्रकर्षभाव एव प्रमाणमुक्तो, यथाग्निभावे धूमः प्रमाणमित्यत्रेति । स एव प्रकर्षभावो ज्ञानस्य कथं सिद्ध इति चेत्?, प्रमाणादिति ब्रूमः तच्च प्रमाणमिदम्-यदिह तारतम्यवत् तत्सर्वोत्तमप्रकर्षभाक्, यथा परिमाणं, तारतम्यवच्चेदं ज्ञानमिति ।।१२०५।।

**ટીકાર્થ :-**

यस्मादतीन्द्रियं ..... ज्ञानमिति ।। જે કારણથી ઇન્દ્રિયથી થનારા પ્રત્યક્ષથી અન્ય અતીન્દ્રિય પ્રત્યક્ષ છે. તેથી તેના વડે=અતીન્દ્રિય પ્રત્યક્ષ વડે, સર્વને જાણે છે=કેવળી સર્વને જાણે છે, અને ઇન્દ્રિયથી થનારા પ્રત્યક્ષમાં પૂર્વે કહેવાયેલા દોષનો અવકાશ છે=પૂર્વપક્ષીએ ગાથા-૧૧૪૭માં જે દોષો આપ્યા છે તે દોષોનો અવકાશ છે, અને જે ગાથા-૧૧૪૮માં ઉત્તરાર્દ્ધમાં "તેના ભાવમાં પ્રમાણનો અભાવ હોવાથી આ શ્રદ્ધેય જ છે" એ પ્રમાણે પૂર્વપક્ષી વડે કહેવાયું ત્યાં=પૂર્વપક્ષીના તે કથનમાં, ઉત્તર આપે છે – તેના ભાવમાં=સર્વ વિષય અતીન્દ્રિય પ્રત્યક્ષના સદ્ભાવમાં વળી જ્ઞાનનો પ્રકર્ષભાવ પ્રમાણ છે=છદ્મસ્થને તરતમતાવાળો જ્ઞાનનો પરિણામ છે અને કેવલજ્ઞાનાવરણ કર્મરહિત એવા કેવલીના

**જ્ઞાનનો પ્રકર્ષભાવ સર્વ વિષયક અતીન્દ્રિય પ્રત્યક્ષમાં પ્રમાણ છે. હિ=જે કારણથી, સર્વ વિષયક અતીન્દ્રિય પ્રત્યક્ષ ભાવ વગર જ્ઞાનનો અન્ય સર્વ અંતિમ પ્રકર્ષભાવ નથી પરંતુ તદાત્મક જ=સર્વ પદાર્થ વિષયક જ, પ્રકર્ષભાવ છે અને પ્રકર્ષભાવથી પ્રમીયમાણપણું હોવાથી='જ્ઞાનનો પ્રકર્ષભાવ કોઈકમાં છે' એ પ્રકારના પ્રકર્ષભાવથી કેવલજ્ઞાનનું પ્રમીયમાણપણું હોવાથી, પ્રકર્ષભાવ જ પ્રમાણ કહેવાયો=કેવલજ્ઞાનમાં પ્રકર્ષભાવ જ પ્રમાણ છે એમ કહેવાયું. જે પ્રમાણે અગ્નિના સદ્ભાવમાં ધૂમ પ્રમાણ છે એ પ્રમાણે અહીં=કેવલજ્ઞાનમાં, પ્રકર્ષભાવ જ પ્રમાણ છે. 'જ્ઞાનનો તે જ પ્રકર્ષભાવ કેવી રીતે સિદ્ધ છે ?' એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – પ્રમાણથી=પ્રમાણથી જ્ઞાનનો પ્રકર્ષભાવ સિદ્ધ છે, એ પ્રમાણે અમે કહીએ છીએ. અને તે પ્રમાણ આ છે. અહીં=સંસારમાં, 'જે તારતમ્યવાળું છે તે સર્વોત્તમ પ્રકર્ષવાળું છે જે પ્રમાણે પરિમાણ=દ્વ્યણુકાદિ વસ્તુનું પરિમાણ, અને તારતમ્યવાળું આ જ્ઞાન છે=જીવમાં વર્તતું જ્ઞાન તારતમ્યવાળું છે, માટે પ્રકર્ષવાળું જ્ઞાન જેને છે તે સર્વજ્ઞ છે' એમ અન્વય છે. ॥૧૨૦૫॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં પૂર્વપક્ષીએ કહ્યું કે વીતરાગ સર્વજ્ઞનો સંભવ નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ 'વીતરાગનો કઈ રીતે સંભવ છે ?' તે અત્યાર સુધી બતાવ્યું. હવે પૂર્વપક્ષીએ જે કહેલું કે 'સર્વજ્ઞનો સંભવ નથી,' તેનું નિરાકરણ કરતાં કહે છે – 'સર્વજ્ઞ કયા જ્ઞાનથી સર્વને જાણે છે ?' એ પ્રકારના પૂર્વપક્ષીના પ્રશ્નનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે. 'પ્રત્યક્ષથી જ સર્વજ્ઞ સર્વ જ્ઞેયને જાણે છે પરંતુ છદ્મસ્થને જે પ્રત્યક્ષાદિ પ્રમાણોથી જ્ઞાન થાય છે, તે પ્રત્યક્ષાદિ સર્વ પ્રમાણોથી કેવળી જાણતા નથી.' તેથી છદ્મસ્થના ઇન્દ્રિય પ્રત્યક્ષને ગ્રહણ કરીને પ્રત્યક્ષથી સર્વનું જ્ઞાન થઈ શકે નહીં. એમ પૂર્વપક્ષીએ જે દોષ આપેલો તે દોષની પ્રાપ્તિ થતી નથી; કેમ કે ઇન્દ્રિય પ્રત્યક્ષથી અન્ય અતીન્દ્રિય પ્રત્યક્ષ છે અને તે પ્રત્યક્ષથી સર્વજ્ઞ સર્વને જાણે છે. વળી, પૂર્વપક્ષીએ કહેલ કે કેવળીને અતીન્દ્રિય પ્રત્યક્ષ છે તેમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – જ્ઞાનનો પ્રકર્ષભાવ જ અતીન્દ્રિય પ્રત્યક્ષ સ્વીકારવામાં પ્રમાણ છે. જેમ 'પર્વતમાં અગ્નિનો સદ્ભાવ છે એમ સ્વીકારવામાં ચક્ષુથી દેખાતો ધૂમ જ પ્રમાણ છે.' તેમ જ્ઞાનનો પ્રકર્ષભાવ કોઈક જીવમાં સંભવી શકે છે તે જ પ્રમાણ છે જેનાથી 'કોઈક કેવલી છે તેમ નિર્ણય થાય છે અને જ્ઞાનનો પ્રકર્ષભાવ કઈ રીતે સિદ્ધ છે ?' તેમાં ગ્રંથકારશ્રી અનુમાન પ્રમાણ કહે છે. જગતમાં જે તરતમતાવાળું દેખાય છે તે સર્વોત્તમ પ્રકર્ષવાળું હોય છે જે પ્રમાણે વસ્તુનું પરિમાણ તરતમતાવાળું તે તે પદાર્થમાં દેખાય છે. જેમ બોર કરતાં ઘટ અધિક પરિમાણવાળું છે અર્થાત્ મોટું છે. વળી નગર પણ કોઈક નગર કરતાં અધિક મોટા પરિમાણવાળું પ્રાપ્ત થાય છે અને તે પરિમાણનો પ્રકર્ષ આકાશમાં પ્રાપ્ત થાય છે; કેમ કે 'આકાશ અનંત પ્રમાણ છે તેમ સંસારી જીવોમાં જ્ઞાનના પ્રકર્ષ કે અપકર્ષ રૂપ તરતમતા પ્રાપ્ત થાય છે અને જ્ઞાનનો સર્વોત્તમ પ્રકર્ષ જેમનામાં છે તે કેવળી છે.' આ પ્રકારે અનુમાનથી કેવળીને સ્વીકારવામાં દોષ નથી. **॥૧૨૦૪-૧૨૦૫॥**

**અવતરણિકા :-**

न चायमसिद्धो हेतुर्यत आह–

**અવતરણિકાર્થ :-**

અને આ હેતુ અસિદ્ધ નથી=જ્ઞાન સર્વોત્તમ પ્રકર્ષવાળું છે તેને સિદ્ધ કરવા માટે તારતમ્યવાળું છે એ રૂપ જે હેતુ કહ્યો તે હેતુ અસિદ્ધ નથી. જે કારણથી કહે છે–

**ગાથા :-**

बोहपरिणामलक्खणमिह सिद्धं आतदव्वसामन्नं ।
तस्साइसयो दीसइ अज्झयणादीसु किरियासु ।।१२०६।।

**છાયા :-**

बोधपरिणामलक्षणमिह सिद्धमात्मद्रव्यसामान्यम् ।
तस्यातिशयो दृश्यतेऽध्ययनादिषु क्रियासु ।।१२०६।।

**ગાથાર્થ :-**

અહીં=જગતમાં, બોધપરિણામરૂપ આત્મદ્રવ્ય સામાન્ય સિદ્ધ છે. અધ્યયનાદિ ક્રિયાઓમાં તેનો=બોધ પરિણામનો, અતિશય=તરતમતાવાળો અતિશય, દેખાય છે. ।।૧૨૦૬।।

**ટીકા :-**

बोधपरिणामलक्षणं-बोधपरिणतिस्वतत्त्वमिह-जगति सिद्धं-सकललोकप्रसिद्धमात्मद्रव्यसामान्यं-आत्मद्रव्यसमानपरिणतिलक्षणं, तस्य-आत्मद्रव्यसामान्यस्यातिशयः-तरतमभावो दृश्यते अध्ययनादिषु क्रियासु ।।१२०६।।

**ટીકાર્થ :-**

बोधपरिणामलक्षणं- ..... क्रियासु ।। અહીં=જગતમાં, આત્મદ્રવ્ય સામાન્ય=આત્મદ્રવ્યસમાન પરિણતિરૂપ બોધપરિણામરૂપ=બોધની પરિણતિરૂપ, સ્વતત્ત્વ સિદ્ધ છે=સકલ લોકમાં પ્રસિદ્ધ છે. તેનો=આત્મદ્રવ્ય-સામાન્યનો, તરતમભાવવાળો અતિશય અધ્યયનાદિ ક્રિયાઓમાં દેખાય છે. ।।૧૨૦૬।।

**અવતરણિકા :-**

तथाहि–

**અવતરણિકાર્થ :-**

તે આ પ્રમાણે='અધ્યયનાદિ ક્રિયાઓમાં તરતમતાવાળો બોધ દેખાય છે' એમ ગાથામાં કહ્યું તે આ પ્રમાણે છે –

**ગાથા :-**

**केइ तिसंथदुसंथा केइ बहुबहुतरन्नुणो एत्थ ।**
**संभाविज्जइ तम्हा पगरिसभावो वि णाणस्स ।।१२०७।।**

**છાયા :-**

**केचित् त्रिसंस्थद्विसंस्थाः केचिद्बहुबहुतरज्ञा अत्र ।**
**संभाव्यते तस्मात् प्रकर्षभावोऽपि ज्ञानस्य ।।१२०७।।**

**ગાથાર્થ :-**

**અહીં=જગતમાં કેટલાક ત્રિસંસ્થ, કેટલાક દ્વિસંસ્થ, કેટલાક બહુજ્ઞા, કેટલાક બહુતરજ્ઞા દેખાય છે. તે કારણથી જ્ઞાનનો પ્રકર્ષભાવ પણ સંભાવના કરાય છે. ।।૧૨૦૭।।**

**ટીકા :-**

**केचित् त्रिसंस्थाः-अन्यतः त्रिः श्रुत्वा स्वयं पाठदाने समर्थाः, एवं केचिद् द्विःसंस्थाः, केचिद्बहुज्ञाः, केचिच्च बहुतरज्ञा अत्र-जगति प्रत्यक्षत एव दृश्यन्ते, तस्मादित्थंभूतातिशयदर्शनात्परिणामस्येव ज्ञानस्यापि प्रकर्षभावः संभाव्यते । अपिर्भिन्नक्रमः, स च यथास्थानं योजित एवेति ।।१२०७।।**

**ટીકાર્થ :-**

**केचित् त्रिसंस्थाः- ..... एवेति ।। કેટલાક ત્રિસંસ્થ છે=અન્ય પાસેથી ત્રણ વખત સાંભળીને સ્વયં પાઠદાનમાં સમર્થ છે. કેટલાક દ્વિસંસ્થ છે=બે વખત સાંભળીને સ્વયં પાઠદાનમાં સમર્થ છે. કેટલાક બહુજ્ઞ છે=ઉપદેશક ગુરુ દ્વારા જે કહેવાય છે તેના ઘણા ભાવોને જાણનારા છે, અને કેટલાક બહુતરજ્ઞા છે=ઉપદેશક દ્વારા કહેવાયેલા પદાર્થોમાંથી ઘણા અધિક પદાર્થને જાણનારા છે. અહીં=જગતમાં, પ્રત્યક્ષથી જ દેખાય છે. તે કારણથી આવા પ્રકારનું અતિશય દર્શન હોવાથી પરિમાણની જેમ જ્ઞાનનો પણ પ્રકર્ષભાવ સંભાવના કરાય છે. 'अपि' શબ્દ ભિન્ન ક્રમવાળો છે અને તે યથાસ્થાન યોજિત જ છે='ज्ञानस्यापि' પાસે યોજિત જ છે. ।।૧૨૦૭।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૨૦૫માં ગ્રંથકારશ્રીએ અનુમાન કરેલ કે જ્ઞાન સર્વોત્તમ પ્રકર્ષવાળું છે; કેમ કે તારતમ્યવાળું છે. જે પ્રમાણે પરિમાણ, એ પ્રકારના અનુમાનમાં સર્વોત્તમ પ્રકર્ષવાળા જ્ઞાન સાથે તારતમ્યવાળું જ્ઞાન છે એ હેતુની વ્યાપ્તિ અસિદ્ધ નથી તે બતાવવા અર્થે કહે છે – જગતમાં સકલ લોકપ્રસિદ્ધ એવા આત્મદ્રવ્યમાં સામાન્ય એવો બોધ પરિણામ અધ્યયનાદિ ક્રિયાઓમાં તરતમતાવાળો દેખાય છે અર્થાત્ અધ્યયન કરનાર જીવોમાં બોધની પ્રાપ્તિમાં તરતમતા દેખાય છે. તે આ પ્રમાણે – કેટલાક અધ્યયન કરનારા અન્ય પાસેથી ત્રણ વખત સાંભળે ત્યારે તે સાંભળેલું સ્વયં બીજાને પાઠ આપવામાં સમર્થ બને છે. કેટલાક બે વખત

સાંભળેલો પાઠ આપવા સમર્થ બને છે. વળી, કેટલાક ગુરુ પાસેથી સાંભળેલ તેના કરતાં પણ ઘણું અધિક ગ્રહણ કરે છે. કેટલાક તે ઘણા ગ્રહણ કરનારા કરતાં પણ ઘણું બહુતર ગ્રહણ કરનારા છે. જેમ વજ્રસ્વામીને ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલા અર્થ કરતાં પણ અધિક અર્થનો બોધ થયો હતો. આ સર્વ તરતમતા જીવોમાં પ્રત્યક્ષથી દેખાય છે. આ રીતે બોધમાં તરતમતા પ્રત્યક્ષથી દેખાતી હોવાને કારણે કોઈક જીવમાં જ્ઞાનનો પ્રકર્ષભાવ પણ સંભાવના કરાય છે. જેમ પરિમાણમાં તરતમતા દેખાય છે અને આકાશમાં પરિમાણનો પ્રકર્ષભાવ દેખાય છે તેમ જ્ઞાનમાં પણ તરતમતા દેખાય છે માટે તે જ્ઞાનનો પ્રકર્ષભાવ કેવળીમાં છે એમ સંભાવના કરાય છે. **॥૧૨૦૬-૧૨૦૭॥**

**અવતરણિકા :-**

**पर आह—**

**અવતરણિકાર્થ :-**

**પર કહે છે=પૂર્વમાં કહ્યું કે જ્ઞાનનો પ્રકર્ષભાવ પણ કોઈકમાં સંભાવના કરાય છે ત્યાં પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે —**

**ગાથા :-**

**सोइंदियदारेणं नियनियविसएसु चेव जुत्तो त्ति ।**
**पावइ अतिप्पसंगो अन्नहपरियप्पणे नियमा ।।१२०८।।**

**છાયા :-**

**स इन्द्रियद्वारेण निजनिजविषयेषु एव युक्त इति ।**
**प्राप्नोति अतिप्रसंगोऽन्यथापरिकल्पने नियमात् ।।१२०८।।**

**ગાથાર્થ :-**

**તે=તરતમભાવ, ઈન્દ્રિય દ્વારા નિજનિજ વિષયમાં જ યુક્ત છે. અન્યથા પરિકલ્પના કરવામાં નિયમથી અતિપ્રસંગ પ્રાપ્ત થાય છે. ॥૧૨૦૮॥**

**ટીકા :-**

**स तरतमभावो ज्ञानस्येन्द्रियद्वारेणैव दृश्यते, अविगानेन तथानुभवात् । ततः सोऽपि सर्वोत्तमप्रकर्षभावो ज्ञानस्येन्द्रियद्वारेणैव निजनिजविषयेषु युक्तो यतोऽन्यथा-विवक्षितप्रकारमृते प्रकान्तरेण प्रकर्षभावस्य परिकल्पने क्रियमाणे नियमादतिप्रसङ्गः प्राप्नोति, अनिष्टप्रकारान्तरेणापि कल्पनाप्रसक्तेः । तत्कथं प्रकर्षभावसंभवादतीन्द्रियप्रत्यक्षभावानुमानमिति ।।१२०८।।**

**ટીકાર્થ :-**

**स तरतमभावो ..... प्रत्यक्षभावानुमानमिति ।। જ્ઞાનનો તે તરતમભાવ ઈન્દ્રિય દ્વારા જ દેખાય છે; કેમ કે અવિગાનથી=વિવાદ વિના, તે પ્રકારનો અનુભવ છે. તેથી જ્ઞાનનો તે પણ સર્વોત્તમ પ્રકર્ષભાવ ઈન્દ્રિય દ્વારા જ નિજનિજ વિષયમાં યુક્ત છે=પોતપોતાની ઈન્દ્રિયના વિષયમાં યુક્ત છે. જે કારણથી અન્યથા=વિવક્ષિત પ્રકારને છોડીને=ઈન્દ્રિયનો પોતપોતાના વિષયમાં પ્રકર્ષભાવ છે એને છોડીને, પ્રકારાંતરથી પ્રકર્ષભાવની પરિકલ્પના કરાયે છતે=ઈન્દ્રિયોને છોડીને જગતના સર્વ જ્ઞેયનું જ્ઞાન કરે છે એ પ્રકારે જ્ઞાનના પ્રકર્ષભાવની પરિકલ્પના કરાયે છતે, નિયમથી અતિપ્રસંગ પ્રાપ્ત થાય છે; કેમ કે અનિષ્ટ એવા પ્રકારાંતરથી પણ કલ્પનાની પ્રસક્તિ છે=જે પ્રકારે તરતમતા દેખાતી હોય તે પ્રકારે જ તેના પ્રકર્ષભાવની કલ્પના છોડીને અન્ય પ્રકારથી પણ પ્રકર્ષભાવની કલ્પનાની પ્રસક્તિ છે. તે કારણથી પ્રકર્ષભાવના સંભવથી અતીન્દ્રિય પ્રત્યક્ષભાવનો અનુમાન કેવી રીતે થાય ? ।।૧૨૦૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે અધ્યયનાદિક્રિયા ભણનારાના બોધમાં તરતમતાથી જ્ઞાનની પ્રાપ્તિ છે તેથી જ્ઞાનનો પ્રકર્ષભાવ કેવલીમાં સંભાવના કરાય છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે – 'જ્ઞાનનો તે તરતમભાવ ઇન્દ્રિય દ્વારા પોતપોતાના વિષયમાં થાય છે. તેથી ઇન્દ્રિયોને છોડીને અતીન્દ્રિય પદાર્થને જોનારા જ્ઞાનમાં પ્રકર્ષભાવ છે અને તે કેવલીને છે તેમ સ્થાપન થઈ શકે નહીં; કેમ કે જે પ્રકારે પ્રકર્ષભાવ અનુભવથી દેખાતો હોય તે પ્રકારનો પ્રકર્ષભાવ સ્વીકારી શકાય. તેથી ગાથા-૧૨૦૭માં જે બોધની તરતમતા બતાવી તે ઇન્દ્રિયોથી થતા જ્ઞાનમાં દેખાય છે, તે પ્રમાણે કોઈકને કોઈક કોઈક ઇન્દ્રિયથી અન્ય કરતાં અધિક અધિક જ્ઞાન થાય છે તેમ સ્વીકારી શકાય પરંતુ ઇન્દ્રિયોમાં દેખાતા જ્ઞાનની તરતમતાથી અતીન્દ્રિય જ્ઞાનનો પ્રકર્ષ કોઈકમાં છે અને તે કેવલીમાં છે એ પ્રકારનું સ્થાપન થઈ શકે નહીં.' **।।૧૨૦૮।।**

**અવતરણિકા :-**

**अत्राचार्य आह—**

**અવતરણિકાર્થ :-**

**અહીં આચાર્ય કહે છે –**

**ગાથા :-**

**मोत्तूण इंदिए जं पइभाणाणस्स दीसती वुड्ढी ।**
**आवरणहासओ ता सयलत्थपगरिसो अन्नो ।।१२०९।।**

**છાયા :-**

**मुक्त्वा इन्द्रियाणि यत् प्रतिभाज्ञानस्य दृश्यते वृद्धिः ।**
**आवरणह्रासतस्तस्मात् सकलार्थप्रकर्षोऽन्यः ।।१२०९।।**

**ગાથાર્થ :-**

**જે કારણથી ઈન્દ્રિયને છોડીને પ્રતિભાજ્ઞાનની વૃદ્ધિ આવરણના હ્રાસથી દેખાય છે તે કારણથી સકલ અર્થનો પ્રકર્ષ અન્ય છે. ॥૧૨૦૯॥**

**ટીકા :-**

**मुक्त्वा इन्द्रियाणि-चक्षुरादीनि यत्-यस्मात् प्रतिभाज्ञानस्य तदावरणीयकर्मह्रासभावतो दृश्यते वृद्धिस्ता-तस्मात्सकलार्थगोचरप्रकर्षभावो ज्ञानस्यान्य एव-इन्द्रियजज्ञानगतप्रकर्षात् व्यतिरिक्त एवातीन्द्रियोऽवसेय इति ॥१२०९॥**

**ટીકાર્થ :-**

**मुक्त्वा ..... ऽवसेय इति ॥ જે કારણથી ચક્ષુ આદિ ઈન્દ્રિયોને છોડીને પ્રતિભાજ્ઞાનની વૃદ્ધિ તદ્આવરણીય કર્મના હ્રાસના ભાવથી દેખાય છે. તે કારણથી જ્ઞાનનો સકલ અર્થ ગોચર પ્રકર્ષભાવ અન્ય જ છે=ઈન્દ્રિયથી થનારા જ્ઞાનગત પ્રકર્ષથી વ્યતિરિક્ત જ અતીન્દ્રિય જાણવો. ॥૧૨૦૯॥**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ કહ્યું કે તે તે ઇન્દ્રિયોથી થતા જ્ઞાનનો પ્રકર્ષ-અપકર્ષ દેખાય છે પરંતુ અતીન્દ્રિય જ્ઞાન દેખાતું નથી તેથી 'તેના પ્રકર્ષરૂપ કેવલજ્ઞાન છે', તેમ સ્વીકારી શકાય. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે – 'ચક્ષુ આદિ પાંચ ઇન્દ્રિયોથી થતા જ્ઞાનથી અતિરિક્ત પ્રતિભાજ્ઞાન છે.' જેમ નાના બાળકને પણ કોઈ 'આ ઘટ છે' ઇત્યાદિ કહે ત્યારે શ્રોત્રેન્દ્રિયથી 'આ ઘટ છે', એ પ્રકારના ધ્વનિને તે સાંભળે છે પરંતુ 'ઘટ' એ પ્રકારે ઉચ્ચારણ કરવા માટે કેવો પ્રયત્ન કરવો જોઈએ ? તે કોઈ બતાવી શકતું નથી છતાં 'ઘટ' એ પ્રકારે શબ્દ સાંભળીને તે પ્રકારે બોલવાની જિજ્ઞાસાવાળું બાળક સ્વપ્રતિભાથી 'ઘટ' બોલવા માટે કેવો યત્ન કરવો જોઈએ ?' તેનો ક્ષયોપશમભાવ કરે છે એ પ્રકારની બુદ્ધિ બાળકમાં છે તે પ્રતિભાજ્ઞાન સંસારી જીવોમાં તરતમતાવાળું દેખાય છે અને મિથ્યાત્વ અવસ્થામાં તે પ્રતિભાજ્ઞાન બાહ્યપદાર્થો વિષયક જ વ્યાપારવાળું થાય છે અને મિથ્યાત્વની મંદતા થવાથી યોગ્ય જીવોને તત્ત્વવિષયક જિજ્ઞાસા થાય છે અને નિર્મળ બુદ્ધિવાળા જીવો આ પ્રતિભાજ્ઞાનના બળથી જ સૂક્ષ્મ પદાર્થોને જાણી શકે છે. તેથી પ્રતિભાજ્ઞાનના આવરણીય કર્મના હ્રાસથી તે પ્રતિભાજ્ઞાન વૃદ્ધિવાળું દેખાય છે. તેથી તે જ્ઞાન જ પ્રકર્ષવાળું બને ત્યારે સકલાર્થક વિષયવાળું બને છે. આથી જ મતિજ્ઞાનના વિશેષરૂપ પ્રતિભાજ્ઞાનના બળથી યોગ્ય જીવો સામાયિકના પારમાર્થિક સ્વરૂપને જોવા સમર્થ બને છે અને તે પ્રતિભાના બળથી જ સામાયિકની પરિણતિમાં યત્ન કરીને રાગાદિ રહિત આત્માની પરિણતિને કંઈક કંઈક સ્પષ્ટ-સ્પષ્ટતર જોઈને તે પ્રતિભાજ્ઞાનના પ્રકર્ષના બળથી જ ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરીને વીતરાગ બને છે. ત્યાર પછી તે વીતરાગતાકાલીન પ્રતિભાજ્ઞાનના બળથી જ સંપૂર્ણ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. જેનાથી સર્વ જ્ઞેયનું જ્ઞાન થાય છે. તેથી પ્રતિભાજ્ઞાન કરતાં અન્ય જ ઇન્દ્રિયથી થતા જ્ઞાનનો પ્રકર્ષ છે. વળી, ઇન્દ્રિયથી થતા જ્ઞાનના પ્રકર્ષથી અન્ય એવું અતીન્દ્રિય પ્રતિભાજ્ઞાન છે જેના પ્રકર્ષના બળથી જ સકલ જ્ઞેયનું જ્ઞાન થાય છે. **॥૧૨૦૯॥**

**અવતરણિકા :-**

स्यादेतत्, अस्ति प्रतिभाज्ञानं, परं न तत् सकलार्थविषयं, कतिपयविषयतयैव लोके तस्यानुभा(भ)वात्, तत्कथमतीन्द्रियज्ञानप्रकर्षः सकलवस्तुविषय इत्यत आह—

**અવતરણિકાર્થ :-**

આ થાય=પૂર્વપક્ષીના મતે આ થાય, પ્રતિભાજ્ઞાન છે પરંતુ તે=પ્રતિભાજ્ઞાન, સકલાર્થ વિષયવાળું નથી; કેમ કે કેટલાક વિષયપણાથી જ લોકમાં તેનો અનુભવ છે=પ્રતિભાજ્ઞાનનો અનુભવ છે. તે કારણથી 'કેવી રીતે અતીન્દ્રિયજ્ઞાનનો પ્રકર્ષ સકલ વસ્તુ વિષયવાળો છે ?' એ પ્રકારની પૂર્વપક્ષીની શંકા છે. એથી કહે છે—

**ગાથા :-**

होति य पतिभाणाणं असेसरूवादिवत्थुविसयं पि ।
पच्चक्खादधिगतरं तग्गयपज्जायगमगं तु ।।१२१०।।

**છાયા :-**

भवति च प्रतिभाज्ञानमशेषरूपादि वस्तुविषयमपि ।
प्रत्यक्षादधिकतरं तद्‌गतपर्यायगमकं तु ।।१२१०।।

**ગાથાર્થ :-**

અને પ્રતિભાજ્ઞાન અશેષ રૂપાદિ વસ્તુવિષયવાળું પણ થાય છે. પ્રત્યક્ષથી=ઈન્દ્રિયથી થનારા પ્રત્યક્ષથી, અધિકતર તદ્‌ગતપર્યાયનું ગમક=સકલ રૂપાદિ વસ્તુગત પર્યાયનું ગમક, થાય છે= પ્રતિભાજ્ઞાન થાય છે. ।।૧૨૧૦।।

**ટીકા :-**

भवति च प्रतिभाज्ञानं मत्यादिज्ञानचतुष्टयप्रकर्षपर्यन्तोत्तरकालभावि मनाक् केवलज्ञानादधः सवितुरुदयात् प्राक् तदालोककल्पम् अशेषरूपादिवस्तुविषयमपि, तथा प्रत्यक्षात्-इन्द्रियजप्रत्यक्षात् स्पष्टाभतया अधिकतरं, तथा तद्‌गतपर्यायगमकं-सकलरूपादिवस्तुगतकतिपयपर्यायपरिच्छेदकम्, अध्यात्मशास्त्रेषु सर्वेष्वपि तस्य तथाभिधानात्, तत्कथं तत्प्रकर्षभूतमतीन्द्रियं केवलज्ञानं सर्वार्थविषयं न संभवतीति? ।।१२१०।।

**ટીકાર્થ :-**

भवति ..... संभवतीति? ।। અને પ્રતિભા જ્ઞાન મત્યાદિજ્ઞાનચતુષ્ટયના પ્રકર્ષપર્યંત ઉત્તરકાલભાવિ કેવલજ્ઞાનથી થોડાક અધઃ=થોડુંક પૂર્વે, થાય છે. સૂર્યના ઉદયથી પૂર્વે તેના પ્રકાશ જેવું=સૂર્યના પ્રકાશ

**જેવું, અશેષરૂપાદિ વસ્તુના વિષયવાળું પણ પ્રતિભાજ્ઞાન થાય છે એમ અન્વય છે, અને પ્રત્યક્ષથી=ઇન્દ્રિયથી થનારા પ્રત્યક્ષથી, સ્પષ્ટ પ્રકાશપણાથી અધિકતર છે=પ્રતિભાથી થનારું જ્ઞાન અધિકતર છે, અને તદ્ગત પર્યાયનું ગમક છે=સકલરૂપાદિ વસ્તુગત કેટલાક પર્યાયનો પરિચ્છેદક છે; કેમ કે સર્વ પણ અધ્યાત્મશાસ્ત્રોમાં તેનું=પ્રતિભાજ્ઞાનનું, તે પ્રકારે અભિધાન છે=મત્યાદિ જ્ઞાન ચતુષ્ટયના પ્રકર્ષપર્યંત ઉત્તરકાલભાવિ સુધી પ્રતિભાજ્ઞાન થાય છે તે પ્રકારે અભિધાન છે, તે કારણથી તેનાથી પ્રકર્ષભૂત=પ્રતિભાજ્ઞાનથી પ્રકર્ષભૂત, અતીન્દ્રિય એવું કેવલજ્ઞાન કેમ સર્વાર્થ વિષયવાળું ન સંભવે ? અર્થાત્ સંભવી શકે છે. ॥૧૨૧૦॥**

**ભાવાર્થ :-**

પાંચ ઇન્દ્રિયોથી થતા જ્ઞાન કરતાં પ્રતિભાથી થનારું જ્ઞાન ભિન્ન છે અને તે પ્રતિભાથી થનારું જ્ઞાન સંસારી જીવોમાં તરતમતાથી દેખાય છે. વળી, તે પ્રતિભાથી થનારું જ્ઞાન કેવલજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે મતિ આદિ ચાર જ્ઞાનના પ્રકર્ષ સુધી ઉત્તરકાલભાવિ અને કેવલજ્ઞાનની પૂર્વે ઘણું અતિશયવાળું થાય છે. જેમ સૂર્યોદય પૂર્વે કંઈક સૂર્યનો પ્રકાશ પ્રગટે છે તેથી રાત્રિનો અંધકાર નષ્ટપ્રાયઃ હોય છે. તેથી તે પ્રકાશમાં લોકો બાહ્ય પદાર્થોને ઘણું સ્પષ્ટ જોઈ શકે છે. તેમ ચાર જ્ઞાનના પ્રકર્ષના ઉત્તરમાં પ્રતિભાજ્ઞાનના બળથી યોગી ઘણા અતીન્દ્રિય પદાર્થોને સ્પષ્ટ જોઈ શકે છે. તેથી ઇન્દ્રિયોના જ્ઞાન કરતાં ઘણું અધિકતર પ્રકૃષ્ટ જ્ઞાન પ્રતિભાજ્ઞાનકાળમાં થાય છે જેના ઉત્તરમાં કેવલજ્ઞાન પ્રગટે છે જે સર્વાર્થ વિષયવાળું છે.

આનાથી એ ફલિત થાય કે દરેક જીવોમાં પાંચ ઇન્દ્રિયોના જ્ઞાન કરતાં અન્ય પ્રતિભાજ્ઞાન છે અને જ્યારે મિથ્યાત્વના ઉદયથી થનારો વિપર્યાસ દૂર થાય છે ત્યારે તે મહાત્માનું પ્રતિભાજ્ઞાન આત્માના મોહથી અનાકુલ સ્વરૂપને જોવામાં વ્યાપારવાળું થાય છે જેના બળથી સામાયિકના પારમાર્થિક પરિણામને સ્પર્શી શકે એવું પ્રતિભાજ્ઞાન થાય છે. તે જ પ્રાતિભજ્ઞાન ઉત્તરોત્તર પ્રકર્ષને પામીને મતિ આદિ ચાર જ્ઞાનો કરતાં પણ પ્રકર્ષવાળું થાય છે ત્યારપછી જીવ ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરીને સંપૂર્ણ મોહનો નાશ કરે છે ત્યારે તે પ્રાતિભજ્ઞાન તે પ્રકારનું ઉત્કર્ષવાળું થાય છે જેના પછી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે જેનાથી સર્વ જ્ઞેયનું જ્ઞાન થાય છે. **॥૧૨૧૦॥**

**અવતરણિકા :-**

**अथोच्येत कथमेतत् प्रतिभाज्ञानमविसंवादि गम्यते येन तत्प्रकर्षभूतं केवलज्ञानमप्यविसंवादि भवेदिति ?। उच्यते—लोके तथादर्शनात् तथा चाह—**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રશ્ન કરે છે. આ પ્રતિભાજ્ઞાન અવિસંવાદી કેવી રીતે જણાય છે ? જેનાથી તેના પ્રકર્ષભૂત કેવલજ્ઞાન પણ અવિસંવાદી થાય ? ઉત્તર આપે છે. લોકમાં તે પ્રકારનું દર્શન છે=પ્રતિભાથી થનારા જ્ઞાનમાં અવિસંવાદી બોધ થાય છે તે પ્રકારે લોકમાં દર્શન થાય છે, અને તે રીતે કહે છે=લોકમાં પ્રતિભાથી થનારું જ્ઞાન અવિસંવાદી દેખાય છે તે રીતે કહે છે –**

**ગાથા :-**

**अविसंवादि य एतं सुए इमं होहिइ त्ति हियं मे ।**
**कहइ तह च्चिय णवरं तं जायइ अविवरीतातो ।।१२११।।**

**છાયા :-**

**अविसंवादि चैतत् श्वः इदं भविष्यतीति हृदयं मे ।**
**कथयति तथैव नवरं तद् जायतेऽवैपरीत्येन ।।१२११।।**

**ગાથાર્થ :-**

**અને આ=પ્રતિભાજ્ઞાન, અવિસંવાદી છે. 'કાલે આ થશે, એ પ્રમાણે મારું હૃદય કહે છે' તે પ્રમાણે જ કેવળ અવિપરીતપણાથી તે=તે પુરુષનું કહેલું કથન, થાય છે. ।।૧૨૧૧।।**

**ટીકા :-**

**अविसंवादि च एतत्-प्रतिभाज्ञानं, यतः 'श्वः-कल्ये इदं भविष्यतीति हृदयं मे कथयतीति' प्रतिभावता अभिहिते सति तत्कथितं वस्तु तथैवावैपरीत्यतः-अवैपरीत्येन जायत इति ।।१२११।।**

**ટીકાર્થ :-**

**अविसंवादि ..... जायत इति ।। અને આ=પ્રતિભાજ્ઞાન, અવિસંવાદી છે, જે કારણથી 'કાલે આ થશે, એ પ્રકારે મારું હૃદય કહે છે', એ પ્રકારના પ્રતિભાવાળા પુરુષ વડે કહેવાયે છતે તેનાથી કહેવાયેલી વસ્તુ તે પ્રકારે જ અવૈપરીત્યથી થાય છે. ।।૧૨૧૧।।**

**ભાવાર્થ :-**

'પ્રાતિભજ્ઞાન પ્રતિભાથી થયેલું છે અને લોકમાં તે અવિસંવાદી દેખાય છે', તેમ પ્રાતિભજ્ઞાનના પ્રકર્ષથી થનાર કેવલજ્ઞાન પણ અવિસંવાદી સંભવી શકે છે. તે બતાવવા અર્થે કહે છે – કોઈને પોતાની તેવી શારીરિક સ્થિતિ જોઈને જણાય કે 'આજે જે પ્રકારે મારી અસ્વસ્થતા છે તેથી જણાય છે કે કાલે મને જ્વર આવશે.' તે પ્રકારના કાર્યકારણભાવના બળથી ઉત્પન્ન થયેલી સ્વપ્રતિભાના બળને કારણે કોઈને યથાર્થ જ્ઞાન થાય છે. તે ઇન્દ્રિયોથી દેખાતા જ્ઞાન કરતાં ભિન્ન છે અને યથાર્થતાને બતાવનાર છે. તેમ કેવલજ્ઞાન પણ સર્વ વિષયક યથાર્થતાને બતાવી શકે છે. વળી, જેઓ પોતાની તે પ્રકારની વિચારકશક્તિના બળથી માત્ર કલ્પના કરે છે તે ક્વચિત્ સત્ય પણ બને અને ઘણી વખત અસત્ય પણ હોય છે તેથી તે પ્રકારની કલ્પનાશક્તિ કંઈક કાર્યકારણભાવને અનુરૂપ વિચારણાથી થાય છે તે પ્રાતિભજ્ઞાન હોવા છતાં અવિસંવાદી જ થાય તેવો નિયમ નથી પરંતુ જેઓનું પ્રતિભાથી થનારું જ્ઞાન કાર્યકારણભાવને યથાર્થ સ્પર્શનારું છે તેથી તે અવશ્ય યથાર્થ થાય છે. **।।૧૨૧૧।।**

**અવતરણિકા :-**

पर आह—

**અવતરણિકાર્થ :-**

પર=પૂર્વપક્ષી, શંકા કરે છે અર્થાત્ 'કેવલજ્ઞાન પ્રકર્ષવાળું હોય તો પણ સંપૂર્ણ વિષયવાળું સંભવી શકે નહીં' એ પ્રકારે શંકા કરે છે.

**ગાથા :-**

**उड्डिंति केइ थोवं केइ बहुं बहुतरं तहा अन्ने ।**
**भुंजन्ति य ण य एसिं पगरिसमो सव्वविसतो तु ।।१२१२।।**

**છાયા :-**

उड्डयन्ते केचित् स्तोकं केचिद् बहु बहुतरं तथाऽन्ये ।
भुञ्जते च नचैतयोः प्रकर्षः सर्वविषयस्तु ।।१२१२।।

**ગાથાર્થ :-**

**કેટલાંક થોડું ઊડે છે, કેટલાંક બહુ ઊડે છે, કેટલાંક બહુતર ઊડે છે અને તે પ્રકારે અન્ય ખાય છે=થોડું-બહુ-બહુતર ખાય છે, અને આમનો પ્રકર્ષ સર્વ વિષયવાળો નથી. ।।૧૨૧૨।।**

**ટીકા :-**

**इह केचित् पक्षिण उड्डीयन्ते (उड्डयन्ते) स्तोकं, केचिद्बहु, केचिच्चं बहुतरं, तथान्ये केचित् स्तोकं भुञ्जते, केचिद्बहु, केचिच्च बहुतरं, न चैतयोरुड्डयनभोजनक्रिययोः प्रकर्षः सर्वविषयः, किंतु परिमितविषय एव ।।१२१२।।**

**ટીકાર્થ :-**

इह ..... एव ।। અહીં=સંસારમાં, કેટલાંક પક્ષીઓ થોડું ઊડે છે, કેટલાક બહુ ઊડે છે, કેટલાંક બહુતર ઊડે છે અને અન્ય કેટલાંક થોડું ખાય છે, કેટલાંક બહુ ખાય છે અને કેટલાક બહુતર ખાય છે અને આ ઉડ્ડયન અને ભોજનરૂપ બંને ક્રિયાનો પ્રકર્ષ સર્વ વિષયવાળો નથી પરંતુ પરિમિત વિષયવાળો જ છે. ।।૧૨૧૨।।

**અવતરણિકા :-**

ततः किमित्याह—

**અવતરણિકાર્થ :-**

તેનાથી શું ?=પૂર્વગાથામાં બતાવેલાં બે દૃષ્ટાંતથી શું પ્રાપ્ત થાય ? એને કહે છે—

**ગાથા :-**

णाणस्सवि एवं चिय तरतमजोगे वि दिट्ठविसओ तु ।
जुज्जइ पगरिसभावो वेधम्मातो इदमजुत्तं ।।१२१३।।

**છાયા :-**

ज्ञानस्यापि एवमेव तरतमयोगेऽपि दृष्टविषयस्तु ।
युज्यते प्रकर्षभावो वैधर्म्यादिदमयुक्तम् ।।१२१३।।

**ગાથાર્થ :-**

જ્ઞાનનું પણ આ રીતે જ તરતમ યોગમાં પણ દૃષ્ટવિષયવાળો જ પ્રકર્ષભાવ ઘટે છે. આ=પૂર્વપક્ષીએ કહ્યું એ, અયુક્ત છે; કેમ કે વૈધર્મ્ય છે. ।।૧૨૧૩।।

**ટીકા :-**

ज्ञानस्यापि एवमेव-उड्डयनभोजनक्रिययोरिव तरतमयोगेऽपि-तारतम्यभावेऽपि प्रकर्षो दृष्टविषय एव युज्यते, तुरेवकारार्थः, न तु सर्वविषय इति । अत्राह—'वेधम्माओ इदमजुत्त'मिति, इदं पूर्वोक्तं सर्वमयुक्तं वैर्धम्यात्-दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यात् ।।१२१३।।

**ટીકાર્થ :-**

ज्ञानस्यापि ..... योर्वैषम्यात् ।। જ્ઞાનનું પણ આ રીતે જ છે, જેમ ઉડ્ડયન અને ભોજન ક્રિયાના તરતમ યોગમાં પણ=તારતમ્યના ભાવમાં પણ, પ્રકર્ષ દૃષ્ટવિષયવાળો જ ઘટે છે પરંતુ સર્વ વિષયવાળો નહીં. 'तु' શબ્દ 'एवकार' અર્થવાળો છે. અહીં=પૂર્વપક્ષીના કથનમાં, કહે છે — વૈધર્મ્ય હોવાથી=દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિકનું વૈષમ્ય હોવાથી, આ પૂર્વમાં કહેવાયેલું=ગાથા-૧૨૧૨માં અને ગાથા-૧૨૧૩ના પૂર્વાર્ધમાં કહેવાયેલું, સર્વ અયુક્ત છે. ।।૧૨૧૩।।

**અવતરણિકા :-**

एतदेवाह—

**અવતરણિકાર્થ :-**

આને જ=પૂર્વપક્ષીએ આપેલ દૃષ્ટાંતમાં અને કેવલજ્ઞાનરૂપ દાર્ષ્ટાંતિકમાં વૈધર્મ્ય છે એને જ, કહે છે—

**ગાથા :-**

सव्वं सामण्णविसेसरूवमिह वत्थु माणसिद्धं तु ।
सामन्नेण य सव्वं पायं जाणंति समयण्णू ।।१२१४।।

છાયા :-

सर्वं सामान्यविशेषरूपमिह वस्तु मानसिद्धं तु ।
सामान्येन च सर्वं प्रायो जानन्ति समयज्ञाः ।।१२१४।।

ગાથાર્થ :-

અહીં=જગતમાં, સામાન્ય-વિશેષરૂપ સર્વ વસ્તુ પ્રમાણસિદ્ધ છે અને સમયના જાણનારાઓ= શાસ્ત્રના જાણનારાઓ, સામાન્યથી પ્રાયઃ સર્વને જાણે છે. ।।૧૨૧૪।।

ટીકા :-

इह जगति सर्वं वस्तु सामान्यविशेषरूपं, तच्च नाभ्युपगममात्रलब्धसत्ताकं किंतु मानसिद्धं-प्रमाणसिद्धम् । तुः पूरणे । तथाहि—घटो घट इति घटविषया सामान्याकारा बुद्धिरविगानेन सर्वप्रमातॄणामुपजायते, मार्त्तिकस्ताम्रो राजत इति विशेषाकारा च, एवमन्यविषयापीति । सामान्येन च प्रायः सर्वं वस्तु जानन्ति समयज्ञाः ।।१२१४।।

ટીકાર્થ :-

इह ..... समयज्ञाः ।। અહીં=જગતમાં, સર્વ વસ્તુ સામાન્ય-વિશેષરૂપ છે અને તે અભ્યુપગમ માત્ર લબ્ધ સત્તાવાળી નથી=તમે સ્વીકારો છો એટલા માત્રથી પ્રાપ્ત થયેલી સામાન્યવિશેષરૂપ સત્તાવાળી વસ્તુ નથી, પરંતુ માનસિદ્ધ છે=પ્રમાણસિદ્ધ છે. 'तु' શબ્દ પૂરણ અર્થમાં છે. સર્વ વસ્તુ સામાન્યવિશેષરૂપ પ્રમાણસિદ્ધ કેમ છે ? તે 'तथाहि'થી સ્પષ્ટ કરે છે – 'ઘટ, ઘટ' એ પ્રમાણે ઘટ વિષયવાળી સામાન્યાકારવાળી બુદ્ધિ અવિગાનથી=વિવાદ વગર, સર્વ પ્રમાતૃઓને થાય છે. 'માટીનો, તાંબાનો, ચાંદીનો' એ પ્રકારે વિશેષાકારવાળી બુદ્ધિ સર્વ પ્રમાતૃઓને અવિગાનથી થાય છે. એ રીતે અન્ય વિષયવાળી પણ=ઘટ સિવાય અન્ય વિષયવાળી પણ, સામાન્ય-વિશેષરૂપ અવિગાનથી બુદ્ધિ થાય છે. અને સામાન્યથી પ્રાયઃ સર્વ વસ્તુને આગમના જાણનારા પુરુષો જાણે છે. ।।૧૨૧૪।।

ગાથા :-

किंची विसेसओ वि हु सयलविसेसाणमवगमे तस्स ।
सामत्थमणुमिणिज्जति पच्चक्खेणं परोक्खं पि ।।१२१५।।

છાયા :-

किञ्चिद् विशेषतोऽपि हु सकलविशेषणामवगमे तस्य ।
सामर्थ्यमनुमीयते प्रत्यक्षेण परोक्षमपि ।।१२१५।।

ગાથાર્થ :-

કંઈક વિશેષથી પણ નિશ્ચિત (જાણે છે). પ્રત્યક્ષથી સકલ વિશેષોના અવગમમાં તેનું=સમયજ્ઞનું, પરોક્ષ પણ સામર્થ્ય અનુમાન કરાય છે. ll૧૨૧૫ll

ટીકા :-

किंचिद्विशेषतोऽपि 'हु' निश्चितं जानन्ति, ततस्तस्य-समयज्ञस्य समयतः सामान्येन सर्वं वस्तु जानतः सकलविशेषाणामपि प्रत्यक्षेणावगमे-परिच्छेदे कर्त्तव्ये सामर्थ्यं परोक्षमपि सत् अनुमीयते ।।१२१५।।

ટીકાર્થ :-

किंचिद्विशेषतोऽपि ..... अनुमीयते ।। કંઈક વિશેષથી પણ નિશ્ચિત જાણે છે, તેથી શાસ્ત્ર વડે સામાન્યથી સર્વ વસ્તુને જાણતા એવા તેને=સમયજ્ઞને, સકલ વિશેષનું પણ પ્રત્યક્ષ દ્વારા અવગમ કર્તવ્ય વિષયક સામર્થ્ય પરોક્ષ એવું પણ છતું અનુમાન કરાય છે. ll૧૨૧૫ll

અવતરણિકા :-

कथमित्याह—

અવતરણિકાર્થ :-

કેવી રીતે ? એથી કહે છે=સર્વ વિશેષોનું પ્રત્યક્ષથી બોધ કરવાનું સામર્થ્ય પરોક્ષ હોવા છતાં પણ અનુમાન કેવી રીતે કરાય છે ? એથી કહે છે—

ગાથા :-

णाणसहाओ जीवो आवरणे असति सति य णेयम्मि ।
कह णु ण णाही सव्वं पगरिससामत्थजुत्तो य? ।।१२१६।।

છાયા :-

ज्ञानस्वभावो जीव आवरणेऽसति सति च ज्ञेये ।
कथं नु न ज्ञास्यति सर्वं प्रकर्षसामर्थ्ययुक्तश्च ।।१२१६।।

ગાથાર્થ :-

જીવ જ્ઞાન સ્વભાવવાળો છે. આવરણ અવિદ્યમાન હોતે છતે અને જ્ઞેય વિદ્યમાન હોતે છતે, પ્રકર્ષ સામર્થ્યથી યુક્ત એવો આ જીવ કેવી રીતે સર્વને નહીં જાણે ? અર્થાત્ જાણે જ. ll૧૨૧૬ll

**ટીકા :-**

**अयं हि जीवो ज्ञानस्वभावः, ततश्चासत्यावरणे सति च ज्ञेये कथं न्ववगमविषयप्रकर्षसामर्थ्ययुक्तस्सन् सर्वं न ज्ञास्यति?, ज्ञास्यत्येवेतिभावः, विबन्धकाभावात् ।।१२१६।।**

**ટીકાર્થ :-**

**अयं ..... विबन्धकाभावात् ।। આ જીવ જ્ઞાનસ્વભાવવાળો છે, અને તેથી આવરણ નહીં હોતે છતે અને જ્ઞેય વિદ્યમાન હોતે છતે કેવી રીતે અવગમવિષયક પ્રકર્ષ સામર્થ્યયુક્ત છતો જીવ સર્વને જાણશે નહીં ? અર્થાત્ જાણશે જ, એ પ્રકારનો ભાવ છે; કેમ કે વિબંધકનો અભાવ છે=આવરણરૂપ વિબંધકનો અભાવ છે. ।।૧૨૧૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે 'સર્વ જીવોમાં કાંઈક કાંઈક અંશથી પ્રતિભાજ્ઞાન દેખાય છે અને તે પ્રતિભાજ્ઞાનના પ્રકર્ષથી કેવલજ્ઞાન પ્રગટે છે જે સર્વ અર્થના વિષયને જાણનારું છે.' ત્યાં પૂર્વપક્ષી શંકા કરે છે – અહીં કેટલાંક પક્ષી થોડું ઊડે છે, કેટલાંક પક્ષી બહુ ઊડે છે, કેટલાંક પક્ષી બહુતર ઊડે છે. આ રીતે પક્ષીઓના ઉડ્ડનની પ્રક્રિયા પ્રકૃષ્ટતર થાય તો પણ પક્ષીઓ ઊડીને સર્વ લોક માત્રને સ્પર્શી શકતાં નથી પરંતુ પરિમિત જ ઉડ્ડનની પ્રક્રિયા કરે છે. તેમ 'કોઈક જીવને પ્રતિભાજ્ઞાન થોડુંક હોય, કોઈકને અધિક હોય તો પણ તેના પ્રકર્ષથી સર્વ જ્ઞેયનું જ્ઞાન કોઈને થાય છે' એમ સ્વીકારી શકાય નહીં. વળી, અન્ય દૃષ્ટાંતથી પોતાના કથનને પૂર્વપક્ષી દૃઢ કરે છે. 'કેટલાક જીવો થોડું ખાય છે, કેટલાક જીવો બહુ ખાય છે, કેટલાક જીવો બહુતર ખાય છે તો પણ ભોજનના વિષયભૂત સર્વ પદાર્થોનું ભોજન કોઈ જીવ કરી શકે નહીં.' પરંતુ ભોજનનો વિષય તે જીવને આશ્રયીને પરિમિત જ પ્રાપ્ત થાય છે, તેમ પ્રતિભાજ્ઞાનથી કોઈકને સામાન્ય જ્ઞાન થાય, કોઈકને તેનાથી અધિક થાય તે પ્રકારની જીવોની તરતમતા પ્રાપ્ત થઈ શકે પરંતુ એક જ જીવ સર્વ જ્ઞેયને જાણી શકે એવું જ્ઞાન પ્રતિભાથી થાય છે' એમ સ્વીકારી શકાય નહીં. માટે સર્વ જ્ઞેયના વિષયવાળું કેવલજ્ઞાન છે એ વચન યુક્ત નથી.' 'પ્રતિભાજ્ઞાનની તરતમતામાં પણ દૃષ્ટ વિષયવાળું જ જ્ઞાન જીવને થઈ શકે છે. આથી જ કેટલાક જીવોને ચિત્રકળાદિ કોઈક વિષયક પરિમિત જ્ઞાન હોય છે તો કોઈકને અતિશય નિપુણતાવાળું તે જ જ્ઞાન હોય છે પરંતુ જગતમાં સર્વ જ્ઞેયનું કોઈકને જ્ઞાન છે તેમ સ્વીકારી શકાય નહીં.' આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે–

પૂર્વપક્ષીએ આપેલા ઉડ્ડનનું અને ભોજનનું દૃષ્ટાંત કેવલજ્ઞાનરૂપ દાર્ષ્ટાંતિક સાથે વૈધર્મ્યવાળું છે. કઈ રીતે વૈધર્મ્ય છે ? તે સ્પષ્ટ કરે છે –

બધા જીવોને ઘટાદિ કોઈક વસ્તુનો બોધ થાય છે તે માત્ર 'આ ઘટ છે' તેવો બોધ થતો નથી પરંતુ સામાન્ય અને વિશેષ સ્વરૂપે ઘટનો બોધ થાય છે. આથી જ ચક્ષુથી એક ઘટનું જ્ઞાન થયા પછી તે બોધ

કરનારને તે આકારવાળા સર્વ ઘટોને 'આ ઘટ છે' તે પ્રકારનું સામાન્યથી જ્ઞાન થાય છે. વળી, 'આ ઘડો માટીનો છે, આ ચાંદીનો છે, આ તાંબાનો છે' એ રીતે ઘટનો વિશેષથી બોધ થાય છે. તે રીતે પટાદિ સર્વ વસ્તુઓમાં પણ સામાન્ય-વિશેષ બોધ થાય છે તેથી એક ઘટને જોયા પછી તે જીવને સર્વ ઘટોનો સામાન્યથી બોધ થાય છે તેમ તે ઘટમાં વર્તતા દ્રવ્યત્વને જોઈને તે ઘટનો દ્રવ્યરૂપે બોધ થાય છે. તેથી સર્વ દ્રવ્યોનો સામાન્યથી બોધ થાય છે; કેમ કે જગતવર્તી સર્વ દ્રવ્યમાં દ્રવ્યત્વ અનુગત છે. તેથી નક્કી થાય છે કે અલ્પ બોધ કરનારા પણ જીવો સામાન્યથી સર્વ વસ્તુને જાણે છે અને વિશેષ પણ કેટલીક વસ્તુને જાણે છે. આથી જ 'આ પટ છે, આ ઘટ છે' ઇત્યાદિ કેટલીક વસ્તુઓને વિશેષથી પણ જાણે છે. તેથી નક્કી થાય છે કે 'છદ્મસ્થ જીવો પણ સામાન્યથી સર્વ વસ્તુઓને જાણે છે.' તેથી સકલ વિશેષ વસ્તુઓને પણ પ્રત્યક્ષથી બોધ કરવાનું સામર્થ્ય તે જીવમાં રહેલું છે. જે સાક્ષાત્ દેખાતું નથી તો પણ અનુમાન કરી શકાય છે અર્થાત્ દરેક જીવને સામાન્યથી સર્વ વસ્તુનો બોધ છે અને વિશેષથી કેટલીક વસ્તુનો કોઈકને બોધ છે તો અન્ય કોઈને વિશેષથી તેના કરતાં અધિક વસ્તુનો બોધ છે તેથી તે જીવમાં અધિક વિશેષનો બોધ કરવાનું સામર્થ્ય છે

ગાથા-૧૨૧૪માં કહ્યું કે, સમયના જાણનારાઓ સામાન્યથી પ્રાયઃ સર્વ વસ્તુને જાણે છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાનના વચનાનુસાર જેઓને બોધ છે તેઓ પ્રાયઃ સ્યાદ્વાદથી પરિસ્કૃત મતિવાળા થાય છે. તેથી તેઓને બોધ થાય છે કે આખું જગત અન્વય-વ્યતિરેકસ્વરૂપ છે. અન્વય સ્વરૂપથી વિચારવામાં આવે તો આખું જગત સત્ સ્વરૂપે છે અને તે સત્ જ તે તે દ્રવ્યસ્વરૂપે અને તે તે પર્યાયસ્વરૂપે વર્તે છે અને પોતે સત્ સ્વરૂપ એક વસ્તુને જાણે છે ત્યારે સત્ સ્વરૂપે સર્વ વસ્તુનું પોતાને જ્ઞાન વર્તે છે. વિશેષથી પોતાને પરિમિતજ્ઞાન છે તો અન્ય કોઈકને પોતાનાથી અધિક જ્ઞાન છે. અને જેઓને તે સર્વ સામાન્યનું વિશેષથી જ્ઞાન છે તેઓ સર્વજ્ઞ છે. આ પ્રકારનું અનુમાન શાસ્ત્રના જાણનારાઓ કરી શકે છે. પ્રાયઃ કહેવાથી એ પ્રાપ્ત થાય કે, ભગવાનના શાસ્ત્ર જાણનારા સમ્યગ્દષ્ટિ જીવોને પણ જ્યાં સુધી શાસ્ત્રોનો પારમાર્થિક બોધ થયો નથી તેઓ પણ પોતે સામાન્યથી સર્વ વસ્તુને જાણે છે તેવો બોધ થતો નથી પરંતુ શાસ્ત્રથી પરિપક્વ બુદ્ધિ થાય છે ત્યારે તેઓને નિર્ણય થાય છે કે સામાન્યથી સર્વ વસ્તુને હું જાણું છું. એ પ્રકારનો બોધ કરાવવા અર્થે પ્રાયઃ શબ્દનો પ્રયોગ છે.

તેથી સમયજ્ઞને સામાન્યથી સર્વ વસ્તુનો બોધ છે. તેના બળથી અનુમાન થઈ શકે છે કે સર્વ વિશેષનો બોધ કરનાર પણ કોઈક છે. કઈ રીતે અનુમાન કરી શકાય છે ? તે સ્પષ્ટ કરે છે–

જીવનો જ્ઞાન સ્વભાવ છે અને સંસારી જીવોનું તે જ્ઞાન આવૃત છે છતાં કંઈક આવરણનો અપગમ જેને થયો છે તે આવરણના અપગમને અનુરૂપ તે જીવને સર્વ સામાન્યનો બોધ થાય છે અને કેટલાક વિશેષનો બોધ છે અને જો સંપૂર્ણ આવરણનો અપગમ થાય તો બોધ કરવાના વિષયમાં પ્રકર્ષ સામર્થ્યયુક્ત તે જીવ થાય. તેથી જગતમાં જે કંઈ જ્ઞેય વિદ્યમાન હોય તે સર્વને તે જાણી શકે; કેમ કે આવરણના અપગમની તરતમતાથી જીવોમાં પરિમિત જ્ઞાન પ્રગટે છે તેથી સંપૂર્ણ આવરણ જાય તો સંપૂર્ણ જ્ઞાન પ્રગટ થઈ શકે છે. માટે ઉડ્ડનક્રિયાનું અને ભોજનક્રિયાનું પૂર્વપક્ષીએ જે દૃષ્ટાંત આપ્યું તે દૃષ્ટાંત અહીં સંગત થાય નહીં;

કેમ કે કર્મવાળા જીવને પુદ્ગલના બળથી પરિમિત ઉડ્ડયનક્રિયાનું સામર્થ્ય પ્રગટે છે. તેથી તેનો પૂર્ણ પ્રકર્ષ કોઈને થઈ શકે નહીં. તેથી ઉડ્ડનક્રિયા કરીને સર્વ લોકમાં કે લોકાલોકમાં કોઈ જીવ જઈ શકે નહીં, તે કથન સંભવે છે. જ્યારે વસ્તુનો બોધ શરીરને આશ્રિત નથી પરંતુ જીવના જ્ઞાનસ્વભાવને આશ્રિત છે. વળી, સર્વ જીવોને સામાન્યથી સર્વ દ્રવ્યોનો બોધ થાય છે અને આવરણના અપગમ અનુસાર કેટલાંક દ્રવ્યોનો વિશેષથી બોધ થાય છે અને જ્યારે સંપૂર્ણ આવરણ જાય ત્યારે જ્ઞાનનો સ્વભાવ સર્વ જ્ઞેયને જાણવાનો છે તેથી સર્વ જ્ઞેયનું જ્ઞાન થઈ શકે છે. તે રીતે ભોજનક્રિયામાં પણ દૃષ્ટાંતનું વૈષમ્ય છે; કેમ કે ભોજનની ક્રિયા પ્રાપ્ત થયેલા શરીરના પુદ્ગલને અનુરૂપ સંભવી શકે છે. તેથી સર્વ ભોજ્ય પદાર્થનું ભોજન કોઈ કરી શકે નહીં તે સંભવી શકે છે પરંતુ જીવનો જ્ઞાનસ્વભાવ હોવાથી આવરણનો અપગમ થાય તો જીવને સર્વ જ્ઞેયનું જ્ઞાન થાય છે તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. **॥૧૨૧૨થી ૧૨૧૬॥**

**અવતરણિકા :-**

**अथ कथमावरणाभावोऽभूत् येनोच्यते आवरणे असतीति । अत आह–**

**અવતરણિકાર્થ :-**

**'अथ'થી પૂર્વપક્ષી શંકા કરે છે. કેવી રીતે આવરણનો અભાવ થયો ? જેના કારણે કહેવાય છે કે આવરણ અવિદ્યમાન હોતે છતે સર્વ જ્ઞેયનું જ્ઞાન થાય છે. આથી કહે છે–**

**ગાથા :-**

**आवरणाभावो वि हु पुव्वुत्तविहीए ण पडिबंधा य ।**
**देसाइविप्पगरिसा सामण्णेणोवलंभाओ ।।१२१७।।**

**છાયા :-**

**आवरणाभावोऽपि हु पूर्वोक्तविधिना न प्रतिबन्धाश्च ।**
**देशादिविप्रकर्षाः सामान्येनोपलम्भात् ।।१२१७।।**

**ગાથાર્થ :-**

**અને આવરણનો અભાવ પણ પૂર્વોક્ત વિધિથી જાણવો અને દેશાદિના વિપ્રકર્ષો પ્રતિબંધ નથી=બોધ કરવામાં બાધક નથી; કેમ કે સામાન્યથી ઉપલંભ છે=દેશાદિના વિપ્રકર્ષવાળી વસ્તુનો પણ સામાન્યથી ઉપલંભ છે. ।।૧૨૧૭।।**

**ટીકા :-**

**आवरणाभावोऽपि च पूर्वोक्तविधिना 'पडिवक्खभावणाओ अणुहवसिद्धो य हासभावो सि'मित्यादीना द्रष्टव्यः । न च वाच्यं सत्यप्यावरणाभावे देशादिविप्रकर्षा विबन्धका भविष्यन्तीति कथं सर्वविशेषावगम-सामर्थ्यमनुमीयत इत्यत आह–'नेत्यादि' न प्रतिबन्धा देशादिविप्रकर्षाः, आदिशब्दात् कालस्वभाव-**

परिग्रहः । कथं न ते प्रतिबन्धा इत्याह—सामान्येनोपलम्भात् । यदि हि देशादिविप्रकर्षा अविशेषेण ज्ञानस्य प्रतिबन्धका भवेयुस्ततः सामान्येनापि उपलम्भं प्रतिबध्नीयुर्न च प्रतिबध्नन्ति, तथाऽप्रतीतेः, ततः क्षीणसकलतदावरणस्यापि न सकलविशेषावगमनं प्रतिभंत्स्यन्तीति ।।१२१७।।

**ટીકાર્થ :-**

आवरणाभावोऽपि ..... प्रतिभंत्स्यन्तीति ।। 'આવરણનો અભાવ પણ પ્રતિપક્ષની ભાવનાથી અનુભવસિદ્ધ હ્રાસભાવ છે' ઈત્યાદિ પૂર્વોક્ત વિધિથી=ગાથા-૧૧૬૪માં કહેલી વિધિથી, જાણવો અને કહેવું નહીં. શું કહેવું નહીં ? એથી કહે છે, આવરણનો અભાવ હોતે છતે દેશાદિના વિપ્રકર્ષો=જ્ઞેય પદાર્થનો બોધ કરનારની સાથે દેશથી અને કાલથી દૂરવર્તીતાભાવરૂપ વિપ્રકર્ષો, વિબંધક થશે=તે પદાર્થનો બોધ કરવામાં બાધક થશે. એથી 'કેવી રીતે સર્વ વિશેષના અવગમનું સામર્થ્ય જીવમાં છે ?' એ પ્રમાણે અનુમાન કરાય છે, એમ ન કહેવું, એમ અન્વય છે. 'કેમ ન કહેવું ?' એથી કહે છે — દેશાદિ વિપ્રકર્ષો પ્રતિબંધ નથી=બોધ કરવામાં બાધક નથી. 'આદિ' શબ્દથી=દેશાદિ વિપ્રકર્ષમાં રહેલા 'આદિ' શબ્દથી કાલનું અને સ્વભાવનું ગ્રહણ છે. 'કેવી રીતે ?' તે=દેશાદિના વિપ્રકર્ષો પ્રતિબંધો નથી=બોધ કરવામાં બાધક નથી ? એથી કહે છે. સામાન્યથી ઉપલંભ હોવાને કારણે=છદ્મસ્થને પણ દ્રવ્યરૂપે સામાન્યથી દૂર ક્ષેત્રનાં દ્રવ્યોનો અને દૂર કાળનાં દ્રવ્યોનો સામાન્યથી બોધ થવાને કારણે, દેશાદિના વિપ્રકર્ષો બોધ કરવામાં પ્રતિબંધરૂપ નથી એમ અન્વય છે. हि=જે કારણથી, જો દેશાદિ વિપ્રકર્ષો અવિશેષથી=સામાન્યથી, જ્ઞાનના પ્રતિબંધક થાય તો સામાન્યથી પણ ઉપલંભને=સામાન્યથી દૂર ક્ષેત્રના અને દૂર કાળના પદાર્થોના બોધને, પ્રતિબંધ કરે અને પ્રતિબંધ કરતા નથી=દેશાદિના વિપ્રકર્ષો દરેક જીવને સામાન્યથી બોધ કરવામાં પ્રતિબંધ કરતા નથી; કેમ કે તે પ્રકારની અપ્રતીતિ છે=સામાન્યથી દૂરવર્તી પદાર્થનો બોધ થતો નથી તે પ્રકારની અપ્રતીતિ છે. તેથી=દેશાદિ વિપ્રકર્ષો અવિશેષથી જ્ઞાનના પ્રતિબંધક નથી તેથી, ક્ષીણ સકલ તદ્આવરણવાળાને પણ=ક્ષીણ થયાં છે સકલ જ્ઞાનાવરણીય કર્મો જેને એવા જીવને પણ, સકલ વિશેષના અવગમને પ્રતિભંજન કરશે નહીં=દેશાદિ વિપ્રકર્ષો તેનો બોધ કરવામાં વિઘ્ન કરશે નહીં. ।।૧૨૧૭।।

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ અવતરણિકામાં શંકા કરેલી કે જીવ ઉપર વર્તતા જ્ઞાનનાં આવરણોનો અભાવ કઈ રીતે થાય છે ? તેનો ઉત્તર આપતાં કહે છે – ગાથા-૧૧૬૪માં કહેલ કે પ્રતિપક્ષભાવનાથી જ્ઞાનાવરણીયાદિ કર્મના હ્રાસનો ભાવ અનુભવસિદ્ધ છે. તેથી આવરણનો અપગમ પ્રતિપક્ષ ભાવનાથી થાય છે અને જે મહાત્મા પ્રતિપક્ષભાવનાના પ્રકર્ષને પ્રાપ્ત કરે છે તેના જ્ઞાનના આવરણનો સંપૂર્ણ નાશ થાય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે 'પ્રતિપક્ષભાવનાથી જ્ઞાનના આવરણનો નાશ થવા છતાં જે વસ્તુ દેશથી દૂરવર્તી છે, કાળથી દૂરવર્તી છે અને સૂક્ષ્મ સ્વભાવવાળી છે તે વસ્તુને તે મહાત્મા કઈ રીતે જાણી શકે ?' અર્થાત્ જાણી શકે નહીં. જેમ પ્રત્યક્ષથી જોનારા જીવો પણ જે વસ્તુ દૂર દેશમાં વર્તે છે તેને જોઈ શકતા નથી અને

દૂરના ભૂતકાળમાં થયેલા ભાવોને અને ભવિષ્યમાં થનારા ભાવોને જોઈ શકતા નથી અને દેખાતા ક્ષેત્રમાં પણ જે પદાર્થોનો તેવો સૂક્ષ્મ સ્વભાવ છે તે પદાર્થોને પ્રત્યક્ષ જોનારા જીવો પણ જોઈ શકતા નથી. જેમ સન્મુખ રહેલા પણ ક્ષેત્રમાં સૂક્ષ્મ પણ પરિણામોવાળા પરમાણુ આદિ પદાર્થોને જોઈ શકતા નથી. તેથી જેનું આવરણ દૂર થયું છે તે મહાત્મા પણ દૂર ક્ષેત્રના, દૂર કાળના અને સૂક્ષ્મ સ્વભાવોવાળા પદાર્થોને જોઈ શકે નહીં. તેથી 'આવરણના અપગમથી સર્વ વિશેષના બોધનું સામર્થ્ય પ્રગટે છે' તે પ્રકારે અનુમાન કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે – 'દેશની દૂરવર્તિતા, કાળની દૂરવર્તિતા અને સ્વભાવની સૂક્ષ્મતા બોધ થવામાં બાધક નથી'; કેમ કે છદ્મસ્થને પણ સામાન્યથી સર્વ દ્રવ્યોનો બોધ થાય છે ત્યારે દૂર ક્ષેત્રમાં રહેલાં અને દૂર કાળમાં રહેલાં એવાં સૂક્ષ્મ સ્વભાવવાળા સર્વ દ્રવ્યોનો સામાન્યથી બોધ થાય છે તેથી જેમ છદ્મસ્થને પણ સામાન્યથી બોધ કરવામાં દેશાદિના વિપ્રકર્ષો બાધક નથી તેમ ક્ષીણ સકલ આવરણવાળા કેવળીને પણ સકલ વિશેષનો બોધ કરવામાં દેશાદિ વિપ્રકર્ષો બાધક થશે નહીં. **॥૧૨૧૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વપક્ષીએ પક્ષીના ઉડવાની ક્રિયા અને જીવોના ભોજનની ક્રિયાનાં દૃષ્ટાંત લઈને ગાથા-૧૨૧૨માં સ્થાપન કરેલ કે ઊડવાની ક્રિયા સર્વ ક્ષેત્રમાં ગમનના પ્રકર્ષવાળી નથી અને ભોજનની ક્રિયા સર્વ દ્રવ્યના ભોજનના પ્રકર્ષવાળી નથી તેમ જ્ઞાન પણ પ્રકર્ષવાળું સંભવે નહીં. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે–**

**ગાથા :-**

**ण य सामण्णेण वि गमणभोयणं सव्वविसयमिह दिट्ठं ।**
**ता कह णु विसेसेणं होही तं सव्वविसयं तु ? ।।१२१८।।**

**છાયા :-**

**न च सामान्येनापि गमनभोजनं सर्वविषयमिह दृष्टम् ।**
**ततः कथं नु विशेषेण भविष्यति तत् सर्वविषयं तु ।।१२१८।।**

**ગાથાર્થ :-**

**અહીં=જગતમાં, ગમન અને ભોજન સર્વ વિષયવાળું સામાન્યથી પણ જોવાયું નથી. તે કારણથી તે=ગમન અને ભોજન, વિશેષથી સર્વ વિષયવાળું કઈ રીતે થાય ? ।।૧૨૧૮।।**

**ટીકા :-**

**न च सामान्येनापि गमनभोजनमिह-जगति सर्वविषयं दृष्टं, किंतु परिमितविषयमेव, अविगानेन तथासकललोकप्रतीतेः । 'ता' ततः कथं नु तकत्-गमनभोजनं विशेषेण सर्वविषयं भविष्यतीति?, नैव भविष्यतीति भावः ।।१२१८।।**

**ટીકાર્થ :-**

**न च ..... भावः ।। અહીં=જગતમાં, ગમન અને ભોજન સામાન્યથી પણ સર્વ વિષયવાળું જોવાયું નથી પરંતુ પરિમિત વિષયવાળું જ જોવાયું છે; કેમ કે અવિગાનથી=અવિવાદથી, તે પ્રકારે સકલ લોકને પ્રતીતિ છે=ગમન અને ભોજન પરિમિત વિષયવાળું જ સકલ લોકને પ્રતીત છે. તે કારણથી કેવી રીતે ગમન અને ભોજન વિશેષથી સર્વ વિષયવાળું થશે ? અર્થાત્ થશે નહીં જ, એ પ્રકારનો ભાવ છે. ।।૧૨૧૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ ગમનનું અને ભોજનનું દૃષ્ટાંત આપીને કેવલજ્ઞાન સર્વ વિષયવાળું સંભવે નહીં એમ ગાથા-૧૨૧૨માં કહેલું ત્યાં દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિક ભાવની વિષમતા છે. તે સ્પષ્ટ કરતાં ગાથા-૧૨૧૩ આદિમાં કહ્યું કે 'સર્વ જીવને સામાન્યથી સર્વ દ્રવ્યોનો બોધ થાય છે અને કેવલીને આવરણનો અપગમ થયો હોવાથી વિશેષથી પણ સર્વ દ્રવ્યોનો બોધ થાય છે.' જ્યારે ગમનમાં અને ભોજનમાં જ જ્ઞાનની જેમ સામાન્યથી પણ સર્વ વિષયપણું જોવાયું નથી પરંતુ પરિમિત વિષયપણું જ જોવાયું છે. તેથી વિશેષથી પણ ગમન અને ભોજન સર્વ વિષયવાળું થઈ શકે નહીં. જ્યારે જ્ઞાનના આવરણનો અપગમ થાય તો વિશેષથી સર્વ વિષયવાળું જ્ઞાન થઈ શકે છે. **।।૧૨૧૮।।**

**અવતરણિકા :-**

**एतदेव भावयति—**

**અવતરણિકાર્થ :-**

**આને જ ભાવન કરે છે='ગમન અને ભોજન સામાન્યથી સર્વ વિષયવાળું નથી માટે વિશેષથી પણ સર્વ વિષયવાળું થઈ શકે નહીં.' એમ પૂર્વગાથામાં કહ્યું એને જ ભાવન કરે છે—**

**ગાથા :-**

**परिमियसामत्थो च्चिय देहो गमणादियासु किरियासु ।**
**ता जुत्तं च्चिय तासिं ण पगरिसो सव्वविसओ त्ति ।।१२१९।।**

**છાયા :-**

**परिमितसामर्थ्य एव देहो गमनादिषु क्रियासु ।**
**तस्माद्युक्तमेव तासां न प्रकर्षः सर्वविषय इति ।।१२१९।।**

**ગાથાર્થ :-**

**ગમનાદિ ક્રિયાઓમાં પરિમિત સામર્થ્યવાળો જ દેહ છે. તે કારણથી તેઓમાં=ગમનાદિ ક્રિયાઓમાં, સર્વ વિષયવાળો પ્રકર્ષ નથી, એ યુક્ત જ છે. ।।૧૨૧૯।।**

**ટીકા :-**

**यस्माद्देहो-जन्तुशरीरं गमनादिकासु क्रियासु, आदिशब्दाद्भोजनादिक्रियापरिग्रहः, परिमितसामर्थ्य एव तथादर्शनात् । तस्मात् युक्तमेवैतत् यदुत-तासां गमनादिकानां क्रियाणां प्रकर्षो न सर्वविषय इति ।।१२१९।।**

**ટીકાર્થ :-**

**यस्माद्देहो- ..... इति ।। જે કારણથી દેહ=જીવનું શરીર, ગમનાદિ ક્રિયાઓમાં પરિમિત સામર્થ્યવાળું જ છે; કેમ કે તે પ્રકારે દર્શન છે=સંસારી જીવો ગમનાદિ ક્રિયા તરતમતાથી કરી શકે છે તો પણ પરિમિત ગમન કરવાના સામર્થ્યવાળું જ શરીર છે તે પ્રકારે દર્શન છે. 'આદિ' શબ્દથી ભોજનાદિ ક્રિયાનું ગ્રહણ છે. તે કારણથી આ=ગમન અને ભોજનાદિ ક્રિયામાં પરિમિતિ શક્તિ છે એ, યુક્ત જ છે. તે 'यदुत'થી સ્પષ્ટ કરે છે. તે ગમનાદિ ક્રિયાઓનો સર્વ વિષયવાળો પ્રકર્ષ નથી. ||૧૨૧૯||**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે 'બધા જીવોને સામાન્યથી સર્વ વિષયવાળું જ્ઞાન છે અને વિશેષથી છદ્મસ્થને સર્વ વિષયવાળું નથી પરંતુ વિશેષથી પરિમિત વિષયવાળું છે તો પણ જેના જ્ઞાનનાં આવારક સર્વ કર્મો નાશ થયાં છે તેમને વિશેષથી સર્વ વિષયવાળું જ્ઞાન થાય છે અને ગમન, ભોજનની ક્રિયામાં તેવું નથી.' તે સ્પષ્ટ કરતાં કહે છે. 'ગમનની ક્રિયા સામાન્યથી પણ સર્વ વિષયવાળી દેખાતી નથી અને ભોજનની ક્રિયા પણ સામાન્યથી સર્વ વિષયવાળી દેખાતી નથી પરંતુ પરિમિત વિષયવાળી જ દેખાય છે.'

આશય એ છે કે દેહમાં પરિમિત સામર્થ્ય છે તેથી ગમનની ક્રિયા કરે તો પણ સર્વ વિષયવાળી ગમનની ક્રિયા કોઈ પુરુષ કરી શકે નહીં; કેમ કે સંસારી જીવોની ગમનક્રિયા દેહના સામર્થ્યને આધીન છે. વળી, ભોજનની ક્રિયા પણ દેહને આશ્રયીને છે. તેથી પરિમિત સામર્થ્યવાળો દેહ સર્વ વિષયવાળું ભોજન કરી શકે નહીં પરંતુ પરિમિત જ ભોજન કરી શકે. જ્યારે જ્ઞાનનું સામર્થ્ય જ્ઞેયને જાણવાનું છે અને નિરાવરણ જ્ઞાન હોય તો પૂર્ણ જ્ઞેયને જાણી શકે છે. **||૧૨૧૯||**

**અવતરણિકા :-**

**अन्यच्च,**

**અવતરણિકાર્થ :-**

**અને અન્ય કહે છે=જ્ઞાનમાં સામાન્યથી સર્વ વિષયક જ્ઞાન છે તેથી કોઈકને વિશેષથી સર્વ વિષયક જ્ઞાન થઈ શકે છે, ગમનક્રિયામાં અને ભોજનક્રિયામાં તેવું નથી એ વિષયમાં અન્ય કથન કરે છે—**

**ગાથા :-**

**ण य एगजत्तसिद्धं च्चिय होइ बीयजत्तम्मि ।**
**णाणे व्व हंदि गमणे तम्हा अणुदाहरणमेयं ।।१२२०।।**

**છાયા :-**

न चैकयत्नसिद्धं भवति द्वितीययत्ने ।
ज्ञाने इव हंदि गमने तस्मादनुदाहरणमेतत् ।।१२२०।।

**ગાથાર્થ :-**

**જ્ઞાનની જેમ ગમન વિષયક બીજા યત્નમાં એક યત્ન સિદ્ધ જ થતું નથી. તે કારણથી આ અનુદાહરણ છે. ।।૧૨૨૦।।**

**ટીકા :-**

**न च ज्ञाने इव 'हंदीति' परामन्त्रणे, गमनेऽपि एकयत्नसिद्धम्-एकप्रयत्ननिष्पन्नं गमनं यत्तत् द्वितीययत्नेऽपि-द्वितीयपादोत्क्षेपयत्नवेलायामपि सिद्धमेव भवति, परिनिष्पन्नमेव सत् अनुवर्त्तत इतियावत्, किंतु निवर्तत एव, यत्नाभावे तस्याभावात् ।**

**ટીકાર્થ :-**

**न च ..... तस्याभावात् । 'हंदीति' એ શબ્દ પરના આમંત્રણમાં છે=જ્ઞાન સર્વવિષયક નથી એ પ્રમાણે ગમનક્રિયાના અને ભોજનક્રિયાના દૃષ્ટાંતથી જે પર કહે છે તેને સન્મુખ કરવા અર્થે ગાથામાં 'हंदि' શબ્દનો પ્રયોગ છે અને તેને સન્મુખ કરીને ગ્રંથકારશ્રી કહે છે, 'જ્ઞાનમાં જેમ થાય છે તેમ ગમનમાં પણ એક યત્નસિદ્ધ=એક પ્રયત્નથી નિષ્પન્ન, જે ગમન છે તે દ્વિતીય યત્નમાં પણ=દ્વિતીય પાદના ઉત્ક્ષેપના યત્નવેલામાં પણ સિદ્ધ જ નથી=પરિનિષ્પન્ન જ છતું અનુવર્તન પામતું નથી, પરંતુ નિવર્તન જ પામે છે; કેમ કે યત્નના અભાવમાં તેનો અભાવ છે=ફરી ગમન માટે યત્નના અભાવમાં પૂર્વના ગમનનો અભાવ છે.'**

**ભાવાર્થ :-**

જેમ કોઈ પુરુષ અમદાવાદથી સુરત એક પ્રયત્નથી ગમન કરે ત્યાર પછી અમદાવાદ આવે ત્યારે ફરી સુરત જવા માટે બીજા પાદનો ઉત્ક્ષેપનો યત્ન કરે ત્યારે પૂર્વની ગમનક્રિયા પરિનિષ્પન્ન થયેલ હોવા છતાં અનુવર્તન પામતી નથી=પૂર્વમાં એક વખત સુરત ગયેલ તે ક્રિયા બીજી વખત સુરત ગમનક્રિયામાં અનુવર્તન પામતી નથી પરંતુ નિવર્તન પામે છે; કેમ કે જો બીજી વખત સુરત તરફ જવા માટે યત્ન ન કરે તો તે દેશની પ્રાપ્તિનો અભાવ જ પ્રાપ્ત થાય છે. જ્યારે જ્ઞાનમાં તેવું નથી અર્થાત્ કોઈ વ્યક્તિ કોઈક વિષયક જ્ઞાનમાં યત્ન કરે ત્યાર પછી ફરી બીજી વખત તે જ્ઞાનવિષયક યત્ન કરે છે ત્યારે પૂર્વમાં કરાયેલો

યત્ન અનુવર્તન પામે છે પરંતુ નિવર્તન પામતો નથી. આથી જ જેઓએ પૂર્વમાં સંસ્કૃતનો અભ્યાસ કર્યો છે તેઓ સંસ્કૃત ભાષામાં લખાયેલ ગ્રંથને વાંચવા યત્ન કરે છે ત્યારે સંસ્કૃત ભણવાનો યત્ન વર્તમાનમાં નહીં હોવા છતાં પૂર્વમાં કરાયેલો સંસ્કૃત ભાષાના જ્ઞાનનો યત્ન તે વાંચન વખતે અનુવર્તન પામે છે. તેથી તે સંસ્કૃત ભાષાના જ્ઞાનના બળથી સુખપૂર્વક તે ગ્રંથ વાંચી શકે છે અને જેઓએ સંસ્કૃત ભાષાનું જ્ઞાન કર્યું નથી તેઓને તે ભાષાના જ્ઞાનનું અનુવર્તન નહીં હોવાથી તેઓ તે ગ્રંથનું વાંચન કરી શકતા નથી. જ્યારે ગમનક્રિયામાં તો એક વખત સુરત ગયેલ હોય તો પણ ફરી સુરત ગમનકાલમાં તે ક્રિયા અનુવર્તન પામતી નથી.

અહીં વિશેષ એ છે કે કોઈ વ્યક્તિએ સમ્યગ્ શ્રુતજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય જેનાથી મિથ્યાત્વની ગ્રંથિનો ભેદ થયો હોય ત્યારે તે જીવ કોઈક નિમિત્તે સમ્યક્ત્વને વમે=કોઈક નિમિત્તથી સમ્યક્ત્વથી પાત પામે ત્યારે તેનું સમ્યગ્ શ્રુતજ્ઞાન ફરી કર્મથી આવૃત થાય છે, તેથી સ્થૂલથી તે નિવર્તન પામે છે એમ દેખાય તો પણ સર્વથા તે નિવર્તન પામતું નથી; કેમ કે એક વખત જેણે ગ્રંથિનો ભેદ કર્યો છે અને સમ્યગ્ શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કર્યું છે તે સમ્યગ્ શ્રુતજ્ઞાન ફરી તેને પ્રાપ્ત કરવામાં પૂર્વમાં કરાયેલો પ્રયત્ન સહાયક થાય છે. આથી જ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા મિથ્યાદૃષ્ટિ જીવો પણ અર્ધ પુદ્ગલપરાવર્ત્તમાં ફરી અવશ્ય સમ્યક્ત્વ પામીને મોક્ષમાં જાય છે. તેનું કારણ પૂર્વમાં પ્રગટ થયેલું જ્ઞાન સર્વથા નિવર્તન પામતું નથી પરંતુ બીજી વખત સમ્યક્ત્વની પ્રાપ્તિમાં અનુવર્તન જ પામે છે. જ્યારે દેશાંતરના ગમનમાં એક વખત કરાયેલો તે દેશના ગમનનો પ્રયત્ન બીજી વખત તે દેશના ગમનમાં અનુવર્તન પામતો નથી.

**ટીકા :-**

**आह च प्रज्ञाकरगुप्तो—'न गमनं पूर्वयत्नलब्धं प्रयत्नान्तरनिरपेक्षमपितु प्राग्देश एव पुनर्यत्नमपेक्षते इति', ततः पूर्वयत्नलभ्य एव यत्नान्तरस्योपक्षीणशक्तिकत्वान्नोत्तरोत्तरविशेषाधानं प्रति तस्य सामर्थ्यं, प्रयत्नश्च यद्यप्यभ्यासवशात् प्रकर्षभाग्भवति तथापि शरीरबलापेक्षः, शारीरं च बलं स्वजात्यनुसारेण प्रतिनियतं, ततो न गमनस्य सर्वविषयता, ज्ञानेन पुनरेकयत्नसिद्धो विशेषो द्वितीययत्नवेलायामप्यनुवर्त्तते, आत्मस्वभावत्वात्, ततो द्वितीयो यत्नः पूर्वयत्नलभ्ये विशेषेऽनुपयुक्तशक्तित्वादुत्तरोत्तरविशेषाधायको भवति, न च ज्ञानं प्रायः शारीरं बलमपेक्षते, किंतु कर्म्मलाघवं, ततो युक्ता तस्य सर्वविषयता । तस्मादेतद्गमनादिकमनुदाहरणमेवात्यन्तवैलक्षण्यादिति ।।१२२०।।**

**ટીકાર્થ :-**

**आह च ..... वैलक्षण्यादिति ।। પૂર્વમાં કહ્યું કે 'જ્ઞાનની જેમ દેશાંતરમાં ગમનનો પ્રયત્ન બીજી વખતના પ્રયત્નમાં અનુવર્તન પામતો નથી તેમાં 'आह'થી સાક્ષી આપે છે અને પ્રજ્ઞાકરગુપ્ત નામનો પુરુષ કહે છે. 'પ્રયત્નાંતરથી નિરપેક્ષ એવું પૂર્વ યત્નથી પ્રાપ્ત ગમન નથી પરંતુ પૂર્વદેશમાં જ ફરી યત્નની અપેક્ષા રાખે છે=કોઈ વ્યક્તિએ પૂર્વયત્નથી સુરતરૂપ દેશને પ્રાપ્ત કરેલ હોય છતાં ફરી સુરત**

જવા માટે પ્રયત્નાંતર કરે નહીં તો તેના નિરપેક્ષ પૂર્વયત્નલબ્ધ સુરતનું ગમન નથી પરંતુ સુરતરૂપ પ્રાગ્દેશમાં જ ફરી પહોંચવા માટે યત્નની અપેક્ષા રહે છે.' તેથી પૂર્વયત્નલભ્યમાં જ યત્નાંતરનું ઉપક્ષીણ શક્તિપણું હોવાથી ઉત્તરોત્તર વિશેષાધાન પ્રતિ તેનું સામર્થ્ય નથી=કોઈ પુરુષથી પૂર્વયત્નલભ્ય એવા સુરત દેશમાં જ ફરી સુરત દેશજવારૂપ યત્નાંતરનું ઉપક્ષીણ શક્તિપણું હોવાથી અર્થાત્ પૂર્વના યત્નનો યત્નાંતરમાં અતિશય આધાન કરવા માટે ક્ષીણ શક્તિપણું હોવાને કારણે ફરી ફરી સુરત દેશની ગમનની પ્રવૃત્તિમાં વિશેષ ગમનરૂપ આધાન પ્રત્યે પૂર્વના યત્નનું સામર્થ્ય નથી. તેથી પૂર્વના સુરત જવાના યત્નજન્ય ઉત્તરના સુરત જવાના યત્નમાં કોઈ અતિશયિતા આવતી નથી અને પ્રયત્ન જોકે અભ્યાસના વશથી પ્રકર્ષવાળો થાય છે=પ્રથમ વખત સુરત ગયા પછી બીજી-ત્રીજી વખત સુરત જવાના યત્નકાળમાં અભ્યાસના વશથી પ્રયત્ન પૂર્વ કરતાં પ્રકર્ષવાળો થાય છે, તો પણ શરીરબળની અપેક્ષાવાળો છે અર્થાત્ પૂર્વના પ્રયત્નની અપેક્ષાએ પ્રકર્ષવાળો થતો નથી પરંતુ શરીરબળની અપેક્ષાએ પ્રકર્ષવાળો થાય છે અને શારીરિક બળ સ્વજાતિ અનુસારથી પ્રતિનિયત છે=દરેક જીવોનું શારીરિક બળ પશુજાતિ, મનુષ્યજાતિ, દેવજાતિ અનુસાર પ્રતિનિયત છે, તેથી ગમનની સર્વ વિષયતા નથી. જ્ઞાનથી વળી એકયત્નસિદ્ધ વિશેષ બીજા યત્નવેલામાં પણ અનુવર્તન પામે છે અર્થાત્ કોઈક પુરુષ જ્ઞાન ભણવા માટે યત્ન કરે તેનાથી પ્રાપ્ત થયેલો વિશેષ બોધ ફરી જ્ઞાન ભણવા માટે યત્ન કરે તે વેળામાં પૂર્વનો બોધ અનુવર્તન પામે છે; કેમ કે આત્મસ્વભાવપણું છે=જ્ઞાનનું આત્મસ્વભાવપણું છે. તેથી બીજો યત્ન પૂર્વયત્નલભ્યમાં ઉત્તરોત્તર વિશેષાધાયક થાય છે; કેમ કે વિશેષમાં અનુપયુક્ત શક્તિપણું છે. જેમ કોઈ પુરુષ પૂર્વમાં જ્ઞાન ભણ્યા પછી નવું જ્ઞાન ભણવા માટે બીજો યત્ન કરે ત્યારે પૂર્વયત્નથી લભ્ય એવા જ્ઞાનમાં જ ઉત્તરોત્તર વિશેષ વિશેષ જ્ઞાન પ્રાપ્ત થાય છે; કેમ કે પ્રથમ યત્ન વખતે વિશેષ જ્ઞાનમાં અનુપયુક્ત શક્તિપણું હતું અર્થાત્ જે ઉત્તરમાં વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરે છે તેમાં પૂર્વના યત્નકાળમાં અનુપયુક્ત શક્તિપણું હતું અને જ્ઞાન પ્રાયઃ શરીરબળની અપેક્ષા રાખતું નથી અર્થાત્ થોડીક શરીરબળની અપેક્ષા રાખે છે પરંતુ કર્મલાઘવની જ અપેક્ષા રાખે છે. તેથી તેની= જ્ઞાનની, સર્વ વિષયતા યુક્ત છે. તે કારણથી=જ્ઞાનમાં અને ગમનક્રિયામાં વૈષમ્ય છે એમ પૂર્વમાં બતાવ્યું તે કારણથી, આ ગમનાદિક અનુદાહરણ જ છે=પૂર્વપક્ષીએ ઉદાહરણ આપેલું કે 'ગમનાદિમાં તરતમતાની પ્રાપ્તિ છે તો પણ કોઈ પુરુષ વિશેષથી સર્વ વિષયક ગમન આદિ ક્રિયા કરી શકતો નથી તેમ જ્ઞાનમાં પણ તરતમતાની પ્રાપ્તિ હોવા છતાં કોઈને વિશેષથી સર્વ વિષયક જ્ઞાન સંભવે નહીં' એ પ્રકારે ગમનાદિનું ઉદાહરણ આપ્યું તે અનુદાહરણ જ છે; કેમ કે અત્યંત વિલક્ષણપણું છે=જ્ઞાનની પ્રાપ્તિમાં અને ગમનક્રિયામાં અત્યંત વૈલક્ષણપણું છે. ॥૧૨૨૦॥

**ભાવાર્થ :-**

કોઈ પુરુષ એક નગરથી બીજે નગરે જાય, ફરી બીજી વખત તે નગરમાં જવા માટે પ્રયત્ન કરે ત્યારે પૂર્વનું ગમન અનુવર્તન પામતું નથી પરંતુ નિવર્તન જ પામે છે. જેમ અમદાવાદથી કોઈ સુરત જાય, ફરી

કેટલાક કાળ પછી અમદાવાદથી સુરત જવા યત્ન કરે ત્યારે પૂર્વનો પ્રયત્ન તેમાં અનુવર્તન પામતો નથી. તેથી સુરત જવા માટે પૂર્વની જેમ જ તેને યત્ન કરવો પડે છે. વળી અમદાવાદથી સુરત ગયા પછી ફરી અમદાવાદથી અન્ય કોઈ સ્થાનમાં જાય ત્યારે પણ સુરત જવાનો પૂર્વનો યત્ન અનુવર્તન પામતો નથી પરંતુ નિવર્તન જ પામે છે; કેમ કે તે સ્થાનમાં જવા માટે યત્ન ન કરે તો ગમનના અભાવની જ પ્રાપ્તિ થાય. જ્યારે જ્ઞાનમાં ગમન જેવું નથી; કેમ કે 'જ્ઞાન માટે જે પૂર્વનો યત્ન કર્યો તે ઉત્તરના જ્ઞાનમાં અનુવર્તન પામે છે.' આથી જન્મતી વખતે બાળકને કોઈ અક્ષર પણ બોલતાં આવડતા નથી અને અભ્યાસના બળથી તે અક્ષરોનું જ્ઞાન મેળવે છે તે ઉત્તરોત્તરના જ્ઞાનકાળમાં પૂર્વ પૂર્વનું જ્ઞાન અનુવર્તન પામે છે. તેથી પૂર્વયત્ન-લભ્ય જ્ઞાન ઉત્તરના યત્નથી વિશેષ વિશેષ થાય છે; કેમ કે જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે. તેથી પૂર્વના યત્નથી જે જ્ઞાનનું આવરણ ખસ્યું તે જ્ઞાન પ્રગટ થયું અને આત્માના સ્વભાવરૂપે તે જ્ઞાન વિદ્યમાન રહે છે અને ઉત્તરના યત્નથી નવું નવું જ્ઞાન પ્રગટે છે. તેથી પૂર્વ પૂર્વનું જ્ઞાન ઉત્તરઉત્તરના જ્ઞાનમાં અનુવર્તન પામે છે. વળી જ્ઞાન શરીરબળની અપેક્ષા પ્રાયઃ રાખતું નથી, કર્મલાઘવની અપેક્ષા રાખે છે અને ગમનની ક્રિયા શરીરબળની અપેક્ષા રાખે છે અને શરીરબળ પોતપોતાની જાતિ અનુસાર દરેકને જૂદું જૂદું પ્રાપ્ત થાય છે. તેથી તે શરીરબળની અપેક્ષાએ તે તે જીવોની ગમનની ક્રિયા પ્રકર્ષવાળી કે અપકર્ષવાળી થાય છે. માટે શરીરબળની અપેક્ષાવાળા ગમનની ક્રિયામાં સર્વ વિષયતા સંગત થાય નહીં અને કર્મના લાઘવની અપેક્ષાએ જ્ઞાનમાં વિશેષતા પ્રાપ્ત થાય છે. તેથી 'જ્ઞાનનાં આવારક કર્મોનો જે પુરુષ સંપૂર્ણ નાશ કરી શકે છે તેના જ્ઞાનમાં સર્વ વિષયતા યુક્ત જ છે માટે ગમનક્રિયાના ઉદાહરણથી પૂર્વપક્ષી 'જ્ઞાન સર્વવિષયક થઈ શકે નહીં' એમ જે કહે છે તે ઉદાહરણ વાસ્તવિક ઉદાહરણ નથી; કેમ કે ગમનક્રિયામાં અને જ્ઞાનમાં અત્યંત વિલક્ષણપણું છે. **॥૧૨૨૦॥**

**અવતરણિકા :-**

**पर आह—**

**અવતરણિકાર્થ :-**

**પર શંકા કરે છે='જગતમાં સર્વજ્ઞ સંભવી શકે નહીં' એ પ્રકારે માનનાર પર શંકા કરે છે—**

**ગાથા :-**

**जीवस्सवि सव्वेसुं हंत विसेसेसु अत्थि सामत्थं ।**
**अहिगमणम्मि पमाणं किमेत्थ णणु णेयभावो तु ? ।।१२२१।।**

**છાયા :-**

**जीवस्यापि सर्वेषु हन्त विशेषेषु अस्ति सामर्थ्यम् ।**
**अधिगमने प्रमाणं किमत्र ननु ज्ञेयभावस्तु ।।१२२१।।**

**ગાથાર્થ :-**

**ખરેખર સર્વ વિશેષોમાં અધિગમવિષયક પણ જીવનું સામર્થ્ય છે એમાં શું પ્રમાણ છે ? તેને ગ્રંથકારશ્રી કહે છે. ખરેખર જ્ઞેયભાવ જ પ્રમાણ છે. ॥૧૨૨૧॥**

**ટીકા :-**

**'हन्तेति' परामन्त्रणे हन्त जीवस्यापि सामान्येन समयतः सर्वं वस्तु जानतः सर्वेषु विशेषेषु विषयभूतेषु अधिगमे सामर्थ्यमस्तीत्यत्र किं प्रमाणं ?, नैव किंचिदितिभावः । न चाप्रमाणकं वचो विपश्चितो बहु मन्यन्ते इति । अत्राह—'णणु णेयभावो उ त्ति' ननु तेषां विशेषाणां ज्ञेयभाव एव तद्विषयाधिगमसामर्थ्यनिर्णये प्रमाणम् ।।१२२१।।**

**ટીકાર્થ :-**

'हन्तेति' ..... प्रमाणम् ।। 'हन्त' એ શબ્દ પરના આમંત્રણ અર્થમાં છે. પૂર્વપક્ષી 'હન્ત'થી ગ્રંથકારશ્રીને કહે છે. સામાન્યરૂપે શાસ્ત્રથી સર્વ વસ્તુને જાણતા જીવને પણ વિષયભૂત સર્વ વિષયોમાં=જ્ઞાનના વિષયભૂત સર્વ વિશેષોમાં, બોધ કરવાવિષયક સામર્થ્ય છે. એ પ્રકારના સ્વીકારમાં શું પ્રમાણ છે ? અર્થાત્ કોઈ જ પ્રમાણ નથી. અને અપ્રમાણિક વચનો બુદ્ધિમાન પુરુષો બહુ માનતા નથી. આમાં= પૂર્વપક્ષીની શંકામાં, ગ્રંથકારશ્રી કહે છે – ખરેખર તે વિશેષોનો જ્ઞેયભાવ જ તેના વિષયના અધિગમના સામર્થ્યના નિર્ણયમાં પ્રમાણ છે. ॥૧૨૨૧॥

**અવતરણિકા :-**

**तथाहि—**

**અવતરણિકાર્થ :-**

તે આ પ્રમાણે='સર્વ વિશેષોમાં જ્ઞેયભાવ જ તેના બોધના સામર્થ્યના નિર્ણયમાં પ્રમાણ છે' એમ પૂર્વમાં કહ્યું તે આ પ્રમાણે—

**ગાથા :-**

**जलहिजलपलपमाणादिविसेसा सव्व एव पच्चक्खा ।**
**कस्सइ णेयत्तातो घडादिरूवादिधम्म व्व ।।१२२२।।**

**છાયા :-**

जलधिजलपलप्रमाणादिविशेषाः सर्व एव प्रत्यक्षाः ।
कस्यचिद् ज्ञेयत्वाद् घटादिरूपादिधर्मवत् ।।१२२२।।

**ગાથાર્થ :-**

**સમુદ્રના પાણીના પલપ્રમાણાદિ વિશેષો સર્વ જ કોઈકને પ્રત્યક્ષ છે; કેમ કે જ્ઞેયભાવ છે. ઘટાદિના રૂપાદિ ધર્મોની જેમ. ||૧૨૨૨||**

**ટીકા :-**

**जलधिजलपलप्रमाणादयो विशेषाः सर्व एव कस्यचित्प्रत्यक्षा ज्ञेयत्वात्, घटादिरूपादिधर्मवत् ।।१२२२।।**

**ટીકાર્થ :-**

**जलधिजल ..... धर्मवत् ।। સમુદ્રના જલના પલપ્રમાણાદિ વિશેષો સર્વ જ કોઈકને પ્રત્યક્ષ છે; કેમ કે જ્ઞેયપણું છે. ઘટાદિના રૂપાદિ ધર્મની જેમ. ||૧૨૨૨||**

**ભાવાર્થ :-**

ગાથા-૧૨૧૫માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કરેલું કે 'સામાન્યથી સર્વ જ્ઞેયનું જ્ઞાન છદ્મસ્થને થાય છે અને કેટલાક વિશેષોનું જ્ઞાન થાય છે. તેનાથી નિર્ણય થાય છે કે સામાન્યથી શાસ્ત્ર દ્વારા સર્વ વસ્તુને જાણનાર જીવમાં જ્ઞાનના વિષયભૂત સર્વ વિશેષોના બોધનું સામર્થ્ય છે.' ત્યાં પૂર્વપક્ષી કહે છે કે 'સામાન્યથી સર્વ વસ્તુનો શાસ્ત્રથી બોધ હોય તો પણ સર્વ વિશેષોનો બોધ કરવાનું જીવમાં સામર્થ્ય છે તેમાં શું પ્રમાણ છે ?' અર્થાત્ 'કોઈ પ્રમાણ નથી માટે અપ્રમાણભૂત વચન સ્વીકારી શકાય નહીં.' તેને ગ્રંથકારશ્રી કહે છે – 'સર્વ વિશેષોમાં જ્ઞેયભાવ છે તે જ પ્રમાણ છે. જેનાથી નક્કી કરી શકાય કે જીવમાં સર્વ વિશેષોનો બોધ કરવાનું સામર્થ્ય છે, સર્વ જ્ઞેયમાં કઈ રીતે રહેલો જ્ઞેયભાવ છે તેના બળથી સર્વ વિશેષોનું જ્ઞાન થઈ શકે છે તેમ કઈ રીતે નક્કી થાય ? અને તેને યુક્તિથી સ્પષ્ટ કરે છે – જેમ વિશાળ સમુદ્રનું પાણી પ્રત્યક્ષથી દેખાય છે તો પણ તે સમુદ્રમાં કેટલા પલ પ્રમાણ પાણી છે ? તે વિશેષનો નિર્ણય ચક્ષુથી જોનારને થતો નથી છતાં તે સર્વ કોઈકને પ્રત્યક્ષ છે; કેમ કે 'તે સમુદ્રના પાણીમાં કેટલા પલ પ્રમાણ પાણી છે ?' એ વિશેષનું જ્ઞેયપણું છે. જેમ ઘટાદિમાં વર્તતા રૂપાદિ ધર્મો જ્ઞેય છે તેથી ચક્ષુથી જોનારને તે રૂપાદિ ધર્મો દેખાય છે. તેમ સમુદ્રમાં વર્તતું પાણી કેટલા પલ પ્રમાણ છે ? તે પ્રમાણ જ્ઞાનનો વિષય છે. ફક્ત ચક્ષુથી જોનાર પુરુષમાં તે પલના પ્રમાણોને માપવાનું સામર્થ્ય નથી તો પણ જ્ઞાનનો વિષય હોવાને કારણે જેનાં આવરણો દૂર થયાં છે તેમને પ્રત્યક્ષ છે. તેથી સર્વ વિશેષોને જાણનાર સર્વજ્ઞ છે તેમ સિદ્ધ થાય છે. **||૧૨૨૧-૧૨૨૨||**

**અવતરણિકા :-**

**अत्र परो हेतोरनैकान्तिकतामुद्भावयन्नाह–**

**અવતરણિકાર્થ :-**

અહીં=ગ્રંથકારશ્રીએ કહ્યું કે 'જ્ઞેયપણું હોવાને કારણે સર્વ વિશેષો કોઈકને પ્રત્યક્ષ છે' એ કથનમાં, હેતુની અનૈકાંતિકતાને=જ્ઞેયત્વરૂપ હેતુની વ્યભિચારિતાને, ઉદ્ભાવન કરતાં પર કહે છે–

**ગાથા :-**

**णेयत्तमप्पओजगमिह जोगत्ताए चिट्ठती जेणं ।**
**जह छेदणकिरियाए रुक्खा णो विधुरभावातो ।।१२२३।।**

**છાયા :-**

**ज्ञेयत्वमप्रयोजकमिह योग्यतया तिष्ठति येन ।**
**यथा छेदनक्रियाया वृक्षा नो विधुरभावात् ।।१२२३।।**

**ગાથાર્થ :-**

**જ્ઞેયત્વ અપ્રયોજક છે. જે કારણથી અહીં=જગતમાં, યોગ્યતાથી રહે છે=જ્ઞેયત્વ વિશેષોમાં યોગ્યતાથી રહે છે. જે પ્રમાણે છેદનક્રિયાથી વૃક્ષો. તેને ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વપક્ષીનું આ કથન યુક્ત નથી; કેમ કે વિધુરભાવ છે. ।।૧૨૨૩।।**

**ટીકા :-**

**ज्ञेयत्वमप्रयोजकम्-अगमकं विवक्षितसाध्यार्थाप्रतिबद्धमितियावत्, कथमित्याह—येन कारणेन इह-जगति ज्ञेयत्वं विशेषेषु योग्यतया तिष्ठति, यदि हि भवति तद्विषयं ज्ञानं तर्हि ते ज्ञेया भवन्ति न त्ववश्यमिति, यथा छेदनक्रियाया वृक्षा इति । अत्राह—'नो इत्यादि' यदेतदुक्तं तन्न, कुत इत्याह— विधुरभावात्, दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यादित्यर्थः ।।१२२३।।**

**ટીકાર્થ :-**

**ज्ञेयत्वमप्रयोजकम्- ..... वैषम्यादित्यर्थः ।।** જ્ઞેયત્વ અપ્રયોજક છે=અગમક છે=વિવક્ષિત સાધ્યરૂપ અર્થની સાથે અપ્રતિબદ્ધ છે. કેવી રીતે ? એથી કહે છે – 'જે કારણથી અહીં=જગતમાં, જ્ઞેયપણું વિશેષોમાં યોગ્યપણાથી રહે છે=જ્ઞાનની યોગ્યતારૂપે રહે છે,' જો તેના વિષયનું જ્ઞાન થાય છે તો તે જ્ઞેય છે પરંતુ અવશ્ય થતું નથી=અવશ્ય જ્ઞાન થતું નથી, જે પ્રમાણે છેદનક્રિયાને યોગ્ય વૃક્ષો છે છતાં બધાં વૃક્ષોની છેદનક્રિયા થતી નથી. અહીં=પૂર્વપક્ષીની શંકામાં, ગ્રંથકારશ્રી કહે છે – જે આ પૂર્વપક્ષી દ્વારા કહેવાયું='બધા જ્ઞેયનું જ્ઞાન કોઈકને થાય છે એવો નિયમ નથી.' એ પ્રમાણે જે પૂર્વપક્ષી દ્વારા કહેવાયું, તે બરાબર નથી. કયા કારણથી=પૂર્વપક્ષીનું કથન કયા કારણથી બરાબર નથી ? એથી કહે છે, 'વિધુરભાવ છે=દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકમાં વૈષમ્ય છે' એ પ્રકારનો અર્થ છે. ।।૧૨૨૩।।

**અવતરણિકા :-**

**कथं विधुरभाव इति चेत् ? अत आह–**

**અવતરણિકાર્થ :-**

**'કેવી રીતે વિધુરભાવ છે=દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકનું કેવી રીતે વૈષમ્ય છે ?' એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે, એથી કહે છે–**

**ગાથા :-**

**विधुरत्तं च विसेसाण णाणविसयत्तमिच्छियव्वं तु ।**
**पावेइ अण्णहा छट्ठमाणवभिचारदोसो तु ।।१२२४।।**

**છાયા :-**

**विधुरत्वं च विशेषाणां ज्ञानविषयत्वमेष्टव्यं तु ।**
**प्राप्नोति अन्यथा षष्ठमानव्यभिचारदोषस्तु ।।१२२४।।**

**ગાથાર્થ :-**

**અને વિધુરપણું છે (જે કારણથી) વિશેષોનું જ્ઞાનવિષયપણું અવશ્ય સ્વીકારવું જોઈએ. અન્યથા છટ્ઠા પ્રમાણના વ્યભિચારનો દોષ પ્રાપ્ત થાય છે. ।।૧૨૨૪।।**

**ટીકા :-**

**विधुरत्वं च-वैषम्यं च दृष्टान्तदार्ष्टान्तिकयोर्यस्माद्विशेषाणां ज्ञानविषयत्वमवश्यमेष्टव्यमेव । तुरवधारणार्थः । न तु वृक्षाणां छेदनक्रियेव योग्यतया, अन्यथा-एवमनभ्युपगमे षष्ठमानव्यभिचारदोषः-अभावप्रमाणव्यभिचारदोषः तुः पूरणे प्राप्नोति ।।१२२४।।**

**ટીકાર્થ :-**

विधुरत्वं ..... प्राप्नोति ।। અને દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિકનું વિધુરપણું છે=વૈષમ્ય છે, જે કારણથી વિશેષોનું=જ્ઞેય વિશેષોનું, જ્ઞાનવિષયત્વ અવશ્ય સ્વીકારવું જ જોઈએ. 'तु' શબ્દ અવધારણ અર્થવાળો છે. પરંતુ 'વૃક્ષોની છેદનક્રિયાની જેમ યોગ્યતાથી નથી=વૃક્ષોની છેદનક્રિયાની યોગ્યતા હોય છતાં બધાં વૃક્ષોનું છેદન થાય નહીં' તેની જેમ જ્ઞાનની યોગ્યતાથી જ્ઞેય વિશેષો છે પરંતુ સર્વ જ્ઞેય વિશેષોનું કોઈને જ્ઞાન થતું નથી તેમ નથી. અન્યથા=આ રીતે અસ્વીકાર કરાયે છતે=દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિકનું વૈષમ્ય ન માનો તો, છટ્ઠા પ્રમાણના વ્યભિચારનો દોષ છે=અભાવ પ્રમાણના વ્યભિચારનો દોષ પ્રાપ્ત થાય છે. ગાથામાં 'तु' શબ્દ પૂરણ અર્થમાં છે. ।।૧૨૨૪।।

**ભાવાર્થ :-**

'સર્વ જ્ઞેયનું જ્ઞાન કોઈને સંભવી શકે નહીં માટે જગતમાં કેવલી કોઈ નથી', તેમ પૂર્વપક્ષી માને છે અને પોતાના કથનને પુષ્ટ કરવા અર્થે કહે છે. સર્વ વિશેષોમાં જ્ઞેયત્વ છે તે વિવક્ષિત સાધ્યાર્થની સાથે અપ્રતિબદ્ધ છે. કઈ રીતે ગ્રંથકારશ્રીએ કહેલ સાધ્યની સાથે જ્ઞેયત્વ અપ્રતિબદ્ધ છે તે સ્પષ્ટ કરતાં પૂર્વપક્ષી કહે છે -

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહેલ કે 'સામાન્યથી સર્વ જ્ઞેયનું જ્ઞાન છદ્મસ્થ જીવોને થાય છે અને કેટલાક વિશેષોનું પણ જ્ઞાન થાય છે અને જેના જ્ઞાનાવરણ કર્મનો અપગમ થયો છે તેમને સર્વ વિશેષોનું જ્ઞાન છે; કેમ કે સર્વ વિશેષોમાં જ્ઞેયત્વ ધર્મ છે.' તેનું નિરાકરણ કરવા દ્વારા જ્ઞેયત્વની સાથે જ્ઞાન પ્રતિબદ્ધ નથી એમ સ્થાપન કરતાં પૂર્વપક્ષી કહે છે – સર્વ વિશેષોમાં જ્ઞેયત્વ છે એટલા માત્રથી સર્વ વિશેષોનું કોઈને જ્ઞાન થાય તેમ સ્વીકારી શકાય નહીં પરંતુ સર્વ વિશેષોમાં જ્ઞેયત્વ જ્ઞાન થવાની યોગ્યતાથી રહેલું છે એમ સ્વીકારવું જોઈએ. જેમ 'બધાં વૃક્ષોમાં છેદનક્રિયાની યોગ્યતા છે તો પણ બધાં વૃક્ષોમાં છેદનક્રિયાની પ્રાપ્તિ થતી નથી' તેમ 'સર્વ વિશેષોમાં જ્ઞાન થવાની યોગ્યતા છે તો પણ બધા વિશેષોનું જ્ઞાન કોઈ એક વ્યક્તિને છે' એમ સ્વીકારી શકાય નહીં. આ પ્રકારનું પૂર્વપક્ષીનું કથન ઉચિત નથી. કેમ ઉચિત નથી ? તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે – 'દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિકનું વૈષમ્ય છે અર્થાત્ વૃક્ષની છેદનક્રિયારૂપ દૃષ્ટાંત અને સર્વ વિશેષોની બોધની ક્રિયા એ રૂપ દાર્ષ્ટાંતિકનું વૈષમ્ય છે.' કઈ રીતે વૈષમ્ય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. સર્વ વિશેષોમાં જ્ઞાનનું વિષયપણું અવશ્ય સ્વીકારવું જોઈએ પરંતુ વૃક્ષોની છેદનક્રિયાની જેમ જ્ઞાનની યોગ્યતાથી જ્ઞાનનું વિષયપણું સર્વ વિશેષોમાં સ્વીકારવું ઉચિત નથી અને જો તેમ ન સ્વીકારવામાં આવે તો અને કહેવામાં આવે કે વૃક્ષોમાં છેદનક્રિયાની યોગ્યતા છે તેમ સર્વ વિશેષોમાં જ્ઞાન થવાની યોગ્યતા છે પરંતુ સર્વ વિશેષોનું જ્ઞાન કોઈને થતું નથી તો છટ્ઠા પ્રમાણરૂપ જે અભાવ પ્રમાણ છે તેમાં વ્યભિચાર દોષની પ્રાપ્તિ થાય. માટે જ્ઞાન સર્વ વિશેષ વિષયક કોઈકને છે તેમ અવશ્ય સ્વીકારવું જોઈએ. **॥૧૨૨૩-૧૨૨૪॥**

**અવતરણિકા :-**

**अमुमेव षष्ठमानव्यभिचारदोषं भावयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**આ જ છટ્ઠા પ્રમાણના વ્યભિચાર દોષને ભાવન કરતાં કહે છે=પૂર્વગાથામાં કહ્યું કે 'જો સર્વ જ્ઞેયનું જ્ઞાન કોઈને થતું નથી' એમ સ્વીકારવામાં આવે તો છટ્ઠા પ્રમાણના વ્યભિચાર દોષ છે. કઈ રીતે છટ્ઠા પ્રમાણમાં વ્યભિચારનો દોષ છે ? તેને સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે—**

**ગાથા :-**

**ण य तेऽणुमाणगम्मा लिंगाभावा ण सद्दगम्मा य ।**
**विसयाभावा विहिपडिसेहा विसओ जतो तस्स ।।१२२५।।**

છાયા :-

न च तेऽनुमानगम्या लिङ्गाभावान्न शब्दगम्याश्च ।
विषयाभावाद् विधिप्रतिषेधौ विषयो यतस्तस्य ।।१२२५।।

ગાથાર્થ :-

અને તે=વિશેષો, અનુમાનગમ્ય નથી; કેમ કે લિંગનો અભાવ છે. શબ્દગમ્ય નથી; કેમ કે વિષયનો અભાવ છે. જે કારણથી તેનો=આગમનો, વિષય વિધિ અને પ્રતિષેધ છે. ।।૧૨૨૫।।

ટીકા :-

न यस्मात्ते-जलधिजलपलप्रमाणादयो विशेषा अनुमानगम्या-अनुमानप्रमाणविषयाः, लिङ्गाभावात्-विषयेण विषयिणो लक्षणात् लिङ्गपरिज्ञानाभावात् । न हि विशेषप्रतिबद्धं किंचित् लिङ्गं ज्ञातुं शक्यते, विशेषाप्रत्यक्षत्वेन तत्प्रतिबद्धस्य लिङ्गस्य ज्ञातुमशक्यत्वात् । अपिच, देशकालव्याप्तिग्रहणेन लिङ्गनिश्चयो भवति, नच विशेषो देशान्तरे कालान्तरे वा संभवति, तस्य प्रतिनियतदेशकालत्वात् । ततो न विशेषेण सह कस्यचित्प्रतिबन्धनिश्चय इति लिङ्गपरिज्ञानाभावः । नापि शब्दगम्या-आगमप्रमाणगम्याः । कुत इत्याह—'विषयाभावात्' आगमप्रमाणविषयत्वाभावात् । कथं विषयत्वाभाव? इत्याह—यतो-यस्मात्तस्य-आगमस्य विधिप्रतिषेधावेव विषयस्तथाभ्युपगमात् ।।१२२५।।

ટીકાર્થ :-

न यस्मात्ते- ..... विषयस्तथाभ्युपगमात् ।। જે કારણથી તે=સમુદ્રના જલના પલના પ્રમાણાદિ વિશેષો, અનુમાનગમ્ય નથી=અનુમાન પ્રમાણના વિષય નથી; કેમ કે 'લિંગનો અભાવ છે=વિષયની સાથે વિષયિ સ્વરૂપ લિંગના પરિજ્ઞાનનો અભાવ છે=સમુદ્રના પાણીના પલ પ્રમાણરૂપ વિષયની સાથે અનુમાપક એવા લિંગના પરિજ્ઞાનનો અભાવ છે.' हि=જે કારણથી, વિશેષની સાથે પ્રતિબદ્ધ= સમુદ્રના પાણીના પલપ્રમાણની સાથે પ્રતિબદ્ધ, કોઈ લિંગ જાણવા માટે શક્ય નથી; કેમ કે વિશેષનું અપ્રત્યક્ષપણું હોવાને કારણે તત્પ્રતિબદ્ધ લિંગનું જાણવા માટે અશક્યપણું છે=સમુદ્રના પાણીના પલની સંખ્યારૂપ વિશેષનું અપ્રત્યક્ષપણું હોવાને કારણે તે વિશેષની સાથે સંબદ્ધવાળા લિંગને જાણવા માટે અશક્યપણું છે. વળી દેશની અને કાલની સાથે વ્યાપ્તિના ગ્રહણથી લિંગનો નિશ્ચય થાય છે='જે જે દેશમાં અને જે જે કાળમાં ધૂમ હોય છે તે દેશમાં અને તે તે કાળમાં અગ્નિ હોય છે એ પ્રકારની વ્યાપ્તિના ગ્રહણથી અગ્નિનું લિંગ ધૂમ છે એ પ્રકારે નિશ્ચય થાય છે' અને વિશેષ=સમુદ્રના પાણીના પલની સંખ્યારૂપ વિશેષ, દેશાંતરમાં અને કાલાંતરમાં સંભવતું નથી; કેમ કે 'તેનું=વિશેષનું, પ્રતિનિયત દેશકાલપણું છે.' તેથી=દેશકાલની વ્યાપ્તિરૂપ લિંગનો નિશ્ચય સમુદ્રના પાણીની સંખ્યાની સાથે નથી તેથી, વિશેષની સાથે કોઈ વ્યાપ્તિનો નિશ્ચય નથી, એથી લિંગના પરિજ્ઞાનનો અભાવ

છે. વળી 'શબ્દગમ્ય=આગમપ્રમાણગમ્ય, સમુદ્રના પાણીના પલપ્રમાણાદિ વિશેષો નથી. કયા કારણથી ? એથી કહે છે. વિષયનો અભાવ છે=આગમપ્રમાણના વિષયત્વનો અભાવ છે. કેવી રીતે વિષયત્વનો અભાવ છે ? એથી કહે છે='સમુદ્રના પાણીના પલપ્રમાણાદિ વિશેષોમાં આગમના વિષયત્વનો અભાવ કેવી રીતે છે ?' એથી કહે છે. જે કારણથી તેના=આગમના, વિધિ અને પ્રતિષેધ જ વિષય છે; કેમ કે તે પ્રકારે સ્વીકાર છે=આગમ જીવ માટે હિતકારીમાં પ્રવૃત્તિનું વિધાન કરે છે અને અહિત પ્રવૃત્તિનો નિષેધ કરે છે તે પ્રકારે સ્વીકાર છે. ।।૧૨૨૫।।

ગાથા :-

उवमागम्मा वि ण ते आलंबणजोगविरहतो तेसिं ।
अत्थावत्तीए वि एवमेव ते णावगम्मंति ।।१२२६।।

છાયા :-

उपमागम्या अपि न ते आलंबनयोगविरहतस्तेषाम् ।
अर्थापत्याऽपि एवमेव ते नावगम्यन्ते ।।१२२६।।

ગાથાર્થ :-

ઉપમાનગમ્ય પણ તે વિશેષો નથી; કેમ કે તેઓનો=વિશેષોનો, આલંબનયોગનો વિરહ છે. અર્થાપત્તિના પણ આ રીતે જ તે=વિશેષો, જણાતા નથી. ।।૧૨૨૬।।

ટીકા :-

उपमागम्या अपि ते-विशेषा न भवन्ति । कुत इत्याह—आलम्बनयोगविरहतस्तेषां-विशेषाणां प्रत्यक्षप्रमाणालम्बनक्रियाभिसंबन्धाभावतः । उपमाया हि 'अनेन दृश्यमानेन गवयेन सदृशो मदीयः पूर्वदृष्टो गौस्तस्य चानेन सादृश्य' मित्येवं प्रवृत्तिरिष्यते, ततः प्रत्यक्षप्रमाणविषयत्वाभावे उपमानस्यापि ते गम्या न भवन्ति । अर्थापत्त्यापि एवमेव—अनुमानादिभिरिव ते-विशेषा नावगम्यन्ते । सा हि दृष्टः श्रुतो वाऽर्थो यदन्तरेण नोपपद्यते यथा काष्ठस्य भस्मविकारोऽग्नेर्दहनशक्तिमन्तरेण तद्विषया वर्ण्यन्ते(ते) । न च दृष्टः श्रुतो वा कोऽप्यर्थः सकलवस्तुगताशेषविशेषानन्तरेण नोपपद्यत इति ।।१२२६।।

ટીકાર્થ :-

ઉપમાનગમ્ય પણ તે વિશેષો નથી, 'કયા કારણથી ઉપમાનગમ્ય નથી ?' એથી હેતુ કહે છે, તેઓના=વિશેષોના, આલંબનયોગનો વિરહ છે=પ્રત્યક્ષપ્રમાણરૂપ આલંબનની ક્રિયામાં અભિસંબંધનો અભાવ છે. हि=જે કારણથી, 'આ દૃશ્યમાન ગવયથી સદૃશ મારા વડે પૂર્વમાં જોવાયેલી ગાય છે અને તેનું=ગાયનું, આની સાથે=ગવયની સાથે, સાદૃશ્ય છે', એ પ્રમાણે ઉપમાનની પ્રવૃત્તિ ઇચ્છાય છે.

તેથી પ્રત્યક્ષ પ્રમાણના વિષયત્વનો અભાવ હોતે છતે=સમુદ્રના પાણીના પલપ્રમાણાદિ વિશેષોમાં પ્રત્યક્ષ પ્રમાણના વિષયત્વનો અભાવ હોતે છતે, ઉપમાન પ્રમાણને પણ તે ગમ્ય નથી. અર્થાપત્તિથી પણ આ રીતે જ=અનુમાન આદિની જેમ જ, તે=વિશેષો, જણાતા નથી हि=જે કારણથી, જેના વગર જોવાયેલો અથવા સંભળાયેલો અર્થ ઉપપન્ન થતો નથી. જે પ્રમાણે કાષ્ઠનો ભસ્મ વિકાર અગ્નિની દહનશક્તિ વગર ઉપપન્ન થતો નથી તદ્વિષયવાળી તે=અર્થાપત્તિ, વર્ણન કરાય છે= કાષ્ઠની ભસ્મ પડેલી હોય તેને જોઈને અર્થાપત્તિથી નિર્ણય કરાય છે કે અહીં અગ્નિ હતો. જો અગ્નિ ન હોય તો ભસ્મનો વિકાર સંભવે નહીં. અને દૃષ્ટ અથવા શ્રુત કોઈપણ અર્થ નથી જે સકલ વસ્તુગત અશેષ વિશેષ વગર ઉપપન્ન ન થાય. ॥૧૨૨૬॥

**અવતરણિકા :-**

**यद्येवं ततः किमित्याह–**

**અવતરણિકાર્થ :-**

'જો આ પ્રમાણે છે=સમુદ્રના જલના પલપ્રમાણાદિ વિશેષો અનુમાનાદિ સર્વ પ્રમાણોના વિષય નથી' એ પ્રમાણે છે. તેનાથી શું ?=તેનાથી શું પ્રાપ્ત થાય ? એથી કહે છે –

**ગાથા :-**

**तम्हा अभावविसया संति य वभिचारिमो अभावो भे ।**
**भावे अह किं पमाणं? सामण्णविवक्खभावो तु ।।१२२७।।**

**છાયા :-**

**तस्मादभावविषयाः सन्ति च व्यभिचारी अभावो युष्माकम् ।**
**भावेऽथ किं प्रमाणम् ? सामान्यविपक्षभावस्तु ।।१२२७।।**

**ગાથાર્થ :-**

**તે કારણથી અભાવ વિષયવાળા તે વિશેષો છે અને તમને અભાવપ્રમાણ વ્યભિચારી થાય છે. 'अथ'થી પૂર્વપક્ષી કહે છે – ભાવમાં=તે વિશેષોના સદ્ભાવમાં, શું પ્રમાણ છે ? તેને ગ્રંથકારશ્રી કહે છે – સામાન્ય વિપક્ષભાવ જ પ્રમાણ છે. ॥૧૨૨૭॥**

**ટીકા :-**

**यस्मादुक्तप्रकारेण प्रमाणपञ्चकगोचरातिक्रान्तास्तस्मादभावविषया-अभावप्रमाणगोचरास्ते-विशेषाः तदुक्तम्–**

'प्रमाणपञ्चकं यत्र, वस्तुरूपे न जायते ।
वस्त्वसत्तावबोधार्थं, तत्राभावप्रमाणते ।।१।।' **ति ।।**

अथ च ते विशेषाः सन्ति तस्माद् भे-भवतामभावप्रमाणं व्यभिचारि प्राप्नोतीति । अथोच्येत-तेषां विशेषाणां भावे सत्तायां किं प्रमाणं?, येन तद्विषयस्याभावप्रमाणस्य व्यभिचारः प्रसज्यत इति । अत्राह—सामान्यविपक्षभाव एव । तुरेवकारार्थः । विशेषा हि सामान्यविपक्षभूताः, विपक्षभूत-विशेषाविनाभावि च सामान्यं, यतो वस्तूनां समानपरिणाम एव समानधिषणाध्वनिनिबन्धनं सामान्यम्, 'वस्तुन एव समानः परिणामो यस्स एव सामान्यम्' इतिवचनात्, समानपरिणामश्चासमानपरिणामाविना-भूतोऽन्यथैकत्वापत्तितः समानत्वस्यैवायोगात्, असमानपरिणामश्च समानपरिणामस्य विपक्षभूतः, स एव च विशेषः । 'असमानस्तु विशेष' इति वचनादिति ।।१२२७।।

**ટીકાર્થ :-**

यस्मादुक्तप्रकारेण ..... इति वचनादिति ।। જે કારણથી ઉક્ત પ્રકારથી=પૂર્વની ગાથામાં વર્ણન કર્યું, એ પ્રકારથી, પ્રમાણપંચક ગોચરથી અતિક્રાંત છે=સર્વ વિશેષો અતિક્રાંત છે, તે કારણથી અભાવ વિષયવાળા છે=અભાવપ્રમાણ વિષયવાળા તે વિશેષો છે. તે કહેવાયું છે, "જે વસ્તુના રૂપમાં પ્રમાણપંચક થતું નથી ત્યાં=તે વસ્તુમાં, વસ્તુની અસત્તાના અવબોધ માટે અભાવપ્રમાણ છે" અને તે વિશેષો છે, તે કારણથી તમારે=સર્વજ્ઞ નહીં સ્વીકારનારને, અભાવપ્રમાણ વ્યભિચારી થાય છે. હવે પૂર્વપક્ષી દ્વારા કહેવાય છે, 'તે વિશેષોના ભાવમાં=સત્તામાં, શું પ્રમાણ છે ? જેથી તેનો વિષય એવા અભાવપ્રમાણનો વ્યભિચાર પ્રાપ્ત થાય, અહીં કહે છે — 'સામાન્ય વિપક્ષભાવ જ પ્રમાણ છે.' 'તુ' શબ્દ एवकार અર્થવાળો છે. हि=જે કારણથી, વિશેષો સામાન્યના વિપક્ષભૂત છે અને વિપક્ષભૂત વિશેષોની સાથે અવિનાભાવિ સામાન્ય છે, જે કારણથી વસ્તુઓનો સમાન પરિણામ જ સમાન બુદ્ધિના ધ્વનિનું કારણ સામાન્ય છે; કેમ કે "વસ્તુનો જ જે સમાન પરિણામ છે તે જ સામાન્ય છે." એ પ્રકારનું વચન છે અને સમાન પરિણામ અસમાન પરિણામ સાથે અવિનાભૂત છે; કેમ કે અન્યથા=સમાન પરિણામ અસમાન પરિણામ સાથે અવિનાભૂત ન માનો તો, એકત્વની આપત્તિ હોવાથી સમાનત્વનો જ અયોગ છે અને અસમાન પરિણામ સમાન પરિણામનો વિપક્ષભૂત છે અને તે જ વિશેષ છે; કેમ કે "અસમાન વિશેષ છે" એ પ્રકારનું વચન છે. ।।૧૨૨૭।।

**ગાથા :-**

ता पच्चक्खेणं चिय ते गम्मंति त्ति इच्छियव्वमिणं ।
जस्स य ते पच्चक्खा सो सव्वण्णु त्ति एयं पि ।।१२२८।।

**છાયા :-**

तस्मात् प्रत्यक्षेणैव ते गम्यन्ते इति एष्टव्यमिदम् ।
यस्य च ते प्रत्यक्षा स सर्वज्ञ इति एतदपि ।।१२२८।।

**ગાથાર્થ :-**

**'તે કારણથી પ્રત્યક્ષથી જ તે=વિશેષો, જણાય છે.' એ પ્રમાણે આ ઈચ્છવું જોઈએ અને 'જેને તે=સર્વ વિશેષો, પ્રત્યક્ષ છે તે સર્વજ્ઞ છે', એ પણ ઈચ્છવું જોઈએ. ॥૧૨૨૮॥**

**ટીકા :-**

**यत एवं विशेषाणां कस्यचित्प्रत्यक्षत्वानभ्युपगमे षष्ठप्रमाणव्यभिचारदोषः प्रसज्यते 'ता' तस्मात् प्रत्यक्षेणैव ते विशेषा गम्यन्त इतीदमेष्टव्यं, तथा यस्य च ते विशेषाः साकल्येन प्रत्यक्षाः स सर्वज्ञ इत्येतदप्येष्टव्यमेवेति ।।१२२८।।**

**ટીકાર્થ :-**

**यत एवं ..... तदप्येष्टव्यमेवेति ।। 'જે કારણથી આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, વિશેષોનો કોઈને પ્રત્યક્ષત્વનો અસ્વીકાર કરાયે છતે, છટ્ઠા પ્રમાણના વ્યભિચાર દોષની પ્રાપ્તિ થાય છે, તે કારણથી પ્રત્યક્ષથી જ તે વિશેષો જણાય છે.' એ પ્રમાણે આ સ્વીકારવું જોઈએ અને 'તે પ્રકારે જેને તે વિશેષો સાકલ્યથી પ્રત્યક્ષ છે તે સર્વજ્ઞ છે' એ પણ સ્વીકારવું જ જોઈએ. ॥૧૨૨૮॥**

**ભાવાર્થ :-**

જગતમાં સર્વ વિશેષનું જ્ઞાન કોઈને સંભવે નહીં તેમ પૂર્વપક્ષી સ્વીકારે છે. તેને ગ્રંથકારશ્રીએ પૂર્વમાં યુક્તિ આપેલ કે 'જગતમાં જે કોઈ વસ્તુ છે તે જ્ઞેય છે અને તે જ્ઞેયત્વનું સામાન્યથી સર્વને જ્ઞાન થાય છે અને વિશેષથી કેટલાક જ્ઞેયનું જ્ઞાન થાય છે અને જેના સંપૂર્ણ જ્ઞાનનું આવરણ નાશ પામ્યું છે તેને સર્વ જ્ઞેયનું જ્ઞાન થાય છે; કેમ કે સર્વ જ્ઞેય વસ્તુમાં જ્ઞાનનું વિષયપણું છે.' તેમાં પૂર્વપક્ષીએ કહ્યું કે 'સર્વ જ્ઞેયનું જ્ઞાન કોઈને થઈ શકે છે તેમ સ્વીકારવામાં જ્ઞેયત્વ પ્રયોજક નથી. જેમ વૃક્ષમાં છેદનક્રિયાની યોગ્યતા છે તેમ સર્વ વિશેષોમાં જ્ઞાનની યોગ્યતા છે પરંતુ તેનું જ્ઞાન અવશ્ય કોઈને થાય છે તેમ સ્વીકારી શકાય નહીં.' તેને ગ્રંથકારશ્રીએ કહ્યું કે 'તમારું દૃષ્ટાંત દાર્ષ્ટાંતિક સાથે વિષમ છે અર્થાત્ છેદનક્રિયાની યોગ્યતા વૃક્ષોમાં હોય એટલા માત્રથી વૃક્ષોનું છેદન થાય નહીં. તેમ સર્વ વિશેષોમાં જ્ઞાનની યોગ્યતા હોય એટલા માત્રથી તેનું જ્ઞાન કોઈને અવશ્ય હોય એમ નહિ. એ પ્રકારના તમારા કથનમાં વિષમતા છે તેથી છેદનક્રિયાના દૃષ્ટાંતથી કોઈકને સર્વ વિશેષોનું જ્ઞાન સંભવે નહિ તેમ સ્થાપન થઈ શકે નહીં.' કઈ રીતે દૃષ્ટાંતમાં વિષમતા છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે કે છટ્ઠા અભાવપ્રમાણના વ્યભિચારની પ્રાપ્તિ છે.

તે વ્યભિચાર જ સ્પષ્ટ કરતાં કહે છે – ત્યાં પૂર્વપક્ષી સર્વ જ્ઞેયનું જ્ઞાન પ્રત્યક્ષથી કોઈને થાય છે તેમ સ્વીકારતો નથી તેથી પ્રત્યક્ષથી સર્વ જ્ઞેયનું જ્ઞાન કોઈને થઈ શકે નહીં. વળી, અનુમાનપ્રમાણથી સર્વ વિશેષોનું જ્ઞાન કોઈને થઈ શકતું નથી. જેમ મોટો સમુદ્ર હોય તેમાં કેટલા પલ પ્રમાણ જલ છે તેની સંખ્યાવિશેષનું જ્ઞાન અનુમાનથી થઈ શકે નહીં; કેમ કે તે સંખ્યા સાથે વ્યાપ્તિવાળું કોઈ લિંગ નથી. જેના બળથી કહી શકાય કે અનુમાન દ્વારા સર્વ વિશેષોનું જ્ઞાન થઈ શકે. વળી, આગમપ્રમાણનું પણ તે સમુદ્રના

પલનું પ્રમાણ વિષય નથી; કેમ કે પૂર્વપક્ષી મોક્ષના ઉપાયને બતાવનાર આગમ સ્વીકારે છે અને તે આગમ મોક્ષના ઉપાયોનું વિધાન કરે છે અને મોક્ષથી વિરુદ્ધ સંસારના ઉપાયોનો નિષેધ કરે છે. તેથી આગમનો વિષય પણ હેય-ઉપાદેય છે સર્વ વિશેષો નથી. વળી ઉપમાનગમ્ય પણ સર્વ વિશેષો નથી જેમ ગાયસદૃશ ગવય છે એ પ્રકારે ઉપમાન પ્રમાણથી ગવયનો બોધ થાય છે, ત્યાં ગવય સાક્ષાત્ દેખાય છે અને તેનો પૂર્વમાં જોવાયેલી ગાય સાથે સાદૃશની ઉપસ્થિતિ થવાથી આ ગવય છે, તેવો નિર્ણય થાય છે. તેમ પ્રસ્તુતમાં કોઈ ઉપમાન દ્વારા સર્વ વિશેષોનો બોધ થઈ શકતો નથી. વળી, અર્થાપત્તિથી પણ વિશેષનો બોધ થઈ શકતો નથી. તે આ રીતે – પહેલાં જોવાયેલો કે સંભળાયેલો અર્થ જેના વગર ઘટે નહીં તે અર્થાપત્તિ પ્રમાણ કહેવાય છે. જે રીતે કાષ્ટની ભસ્મ પડી હોય તેને જોઈને અર્થાપત્તિથી કહેવાય છે કે 'અગ્નિ વગર આ ભસ્મ સંભવે નહીં માટે અહીં કોઈએ અગ્નિ સળગાવ્યો છે જેનાથી આ ભસ્મ થયો છે.' એમ અર્થાપત્તિથી નિર્ણય થાય છે, તેવો નિર્ણય અર્થાપત્તિથી સર્વ વિશેષોનો થઈ શકતો નથી માટે પાંચેય પ્રમાણનો અવિષય સર્વ વિશેષો બને છે અને સર્વ વિશેષો કોઈના જ્ઞાનનો વિષય નહીં થવાથી અભાવપ્રમાણનો વિષય બને છે અર્થાત્ 'જ્યાં પાંચેય પ્રમાણનું જ્ઞાન ન થતું હોય તે અભાવપ્રમાણનો વિષય છે અને અભાવપ્રમાણનો વિષય શશશૃંગ આદિ જેવા અસત્ પદાર્થો છે તેને બદલે 'કેટલાક વિશેષો જેનું કોઈને જ્ઞાન નથી' તે પણ અભાવપ્રમાણનો વિષય બને તો અભાવપ્રમાણ વ્યભિચારી બને.' અર્થાત્ અભાવપ્રમાણનો વિષય શશશૃંગ છે. તેમ કેટલાક વિશેષો પણ છે તેમ માનવું પડે.

વસ્તુતઃ કહેવાયું છે કે 'પાંચેય પ્રમાણ જે વસ્તુમાં પ્રવર્તતા નથી તે વસ્તુની અસત્તાના બોધ માટે ત્યાં અભાવપ્રમાણ વર્તે છે. તેથી અભાવપ્રમાણથી વસ્તુના અભાવનો નિર્ણય થાય છે.' હવે જો સર્વ વિશેષો કોઈના જ્ઞાનનો વિષય ન હોય તો તે વિશેષમાં પણ અભાવપ્રમાણ સ્વીકારવાની આપત્તિ આવે માટે જો પૂર્વપક્ષી 'કોઈને સર્વ જ્ઞેયનું જ્ઞાન થાય છે તેમ ન સ્વીકારે તો જે જ્ઞેયનું જ્ઞાન કોઈને નથી તે જ્ઞેયમાં અભાવપ્રમાણ વ્યભિચારી પ્રાપ્ત થાય છે.'

અહીં પૂર્વપક્ષી કહે છે કે 'તે સર્વવિશેષોની સત્તામાં શું પ્રમાણ છે ? જેથી તે વિશેષના અભાવપ્રમાણમાં વ્યભિચારની પ્રાપ્તિ થાય.' તેને ગ્રંથકારશ્રી કહે છે, સામાન્યનો વિપક્ષભાવ જ વિશેષો છે. તેથી 'સામાન્યના વિપક્ષભૂત સર્વ વિશેષોની સત્તા છે', એમ નક્કી થાય છે. જેમ એક આત્મદ્રવ્યની દૃષ્ટિએ વિચારીએ તો 'આત્મા દ્રવ્યરૂપે એક છે અને પર્યાય રૂપે અનેક છે' અને જગતના સર્વ દ્રવ્યોને આશ્રયીને વિચારીએ તો જગત સત્ રૂપે એક છે અને તે તે ભિન્ન ભિન્ન દ્રવ્યરૂપે અનેક છે. વળી, એક છે એ સામાન્યરૂપ છે અને અનેક છે એ વિશેષરૂપ છે. વળી, તે વિશેષો સામાન્યના વિપક્ષરૂપ છે અને વિપક્ષભૂત વિશેષોની સાથે અવિનાભાવિ સામાન્ય છે. તેથી સર્વ વિશેષોની સત્તા છે અને તે વિશેષોની સત્તાનું જ્ઞાન કોઈને ન હોય તો અભાવપ્રમાણમાં વ્યભિચારની પ્રાપ્તિ થાય. માટે પૂર્વપક્ષીએ સર્વ વિશેષોની સત્તા સ્વીકારવી જોઈએ અને તે સર્વ વિશેષો કોઈકના જ્ઞાનનો વિષય છે એમ સ્વીકારવું જોઈએ અને જેને સર્વ વિશેષો પ્રત્યક્ષ છે તેમને સર્વજ્ઞ સ્વીકારવા જોઈએ. **॥૧૨૨૫થી ૧૨૨૮॥**

**અવતરણિકા :-**

स्यादेतत्, ज्ञेयत्वादिति विरुद्धो हेतुः । तथाहि—शक्यमिदं वक्तुम्-जलधिजलपलप्रमाणादयः सर्वेऽपि विशेषाः कस्यचिदिन्द्रियजेन प्रत्यक्षेण प्रत्यक्षाः, ज्ञेयत्वात्, घटादिरूपादिधर्मवत् । तथा च सति सर्वज्ञस्यापि इन्द्रियजप्रत्यक्षवत्ता प्राप्नोतीत्यनिष्टापत्तिरिति । अत्राह—

**અવતરણિકાર્થ :-**

આ થાય=પૂર્વપક્ષીના મતે આ થાય, 'જ્ઞેયત્વાદ્' એ વિરુદ્ધ હેતુ છે=ગાથા-૧૨૨૨માં કહેલ અનુમાનમાં જ્ઞેયત્વાદ્ એ પ્રકારનો હેતુ વિરુદ્ધ હેતુ છે. તે આ પ્રમાણે – આ કહેવા માટે શક્ય છે=આ પ્રકારે અનુમાન કરવા માટે શક્ય છે. જલધિજલ પલપ્રમાણાદિ સર્વ પણ વિશેષો કોઈકને ઈન્દ્રિયથી થનારા પ્રત્યક્ષથી પ્રત્યક્ષ છે; કેમ કે જ્ઞેયપણું છે. ઘટાદિના રૂપાદિ ધર્મોની જેમ. અને તે રીતે હોતે છતે=જ્ઞેયત્વ હેતુથી સર્વ વિશેષો ઈન્દ્રિયપ્રત્યક્ષ છે એ પ્રકારે અનુમાન થઈ શકે છે તે રીતે હોતે છતે, સર્વજ્ઞને પણ=સર્વ જાણનારને પણ, ઈન્દ્રિયથી થનાર પ્રત્યક્ષવાનપણું પ્રાપ્ત થાય છે એ અનિષ્ટની પ્રાપ્તિ છે, એથી અહીં કહે છે=પૂર્વપક્ષીના કથનમાં ઉત્તર આપે છે –

**ગાથા :-**

ण य ते इंदियजेणं गम्मंति तयंति अन्नमेवेह ।
एवं विरुद्धदोसो ण होइ बाधाए भावातो ।।१२२९।।

**છાયા :-**

न च ते इन्द्रियजेन गम्यन्ते तदिति अन्यदेवेह ।
एवं विरूद्धदोषो न भवति बाधाया भावात् ।।१२२९।।

**ગાથાર્થ :-**

**અને તે=વિશેષો, ઈન્દ્રિયથી થનારા પ્રત્યક્ષ વડે જણાતા નથી, તે પણ=સાકલ્યથી અશેષ વિશેષનું પ્રત્યક્ષ પણ, અન્ય જ=ઈન્દ્રિયપ્રત્યક્ષથી અન્ય જ, અહીં=જગતમાં, જણાય છે. આ રીતે વિરુદ્ધ દોષ નથી; કેમ કે બાધાનો સદ્ભાવ છે. ।।૧૨૨૯।।**

**ટીકા :-**

न च ते-विशेषाः साकल्यत इन्द्रियजेन प्रत्यक्षेण गम्यन्ते, तस्य तदवगमसामर्थ्यायोगात्, अविगानेन सर्वेषां तथाप्रतीतेरतस्तदपि-साकल्यतोऽशेषविशेषाधिगन्तृ प्रत्यक्षमिह-जगत्यन्यदेवेन्द्रियजप्रत्यक्षादव-सेयम् । तत एवं सति विरुद्धदोषो हेतोर्न भवति, 'बाधाया भावात्' विशेषाणां साकल्यतः प्रत्यक्षत्वेनैवान्य-थानुपपत्त्या तद्विषयस्य प्रत्यक्षस्येन्द्रियजत्वबाधनात् । न च सति बाधने हेतुर्विरुद्धो भवति, 'विरुद्धोऽसति बाधने' इति तल्लक्षणाभिधानादिति ।।१२२९।।

**ટીકાર્થ :-**

**न च ..... तल्लक्षणाभिधानादिति ।। તે=વિશેષો, સાકલ્યથી ઇન્દ્રિયજન્ય પ્રત્યક્ષથી જણાતા નથી; કેમ કે તેનું=ઇન્દ્રિયજન્ય પ્રત્યક્ષનું, તેના અવગમના સામર્થ્યનો અયોગ છે=સાકલ્યથી વિશેષના અવગમના સામર્થ્યનો અયોગ છે, 'કેમ વિશેષથી સર્વ અવગમનું સામર્થ્ય ઇન્દ્રિયપ્રત્યક્ષમાં નથી ?' તેમાં હેતુ કહે છે. અવિગાનથી=અવિકલ્પથી, બધાને તે પ્રકારે પ્રતીતિ છે. આથી=સર્વ વિશેષો ઇન્દ્રિયથી પ્રત્યક્ષ થતા નથી આથી, તે પણ=સાકલ્યથી અશેષ વિશેષ અધિગન્તૃ, પ્રત્યક્ષ પણ, અહીં=જગતમાં, અન્ય જ=ઇન્દ્રિયજન્ય પ્રત્યક્ષથી અન્ય જ, જાણવું. તેથી આમ હોતે છતે હેતુનો વિરુદ્ધ દોષ નથી; કેમ કે બાધાનો ભાવ છે=સાકલ્યથી વિશેષોનું પ્રત્યક્ષપણારૂપે જ અન્યથા અનુપપત્તિ હોવાથી=અતીન્દ્રિયપ્રત્યક્ષ સ્વીકાર્યા વગર અનુપપત્તિ હોવાથી, તદ્વિષયવાળા પ્રત્યક્ષનું=સર્વ વિશેષોના વિષયવાળા પ્રત્યક્ષનું, ઇન્દ્રિયજન્યત્વનું બાધન છે. અને બાધ દોષ હોતે છતે હેતુ વિરુદ્ધ થતો નથી; કેમ કે 'બાધન નહીં હોતે છતે વિરોધ છે' એ પ્રકારે વિરોધના લક્ષણનું અભિધાન છે. ।।૧૨૨૯।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૨૨૨માં 'જ્ઞેયત્વના હેતુથી સર્વજ્ઞેયને જાણનાર કોઈક સર્વજ્ઞ છે' તેમ સ્થાપન કરેલું. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે, 'તમારો જ્ઞેયત્વરૂપ હેતુ વિરુદ્ધ છે'; કેમ કે જ્ઞેયત્વરૂપ હેતુથી અનુમાન કરી શકાય કે 'સમુદ્રના જલના પલપ્રમાણાદિ સર્વ વિશેષો કોઈકને ઇન્દ્રિયથી થનારા પ્રત્યક્ષથી જણાય છે; કેમ કે ઘટાદિના રૂપાદિ ધર્મોની જેમ જ્ઞેયપણું છે. અને તેમ સ્વીકારીએ તો સર્વજ્ઞને ઇન્દ્રિયથી થનારા પ્રત્યક્ષપણાની પ્રાપ્તિ થાય અને તમે સર્વજ્ઞને સર્વ જ્ઞેય પદાર્થો ઇન્દ્રિયથી પ્રત્યક્ષ સ્વીકારતા નથી પરંતુ અતીન્દ્રિયપ્રત્યક્ષ સ્વીકારો છો તેથી તમારો હેતુ વિરોધનો સાધક સિદ્ધ થાય છે.' તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – 'સર્વ વિશેષો સંપૂર્ણથી ઇન્દ્રિયથી થનારા પ્રત્યક્ષથી જણાતા નથી; કેમ કે ઇન્દ્રિયમાં તે પ્રકારનું સામર્થ્ય નથી એમ બધાને પ્રતીતિ છે. તેથી સકલ વિશેષનું જ્ઞાન ઇન્દ્રિયથી પ્રત્યક્ષ છે, તેમ જ્ઞેયત્વ હેતુથી સિદ્ધ કરી શકાય નહીં પરંતુ ઇન્દ્રિયપ્રત્યક્ષથી અન્ય કોઈક પ્રત્યક્ષ છે તેનાથી જ સર્વ વિશેષનું જ્ઞાન થાય છે', તેમ સ્વીકારવું જોઈએ. **।।૧૨૨૯।।**

**ગાથા :-**

**ण तु एवमवस्सं चिय रुक्खा छेयकिरियाए विसओ त्ति ।**
**जोगत्ता तं जं सा भणिता इह पत्थिवेसुं तु ।।१२३०।।**

**છાયા :-**

**न त्वमेवमवश्यमेव वृक्षाः छेदक्रियाया विषय इति ।**
**योग्यता तद् यत् सा भणिता इह पार्थिवेषु तु ।।१२३०।।**

ગાથાર્થ :-

વળી આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, છેદનક્રિયાનો વિષય વૃક્ષો અવશ્ય જ નથી, જે કારણથી તે=છેદનક્રિયા, અહીં=જગતમાં, પાર્થિવોમાં=વૃક્ષના વિષયમાં, યોગ્યતા કહેવાઈ છે. તે કારણથી, જે ગાથા-૧૨૨૩માં પૂર્વપક્ષી દ્વારા કહેવાયું કે 'જ્ઞેયત્વ અપ્રયોજક છે' તે અસમીચીન છે, એમ અન્વય છે. ॥૧૨૩૦॥

ટીકા :-

न त्वेवं ज्ञेयत्वस्य विशेषा इव अवश्यमेव वृक्षाः छेदनक्रियाया विषयो, यस्मात् योग्यतया सा छेदनक्रिया इह-जगति पार्थिवेषु भणिता, नत्ववश्यम् । तस्मात् यदुक्तम्—'नेयत्तमप्पओजगमित्यादि' तत् दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यादसमीचीनमेवेति स्थितम् ।।१२३०।।

ટીકાર્થ :-

न त्वेवं ..... स्थितम् ।। આ રીતે જ્ઞેયત્વના વિશેષોની જેમ='પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે જ્ઞેયત્વના વિશેષો કોઈકના જ્ઞાનનો વિષય અવશ્ય થાય છે એમ, વૃક્ષની છેદનક્રિયાનો વિષય અવશ્ય નથી.' જે કારણથી યોગ્યતાપણાથી તે છેદનક્રિયા અહીં=જગતમાં, પાર્થિવોમાં=વૃક્ષોમાં, કહેવાઈ છે પરંતુ 'અવશ્ય છેદનક્રિયા થાય', તેમ કહેવાયું નથી. તે કારણથી ગાથા-૧૨૨૩માં પૂર્વપક્ષી વડે જે કહેવાયું, 'જ્ઞેયત્વ અપ્રયોજક છે ઈત્યાદિ'=સર્વ વિશેષ કોઈકના જ્ઞાનનો વિષય છે; કેમ કે જ્ઞેયત્વ છે એમાં જ્ઞેયત્વરૂપ હેતુ છે તે અપ્રયોજક છે ઈત્યાદિ' જે પૂર્વપક્ષી વડે કહેવાયું, 'દૃષ્ટાંત, દાર્ષ્ટાંતિકમાં વૈષમ્ય હોવાથી=છેદનક્રિયારૂપ દૃષ્ટાંત અને સર્વ વિશેષના જ્ઞાનમાં જ્ઞેયત્વને સાધનાર દાર્ષ્ટાંતિકમાં વૈષમ્ય હોવાથી, તે અસમીચીન જ છે=પૂર્વપક્ષીનું કથન અસમીચીન જ છે', એ પ્રમાણે સ્થિત છે. ॥૧૨૩૦॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે 'જ્ઞેયત્વને કારણે સર્વ વિશેષો કોઈકને પ્રગટ છે અર્થાત્ જેનાં જ્ઞાનાવરણો સર્વથા નાશ પામ્યાં છે તેઓને પ્રગટ છે' એ રીતે વૃક્ષની છેદનક્રિયાનો વિષય અવશ્ય નથી; કેમ કે 'વૃક્ષમાં છેદનક્રિયા યોગ્યતાથી પણ હોય છે અને ક્વચિત્ કાર્યરૂપે પણ હોય છે માટે છેદનક્રિયાનું દૃષ્ટાંત જ્ઞેયત્વને યોગ્યતારૂપે સ્વીકારવામાં સાધક નથી', તેથી પૂર્વપક્ષીએ જે ગાથા-૧૨૨૩માં કહ્યું કે, 'જ્ઞેયત્વ અપ્રયોજક છે' તે અસમીચીન જ છે.' ॥૧૨૩૦॥

અવતરણિકા :-

उक्तातिदेशेनैव दूषणान्तरमपाकर्तुमाह—

અવતરણિકાર્થ :-

ઉક્ત અતિદેશથી જ દૂષણાન્તરને દૂર કરવા માટે કહે છે=જ્ઞેયત્વ હેતુથી કોઈક સર્વજ્ઞ છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું એ રૂપ ઉક્તના અતિદેશથી જ પૂર્વપક્ષીનાં અન્ય દૂષણોને દૂર કરવા માટે કહે છે—

**ગાથા :-**

**एतेणं चिय सति तम्मि सव्वमेतावदेव एमादी ।**
**पडिसिद्धं दट्ठव्वं सव्वपरिच्छेदसिद्धीओ ।।१२३१।।**

**છાયા :-**

**एतेनैव सति तस्मिन्सर्वमेतावदेव एवमादि ।**
**प्रतिषिद्धं दृष्टव्यं सर्वपरिच्छेदसिद्धेः ।।१२३१।।**

**ગાથાર્થ :-**

**આનાથી જ=પૂર્વમાં કહ્યું એનાથી જ, "તે હોતે છતે સર્વ આટલું જ છે એ વગેરે" પ્રતિષિદ્ધ જાણવું; કેમ કે સર્વ પરિચ્છેદની સિદ્ધિ છે. ।।૧૨૩૧।।**

**ટીકા :-**

**एतेनैव पूर्वोक्तेन सत्यपि तस्मिन्नतीन्द्रियप्रत्यक्षे सर्वमेतावदेवेत्यादि पूर्वपक्षग्रन्थोक्तं प्रतिषिद्धं द्रष्टव्यम् । कुत इत्याह—सर्वपरिच्छेदसिद्धेः-तेनातीन्द्रियप्रत्यक्षेणाशेषद्रव्यगुणपर्यायपरिच्छेदसिद्धेः ।।१२३१।।**

**ટીકાર્થ :-**

**एतेनैव ..... परिच्छेदसिद्धेः ।। પૂર્વમાં કહેલા એવા આના વડે જ='જ્ઞેયનું જ્ઞાન સંપૂર્ણ આવરણ ખસે તો સર્વ વિશેષ વિષયક થાય છે' એમ જે પૂર્વમાં કહ્યું એના વડે જ, "તે અતીન્દ્રિય પ્રત્યક્ષ હોતે છતે પણ સર્વ આટલું જ છે" ઈત્યાદિ પૂર્વપક્ષના ગ્રંથમાં કહેવાયેલું=ગાથા-૧૧૪૯માં પૂર્વપક્ષી દ્વારા કહેવાયેલું, પ્રતિષિદ્ધ જાણવું. કયા કારણથી ? એથી કહે છે=પૂર્વપક્ષીનું કથન કયા કારણથી પ્રતિષિદ્ધ છે ? એથી કહે છે – સર્વ પરિચ્છેદની સિદ્ધિ હોવાથી=તે અતીન્દ્રિય પ્રત્યક્ષથી અશેષ દ્રવ્ય, ગુણપર્યાયના બોધની સિદ્ધિ હોવાથી. ।।૧૨૩૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથા-૧૧૪૯માં પૂર્વપક્ષીએ કહેલ કે 'તમે અતીન્દ્રિય પ્રત્યક્ષ સ્વીકારો છો છતાં કેવલીને કેવલજ્ઞાનમાં જેટલા પદાર્થો દેખાય છે તેટલા જ પદાર્થો જગતમાં છે તેનાથી અધિક નથી તે કેમ નક્કી થઈ શકે ? તેથી 'કેવલીનું જ્ઞાન સંપૂર્ણ પદાર્થ વિષયક છે તેમ કહી શકાય નહીં.' એ પ્રકારે પૂર્વપક્ષીએ ગાથા-૧૧૪૯માં કહેલ, તે પ્રસ્તુત કથનથી પ્રતિષિદ્ધ થાય છે અર્થાત્ ગ્રંથકારશ્રીએ સિદ્ધ કર્યું કે 'સામાન્યથી સર્વ જ્ઞેયનું જ્ઞાન બધાને થાય છે અને કેટલાક વિશેષનું જ્ઞાન થાય છે અને જેના જ્ઞાનનાં આવરણ સંપૂર્ણ નાશ પામ્યાં છે તેઓને સર્વ વિશેષનું જ્ઞાન થાય છે. તેથી કેવળીને સર્વ પરિચ્છેદની સિદ્ધિ હોવાને કારણે પૂર્વપક્ષીનું કથન પ્રતિષિદ્ધ થાય છે.' **।।૧૨૩૧।।**

**અવતરણિકા :-**

**यथोक्तं प्रागिति एवं च 'अन्नं च नज्जइ तओ' इत्यतः प्राक् सर्वोऽपि पूर्वपक्षग्रन्थो निरवकाशस्तथापि किंचिदुच्यते—तत्र यदुक्तम्—'सव्वमुत्तविसयंपि ओहिणाण'मित्यादि तत्राह—**

**અવતરણિકાર્થ :-**

**જે પ્રમાણે પૂર્વમાં કહેવાયું એ રીતે=ગાથા-૧૨૧૫ પછીની ગાથાઓ દ્વારા કહેવાયું કે 'સર્વ વિશેષનું જ્ઞાન કેવલીને સંભવી શકે છે' એ પ્રમાણે જે પૂર્વમાં કહેવાયું એ રીતે, અને આ રીતે=ગાથા-૧૨૩૧માં કહ્યું કે 'સર્વ પરિચ્છેદની સિદ્ધિ છે માટે પૂર્વપક્ષીનું કથન પ્રતિષિદ્ધ છે' એ રીતે, 'અન્ય તે વિવક્ષિત પુરુષ સર્વ જાણે છે ઈત્યાદિ' ગાથા-૧૧૫૪માં કહેવાયું, એનાથી પૂર્વનો સર્વ પણ પૂર્વપક્ષીનો ગ્રંથ નિરવકાશ છે=નિરાકૃત થાય છે, તો પણ કંઈક કહેવાય છે. ત્યાં જે કહેવાયું=ગાથા-૧૧૫૦માં જે કહેવાયું "સર્વ મૂર્ત વિષયવાળું પણ અવધિજ્ઞાન ધર્માદિને પણ જાણતું નથી ઈત્યાદિ", ત્યાં=પૂર્વપક્ષીના તે કથનમાં, કહે છે.**

**ભાવાર્થ :-**

ગાથા-૧૨૧૫ પછીની ગાથાઓ દ્વારા સર્વ વિશેષનું જ્ઞાન કેવલીને સંભવી શકે છે તેમ સ્થાપન કર્યું. વળી, ગાથા-૧૨૩૧માં કહ્યું કે સર્વ જ્ઞેયના બોધની સિદ્ધિ છે. તેનાથી ફલિત થાય છે કે જેનાં સંપૂર્ણ આવરણો ક્ષય થયાં છે તેવા કેવલી કેવલજ્ઞાનથી સર્વ જ્ઞેયને જાણી શકે છે. આમ છતાં ગાથા-૧૧૫૦માં કહેવાયું કે સર્વ મૂર્તવિષયવાળું અવધિજ્ઞાન ધર્માસ્તિકાયાદિને જાણતું નથી અર્થાત્ સાક્ષાત્ વિશેષથી જોઈ શકતા નથી અને જાણી શકતા નથી. તે કથનનું અવલંબન લઈને પૂર્વપક્ષી કહે કે જેમ અવધિજ્ઞાન ઘણું જાણે છે તો પણ સર્વને જાણતું નથી તેમ કેવલજ્ઞાન પણ અવધિજ્ઞાન કરતાં ઘણું વિશેષ જાણે છે તો પણ સર્વ જ્ઞેયને જાણતું નથી. તેના નિરાકરણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે—

**ગાથા :-**

**जं सव्वणाणमो इह केवलनाणं ण देसणाणेहिं ।**
**ता जुत्तो वभिचारो वोत्तुं तस्सोहिमादीहिं ।।१२३२।।**

**છાયા :-**

**यत् सर्वज्ञानमिह केवलज्ञानं न देशज्ञानैः ।**
**तस्माद्युक्तो व्यभिचारो वक्तुं तस्यावध्यादिभिः ।।१२३२।।**

**ગાથાર્થ :-**

**જે કારણથી સર્વજ્ઞાન=સર્વ વસ્તુના વિષયવાળું જ્ઞાન, અહીં=જગતમાં, કેવલજ્ઞાન છે. તે કારણથી તેનો=સર્વ વિષયવાળા કેવલજ્ઞાનનો, દેશજ્ઞાનવાળા અવધિ આદિની સાથે વ્યભિચાર કહેવો યુક્ત નથી. ।।૧૨૩૨।।**

**ટીકા :-**

यत्-यस्मात् अभिहितयुक्तिभिः सर्वज्ञानं-सर्ववस्तुविषयं ज्ञानं 'मो' इति पूरणे, इह-जगति केवलज्ञानं 'ता' तस्मान्न देशज्ञानैः-अवधिज्ञानादिभिस्तस्य-केवलज्ञानस्य व्यभिचारो वक्तुं युज्यते, तान्येव हि देशज्ञानत्वात् कतिपयविषयाणि युज्यन्ते, न तु केवलज्ञानं, तस्य सर्वज्ञानत्वात्, तत्कथमवध्यादिभिरनुपलब्धैर्धर्मास्तिकायादिभिस्तस्य व्यभिचार आशङ्क्यते इति भावः ।।१२३२।।

**ટીકાર્થ :-**

यत्- ..... भावः ।। જે કારણથી અહીં=જગતમાં, કહેવાયેલી યુક્તિઓથી સર્વ જ્ઞાન=સર્વ વસ્તુ વિષયવાળું જ્ઞાન, કેવલજ્ઞાન છે. તે કારણથી દેશજ્ઞાન સાથે=અવધિજ્ઞાન આદિ સાથે, તે કેવલજ્ઞાનનો વ્યભિચાર કહેવા માટે યુક્ત નથી. हि=જે કારણથી, તેઓ જ=અવધિ આદિ જ્ઞાનો જ, દેશજ્ઞાનપણું હોવાથી કેટલાક વિષયવાળા ઘટે છે પરંતુ કેવલજ્ઞાન નહીં; કેમ કે તેનું=કેવલજ્ઞાનનું, સર્વ વિષયનું જ્ઞાનપણું છે. તે કારણથી કેવી રીતે અવધિ આદિથી નહીં પ્રાપ્ત થયેલા ધર્માસ્તિકાયાદિની સાથે તેના વ્યભિચારની આશંકા કરાય છે ? ।।૧૨૩૨।।

**અવતરણિકા :-**

यदप्याशङ्कितं प्राक्—'सव्वविसयं ति माणं किमिहे'त्यादि तत्राह—

**અવતરણિકાર્થ :-**

'સર્વ વિષયક કેવલજ્ઞાન છે એમાં પ્રમાણ શું છે ?' ઈત્યાદિ જે વળી, પૂર્વમાં આશંકિત કરાયું=ગાથા-૧૧૫૧માં આશંકિત કરાયું, ત્યાં કહે છે –

**ગાથા :-**

सव्वविसयं च एतं ति एत्थ पुव्वोदिगा(या) तु उववत्ती ।
जं सामन्नविसेसे विहाय वत्थंतरं णत्थि ।।१२३३।।

**છાયા :-**

सर्वविषयं च एतदिति अत्र पूर्वोदिता तूपपत्तिः ।
यत्सामान्यविशेषौ विहाय वस्त्वन्तरं नास्ति ।।१२३३।।

**ગાથાર્થ :-**

આ=અતીન્દ્રિય પ્રત્યક્ષ સર્વ વિષયવાળું છે, એમાં પૂર્વે કહેલી જ ઉપપત્તિ પ્રમાણ છે. જે કારણથી સામાન્ય અને વિશેષને છોડીને વસ્તુ અંતર નથી. ।।૧૨૩૩।।

**ટીકા :-**

सर्वविषयं च एतत्-अधिकृतमतीन्द्रियं प्रत्यक्षमित्यत्र प्रमाणं पूर्वोदितैवोपपत्तिस्तुरवधारणे । तामेव बालावबुद्धये लेशतः पुनरप्यभिधत्ते—'जमित्यादि' यत्-यस्मात् सामान्यविशेषौ विहाय-परित्यज्यान्यद्वस्त्वन्तरं नास्ति ।।१२३३।।

**ટીકાર્થ :-**

सर्वविषयं ..... नास्ति ।। અને 'સર્વ વિષયવાળું આ છે=અધિકૃત અતીન્દ્રિય પ્રત્યક્ષ છે', એ પ્રકારના આમાં=સર્વ વિષયવાળું છે એમાં, પ્રમાણ પૂર્વમાં કહેલી જ ઉપપત્તિ છે=દેશમાં આવરણના વિગમનથી તરતમતાવાળું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેથી જેને સંપૂર્ણ આવરણનો નાશ થાય છે તેને સંપૂર્ણ વિષયનું પ્રત્યક્ષ થાય છે એ પૂર્વમાં કહેલી જ ઉપપત્તિ પ્રમાણ છે. 'તુ' શબ્દ અવધારણમાં છે. તેને જ બાલના અવબોધ માટે લેશથી ફરી કહેવાય છે. 'જે કારણથી સામાન્ય અને વિશેષને છોડીને અન્ય વસ્તુ અંતર જગતમાં નથી.' ।।૧૨૩૩।।

**ગાથા :-**

ते य जह णाणगम्मा तह भणितं तस्स यऽण्णरूवत्ते ।
नो वत्थुत्तं तस्सऽत्तणिच्छओ कह ण एवं तु? ।।१२३४।।

**છાયા :-**

तौ च यथा ज्ञानगम्यौ तथा भणितं तस्य चान्यरूपत्वे ।
नो वस्तुत्वं तस्यात्मनिश्चयः कथं नैव तु ? ।।१२३४।।

**ગાથાર્થ :-**

**અને તે=સામાન્ય અને વિશેષ, જે પ્રમાણે જ્ઞાનગમ્ય છે તે પ્રમાણે કહેવાયું અને તેનું=વસ્તુનું, અન્યરૂપપણું હોતે છતે વસ્તુપણું નથી. તેને=સર્વજ્ઞને, આ રીતે કેમ આત્મનિશ્ચય ન થાય ? અર્થાત્ 'હું સર્વજ્ઞ છું' એ રીતે આત્મનિશ્ચય થાય. ।।૧૨૩૪।।**

**ટીકા :-**

तौ च-सामान्यविशेषौ यथा ज्ञानगम्यौ भवतस्तथा भणितम् । अथोच्येत कथमवसीयते सामान्यविशेषौ विहायान्यद्वस्त्वन्तरं नास्तीति । अत आह—'तस्सेत्यादि' यस्मात्तस्य वस्तुनोऽन्यरूपत्वे-सामान्य-विशेषाभ्यामितररूपत्वे सति नो वस्तुत्वमुपपद्यते, तथाननुभवात् । तस्मान्न सामान्यविशेषौ विहायान्यद्वस्त्वन्तरमस्तीत्यवसीयते । तदेवं यतः सर्वविषयं केवलज्ञानं तत एवं सति कथं तस्य सर्वज्ञस्य सर्वज्ञोऽहमित्यात्मनिश्चयो न भवति?, भवत्येवेतिभावः ।।१२३४।।

**ટીકાર્થ :-**

तौ च- ..... भवत्येवेतिभावः ।। અને તે સામાન્ય અને વિશેષ જે પ્રમાણે જ્ઞાનગમ્ય થાય છે, તે પ્રમાણે કહેવાયું=પૂર્વમાં કહેવાયું.' 'અથ'થી પ્રશ્ન કરે છે. સામાન્ય અને વિશેષને છોડીને અન્ય વસ્તુ અંતર નથી એ કેવી રીતે જણાય ? એથી કહે છે, 'જે કારણથી તે વસ્તુનું અન્યરૂપપણું હોતે છતે= સામાન્ય અને વિશેષથી ઈતર રૂપપણું હોતે છતે, વસ્તુપણું જ ઘટતું નથી; કેમ કે તે પ્રકારે અનનુભવ છે=સામાન્ય અને વિશેષથી અન્ય સ્વરૂપે વસ્તુનો અનનુભવ છે. તે કારણથી સામાન્ય અને વિશેષને છોડીને અન્ય વસ્તુ અંતર નથી', એ પ્રમાણે જણાય છે. આ રીતે જે કારણથી સર્વ વિષયવાળું કેવલજ્ઞાન છે, તે કારણથી આમ હોતે છતે કેવી રીતે તે સર્વજ્ઞને 'હું સર્વજ્ઞ છું' એ પ્રમાણે આત્મનિશ્ચય ન થાય ? થાય જ છે. એ પ્રકારે ભાવ છે. ।।૧૨૩૪।।

**અવતરણિકા :-**

अमुमेवार्थं परोक्तोपसंहारप्रतिपक्षभावेनोपसंहरति—

**અવતરણિકાર્થ :-**

પર વડે કહેવાયેલા ઉપસંહારના પ્રતિપક્ષ ભાવથી આ જ અર્થ ઉપસંહાર કરે છે=કેવળીને સર્વ જ્ઞેયનું જ્ઞાન થાય છે તેથી 'હું સર્વજ્ઞ છું' એમ આત્મનિશ્ચય થાય છે એ જ અર્થને પર વડે ગાથા-૧૧૫૨માં કહેવાયેલા પોતાના પક્ષના ઉપસંહારના પ્રતિપક્ષના ભાવનથી ગ્રંથકારશ્રી ઉપસંહાર કરે છે—

**ગાથા :-**

*जम्हा पच्चक्खेणेव सव्वरूवादिजाणणं जुत्तं ।*
**सव्वन्नुनिच्छयो अत्तणो य तम्हा सपक्खोऽयं ।।१२३५।।**

**છાયા :-**

यस्मात् प्रत्यक्षेणैव सर्वरूपादिज्ञानं युक्तम् ।
सर्वज्ञनिश्चय आत्मनश्च तस्मात् सत्पक्षोऽयम् ।।१२३५।।

**ગાથાર્થ :-**

**જે કારણથી પ્રત્યક્ષથી જ=અતીન્દ્રિયપ્રત્યક્ષથી જ, સર્વ રૂપાદિ વસ્તુનું જ્ઞાન યુક્ત જ છે તે કારણથી પોતાના સર્વજ્ઞનો આ નિશ્ચય સત્ પક્ષ છે. ।।૧૨૩૫।।**

**ટીકા :-**

यस्मात्प्रत्यक्षेणातीन्द्रियेण एवकारो भिन्नक्रमः स च यथास्थानं योक्ष्यते, सर्वरूपादिवस्तुज्ञानं युक्तमेव, तस्मात् योऽयमात्मनः सर्वज्ञोऽहमिति निश्चय इति पक्षः स सत्पक्ष एवेति कृतं प्रसङ्गेन ।।१२३५।।

**ટીકાર્થ :-**

**यस्मात्प्रत्यक्षेणा ..... प्रसङ्गेन ।। જે કારણથી અતીન્દ્રિયપ્રત્યક્ષથી સર્વ રૂપાદિ વસ્તુનું જ્ઞાન યુક્ત જ છે. 'एवकार' ભિન્ન ક્રમવાળો છે અને તે યથાસ્થાન યોજન કરાશે='યુક્ત જ છે' ત્યાં યોજન કરાયેલો છે. તે કારણથી જે આ આત્માને 'હું સર્વજ્ઞ છું' એ પ્રકારનો નિશ્ચય એ પ્રકારનો પક્ષ તે સત્ પક્ષ જ છે. એથી પ્રસંગથી સર્યું. ।।૧૨૩૫।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૧૫૦માં પૂર્વપક્ષીએ કહેલ કે ઇન્દ્રિયથી પ્રત્યક્ષ જોનારા પરિમિત જ્ઞાન કરે છે તેના કરતાં દૂરવર્તી રહેલા ઘણા પદાર્થો અવધિજ્ઞાની જોઈ શકે છે. તેથી અતીન્દ્રિયપ્રત્યક્ષ એવું અવધિજ્ઞાન પણ સર્વ વિશેષ વિષયનું જ્ઞાન કરાવતું નથી. તેમ અવધિજ્ઞાન કરતાં પણ અધિક વિશેષ વિષયોને કેવલી જાણે છે, તો પણ જગતમાં તેટલા જ વિશેષ વિષયો છે, અન્ય નથી, તે કેમ નક્કી થાય ? અર્થાત્ થઈ શકે નહીં. તેથી જેમ 'અતીન્દ્રિયપ્રત્યક્ષ એવું અવધિજ્ઞાન સર્વ વિશેષ વિષયવાળું નથી તેમ કેવલજ્ઞાન પણ સર્વ વિશેષ વિષયવાળું નથી તેમ સ્વીકારવું જોઈએ.' તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – અવધિજ્ઞાનના દૃષ્ટાંતના બળથી કેવળજ્ઞાન પણ પૂર્ણ વિશેષનું જ્ઞાન કરતું નથી એમ કહેવું યુક્ત નથી; કેમ કે અવધિજ્ઞાનાદિ કંઈક આવરણના વિગમનથી થયેલા દેશજ્ઞાન છે. તેથી તેના કેટલાક વિશેષ વિષયો ઘટે છે પરંતુ કેવલજ્ઞાન સર્વ આવરણના વિગમનથી થયેલું હોવાથી સર્વજ્ઞેયના જ્ઞાનવાળું છે.

પૂર્વપક્ષીએ ગાથા-૧૧૫૧માં કહેલ કે અતીન્દ્રિયપ્રત્યક્ષ એવું કેવલજ્ઞાન સર્વ વિષયવાળું છે એમાં પ્રમાણ શું છે ? તેનું નિરાકરણ પૂર્વના કથનથી જ થઈ જાય છે; કેમ કે કેવલજ્ઞાન સર્વ આવરણના વિગમનથી થાય છે, તેથી સર્વ જ્ઞેયના વિષયનું જ્ઞાન કરનાર છે તેમ પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું. તેનાથી જ સિદ્ધ થાય છે કે કેવલજ્ઞાન સર્વ વિશેષ વિષયવાળું છે છતાં જેઓની કંઈક અલ્પ બુદ્ધિ છે તેઓને અધિક સ્પષ્ટ બોધ કરવાથી તે કથનનો નિર્ણય થાય છે તેથી ફરી ગ્રંથકારશ્રી કહે છે. જગતમાં સામાન્ય અને વિશેષને છોડીને અન્ય કોઈ વસ્તુ નથી, જેમ છદ્મસ્થને પણ પોતાનો આત્મા આત્મારૂપે સામાન્ય જણાય છે અને જ્ઞાન સુખ, દુઃખ આદિ પર્યાયોથી વિશેષરૂપે જણાય છે. તેમ સર્વ પદાર્થો સામાન્ય વિશેષ સ્વરૂપ છે. કોઈ પદાર્થ એકાંતે સામાન્ય નથી એકાંતે વિશેષ નથી. તેથી સામાન્ય અને વિશેષથી ઇતર વસ્તુનું વસ્તુત્વ જગતમાં નથી અને કેવલીને સામાન્યરૂપે જગતના સર્વ પદાર્થો દેખાય છે અને વિશેષ રૂપે સર્વ પદાર્થો દેખાય છે. તેથી 'હું સર્વ પદાર્થને જાણું છું' એવો આત્મનિશ્ચય કેવલીને કેમ ન થઈ શકે ? અર્થાત્ જેમ ઇન્દ્રિયથી જોનારને સામાન્યવિશેષરૂપ કેટલાક પદાર્થો દેખાય છે છતાં 'બધા પદાર્થોને હું જોઈ શકતો નથી તેવી પ્રતીતિ થાય છે. વળી, અવધિજ્ઞાનીને અને મનઃપર્યવજ્ઞાનીને પણ 'ઇન્દ્રિયથી જોનારા પુરુષ કરતાં અધિક પદાર્થોને હું જોઉં છું' તેમ પ્રતીત થાય છે તો પણ 'અરૂપી એવા આત્માને હું સાક્ષાત્ જોતો નથી અને બીજાના દેહમાં રહેલા પણ અરૂપી આત્માને હું સાક્ષાત્ જોઈ શકતો નથી. વળી, અરૂપી એવા ધર્મ્માસ્તિકાયાદિને હું જોઈ શકતો નથી' તેવી પ્રતીતિ થાય છે. તેથી અવધિજ્ઞાની

આદિને 'હું સર્વજ્ઞ છું' તેવો નિશ્ચય થતો નથી પરંતુ સર્વજ્ઞને તો સામાન્ય-વિશેષાત્મક સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયોનું પ્રત્યક્ષ થાય છે તેથી પોતાના અરૂપી આત્માને અતીન્દ્રિય જ્ઞાનથી હું જોઉં છું, નિગોદમાં રહેલા અનંતા જીવોના અને સિદ્ધના અનંતા જીવોના અરૂપી આત્માઓને પણ હું જોઉં છું અને અરૂપી એવા ધર્માસ્તિકાયાદિ સર્વને હું જોઉં છું' એવો નિશ્ચય થાય છે. તેથી 'હું સર્વજ્ઞ છું' એવો આત્મનિશ્ચય કેમ ન થઈ શકે ? અર્થાત્ થઈ શકે. **॥૧૨૩૨થી ૧૨૩૫॥**

**અવતરણિકા :-**

**स्यादेतत्, यदि सर्वज्ञस्तर्हि स मांसाशुच्यादीन्यपि जानीयात्, अन्यथा सर्वज्ञत्वानुपपत्तेः, नचैतत् युक्तं, तत्स्वरूपसाक्षात्कारिज्ञानस्य लोके गर्हिततत्वात्, मांसाशुच्यादीनां हि सर्वात्मना साक्षात्परिवेदनेन तदुपभोक्तृणामिवापवित्रत्वप्रसङ्गः, तथा तद्विषयद्वेषादिसंभवाच्चेति, अत आह—**

**અવતરણિકાર્થ :-**

**આ થાય=પૂર્વપક્ષીના મતે આ થાય. જો સર્વજ્ઞ છે='કેવલી સર્વજ્ઞ છે', તો તે=સર્વજ્ઞ, માંસ, અશુચિ આદિને પણ જાણે. અન્યથા=માંસ, અશુચિ આદિ ન જાણે તો, સર્વજ્ઞત્વની અનુપપત્તિ છે અને આ=કેવલી માંસ-અશુચિ આદિ જાણે એ, યુક્ત નથી; કેમ કે તેના સ્વરૂપના સાક્ષાત્કારી જ્ઞાનનું=માંસ-અશુચિ આદિના સ્વરૂપના પ્રત્યક્ષ જ્ઞાનનું, લોકમાં ગર્હિતપણું છે. हि=જે કારણથી, માંસ, અશુચિ આદિને સર્વ સ્વરૂપે સાક્ષાત્ પરિવેદનથી=સર્વ સ્વરૂપે સાક્ષાત્ જ્ઞાન થવાથી, તેના ઉપભોક્તૃની જેમ=માંસ-અશુચિ આદિ ખાનારાઓની જેમ, અપવિત્રત્વનો પ્રસંગ છે અને તેના વિષયમાં=માંસ-અશુચિ આદિના વિષયમાં, દ્વેષાદિનો સંભવ છે=દ્વેષ-જુગુપ્સા આદિનો સંભવ છે. આથી કહે છે—**

**ગાથા :-**

**मंसासुइरसणाणेवि तस्स दोसो ण विज्जती चेव ।**
**जमणिंदियं तयं ण य रागादीदोसहेतु त्ति ।।१२३६।।**

**છાયા :-**

**मांसाशुचिरसज्ञानेऽपि तस्य दोषो न विद्यत एव ।**
**यदनिन्द्रियं तकन्न च रागादिदोषहेतुरिति ।।१२३६।।**

**ગાથાર્થ :-**

**માંસ, અશુચિ રસના જ્ઞાનમાં પણ, તેમને=કેવલીને, દોષ વિદ્યમાન નથી જ, જે કારણથી અતીન્દ્રિય તે=જ્ઞાન, છે અને રાગાદિ દોષના હેતુ નથી. ।।૧૨૩૬।।**

**ટીકા :-**

**मांसाशुचिरसज्ञानेऽपि तस्य-भगवतो दोषो न विद्यत एव, यत्-यस्मात्तकत्-ज्ञानमतीन्द्रियं, इन्द्रियाश्रितं च तत् ज्ञानं लोके गर्हितम् । यदाह प्रज्ञाकरगुप्तः—'अपवित्रत्वयोगः स्यादिन्द्रियेणास्य वेदने । कर्मजेन न चान्येन, भावनाबलभाविना ।।१।।' नापि तज्ज्ञानं भगवतो द्वेषादिदोषहेतुर्निर्मूलत एव द्वेषादीनामुन्मूलितत्वात् ।।१२३६।।**

**ટીકાર્થ :-**

**मांसाशुचिरसज्ञानेऽपि ..... द्वेषादीनामुन्मूलितत्वात् ।। માંસ, અશુચિ રસના જ્ઞાનમાં પણ તે ભગવંતને=કેવલી ભગવંતને, દોષ વિદ્યમાન નથી જ, જે કારણથી તે જ્ઞાન=કેવલીનું જ્ઞાન, અતીન્દ્રિય છે અને ઈન્દ્રિય આશ્રિત તે જ્ઞાન લોકમાં ગર્હિત છે. જેને પ્રજ્ઞાકરગુપ્ત કહે છે. "અપવિત્રપણાનો યોગ કર્મજન્ય એવા ઈન્દ્રિયથી આના વેદનમાં થાય=માંસ-અશુચિ આદિના વેદનમાં થાય. ભાવનાબલભાવિ એવા અન્યથી નહીં." વળી ભગવાનનું તે જ્ઞાન દ્વેષાદિ દોષનો હેતુ નથી; કેમ કે નિર્મૂળથી જ દ્વેષાદિનું ઉન્મૂલિતપણું છે=દ્વેષાદિના મૂળભૂત મિથ્યાત્વરૂપ મૂળથી જ દ્વેષાદિનું કેવલીએ ઉન્મૂલન કરેલું છે. ।।૧૨૩૬।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરેલ કે 'જો કેવલીને સર્વ જ્ઞેયનું જ્ઞાન સ્વીકારવામાં આવે તો માંસ, અશુચિ આદિ સર્વનું કેવલીને જ્ઞાન થવાથી કેવલીને અપવિત્રપણાની પ્રાપ્તિ થશે અને તે અશુચિના જ્ઞાનને કારણે દ્વેષાદિ થશે.' તેનો ઉત્તર આપતાં કહે છે કેવલી ભગવાનને માંસ, અશુચિના જ્ઞાનમાં અપવિત્રતાના પ્રસંગનો દોષ નથી; કેમ કે ઇન્દ્રિય આશ્રિત વિષ્ટાદિનું જ્ઞાન ઇન્દ્રિયને અપવિત્ર કરનાર છે તેમ કહેવાય છે. એમાં પ્રજ્ઞાકરગુપ્તના કથનની સાક્ષી આપે છે. ઇન્દ્રિયોથી માંસાદિનું વેદન થાય તો ઇન્દ્રિય અપવિત્ર થાય પરંતુ જેઓ 'માંસાદિ અશુચિ છે' એ પ્રકારે ભાવના બલથી આત્માને ભાવિત કરે છે, તેઓને પોતાનું શરીર પણ માંસ, અશુચિમય દેખાય છે અને અન્યનું શરીર પણ માંસ, અશુચિમય દેખાય છે તો પણ તેની ઇન્દ્રિયો અપવિત્ર થતી નથી અને તે જ્ઞાનને લોકમાં ગર્હિત જ્ઞાન કહેવાતું નથી. આથી જ જેઓએ અશુચિ ભાવનાથી આત્માને અત્યંત ભાવિત કર્યો છે તેને કોઈના દેહને જોઈને માંસ, અશુચિ આદિ પદાર્થો બુદ્ધિ સન્મુખ ઉપસ્થિત થાય છે જેથી કોઈના દેહ પ્રત્યે રાગ થતો નથી, તો પણ તેની ઇન્દ્રિય કોઈના દેહને જોઈને અપવિત્ર થતી નથી.

વળી, અવતરણિકામાં શંકા કરી કે કેવલીને માંસાદિ અશુચિના જ્ઞાનથી તેના વિષયક દ્વેષાદિનો સંભવ છે. તેનો ઉત્તર આપતાં કહે છે – કેવલીએ મિથ્યાત્વરૂપ મૂળ સહિત રાગાદિનું ઉન્મૂલન કર્યું છે તેથી તેમના જ્ઞાનના વિષયભૂત કોઈ પદાર્થ પ્રત્યે દ્વેષ થતો નથી રાગ થતો નથી અને વિપર્યાસ નહીં હોવાથી તેમનું જ્ઞાન સુંદર કે અસુંદર પદાર્થો સાથે સંશ્લેષ પામતું નથી પરંતુ આત્માના નિરાકુળ સ્વરૂપમાં વિશ્રાંત

છે. આથી જ જ્ઞેયને જાણવા માટે પણ કેવલી યત્ન કરતા નથી પરંતુ આવરણનો અપગમ થયેલો હોવાથી જ્ઞેયનું સહજ જ્ઞાન થાય છે માટે કેવલીને માંસાદિ પ્રત્યે દ્વેષ કે જુગુપ્સા આદિ કંઈ થતું નથી. **॥૧૨૩૬॥**

**અવતરણિકા :-**

**यच्चोक्तम्–'अन्नं च नज्जइ तओ' इत्यादि तत्राह–**

**અવતરણિકાર્થ :-**

**અને "અને અન્ય=બીજું, તે=વિવક્ષિત એવા તે કેવલી સર્વ જ્ઞાની છે તે કયા પ્રમાણથી જણાય છે" ઈત્યાદિ જે ગાથા-૧૧૫૪માં કહેવાયું, ત્યાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**णज्जइ य तओ तइया चिंतियसव्वत्थपगडणेणेव ।**
**ववहारणयमतेणं सुसंपदाओ (या) य एण्हिं पि ।।१२३७।।**

**છાયા :-**

**ज्ञायते च सकस्तदा चिन्तितसर्वार्थप्रकटनेनैव ।**
**व्यवहारनयमतेन सुसंप्रदायाच्चेदानीमपि ।।१२३७।।**

**ગાથાર્થ :-**

**વ્યવહારનયના મતથી ત્યારે=સર્વજ્ઞના વિદ્યમાન કાલમાં, તે=સર્વજ્ઞ, ચિંતિત સર્વ અર્થના પ્રકટનથી જ જણાય છે. હમણાં પણ સુસંપ્રદાયથી જણાય છે. ।।૧૨૩૭।।**

**ટીકા :-**

**ज्ञायते च 'तओ त्ति' सकः सर्वज्ञस्तदा-सर्वज्ञभावकाले व्यवहारनयमतेन । व्यवहारमेव दर्शयति–चिन्तितसर्वार्थप्रकटनेन-चिन्तितसकलवस्तुप्रकाशनेन, इदानीमपि च ज्ञायते सुसंप्रदायात् ।।१२३७।।**

**ટીકાર્થ :-**

**ज्ञायते च ..... सुसंप्रदायात् ।। તે=સર્વજ્ઞ, ત્યારે=સર્વજ્ઞભાવકાલમાં, વ્યવહારનય મતથી જણાય છે. વ્યવહારનય જ બતાવે છે, ચિંતિત સર્વ અર્થના પ્રકટનથી=ચિંતિત સકલ વસ્તુના પ્રકાશનથી, 'આ સર્વજ્ઞ છે,' એમ જણાય છે, એમ અન્વય છે અને હમણાં પણ=જ્યારે સર્વજ્ઞ વિદ્યમાન નથી ત્યારે પણ, 'પ્રસ્તુત આગમના કહેનારા સર્વજ્ઞ છે', એ પ્રમાણે સુસંપ્રદાયથી જણાય છે. ।।૧૨૩૭।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૧૫૪થી પૂર્વપક્ષીએ શંકા કરેલ કે 'દેખાતા આ પુરુષ સર્વજ્ઞ છે' એ પ્રકારે કયા પ્રમાણથી નિર્ણય કરી શકાય ? અર્થાત્ કોઈ પ્રમાણથી નિર્ણય કરી શકાય નહીં; કેમ કે પ્રત્યક્ષથી સર્વજ્ઞ વિદ્યમાન

હોય તો પણ મનુષ્ય આકારરૂપે તે દેખાય છે પરંતુ કોઈ છદ્મસ્થ વડે 'સર્વજ્ઞેયને આ પુરુષ જાણે છે' તેવો નિર્ણય થઈ શકે નહીં. વળી, અનુમાનાદિ પ્રમાણથી પણ સર્વજ્ઞનો નિર્ણય થઈ શકે નહીં. એમ પૂર્વપક્ષીએ પૂર્વમાં સ્થાપન કરેલું. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે. જ્યારે સાક્ષાત્ સર્વજ્ઞ વિદ્યમાન હોય ત્યારે વ્યવહારનયના મતથી 'આ સર્વજ્ઞ છે' તેમ નિર્ણય કરી શકાય છે; કેમ કે સર્વ ચિંતિત અર્થનું સર્વજ્ઞ યથાર્થ પ્રકાશન કરે છે અર્થાત્ તે કાળમાં જે સંદિગ્ધ પ્રશ્ન હોય જેનો કોઈ નિર્ણય થઈ શકે તેમ ન હોય તેવા યથાર્થ પદાર્થનું કેવલી પ્રકાશન કરે છે. તેનાથી નક્કી થાય છે કે 'આ સર્વજ્ઞ છે.' વળી, વર્તમાનમાં સાક્ષાત્ કોઈ સર્વજ્ઞ વિદ્યમાન નથી તો પણ સુસંપ્રદાયથી 'વીર ભગવાન સર્વજ્ઞ હતા' તેમ જાણી શકાય છે. જેમ 'આવશ્યક નિર્યુક્તિ'માં ભદ્રબાહુસ્વામીએ વીર ભગવાનને કેવલજ્ઞાન થયું ત્યારે આ માર્ગ કેવી રીતે સ્થાપન કર્યો છે ? ઇત્યાદિનું વર્ણન કર્યું છે અને વર્ણન દૃષ્ટ સાથે અને આગમ સાથે પરસ્પર અવિરુદ્ધ છે. તેથી તે વચનને કહેનાર સુસંપ્રદાયથી નિર્ણય થાય છે કે 'વીર ભગવાન સર્વજ્ઞ હતા.' **॥૧૨૩૭॥**

**અવતરણિકા :-**

**अथ यदि व्यवहारतः स सर्वज्ञो ज्ञायते तर्हि परमार्थतस्तस्याभाव एव, व्यवहारस्यापारमार्थिकत्वादित्यत आह—**

**અવતરણિકાર્થ :-**

**હવે, જો વ્યવહારથી તે સર્વજ્ઞ જણાય છે, તો પરમાર્થથી તેનો અભાવ જ છે; કેમ કે વ્યવહારનું અપારમાર્થિકપણું છે. એથી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથામાં કહ્યું કે વ્યવહારનયથી 'આ સર્વજ્ઞ છે' એમ કહી શકાય છે. તેથી અર્થથી ફલિત થાય કે છદ્મસ્થ સાક્ષાત્ સર્વજ્ઞને જુએ અને ચિંતિત સર્વ અર્થોને પ્રગટ કરે તો પણ જગતના સર્વ પદાર્થોને જાણે છે એવો નિર્ણય કોઈને થઈ શકે નહીં. તેથી ફલિત થાય કે વ્યવહારનય કેટલાક પદાર્થો કોઈ ન કહી શકે તેવા કહે છે તેના બળથી 'તે સર્વજ્ઞ છે' એમ કલ્પના કરે છે પરંતુ એ પારમાર્થિક વસ્તુને જોનાર નથી. તેથી પરમાર્થથી સર્વજ્ઞનો અભાવ છે તેમ માનવું પડે. એ પ્રકારની શંકામાં કહે છે.

**ગાથા :-**

**चउवेदो वि हु एवं णज्जइ ववहारणयमएणेव ।**
**अचउव्वेदेहिं अह अत्थि सो एवमितरोवि ।।१२३८।।**

**છાયા :-**

**चतुर्वेदोऽपि हु एवं ज्ञायते व्यवहारनयमतेनैव ।**
**अचतुर्वेदैरथास्ति स एवमितरोऽपि ।।१२३८।।**

**ગાથાર્થ :-**

**આ રીતે=કેટલાક પ્રશ્નોનું યથાર્થ પ્રકાશન કરે છે એ રીતે, અચતુર્વેદવાળા વડે ચતુર્વેદ પુરુષ પણ વ્યવહારનયના મતથી જ નિશ્ચિત જણાય છે. આથી તે=ચતુર્વેદવાળો પુરુષ છે, એ રીતે ઈતર પણ=સર્વજ્ઞ પણ, પારમાર્થિક વિધમાન થશે. ।।૧૨૩૮।।**

**ટીકા :-**

चतुर्वेदोऽपि 'हु' निश्चितमचतुर्वेदैर्व्यवहारनयमतेनैव एवं पृष्टकतिपयपदार्थप्रकाशनेन ज्ञायते नान्यथा, अथ च सः-चतुर्वेदः परमार्थतोऽस्ति न पुनर्व्यवहारतः प्रतीयमानत्वेन तस्याभावः, एवमितरोऽपि-सर्वज्ञोऽपि व्यवहारनयमतेन ज्ञायमानः पारमार्थिको भविष्यतीति ।।१२३८।।

**ટીકાર્થ :-**

चतुर्वेदोऽपि ..... भविष्यतीति ।। આ રીતે પુછાયેલા કેટલાક પદાર્થના પ્રકાશનથી અચતુર્વેદી વડે ચતુર્વેદવાળો પણ પુરુષ વ્યવહારનયના મતથી જ નિશ્ચિત જણાય છે=અચતુર્વેદી વડે આ પુરુષ ચતુર્વેદને જાણનાર છે તેવો નિર્ણય કરાય છે. અન્યથા નહીં=ચતુર્વેદના સર્વ પદાર્થો વિષયક પૃચ્છા કરીને 'આ ચતુર્વેદી છે' તેવો નિર્ણય કરાતો નથી અને તે ચતુર્વેદવાળો પુરુષ પરમાર્થથી છે પરંતુ વ્યવહારથી પ્રતીયમાનપણારૂપે તેનો અભાવ નથી='ચતુર્વેદને જાણનાર પુરુષનું સાક્ષાત્ વિધમાનપણું હોવાને કારણે તેનો અભાવ નથી', એ રીતે ઈતર પણ=સર્વજ્ઞ પણ, વ્યવહારનયના મતથી જણાતા=જે કાળમાં સર્વજ્ઞ સાક્ષાત્ હોય અને ચિંતિત સર્વ અર્થનું પ્રકાશન કરતા હોય ત્યારે વ્યવહારનયના મતથી ચક્ષુ સામે દેખાતા હોય, તેથી પારમાર્થિક થશે. ।।૧૨૩૮।।

**ગાથા :-**

अह णिच्छएणवि इमो णज्जइ अन्नेण तुल्लाणाणेण ।
इयरम्मि(वि) तुल्लमिणं संति य बहवेऽत्थ सव्वन्नू ।।१२३९।।

**છાયા :-**

अथ निश्चयेनापि अयं ज्ञायतेऽन्येन तुल्यज्ञानेन ।
इतरस्मिन्नपि तुल्यमिदं सन्ति च बहवोऽत्र सर्वज्ञाः ।।१२३९।।

**ગાથાર્થ :-**

**નિશ્ચયનયથી પણ 'આ=ચતુર્વેદવાળો, અન્ય તુલ્ય જ્ઞાનવાળાથી જણાય છે', એ પ્રકારે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે='ઈતરમાં પણ=સર્વજ્ઞમાં પણ આ તુલ્ય છે' અને અહીં=જગતમાં, ઘણા સર્વજ્ઞ છે. ।।૧૨૩૯।।**

**ટીકા :-**

**अथ निश्चयेनाप्ययं चतुर्वेदोऽन्येन तुल्यज्ञानेन चतुर्वेदेनेतियावत् ज्ञायते, ततस्तस्य नाभावः परमार्थतो युक्त इति । अत्राह–'इयरम्मीत्यादि' इतरस्मिन्नपि सर्वज्ञे इदं तदन्येन सर्वज्ञेन सर्वज्ञतया परिज्ञानं तुल्यम् । न चान्यः सर्वज्ञो न विद्यते येन सर्वज्ञेन तदन्येन परिज्ञानं न भवेत्, यत आह– सन्ति च बहवोऽत्र-जगति सर्वज्ञाः ।।१२३९।।**

**ટીકાર્થ :-**

**अथ ..... सर्वज्ञाः ।। હવે નિશ્ચયથી પણ 'આ ચતુર્વેદવાળો પુરુષ અન્ય એવા તુલ્ય જ્ઞાનવાળા ચતુર્વેદ જાણનારા પુરુષથી જણાય છે='આ ચતુર્વેદી છે એમ જણાય છે. તેથી તેનો અભાવ=ચતુર્વેદીનો અભાવ, પરમાર્થથી યુક્ત નથી.' અહીં કહે છે=પૂર્વપક્ષીના ચતુર્વેદીના સંભવના સમાધાનમાં ગ્રંથકારશ્રી કહે છે – ઈતરમાં પણ=સર્વજ્ઞમાં પણ, આ=ચતુર્વેદીમાં પૂર્વપક્ષી દ્વારા કરાયેલું સમાધાન, તેનાથી અન્ય એવા સર્વજ્ઞથી સર્વજ્ઞપણારૂપે પરિજ્ઞાન તુલ્ય છે અને અન્ય સર્વજ્ઞ=સર્વને જાણનાર, વિદ્યમાન નથી, એમ નથી. જે કારણથી તેનાથી અન્ય એવા સર્વજ્ઞ વડે પરિજ્ઞાન ન થાય='આ સર્વજ્ઞ છે' એ પ્રકારે પરિજ્ઞાન ન થાય. જે કારણથી કહે છે, અહીં=જગતમાં, ઘણા સર્વજ્ઞ છે. ।।૧૨૩૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ચિંતિત સર્વ અર્થના ગ્રહણથી જ વ્યવહારનયના મતથી 'આ સર્વજ્ઞ છે' તેમ જણાય છે. 'પોતાના ચિંતિત સર્વ અર્થને ગ્રહણ કરવા માટે તે પુરુષ સમર્થ છે તેટલું તેમને જ્ઞાન છે પરંતુ જગતના સર્વ વિશેષોનું જ્ઞાન તેમને છે તેવો નિર્ણય વ્યવહારનયથી થતો નથી. તેથી વ્યવહારનયથી નિર્ણય કરાયેલો સર્વજ્ઞનો વ્યવહાર પ્રમાણ બને નહીં.' જેમ કોઈ વિશિષ્ટ જ્ઞાની પોતાના જ્ઞાનના બળથી મારા ચિંતિત સર્વ અર્થો મને કહી શકે, તેથી મને વ્યવહારનયથી જણાય કે 'આ પુરુષ સર્વજ્ઞ છે, છતાં સર્વ અર્થને જાણનાર તે ન પણ હોઈ શકે.' એ પ્રકારે પૂર્વપક્ષી કહે તો તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે – જેમ કોઈ પુરુષ ચાર વેદને જાણનાર હોય અને કોઈ ચાર વેદને નહીં જાણનાર પુરુષ તે ચતુર્વેદી પુરુષને કેટલાક અર્થો પૂછે અને તે ચતુર્વેદી પુરુષ પુછાયેલા કેટલાક પદાર્થોનું પ્રકાશન યથાર્થ કરે તેનાથી અચતુર્વેદી પુરુષ પણ વ્યવહારનયથી કહે છે કે, 'આ પુરુષ ચતુર્વેદી છે.' તે ચતુર્વેદી પુરુષ પરમાર્થથી તે પુરુષને સાક્ષાત્ પ્રતીયમાન છે, તેથી પરમાર્થથી છે. એ રીતે 'સર્વજ્ઞ પણ વ્યવહારનયના મતથી જણાતા પારમાર્થિક છે.' જેમ સાક્ષાત્ 'વીર ભગવાન' વિચરતા હતા, ત્યારે પાર્શ્વનાથ ભગવાનના છદ્મસ્થ પણ કેટલાક શિષ્યો ભગવાનના શાસનને સ્વીકારવા અર્થે સમોવસરણમાં પધારે છે ત્યારે 'ભગવાન સર્વજ્ઞ છે કે નહીં', તેનો નિર્ણય કરવા માટે કેટલાક પ્રશ્નો પૂછે છે જે પ્રશ્નો સર્વજ્ઞ સિવાય અન્ય ન કહી શકે તેવા ગંભીર ભાવવાળા હતા અને ભગવાને તેનો યથાર્થ ઉત્તર આપ્યો. તેથી તે મહાત્માઓને પરમાર્થથી નિર્ણય થયો કે 'આ પુરુષ ઇન્દ્રજાલી નથી પરંતુ સર્વજ્ઞ વીર ભગવાન છે' અને તે મહાત્માઓને ચક્ષુથી વીર ભગવાન પ્રત્યક્ષ દેખાતા હતા તેથી ભગવાન પારમાર્થિક સર્વજ્ઞ છે. જેમ અચતુર્વેદી પુરુષ ચતુર્વેદીનો પારમાર્થિક

નિર્ણય કરે છે તેમ છદ્મસ્થ પુરુષ પણ વિદ્યમાન એવા પારમાર્થિક સર્વજ્ઞનો નિર્ણય કરી શકે છે.

'અથ'થી પૂર્વપક્ષી કહે છે કે, "ચતુર્વેદી વડે કરાયેલા કેટલાક પદાર્થોના પ્રકાશનથી અચતુર્વેદી નિર્ણય કરે છે કે 'આ ચતુર્વેદી છે' ત્યાં વિપર્યાસનો પણ સંભવ છે પરંતુ અન્ય કોઈ ચતુર્વેદી પુરુષ પોતાના તુલ્ય અન્ય ચતુર્વેદીને જોઈને નિશ્ચયનયથી પણ કહે છે કે, 'આ ચતુર્વેદી છે'; કેમ કે 'ચાર વેદનું સકલ જ્ઞાન જેમ પોતાને છે તેમ સર્વ સ્થાનોને પૂછીને ચારેય વેદનું સકલ જ્ઞાન આ પુરુષમાં છે' એમ તે કહી શકે છે. તેથી કેટલાક પ્રશ્નોમાત્રથી નહીં પરંતુ સંપૂર્ણ ચતુર્વેદના જ્ઞાનનો નિર્ણય અન્ય ચતુર્વેદીને થાય છે અર્થાત્ અન્ય ચતુર્વેદી સ્પષ્ટ કહી શકે છે કે 'આ પુરુષમાં ચતુર્વેદનું સંપૂર્ણ જ્ઞાન છે.' માટે ચતુર્વેદીમાં અન્ય ચતુર્વેદી દ્વારા 'આ ચતુર્વેદી છે' તેવો નિર્ણય થઈ શકે, કેવલીમાં તેવો નિર્ણય થઈ શકે નહીં." તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે – સાક્ષાત્ કેવલી વિચરતા હોય ત્યારે છદ્મસ્થ પુરુષ પોતાના કેટલાક પ્રશ્નના યથાર્થ ઉત્તરથી 'આ સર્વજ્ઞ છે', તેમ નિર્ણય કરે છે પરંતુ તે વખતે પણ વિદ્યમાન અન્ય કેવલી પોતાના જ્ઞાનના બળથી નિર્ણય કરી શકે છે કે 'જેમ મને સર્વ જ્ઞેયનું જ્ઞાન છે તેમ અન્ય એવા કેવલીમાં પણ સર્વ જ્ઞેયનું જ્ઞાન છે.' તેથી જેમ એક ચતુર્વેદી પુરુષ અન્ય પુરુષના ચતુર્વેદના જ્ઞાનનો નિર્ણય કરીને નિશ્ચયથી 'આ ચતુર્વેદી છે' એમ જાણે છે, તેમ અન્ય કેવલી પણ નિશ્ચયથી 'આ કેવલી સર્વ જ્ઞેયને જાણે છે.' તેમ નિર્ણય કરી શકે છે; કેમ કે જગતમાં સર્વજ્ઞ એક નથી, અનેક છે. **॥૧૨૩૮-૧૨૩૯॥**

**અવતરણિકા :-**

**अथ तदानीं सर्वज्ञस्तदन्यसर्वज्ञेन निश्चयतो ज्ञायते, ज्ञायताम्, इदानीं तु कथमित्यत आह—**

**અવતરણિકાર્થ :-**

**હવે ત્યારે=જે કાળમાં સર્વજ્ઞ વિચરતા હતા ત્યારે, તેનાથી અન્ય સર્વજ્ઞ વડે સર્વજ્ઞ નિશ્ચયથી જણાય છે એ પ્રમાણે જણાઓ. વળી હમણાં કેવી રીતે જણાય=વીર ભગવાન સર્વજ્ઞ હતા એ પ્રમાણે હમણાં કેવી રીતે જણાય ? એથી કહે છે—**

**ગાથા :-**

**एण्हिं पि आगमातो कहंचि णिच्चो य सो मओ अम्हं ।**
**ण य एस अत्थवादो फलं जतो चोदणाए उ ।।१२४०।।**

**છાયા :-**

**इदानीमपि आगमात् कथंचिद् नित्यश्च स मतोऽस्माकम् ।**
**न च एषः अर्थवादः फलं यतश्चोदनायास्तु ।।१२४०।।**

**ગાથાર્થ :-**

**હમણાં પણ આગમથી કથંચિત્ જણાય છે=સર્વજ્ઞ નિશ્ચયથી જણાય છે, અને અમારું તે=**

આગમ, નિત્ય મનાયું છે અને આ અર્થવાદ નથી='ઋષભ સર્વજ્ઞ છે' એ અર્થવાદ નથી. જે કારણથી ચોદનાનું ફલ છે. ॥૧૨૪૦॥

**ટીકા :-**

इदानीमपि निश्चयतः सर्वज्ञ ऋषभादिको ज्ञायते, आगमतः-आगमप्रमाणतः । स चागमोऽस्माकं कथंचिद्द्रव्यार्थतया नित्यो मतः । न चैष ऋषभः सर्वज्ञ इत्येवमादिकोऽर्थवादो, यस्मादिदं केवलज्ञानं चोदनायाः फलं, यथा 'अग्निहोत्रं जुहुयात्स्वर्गकाम' इत्यस्याः फलं स्वर्ग इति ।।१२४०।।

**ટીકાર્થ :-**

इदानीमपि ..... स्वर्ग इति ।। હમણાં પણ નિશ્ચયથી સર્વજ્ઞ ઋષભાદિ આગમથી=આગમપ્રમાણથી, જણાય છે અને અમારો તે આગમ કથંચિત્ દ્રવ્યાર્થપણાથી નિત્ય મનાયો છે અને 'આ ઋષભ સર્વજ્ઞ છે' એ વગેરે અર્થવાદ નથી, જે કારણથી આ કેવલજ્ઞાન ચોદનાનું ફલ છે. જે પ્રમાણે 'સ્વર્ગની ઈચ્છાવાળો અગ્નિહોત્ર કરે' એ પ્રમાણે એનું ફલ સ્વર્ગ છે. ॥૧૨૪૦॥

**અવતરણિકા :-**

तामेव नो(चो)दनामाह—

**અવતરણિકાર્થ :-**

તે જ ચોદનાને કહે છે—

**ગાથા :-**

भणियं च सग्गकेवलफलत्थिणा इह तवादि कायव्वं ।
सग्गो व्व फलं केवलमसेसदव्वादिविसयं तं ।।१२४१।।

**છાયા :-**

भणितं च स्वर्गकेवलफलार्थिना इह तप आदि कर्तव्यम् ।
स्वर्ग इव फलं केवलमशेषद्रव्यादिविषयं तद् ।।१२४१।।

**ગાથાર્થ :-**

અને કહેવાયું છે=આગમમાં કહેવાયું છે. સ્વર્ગના અને કેવલજ્ઞાનના ફલના અર્થી વડે અહીં=સંસારમાં, તપાદિ કરવું જોઈએ=તપ અને ધ્યાન કરવું જોઈએ. સ્વર્ગની જેમ=અગ્નિહોત્ર ઈત્યાદિ ચોદનાનું ફલ સ્વર્ગ છે તેની જેમ, અશેષદ્રવ્યાદિ વિષયવાળું તે કેવલજ્ઞાન ફલ છે=આગમની ચોદનાનું ફલ છે. ॥૧૨૪૧॥

**ટીકા :-**

**भणितं चागमे यतः स्वर्गकेवलफलार्थिना तप आदिशब्दात् ध्यानं च यथासंख्यं कर्त्तव्यमिति । ततोऽग्निहोत्रमित्यादिचोदनायाः स्वर्ग इव, फलं तत्-केवलज्ञानमशेषद्रव्यादिविषयम्-अशेषद्रव्यपर्याय-प्रपञ्चविषयमधिकृत(नो)चोदनाया इति नार्थवादः ।।१२४१।।**

**ટીકાર્થ :-**

**भणितं ..... नार्थवादः ।। અને આગમમાં કહેવાયું છે, જે કારણથી સ્વર્ગ અને કેવલજ્ઞાનના ફ્લના અર્થીએ તપ અને 'આદિ' શબ્દથી ધ્યાન યથાસંખ્ય=યથાક્રમે, કરવું જોઈએ. તેથી અગ્નિહોત્ર ઈત્યાદિ ચોદનાનું ફ્લ સ્વર્ગ છે તેની જેમ તે કેવલજ્ઞાન અશેષદ્રવ્યાદિ વિષયવાળું=અશેષ દ્રવ્ય, પર્યાયના પ્રપંચના વિષયવાળું, અધિકૃત ચોદનાનું ફ્લ છે, એથી અર્થવાદ નથી=શાસ્ત્રવચનની પ્રેરણાનું ફળ કેવળજ્ઞાન છે માટે સ્વર્ગાર્થીએ તપ કરવો જોઈએ અને કેવલાર્થીએ ધ્યાન કરવું જોઈએ એ વચન માત્ર પ્રશંસારૂપ છે તેવું ફળ પ્રાપ્ત થતું નથી માટે અર્થવાદરૂપ છે એ પ્રકારે નથી. ।।૧૨૪૧।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરેલ કે 'જ્યારે સાક્ષાત્ સર્વજ્ઞ વિદ્યમાન હતા, ત્યારે ચતુર્વેદી વડે અન્ય ચતુર્વેદીનો નિશ્ચય થાય છે, તેમ અન્ય સર્વજ્ઞ વડે આ સર્વજ્ઞ છે તેવો નિશ્ચય થાય છે પરંતુ વર્તમાનમાં સાક્ષાત્ સર્વજ્ઞ વિદ્યમાન નથી ત્યારે નિશ્ચયથી ઋષભદેવ આદિ સર્વજ્ઞ છે, એ કેવી રીતે નિર્ણય થઈ શકે ?' તેથી કહે છે, 'આગમના પ્રમાણથી ઋષભાદિ સર્વજ્ઞ છે તેવો નિર્ણય થઈ શકે.' અહીં પ્રશ્ન થાય કે 'આગમની ઉત્પત્તિ જ ઋષભાદિ તીર્થંકરોથી થઈ છે.' તેથી તેમના કહેવાયેલા આગમથી 'તે સર્વજ્ઞ છે, તે કઈ રીતે નક્કી થઈ શકે અર્થાત્ થઈ શકે નહીં; કેમ કે 'ઋષભાદિ સર્વજ્ઞ છે' એમ નક્કી થાય તો 'તેમનાથી કહેવાયેલું આગમ પ્રમાણ છે' એમ નક્કી થાય અને 'આગમ પ્રમાણ છે' એમ નક્કી થાય તો 'આગમના વચનથી ઋષભાદિ સર્વજ્ઞ છે' એમ નક્કી થાય. આ પ્રકારે અન્યોન્યાશ્રય દોષ આવે, તેના નિવારણ માટે કહે છે. 'અમારું આગમ કથંચિત્ દ્રવ્યાર્થપણાથી નિત્ય મનાયું છે'; કેમ કે આ દ્વાદશાંગી ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળમાં વિદ્યમાન છે. તેથી જેમ 'જીવદ્રવ્ય ત્રણેય કાળમાં વિદ્યમાન છે માટે નિત્ય છે તેમ દ્વાદશાંગી પણ ત્રણેય કાળમાં વિદ્યમાન છે માટે નિત્ય છે.' અહીં પ્રશ્ન થાય કે 'જો આગમ નિત્ય હોય તો ગાથા-૧૧૬૦માં કહ્યું તેમ ઋષભાદિ સર્વજ્ઞ છે, એ વગેરે અર્થવાદ છે', એમ કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેનું નિરાકરણ કરતાં કહે છે. 'ઋષભદેવ ભગવાન સર્વજ્ઞ છે', એ વગેરે કથન અર્થવાદ નથી. કેમ અર્થવાદ નથી ? તેમાં યુક્તિ આપે છે. આગમની ચોદનાનું ફ્લ કેવલજ્ઞાન છે માટે ઋષભાદિ સર્વજ્ઞ છે, એ અર્થવાદ નથી.

આશય એ છે કે આગમ જીવને ઉચિત પ્રવૃત્તિ કરવાની પ્રેરણા કરે છે અને તે આગમ દ્રવ્યાર્થરૂપે નિત્ય છે; કેમ કે જગતમાં ભરતાદિમાં કે મહાવિદેહાદિમાં કોઈક ને કોઈક સ્થાનમાં તે આગમ સદા વિદ્યમાન છે અને તે દ્વાદશાંગી સ્વરૂપ છે અને દ્વાદશાંગી જીવને વિધિ-નિષેધ દ્વારા ઉચિત પ્રવૃત્તિ કરવાની પ્રેરણા કરે

છે. તેથી જે પ્રમાણે સ્વર્ગની કામનાવાળો અગ્નિહોત્ર યજ્ઞ કરે, એમ વેદવચન જીવને પ્રેરણા કરે છે તેમ નિત્ય એવું દ્વાદશાંગીરૂપ આગમ યોગ્ય જીવોને ઉચિત પ્રવૃત્તિ કરવા પ્રેરણા કરે છે. જેઓ તે આગમ અનુસાર પ્રવૃત્તિ કરે છે તેનું ફળ કેવલજ્ઞાન છે. તેથી નિત્ય એવા આગમની પ્રેરણાથી પ્રવૃત્તિ કરનારા 'ઋષભદેવ ભગવાન સર્વજ્ઞ થયા' એમ આગમથી સિદ્ધ થાય છે અને દ્રવ્યાર્થપણાથી નિત્ય એવું આગમ જ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી ઋષભાદિ ભગવાને પર્યાયાર્થપણાથી આગમને અભિવ્યક્ત કર્યો છે, તેથી તે આગમના પ્રમાણથી નક્કી થાય છે કે 'ઋષભાદિ ભગવાન સર્વજ્ઞ હતા.'

ગાથા-૧૨૪૦માં કહ્યું કે 'ચોદનાનું ફલ કેવલજ્ઞાન છે.' તેથી હવે તે ચોદના જ બતાવે છે. આગમમાં કહ્યું છે કે 'સ્વર્ગના અર્થીએ તપ કરવો જોઈએ અને કેવલજ્ઞાનના અર્થીએ ધ્યાન કરવું જોઈએ.' વસ્તુતઃ તપ નિર્જરા અર્થે છે અને નિર્જરા જ પ્રકર્ષને પામીને મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામે છે તો પણ જેઓમાં વીતરાગનું ધ્યાન કરીને વીતરાગ થવાને અનુકૂળ બળ સંચય થયું છે તેઓએ વીતરાગભાવમાં લીન થવું જોઈએ જેથી સંપૂર્ણ મોહનો નાશ થાય અને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય. તે દૃષ્ટિથી કેવલજ્ઞાનનું સાક્ષાત્ કારણ વીતરાગતામાં લીનતારૂપ ધ્યાન છે અને જેઓમાં તે પ્રકારની શક્તિનો સંચય થયો નથી તેઓએ શક્તિ અનુસાર બાહ્ય અને અભ્યંતર તપમાં યત્ન કરવો જોઈએ અને તપ પ્રત્યેના રાગથી તે તપ કરાય છે. તેથી સરાગ અવસ્થા સ્વર્ગનું કારણ છે અને પરંપરાએ તપ પણ ધ્યાનની શક્તિ પ્રગટશે, ત્યારે મોક્ષનું કારણ બનશે તો પણ જ્યાં સુધી વીતરાગતાના ધ્યાનમાં લીન થવાની શક્તિ પ્રગટી નથી ત્યાં સુધી તપના રાગથી કરાયેલું તપ સરાગ ચર્યા હોવાથી સ્વર્ગરૂપ શ્રેષ્ઠ સુખના ફલનું કારણ છે. તેથી વેદવચનોની પ્રેરણાથી અગ્નિહોત્રાદિ સ્વર્ગ ફલવાળા છે તેમ સર્વજ્ઞના આગમના વચનથી પ્રેરિત જીવો સ્વર્ગને અને કેવલજ્ઞાનરૂપ ફલને પ્રાપ્ત કરે છે અને તે કેવલજ્ઞાન સર્વ દ્રવ્યના અને સર્વ પર્યાયના વિષયવાળું છે અને આગમમાં કરાયેલી ચોદનાનું ફલ છે' એથી અર્થવાદ નથી. **II૧૨૪૦-૧૨૪૧II**

**અવતરણિકા :-**

**अथोच्येत-स्यात्केवलं ज्ञानं नो(चो)दनायाः फलं यदि स आगमः प्रमाणं स्यात्, यावता स प्रमाणमेव न भवतीत्यत आह—**

**અવતરણિકાર્થ :-**

**હવે પૂર્વપક્ષી દ્વારા કહેવાય છે. શું કહેવાય છે ? તે બતાવે છે. જો તે આગમ પ્રમાણ થાય તો ચોદનાનું ફળ કેવલજ્ઞાન થાય. જ્યાં સુધી તે=આગમ, પ્રમાણ જ નથી, એથી કહે છે—**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે જો તે આગમ પ્રમાણ છે, તેમ સિદ્ધ થાય તો 'આગમની પ્રેરણાનું ફળ કેવલજ્ઞાન છે, તેમ સિદ્ધ થઈ શકે. જ્યાં સુધી તે આગમ પ્રમાણ જ સિદ્ધ થાય નહીં ત્યાં સુધી તે આગમની પ્રેરણાથી ઋષભાદિ સર્વજ્ઞ થયા છે તેમ કહી શકાય નહીં.' આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાના નિવારણ અર્થે કહે છે.

ગાથા :-

णिच्छियमव्विवरीयं जणेइ जं पच्चयं जहा चक्खू ।
ता माणमागमो सो णायव्वो बुद्धिमंतेहिं ।।१२४२।।

છાયા :-

निश्चितमविपरीतं जनयति यत् प्रत्ययं यथा चक्षुः ।
तस्माद् मानमागमः स ज्ञातव्यो बुद्धिमद्भिः ।।१२४२।।

ગાથાર્થ :-

**જે કારણથી નિશ્ચિત, અવિપરીત પ્રત્યયને ઉત્પન્ન કરે છે, જે પ્રમાણે ચક્ષુ, તે કારણથી તે આગમ બુદ્ધિમાન પુરુષે પ્રમાણ સ્વીકારવું જોઈએ. ।।૧૨૪૨।।**

ટીકા :-

निश्चितं न संशयितं तमपि अविपरीतम्-अविपर्यस्तं यत्-यस्मात् प्रत्ययं जनयति, यथा निरादीनवं चक्षुः, 'ता' तस्मात्सः-आगमो मानं-प्रमाणमेव बुद्धिमता ज्ञातव्योऽन्यथा वेदस्यापि न प्रामाण्यं प्राप्नोति, विशेषाभावात् ।।१२४२।।

ટીકાર્થ :-

निश्चितं ..... विशेषाभावात् ।। જે કારણથી નિશ્ચિત=સંશયિત નહીં, તે પણ=નિશ્ચિત પણ, અવિપરીત=અવિપર્યસ્ત, પ્રત્યયને ઉત્પન્ન કરે છે=નિર્ણયને ઉત્પન્ન કરે છે, જે પ્રમાણે નિર્દોષ એવું ચક્ષુ નિશ્ચિત, અવિપરીત બોધને કરે છે, તે કારણથી આગમને પ્રમાણ જ બુદ્ધિમાને સ્વીકારવું જોઈએ. અન્યથા=નિશ્ચિત અને અવિપરીત પ્રત્યય ઉત્પન્ન કરતું હોય એવું આગમ પણ પ્રમાણ ન સ્વીકારાય તો, વેદનું પણ પ્રમાણપણું પ્રાપ્ત થાય નહીં; કેમ કે વિશેષનો અભાવ છે. ।।૧૨૪૨।।

ગાથા :-

एयस्स य पामण्णं सत एव कहंचि होइ दट्ठव्वं ।
एवं च ततो सग्गे व्व णिच्छओ तम्मि उववण्णो ।।१२४३।।

છાયા :-

एतस्य च प्रामाण्यं स्वत एव कथञ्चिद्भवति द्रष्टव्यम् ।
एवं च ततः स्वर्ग एव निश्चयस्तस्मिन् उपपन्नः ।।१२४३।।

ગાથાર્થ :-

**અને આનું=આગમનું પ્રામાણ્ય કથંચિત્ સ્વતઃ જ દ્રષ્ટવ્ય છે અને આમ હોતે છતે તેનાથી= આગમથી, સ્વર્ગની જેમ તેમાં=કેવલજ્ઞાનમાં, નિશ્ચય ઉપપન્ન છે. ।।૧૨૪૩।।**

**ટીકા :-**

**एतस्य च-आगमस्य प्रामाण्यं निश्चिताविपरीतप्रत्ययोत्पादकत्वेन कथंचित्-स्याद्वादनीत्या स्वत एव भवति द्रष्टव्यम् । एवं च सति ततः-आगमात्कथंचित् स्वतः प्रमाणभूतात् स्वर्ग इव तस्मिन्-केवलज्ञाने निश्चय उपपन्न इति ।।१२४३।।**

**ટીકાર્થ :-**

**एतस्य ..... उपपन्न इति ।। આનું=આગમનું, પ્રામાણ્ય નિશ્ચિત, અવિપરીત પ્રત્યયના ઉત્પાદકપણાથી કથંચિત્=સ્યાદ્વાદની નીતિથી, સ્વતઃ જ દ્રષ્ટવ્ય છે અને આમ હોતે છતે=આગમનું પ્રામાણ્ય સ્યાદ્વાદની નીતિથી જ જણાય છે એમ હોતે છતે, તેનાથી=કથંચિત્ સ્વતઃ પ્રમાણભૂત એવા આગમથી, સ્વર્ગની જેમ કેવલજ્ઞાનમાં નિશ્ચય ઉપપન્ન થાય છે=નિશ્ચય થાય છે. ।।૧૨૪૩।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરી કે 'આગમ પ્રમાણ છે' એ સિદ્ધ નથી તેથી 'કઈ રીતે આગમ પ્રમાણ છે ?' તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે. 'આગમ નિશ્ચિત, અવિપરીત અર્થનો બોધ કરાવે છે.' જેમ દોષરહિત ચક્ષુ સન્મુખ રહેલા પદાર્થનો યથાર્થ બોધ કરાવે છે, માટે બુદ્ધિમાને આગમને પ્રમાણ માનવું જોઈએ. જેમ વેદને માનનારા 'વેદથી નિશ્ચિત, અવિપરીત બોધ થાય છે માટે પ્રમાણ સ્વીકારે છે' આમ છતાં જો તેઓ વેદને પ્રમાણ સ્વીકારે અને નિશ્ચિત, યથાર્થ અર્થને કહેનારા આગમને પ્રમાણ ન સ્વીકારે તો મધ્યસ્થતાપૂર્વક તત્ત્વોનો સ્વીકાર થાય નહીં માટે નિશ્ચિત, અવિપરીત બોધ કરાવનાર આગમ પ્રમાણ છે એમ સ્વીકારવું જોઈએ.

વળી, આગમનું પ્રમાણપણું નિશ્ચિત અને અવિપરીત બોધના ઉત્પાદકપણારૂપે સ્યાદ્વાદની યુક્તિથી સ્વતઃ જ સિદ્ધ છે. તેથી એ ફલિત થાય કે 'સ્યાદ્વાદ જે વસ્તુ જે અપેક્ષાએ જે રીતે પ્રતિષ્ઠિત છે તે અપેક્ષાથી એમ જ સ્વીકારે છે એકાંતથી સ્વીકારતો નથી.' તેથી તે દૃષ્ટિથી જ આગમ પ્રમાણ છે પરંતુ 'આગમનાં જ વચનો મંદબુદ્ધિવાળા એકાંતથી ગ્રહણ કરે અને તે પ્રમાણે નિશ્ચિત અને અવિપરીત અર્થની પ્રાપ્તિ ન થાય તેમાં આગમ કારણ નથી. પરંતુ તે જીવોનો તે પ્રકારનો વિપરીત બોધ જ કારણ છે.' આથી જ જે ભાવોથી સંયમની ક્રિયાને કેવલજ્ઞાનનું કારણ આગમમાં કહ્યું છે તે ભાવને સ્પર્શ્યા વગર આગમના વચનથી સંયમમાં પ્રવૃત્તિ કરનારા પણ તેઓની સંયમની ક્રિયા કેવલજ્ઞાનની પ્રાપ્તિનું કારણ થતી નથી. તેમાં આગમવચન દોષપાત્ર નથી પરંતુ સ્યાદ્વાદની મર્યાદાથી તે પુરુષના બોધનો અભાવ જ કારણ છે. તેથી સ્યાદ્વાદની મર્યાદાથી પ્રમાણભૂત એવા આગમથી સ્વર્ગની જેમ કેવલજ્ઞાનના વિષયમાં પણ નિશ્ચય થાય છે અર્થાત્ 'આગમ વચનાનુસાર સ્વર્ગના ઉપાયને કોઈ સેવે અને તેને સ્વર્ગની પ્રાપ્તિ થઈ છે તે તે પ્રકારના દૃષ્ટાંતોથી સિદ્ધ છે', તેમ જે જીવો આગમ વચનાનુસાર નિર્ગ્રંથભાવ પ્રગટ થાય તે પ્રકારે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ પ્રકર્ષથી સેવે છે તેઓને કેવલજ્ઞાન અવશ્ય પ્રાપ્ત થાય છે. **।।૧૨૪૨-૧૨૪૩।।**

**અવતરણિકા :-**

अत्र परस्य मतमाशङ्कमान आह—

**અવતરણિકાર્થ :-**

અહીં પરના મતની આશંકા કરતાં ગ્રંથકારશ્રી કહે છે=પૂર્વગાથામાં કહ્યું કે 'સ્યાદ્વાદની મર્યાદાથી સ્વતઃ પ્રમાણભૂત એવા આગમથી કેવલજ્ઞાનની પ્રાપ્તિમાં નિશ્ચય થાય છે,' એ પ્રકારના કથનમાં પૂર્વપક્ષીના મતની આશંકા કરતાં ગ્રંથકારશ્રી કહે છે—

**ગાથા :-**

**सिय सुहपगरिसरूवो सग्गो तं चेत्थ अणुहवपसिद्धं ।**
**ण य केवलं ति तं णो दोण्ह वि सामन्नसिद्धीओ ।।१२४४।।**

**છાયા :-**

स्यात् सुखप्रकर्षरूपः स्वर्गस्तच्चात्रानुभवप्रसिद्धम् ।
न च केवलमिति तन्न द्वयोरपि सामान्यसिद्धेः ।।१२४४।।

**ગાથાર્થ :-**

**આ પ્રમાણે થાય. સુખના પ્રકર્ષરૂપ સ્વર્ગ છે અને તે અહીં=સંસારમાં, અનુભવસિદ્ધ છે અને કેવલજ્ઞાન નથી. તે નથી=પૂર્વપક્ષીનું તે કથન બરાબર નથી; કેમ કે બંનેની પણ=સ્વર્ગ અને કેવળજ્ઞાન બંનેની પણ, સામાન્યથી સિદ્ધિ છે. ।।૧૨૪૪।।**

**ટીકા :-**

स्यादेतत्-सुखप्रकर्षरूपः स्वर्गस्तच्च सुखमत्र जगति अनुभवप्रसिद्धम्, तस्मात् नो(चो)दनायाः फलं स्वर्गो युक्तो दृष्टत्वात्, केवलज्ञानं तु न दृष्टं, तत्कथमदृष्टं सत् नो(चो)दनायाः फलत्वेन कल्प्यत इति? । अत्राह—'तन्नेत्यादि' यदेतदुक्तं तन्न । कुत इत्याह—द्वयोरपि-सुखरूपस्वर्गकेवलयोस्सामान्येन सिद्धेः ।।१२४४।।

**ટીકાર્થ :-**

स्यादेतत्- ..... सिद्धेः ।। આ થાય=પૂર્વપક્ષીના મતે આ થાય, 'સુખના પ્રકર્ષરૂપ સ્વર્ગ છે અને તે સુખ અહીં=જગતમાં, અનુભવપ્રસિદ્ધ છે. તેથી ચોદનાનું ફળ સ્વર્ગયુક્ત છે'; કેમ કે દૃષ્ટપણું છે. વળી કેવલજ્ઞાન દેખાતું નથી તે કારણથી કેવી રીતે અદૃષ્ટ છતું એવું કેવલજ્ઞાન ચોદનાના ફળપણાથી કલ્પના કરાય છે ? અહીં કહે છે=પૂર્વપક્ષીના કથનમાં ઉત્તર આપે છે. જે આ કહેવાયું=સુખના પ્રકર્ષરૂપ સ્વર્ગ યુક્ત છે અને કેવલજ્ઞાન અહીં જોવાયું નથી તેથી ચોદનાનું ફળ કેવલજ્ઞાન છે એમ

કલ્પી શકાય નહીં', એ પ્રમાણે જે પૂર્વપક્ષીએ કહ્યું, તે નથી. કયા કારણથી નથી ? તેથી કહે છે – બંનેની પણ=સુખરૂપે સ્વર્ગ અને કેવલજ્ઞાન બંનેની પણ, સામાન્યથી સિદ્ધિ છે. ।।૧૨૪૪।।

**અવતરણિકા :-**

एतदेव भावयति—

**અવતરણિકાર્થ :-**

આને જ=સ્વર્ગ અને કેવલજ્ઞાન બંનેની સામાન્યથી સિદ્ધિ છે એને જ, ભાવન કરે છે –

**ગાથા :-**

**ण हि जं विसिट्ठसाहणसज्झा दीसंति सुहविसेसा वि ।**
**सामन्नेण उ दीसइ णाणं पि समाणमेवेदं ।।१२४५।।**

**છાયા :-**

न हि यद् विशिष्टसाधनसाध्या दृश्यन्ते सुखविशेषा अपि ।
सामान्येन तु दृश्यते ज्ञानमपि समानमेवेदम् ।।१२४५।।

**ગાથાર્થ :-**

**જે કારણથી વિશિષ્ટ સાધનથી સાધ્ય સુખવિશેષો પણ દેખાતા નથી. સામાન્યથી દેખાય છે. આ જ્ઞાન પણ=કેવલજ્ઞાન પણ, સમાન જ છે. ।।૧૨૪૫।।**

**ટીકા :-**

**न हि-नैव यत्-यस्मात् विशिष्टसाधनसाध्याः सुखविशेषा दृश्यन्ते, किं तु सामान्येनैव सुखमात्रं केवलं, तन्मात्रदर्शनात् सर्वोत्तमसुखविशेषसंभवोऽनुमीयते, स च स्वर्गशब्दवाच्यः सन् चोदनायाः फलत्वेन कल्प्यत इति, एतच्च ज्ञानमधिकृत्य समानमेव । तथाहि—यद्यपि ज्ञानप्रकर्षरूपं केवलज्ञानं नोपलभ्यते, तथापि ज्ञानसामान्यदर्शनात्सर्वोत्तमप्रकर्षरूपज्ञानविशेषसंभवोऽनुमीयते, तद्रूपं च केवलज्ञानं चोदनायाः फलत्वेन कल्प्यते इत्यदोषः ।।१२४५।।**

**ટીકાર્થ :-**

न हि- ..... इत्यदोषः ।। જે કારણથી વિશિષ્ટ સાધનથી સાધ્ય સુખવિશેષો=દેવલોકમાં વર્તતી ઉત્તમ ભોગસામગ્રી અને ઇન્દ્રિયો આદિની પટુતારૂપ વિશિષ્ટ સાધનથી સાધ્ય સુખવિશેષો, દેખાતા નથી પરંતુ કેવળ સામાન્યથી જ સુખમાત્ર દેખાય છે, તેના માત્રના દર્શનથી=સામાન્ય સુખ માત્રના દર્શનથી, સર્વોત્તમ સુખવિશેષનો સંભવ અનુમાન કરાય છે=સ્વર્ગમાં વર્તતા જીવોને વિશિષ્ટ ભોગસામગ્રી હોવાને કારણે મનુષ્યો કરતાં પ્રચુર સુખવિશેષનો સંભવ અનુમાન કરાય છે અને તે=સર્વોત્તમ

**સુખવિશેષ, સ્વર્ગ શબ્દ વાચ્ય છતુ ચોદનાના ફળરૂપે કલ્પાય છે અને આ=સ્વર્ગ શબ્દ વાચ્ય સુખ ચોદનાનું ફળ કલ્પાય છે એ, જ્ઞાનને આશ્રયીને સમાન જ છે. તે આ પ્રમાણે, જોકે જ્ઞાનના પ્રકર્ષરૂપ કેવલજ્ઞાન ઉપલબ્ધ થતું નથી=છદ્મસ્થને સાક્ષાત્ કોઈ કેવળી વિદ્યમાન હોય તેને જોઈને પણ તેમનામાં વર્તતું જ્ઞાનના પ્રકર્ષરૂપ કેવલજ્ઞાન ઉપલબ્ધ થતું નથી, તો પણ જ્ઞાનસામાન્યનું દર્શન હોવાથી='આપણને નથી' તેવું વિશેષ પ્રકારનું જ્ઞાન કેવલીમાં છે એ પ્રકારે જ્ઞાનસામાન્યનું દર્શન હોવાથી, સર્વોત્તમ પ્રકર્ષરૂપ જ્ઞાનવિશેષનો સંભવ અનુમાન કરાય છે અને તે સ્વરૂપ કેવલજ્ઞાન ચોદનાના ફળપણે કલ્પાય છે, એથી અદોષ છે. ॥૧૨૪૫॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે સ્યાદ્વાદ નીતિથી સ્વતઃ પ્રમાણભૂત એવા આગમથી 'સ્વર્ગની જેમ કેવલજ્ઞાનનો પણ નિશ્ચય થાય છે.' ત્યાં પૂર્વપક્ષી કહે છે, 'સંસારી જીવોને ઉત્તમ ભોગસામગ્રીથી અહીં=મનુષ્યલોકમાં, સુખનો અનુભવ છે અને સુખના પ્રકર્ષરૂપ જ સ્વર્ગ છે. તેથી આગમની પ્રેરણાનું ફળ સ્વર્ગ છે તેમ કહેવું યુક્ત છે' અર્થાત્ 'જેઓ આગમ વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે છે તેઓને સુખના પ્રકર્ષરૂપ સ્વર્ગ પ્રાપ્ત થાય છે તેમ કહેવું સંગત છે.' વળી, જગતમાં સર્વ જ્ઞેયનું જ્ઞાન કોઈને છે તેવું કેવલજ્ઞાન દેખાતું નથી છતાં આગમની પ્રેરણાના ફળરૂપે કેવલજ્ઞાન થાય છે તેમ કઈ રીતે કલ્પના થઈ શકે ? અર્થાત્ સ્વર્ગની જેમ 'આગમના વચનાનુસાર પ્રવૃત્તિનું ફળ કેવલજ્ઞાન છે તેમ કહેવામાં કોઈ યુક્તિ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે પૂર્વપક્ષીનું આ કથન યુક્ત નથી; કેમ કે સુખરૂપ સ્વર્ગમાં અને કેવલજ્ઞાનમાં આગમની પ્રેરણાના ફળરૂપે સામાન્યથી જ સિદ્ધિ છે. કઈ રીતે બંનેમાં સામાન્યથી સિદ્ધિ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. સંસારી જીવોને વિશિષ્ટ ભોગસામગ્રીથી સાધ્ય સુખવિશેષો દેખાય છે, તે સુખવિશેષો પણ મનુષ્યલોકમાં સુખમાત્ર રૂપે જ સામાન્યથી દેખાય છે; કેમ કે સંસારી જીવોના અતિ ઉદાર ભોગસામગ્રીવાળા મનુષ્યને પણ સ્વર્ગ જેવાં વિશિષ્ટ સુખો પ્રત્યક્ષથી દેખાતાં નથી અને સામાન્યથી ઉત્તમ ભોગસામગ્રીજન્ય સુખ સંસારમાં દેખાય છે તેના બળથી સંસારી જીવો અનુમાન કરી શકે છે કે સ્વર્ગમાં મનુષ્યલોક કરતાં ઘણી ઉત્તમ ભોગસામગ્રી છે. તેથી દેવોને સર્વોત્તમ સુખવિશેષનો સંભવ છે તેમ અનુમાન કરાય છે અને તેવું સુખ આગમના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિનું ફળ છે તેમ કલ્પાય છે. તે રીતે જ્ઞાનમાં પણ જ્ઞાનના પ્રકર્ષરૂપ કેવલજ્ઞાન પ્રત્યક્ષથી દેખાતું નથી, તો પણ સંસારી જીવોમાં જ્ઞાનસામાન્ય દેખાય છે અને કેટલાક વિદ્યમાન જીવોમાં તે જ્ઞાન અન્ય જીવો કરતાં વિશેષ માર્ગાનુસારી જ્ઞાન દેખાય છે. છતાં પરિપૂર્ણ જ્ઞાનનો પ્રકર્ષ સાક્ષાત્ દેખાતો નથી તો પણ જેઓ આગમના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે છે અને તેના દ્વારા જ્ઞાનનાં આવારક સર્વ કર્મોનો નાશ કરે છે તેઓમાં સર્વોત્તમ પ્રકર્ષરૂપ જ્ઞાનવિશેષના સંભવરૂપ કેવલજ્ઞાન કલ્પના કરાય છે તેથી 'આગમના વચનના સેવનના ફળરૂપે કેવલજ્ઞાન થાય છે' એમ સ્વીકારવામાં દોષ નથી. **॥૧૨૪૪-૧૨૪૫॥**

**અવતરણિકા :-**

**तदेवं स्वपक्षे सौस्थ्यमास्थाय परपक्षे दोषमुद्भावयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે સ્વપક્ષમાં=સ્યાદ્વાદ પક્ષમાં, સૌસ્થ્યને સ્થાપન કરીને પરપક્ષમાં દોષના ઉદ્ભાવનને કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૧૧૩૮થી અત્યાર સુધી વીતરાગ અને સર્વજ્ઞ સંભવે છે તેમ સ્થાપન કર્યું, તેનું નિગમન 'तदेवं'થી કરતાં ગ્રંથકારશ્રી કહે છે. આ રીતે=ભગવાન સર્વજ્ઞ વીતરાગ છે એમ સ્થાપન કર્યું એ રીતે, સ્યાદ્વાદના પક્ષમાં સૌસ્થ્યનું સ્થાપન કરીને=ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી નિશ્ચિત ફળ મળે છે એ પ્રકારની સુવ્યવસ્થાનું સ્થાપન કરીને, પરપક્ષમાં=વીતરાગ સર્વજ્ઞ નહીં સ્વીકારનાર મીમાંસકના પક્ષમાં, દોષનું ઉદ્ભાવન કરતાં ગ્રંથકારશ્રી કહે છે.

**ગાથા :-**

**एगंतेण उ णिच्चो अतिंदियत्थो य आगमो जेसिं ।**
**रागादिअविज्जाए गहिआ पुरिसा य सव्वे वि ।।१२४६।।**
**तेसिमिह किं पमाणं? इमस्स वयणस्स एरिसो अत्थो ।**
**ण तु एरिसो त्ति णिच्छयविरहम्मि य कह पवित्ती वि? ।।१२४७।।**

**છાયા :-**

एकान्तेन तु नित्योऽतीन्द्रियार्थश्चागमो येषाम् ।
रागाद्यविद्यया गृहीताः पुरुषाश्च सर्वेऽपि ।।१२४६।।
तेषामिह किं प्रमाणम् ? अस्य वचनस्येदृशोऽर्थः ।
न तु ईदृश इति निश्चयविरहे च कथं प्रवृत्तिरपि ? ।।१२४७।।

**ગાથાર્થ :-**

**જેઓનો આગમ એકાંતથી નિત્ય અતીન્દ્રિય અર્થવાળો છે અને સર્વ પણ પુરુષો રાગાદિરૂપ અવિદ્યા ગૃહીત છે. ।।૧૨૪૬।।**

**અહીં=વિચારના ઉપક્રમમાં, તેઓને=મીમાંસકોને, આ વચનનો આવો અર્થ છે. પરંતુ આવો નથી, એમાં શું પ્રમાણ છે ? અને નિશ્ચયનો વિરહ હોતે છતે કેવી રીતે પ્રવૃત્તિ થાય ?=તે આગમથી પ્રવૃત્તિ થાય નહીં. ।।૧૨૪૭।।**

**ટીકા :-**

**येषां मीमांसकानामागम एकान्तेन नित्योऽतीन्द्रियार्थः, पुरुषाश्च सर्वेऽपि रागाद्यविद्या-गृहीताः ।।१२४६।।**

तेषामिह-विचारोपक्रमे अस्य-वचनस्य ईदृश एवार्थो नत्वनीदृश इत्यत्र किं प्रमाणं?, नैव किंचित्, प्रत्यक्षादीनामविषयत्वादिति भावः । तथा च सति कुतो वेदवाक्यार्थनिश्चयः? । अथ च मा भून्निश्चयः, का नो हानिरिति चेत् आह—निश्चयविरहे च-निस्संदिग्धाविपरीतप्रत्ययाभावे च कथं तत-आगमात् प्रवृत्तिः प्रेक्षावतामुपपद्यते?, नैव कथंचनेतिभावः । प्रेक्षावत्ताक्षितिप्रसङ्गात् ।।१२४७।।

**ટીકાર્થ :-**

येषां ..... गृहीताः ।। જે મીમાંસકોના મતે આગમ એકાંતથી નિત્ય અતીન્દ્રિય અર્થવાળો છે અને પુરુષો સર્વ રાગાદિરૂપ અવિદ્યાથી ગૃહીત છે. ।।૧૨૪૬।।

**ટીકાર્થ :-**

तेषामिह- ..... प्रसङ्गात् ।। તેઓને=જે મીમાંસકો આગમને એકાંત નિત્ય માને છે અને જીવોને રાગાદિ અવિદ્યાથી ગૃહીત માને છે તેઓને, અહીં=વિચારના ઉપક્રમમાં=કોનું વચન પ્રમાણ છે ? એ પ્રકારના વિચારના ઉપક્રમમાં, 'આ વચનનો આવો જ અર્થ છે=નિત્ય એવા આગમના આ વચનનો આવો જ અર્થ છે, આવો નથી,' એ પ્રકારના સ્વીકારવામાં શું પ્રમાણ છે ? અર્થાત્ કોઈ પ્રમાણ નથી જ; કેમ કે પ્રત્યક્ષાદિનું અવિષયપણું છે અને તેમ હોતે છતે=મીમાંસકના આગમવચનના પ્રતિનિયત અર્થને સ્વીકારવામાં પ્રમાણ નથી તેમ હોતે છતે, શેનાથી વેદવાક્યના અર્થનો નિશ્ચય થાય ? અને નિશ્ચય ન થાઓ=વેદવાક્યના અર્થનો નિશ્ચય ન થાઓ, 'અમને શું હાનિ છે ?' એ પ્રમાણે મીમાંસક કહે તો ગ્રંથકારશ્રી કહે છે, 'નિશ્ચયનો વિરહ હોતે છતે=નિઃસંદિગ્ધ અવિપરીત નિર્ણયનો અભાવ હોતે છતે, કેવી રીતે તે આગમથી વિચારકોની પ્રવૃત્તિ ઘટે ? કોઈ રીતે ઘટે નહીં ?' એ પ્રકારનો ભાવ છે; કેમ કે વિચારકપણાની ક્ષતિનો પ્રસંગ છે. ।।૧૨૪૭।।

**અવતરણિકા :-**

अत्र पर आह—

**અવતરણિકાર્થ :-**

અહીં=ગાથા-૧૨૪૭માં કહ્યું કે મીમાંસકને અભિમત વેદવાક્યથી અર્થનો નિશ્ચય થઈ શકે નહીં તેથી વિચારકની પ્રવૃત્તિ તે વેદવચનથી થઈ શકે નહીં એ કથનમાં, પર=મીમાંસક, કહે છે —

**ગાથા :-**

जो चेव लोगिगाणं पदाणमत्थो स एव तेसिं पि ।
ता तदणुसारतो च्चिय णज्जइ एत्थं पि णो माणं ।।१२४८।।

છાયા :-

य एव लौकिकानां पदानामर्थः स एव तेषामपि ।
तस्मात् तदनुसारत एव ज्ञायते अत्रापि न मानम् ।।१२४८।।

ગાથાર્થ :-

જે લૌકિક પદોનો અર્થ છે તે જ તેઓનો પણ=વેદવચનોનાં પદોનો પણ, અર્થ છે, તે કારણથી તેના અનુસારથી જ=લૌકિક પદોના અર્થના અનુસારથી જ, જણાય છે=વેદપદોનો અર્થ જણાય છે. અહીં પણ=આ પ્રકારના મીમાંસકના સમાધાનમાં પણ, પ્રમાણ નથી. ।।૧૨૪૮।।

ટીકા :-

य एव लौकिकानां पदानामर्थः स एव तेषामपि वैदिकानाम्, 'ता' तस्मात्तदनुसारतो-लौकिकपदार्थानुसारतो ज्ञायते वैदिकानामपि पदानामर्थ इति न कश्चिद्दोषः । अत्राह—'इत्थं पि णो माणमिति' अत्रापि य एव लौकिकानां पदानामर्थः स एव वैदिकानामपि पदानामित्यस्यामपि कल्पनायां न मानं-प्रमाणं, संशयानिवृत्तेः । तथाहि—यथा शब्दरूपत्वाविशेषेऽपि एके पौरुषेया अपरे चापौरुषेयाः शब्दा इति स्वरूपभेदस्तथार्थभेदोऽपि संभाव्यत एवेति ।।१२४८।।

ટીકાર્થ :-

य एव ..... एवेति ।। લૌકિક પદોનો જે જ અર્થ છે તે જ તેઓનો પણ=વૈદિક પદોનો પણ, અર્થ છે. તે કારણથી તેના અનુસારથી=લૌકિક પદોના અર્થના અનુસારથી, વૈદિક પણ પદોનો અર્થ જણાય છે. એથી કોઈ દોષ નથી=પ્રેક્ષાવાળાની વેદવચનથી પ્રવૃત્તિ સ્વીકારવામાં કોઈ દોષ નથી. અહીં=મીમાંસકના પ્રસ્તુત સમાધાનમાં, ગ્રંથકારશ્રી કહે છે, "અહીં પણ માન નથી" તેનો અર્થ સ્પષ્ટ કરે છે. અહીં પણ=જે લૌકિક પદોનો અર્થ છે તે જ વૈદિક પણ પદોનો અર્થ છે એ પ્રકારની આ પણ કલ્પનામાં, માન નથી=પ્રમાણ નથી; કેમ કે સંશયની અનિવૃત્તિ છે=વિચારકને સંશય થાય છે કે આગમ અલૌકિક છે તેમ આગમનાં પદોનો અર્થ પણ અલૌકિક છે કે લૌકિક છે એ પ્રકારના સંશયની અનિવૃત્તિ છે, અને તે સંશયની અનિવૃત્તિ જ 'तथाहि'થી સ્પષ્ટ કરે છે. જે પ્રમાણે શબ્દરૂપપણું અવિશેષ હોવા છતાં પણ=લૌકિક પદોમાં અને વૈદિક પદોમાં શબ્દરૂપપણું અવિશેષ હોવા છતાં પણ, 'એક પૌરુષેય છે=લૌકિક શબ્દો પુરુષથી બોલાયા છે, અને બીજા અપૌરુષેય શબ્દો છે=વેદવચનો પુરુષથી નહીં બોલાયેલા શબ્દો છે, એ પ્રકારે સ્વરૂપભેદ છે' તે પ્રકારે અર્થનો ભેદ પણ સંભાવના કરાય જ છે. ।।૧૨૪૮।।

અવતરણિકા :-

अपिच—

**અવતરણિકાર્થ :-**

અને વળી=બીજો દોષ બતાવતાં કહે છે –

**ગાથા :-**

तुल्लत्थयाए किं वा इमे अणिच्चा तओ य णिच्चो त्ति? ।
सव्वगयणिच्चवण्णा य कारणं तुह दुवेण्हं पि ।।१२४९।।

**છાયા :-**

तुल्यार्थतायां किं वा इमेऽनित्याः सकश्च नित्य इति ।
सर्वगतनित्यवर्णाश्च कारणं तव द्वयोरपि ।।१२४९।।

**ગાથાર્થ :-**

**અથવા તુલ્યતા હોતે છતે=લૌકિક શબ્દોમાં અને વૈદિક શબ્દોમાં તુલ્યતા હોતે છતે, કયા કારણથી આ=લૌકિક શબ્દો, અનિત્ય છે અને તે=વેદ, નિત્ય છે ? સર્વગત નિત્ય વર્ણો, તારા મતથી બંનેનાં પણ કારણ છે. ।।૧૨૪૯।।**

**ટીકા :-**

तुल्यार्थतायां सत्यां किं वा-कस्माद्वा कारणाद् वाशब्दो दूषणान्तरसमुच्चये इमे-लौकिकाः शब्दा अनित्याः, 'तओत्ति'सको वेदो नित्य इति कल्प्यते?, निबन्धनाभावान्नैवैतत्कल्पनं समीचीनमिति भावः । अथोच्येत-वेदगतवर्णानां नित्यत्वात्स नित्यो नत्वितरे इति । तदप्ययुक्तम्, यत आह– 'सव्वेत्यादि' सर्वगताश्च नित्याश्च ते वर्णाश्च ते कारणं तव मतेन द्वयोरपि-लौकिकवैदिकशब्दयोस्तथा-भ्युपगमात्, ततो द्वयोरप्यविशेषेण नित्यता (ऽनित्यता) वा युक्ता नतु विभागत इति ।।१२४९।।

**ટીકાર્થ :-**

तुल्यार्थतायां ..... विभागत इति ।। વા શબ્દ દૂષણાંતરના સમુચ્ચયમાં છે તેથી, અથવા તુલ્ય અર્થ હોતે છતે=વેદવચનોનાં પદોની અને લૌકિક પદોની તુલ્યઅર્થતા હોતે છતે, કયા કારણથી આ=લૌકિક શબ્દો, અનિત્ય છે ? તે=વેદવચનો, નિત્ય છે એ કલ્પના કરાય છે ? અર્થાત્ કલ્પના ઉચિત નથી; કેમ કે નિબંધનનો અભાવ છે=બેના ભેદ સ્વીકારવામાં કારણનો અભાવ છે. 'આ કલ્પન=લૌકિક શબ્દો અનિત્ય અને વેદવચનો નિત્ય એ કલ્પના, સમીચીન નથી જ,' એ પ્રકારનો ભાવ છે. 'અથ'થી પૂર્વપક્ષી વડે કહેવાય છે. વેદગત વર્ણોનું નિત્યપણું હોવાથી તે નિત્ય છે. વળી ઈતર=લૌકિક વર્ણો, નથી=નિત્ય નથી, તે પણ=મીમાંસકનું તે પણ સમાધાન, અયુક્ત છે. જે કારણથી કહે છે, સર્વગત અને નિત્ય એવા તે વર્ણો સર્વગત નિત્યવર્ણો છે. તે=સર્વગત અને નિત્યવર્ણો, તારા મતથી=મીમાંસકના મતથી બંનેનાં પણ કારણો છે=લૌકિક અને વૈદિક શબ્દોનાં પણ કારણો છે; કેમ કે તે પ્રકારનો

સ્વીકાર છે=મીમાંસકોને સર્વગત નિત્ય એવા તે વર્ણો છે તે પ્રકારનો સ્વીકાર છે. તેથી બંનેની પણ= લૌકિક અને વૈદિક બંને શબ્દની પણ, અવિશેષથી નિત્યતા અથવા અનિત્યતા યુક્ત છે પરંતુ વિભાગથી નહીં=લૌકિક શબ્દ અનિત્ય છે અને વૈદિક શબ્દ નિત્ય છે એ પ્રકારના વિભાગથી યુક્ત નથી. ॥૧૨૪૯॥

**અવતરણિકા :-**

अत्र परस्य मतमाशङ्कमान आह—

**અવતરણિકાર્થ :-**

અહીં=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ મીમાંસકને કહ્યું કે 'લૌકિક અને વૈદિક વચનને અવિશેષથી નિત્ય અથવા અનિત્ય સ્વીકારવાં જોઈએ એમાં, પરના મતની=મીમાંસકના મતની, આશંકા કરતાં કહે છે —

**ગાથા :-**

रयणादिविसेसकतो अह तु विसेसो ण जुत्तमेयं पि ।
सव्वगयादिजुयाणं रयणादिविसेसविरहाओ ।।१२५०।।

**છાયા :-**

रचनादिविशेषकृतोऽथ तु विशेषो न युक्तमेतदपि ।
सर्वगतादियुतानां रचनादिविशेषविरहात् ।।१२५०।।

**ગાથાર્થ :-**

હવે મીમાંસક કહે, રચનાદિ વિશેષથી કરાયેલો વિશેષ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે, એ પણ યુક્ત નથી; કેમ કે સર્વગતત્વાદિયુક્ત એવા લૌકિક અને વૈદિક વચનોના રચનાદિ વિશેષનો વિરહ છે. ॥૧૨૫૦॥

**ટીકા :-**

अथ मन्येथाः-लौकिकवैदिकशब्दानां रचनादिकृतो विशेषस्तथाहि—यादृशी वैदिकवर्णानामन्यथा-कर्तुमशक्या रचना न तादृशी लौकिकशब्दानामादिशब्दात् दुर्भणत्वादिपरिग्रहः । अत्राह—न युक्तमेतदपि पूर्वोक्तम् । कुत इत्याह—'सव्वेत्यादि' भावप्रधानत्वात् निर्देशस्य सर्वगतत्वेन नित्यत्वेन च युतानां रचनादिविशेषविरहात्-रचनादिविशेषासंभवात् । क्रमविशेषेण हि वर्णानां स्थापना रचना, वर्णाश्च सर्वगतत्वादिधर्मोपेतास्तथाभ्युपगमात्, तत्कथमेषां क्रमेण स्थापनासंभवः ?, तथा एकान्तनित्यस्वभावतया तेषां स्वभावापगमासंभवात्, कथं पूर्वमभण्यमानस्य सतो भण्यमानतासंभवो, येन दुर्भणत्वमभ्युपपद्येतेति ।।१२५०।।

**ટીકાર્થ :-**

अथ ..... दुर्भणत्वमभ्युपपद्येतेति ।। હવે તું માને=મીમાંસક માને, લૌકિક અને વૈદિક શબ્દોનું રચનાદિકૃત વિશેષ છે=ભેદ છે. તે આ પ્રમાણે, વૈદિક વર્ણોની અન્યથા કરવા માટે અશક્ય જેવી રચના છે=વૈદિક વચનો અસંબદ્ધભાષક છે એ પ્રકારે અન્યથા કરવા માટે અશક્ય જેવી રચના છે, તેવી લૌકિક શબ્દોની નથી. 'આદિ' શબ્દોથી=રચનાદિમાં રહેલા 'આદિ' શબ્દોથી, દુર્ભણત્વાદિનું ગ્રહણ છે. અહીં=મીમાંસકે જે કહ્યું એમાં, ગ્રંથકારશ્રી કહે છે, 'આ પણ પૂર્વોક્ત=મીમાંસક વડે કહેવાયેલું, યુક્ત નથી.' કયા કારણથી ? એથી કહે છે, 'સર્વગત શબ્દોમાં નિર્દેશનું ભાવપ્રધાનપણું હોવાથી સર્વગતથી અને નિત્યત્વથી યુત એવા લૌકિક અને વૈદિક શબ્દોની રચનાદિનો વિશેષનો વિરહ હોવાથી=રચનાદિના ભેદનો અસંભવ હોવાથી, મીમાંસકનું કથન યુક્ત નથી, એમ અન્વય છે.' हि=જે કારણથી, ક્રમવિશેષથી વર્ણોની સ્થાપના રચના છે અને વર્ણો=અકારાદિ અક્ષરો, સર્વગતત્વાદિ ધર્મોથી યુક્ત છે; કેમ કે તે પ્રકારે સ્વીકાર છે=મીમાંસકો વડે વર્ણો સર્વગતત્વાદિ ધર્મોરૂપે સ્વીકાર છે. તે કારણથી કેવી રીતે આમની=વર્ણોની, ક્રમથી સ્થાપનાનો સંભવ છે ? અને તેઓનું=શબ્દોનું, એકાંત નિત્ય સ્વભાવપણું હોવાથી સ્વભાવના અપગમનો અસંભવ હોવાને કારણે કેવી રીતે પૂર્વમાં નહીં બોલાતા છતા બોલાતારૂપે સંભવ છે ? જેથી તેમાં દુર્ભણત્વ=દુઃખે કરીને કહેવાપણું, સ્વીકાર કરાય છે ? ।।૧૨૫૦।।

**અવતરણિકા :-**

अन्यच्च—

**અવતરણિકાર્થ :-**

અને બીજું=ગ્રંથકારશ્રી મીમાંસકને અન્ય કહે છે –

**ગાથા :-**

तीरइ य अन्नहा वि हु काउं रयणा वि लोगिगाणं व्व ।
वेदवयणाण तहसंठियाण ण तु लोगिगाणं पि ।।१२५१।।

**છાયા :-**

शक्यते चान्यथाऽपि हु कर्तुं रचनापि लौकिकानामिव ।
वेदवचनानां तथासंस्थितानां न तु लौकिकानामपि ।।१२५१।।

**ગાથાર્થ :-**

**અને અન્યથા પણ લૌકિક વચનોની જેમ વેદવચનોની રચના પણ કરવા માટે શક્ય છે. તે પ્રકારે સંસ્થિત લૌકિક પણ વચનોની શક્ય નથી=રચના અન્યથા કરવા માટે શક્ય નથી. ।।૧૨૫૧।।**

**ટીકા :-**

तीर्यते च-शक्यते चान्यथापि-अन्येनापि प्रकारेण रचनापि कर्तुं वैदिकवचनानां, लौकिकवचनानामिव । अथोच्येत तथैव वैदिकानि वचनानि संस्थितानि, तत्कथं तेषामन्यथापि रचना कर्तुं शक्येत्यत आह—'तहेत्यादि' ननु लौकिकानामपि वचनानां वैदिकानामिव तथासंस्थितानां न तु-नैव रचनान्यथाकर्तुं शक्यते, तत एतदपि वचनमात्रमेव, तथा दुर्भणत्वमपि लौकिकशब्दानां वैदिकानामिव ॠ प्रभृतीनां दृश्यते, ततो रचनादिविशेषकृतोऽपि (न) विशेष इति यत्किंचिदेतत् ।।१२५१।।

**ટીકાર્થ :-**

तीर्यते ..... यत्किंचिदेतत् ।। અને અન્યથા પણ=અન્ય પણ પ્રકારથી, લૌકિક વચનોની જેમ વૈદિક વચનોની રચના પણ કરવા માટે શક્ય છે. હવે કહેવાય છે=મીમાંસક વડે કહેવાય છે. 'વૈદિક વચનો તે પ્રકારે જ સંસ્થિત છે. તેથી તેઓની અન્યથા પણ રચના કઈ રીતે કરવા માટે શક્ય છે ? અર્થાત્ શક્ય નથી.' એથી કહે છે=ગ્રંથકારશ્રી કહે છે, ખરેખર લૌકિક પણ વચનોનું વૈદિક વચનોની જેમ તે પ્રકારના સંસ્થિતોનું રચનાથી અન્યથા કરવા માટે શક્ય નથી જ, તેથી આ પણ=મીમાંસકનું કરેલું સમાધાન પણ, વચન માત્ર જ છે=કથન માત્ર જ છે વાસ્તવિક નથી અને લૌકિક શબ્દોનું દુર્ભણપણું પણ, વૈદિક શબ્દોની જેમ "ॠ" વગેરેનું દેખાય છે, તેથી રચનાદિ વિશેષથી કરાયેલો પણ ભેદ નથી= લૌકિક અને વૈદિક શબ્દોમાં ભેદ નથી, એથી આ=મીમાંસકનું કથન, યત્કિંચિત્ છે. ।।૧૨૫૧।।

**અવતરણિકા :-**

उपसंहरति—

**અવતરણિકાર્થ :-**

ઉપસંહાર કરે છે=ગાથા-૧૨૪૨થી ૧૨૫૧ સુધીના કથનનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે —

**ગાથા :-**

तम्हा कहंचि णिच्चो पुरिसपणीतो य आगमो जुत्तो ।
वण्णाणमतिंदियसत्तिजाणगो कोइ पुरिसो य ।।१२५२।।

**છાયા :-**

तस्मात् कथञ्चिद् नित्यः पुरुषप्रणीतश्चागमो युक्तः ।
वर्णानामतीन्द्रियशक्तिज्ञायकः कोऽपि पुरुषश्च ।।१२५२।।

**ગાથાર્થ :-**

**તે કારણથી કથંચિત્ નિત્ય અને પુરુષથી કહેવાયેલો આગમ યુક્ત છે અને વર્ણાદિની અતીન્દ્રિય શક્તિનો જ્ઞાયક કોઈક પુરુષ છે. ।।૧૨૫૨।।**

**ટીકા :-**

**तस्मात्कथंचिन्नित्यः पुरुषप्रणीतश्चागमोऽभ्युपगन्तुं युक्तः । तथा वर्णानामतीन्द्रियशक्तिज्ञायकः कोऽपि पुरुषश्चाभ्युपगन्तुं युक्तोऽन्यथाऽनेकदोषप्रसङ्गात् ।।१२५२।।**

**ટીકાર્થ :-**

**तस्मात्कथंचिन्नित्यः ..... दोषप्रसङ्गात् ।। તે કારણથી કોઈક રીતે નિત્ય અને પુરુષથી કહેવાયેલો આગમ સ્વીકારવો યુક્ત છે=દ્રવ્યરૂપે નિત્ય અને ઋષભાદિ તીર્થંકરો વડે પ્રણીત આગમ સ્વીકારવો જોઈએ, અને વર્ણોની અતીન્દ્રિય શક્તિનો જ્ઞાયક કોઈક પુરુષ સ્વીકારવો યુક્ત છે; કેમ કે અન્યથા અનેક દોષનો પ્રસંગ છે. ।।૧૨૫૨।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૧૩૭માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે 'કોઈ વીતરાગ અને સર્વજ્ઞ પુરુષ છે જેનાથી કહેવાયેલું આગમ પ્રમાણભૂત છે અને તેમના આગમમાં ભાવધર્મ કહેવાયો છે' એ પ્રકારે સ્વમતમાં યથાર્થ ધર્મની પ્રાપ્તિ થાય છે તેમ સ્થાપન કર્યું. હવે 'વીતરાગ સર્વજ્ઞ કોઈ નથી' તેમ મીમાંસક સ્વીકારે છે. તે મત બતાવીને તેમાં દોષો બતાવતાં કહે છે.

મીમાંસક કહે છે કે બધા જ જીવો રાગાદિ અને અજ્ઞાનથી યુક્ત છે. તેથી અતીન્દ્રિય અર્થોમાં તેમના વચનથી પ્રવૃત્તિ થઈ શકે નહીં પરંતુ પરલોક અર્થે પ્રવૃત્તિ એકાંત નિત્ય આગમથી થઈ શકે છે; કેમ કે સંસારી જીવો રાગથી, દ્વેષથી કે અજ્ઞાનથી કથન કરે તે સંભવે અને 'આ યજ્ઞથી સ્વર્ગ મળશે' ઇત્યાદિ અતીન્દ્રિય અર્થોનો નિર્ણય કોઈ પુરુષ કરી શકતો નથી પરંતુ નિત્ય એવા આગમો છે તેના વચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી તે પ્રમાણે પરલોકાદિનાં ફળ મળે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે, મીમાંસકો જે વેદને અપૌરુષેય કહે છે અને એકાંત નિત્ય કહે છે તે વચનોનો આવો જ અર્થ છે, અન્ય પ્રકારનો નથી અર્થાત્ તે વેદવચનોનો જે અર્થ મીમાંસક કરે છે તે જ અર્થ છે અન્ય પ્રકારનો અર્થ નથી તેમ સ્વીકારવામાં શું પ્રમાણ છે ? અર્થાત્ કોઈ પ્રમાણ નથી; કેમ કે પ્રત્યક્ષાદિનો અવિષય છે અર્થાત્ 'તે વેદવચનોનો આ અર્થ છે, આ નથી' તેવું પ્રત્યક્ષથી જણાતું નથી પરંતુ તે વેદવચનો શબ્દરૂપે માત્ર દેખાય છે. તેથી અનુમાનથી પણ તે શબ્દોનો મીમાંસક જેવો અર્થ કરે છે તેવો જ અર્થ છે, અન્ય પ્રકારનો નથી તે નિર્ણય થઈ શકે નહીં. તેથી નિત્ય એવાં વેદવચનો ચક્ષુથી દેખાવા છતાં તેના વાક્યના અર્થનો નિર્ણય થઈ શકે નહીં.

અહીં મીમાંસક કહે કે વેદવચનોના અર્થનો નિર્ણય થાય નહીં તો અમને શું હાનિ છે ? અર્થાત્ અમને કોઈ દોષ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – જે વેદવચનો નિસ્સંદિગ્ધ, અવિપરીત અર્થનો નિર્ણય ન થતો

હોય તે વેદવચનોથી વિચારક પુરુષ કઈ રીતે પ્રવૃત્તિ કરે ? અર્થાત્ કરે નહીં. આશય એ છે કે 'આ વેદવચનોના આ જ અર્થો છે, અન્ય અર્થો નથી.' તેવો નિર્ણય ન થાય તો વિચારક પુરુષ પ્રવૃત્તિ કરે નહીં; કેમ કે જો તે વિપરીત અર્થ હોય તો તે પ્રવૃત્તિથી અભિપ્રેત ફળ મળે નહીં અથવા વ્યર્થ પ્રવૃત્તિ કરીને અનર્થકારી ફળની પણ પ્રાપ્તિ થઈ શકે. જેમ કોઈ નગરમાં જવું હોય અને તેનો 'આ જ માર્ગ છે' તેવો નિર્ણય ન થઈ શકે તો વિચારક પુરુષ પ્રવૃત્તિ કરે નહીં તેમ વેદવચનોથી વાચ્ય અર્થનો નિર્ણય ન થઈ શકે તો વિચારક પુરુષ પ્રવૃત્તિ કરે નહીં. આ પ્રકારના ગ્રંથકારશ્રીના કથનમાં મીમાંસક કહે છે – જે લૌકિક શબ્દોનો અર્થ છે તે જ વૈદિક શબ્દોનો અર્થ છે. તેથી લૌકિક શબ્દોના અર્થના અનુસારથી વૈદિક શબ્દોના અર્થનો નિર્ણય થઈ શકે છે. તેથી વેદવચનોથી અર્થનો નિર્ણય થવાથી પ્રવૃત્તિ થઈ શકશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

'લૌકિક શબ્દોનો જે અર્થ છે તે જ વૈદિક શબ્દોનો અર્થ છે એમ સ્વીકારવામાં શું પ્રમાણ છે ? અર્થાત્ કોઈ પ્રમાણ નથી, કેમ પ્રમાણ નથી ? તેમાં યુક્તિ બતાવે છે. વિચારક પુરુષને સંશયની નિવૃત્તિ થતી નથી. કેવા પ્રકારના સંશયની નિવૃત્તિ થતી નથી ? તે સ્પષ્ટ કરતાં કહે છે, વૈદિક શબ્દો પણ શબ્દરૂપ છે અને લૌકિક શબ્દો પણ શબ્દરૂપ છે છતાં લૌકિક શબ્દો પુરુષથી બોલાય છે માટે 'પૌરુષેય છે' અને વૈદિક શબ્દો પુરુષથી બોલાતા નથી માટે 'અપૌરુષેય છે', એમ સ્વીકારવામાં આવે તો તે શબ્દોનો પૌરુષેય અને અપૌરુષેયરૂપ સ્વરૂપભેદ છે તેમ તેનાથી વાચ્ય અર્થભેદ પણ હોઈ શકે એ પ્રકારે કોઈક વિચારકને સંશય થાય તો તેનું નિવારણ થઈ શકે નહીં. માટે લૌકિક શબ્દો અને વૈદિક શબ્દોનો સમાન અર્થ છે તેમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી. વળી, લૌકિક શબ્દો અને વૈદિક શબ્દોનો તુલ્ય અર્થ સ્વીકારીએ તો પણ અન્ય દોષ પ્રાપ્ત થાય છે તે બતાવે છે. લૌકિક શબ્દો અનિત્ય છે અને વેદ શબ્દો નિત્ય છે એ કયા કારણથી કલ્પના કરી શકાય ? અર્થાત્ તેવો ભેદ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી માટે વૈદિક શબ્દોને નિત્ય સ્વીકારવું ઉચિત નથી. અહીં પૂર્વપક્ષી કહે કે વેદવચનમાં રહેલા શબ્દો નિત્ય હોવાથી વેદ નિત્ય છે અને લૌકિક વચનો તેવાં નથી માટે લૌકિક વચનો અનિત્ય છે આ પ્રકારનું મીમાંસકનું સમાધાન પણ ઉચિત નથી; કેમ કે મીમાંસકના મતથી શબ્દો સર્વગત છે અને નિત્ય છે અને પુરુષના પ્રયત્નથી તે અભિવ્યક્ત થાય છે તેમ તે સ્વીકારે છે. આશય એ છે કે 'બોલાતા સર્વ શબ્દો જગતમાં સર્વ ક્ષેત્રમાં વિદ્યમાન છે અને પુરુષના કંઠ તાલુના અભિઘાતથી તે શબ્દો અભિવ્યક્ત થાય છે.' જેમ શરાવમાં ગંધ વિદ્યમાન છે, જલના સિંચનથી તે ગંધ અભિવ્યક્ત થાય છે. તેમ 'પુરુષના પ્રયત્નથી શબ્દો અભિવ્યક્ત થાય છે એમ મીમાંસક સ્વીકારે છે. તેથી લૌકિક શબ્દો પણ નિત્ય છે અને પુરુષના પ્રયત્નથી અભિવ્યક્ત થાય છે અને વૈદિક શબ્દો પણ નિત્ય છે અને તે બોલનારા પુરુષના કથનથી અભિવ્યક્ત થાય છે તેથી વૈદિક વચનો અને લૌકિક વચનો સમાન છે. તેથી લૌકિક વચનોને અને વૈદિક વચનોને સમાન રીતે નિત્ય અથવા અનિત્ય સ્વીકારવાં જોઈએ અર્થાત્ વચનરૂપે બંનેમાં નિત્યતા સમાન છે અને અભિવ્યક્ત અને અનભિવ્યક્ત રૂપે બંનેમાં અનિત્યતા સમાન છે માટે બંનેને સમાન સ્વીકારવા જોઈએ. અહીં મીમાંસક કહે કે 'લૌકિક અને વૈદિક શબ્દોમાં રચના આદિ કૃત ભેદ છે' અને તે ભેદ સ્પષ્ટ કરતાં કહે છે – વૈદિક શબ્દો જે રૂપે રચાયા

છે તેનાથી અન્યથા રૂપે તેને કરવા શક્ય નથી તેથી તેની રચના સદા તે રૂપે જ પ્રાપ્ત થાય છે અન્ય પ્રકારે પ્રાપ્ત થતી નથી અને વૈદિક શબ્દો પણ દુઃખે કરીને બોલી શકાય તેવા છે. જેમ 'ૠ' તેવું વચન વૈદિક વચનોમાં મળે છે. જેનો ઉચ્ચાર કરવો દુષ્કર છે અને લૌકિક વચનોમાં તેવી કોઈ પ્રતિનિયત રચના નથી પરંતુ અન્ય અન્ય પ્રકારે પણ રચના થાય છે અને દુઃખે કરીને બોલી શકાય તેવાં લૌકિક વચનો નથી. તેથી લૌકિક વચનો અને વૈદિક વચનોમાં ભેદ છે, તેને ગ્રંથકારશ્રી કહે છે – આ પ્રકારનું સમાધાન પણ મીમાંસકનું યુક્ત નથી; કેમ કે મીમાંસકના મતે શબ્દો સર્વગત છે અને નિત્ય છે. તેથી રચનાદિનો ભેદ પણ સંભવે નહીં કેમ સંભવે નહીં ? તે સ્પષ્ટ કરે છે. શબ્દોના વર્ણોની ક્રમવિશેષની સ્થાપના એ રચના છે અને શબ્દોના વર્ણો સર્વગતત્વ આદિ ધર્મોવાળા છે એમ મીમાંસક સ્વીકારે છે. તેથી 'સર્વગત રહેલા વર્ણોની ક્રમસર સ્થાપના રૂપ રચના કઈ રીતે સંભવે ?' અને એકાંત નિત્ય સ્વભાવવાળા શબ્દો હોવાને કારણે 'પૂર્વમાં નહીં બોલાતા છતા પાછળથી બોલાય છે એમ કહેવું પણ અસંભવ છે. તેથી વૈદિક વચનો દુર્ભણ છે=દુઃખે બોલાઈ શકાય એવા છે તેમ સ્વીકારવું પણ ઉચિત નથી.'

વળી ગ્રંથકારશ્રી મીમાંસકને કહે છે કે 'જેમ લૌકિક વચનોની રચના અન્ય પ્રકારે થઈ શકે છે તેમ વૈદિક વચનોની રચના પણ અન્ય પ્રકારે થઈ શકે છે.' તેથી 'લૌકિક વચનો' અને 'વૈદિક વચનો'માં કોઈ ભેદ નથી માટે 'લૌકિક વચનો' અનિત્ય છે અને 'વૈદિક વચનો' નિત્ય છે. તે પ્રકારનો ભેદ સ્વીકારી શકાય નહીં. ત્યાં મીમાંસક કહે કે 'વૈદિક વચનો જે પ્રકારે ઉપલબ્ધ છે, તે પ્રકારે જ સંસ્થિત છે. તેથી તેઓની અન્ય પ્રકારની રચના કરી શકાય નહીં.' તેને ગ્રંથકારશ્રી કહે છે. વૈદિક વચનોની જેમ 'લૌકિક વચનો' પણ મીમાંસકના મતને અનુસરીને વિચારીએ તો સર્વત્ર તે જ પ્રકારે સંસ્થિત છે જે પ્રકારે 'વૈદિક વચનો' સંસ્થિત છે; કેમ કે 'વચનો કોઈના બોલવાથી મીમાંસકના મતાનુસાર ઉત્પન્ન થતાં નથી પરંતુ લોકમાં રહેલાં છે.' પુરુષના પ્રયત્નથી અભિવ્યક્ત થાય છે. જેમ 'શરાવમાં ગંધ રહેલ છે, તે ગંધ જલથી અભિ-વ્યક્ત થાય છે.' તેથી 'લૌકિક વચનોની પણ રચના અન્યથા થઈ શકે નહીં' માટે લૌકિક વચનમાં અને વૈદિક વચનમાં કોઈ ભેદ નથી. તેથી લૌકિક વચનો અનિત્ય છે અને વૈદિક વચનો નિત્ય છે, એ પ્રકારનો વિભાગ મીમાંસક કરે છે તે અનુચિત છે. વળી, વૈદિક વચનોમાં દુર્ભણત્વ છે તેમ લૌકિક વચનોમાં પણ "ૠ" વગેરે વર્ણોનું દુર્ભણત્વ છે. તેથી વૈદિક વચનોમાં અને લૌકિક વચનોમાં સર્વથા સમાનપણું છે માટે દ્રવ્યાર્થ રૂપે નિત્ય અને પુરુષથી પ્રણીત આગમ સ્વીકારવો જોઈએ અને વર્ણોમાં અતીન્દ્રિય શક્તિ રહેલી છે તેના જ્ઞાયક પુરુષને સ્વીકારવા જોઈએ. આથી જ આ વર્ણો આ અર્થના વાચક છે ઇત્યાદિ નિર્ણય સર્વજ્ઞ કરી શકે છે અને તેમનાથી રચાયેલું 'આગમ જ પ્રમાણભૂત છે', તેમ સ્વીકારવું જોઈએ અને એમ ન સ્વીકારવામાં આવે તો અનેક દોષોનો પ્રસંગ પ્રાપ્ત થાય જે દોષો સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. **॥૧૨૪૯થી ૧૨૫૨॥**

**અવતરણિકા :-**

**तमेवानेकदोषप्रसङ्गं दर्शयति–**

**અવતરણિકાર્થ :-**

તે જ અનેક દોષના પ્રસંગને બતાવે છે=કથંચિત્ નિત્ય એવું આગમ પુરુષપ્રણીત છે ઇત્યાદિ ન સ્વીકારવામાં આવે તો અનેક દોષોનો પ્રસંગ છે એમ પૂર્વગાથામાં ગ્રંથકારશ્રીએ મીમાંસકને કહ્યું તે જ અનેક દોષના પ્રસંગને બતાવે છે –

**ગાથા :-**

णोवावाराभावम्मि अण्णहा खम्मि चेव उवलद्धी ।
पावइ वेदस्स सदा तहेव अत्थापरिण्णाणं ।।१२५३।।

**છાયા :-**

नृव्यापाराभावेऽन्यथा ख एवोपलब्धिः ।
प्राप्नोति वेदस्य सदा तथैवऽर्थापरिज्ञानम् ।।१२५३।।

**ગાથાર્થ :-**

**અન્યથા પુરુષના વ્યાપારના અભાવમાં આકાશમાં જ વેદની ઉપલબ્ધિ પ્રાપ્ત થાય અને તે પ્રકારે સદા જ અર્થનું અપરિજ્ઞાન થાય. ।।૧૨૫૩।।**

**ટીકા :-**

अन्यथा-पुरुषप्रणीतत्वानभ्युपगमे नुः-पुरुषस्य व्यापाराभावे-ताल्वोष्ठपुटपरिस्पन्दाभावे सति ख एव-नभस्येव केवले उपलब्धिर्वेदस्य प्राप्नोति, पौरुषेयत्वाभ्युपगमे हि नृव्यापारे, एवं सति तत्रैव च नृव्यापारदेशे तद्भाव उपपद्यते नान्यथेति । तथा सदैव वेदस्यार्थापरिज्ञानं प्राप्नोति ।।१२५३।।

**ટીકાર્થ :-**

अन्यथा- ..... प्राप्नोति ।। અન્યથા=પુરુષપ્રણીતત્વ અસ્વીકાર કરાયે છતે, પુરુષના વ્યાપારનો અભાવ હોતે છતે=તાલ-ઓષ્ઠ-પુટના પરિસ્પંદનો અભાવ હોતે છતે, કેવલ આકાશમાં જ વેદની ઉપલબ્ધિ પ્રાપ્ત થાય. हि=જે કારણથી, પૌરુષેયત્વ સ્વીકાર કરાયે છતે=વેદવચનોમાં પૌરુષેયત્વ સ્વીકાર કરાયે છતે, પુરુષના વ્યાપારમાં (વેદવચનની ઉપલબ્ધિ થાય) એમ અન્વય છે, અને આમ હોતે છતે=વેદવચનને પૌરુષેય સ્વીકાર કરાયે છતે, તે જ પુરુષના વ્યાપારના દેશમાં તેનો ભાવ=વેદવચનનો સદ્ભાવ, ઉપપન્ન થાય છે. અન્યથા થતો નથી. અને તે રીતે=પુરુષના વ્યાપારના દેશમાં વેદવચનનો સદ્ભાવ પ્રાપ્ત ન થાય તે રીતે, સદા જ વેદના અર્થનું અપરિજ્ઞાન પ્રાપ્ત થાય. ।।૧૨૫૩।।

**અવતરણિકા :-**

तथाहि–

**અવતરણિકાર્થ :-**

તે આ પ્રમાણે=પુરુષનો વ્યાપાર ન સ્વીકારવામાં આવે તો વેદના અર્થનું અપરિજ્ઞાન પ્રાપ્ત થાય એમ પૂર્વમાં કહ્યું તે આ પ્રમાણે –

**ગાથા :-**

**रागादिमं न याणति सयं न यऽण्णातो तारिसाओ तु ।**
**वेदत्थं ण तओ वि हु अचेतणत्तेण णावगमो ।।१२५४।।**

**છાયા :-**

रागादिमान्न जानाति स्वयं न चान्यतस्तादृशात्तु ।
वेदार्थं न सकोऽपि हु अचेतनत्वेन नावगमः ।।१२५४।।

**ગાથાર્થ :-**

**પુરુષ સ્વયં જાણતો નથી, રાગાદિમાન અને તેવા રાગાદિવાળા અન્યથી=અન્ય પુરુષથી, વેદનો અર્થ જાણતો નથી. તે પણ=વેદ પણ, પોતાના અર્થનું નિવેદન કરતો નથી; કેમ કે અચેતનપણું છે. અવગમ નથી=વેદના અર્થનો અવગમ નથી. ।।૧૨૫૪।।**

**ટીકા :-**

**स्वयं तावदेष पुरुषो वेदस्यार्थं न जानाति, रागादिमत्त्वात्, न चान्यस्मात्तादृशात्-रागादिमतः सकाशाद्वेदस्यार्थमवबोद्धुमलं, तस्यापि रागादिदोषपरीततया यथावस्थितार्थपरिज्ञानाभावात् । नापि सक एव-वेदो 'हु' निश्चितं स्वयम्-आत्मीयमर्थं पुरुषाय निवेदयति, 'यथाऽमुमेवार्थं मम त्वं जानीहीति' । कुत इत्याह—अचेतनत्वेन हेतुना, न हि वेदस्यैवं चेतनास्ति यथाऽयमात्मीयोऽर्थोऽस्मै निवेदनीय इति । तस्मान्न कथंचिदपि वेदार्थस्यावगम इति ।।१२५४।।**

**ટીકાર્થ :-**

स्वयं ..... इति ।। સ્વયં આ પુરુષ વેદના અર્થને જાણતો નથી; કેમ કે રાગાદિ માનપણું છે અને અન્ય તેવા પ્રકારનાથી=રાગાદિવાળા પુરુષથી, વેદના અર્થનો બોધ કરવા માટે સમર્થ નથી; કેમ કે તેનું પણ=બોધ કરાવનાર અન્યનું પણ, રાગાદિ દોષથી યુક્તપણું હોવાને કારણે યથાવસ્થિત અર્થના પરિજ્ઞાનનો અભાવ છે. વળી તે જ વેદ નિશ્ચિત સ્વયં પુરુષ માટે પોતાના અર્થને નિવેદન કરતો નથી. કઈ રીતે નિવેદન કરતો નથી ? તે 'યથા'થી બતાવે છે. "મારા આ અર્થને તું જાણ" એ પ્રમાણે નિવેદન કરતો નથી. કયા કારણથી વેદ પોતાના અર્થનું નિવેદન કરતો નથી ? એથી કહે છે. અચેતનત્વ રૂપ હેતુને કારણે નિવેદન કરતો નથી. हि=જે કારણથી, વેદની આ પ્રકારની ચેતના નથી,

**જે પ્રમાણે આ પોતાનો અર્થ આને=આ પુરુષને, નિવેદન કરવો જોઈએ, એ પ્રકારની ચેતના વેદમાં નથી, તે કારણથી કોઈ પણ રીતે વેદના અર્થનો બોધ થાય નહીં. ॥૧૨૫૪॥**

**ભાવાર્થ :-**

ગાથા-૧૨૫૨માં કહ્યું કે દ્રવ્યાર્થથી નિત્ય એવું આગમ સર્વજ્ઞથી પ્રણીત છે એમ સ્વીકારવું જોઈએ. જો તેમ ન સ્વીકારવામાં આવે તો શું દોષો પ્રાપ્ત થાય છે ? તે બતાવતાં કહે છે. આગમ પુરુષપ્રણીત નથી પરંતુ એકાંત નિત્ય છે માટે અપૌરુષેય છે. તેમ સ્વીકારવામાં આવે તો પુરુષ તાલુ, હોઠ વગેરેના પરિસ્પંદનરૂપ વ્યાપાર કરે છે, તેનાથી શબ્દોની પ્રાપ્તિ થાય છે, તેમ પ્રત્યક્ષ સર્વત્ર દેખાય છે. તેના બદલે કેવળ આકાશમાં જ વેદનાં વચનોની પ્રાપ્તિ થવી જોઈએ અને જો પુરુષથી આગમ કરાયું છે, તેમ સ્વીકારો તો પુરુષના વ્યાપારથી તેની પ્રાપ્તિ દેખાય છે, તે સંગત થાય. વળી, જે સ્થાને પુરુષ વ્યાપાર કરે છે તે સ્થાનમાં જ તે વચનો પ્રાપ્ત થાય છે તે પ્રકારનો સર્વને અનુભવ છે તે સંગત થાય છે પરંતુ અપૌરુષેય સ્વીકારો તો બોલનારા પુરુષના દેશમાં વેદનાં વચનો સંભળાય છે તે સંગત થાય નહીં અને જો વેદવચનો અપૌરુષેય હોય તો વેદવચનોના અર્થનું જ્ઞાન કોઈને પ્રાપ્ત થઈ શકે નહીં. કેમ પ્રાપ્ત થઈ શકે નહીં ? તે સ્પષ્ટ કરે છે.

અપૌરુષેય એવાં વેદવચનોનો અર્થ શ્રોતાને બતાવનારા પુરુષ સ્વયં જાણી શકે નહીં; કેમ કે રાગાદિમાનપણું છે. જેમ સર્વજ્ઞનું વચન આગમ છે અને તેના અર્થને કહેનાર પુરુષ રાગ, દ્વેષ અને અજ્ઞાનવાળો હોય તો રાગને વશ તે આગમનો અર્થ વિપરીત કરે; કેમ કે જો તે સાધુ હોય અને રાગને વશ થઈને પોતે કોઈક પ્રવૃત્તિ કરવાની ઇચ્છાવાળો થાય ત્યારે અસ્થાને વિપરીત આલંબન લઈને શાસ્ત્રવચનનો તે રીતે અર્થ કરે જે રીતે સર્વજ્ઞએ કહ્યો નથી અથવા કોઈ સુસાધુથી પોતાની હીનતા દેખાતી હોય તો દ્વેષથી સુસાધુની સમ્યક્ પ્રવૃત્તિને પણ અન્યથા રૂપે કહે અથવા કોઈક સ્થાનમાં અજ્ઞાનને વશ જિનવચનનો અર્થ અન્યથા કરે તેમ અપૌરુષેય એવાં વેદવચનો હોય અને તે આકાશમાં સંસ્થિત હોય અને તેનો અર્થ રાગાદિવાળો પુરુષ કરે તો તે યથાર્થ જાણી શકે નહીં; કેમ કે મીમાંસકના મતાનુસાર સર્વ પુરુષો રાગ, દ્વેષ અને અજ્ઞાનથી આક્રાંત છે. તેથી તેઓનું વચન પ્રમાણ સ્વીકારી શકાય નહીં એમ કહીને મીમાંસક અપૌરુષેય વચનને પ્રમાણરૂપે સ્વીકારે છે તેમ અપૌરુષેય એવા વેદનો સમ્યગ્ અર્થ પણ રાગાદિવાળો પુરુષ યથાર્થ જાણી શકે નહીં. વળી, મીમાંસકના મતે સર્વ પુરુષો રાગાદિવાળા છે તેથી તેઓની પાસેથી વેદનો અર્થ સમ્યગ્ જાણી શકાય નહીં; કેમ કે તે જીવો પણ રાગાદિ દોષથી યુક્ત હોવાને કારણે પ્રાપ્ત થતાં પણ વેદવચનોથી યથાર્થ અર્થનું જ્ઞાન કરી શકે નહીં.

વળી, તે વેદ સ્વયં પોતાનો અર્થ પુરુષને બતાવતો નથી; કેમ કે અચેતન છે. તેથી જેમ ચેતન કોઈક આગમનો અર્થ અન્યને બતાવે તેમ અચેતન એવું વેદવચન પોતાનો આ અર્થ છે તેમ બતાવતું નથી માટે વેદને અપૌરુષેય સ્વીકારવામાં આવે અને સર્વ પુરુષોને રાગ, દ્વેષ અને અજ્ઞાનયુક્ત સ્વીકારવામાં આવે તો વેદનાં વચનોનો યથાર્થ અર્થ કોઈને પ્રાપ્ત થઈ શકે નહીં. તેથી આત્માને રાગ, દ્વેષ, અજ્ઞાન રહિત સ્વીકારીએ તો જ અતીન્દ્રિય પદાર્થને કહેનાર અર્થની પ્રાપ્તિ તેવા કોઈક પુરુષને થઈ છે. વળી, તે પુરુષ

તત્ત્વના અર્થી કોઈ પુરુષને તે અતીન્દ્રિય અર્થો કહે છે અને તે પુરુષ પણ સર્વજ્ઞનાં વચનોનો યથાર્થ નિર્ણય કરીને તે વચનો અન્યને તે રીતે કહે છે તેમ સ્વીકારીએ તો, અતીન્દ્રિય અર્થની પ્રાપ્તિ થાય છે', તે કથન સંગત થાય. જેમ 'વીર ભગવાન રાગ-દ્વેષ અને અજ્ઞાનનો નાશ કરીને કેવલજ્ઞાન પામ્યા. તેથી તેઓ અતીન્દ્રિય સર્વ અર્થોને સાક્ષાત્ જોનારા થયા' અને આપ્ત એવા તેમને સંસારથી ભય પામેલા અને તત્ત્વના અર્થી એવા 'ગણધરોને જગતમાં રહેલા અતીન્દ્રિય અર્થોને ત્રિપદી દ્વારા આપ્યા' અને તે અર્થોને યથાર્થ જાણીને 'ગણધરોએ દ્વાદશાંગી રૂપે સૂત્રની રચના કરી' અને સૂત્રની રચનાના યથાર્થ અર્થો પણ યોગ્ય શિષ્યાદિને આપ્યા તે યોગ્ય શિષ્યની પરંપરાથી સુવિશુદ્ધ આગમના અર્થો યોગ્ય જીવોને પ્રાપ્ત થાય છે તે સંગત થાય છે. વળી, વેદવચનો અપૌરુષેય હોવાથી અને મીમાંસકના મતાનુસાર સંસારી સર્વ જીવો રાગ, દ્વેષ અને અજ્ઞાનવાળા છે. તેથી વેદના યથાર્થ અર્થનો બોધ કોઈને નહીં થવાથી 'આ કૃત્યથી સ્વર્ગ મળશે' અને 'આ કૃત્યથી નરક મળશે' ઇત્યાદિ નિર્ણય વેદવચનોથી કોઈને થઈ શકે નહીં. તેથી પરલોક અર્થે પ્રવૃત્તિ દુર્ઘટ બને અને વિપરીત બોધપૂર્વક જેઓ વેદવચનથી પ્રવૃત્તિ કરે તેઓ તે પ્રવૃત્તિના યથાર્થ ફળને પ્રાપ્ત કરી શકે નહીં તેમ માનવું પડે. **II૧૨૫૩-૧૨૫૪II**

**અવતરણિકા :-**

**अत्रैवाभ्युच्चयेन दूषणमाह—**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ અભ્યુચ્ચયથી દૂષણને કહે છે=મીમાંસકના મતાનુસાર 'અપૌરુષેય વેદવચન સ્વીકારવામાં આવે તો તે વેદના અર્થોનું પરિજ્ઞાન કોઈને થઈ શકે નહીં' એમ પૂર્વમાં કહ્યું એમાં સમુચ્ચયથી બીજું દૂષણ બતાવે છે –**

**ગાથા :-**

**किंच तओ सद्दो वा हवेज्ज णाणं व्व तस्स विसयो वा? ।**
**अण्णो व कोइ णिच्चाणिच्चो सो सव्वपक्खेसु ।।१२५५।।**

**છાયા :-**

**किञ्च सकः शब्दो वा भवेद् ज्ञानं वा तस्य विषयो वा ।**
**अन्यो वा कोऽपि नित्यानित्यः स सर्वपक्षेषु ।।१२५५।।**

**ગાથાર્થ :-**

**વળી, તે=આગમ, શબ્દ થાય ? અથવા જ્ઞાન થાય ? અથવા તેનો વિષય થાય ? અથવા અન્ય કોઈક વિકલ્પ થાય ? તે=આગમ, સર્વ પક્ષોમાં=ચારેય વિકલ્પોમાં, નિત્યાનિત્ય થાય. ।।૧૨૫૫।।**

**ટીકા :-**

किंच सकः-आगमः शब्दो वा भवेत्?, ज्ञानं वा विवक्षितशब्दोत्थं?, किं वा तस्य शब्दोत्थज्ञानस्य विषयः?, अन्यो वा कश्चिदिति विकल्पचतुष्टयम् । किंचात इत्याह—सर्वेष्वपि पक्षेषु सः-आगमो नित्यानित्य एव प्राप्नोति, नत्वेकान्ततो नित्यः ।।१२५५।।

**ટીકાર્થ :-**

किंच ..... नित्यः ।। વળી તે=આગમ, શબ્દ થાય ? અથવા જ્ઞાન થાય ?=વિવક્ષિત શબ્દથી ઉત્પન્ન થયેલું જ્ઞાન થાય ? અથવા તે શબ્દથી ઉત્પન્ન થયેલા જ્ઞાનનો વિષય થાય ? અથવા અન્ય કોઈ થાય ? એ પ્રમાણે ચાર વિકલ્પ થાય. એનાથી શું ? એથી કહે છે, 'સર્વ પણ પક્ષોમાં=ચાર વિકલ્પવાળા સર્વ પણ પક્ષોમાં, તે આગમ નિત્યાનિત્ય પ્રાપ્ત થાય. એકાંતથી નિત્ય પ્રાપ્ત થાય નહીં.' ।।૧૨૫૫।।

**અવતરણિકા :-**

एतदेव भावयति—

**અવતરણિકાર્થ :-**

આને જ=ચારેય વિકલ્પોમાં આગમ નિત્યાનિત્ય પ્રાપ્ત થાય એને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે.

**ગાથા :-**

णोवावारे सद्दो सुव्वइ जं तेण वण्णदव्वाइं ।
तेण परिणामिताइं णिच्चाणिच्चो तओ स भवे ।।१२५६।।

**છાયા :-**

नृव्यापारे शब्दः श्रूयते यत्तेन वर्णद्रव्याणि ।
तेन परिणामितानि नित्यानित्यस्ततः स भवेत् ।।१२५६।।

**ગાથાર્થ :-**

મનુષ્યનો વ્યાપાર હોતે છતે જે કારણથી 'શબ્દ' સંભળાય છે, તે કારણથી વર્ણાદિ દ્રવ્યો તેના વડે=તે પુરુષ વડે, પરિણમન પમાડાયાં, તેથી તે=આગમ, નિત્યાનિત્ય થાય. ।।૧૨૫૬।।

**ટીકા :-**

नृव्यापारे सति शब्दो यत्-यस्मात्कारणात् श्रूयते नत्वन्यथा, तेन कारणेन इदं विज्ञायते यदुत-

वर्णयोग्यानि द्रव्याणि गृहीत्वा तेन पुरुषेण वर्णरूपतया परिणामितानि, ततश्च सः-आगमो वर्णात्मकोऽभ्युपगम्यमानो नित्यानित्य एव, नत्वेकान्ततो नित्य इति ।।१२५६।।

**ટીકાર્થ :-**

नृव्यापारे ..... इति ।। જે કારણથી મનુષ્યનો વ્યાપાર હોતે છતે 'શબ્દ' સંભળાય છે પરંતુ અન્યથા નહીં=પુરુષના વ્યાપાર વગર શબ્દ સંભળાતો નથી, તે કારણથી આ જણાય છે. શું જણાય છે ? તે 'यदुत'થી બતાવે છે — વર્ણયોગ્ય દ્રવ્યોને ગ્રહણ કરીને='અ'કારાદિ વર્ણરૂપે પરિણમન પામે એવાં યોગ્ય દ્રવ્યોને ગ્રહણ કરીને, તે પુરુષ વડે=શબ્દ બોલનાર પુરુષ વડે, વર્ણરૂપપણાથી પરિણામ કરાવાયાં અને તેથી=શબ્દયોગ્ય પુદ્ગલો પુરુષ દ્વારા વર્ણરૂપે પરિણમન પમાડાયા તેથી, વર્ણાત્મક સ્વીકારાતો આગમ નિત્યાનિત્ય જ છે પરંતુ એકાંતથી નિત્ય નથી. ।।૧૨૫૬।।

**અવતરણિકા :-**

अथ नित्या एव वर्णाः केवलं नृव्यापारेणाभिव्यज्यन्त इति नोक्तदोषप्रसङ्ग इत्याशङ्कामपनेतुमाह—

**અવતરણિકાર્થ :-**

હવે નિત્ય જ વર્ણો છે કેવળ પુરુષના વ્યાપારથી અભિવ્યક્ત થાય છે. એથી ઉક્ત દોષનો પ્રસંગ નથી એ પ્રકારની આશંકાને દૂર કરવા માટે કહે છે —

**ભાવાર્થ :-**

ગાથા-૧૨૫૬માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે 'શબ્દાત્મક આગમ પુરુષના પ્રયત્નથી સંભળાય છે માટે નિત્યાનિત્ય છે.' તેથી આગમને અપૌરુષેય સ્વીકારનાર મીમાંસકના મતમાં દોષની પ્રાપ્તિ થાય છે. તે દોષનું નિવારણ કરીને આગમને એકાંત નિત્ય માનનાર મીમાંસક 'અથ'થી પોતાના કથનને સ્થાપન કરતાં કહે છે. વર્ણો નિત્ય જ છે નિત્યાનિત્ય નથી પરંતુ જેમ શરાવમાં 'ગંધ' વિદ્યમાન હોવા છતાં જળથી અભિવ્યક્ત થાય છે તેમ આગમ પુરુષના વ્યાપારથી કેવળ અભિવ્યક્ત થાય છે માટે આગમ પુરુષથી ઉત્પન્ન થતો નથી તેથી વેદને નિત્યાનિત્ય રૂપે સ્વીકારવારૂપ ઉક્ત દોષનો પ્રસંગ નથી એ પ્રકારની મીમાંસકની શંકાને દૂર કરવા માટે કહે છે.

**ગાથા :-**

णियमा कस्सइ धम्मस्स अवगमे कस्सई य उप्पाते ।
होइ अभिवत्ति णो उण एगसहावस्स भावस्स ।।१२५७।।

**છાયા :-**

नियमात् कस्यचिद् धर्मस्यापगमे कस्यचिच्चोत्पादे ।
भवति अभिव्यक्ति र्न पुनरेकस्वभावस्य भावस्य ।।१२५७।।

**ગાથાર્થ :-**

**નિયમથી કોઈક ધર્મનો અપગમ થયે છતે, કોઈકના ઉત્પાદમાં અભિવ્યક્તિ થાય છે. વળી એકસ્વભાવવાળા ભાવની અભિવ્યક્તિ થતી નથી. ।।૧૨૫૭।।**

**ટીકા :-**

**यस्मात्कस्यचित् धर्मस्य-स्वभावस्यानुपलभ्यत्वलक्षणस्यापगमे-विनाशे सति कस्यचिच्च स्वभाव-स्योपलम्भयोग्यतालक्षणस्योत्पादे सति नियतकालमभिव्यक्तिः-उपलभ्यमानस्वरूपता भवति, न पुनरेकस्वभावस्य सतः, तस्य हि अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावतया सदा वा भवेत् न वा कदाचिदपि, तथा च सति प्रत्यक्षविरोध इति । तस्माद्वर्णात्मक आगमो नित्यानित्य एवेति स्थितम् ।।१२५७।।**

**ટીકાર્થ :-**

**यस्मात्कस्यचित् ..... स्थितम् ।। જે કારણથી કોઈક ધર્મનો=અનુપલભ્યત્વરૂપ સ્વભાવનો, અપગમ થયે છતે=વિનાશ થયે છતે, અને ઉપલંભ યોગ્યતારૂપ કોઈક સ્વભાવનો ઉત્પાદ થયે છતે નિયતકાળમાં અભિવ્યક્તિ થાય છે=ઉપલભ્યમાન સ્વરૂપતા થાય છે. વળી એકસ્વભાવવાળા છતાની નથી=એકસ્વભાવવાળા છતા એવા તેની નિયતકાળમાં અભિવ્યક્તિ નથી, हि=જે કારણથી, તેનું=નિત્ય એવા એકસ્વભાવવાળા એવા આગમનું, અપ્રચ્યુતઅનુત્પન્નસ્થિરએકસ્વભાવપણાથી સદા થાય, અથવા ક્યારેક પણ થાય નહીં અને તે પ્રમાણે હોતે છતે=અપ્રચ્યુતઅનુત્પન્નસ્થિરએકસ્વભાવવાળું આગમ હોતે છતે, પ્રત્યક્ષનો વિરોધ છે. તેથી વર્ણાત્મક આગમ નિત્યાનિત્ય જ સ્થિત છે. ।।૧૨૫૭।।**

**અવતરણિકા :-**

**ज्ञानादिपक्षानधिकृत्याह—**

**અવતરણિકાર્થ :-**

**જ્ઞાનાદિ પક્ષને આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૧૨૫૫માં કહ્યું કે આગમને ચાર વિકલ્પોથી સ્વીકારી શકાય. તે સર્વ પક્ષોમાં આગમ નિત્યાનિત્ય છે. તેમાંથી આગમને શબ્દરૂપે સ્વીકારવામાં કઈ રીતે નિત્યાનિત્યની પ્રાપ્તિ છે ? તે બતાવ્યા પછી હવે જ્ઞાનાદિ અન્ય પક્ષોને આશ્રયીને આગમ નિત્યાનિત્યરૂપ છે તે સ્પષ્ટ કરે છે.

**ગાથા :-**

**णाणं विसओ अण्णो व कोइ सव्वाइं उभयरूवाइं ।**
**भावातो च्चिय मिच्छा एगंतेणेव सो णिच्चो ।।१२५८।।**

**છાયા :-**

ज्ञानं विषयोऽन्यो वा कोऽपि सर्वाणि उभयरूपाणि ।
भावात् एव मिथ्या एकान्तेनैव स नित्यः ।।१२५८।।

**ગાથાર્થ :-**

**જ્ઞાન, વિષય અથવા અન્ય કોઈ સર્વ પણ ઉભયરૂપ છે=નિત્યાનિત્યરૂપ છે; કેમ કે ભાવપણું જ છે. તે=આગમ, એકાંતથી જ નિત્ય મિથ્યા છે. ||૧૨૫૮||**

**ટીકા :-**

**ज्ञानं विषयोऽन्यो वा कश्चित् भवतु, सर्वाण्यपि एतानि उभयरूपाण्येव नत्वेकान्ततो नित्यरूपाणि । कुत इत्याह—'भावाओ च्चिय' भावत्वादेव-वस्तुत्वादेवेतियावत् । नह्येकान्तनित्यं वस्तु घटते, यथाभिहितं प्राक् परिणाम्यात्मसिद्धौ । तस्मादेकान्तेनैव स आगमो नित्य इति मिथ्या ।।१२५८।।**

**ટીકાર્થ :-**

**ज्ञानं ..... मिथ्या ।। 'જ્ઞાન હો, વિષય હો અથવા અન્ય કોઈ હો=આગમ શબ્દથી વાચ્ય જ્ઞાન હો અથવા આગમ જ્ઞાનનો વિષય હો અથવા આગમ શબ્દથી વાચ્ય અન્ય કોઈ વસ્તુ હો,' સર્વ પણ આ=ત્રણેય પક્ષો, ઉભયરૂપ જ છે=નિત્યાનિત્યરૂપ જ છે, પરંતુ એકાંતથી નિત્યરૂપ નથી. કયા કારણથી એકાંતે નિત્ય નથી ? એથી કહે છે. ભાવપણું હોવાથી જ=વસ્તુપણું હોવાથી જ, ત્રણેય પક્ષો નિત્યાનિત્યરૂપ છે, એમ અન્વય છે. हि=જે કારણથી, એકાંત નિત્ય વસ્તુ ઘટતી નથી, જે પ્રમાણે પૂર્વમાં પરિણામી આત્માની સિદ્ધિમાં કહેવાયું=ગાથા-૧૯૪થી ૪૭૫ સુધીમાં પરિણામી આત્માની સિદ્ધિનું વર્ણન કર્યું ત્યાં કહેવાયું. તે કારણથી=એકાંત નિત્ય વસ્તુ ઘટતી નથી અને જ્ઞાનાદિ ત્રણેય ભાવાત્મક છે તે કારણથી, તે આગમ એકાંતથી જ નિત્ય છે એ મિથ્યા છે. ||૧૨૫૮||**

**ભાવાર્થ :-**

મીમાંસક વેદને એકાંત નિત્ય માને છે તે ઉચિત નથી તે બતાવવા અર્થે ચાર વિકલ્પો ગ્રંથકારશ્રી બતાવે છે. મીમાંસકને અભિમત 'આગમ શબ્દરૂપ થાય' અથવા 'આગમના શબ્દોથી ઉત્પન્ન થયેલું જ્ઞાન થાય' અથવા 'તે શબ્દથી ઉત્પન્ન થયેલા જ્ઞાનનો વિષય જે પદાર્થ હોય તે થાય' અથવા 'અન્ય કોઈ વસ્તુ આગમ થાય.' આ પ્રકારે ચાર વિકલ્પોમાંથી કોઈ એક વિકલ્પરૂપ આગમ સ્વીકારવું પડે અને તે ચારેય વિકલ્પોથી વિચારીએ તો 'આગમ કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય જ પ્રાપ્ત થાય પરંતુ એકાંતથી નિત્ય જે પ્રમાણે મીમાંસક માને છે તે પ્રમાણે પ્રાપ્ત થાય નહીં. તેમાં પ્રથમ વિકલ્પથી આગમ નિત્યાનિત્યરૂપ કઈ રીતે છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે.

જો વેદના વચનરૂપ શબ્દો આગમ છે તેમ સ્વીકારવામાં આવે તો 'શબ્દો પુરુષના વ્યાપારથી સંભળાય

છે, અન્યથા સંભળાતા નથી.' તેથી એ પ્રાપ્ત થાય કે તે પ્રકારના શબ્દયોગ્ય દ્રવ્યોને ગ્રહણ કરીને પુરુષ તે તે દ્રવ્યોને તે તે રૂપે પરિણમન પમાડે છે. જેમ 'કુંભાર માટીને ઘટરૂપે પરિણમન પમાડે છે તેમ બોલનાર પુરુષ વર્ણયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને તે તે વર્ણરૂપે પરિણમન પમાડે છે.' તેથી તે વર્ણયોગ્ય દ્રવ્યો દ્રવ્યરૂપે નિત્ય છે અને તે તે વર્ણ રૂપે પૂર્વમાં ન હતા અને પાછળથી પરિણમન પામે છે તેથી અનિત્ય પણ છે. અહીં મીમાંસક કહે છે –

'વર્ણયોગ્ય પુદ્ગલ વર્ણ રૂપે વિદ્યમાન હતા. ફક્ત પુરુષના વ્યાપારથી તે અભિવ્યક્ત થયા.' જેમ શરાવમાં 'ગંધ' વિદ્યમાન હતી અને જળના સિંચનથી અભિવ્યક્ત થાય છે તેમ વેદનાં વચનો પુરુષના વ્યાપારથી ઉત્પન્ન થતા નથી પરંતુ પુરુષના વ્યાપારથી અભિવ્યક્ત થાય છે માટે વેદનાં વચનો એકાંતે નિત્ય છે તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે. શરાવમાં 'ગંધ' વિદ્યમાન હતી તે 'ગંધ'માં અનુપલભ્યમાન લક્ષણ ધર્મ વિદ્યમાન હતો અને જળના સિંચનથી અનુપલભ્યમાન ધર્મ નાશ પામે છે અને ઉપલંભ યોગ્ય એવો ધર્મ પ્રગટ થાય છે. તેથી શરાવમાં જળના સિંચનથી 'ગંધ' અભિવ્યક્ત થાય છે ત્યાં પણ 'ગંધ' ગંધરૂપે નિત્ય હોવા છતાં અનભિવ્યક્ત ધર્મના નાશપૂર્વક અભિવ્યક્ત ધર્મરૂપે ઉત્પન્ન થાય છે. તેથી શરાવમાં રહેલી 'ગંધ' પણ કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય છે, તેમ 'વેદવચનો પુરુષના વ્યાપારથી અભિવ્યક્ત થાય છે. તેના પૂર્વે તે વચનોમાં અનભિવ્યક્તત્વ ધર્મ હતો તેનો નાશ થાય છે અને અભિવ્યક્તત્વ ધર્મ પ્રગટ થાય છે માટે વેદવચનો એકાંત નિત્ય નથી પરંતુ દ્રવ્યરૂપે નિત્ય છે તથા અભિવ્યક્તત્વ અને અનભિવ્યક્તત્વ પર્યાયરૂપે અનિત્ય છે, તેમ સ્વીકારવું જોઈએ તો જ 'પુરુષના વ્યાપારના સ્થાનમાં તે વેદવચનો સંભળાય છે અન્યથા સંભળાતાં નથી', તે સંગત થાય.

વળી, ગાથા-૧૨૫૫માં ચાર વિકલ્પો કર્યા છે, તેમાંથી 'શબ્દરૂપ આગમ'ને સ્વીકારવામાં આવે તો 'વેદવચન નિત્યાનિત્ય પ્રાપ્ત થાય' તેમ સ્થાપન કર્યું. હવે 'વેદને જ્ઞાનરૂપે' સ્વીકારીએ અર્થાત્ 'વેદના વચન'થી જીવને જે બોધ થાય છે તે સ્વરૂપે વેદને સ્વીકારીએ અથવા તે જ્ઞાનના વિષયભૂત અર્થને વેદ રૂપે સ્વીકારીએ કે અન્ય કોઈ વિકલ્પ કરીએ તો પણ તે સર્વ વિકલ્પમાં વેદ નિત્યાનિત્યરૂપ જ સિદ્ધ થાય છે. એકાંત નિત્ય સિદ્ધ થતો નથી; કેમ કે 'જ્ઞાન, જ્ઞાનનો વિષય કે અન્ય કોઈ વસ્તુ સ્વીકારવામાં આવે તે વસ્તુ ભાવરૂપ હોય તો તે ભાવરૂપ વસ્તુ અવશ્ય દ્રવ્યરૂપે નિત્ય અને પર્યાયરૂપે અનિત્ય છે', તેમ પૂર્વમાં પરિણામી આત્માની સિદ્ધિમાં સ્થાપન કર્યું છે. તેથી એકાંત નિત્ય વસ્તુ જગતમાં કોઈ નથી પરંતુ જે કાંઈ વસ્તુ છે તે સર્વ 'કોઈક સ્વરૂપે નિત્ય છે અને કોઈક સ્વરૂપે અનિત્ય છે', તેમ 'વેદના વચનથી ઉત્પન્ન થતું જ્ઞાન, તેનો વિષય વગેરે સર્વ પણ અવશ્ય નિત્યાનિત્ય રૂપ છે માટે તે આગમ એકાંતથી જ નિત્ય છે' એ પ્રકારનો મીમાંસકનો મત મિથ્યા છે. **॥૧૨૫૫થી ૧૨૫૮॥**

**અવતરણિકા :-**

**તદેવમેકાન્તતો નિત્યત્વમપાકૃત્ય સાંપ્રતં સ્વત એવ પ્રામાણ્યમપાચિકીર્ષુરાહ–**

**અવતરણિકાર્થ :-**

આ રીતે 'એકાંતથી નિત્યપણું નિરાકરણ કરીને હવે સ્વતઃ પ્રામાણ્યપણું=વેદનું સ્વતઃ પ્રામાણ્યપણું, મીમાંસક સ્વીકારે છે', તેનું નિરાકરણ કરવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે —

**ગાથા :-**

पामन्नं पि सतो च्चिय वेदस्स ण संगतं विगाणातो ।
को एत्थ सम्मवाई को वा णो? णत्थि इह माणं ।।१२५९।।

**છાયા :-**

प्रामाण्यमपि स्वत एव वेदस्य न संगतं विगानात् ।
कोऽत्र सम्यग्वादी को वा न ? नास्तीह मानम् ।।१२५९।।

**ગાથાર્થ :-**

વેદનું પ્રામાણ્ય પણ સ્વતઃ જ સંગત નથી; કેમ કે વિગાન છે=વિપરીત સ્વીકાર છે. અહીં=વેદના સ્વતઃ પ્રામાણ્ય વિષયમાં, કોણ સમ્યગ્વાદી છે અથવા કોણ નથી ? અહીં=સમ્યગ્વાદી અને મિથ્યાવાદના નિશ્ચયના વિષયમાં પ્રમાણ નથી. ।।૧૨૫૯।।

**ટીકા :-**

प्रामाण्यमपि वेदस्य न स्वत एव संगतम् । कुत इत्याह—विगानात्-विप्रतिपत्तेः । तथा च केचिद्वेदस्य स्वत एव प्रामाण्यं मन्यन्ते, केचिदन्यथेति । स्यादेतत्, यः स्वत एव प्रामाण्यं वेदस्य न मन्यते स मिथ्यावादीति किं तेन?, ततो न कश्चिद्दोष इति । अत्राह—'को इत्यादि' ननु कोऽत्र वेदप्रामाण्यविचारविषये सम्यग्वादी? को वा न?, नह्यस्ति इह-सम्यग्वादमिथ्यावादनिर्णयविषये मानं-प्रमाणमिति यत्किंचिदेतत् ।।१२५९।।

**ટીકાર્થ :-**

प्रामाण्यमपि ..... यत्किंचिदेतत् ।। વેદનું પ્રામાણ્ય પણ સ્વતઃ જ સંગત નથી. કયા કારણથી ?= વેદનું પ્રામાણ્ય સ્વતઃ કયા કારણથી સંગત નથી ? એથી કહે છે. વિગાન હોવાથી=વિપ્રતિપત્તિ હોવાથી=વેદના પ્રામાણ્યમાં વિપરીત બે માન્યતાઓ હોવાથી, સ્વતઃ પ્રામાણ્ય નથી, એમ અન્વય છે અને તે રીતે=વેદના પ્રામાણ્ય વિષયક વિપ્રતિપત્તિ છે તે રીતે, કેટલાક વેદને સ્વતઃ જ પ્રામાણ્ય માને છે. કેટલાક અન્યથા માને છે=વેદનું સ્વતઃ પ્રામાણ્ય નથી તેમ માને છે. આ થાય=મીમાંસકના મતે આ થાય, જે વેદના પ્રામાણ્યને સ્વતઃ જ માનતા નથી તે મિથ્યાવાદી છે. એથી તેના વડે શું ?= મિથ્યાવાદીના વચન વડે શું ? તેથી કોઈ દોષ નથી=વેદને સ્વતઃ પ્રામાણ્ય સ્વીકારવામાં કોઈ દોષ

નથી. અહીં=મીમાંસકના સમાધાનમાં, ગ્રંથકારશ્રી કહે છે. ખરેખર અહીં=વેદપ્રામાણ્યના વિચારના વિષયમાં, કોણ સમ્યગ્વાદી છે ? અથવા કોણ નથી ? हि=જે કારણથી, અહીં=સમ્યગ્વાદ અને મિથ્યાવાદના નિર્ણયના વિષયમાં, માન=પ્રમાણ, નથી. એથી આ=મીમાંસકનું સમાધાન, યત્કિંચિત્ છે=અર્થ વગરનું છે. ।।૧૨૫૯।।

**અવતરણિકા :-**

अपि च–

**અવતરણિકાર્થ :-**

અને વળી=વેદને સ્વતઃ પ્રમાણ સ્વીકારવામાં અન્ય શું દોષ પ્રાપ્ત થાય છે તેનો 'अपि च'થી સમુચ્ચય કરતાં કહે છે –

**ગાથા :-**

एगंतेण सतो च्चिय पामन्ने जं ततो कुविण्णाणं ।
तस्स चिय पमाणत्तं पावइ जह सम्मणाणस्स ।।१२६०।।

**છાયા :-**

एकान्तेन स्वत एव प्रामाण्ये यत्ततो कुविज्ञानम् ।
तस्य (अपि) प्रामाण्यं प्राप्नोति यथा सम्यग्ज्ञानस्य ।।१२६०।।

**ગાથાર્થ :-**

**એકાંતથી સ્વતઃ જ પ્રામાણ્ય હોતે છતે તેનાથી=વેદથી, જે કુવિજ્ઞાન થાય છે, તેનું પણ=કુવિજ્ઞાનનું પણ, પ્રામાણ્ય પ્રાપ્ત થાય. જે પ્રમાણે સમ્યગ્જ્ઞાનનું પ્રામાણ્ય છે. ।।૧૨૬૦।।**

**ટીકા :-**

**एकान्तेन स्वत एव वेदस्य प्रामाण्ये सति यत् कुविज्ञानं तत एव वेदादुपजायते तस्यापि प्रामाण्यं प्राप्नोति, यथा सम्यग्ज्ञानस्य, उभयत्रापि विशेषाभावात् ।।१२६०।।**

**ટીકાર્થ :-**

एकान्तेन ..... विशेषाभावात् ।। વેદનું સ્વતઃ જ એકાંતથી પ્રામાણ્ય હોતે છતે, તેનાથી જ=વેદથી જ, જે કુવિજ્ઞાન થાય છે તેનું પણ પ્રામાણ્ય પ્રાપ્ત થાય. જે પ્રમાણે સમ્યગ્જ્ઞાનનું પ્રામાણ્ય છે; કેમ કે ઉભયત્ર પણ વિશેષનો અભાવ છે=વેદથી થતા સમ્યગ્જ્ઞાન અને વેદથી થતા કુવિજ્ઞાન બંનેમાં પણ, વેદના સ્વતઃ પ્રામાણ્યને કારણે વિશેષનો અભાવ છે. ।।૧૨૬૦।।

**ગાથા :-**

**अह तं ण तओ इतरं पि णेव वक्खाणिदोसतो तं चे ।**
**इयरं पि किन्न गुणतो? एवं सति णिप्फलो वेदो ।।१२६१।।**

**છાયા :-**

अथ तन्न तत इतरदपि नैव व्याख्यातृदोषतस्तच्चेत् ।
इतरदपि किन्न गुणतः ? एवं सति निष्फलो वेदः ।।१२६१।।

**ગાથાર્થ :-**

**'अथ'થી મીમાંસક કહે છે. તે=કુવિજ્ઞાન, તેનાથી=વેદથી, નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે, ઈતર પણ=સમ્યગ્જ્ઞાન પણ, નથી જ=વેદથી નથી જ, વ્યાખ્યાતૃના દોષથી તે છે. चे=એમ જો પૂર્વપક્ષી કહે. તેને ગ્રંથકારશ્રી કહે છે, ઈતર પણ=સમ્યગ્જ્ઞાન પણ, ગુણથી=વ્યાખ્યાતૃના ગુણથી, કેમ નથી ? આમ હોતે છતે વેદ નિષ્ફલ છે=સ્વતઃ પ્રમાણભૂત સ્વીકારાતો વેદ નિષ્ફલ છે. ||૧૨૬૧||**

**ટીકા :-**

अथ तत्-कुविज्ञानं न ततो-वेदादुपजायते तेनादोष इति । नन्वेवं सति इतरदपि-सम्यग्ज्ञानं नैव ततो-वेदादुपजायते । तथाहि—उभयमप्येतत् विवक्षितवेदवाक्यश्रवणान्वयव्यतिरेकानुविधायि, तद्यदि कुविज्ञानं न ततो वेदादिष्यते तर्हि सम्यग्ज्ञानमपि मा तत एषिष्ट, विशेषाभावात् । अथ तत् कुविज्ञानं व्याख्यातृदोषत उपजायते न वेदात् ततो दोषाभाव इति । यद्येवं तर्हि इतरदपि-सम्यग्ज्ञानं व्याख्यातृगुणत एवोपजायते, न वेदादिति किन्नेष्यते?, विशेषाभावात् । तत एवं सति व्याख्यातृ-गुणदोषभावतः सम्यग्ज्ञानमिथ्याज्ञानभावे सति स्वतः प्रमाणभूतः परिकल्प्यमानो वेदो निष्फल एव, व्याख्यातृगुणापेक्षया प्रामाण्याभ्युपगमेन स्वत एव प्रमाणत्वायोगात् ।।१२६१।।

**ટીકાર્થ :-**

अथ ..... प्रमाणत्वायोगात् ।। હવે તે કુવિજ્ઞાન તેનાથી=વેદથી, થતું નથી. તે કારણથી અદોષ છે=વેદથી થતા કુવિજ્ઞાનને પ્રામાણ્ય સ્વીકારવાનો દોષ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે. આમ હોતે છતે=મીમાંસક કહે કે વેદને અવલંબીને કોઈક કુવિજ્ઞાન થયું તે કુવિજ્ઞાન વેદથી થયું નથી એમ હોતે છતે, ઈતર પણ=સમ્યગ્જ્ઞાન પણ, તેનાથી=વેદથી, થતું નથી જ. તે આ પ્રમાણે – ઉભય પણ આ= વેદને અવલંબીને થતું કુવિજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન ઉભય પણ આ, વિવક્ષિત વેદવાક્યના શ્રવણના અન્વય, વ્યતિરેકને અનુસાર છે. તે કારણથી જો કુવિજ્ઞાન તે વેદથી ઈચ્છાતું નથી તો સમ્યગ્જ્ઞાન પણ તેનાથી=વેદથી, ન ઈચ્છાઓ; કેમ કે વિશેષનો અભાવ છે=વેદવાક્યના શ્રવણની સાથે અન્વય,

**વ્યતિરેકનું બંને જ્ઞાનમાં સમાનપણું છે. હવે તે કુવિજ્ઞાન=વેદવાક્યથી કોઈકને થયેલું કુવિજ્ઞાન, વ્યાખ્યાન કરનારના દોષથી થાય છે, વેદથી થતું નથી તેથી દોષનો અભાવ છે=વેદને કુવિજ્ઞાનના જનક સ્વીકારવામાં રૂપ દોષનો અભાવ છે. જો આ પ્રમાણે છે=મીમાંસક કહે કે વ્યાખ્યાન કરનારના દોષને કારણે કોઈકને વેદથી કુવિજ્ઞાન થયું એ પ્રમાણે છે, તો ઈતર પણ=સમ્યગ્જ્ઞાન પણ, વ્યાખ્યાન કરનારના ગુણથી થાય છે, વેદથી થતું નથી એ પ્રમાણે કેમ સ્વીકારતો નથી ?=મીમાંસક કેમ સ્વીકારતો નથી=મીમાંસકે સ્વીકારવું જોઈએ; કેમ કે વિશેષનો અભાવ છે=વેદને અવલંબીને વ્યાખ્યાતૃના બળથી સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન થાય છે એમાં વિશેષનો અભાવ છે. તેથી આમ હોતે છતે=વ્યાખ્યાતૃના ગુણદોષથી સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનનો ભાવ હોતે છતે, સ્વતઃ પ્રમાણભૂત પરિકલ્પના કરાતો વેદ નિષ્ફલ જ છે; કેમ કે વ્યાખ્યાતૃના ગુણની અપેક્ષાથી પ્રામાણ્યનો સ્વીકાર થવાને કારણે સ્વતઃ જ પ્રમાણત્વનો અયોગ છે=વેદમાં સ્વતઃ પ્રમાણત્વનો અયોગ છે. ॥૧૨૬૧॥**

**ભાવાર્થ :-**

મીમાંસક વેદને સ્વતઃ પ્રમાણ સ્વીકારે છે અને કહે છે કે અતીન્દ્રિય પદાર્થને જોનાર કોઈ દ્રષ્ટા નથી તેથી અતીન્દ્રિય પદાર્થ કોઈ કહી શકે નહીં અને મીમાંસક પરલોક અર્થે પ્રવૃત્તિ કરવાનું વિધાન કરે છે અને તે પ્રવૃત્તિથી અતીન્દ્રિય ફલ મળે છે તેમ કહે છે. જેમ 'સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો જોઈએ' એ પ્રકારના વેદવચનથી 'કોઈ યજ્ઞમાં પ્રવૃત્તિ કરે અને તેનાથી સ્વર્ગ મળે', તેમ સ્વીકારવામાં પ્રમાણ કોણ છે ? એમ કોઈ પ્રશ્ન કરે, તેના સમાધાનરૂપે મીમાંસક કહે છે કે 'વેદનું વચન સ્વતઃ પ્રમાણ છે. તેથી નક્કી થાય છે કે તે વેદવચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી અવશ્ય તે પ્રકારે ફળ મળશે.' તેને ગ્રંથકારશ્રી કહે છે. વેદનું સ્વતઃ જ પ્રામાણ્ય સંગત નથી. કેમ સંગત નથી ? તેમાં યુક્તિ બતાવે છે, તેમાં વિપરીત પ્રતિપત્તિ છે અર્થાત્ કેટલાક કહે છે કે 'વેદ સ્વતઃ પ્રમાણ છે, કેટલાક કહે છે કે વેદ સ્વતઃ પ્રમાણ નથી.. તેથી જે સ્થાનમાં બે વિરોધ પ્રાપ્ત થતા હોય તે સ્થાનમાં નિર્ણય થઈ શકે નહીં કે વેદ સ્વતઃ પ્રમાણ છે કે સ્વતઃ પ્રમાણ નથી.' તેના સમાધાનરૂપે મીમાંસક કહે છે કે 'જેઓ વેદને સ્વતઃ પ્રમાણ માનતા નથી તેઓ મિથ્યાવાદી છે.' તેથી મિથ્યાવાદીના વચનથી શું ? માટે વેદને સ્વતઃ પ્રમાણ સ્વીકારવામાં કોઈ દોષ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે, 'વેદ પ્રમાણ છે', તેમ માનનારામાં પણ કેટલાક વેદને સ્વતઃ પ્રમાણ સ્વીકારતા હોય અને કેટલાક સ્વતઃ પ્રમાણ સ્વીકારતા ન હોય, તેમાં આ સમ્યગ્વાદી છે અને આ મિથ્યાવાદી છે, તેમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ વિદ્યમાન ન હોય છતાં એમ કહેવામાં આવે કે 'વેદ સ્વતઃ પ્રમાણ સ્વીકારતા નથી, તે મિથ્યાવાદી છે' એ કથન અર્થ વગરનું છે.

વળી, 'વેદને એકાંતથી સ્વતઃ પ્રમાણ સ્વીકારવામાં અન્ય શું દોષ પ્રાપ્ત થાય ?' તે બતાવતાં કહે છે. જો વેદ એકાંતથી સ્વતઃ પ્રમાણ હોય તો વેદથી થનારું જ્ઞાન પ્રમાણભૂત છે તેમ માનવું પડે અને તેમ સ્વીકારીએ તો વેદથી કોઈને કુવિજ્ઞાન થાય છે=કુત્સિત જ્ઞાન થાય છે તેને પણ પ્રમાણ સ્વીકારવું પડે. જેમ વેદથી કોઈકને સમ્યગ્જ્ઞાન થાય છે તે પ્રમાણ છે તેમ વેદથી જ કોઈકને કુવિજ્ઞાન થાય છે તે પણ પ્રમાણ છે તેમ માનવું પડે; કેમ કે તે બંને જ્ઞાનો પ્રત્યે સ્વતઃ પ્રમાણ એવું વેદ કારણ છે.

અહીં મીમાંસક કહે કે કોઈકને કુવિજ્ઞાન થાય છે તે વેદથી થતું નથી. પરંતુ તેની મતિના દોષથી થાય છે માટે તે કુવિજ્ઞાનને પ્રમાણ સ્વીકારવાની આપત્તિ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે, એ રીતે 'કોઈકને સમ્યગ્જ્ઞાન થાય છે, તે પણ વેદથી થયું નથી', એમ માનવું જોઈએ. તેથી વેદ સ્વતઃ પ્રમાણ છે અને સમ્યગ્જ્ઞાનનું કારણ છે તેમ કહી શકાય નહીં. કેમ વેદને અવલંબીને કુવિજ્ઞાન અને સુવિજ્ઞાન બન્ને થાય છે ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે, 'કોઈક વિવક્ષિત વેદવાક્યના શ્રવણને આશ્રયીને સુવિજ્ઞાન કે કુવિજ્ઞાન થાય છે અને તેના શ્રવણ વગર કુવિજ્ઞાન કે સુવિજ્ઞાન થતું નથી.' આમ છતાં 'તે કુવિજ્ઞાન વેદથી થયું નથી' એમ જો મીમાંસક કહે તો સમ્યગ્જ્ઞાન પણ વેદથી થયું નથી તેમ જ તેણે સ્વીકારવું જોઈએ. તેથી 'વેદ સમ્યગ્જ્ઞાનનો હેતુ છે અને સ્વતઃ પ્રમાણ છે', તે પ્રકારનું મીમાંસકનું વચન સંગત નથી.

અહીં મીમાંસક કહે કે 'વેદના શ્રવણને કારણે કોઈકને કુવિજ્ઞાન થાય છે તે વ્યાખ્યાન કરનારાના દોષને કારણે થાય છે પરંતુ વેદથી થતું નથી.' તેને ગ્રંથકારશ્રી કહે છે, 'વેદથી કોઈકને સમ્યગ્જ્ઞાન થાય છે ત્યાં પણ વ્યાખ્યાન કરનારના ગુણથી જ સમ્યગ્જ્ઞાન થાય છે, વેદથી થતું નથી.' એ પ્રકારે મીમાંસકે સ્વીકારવું જોઈએ અને વ્યાખ્યાન કરનારના ગુણને કારણે વેદથી સમ્યગ્જ્ઞાન થાય છે અને વ્યાખ્યાન કરનારના દોષને કારણે વેદથી મિથ્યાજ્ઞાન થાય છે, તેમ અનુભવ અનુસાર મીમાંસક સ્વીકારે તો 'વેદ સ્વતઃ પ્રમાણ છે.' એ કથન નિષ્ફળ છે; કેમ કે વ્યાખ્યાતૃના ગુણદોષની અપેક્ષાએ વેદનું પ્રામાણ્ય સ્વીકારવાને કારણે પરતઃ પ્રામાણ્ય સિદ્ધ થાય છે, સ્વતઃ પ્રામાણ્ય સિદ્ધ થતું નથી. **॥૧૨૫૯થી ૧૨૬૧॥**

**ગાથા :-**

**उप्पन्नम्मि वि णाणे तत्तो तह संसयादिभावातो ।**
**अण्णत्तो तेसिं च्चिय णिवित्तिओ कहं सतो चेव? ।।१२६२।।**

**છાયા :-**

**उत्पन्नेऽपि ज्ञाने ततस्तथा संशयादिभावात् ।**
**अन्यतस्तेषामेव निवृत्तेः कथं स्वत एव ।।१२६२।।**

**ગાથાર્થ :-**

**અને તેનાથી=વેદથી, ઉત્પન્ન પણ જ્ઞાન થયે છતે, સંશયાદિનો ભાવ હોવાને કારણે અન્ય પાસેથી તેની જ નિવૃત્તિ હોવાને કારણે કેવી રીતે સ્વતઃ જ વેદ પ્રમાણ છે અર્થાત્ સ્વતઃ જ વેદ પ્રમાણ નથી. ।।૧૨૬૨।।**

**ટીકા :-**

**उत्पन्नेऽपि ज्ञाने ततो-वेदात् 'तथेति' दूषणान्तरसमुच्चये, तत ऊर्ध्वं संशयादिभावतस्तेषां च संशयादीनामन्यतः सकाशान्निवृत्तेश्च कथं स्वत एव वेदस्य प्रामाण्यं युक्तं?, नैव युक्तमिति भावः । यथोक्तप्रकारेण परतोऽपि तस्य भावात् ।।१२६२।।**

**ટીકાર્થ :-**

**उत्पन्नेऽपि ..... भावात् ।। 'તથા' એ દૂષણાંતરના સમુચ્ચયમાં છે. તેનાથી=વેદથી, ઉત્પન્ન પણ જ્ઞાન હોતે છતે, તેનાથી ઊદ્દર્ધ્વ=તે જ્ઞાન થયા પછી સંશયાદિનો ભાવ થવાને કારણે અને તે સંશયાદિની અન્ય પુરુષ વડે નિવૃત્તિ હોવાને કારણે કેવી રીતે વેદનું સ્વતઃ જ પ્રામાણ્ય યુક્ત છે ? અર્થાત્ યુક્ત નથી જ. એ પ્રકારનો ભાવ છે; કેમ કે યથા ઉક્ત પ્રકારથી=વ્યાખ્યાતૃને આધીન પ્રામાણ્ય છે એ પ્રમાણે પૂર્વમાં કહ્યું એ પ્રકારથી, પરથી પણ=વ્યાખ્યાતૃ રૂપ પરથી પણ, તેનો ભાવ છે=પ્રામાણ્યનો સદ્ભાવ છે. ।।૧૨૬૨।।**

**ભાવાર્થ :-**

મીમાંસક વેદને સ્વતઃ પ્રમાણ સ્વીકારે છે તે યુક્ત નથી તેમ યુક્તિથી પૂર્વમાં સ્થાપન કર્યું હવે 'વેદને સ્વતઃ પ્રમાણ સ્વીકારવામાં અન્ય દૂષણ પ્રાપ્ત થાય છે.' તેનો સમુચ્ચય 'તથા'થી કરે છે. કોઈને વેદથી જ્ઞાન ઉત્પન્ન થાય, ત્યાર પછી સંશયાદિ થાય છે. જેમ વેદવચનોથી 'ગૌતમસ્વામીને બોધ થયો' અને ત્યાર પછી પરસ્પર ભિન્ન ભિન્ન વેદવચનોને અવલંબીને 'આત્મા છે કે નથી' એ પ્રકારનો સંશય ઉત્પન્ન થયો. વળી, તે સંશય ઉત્પન્ન થયા પછી અન્ય પાસેથી તે સંશયની નિવૃત્તિ થાય છે. જેમ ગૌતમસ્વામીને તે વેદવચન વિષયક થયેલી શંકા વીર ભગવાન પાસેથી નિવર્તન પામી એથી નક્કી થાય છે કે વેદવચન સ્વતઃ પ્રમાણ નથી; કેમ કે જો વેદવચન સ્વતઃ પ્રમાણ હોય તો તેનાથી શંકા ઉત્પન્ન થાય અને તે શંકાનું નિવર્તન અન્ય પુરુષથી થાય તે સંભવે નહીં. તેથી વેદવચન પરથી પણ પ્રમાણ છે તેમ માનવું જોઈએ માટે મીમાંસક વેદને એકાંતે સ્વતઃ પ્રમાણ કહે છે તે વચન મિથ્યા છે. **।।૧૨૬૨।।**

**અવતરણિકા :-**

**पुनरभ्युच्चयेनात्रैव दूषणान्तरमाह–**

**અવતરણિકાર્થ :-**

**વળી, અભ્યુચ્ચયથી અહીં જ=વેદને એકાંતે સ્વતઃ પ્રમાણ સ્વીકારવામાં જ, દૂષણાંતરને કહે છે –**

**ગાથા :-**

**ण य होंति संसयादी दीवादिपगासिए घडादिम्मि ।**
**णाते ण य सो कस्सइ विवरीयपयासणं कुणइ ।।१२६३।।**

**છાયા :-**

**न च भवन्ति संशयादयो दीपादि प्रकाशिते घटादौ ।**
**ज्ञाते न च स कस्यापि विपरीतप्रकाशनं करोति ।।१२६३।।**

**ગાથાર્થ :-**

**દીપાદિથી પ્રકાશિત ઘટાદિ જ્ઞાત હોતે છતે સંશયાદિ થતા નથી અને તે=દીપાદિ, કોઈને વિપરીત પ્રકાશન કરતા નથી. ।।૧૨૬૩।।**

**ટીકા :-**

**न च भवन्ति दीपादिभिरादिशब्दाच्चन्द्रादिभिश्च प्रकाशिते घटादौ ज्ञाते सति संशयादय आदिशब्दाद्विपर्यासमोहग्रहणं, तथा लोके अनुभवात्, न च सः-प्रदीपादिरर्थः कस्यापि विपरीतार्थप्रकाशनं करोति, तद्यदि वेदोऽपि दीपादिवत् स्वत एव बाह्यार्थप्रकाशने प्रमाणं तर्हि न ततो बाह्यार्थे ज्ञाते सति तदूर्ध्वं संशयादयो भवेयुर्नापि स विपरीतार्थप्रकाशनं कुर्यादिति ।।१२६३।।**

**ટીકાર્થ :-**

न च ..... कुर्यादिति ।। દીપાદિથી પ્રકાશિત ઘટાદિ જ્ઞાત થયે છતે સંશયાદિ થતા નથી; કેમ કે તે પ્રકારે લોકમાં અનુભવ છે. દીપાદિમાં રહેલા 'आदि' શબ્દથી ચંદ્રાદિનું ગ્રહણ કરવું અને સંશયાદિમાં રહેલા 'आदि' શબ્દથી વિપર્યાસ, મોહનું ગ્રહણ કરવું અને તે પ્રદીપાદિ અર્થ=પદાર્થ, કોઈના=કોઈ વસ્તુના, વિપરીત અર્થનું પ્રકાશન કરતો નથી, તે કારણથી જો વેદ પણ દીપાદિની જેમ સ્વતઃ જ બાહ્ય અર્થના પ્રકાશનમાં પ્રમાણ છે, તો તેનાથી=વેદથી, બાહ્ય અર્થ જ્ઞાત થયે છતે તેના ઉત્તરમાં સંશયાદિ થાય નહીં. વળી તે=વેદ, વિપરીત અર્થનું પ્રકાશન કરે નહીં. ।।૧૨૬૩।।

**અવતરણિકા :-**

अत्र पर आह–

**અવતરણિકાર્થ :-**

અહીં=પૂર્વમાં કહ્યું કે જો દીપાદિની જેમ વેદ બાહ્ય અર્થના પ્રકાશનમાં સ્વતઃ પ્રમાણ હોય તો વેદથી સંશયાદિ થાય નહીં એમાં, પર કહે છે=મીમાંસક કહે છે –

**ગાથા :-**

**कंदोट्टादिसु अह सो पगासती रत्तयादि विवरीयं ।**
**तण्णो तज्जोगाओ तस्सेव तहापरिणतीतो ।।१२६४।।**

**છાયા :-**

कंदोट्टादिषु अथ स प्रकाशयति रक्तादिकं विपरीतम् ।
तन्न तद्योगात् तस्यैव तथापरिणतितः ।।१२६४।।

ગાથાર્થ :-

હવે કંદોટ્ટાદિમાં તે દીપાદિ રક્તાદિ વિપરીત પ્રકાશન કરે છે, તે બરાબર નથી=મીમાંસકનું તે સમાધાન બરાબર નથી; કેમ કે તેના યોગથી=પ્રદીપાદિની પ્રભાના યોગથી, તેની જ=ઇંદીવરાદિની જ તથાપરિણતિ છે. ।।૧૨૬૪।।

ટીકા :-

कन्दोट्टं-नीलोत्पलम् 'कंदोट्टेंदीवरकुवलयाइं नीलुप्पले जाण' इतिवचनात्, तदादिषु अथ सः-दीपादिः प्रकाशयति रक्ततादिकं विपरीतम्, आदिशब्दात् शुक्लतादिपरिग्रहः । चन्द्रो हि परमकृष्णे हि मनाक् शुक्लरूपतां प्रकाशयतीति, एवं वेदोऽपि केषांचिदर्थं विपरीतमपि प्रकाशयिष्यतीत्यदोषः । अत्राह—'तन्नो' इत्यादि, यदेतदुक्तं तन्न । कुत इत्याह—तद्योगात्-प्रदीपादिप्रभायोगात् तस्य-इन्दीवरादेस्तथापरिणतिभावात् । तन्न प्रदीपादेर्विपरीतार्थप्रकाशनमिति ।।१२६४।।

ટીકાર્થ :-

कन्दोट्टं- ..... प्रकाशनमिति ।। કંદોટ્ટ નીલ ઉત્પલ છે; કેમ કે "કંદોટ્ટ, ઇંદીવર, કુવલયાદિને નીલ ઉત્પલ જાણવા" એ પ્રકારનું વચન છે. તે આદિમાં=નીલઉત્પલાદિમાં, તે=દીપાદિ, રક્તાદિ વિપરીત પ્રકાશન કરે છે. 'आदि' શબ્દથી શુક્લતાદિનું ગ્રહણ છે. हि=જે કારણથી, પરમકૃષ્ણમાં પણ ચંદ્ર થોડી શુક્લરૂપતાનું પ્રકાશન કરે છે એ રીતે=નીલોત્પલાદિમાં વિપરીત બોધ થાય છે એ રીતે, વેદ પણ કેટલાક જીવોને વિપરીત પણ અર્થનું પ્રકાશન કરે છે. એથી અદોષ છે=દીપાદિની જેમ વેદને સ્વતઃ પ્રકાશન સ્વીકારવામાં અદોષ છે. અહીં=મીમાંસકના પ્રસ્તુત કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે. જે 'આ કહેવાયું=મીમાંસક વડે કહેવાયું. તે નથી ?' કયા કારણથી મીમાંસકે કહ્યું તે નથી ? એથી કહે છે. તદ્યોગથી=પ્રદીપાદિની પ્રભાના યોગથી, તેની=ઇન્દીવરાદિની, તથા પરિણતિનો ભાવ હોવાથી મીમાંસકનું કથન બરાબર નથી એમ અન્વય છે. તે કારણથી પ્રદીપાદિનું વિપરીત અર્થનું પ્રકાશન નથી. ।।૧૨૬૪।।

અવતરણિકા :-

पर आह—

અવતરણિકાર્થ :-

પર=મીમાંસક, કહે છે —

ગાથા :-

उलुगादीणं दिणगरकिरणा भासंति जह तमोरूवा ।
वेदत्थो वि हु एवं पावेण ण सम्मं केसिंचि ।।१२६५।।

છાયા :-

उलूकादीनां दिनकरकिरणा भासन्ते यथा तमोरूपाः ।
वेदार्थोऽपि हु एवं पापेन न सम्यक्केषाञ्चित् ।।१२६५।।

ગાથાર્થ :-

જે પ્રમાણે ઘુવડાદિને સૂર્યનાં કિરણો અંધકારરૂપ ભાસે છે એ રીતે પાપથી વેદનો અર્થ પણ કેટલાકને સમ્યગ્ ભાસતો નથી. ।।૧૨૬૫।।

ટીકા :-

यथा उलूकादीनां दिनकरकिरणाः स्वतः स्वच्छा अपि स्वदोषवशात्तमोरूपा भासन्ते, एवं वेदार्थोऽपि 'हु' निश्चितं केषांचित् श्रोतॄणां पापेन हेतुना न सम्यग्भासत इति ।।१२६५।।

ટીકાર્થ :-

यथा ..... इति ।। જે પ્રમાણે ઘુવડાદિને સૂર્યના કિરણો સ્વતઃ સ્વચ્છ પણ સ્વદોષના વશથી તમોરૂપ ભાસે છે એ પ્રમાણે વેદનો અર્થ પણ નિશ્ચિત કેટલાક શ્રોતાઓને પાપરૂપ હેતુથી સમ્યગ્ ભાસતો નથી. ।।૧૨૬૫।।

અવતરણિકા :-

अत्राह—

અવતરણિકાર્થ :-

અહીં=મીમાંસકના સમાધાનમાં, કહે છે=ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

णाते वि संसयादी कहं णु जायंति? ते वि पावातो ।
तदभावे तदभावा सिद्धं परतो वि पामन्नं ।।१२६६।।

છાયા :-

ज्ञातेऽपि संशयादयः कथं नु जायन्ते ? तेऽपि पापात् ।
तदभावे तदभावात् सिद्धं परतोऽपि प्रामाण्यम् ।।१२६६।।

ગાથાર્થ :-

જ્ઞાત હોતે છતે=બાહ્ય અર્થ જ્ઞાત હોતે છતે, સંશયાદિ કેવી રીતે થાય ? તે પણ=સંશયાદિ પણ, પાપથી થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે, તેના અભાવમાં=પાપના અભાવમાં, તેનો

**અભાવ હોવાથી=સંશયાદિનો અભાવ હોવાથી, પરથી પણ પ્રામાણ્ય સિદ્ધ છે=વેદનું પ્રામાણ્ય સિદ્ધ છે. ॥૧૨૬૬॥**

**ટીકા :-**

**भवत्वेतत्, किंतु ज्ञातेऽपि सम्यग्बाह्येऽर्थे ततो वेदात् कथं नु पुनः संशयादयो जायन्ते?, न हि प्रदीपादिभिः प्रकाशिते घटादौ ज्ञाते पुनः संशयादयः प्रादुर्भवन्तोऽनुभूयन्ते इति । अत्राह 'ते वि पावाओत्ति' तेऽपि-संशयादयः पापादिति चेत्? । ननु तर्हि तदभावे-पापाभावे तदभावात्-संशयादीनामभावात् सिद्धं परतोऽपि वेदस्य प्रामाण्यमिति ।।१२६६।।**

**ટીકાર્થ :-**

**भवत्वेतत् ..... प्रामाण्यमिति ।। આ થાઓ=ઘુવડની જેમ વેદનો અર્થ કેટલાકને વિપરીત ભાસે છે એ પ્રમાણે થાઓ પરંતુ તે વેદથી બાહ્ય અર્થ સમ્યગ્ જ્ઞાત થયે છતે પણ કેવી રીતે વળી સંશયાદિ થાય ? અર્થાત્ થાય નહીં. हि=જે કારણથી, પ્રદીપાદિ દ્વારા પ્રકાશિત ઘટાદિ જ્ઞાત થયે છતે ફરી સંશયાદિ પ્રાદુર્ભાવ થતા અનુભવાતા નથી. અહીં પર કહે છે – તે પણ સંશયાદિ પાપથી થાય છે. એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – ખરેખર તેના અભાવમાં=પાપના અભાવમાં, તેનો અભાવ હોવાથી=સંશયાદિનો અભાવ હોવાથી, વેદનું પરતઃ પ્રામાણ્ય સિદ્ધ થયું. ॥૧૨૬૬॥**

**ભાવાર્થ :-**

મીમાંસક વેદને એકાંતે સ્વતઃ પ્રકાશક સ્વીકારે છે, તેમાં દોષ આપતાં ગ્રંથકારશ્રી કહે છે. દીપાદિથી પ્રકાશિત ઘટાદિનું જ્ઞાન થયે છતે ત્યાં 'ઘટાદિ છે કે નહીં', એ પ્રકારનો સંશય થતો નથી અને 'ઘટ નથી' એ પ્રકારનો વિપરીત બોધ થતો નથી અને પ્રદીપાદિ વસ્તુ અર્થને વિપરીત રૂપે પ્રકાશન કરતા નથી અર્થાત્ અંધકારમાં ઘડો પડ્યો હોય અને પ્રદીપાદિ લઈને કોઈ ઘડો જોવા જાય ત્યારે ઘટને બદલે પટનું પ્રકાશન પ્રદીપાદિ કરતા નથી. તેથી જો વેદ પણ પ્રદીપાદિની જેમ સ્વતઃ બાહ્ય અર્થને પ્રકાશન કરવામાં સમર્થ હોય તો વેદથી બાહ્ય અર્થનું જ્ઞાન થયા પછી સંશય આદિ થવા જોઈએ નહીં અને વિપરીત અર્થનો બોધ થવો જોઈએ નહીં પરંતુ વેદથી બોધ કર્યા પછી પણ સંશયાદિ થાય છે અને વેદથી વિપરીત અર્થનો પણ બોધ થાય છે. તેથી નક્કી થાય છે કે પ્રદીપની જેમ વેદ સ્વતઃ પ્રકાશક નથી.

અહીં મીમાંસક કહે છે કે નીલોત્પલને દીપાદિથી જોવામાં આવે ત્યારે રક્તાદિરૂપ વિપરીત બોધ થાય છે. વળી ચંદ્રના પ્રકાશમાં અત્યંત કાળી વસ્તુ પણ થોડીક શુક્લરૂપ દેખાય છે. એ રીતે વેદ પણ કોઈક અર્થને વિપરીત પ્રકાશન કરે છે તો પણ જેમ ઘટાદિનું પ્રદીપથી પ્રકાશન થાય છે તેમ પ્રદીપનું અન્યથી પ્રકાશન થતું નથી. અર્થાત્ ઘટનું જ્ઞાન પ્રદીપથી થાય છે પરંતુ પ્રદીપનું જ્ઞાન કરવા માટે અન્ય પ્રદીપની આવશ્યકતા નથી. તેથી પ્રદીપ સ્વતઃ પ્રકાશક છે તેમ વેદ પણ સ્વતઃ પ્રકાશક છે. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનમાં ગ્રંથકારશ્રી કહે છે, 'મીમાંસકનું આ કથન યુક્ત નથી'; કેમ કે પ્રદીપના પ્રભાના સંપર્કથી

ઇન્દીવરાદિની તે પ્રકારની પરિણતિ થાય છે. તેથી જોનારને કંઈક રક્તતા દેખાય છે તે વિપરીત જ્ઞાનરૂપ નથી પરંતુ યથાર્થ જ્ઞાનરૂપ જ છે; કેમ કે પ્રદીપના પ્રભાના સંયોગને કારણે તે કમળનો જેવો વર્ણ દેખાય છે તેવો જ પરિણામ તે કમળનો છે અને જ્યારે પ્રદીપની પ્રભાનો સંયોગ નથી ત્યારે તે કમળનો તેવા વર્ણવાળો પરિણામ નથી. તેથી પ્રદીપની પ્રભાથી વિપરીત અર્થનું પ્રકાશન થતું નથી. તેમ વેદવચન પણ સ્વતઃ પ્રકાશક હોય તો તેનાથી વિપરીત અર્થનો બોધ થવો જોઈએ નહીં અને વેદવચનથી વિપરીત અર્થનો બોધ કોઈકને થાય છે. તેથી વેદવચન પ્રદીપની જેમ સ્વતઃ પ્રકાશક સ્વીકારી શકાય નહીં.

અહીં મીમાંસક કહે કે 'સૂર્યનાં કિરણો સ્વતઃ સ્વચ્છ હોવા છતાં પણ ઘુવડાદિના પોતાના દોષના વશથી સૂર્યનાં કિરણો અંધકારરૂપ ભાસે છે, તેથી ઘુવડને સૂર્યના કિરણમાં કંઈ દેખાતું નથી.' એ રીતે વેદનો અર્થ પણ પાપના ઉદયથી કેટલાક શ્રોતાને સમ્યગ્ ભાસતો નથી તો પણ સૂર્ય જેમ સ્વતઃ પ્રકાશક છે તેમ વેદ પણ સ્વતઃ પ્રકાશક છે એમ સ્વીકારી શકાશે.

તેને ગ્રંથકારશ્રી કહે છે, 'ઘુવડના દૃષ્ટાંતથી પૂર્વપક્ષી કહે છે એમ સ્વીકારી લઈએ તો પણ વેદથી સમ્યગ્ બાહ્ય અર્થનું જ્ઞાન થયા પછી ફરી સંશયાદિ કેમ થાય છે ? જેમ કોઈક વેદવચનથી ગૌતમસ્વામીને 'આત્મા નથી' તેવું જ્ઞાન થયું અને અન્ય વેદવચનથી 'આત્મા છે' તેવું જ્ઞાન થયું અને તે બે જ્ઞાન થવાને કારણે સંશય થયો તેમ અન્ય કોઈકને પણ વેદવચનથી સંશય, વિપર્યાદિ થાય છે તે થવા જોઈએ નહીં.' જેમ પ્રદીપાદિથી ઘટાદિનું જ્ઞાન થયા પછી 'આ ઘટ છે કે નહીં' એ પ્રકારનો સંશય થતો નથી. તેમ વેદવચનથી સમ્યગ્ બોધ થયા પછી સંશય થવો જોઈએ નહીં એમ ગ્રંથકારશ્રી કહે છે. ત્યાં મીમાંસક કહે છે કે 'તે જીવના પાપના ઉદયથી વેદના વચનમાં સંશય થાય છે.' વસ્તુતઃ વેદ પ્રદીપાદિની જેમ યથાર્થ પ્રકાશન કરનાર જ છે.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે જે જીવોને તે પ્રકારના પાપનો ઉદય નથી તેઓને સંશયાદિનો અભાવ છે અને જે જીવોને પાપનો ઉદય છે તેઓને વેદથી બોધ થયા પછી પણ સંશયાદિ થાય છે. તેથી સિદ્ધ થાય છે કે પાપના અભાવથી વેદનું પ્રામાણ્ય સિદ્ધ છે માટે વેદનું પરતઃ પ્રામાણ્ય છે, સ્વતઃ નથી. **॥૧૨૬૩થી ૧૨૬૬॥**

**અવતરણિકા :-**

**अन्यच्च—**

**અવતરણિકાર્થ :-**

**અને અન્ય=વેદને પ્રદીપાદિની જેમ સ્વતઃ પ્રકાશક સ્વીકારવામાં અન્ય દોષ બતાવે છે –**

**ગાથા :-**

**एगंतेण तु सत एव तम्मि सइ सव्वहेव सव्वेसिं ।**
**कुज्जा पमाणकज्जं सहावभेदादिविरहातो ।।१२६७।।**

**છાયા :-**

एकान्तेन तु स्वत एव तस्मिन् सति सर्वथैव सर्वेषाम् ।
कुर्यात् प्रमाणकार्यं स्वभावभेदादिविरहात् ।।१२६७।।

**ગાથાર્થ :-**

**એકાંતથી જ સ્વતઃ તે હોતે છતે=વેદનું પ્રામાણ્ય હોતે છતે, સર્વદા સર્વને જ=સર્વ જીવોને જ, પ્રામાણ્યનું કાર્ય કરે; કેમ કે સ્વભાવભેદાદિનો વિરહ છે. ।।૧૨૬૭।।**

**ટીકા :-**

एकान्तेनैव तुरवधारणे, स्वत एव वेदस्य तस्मिन्-प्रामाण्ये सदा-सर्वदा सर्वेषामेव प्रमाणकार्यं निश्चिताविपरीतप्रत्ययोत्पादनलक्षणं स वेदः कुर्यात् ! । कुत ? इत्याह–'स्वभावभेदादिविरहात्' नित्यतया स्वभावभेदाभावात्सदा कुर्यात्, आदिशब्दात् देशाद्यपेक्षया स्वतः प्रामाण्यभावाभावलक्षण-स्वभावनानात्वाभावात् सर्वथा सर्वेषामेव प्रमाणकार्यं कुर्यादिति परिग्रहः । तस्मान्न स्वत एव प्रामाण्यम् । ततश्च स्थितमेतत्-कथंचिन्नित्य आगमः, स्वत एव च कथंचित्तस्य प्रामाण्यं, तस्माच्च सर्वज्ञस्यावगम इति ।।१२६७।।

**ટીકાર્થ :-**

एकान्तेनैव ..... इति ।। ગાથામાં 'તુ' શબ્દ અવધારણમાં છે. તેથી જ એકાંતથી સ્વતઃ જ વેદનું તે હોતે છતે=પ્રામાણ્ય હોતે છતે, સદા=સર્વદા, સર્વ જ જીવોને પ્રમાણનું કાર્ય=નિશ્ચિત અને અવિપરીત બોધના ઉત્પાદનરૂપ પ્રમાણનું કાર્ય, તે વેદ કરે. કયા કારણથી ?=કયા કારણથી વેદ સર્વ જ જીવોને પ્રામાણ્યનું કાર્ય કરે ? એથી કહે છે. સ્વભાવભેદ આદિનો વિરહ હોવાથી=નિત્યપણું હોવાને કારણે સ્વભાવભેદનો અભાવ હોવાથી, સદા કરે=મીમાંસક મતાનુસાર વેદ નિત્ય હોવાથી તેના સ્વભાવના ભેદનો અભાવ હોવાને કારણે સદા પ્રામાણ્યનું કાર્ય કરે. 'આદિ' શબ્દથી દેશાદિની અપેક્ષાથી સ્વતઃ પ્રામાણ્યના ભાવ-અભાવરૂપ સ્વભાવના ભેદત્વનો અભાવ હોવાથી સર્વથા સર્વને જ=સર્વ જીવોને જ, પ્રમાણનું કાર્ય કરે.' એ પ્રમાણે ગ્રહણ છે='આદિ' શબ્દથી ગ્રહણ છે. તે કારણથી=વેદ બધા જીવોને યથાર્થ બોધ કરાવતું નથી તે કારણથી, વેદનું સ્વતઃ જ પ્રામાણ્ય નથી અને તેથી=અત્યાર સુધી ચર્ચા કરીને સ્થાપન કર્યું કે 'વેદ એકાંતથી સ્વતઃ પ્રમાણ નથી તેથી, આ સ્થિત છે=આગળમાં કહે છે એ સિદ્ધ થાય છે.' આગમ કથંચિત્ નિત્ય છે અને સ્વતઃ જ કથંચિત્ તેનું પ્રામાણ્ય છે અને તેનાથી=તે આગમથી, સર્વજ્ઞનો અવગમ છે=આ આગમને કહેનારા સર્વજ્ઞ છે તેવો નિર્ણય થાય છે. ।।૧૨૬૭।।

**અવતરણિકા :-**

एतदेवोपसंहरति—

**અવતરણિકાર્થ :-**

આનો જ ઉપસંહાર કરે છે –

**ભાવાર્થ :-**

ગાથા-૧૨૬૭ની ટીકાને અંતે ફલિતાર્થરૂપે કહ્યું કે આગમ કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ આગમનું સ્વતઃ પ્રામાણ્ય છે અને તેનાથી=તે આગમથી, સર્વજ્ઞનો બોધ થાય છે. તેનો જ ઉપસંહાર કરે છે.

**ગાથા :-**

**एवं च गम्मइ जदा कहंचि णिच्चातो आगमातो सो ।**
**संपइ तदा ण जुत्तं जं वुत्तं पुव्वपक्खम्मि ।।१२६८।।**
**अन्नं च गम्मइ तओ केण पमाणेण एवमाई उ ।**
**इतरेतरासओ वि हु फलभूयत्तेण नो तस्स ।।१२६९।।**

**છાયા :-**

एवं च गम्यते यदा कथञ्चिद् नित्यादागमात् सः ।
संप्रति तदा न युक्तं यदुक्तं पूर्वपक्षे ।।१२६८।।
अन्यच्च गम्यते सकः केन प्रमाणेन एवमादिस्तु ।
इतरेतराश्रयोऽपि हु फलभूतत्वेन न तस्य ।।१२६९।।

**ગાથાર્થ :-**

**અને આમ હોતે છતે જ્યારે કથંચિત્ નિત્ય એવા આગમથી તે=સર્વજ્ઞ, જણાય છે ત્યારે પૂર્વપક્ષમાં 'ક્યા પ્રમાણથી તે=સર્વજ્ઞ, જણાય છે ?' એ વગેરે જે કહેવાયું=ગાથા-૧૧૫૪માં 'अन्नं च गम्मइ' ઈત્યાદિથી જે કહેવાયું, તે હવે યુક્ત નથી. ફલભૂતપણાને કારણે તેમને=સર્વજ્ઞને, ઈતરેતર આશ્રય પણ નથી. ।।૧૨૬૮-૧૨૬૯।।**

**ટીકા :-**

गाथा सार्था । एवं च सति यदा-कथंचिन्नित्यादागमात् सः-सर्वज्ञो ज्ञायते तदा यत् भणितं पूर्वपक्षे—'अन्नं च नज्जइ तओ केण पमाणेण इत्येवमादि' तन्न संप्रति युक्तमिति । यदप्युक्तम्—'इयरेयरासओ वि हु दोसो अणिवारणिज्जो उ त्ति' तदप्यसमीचीनम्, यत आह—इतरेतराश्रयोऽपि दोषो 'हु' निश्चितं न तस्य-सर्वज्ञस्य फलभूतत्वेन हेतुना भवति ।।१२६८-१२६९।।

**ટીકાર્થ :-**

गाथा ..... भवति ।। ગાથા અર્થવાળી છે=વિશેષ અર્થવાળી છે. અને આમ હોતે છતે=પૂર્વમાં સ્થાપન કર્યું કે આગમ કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ સ્વતઃ પ્રામાણ્ય છે એમ હોતે છતે, જ્યાં કથંચિત્ નિત્ય એવા આગમથી તે=સર્વજ્ઞ, જણાય છે ત્યારે જે પૂર્વપક્ષમાં કહેવાયું=ગાથા-૧૧૫૪માં કહેવાયું કે 'કયા પ્રમાણથી તે સર્વજ્ઞ જણાય છે ઈત્યાદિ, તે હવે યુક્ત નથી. જે વળી કહેવાયું=ગાથા-૧૧૫૮માં કહેવાયું=ઈતરેતર આશ્રય દોષ પણ અનિવારિત છે એમ જે કહેવાયું, તે પણ અસમીચીન છે, જે કારણથી કહે છે. ઈતરેતર આશ્રય પણ દોષ નિશ્ચિત તે સર્વજ્ઞને ફલભૂતત્વરૂપ હેતુને કારણે થતો નથી. ॥૧૨૬૮-૧૨૬૯॥

**અવતરણિકા :-**

एतदेव भावयन्नाह—

**અવતરણિકાર્થ :-**

આને જ ભાવન કરતાં કહે છે=ગાથા-૧૨૬૮ અને ૧૨૬૯માં કહ્યું કે 'આ ગાથા અર્થવાળી છે' એને જ ભાવન કરતાં કહે છે –

**ગાથા :-**

सुत्तस्स अत्थवत्ता सव्वण्णू सो य तम्मि फलभूतो ।
पामण्णं च सतो च्चिय इमस्स ता कह णु दोसत्ति? ।।१२७०।।

**છાયા :-**

सूत्रस्यार्थवक्ता सर्वज्ञः स च तस्मिन् फलभूतः ।
प्रामाण्यं च स्वत एवास्य तस्मात् कथं नु दोष इति ।।१२७०।।

**ગાથાર્થ :-**

સૂત્રના અર્થના વક્તા સર્વજ્ઞ છે. તે=સર્વજ્ઞ, તેમાં=આગમમાં, ફલભૂત છે અને આનું પ્રામાણ્ય=આગમનું પ્રામાણ્ય, સ્વતઃ જ છે. તે કારણથી કેવી રીતે દોષ થાય ? અર્થાત્ દોષ થાય નહીં. ॥૧૨૭૦॥

**ટીકા :-**

सूत्रस्य-आगमस्य योऽर्थस्तस्य वक्ता सर्वज्ञः, नतु सूत्रस्य कर्त्ता, स च तस्मिन्-आगमे फलभूतः, न चास्यागमस्य तद्वक्तृत्वेनैव प्रामाण्यं किंतु कथंचित् स्वत एव, 'ता' तस्मात्कथं नु इतरेतराश्रयो दोषो?, नैव कथंचनेतिभावः ।।१२७०।।

**ટીકાર્થ :-**

**सूत्रस्य- ..... कथंचनेतिभावः ।। સૂત્રનો=આગમનો, જે અર્થ તેના વક્તા સર્વજ્ઞ છે પરંતુ સૂત્રના કર્તા નહીં=સર્વજ્ઞ સૂત્રના કર્તા નથી, અને તે=સૂત્રના અર્થને કહેનારા સર્વજ્ઞ, તેમાં=આગમમાં, ફલભૂત છે અને આ આગમનું તેના વક્તૃત્વપણાથી જ પ્રામાણ્ય નથી પરંતુ કથંચિત્ સ્વતઃ જ પ્રામાણ્ય છે. તેથી કેવી રીતે ઈતરેતર આશ્રયદોષ થાય ? અર્થાત્ કોઈ રીતે ન જ થાય એ પ્રકારનો ભાવ છે. ॥૧૨૭૦॥**

**ભાવાર્થ :-**

મીમાંસક એકાંતથી વેદને સ્વતઃ પ્રમાણ સ્વીકારે છે, તેમ સ્વીકારવામાં અન્ય દોષ બતાવે છે. જો એકાંતથી જ વેદનું સ્વતઃ પ્રામાણ્ય હોય તો તે વેદવચનોથી હંમેશાં બધા જ જીવોને વેદના પ્રામાણ્યનું કાર્ય પ્રાપ્ત થવું જોઈએ=નિશ્ચિત અને અવિપરીત બોધ થવો જોઈએ. 'કેમ બધાને જ વેદથી યથાર્થ બોધ થવો જોઈએ ?' તેમાં યુક્તિ આપે છે. વેદ એકાંતથી નિત્ય છે તેથી સ્વભાવભેદનો અભાવ છે અર્થાત્ સદા એકસ્વભાવવાળો વેદ છે. તેથી તે વેદ પોતાના એકસ્વભાવને કારણે અને સ્વતઃ પ્રામાણ્ય હોવાને કારણે સર્વ દેશમાં અને સર્વ કાળમાં બધા જીવોને નિશ્ચિત બોધ કરાવે છે એમ સ્વીકારવું જોઈએ અને અનુભવ અનુસાર દેખાય છે કે બધા જીવોને વેદ યથાર્થ બોધ કરાવતું નથી પરંતુ જે જીવો વેદને સાંભળે છે અને ભણે છે તેઓને જ બોધ કરાવે છે, અન્યને કરાવતું નથી. તેથી નક્કી થાય છે કે વેદ કોઈકને ક્યારેક બોધ કરાવે છે, સદા કરાવતું નથી. વળી કોઈક દેશમાં રહેલા જીવોને બોધ કરાવે છે, અન્ય દેશમાં રહેલા જીવોને વેદ સાંભળવા પણ મળતું નથી, તેથી બોધ થતો નથી. તેથી વેદનો એક સ્વભાવ નથી પરંતુ ક્યારેક કોઈકને બોધ કરાવવાનો સ્વભાવ છે, ક્યારેક કોઈકને બોધ કરાવવાનો સ્વભાવ નથી, કોઈક દેશમાં રહેલા જીવોને બોધ કરાવવાનો સ્વભાવ છે, કોઈક દેશમાં રહેલા જીવોને બોધ કરાવવાનો સ્વભાવ નથી. આ રીતે સ્વભાવભેદને કારણે વેદ એકાંત નિત્ય નથી, તેમ જ સિદ્ધ થાય છે. જો એકાંત નિત્ય હોય તો કોઈક કાળમાં અને કોઈક ક્ષેત્રમાં પ્રામાણ્યનું કાર્ય કરાવનાર વેદની અપ્રાપ્તિ થાય નહીં. માટે 'વેદને એકાંત નિત્ય સ્વીકારી શકાય નહીં.' આ સર્વ કથનથી શું પ્રાપ્ત થાય છે ? તે સ્પષ્ટ કરે છે.

'આગમ એકાંત નિત્ય નથી પરંતુ કથંચિત્ નિત્ય છે. વળી, આગમનું સ્વતઃ પ્રામાણ્ય પણ કથંચિત્ છે અને તે આગમથી સર્વજ્ઞનો બોધ થાય છે માટે જગતમાં સર્વજ્ઞ છે તેમ સિદ્ધ થાય છે.' આ જ કથનને સંક્ષેપથી ઉપસંહાર કરતાં કહે છે. પૂર્વમાં પૂર્વપક્ષીએ કહેલ કે 'સર્વજ્ઞ છે તે કયા પ્રમાણથી જણાય છે ?' તે કથન યુક્ત નથી. વળી, પૂર્વપક્ષીએ પૂર્વમાં કહેલ કે 'આગમથી સર્વજ્ઞનો બોધ થાય છે અને સર્વજ્ઞથી આગમની સિદ્ધિ થાય છે એ રીતે ઇતરેતર આશ્રય દોષ છે તે દોષનું પણ નિવારણ થાય છે; કેમ કે આગમના ફલભૂતપણાથી ભગવાન સર્વજ્ઞ છે તેમ સિદ્ધ થાય છે માટે ઇતરેતર આશ્રય દોષ નથી. આ જ કથનને ગાથા-૧૨૭૦માં સ્પષ્ટ કરે છે.

'આગમનો જે અર્થ છે, તેના વક્તા સર્વજ્ઞ છે પરંતુ સૂત્રના કર્તા સર્વજ્ઞ નથી અને તે સર્વજ્ઞ આગમના

ફલભૂત છે અર્થાત્ આગમમાં જે સર્વજ્ઞ થવાનો ઉપાય બતાવ્યો છે તે ઉપાયના સેવનથી કેવલજ્ઞાનમાં બાધક કર્મોનો નાશ થાય છે અને તે બાધક કર્મો નાશ થવાથી ભગવાન સર્વજ્ઞ થયા છે. તેથી આગમના વચનના સેવનના ફળથી તેઓ સર્વજ્ઞ થયા છે તેમ જણાય છે પરંતુ 'આગમ સાક્ષાત્ આ ઋષભાદિ સર્વજ્ઞ છે તેમ જણાવે છે માટે સર્વજ્ઞ છે, એમ નથી.' વળી, તે આગમનું પ્રામાણ્ય તેના વક્તાને કારણે નથી પરંતુ સ્વતઃ પ્રમાણ છે. તેથી ઇતરેતર આશ્રય દોષની પ્રાપ્તિ નથી.

અહીં વિશેષ એ છે કે 'પિતાથી પુત્ર ઉત્પન્ન થાય છે એમ કહ્યા પછી કોઈ પ્રશ્ન કરે કે 'પિતા કોનાથી ઉત્પન્ન થયા છે ?' ત્યારે એમ કહેવામાં આવે કે 'પુત્રની ઉત્પત્તિમાં પિતા કારણ છે અને પિતાની ઉત્પત્તિમાં પુત્ર કારણ છે' એમ અનુભવ વિરુદ્ધ સ્વીકારવાનો પ્રસંગ પ્રાપ્ત થાય જે ઇતરેતર આશ્રય છે.

એ રીતે પૂર્વપક્ષી કહે છે કે તમારું આગમપ્રમાણ છે એ કેમ નક્કી થાય ? ત્યારે કહેવામાં આવે કે રાગ, દ્વેષ અને અજ્ઞાનથી રહિત એવા તીર્થંકરોથી પ્રરૂપાયું છે માટે આગમ પ્રમાણભૂત છે. ત્યાં કોઈ પ્રશ્ન કરે કે તમારા ભગવાન મહાવીર રાગ, દ્વેષ અને અજ્ઞાન વગરના હતા એ કેમ નક્કી થાય ? ત્યારે કહેવામાં આવે કે અમારા આગમવચનથી વીરભગવાન સર્વજ્ઞ હતા એમ નક્કી થાય છે. આ કથનમાં ઇતરેતર આશ્રય દોષ આવે છે એમ પૂર્વપક્ષી કહે છે; કેમ કે તમારું આગમ પ્રમાણ છે એમ નક્કી થાય તો વીરભગવાન સર્વજ્ઞ છે એમ તે આગમ વચનથી નક્કી થાય અને વીરભગવાન સર્વજ્ઞ છે એમ નક્કી થાય તો તેમનું આગમપ્રમાણ છે એમ નક્કી થાય. તેથી ઇતરેતર આશ્રય દોષની પ્રાપ્તિ છે, તેનું નિવારણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

દ્રવ્યથી આગમ નિત્ય છે અને તે આગમ વ્યવસ્થા બતાવે છે કે સદ્‌ગતિની પ્રાપ્તિ અર્થે તપ કરવું જોઈએ અને સર્વ કર્મના નાશ અર્થે શુદ્ધ આત્મતત્ત્વનું ધ્યાન કરવું જોઈએ. આ જ ઉપાયોને સેવીને તીર્થંકરોએ પૂર્વના ભવોમાં સરાગ સંયમ પાળ્યું. જે તપ સ્વરૂપ હતું અને તેના જ બળથી સુદેવત્વને અને સુમનુષ્યત્વને પ્રાપ્ત કરીને અંતિમ ભવમાં શુદ્ધ આત્મતત્ત્વનું ધ્યાન કરીને વીતરાગ સર્વજ્ઞ થયા. તેથી આગમના ફળરૂપે તેઓ વીતરાગ સર્વજ્ઞ થયા અને તેમણે નિત્ય એવા આગમને યથાર્થથી પ્રગટ કર્યો. જેને અવલંબીને યોગ્ય જીવો સુગતિઓની પરંપરા દ્વારા વીતરાગ સર્વજ્ઞ બને છે. તેથી આગમને પ્રમાણ સ્વીકારવામાં વીતરાગ સર્વજ્ઞનું પ્રામાણ્ય આવશ્યક છે અને વીતરાગ સર્વજ્ઞને પ્રમાણ સ્વીકારવામાં આગમનું પ્રામાણ્ય આવશ્યક છે એ રૂપ ઇતરેતર આશ્રયદોષની પ્રાપ્તિ નથી. **॥૧૨૬૭થી ૧૨૭૦॥**

**અવતરણિકા :-**

**यच्चोक्तम्–'पडिसेहगं च माणमित्यादि' तत्र दूषणमभिधित्सुराह–**

**અવતરણિકાર્થ :-**

**અને જે કહેવાયું='સર્વજ્ઞનું પ્રતિષેધક પ્રમાણ છે' ઇત્યાદિ જે ગાથા-૧૧૬૨માં કહેવાયું, ત્યાં=સર્વજ્ઞના પ્રતિષેધક પ્રમાણના પૂર્વપક્ષીના કથનમાં, દૂષણને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**पडिसेहगे पमाणे सोऽसव्वण्णु त्ति अस्स को अत्थो? ।**
**जति किंचिण्णू णणु किं तेण ण णायं ति वत्तव्वं? ।।१२७१।।**

**છાયા :-**

**प्रतिषेधके प्रमाणे सोऽसर्वज्ञ इति अस्य कोऽर्थः ? ।**
**यदि किञ्चिज्ज्ञो ननु किं तेन न ज्ञातमिति वक्तव्यम् ।।१२७१।।**

**ગાથાર્થ :-**

**'પ્રતિષેધક પ્રમાણમાં તે અસર્વજ્ઞ' એ પ્રકારના આનો=વચનનો, કયો અર્થ છે ? જો 'કિંચિત્ જ્ઞ' એ પ્રકારનો અર્થ છે, તો ખરેખર તેના વડે='આ કિંચિત્ જ્ઞ છે' એમ કહેનાર વડે, શું જ્ઞાત નથી ? એ કહેવું જોઈએ અર્થાત્ તેના વડે સર્વ જ્ઞાત છે. ।।૧૨૭૧।।**

**ટીકા :-**

**प्रतिषेधके प्रमाणे यदुक्तं—'सोऽसर्वज्ञ इति' तस्य भाषितस्य कोऽर्थ?, यदि किंचिज्ज्ञ इति, तथाहि—'अनुदरा कन्ये'त्यादाविव नञोऽल्पार्थत्वविवक्षायां असर्वज्ञ इति, किमुक्तं भवति? किंचिज्ज्ञ इति । ननु तर्हि किं तेन न ज्ञातमिति वक्तव्यं?, यदज्ञानादयं किंचिज्ज्ञ इत्युच्येत, सर्वमपि तेन ज्ञातं, तथोपदेशादिति भावः ।।१२७१।।**

**ટીકાર્થ :-**

**प्रतिषेधके ..... भावः ।।** પ્રતિષેધક પ્રમાણમાં 'તે અસર્વજ્ઞ છે' એ પ્રમાણે જે કહેવાયું, તે ભાષિતનો કયો અર્થ છે ? જો 'કિંચિત્ જ્ઞ' એ પ્રમાણેનો અર્થ છે='સર્વને જાણતા નથી પરંતુ કંઈક જાણે છે' એ પ્રમાણેનો અર્થ છે. તે આ પ્રમાણે – 'ઉદર વગરની કન્યા છે' ઇત્યાદિમાં જેમ નઞ્ અલ્પાર્થત્વની વિવક્ષામાં છે તેમ અસર્વજ્ઞ છે. શું કહેવાયેલું થાય છે ?='અસર્વજ્ઞ' શબ્દથી શું કહેવાયેલું થાય છે ? 'કિંચિત્ જ્ઞ' એ પ્રમાણે કહેવાયેલું થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે, 'તો તેના વડે શું જણાયું નથી ?' એ પ્રમાણે કહેવું જોઈએ. જેના અજ્ઞાનથી 'આ=ઋષભાદિ, કિંચિત્ જ્ઞ છે', એ પ્રમાણે પૂર્વપક્ષી વડે કહેવાય છે. વસ્તુતઃ ઋષભાદિ વડે કંઈ અજ્ઞાત નથી. તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – તેમના વડે સર્વ પણ જ્ઞાત છે=જે પુરુષ કહે કે 'આ કંઈક જાણે છે, સર્વ જાણતો નથી' તે પુરુષ વડે સર્વ પણ જ્ઞાત છે; કેમ કે તે પ્રકારનો ઉપદેશ છે=તે પુરુષ કહે છે કે 'આ પુરુષ કંઈક જાણે છે, સર્વ જાણતો નથી.' તે પ્રકારે કહેનાર પુરુષ વડે સર્વ જ્ઞાત છે. ।।૧૨૭૧।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં પૂર્વપક્ષીએ કહેલ કે 'પ્રતિષેધક માન છે=સર્વજ્ઞનું પ્રતિષેધક પ્રમાણ છે', અને તે પ્રમાણ બતાવતાં

કહેલ કે 'વિવક્ષિત વર્ધમાનસ્વામી આદિ અસર્વજ્ઞ છે', એ પ્રમાણે અમારી પ્રતિજ્ઞા છે અને પુરુષત્વાદિરૂપ હેતુ છે અર્થાત્ પુરુષત્વ અને વક્તૃત્વ હેતુ છે અને દેવદત્ત દૃષ્ટાંત છે. તેથી એ ફલિત થયું કે 'જે પુરુષ હોય અને જે વક્તા હોય, તે સર્વજ્ઞ સંભવે નહીં. માટે તેનું વચન પ્રમાણ ગણાય નહીં.' વક્તાથી નહીં બોલાયેલું અપૌરુષેય વેદ પ્રમાણ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે, 'પૂર્વપક્ષીએ કરેલા અનુમાનમાં તે વર્ધમાનસ્વામી આદિ અસર્વજ્ઞ છે. તેમાં અસર્વજ્ઞનો શું અર્થ છે ?' અર્થાત્ જો સંપૂર્ણ જ્ઞાનનો અભાવ સ્વીકારીએ તો જડની પ્રાપ્તિ થાય. તેથી જો પૂર્વપક્ષી કહે કે 'અસર્વજ્ઞ' શબ્દમાં 'અ' શબ્દ દેશ નિષેધમાં છે. તેથી વર્ધમાનસ્વામી 'કિંચિત્ જ્ઞ' છે, સંપૂર્ણ જાણનારા નથી. જેમ 'અનુદરવાળી કન્યા'નો અર્થ થાય કે 'ગર્ભવાળી કન્યા નથી પરંતુ અલ્પ ઉદરવાળી કન્યા છે.' તેમ અસર્વજ્ઞમાં રહેલો 'અ' શબ્દ 'અલ્પ' અર્થને બતાવે છે. તેથી 'અસર્વજ્ઞ'નો અર્થ 'કિંચિત્ જ્ઞ' પ્રાપ્ત થાય. ત્યાં ગ્રંથકારશ્રી કહે છે. તેના વડે=વર્ધમાનસ્વામી વડે, શું જ્ઞાત નથી ? જેના કારણે તે 'કિંચિત્ જ્ઞ' છે, એમ કહી શકાય; કેમ કે જે કંઈ અજ્ઞાનને કારણે જ આ 'કિંચિત્ જ્ઞ' એ પ્રમાણે કહેવાય છે અને આ 'કિંચિત્ જ્ઞ' છે, એમ જે કહે તેને સર્વ પણ જ્ઞાત હોય તો તે કહી શકે કે 'આ સર્વ જાણતા નથી, પરંતુ કંઈક જાણે છે.' જેમ સંસારમાં કોઈક વિષયમાં કોઈક અધિક જાણનાર હોય તે પુરુષ તે વિષયમાં પોતાનાથી અલ્પ જાણનારને પરીક્ષા દ્વારા જાણીને કહે કે 'આ પુરુષ આ વિષયમાં કંઈક જાણે છે, પૂર્ણ જાણતો નથી' તેથી અધિક જાણનાર તેને 'કિંચિત્ જ્ઞ' કહી શકે. તેમ પૂર્વપક્ષીએ અનુમાન કર્યું તે સ્થાનમાં જે કોઈ પુરુષને કોઈ 'કિંચિત્ જ્ઞ' કહે તે સર્વને જાણનાર હોય તો કહી શકે કે 'હું આ સર્વ જાણું છું અને આ પુરુષ સર્વ જાણતો નથી, કંઈક જાણે છે.' જેમ 'સાક્ષાત્ વીર ભગવાન સર્વ જાણતા હતા, પણ ગૌતમસ્વામી ઘણું જાણવા છતાં ભગવાન જેટલું જાણતા નથી', તેથી વીર ભગવાન કહી શકે કે 'ગૌતમસ્વામી કિંચિત્ જ્ઞ છે. અન્ય પુરુષ કહી શકે નહીં.' તેથી નક્કી થાય કે 'આ સર્વજ્ઞ નથી=કિંચિત્ જ્ઞ છે', એમ કહેનાર વડે સર્વ જ્ઞાત છે. તેનાથી જ 'સર્વજ્ઞની સિદ્ધિ થાય છે' માટે કોઈક પુરુષવિશેષને 'આ સર્વજ્ઞ નથી તેમ કહી શકાય પરંતુ જગતમાં કોઈ સર્વજ્ઞ નથી, એમ કહી શકાય નહીં.' માટે પૂર્વપક્ષીએ હેતુ કહેલ કે 'પુરુષત્વ અને વક્તૃત્વ છે માટે વર્ધમાનસ્વામી સર્વજ્ઞ નથી' તે હેતુ દુષ્ટ છે; કેમ કે તે બે હેતુ અસર્વજ્ઞત્વના સાધક નથી. **॥૧૨૭૧॥**

**અવતરણિકા :-**

**अत्र परस्याभिप्रायमाह–**

**અવતરણિકાર્થ :-**

**અહીં=પૂર્વગાથામાં અસર્વજ્ઞનો અર્થ 'કિંચિત્ જ્ઞ' કરીને સર્વજ્ઞની સિદ્ધિ કરી એમાં, પરના અભિપ્રાયને કહે છે –**

**ગાથા :-**

**अह जागादिविहाणं मिच्छारूवेण णिच्छियं चेव ।**
**भणिता य तेण हिंसादीया कुगतीए हेतु त्ति ।।१२७२।।**

**છાયા :-**

अथ यागादिविधानं मिथ्यारूपेण निश्चितमेव ।
भणिताश्च तेन हिंसादयः कुगतेर्हेतव इति ।।१२७२।।

**ગાથાર્થ :-**

**'अथ'થી મીમાંસક કહે છે. યાગાદિ વિધાન (ભગવાને કર્યું નથી, તેથી 'કિંચિત્ જ્ઞ' છે) તેને ગ્રંથકારશ્રી કહે છે, મિથ્યારૂપથી નિશ્ચિત જ છે. જે કારણથી તેમના વડે=ભગવાન વડે, હિંસાદિ કુગતિના હેતુ કહેવાયા છે. ।।૧૨૭૨।।**

**ટીકા :-**

**अथ यागादिविधानं तेन न ज्ञातं, तस्यानुपदेशादिति किंचिज्ज्ञ इति । तत्राह—'मिच्छेत्यादि' मिथ्यारूपेण तदपि यागादिविधानं हन्त निश्चितमेव-ज्ञातमेव । चो हेतौ । यस्मात्तेन भगवता हिंसादय आदिशब्दात्तथाविधान्यङ्गाङ्ग(न्ययज्ञाङ्ग) भूतपातकविशेषपरिग्रहः भणिता-उक्ताः कुगतेः नरकादिगतेर्हेतवः, ततो हेयरूपतया तदपि यागादिविधानं ज्ञातमेव ।।१२७२।।**

**ટીકાર્થ :-**

**अथ ..... ज्ञातमेव ।। 'अथ'થી મીમાંસક કહે છે, યાગાદિનું વિધાન તેમનાથી=વર્ધમાનસ્વામીથી, જ્ઞાત નથી; કેમ કે તેમનો અનુપદેશ છે=યાગાદિ કરવાનો ઉપદેશ કર્યો નથી. એથી 'કિંચિત્ જ્ઞ' છે= વર્ધમાનસ્વામી 'કિંચિત્ જ્ઞ' છે. ત્યાં=મીમાંસકના તે કથનમાં, કહે છે=ગ્રંથકારશ્રી કહે છે. મિથ્યારૂપે તે પણ યાગાદિ વિધાન, ખરેખર નિશ્ચિત જ છે=ભગવાન વડે જ્ઞાત જ છે. 'च' શબ્દ હેતુ અર્થમાં છે. જે કારણથી તેમના વડે=ભગવાન વડે, હિંસાદિ કુગતિના=નરકાદિ ગતિના, હેતુ કહેવાયા છે. 'આદિ' શબ્દથી=હિંસાદિમાં રહેલા આદિ શબ્દથી, તેવા પ્રકારના અન્ય યજ્ઞોના અંગભૂત પાપવિશેષનું ગ્રહણ છે. તેથી=હિંસાદિ નરકાદિના હેતુ કહ્યા છે, તેથી હેયરૂપપણાથી તે પણ યાગાદિનું વિધાન જ્ઞાત જ છે=ભગવાન વડે જ્ઞાત જ છે. ।।૧૨૭૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે 'વર્ધમાનસ્વામી સર્વજ્ઞ નથી' એ પ્રકારના પૂર્વપક્ષીના અનુમાનથી જ 'અસર્વજ્ઞ'નો અર્થ 'કિંચિત્ જ્ઞ' પ્રાપ્ત થાય છે અને 'કિંચિત્ જ્ઞ' કહેનાર પુરુષ 'સર્વજ્ઞ' છે તેમ સિદ્ધ થાય છે. ત્યાં મીમાંસક કહે છે 'વીર ભગવાને યાગાદિનું વિધાન કર્યું નથી.' તેથી નક્કી થાય છે કે વીર ભગવાન 'યાગાદિ સ્વર્ગના કારણ છે', તેમ જાણતા ન હતા માટે 'કિંચિત્ જ્ઞ' છે, સર્વજ્ઞ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે. વીર ભગવાને તે યાગાદિનું વિધાન પણ મિથ્યારૂપે જાણેલું છે. આથી વીર ભગવાને હિંસાદિને નરકાદિના હેતુ કહ્યા છે. તેથી હેયરૂપે ભગવાને યાગાદિનું વિધાન જાણ્યું છે માટે 'વીર ભગવાન કિંચિત્ જ્ઞ' નથી પરંતુ સર્વજ્ઞ છે. **।।૧૨૭૨।।**

**અવતરણિકા :-**

**स्यादेतद्, न नञोऽत्राल्पार्थता विवक्षिता, किंत्वन्यार्थता, यथा ब्राह्मणादन्योऽब्राह्मण इति, विरुद्धार्थता वा, यथा धर्मविरुद्धोऽधर्म इति, तथा चाह—**

**અવતરણિકાર્થ :-**

આ થાય=પૂર્વપક્ષીના મતે આ થાય, શું થાય ? તે સ્પષ્ટ કરે છે. 'નઞ્'થી=અસર્વજ્ઞમાં રહેલા 'અ' શબ્દથી, અહીં='વીર ભગવાન અસર્વજ્ઞ છે' એ પ્રકારના કથનમાં, 'અલ્પાર્થતા' વિવક્ષિત નથી પરંતુ 'અન્યાર્થતા' વિવક્ષિત છે. જેમ 'બ્રાહ્મણથી અન્ય અબ્રાહ્મણ અથવા વિરુદ્ધ અર્થતા', જેમ 'ધર્મથી વિરુદ્ધ અધર્મ', અને તે પ્રમાણે કહે છે='અસર્વજ્ઞ' શબ્દમાં અન્યાર્થતા અથવા વિરુદ્ધાર્થતા વિવક્ષિત છે તે પ્રમાણે કહે છે –

**ગાથા :-**

**सव्वण्णुणो अहऽण्णो तस्स विरुद्धो व सो असव्वण्णू ।**
**जत्तो अण्णो जस्स य तओ विरुद्धो स सव्वण्णू ।।१२७३।।**

**છાયા :-**

**सर्वज्ञादथाऽन्यस्तस्य विरुद्धो वा सोऽसर्वज्ञः ।**
**यतोऽन्यो यस्य च सको विरुद्धः स सर्वज्ञः ।।१२७३।।**

**ગાથાર્થ :-**

**હવે 'સર્વજ્ઞથી અન્ય અથવા તેનો વિરુદ્ધ=સર્વજ્ઞનો વિરુદ્ધ, તે અસર્વજ્ઞ છે.' એ પ્રમાણે મીમાંસક કહે, તેનો ઉત્તર આપે છે. 'જેનાથી અન્ય અથવા જેનો તે વિરુદ્ધ તે સર્વજ્ઞ છે.' ।।૧૨૭૩।।**

**ટીકા :-**

**अथ यः सर्वज्ञादन्यो यो वा तस्य सर्वज्ञस्य विरुद्धः सोऽसर्वज्ञ इति मन्येथाः । अत्राह—'जत्तो इत्यादि' यतो-यस्मादवधिभूतात् 'तओ त्ति' सको विवक्षितः पुरुषोऽन्यो यस्य वा विरुद्धो ननु स एव सर्वज्ञः प्राप्नोति, तथा चास्माकमिष्टसिद्धिरिति ।।१२७३।।**

**ટીકાર્થ :-**

अथ ..... सिद्धिरिति ।। 'अथ'થી ગ્રંથકારશ્રી કહે છે. 'જે સર્વજ્ઞથી અન્ય છે અથવા તે સર્વજ્ઞનો જે વિરુદ્ધ છે, તે અસર્વજ્ઞ છે.' એ પ્રમાણે 'તું માને છે=મીમાંસક માને છે.' અહીં=આ પ્રકારની મીમાંસકની માન્યતામાં, ગ્રંથકારશ્રી કહે છે. જેનાથી=જે અવધિભૂતથી=જે અવધિભૂત પુરુષથી, તે વિવક્ષિત પુરુષ અન્ય છે અથવા જેનો વિરુદ્ધ=જે પુરુષનો વિરુદ્ધ અન્યપુરુષ છે, ખરેખર તે જ સર્વજ્ઞ

**પ્રાપ્ત થાય છે અને તે રીતે=અસર્વજ્ઞનો અર્થ કરતાં 'અ'નો અર્થ અન્યાર્થતા અને વિરુદ્ધાર્થતા કર્યો તે રીતે, અમારા ઇષ્ટની સિદ્ધિ છે=અમને ઇષ્ટ એવા સર્વજ્ઞની સિદ્ધિ છે. ।।૧૨૭૩।।**

**ભાવાર્થ :-**

'વીર ભગવાન સર્વજ્ઞ નથી', એમ બતાવીને 'જગતમાં કોઈ સર્વજ્ઞ નથી.' એમ મીમાંસક કહે છે. 'અસર્વજ્ઞ' શબ્દમાં રહેલ 'અ' શબ્દ નકાર અર્થમાં છે તે અલ્પાર્થમાં વિવક્ષિત નથી પરંતુ અન્ય અર્થમાં વિવક્ષિત છે અથવા વિરુદ્ધ અર્થમાં 'અ' શબ્દ વિવક્ષિત છે, એમ મીમાંસક કહે છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે. જેમ 'બ્રાહ્મણથી અન્ય અબ્રાહ્મણ છે', એમ કહીએ ત્યારે 'અબ્રાહ્મણ કહેવાથી જ બ્રાહ્મણની સિદ્ધિ થાય છે.' તેમ 'સર્વજ્ઞથી અન્ય અસર્વજ્ઞ છે', એમ કહેવાથી 'કોઈક સર્વજ્ઞ છે' એમ સિદ્ધ થાય છે. અથવા વિરુદ્ધ અર્થ ગ્રહણ કરીએ તો જેમ ધર્મથી વિરુદ્ધ અધર્મ છે તેમ સર્વજ્ઞથી વિરુદ્ધ અસર્વજ્ઞ છે તે વચનથી જ કોઈક સર્વજ્ઞ છે એમ સિદ્ધ થાય છે માટે 'જગતમાં કોઈ પુરુષ સર્વજ્ઞ સંભવે નહીં', એ પ્રકારનું મીમાંસકનું વચન મિથ્યા છે. **॥૧૨૭૩॥**

**અવતરણિકા :-**

**अथोच्येत-न नञोऽन्यार्थता विरुद्धार्थता वा, किंतु विपरीतार्थता, ततश्चासर्वज्ञ इति किमुक्तं भवति—सर्वं विपरीतं जानातीति, यथा—निशि बहलमनोहारिभासुरच्छायां प्रदीपशिखां विकसितमिदमतीव चारु चम्पकपुष्पमिति मन्यमानास्तत्र कीटपतङ्गाः पतन्तो विपरीतं जानन्तीत्यज्ञा उच्यन्ते, इत्येतदाशङ्क्याह—**

**અવતરણિકાર્થ :-**

**'अथ'થી પૂર્વપક્ષી દ્વારા કહેવાય છે. 'અસર્વજ્ઞ' શબ્દમાં 'नञ्' અન્યાર્થતારૂપ નથી અથવા વિરુદ્ધાર્થતારૂપ નથી પરંતુ વિપરીત અર્થતારૂપ છે અને તેથી 'અસર્વજ્ઞ' છે. શું કહેવાયેલું થાય છે ? એથી કહે છે, સર્વ વિપરીતને જાણે છે. જે પ્રમાણે 'રાત્રિમાં અત્યંત મનોહારી ભાસુર છાયાવાળી પ્રદીપશિખાને વિકસિત આ અત્યંત સુંદર ચંપક પુષ્પ છે.' એ પ્રમાણે માનતા ત્યાં=પ્રદીપશીખામાં, પડતા કીટપતંગો વિપરીત જાણે છે. એથી 'અજ્ઞ' કહેવાય છે. એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

**ગાથા :-**

**विवरीतण्णु वि णेसो जमणेगंतो ण होइ विवरीयो ।**
**बाहगपमाणविरहा भवतोऽविय सिद्धमेवेयं ।।१२७४।।**

**છાયા :-**

विपरीतज्ञोऽपि नैष यदनेकान्तो न भवति विपरीतः ।
बाधकप्रमाणविरहाद् भवतोऽपि च सिद्धमेवेदम् ।।१२७४।।

**ગાથાર્થ :-**

**વિપરીત જાણનાર પણ આ=ભગવાન, નથી. જે કારણથી અનેકાંત વિપરીત નથી; કેમ કે બાધક પ્રમાણનો વિરહ છે અને 'આ=અનેકાંત દર્શન', તમને પણ સિદ્ધ જ છે. ॥૧૨૭૪॥**

**ટીકા :-**

**विपरीतज्ञोऽपि न एषः-भगवान् भवति, यस्मात्तेन भगवताऽनेकान्तो ज्ञातस्तस्योपदेशात्, स चानेकान्तो न भवति विपरीतो, बाधकप्रमाणविरहात्, एतच्चानेकान्तदर्शनं भवतोऽपि-मीमांसकस्य सिद्धमेवेति ।।१२७४।।**

**ટીકાર્થ :-**

**विपरीतज्ञोऽपि ..... सिद्धमेवेति ।। વિપરીત જ્ઞ પણ આ=ભગવાન, નથી. જે કારણથી તે ભગવાન વડે અનેકાંત જ્ઞાત છે; કેમ કે તેનો ઉપદેશ છે અને તે અનેકાંત વિપરીત નથી; કેમ કે બાધક પ્રમાણનો વિરહ છે અને અનેકાંતનું દર્શન તમને પણ=મીમાંસકને પણ, સિદ્ધ જ છે. ॥૧૨૭૪॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં 'અસર્વજ્ઞ' શબ્દનો અર્થ 'કિંચિત્ જ્ઞ' કર્યો, ત્યાર પછી 'અન્યાર્થતા' કર્યો, ત્યાર પછી 'વિરુદ્ધાર્થતા' કર્યો. એ ત્રણેય કથનથી સર્વજ્ઞની સિદ્ધિ થઈ. તેથી મીમાંસક કહે કે 'અસર્વજ્ઞ' શબ્દમાં રહેલો 'અ' શબ્દ વિપરીત અર્થને બતાવે છે. તેથી વિપરીત જાણનાર અસર્વજ્ઞ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે, 'વીર ભગવાન વિપરીત જાણનાર પણ નથી'; કેમ કે 'ભગવાને અનેકાંતને યથાર્થ જાણ્યો છે અને તે અનેકાંત વિપરીત નથી'; કેમ કે 'અનેકાંત વિપરીત છે, તેમ સ્થાપન કરનાર પ્રમાણનો વિરહ છે.' વળી, મીમાંસકને પણ કોઈક સ્થાનમાં અનેકાંત અભિમત જ છે. તેથી અનેકાંતનો નિષેધ કોઈક કોઈક સ્થાનમાં સર્વ દર્શનકારો કરતા નથી છતાં સર્વત્ર અનેકાંતનો સ્વીકાર કરતા નથી તેથી 'તેઓ સર્વજ્ઞ નથી' એમ સિદ્ધ થાય છે. અને ભગવાન સર્વત્ર અનુભવ અનુસાર અનેકાંતને બતાવે છે. તેથી વિપરીતને જાણનારા નથી. માટે 'અનેકાંત વિપરીત જ્ઞાન નથી' અને તેને કહેનારા 'વીર ભગવાન અસર્વજ્ઞ છે.' એ પ્રમાણે કહેવું અનુચિત છે. **॥૧૨૭૪॥**

**અવતરણિકા :-**

**अथोच्येत नञोऽत्र कुत्सार्थता विवक्ष्यते, यथा—कुत्सितं वचनमवचनमिति, ततो यदिह किमपि कुत्सितं तत्सर्वं जानाति न तु शोभनमित्यसर्वज्ञ इति, अत्राह—**

**અવતરણિકાર્થ :-**

**'अथ'થી મીમાંસક દ્વારા કહેવાય છે. 'નઞ્'થી='ન' કારથી, અહીં='અસર્વજ્ઞ' શબ્દમાં, કુત્સાર્થતા વિવક્ષા કરાય છે. જે પ્રમાણે 'કુત્સિત વચન અવચન છે.' તેથી 'જે અહીં કંઈ પણ કુત્સિત છે તે સર્વ જાણે છે પરંતુ શોભન જાણતા નથી એથી અસર્વજ્ઞ છે.' એ પ્રકારના આમાં=મીમાંસકની શંકામાં, કહે છે —**

**ગાથા :-**

जति वि(य) स कुत्थियण्णू णरगादी एत्थ कुत्थिया चेव ।
ते जाणति च्चिय तओ एवं पि ण कोइ दोसो त्ति ।।१२७५।।

**છાયા :-**

यदि च स कुत्सितज्ञो नरकादयोऽत्र कुत्सिता एव ।
तान् जानाति एव तत एवमपि न कोऽपि दोष इति ।।१२७५।।

**ગાથાર્થ :-**

**જોકે તે=ભગવાન, કુત્સિતજ્ઞ સાધ્ય છે. અહીં=જગતમાં, નરકાદિ કુત્સિત જ છે તેઓને=નરકાદિને, ભગવાન જાણે જ છે, તેથી આ રીતે પણ કોઈ દોષ નથી. ।।૧૨૭૫।।**

**ટીકા :-**

**यद्यपि च सः-भगवान् कुत्सितज्ञः साध्यते, एवमपि तथा न कश्चिद्दोषो, यतोऽत्र-जगति नरकादयो भावाः कुत्सिता एव, तांश्च भगवान् जानात्येव, तथोपदेशात् । न च स केवलकुत्सितनरकादिभावस्वरूपज्ञ एव, स्वर्गापवर्गादीनामपि तेन परिज्ञानात्, तथा जन्तुभ्य उपदेशनादिति । ।।१२७५।।**

**ટીકાર્થ :-**

**यद्यपि ..... उपदेशनादिति ।। અને જોકે 'તે ભગવાન કુત્સિતજ્ઞ સાધ્ય કરાય છે.' એ રીતે પણ તે પ્રકારે કોઈ દોષ નથી. જે કારણથી અહીં=જગતમાં, નરકાદિ ભાવો કુત્સિત જ છે, તેઓને ભગવાન જાણે જ છે; કેમ કે તે પ્રકારે ઉપદેશ આપે છે અને તે=ભગવાન, કેવળ કુત્સિત નરકાદિ ભાવોના સ્વરૂપને જાણનારા જ નથી; કેમ કે સ્વર્ગ, અપવર્ગાદિનું પણ તેમના વડે=ભગવાન વડે, પરિજ્ઞાન છે; કેમ કે તે પ્રકારે જીવોને ઉપદેશ આપે છે. ।।૧૨૭૫।।**

**ભાવાર્થ :-**

જગતમાં કોઈ સર્વજ્ઞ નથી તે સ્થાપન કરવા અર્થે મીમાંસક કહે છે કે 'વીર ભગવાન અસર્વજ્ઞ છે અને તે 'અસર્વજ્ઞ'નો અર્થ પૂર્વમાં અનેક પ્રકારે કર્યો અને તેમાં દોષો ગ્રંથકારશ્રીએ બતાવ્યા.' તેથી હવે 'અસર્વજ્ઞ'માં રહેલા 'અ' શબ્દનો અર્થ 'કુત્સિત' મીમાંસક કરે છે. તેથી 'ભગવાનને કુત્સિત જ્ઞાન છે માટે ભગવાન અસર્વજ્ઞ છે' એમ કહે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે. 'ભગવાન્ કુત્સિત જ્ઞાનવાળા છે' એમ મીમાંસક કહે છે તેમ સ્વીકારવામાં પણ કોઈ દોષ નથી; કેમ કે 'વીર ભગવાને નરકાદિ ભાવોને કુત્સિત જ કહ્યા છે.' તેથી ભગવાન તે ભાવોને 'કુત્સિતરૂપે' જ જાણે છે અને લોકોને ઉપદેશ આપતાં કહ્યું છે કે 'આ સંસારચક્રમાં જીવને વિડંબના કરનાર નરકાદિ ભાવો અત્યંત કુત્સિત છે' અને તે ભગવાન કેવળ કુત્સિત નરકાદિ ભાવોને જાણનાર નથી પરંતુ સુંદર એવા સ્વર્ગ, અપવર્ગાદિ ભાવોને પણ જાણનારા છે';

કેમ કે ભગવાને જીવોને 'દેવલોક અને મોક્ષ સુંદર છે' તેવો ઉપદેશ આપ્યો છે. માટે ભગવાનને મીમાંસક 'અસર્વજ્ઞ છે', એમ કહીને કુત્સિત જ્ઞાનવાળા સ્થાપન કરે એમાં કોઈ દોષની પ્રાપ્તિ નથી. **॥૧૨૭૫॥**

**અવતરણિકા :-**

**स्यादेतत्, किमनेन वाग्जालेन?, निषेध एव नञोऽर्थ, ततश्च न सर्वं जानातीति, किमुक्तं भवति? न किंचित् जानातीति । एतदेव दूषयितुमाशङ्कमान आह—**

**અવતરણિકાર્થ :-**

**આ થાય=આગળમાં કહે છે એ થાય. આ વાગ્જાલથી શું ? નિષેધ જ 'નઞ્'નો અર્થ છે= અસર્વજ્ઞમાં રહેલ 'અ' શબ્દનો અર્થ 'નિષેધ જ' છે અને તેથી સર્વને જાણતા નથી. શું કહેવાયેલું થાય છે ? કંઈ જાણતા નથી. એને જ દૂષણ કરવા માટે આશંકા કરતાં કહે છે –**

**ગાથા :-**

**अह तु अकिंचिण्णु च्चिय एवं पुरिसादओ कहं तम्मि? ।**
**परिगप्पियपडिसेहे अब्भुवगमबाहणं णियमा ।।१२७६।।**

**છાયા :-**

अथ तु अकिंचिज्ज्ञ एवैवं पुरुषादयः कथं तस्मिन् ? ।
परिकल्पितप्रतिषेधे अभ्युपगमबाधनं नियमात् ।।१२७६।।

**ગાથાર્થ :-**

**'अथ' પક્ષાંતરમાં છે. 'અકિંચિત્ જ્ઞ જ છે'='વીર ભગવાન અકિંચિત્ જ્ઞ જ છે.' તેને ગ્રંથકારશ્રી કહે છે, એ રીતે તેમાં=વીર ભગવાનમાં, પુરુષત્વાદિ કેવી રીતે હોય ? (મીમાંસક કહે કે 'પરિકલ્પિત બાધન છે.' તેને ગ્રંથકારશ્રી કહે છે) પરિકલ્પિત પ્રતિષેધમાં નિયમથી અભ્યુપગમનું બાધન છે. ॥૧૨૭૬॥**

**ટીકા :-**

**(अथेति पक्षान्तरे तुः नञः कुत्सापेक्षया दोषाभावद्योतने अकिञ्चिज्ज्ञ इति सर्वमेव न वेत्तीति असर्वज्ञः), अत्राचार्य आह—'एवमित्यादि' यदि असर्वज्ञ इति मन्यते तत एवं सति 'पुरिसादओ त्ति' भावप्रधानत्वान्निर्देशस्य पुरुषत्वादयः कथं तस्मिन् विवक्षिते धर्मिणि स्युः?, यो हि न किमपि जानाति स सर्वथा पाषाणकल्पः सन् पुरुषो वक्ता वा कथं भवेत्? । अथ य एव परैः परिकल्पितः पुरुषः सर्वज्ञस्तस्यैव सर्वज्ञत्वप्रतिषेधः क्रियत इत्येतदाशङ्क्याह—'परीत्यादि' परिकल्पितप्रतिषेधे क्रियमाणे नियमाद्-अवश्यंतया तवाभ्युपगमबाधनं प्राप्नोति, न हि परिकल्पितवस्तुविषयास्तव**

मतेन शब्दाः किंतु यथावस्थितवस्तुविषयाः, परिकल्पितश्चेत् सर्वज्ञस्ततः कथं तत्र सर्वज्ञशब्दप्रवृत्तिः ?, एवमपि चेदिष्टिस्तर्हि स्वाभ्युपगमविरोध इति ।।१२७६।।

**ટીકાર્થ :-**

**अथेति ..... विरोध इति ।। 'अथ' શબ્દ પક્ષાંતરમાં છે. 'तु' શબ્દ 'નઞ'ની કુત્સાની અપેક્ષાથી દોષના અભાવના દ્યોતનમાં પક્ષાંતરમાં 'અકિંચિત્ જ્ઞ છે.' એથી શું પ્રાપ્ત થાય ? એ સ્પષ્ટ કરે છે. 'સર્વને જ જાણતા નથી એ અસર્વજ્ઞ છે'='અકિંચિત્ જ્ઞ'માં 'અ' શબ્દ 'કુત્સા' અર્થમાં લઈને અનેક પ્રકારે સમાધાન કર્યું ત્યાં પૂર્વપક્ષી કુત્સાની અપેક્ષાથી પક્ષાંતરમાં દોષાભાવને બતાવવા માટે 'અકિંચિત્ જ્ઞ'નો અર્થ 'સર્વને જ જાણતા નથી એ અસર્વજ્ઞ છે.' અહીં આચાર્ય કહે છે. જો 'અસર્વજ્ઞ' એ પ્રમાણે તું માને છે તો આમ હોતે છતે નિર્દેશનું ભાવપ્રધાનપણું હોવાથી તે વિવક્ષિત ધર્મીમાં પુરુષત્વાદિ કેવી રીતે થાય ?=પુરુષત્વાદિ ધર્મો થાય નહીં=તે વીર ભગવાનમાં પુરુષત્વાદિ ધર્મો પૂર્વપક્ષીના મતે થાય નહીં. हि=જે કારણથી, જે કંઈ પણ જાણતા નથી તે સર્વથા પત્થર જેવા છતા પુરુષ અથવા વક્તા કેવી રીતે થાય ? હવે 'જે જ પર વડે=સ્યાદ્વાદી વડે જ, પરિકલ્પિત પુરુષ સર્વજ્ઞ છે, તેના જ સર્વજ્ઞત્વનો પ્રતિષેધ કરાય છે.' એ પ્રકારની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે — પરિકલ્પિતનો પ્રતિષેધ કરાયે છતે=સ્યાદ્વાદી વડે પરિકલ્પિત એવા સર્વજ્ઞનો પ્રતિષેધ કરાયે છતે, નિયમથી=અવશ્યપણાથી, તારા સ્વીકારનો બાધ પ્રાપ્ત થાય છે=મીમાંસકના સ્વીકારનો બાધ પ્રાપ્ત થાય છે. हि=જે કારણથી, તારા મતથી પરિકલ્પિત વસ્તુ વિષયવાળા શબ્દો નથી પરંતુ યથાવસ્થિત વસ્તુ વિષયવાળા છે. જો પરિકલ્પિત સર્વજ્ઞ છે, તો ત્યાં=વીર ભગવાનમાં, 'સર્વજ્ઞ' શબ્દની પ્રવૃત્તિ કેવી રીતે થાય ? આ રીતે પણ જો ઈષ્ટ છે=પરિકલ્પિતમાં પણ 'સર્વજ્ઞ' શબ્દની પ્રવૃત્તિ અભિમત છે, તો સ્વસ્વીકારનો વિરોધ છે=મીમાંસકના પોતાના સ્વીકારાયેલા મતનો વિરોધ છે. ।।૧૨૭૬।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરી કે 'તે વીર ભગવાન સર્વજ્ઞ નથી' એમ જે મીમાંસકે ગાથા-૧૧૬૨માં કહેલ તેમાં 'અસર્વજ્ઞ' શબ્દથી શું વાચ્ય છે ? ઇત્યાદિ વિકલ્પો કર્યા, તે સર્વ વાગ્જાલ નિરર્થક છે પરંતુ 'અસર્વજ્ઞ'માં 'અ' શબ્દ નિષેધ અર્થમાં બતાવે છે. તેથી 'વીર ભગવાન સર્વને જ જાણતા નથી' એ અર્થ પ્રાપ્ત થાય. એ મતને દૂષણ આપતાં આચાર્યશ્રી કહે છે. જો આ પ્રમાણે મીમાંસક કહે કે 'વીર ભગવાન અસર્વજ્ઞ છે' તો તેમાં પુરુષત્વ અને વક્તૃત્વ કઈ રીતે પ્રાપ્ત થાય ? અર્થાત્ થઈ શકે નહીં; કેમ કે કંઈ જાણતા નથી તેથી 'સંપૂર્ણ અજ્ઞ છે માટે પાષાણ જેવા વીર ભગવાન છે' તેમ અર્થ પ્રાપ્ત થાય અને પાષાણમાં પુરુષત્વ અને વક્તૃત્વ પ્રાપ્ત થાય નહીં અને પૂર્વપક્ષીએ 'વીર ભગવાનને અસર્વજ્ઞ સ્થાપન કરવા અર્થે ગાથા-૧૧૬૨માં પુરુષત્વ અને વક્તૃત્વને જ હેતુ કહેલ' અને તે હેતુથી પાષાણકલ્પ અસર્વજ્ઞની સિદ્ધિ થઈ શકે નહીં.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે 'મીમાંસક કહે કે વીર ભગવાન સર્વજ્ઞ નથી', તો પાષાણકલ્પ પ્રાપ્ત થાય.

તેથી 'વીર ભગવાન સર્વજ્ઞ નથી', એ અનુમાનમાં પુરુષત્વ કે વક્તૃત્વ હેતુ સંગત થાય નહીં. તેથી મીમાંસક કહે છે, 'જગતમાં સર્વજ્ઞ કોઈ નથી, ફક્ત સ્યાદ્વાદી દ્વારા પરિકલ્પિત પુરુષ સર્વજ્ઞ છે' તેમ સ્વીકારાય છે, તેનો અમે પ્રતિષેધ કરીએ છીએ. તેથી 'સ્યાદ્વાદીને સંમત સર્વજ્ઞ છે, તે મિથ્યા છે.' તે પ્રકારનો મીમાંસકનો આશય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે. 'પરિકલ્પિત એવા સર્વજ્ઞનો પ્રતિષેધ જો મીમાંસક કરે તો તેના સિદ્ધાંતનો બાધ થાય છે'; કેમ કે મીમાંસક માને છે કે 'જગતમાં જે વસ્તુ સર્વથા નથી તેને કહેનારા કોઈ શબ્દો નથી પરંતુ જે કોઈ શબ્દો છે તે વસ્તુના વાચક જ છે'. આથી 'શશશૃંગ' એ પ્રકારના વચનપ્રયોગમાં પણ 'શશ' અને 'શૃંગ' બંને પ્રસિદ્ધ પદાર્થો છે. એના જ વાચક 'શશ' અને 'શૃંગ' શબ્દો છે અને જો 'સર્વજ્ઞ' શબ્દથી વાચ્ય કોઈ હોય નહીં તો તેનો વાચક શબ્દ પણ સંભવે નહીં. તેથી મીમાંસકે સ્વસિદ્ધાંતાનુસાર સ્વીકારવું જોઈએ કે 'સર્વજ્ઞ' શબ્દવાચ્ય કોઈ પુરુષ છે અને તે 'સર્વજ્ઞ' શબ્દવાચ્ય 'વીર ભગવાન નથી.' એમ તે કહી શકે પરંતુ જગતમાં સર્વજ્ઞ કોઈ ન હોય તો પરિકલ્પિત વસ્તુના વિષયવાળા શબ્દોની પણ પ્રાપ્તિ થાય નહીં અને જો 'પરિકલ્પિત સર્વજ્ઞ શબ્દની પ્રવૃત્તિ છે' એમ મીમાંસક સ્વીકારે તો મીમાંસકના પોતાના સિદ્ધાંતનો વિરોધ થાય; કેમ કે જે વસ્તુ જગતમાં ન હોય તેનો વાચક શબ્દ ન હોય એ પ્રકારનો મીમાંસકનો અભ્યુપગમ છે. **॥૧૨૭૬॥**

**અવતરણિકા :-**

**पुनरप्यत्र परस्याभिप्रायमाह–**

**અવતરણિકાર્થ :-**

**ફરી પણ અહીં=સર્વજ્ઞના અભાવના વિષયમાં પરના=મીમાંસકના, અભિપ્રાયને કહે છે –**

**ગાથા :-**

**अह उ अभावो त्ति तओ तस्सेव पगासगो अयं सद्दो ।**
**एयं पि माणविरहा असंगतं चेव णातव्वं ।।१२७७।।**

**છાયા :-**

**अथ तु अभाव इति सकस्तस्यैव प्रकाशकोऽयं शब्दः ।**
**एतदपि मानविरहादसंगतमेव ज्ञातव्यम् ।।१२७७।।**

**ગાથાર્થ :-**

**હવે તે અભાવ જ છે=સર્વજ્ઞનો અભાવ જ છે, તેનો પ્રકાશક=અભાવરૂપ સર્વજ્ઞનો પ્રકાશક, આ અસર્વજ્ઞ શબ્દ છે. આ પણ=આ પ્રકારનું મીમાંસકનું કથન પણ, પ્રમાણ વિરહ હોવાને કારણે અસંગત જ જાણવું. ॥૧૨૭૭॥**

**ટીકા :-**

**अथ 'तओ त्ति'सकः सर्वज्ञोऽभाव एव तुरवधारणे भिन्नक्रमश्च, खरविषाणकल्प एव, तस्य चाभावरूपस्य सर्वज्ञस्य प्रकाशकोऽयमसर्वज्ञशब्दोऽस्य एवंविधार्थवाचकत्वेनैव प्रसिद्धत्वादतो न कश्चिद्दोष इति । एतदपि न समीचीनं, तथा सति पुरुषत्वादिहेतूनामनुपपत्तेरेतच्च दूषणमुक्तत्वादुपेक्ष्याचार्योऽत्र दूषणान्तरमाह—'एयं पीत्यादि' एतदपि-अनन्तरोदितं मानविरहात्-प्रमाणविरहादसंगतमेव ज्ञातव्यम् । प्रमाणविरहभावना चाग्रे स्वयमेवाचार्येणाभिधास्यते इति ।।१२७७।।**

**ટીકાર્થ :-**

**अथ ..... धास्यते इति ।। 'અથ'થી મીમાંસક કહે છે. તે='સર્વજ્ઞ', અભાવ જ છે=ખરવિષાણકલ્પ જ છે. 'તુ' શબ્દ=ગાથામાં રહેલો 'તુ' શબ્દ, અવધારણમાં છે અને ભિન્ન ક્રમવાળો છે અર્થાત્ 'અભાવ' પછી યોજન છે. તેથી 'અભાવ' પાસે યોજન છે અને તે અભાવરૂપ સર્વજ્ઞનો પ્રકાશક આ 'અસર્વજ્ઞ' શબ્દ છે; કેમ કે આનું='અસર્વજ્ઞ' શબ્દનું, આવા પ્રકારના અર્થના વાચકપણાથી જ પ્રસિદ્ધપણું છે='સર્વજ્ઞ'ના અભાવરૂપ અર્થના વાચકપણાથી જ પ્રસિદ્ધપણું છે, આથી કોઈ દોષ નથી અર્થાત્ મીમાંસકે 'પુરુષત્વ અને વક્તૃત્વરૂપ હેતુથી ગાથા-૧૧૬૨માં અસર્વજ્ઞત્વનું અનુમાન કર્યું તેમાં કોઈ દોષ નથી.' આ પણ સમીચીન નથી; કેમ કે તે પ્રકારે હોતે છતે પુરુષત્વાદિ હેતુની અનુપપત્તિ છે='અસર્વજ્ઞ' શબ્દ અભાવરૂપ 'સર્વજ્ઞ'નો પ્રકાશક છે, એમ મીમાંસકના મતાનુસાર હોતે છતે 'અસર્વજ્ઞ'ના અનુમાન માટે મીમાંસક દ્વારા કલ્પાયેલા પુરુષત્વાદિ હેતુની અનુપપત્તિ છે, અને આ દૂષણ=પુરુષત્વ આદિ હેતુની અનુપપત્તિ છે એ દૂષણ, ઉક્તપણું હોવાને કારણે ઉપેક્ષા કરીને આચાર્યશ્રી અહીં=મીમાંસકના સમાધાનમાં, દૂષણાંતરને કહે છે. આ પણ=અનંતરમાં કહેવાયેલું પણ='અસર્વજ્ઞ' શબ્દથી સર્વજ્ઞનો અભાવ વાચક છે એ પણ, માનવિરહ હોવાથી=પ્રમાણનો વિરહ હોવાથી, અસંગત જ જાણવું અને પ્રમાણના વિરહની ભાવના આગળમાં સ્વયં આચાર્યશ્રી વડે કહેવાશે. ।।૧૨૭૭।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે 'જગતમાં કોઈ સર્વજ્ઞ ન હોય તો સ્યાદ્વાદી દ્વારા પરિકલ્પિત એવા સર્વજ્ઞનો નિષેધ મીમાંસક કરી શકે નહીં'; કેમ કે તેમ કરવામાં તેના સિદ્ધાંતનો વિરોધ છે. ત્યાં મીમાંસક કહે કે 'સર્વજ્ઞનો અભાવ જ છે' અને અભાવરૂપ સર્વજ્ઞનો પ્રકાશક 'અસર્વજ્ઞ' શબ્દ છે. તેથી 'અસર્વજ્ઞ' શબ્દનો વાચક અર્થ પ્રસિદ્ધ છે અર્થાત્ જગતમાં 'સર્વજ્ઞ નથી' એ પ્રકારનો અર્થ પ્રસિદ્ધ છે, તેથી 'સર્વજ્ઞ' શબ્દનો વાચક અર્થ જગતમાં નથી પરંતુ 'અસર્વજ્ઞ' શબ્દોનો વાચક અર્થ 'સર્વજ્ઞ'ના અભાવરૂપે પ્રસિદ્ધ છે માટે 'સર્વજ્ઞ નથી', એમ અમે કહીએ છીએ તેમાં કોઈ દોષ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે, જો મીમાંસક 'અસર્વજ્ઞ' શબ્દ 'સર્વજ્ઞ'નો અભાવવાચક છે તેમ સ્વીકારે તો 'અસર્વજ્ઞ'ની સિદ્ધિ માટે પુરુષત્વ અને

વક્તૃત્વરૂપ હેતુને જે મીમાંસક સ્વીકારે છે, તે સંગત થાય નહીં; કેમ કે પુરુષત્વરૂપ હેતુ અને વક્તૃત્વરૂપ હેતુની સાથે 'અસર્વજ્ઞ' શબ્દ વાચ્ય અર્થની વ્યાપ્તિ છે તેવો નિયમ કહી શકાય નહીં. છતાં ગ્રંથકારશ્રી તે દૂષણ આપતા નથી; કેમ કે પૂર્વમાં તેવું દૂષણ આપેલું છે. અહીં અન્ય દૂષણને કહે છે. 'અસર્વજ્ઞ' શબ્દથી 'સર્વજ્ઞ'નો અભાવ વાચક છે=જગતમાં સર્વજ્ઞનો અભાવ છે, 'તેનો વાચક અસર્વજ્ઞ છે', એ કથન અસંગત છે; કેમ કે 'જગતમાં સર્વજ્ઞનો અભાવ છે', તેનો વાચક 'અસર્વજ્ઞ' શબ્દ છે તેમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી. કેમ પ્રમાણ નથી ? તે સ્વયં આચાર્યશ્રી આગળ કહેશે. **॥૧૨૭૭॥**

**અવતરણિકા :-**

**तदेवं प्रतिज्ञार्थमनेकधा दूषयित्वा हेतोर्दूषणमाह—**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે પ્રતિજ્ઞાર્થને અનેક પ્રકારે દૂષિત કરીને હેતુના દૂષણને માટે કહે છે –**

**ભાવાર્થ :-**

મીમાંસકે ગાથા-૧૧૬૨માં અનુમાન કરેલ કે 'વીર ભગવાન અસર્વજ્ઞ છે.' તેમાં અસર્વજ્ઞની સિદ્ધિની પ્રતિજ્ઞા કરેલી તે પ્રતિજ્ઞાનો અર્થ સંગત નથી એ પ્રમાણે અનેક પ્રકારે દૂષણ આપીને તે અનુમાનમાં મીમાંસકે જે હેતુ આપેલ, એમાં દૂષણને બતાવવા અર્થે કહે છે.

**ગાથા :-**

**पुरिसत्तं पि असिद्धं वेदाभावातो तम्मि भगवंते ।**
**आगारमित्ततुल्लत्तणे वि मायाणराणं व ।।१२७८।।**

**છાયા :-**

**पुरुषत्वमपि असिद्धं वेदाभावात्तस्मिन् भगवति ।**
**आकारमात्रतुल्यत्वेऽपि मायानराणामिव ।।१२७८।।**

**ગાથાર્થ :-**

**તે ભગવાનમાં=સર્વજ્ઞ ભગવાનમાં, માયાનરની જેમ=માયાથી કોઈ સ્ત્રી પુરુષવેષને ધારણ કરે તેની જેમ, આકાર માત્ર તુલ્યપણું હોતે છતે પણ પુરુષવેદનો અભાવ હોવાથી પુરુષપણું પણ અસિદ્ધ જ છે. ।।૧૨૭૮।।**

**ટીકા :-**

**पुरुषत्वमपि हेतुतयोपन्यस्यमानं तस्मिन्-सर्वज्ञे भगवत्यसिद्धमेव । कुत इत्याह—'वेदाभावात्' पुरुषवेदाभावात्, पुरुषवेदाभावश्च तत्क्षय एव सर्वज्ञत्वाभ्युपगमात् । ननु कथं पुरुषत्वमसिद्धं यावता तदाकारः सर्वोऽपि तत्राभ्युपगम्यत एवेत्यत आह—आकारमात्रतुल्यत्वेऽपि मायानराणामिव,**

मायया हि स्त्र्यादयोऽपि पुरुषाकारधारिणो दृश्यन्ते न च तत्त्वतः पुरुषत्वं, तन्नाकारमात्रं पुरुषत्वनिबन्धनमिति ।।१२७८।।

**ટીકાર્થ :-**

पुरुषत्वमपि ..... पुरुषत्वनिबन्धनमिति ।। હેતુપણાથી ઉપન્યાસ કરાતું પુરુષપણું પણ તેમાં=સર્વજ્ઞ ભગવાનમાં, અસિદ્ધ જ છે. કયા કારણથી ? એથી હેતુ કહે છે. વેદનો અભાવ છે=પુરુષવેદનો અભાવ છે, અને તેના ક્ષયમાં જ સર્વજ્ઞત્વના અભ્યુપગમને કારણે પુરુષવેદનો અભાવ છે. 'નનુ'થી પૂર્વપક્ષી કહે છે. કેવી રીતે પુરુષત્વ અસિદ્ધ છે ? જ્યાં સુધી તેનો આકાર સર્વ પણ ત્યાં=વીર ભગવાનમાં, સ્વીકાર કરાય જ છે. એથી કહે છે, આકાર માત્ર તુલ્યપણામાં પણ માયાપુરુષની જેમ પુરુષપણું નથી, એમ અન્વય છે. हि=જે કારણથી, માયાથી સ્ત્રી આદિ પણ પુરુષાકાર ધારણ કરનારી દેખાય છે અને તત્ત્વથી પુરુષપણું નથી=તે સ્ત્રીઓમાં પુરુષપણું નથી, તે કારણથી આકારમાત્ર પુરુષત્વનું કારણ નથી. ।।૧૨૭૮।।

**ભાવાર્થ :-**

મીમાંસકે પૂર્વમાં અનુમાન કરેલ કે 'વર્ધમાનસ્વામી અસર્વજ્ઞ છે' તેમાં હેતુ કહેલ કે પુરુષપણું છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે 'જો પુરુષવેદના ઉદયને આશ્રયીને પુરુષપણું ગ્રહણ કરવામાં આવે તો વર્ધમાનસ્વામીમાં પુરુષપણારૂપ હેતુ નથી, માત્ર પુરુષપણું આકારથી છે.' જેમ કોઈ સ્ત્રી માયાથી પુરુષવેશને ધારણ કરે ત્યારે આકારથી પુરુષ જણાય પરંતુ તે પુરુષ નથી તેમ વેદના ઉદયના અભાવને કારણે કેવળી અવસ્થામાં વર્ધમાનસ્વામીમાં પુરુષપણું નથી માટે પુરુષપણારૂપ હેતુનો અભાવ હોવાથી અસર્વજ્ઞત્વની સિદ્ધિ થઈ શકે નહીં.

વસ્તુતઃ ભગવાન છદ્મસ્થ અવસ્થામાં હતા અને જ્યાં સુધી ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરેલ ન હતી ત્યાં સુધી દેવદત્તની જેમ ભગવાનમાં પણ પુરુષત્વનો સદ્ભાવ હતો. તેથી જેમ પુરુષવેદના ઉદયવાળા દેવદત્તમાં અસર્વજ્ઞપણું છે તેમ ભગવાનમાં પણ અસર્વજ્ઞપણું હતું પરંતુ ક્ષપકશ્રેણીમાં સર્વ કષાયો અને નોકષાયોનો ભગવાને ક્ષય કર્યો ત્યારે પુરુષવેદનો અભાવ હોવાથી ભગવાન દેવદત્ત તુલ્ય નથી પરંતુ વીતરાગ સર્વજ્ઞ છે તેથી દેવદત્તરૂપ દૃષ્ટાંતમાં પુરુષત્વ અને અસર્વજ્ઞત્વની વ્યાપ્તિ પ્રાપ્ત થાય છે પરંતુ ભગવાનરૂપ પક્ષમાં પુરુષત્વરૂપ હેતુ જ અસિદ્ધ છે. **।।૧૨૭૮।।**

**અવતરણિકા :-**

तदेवमसिद्धत्वमभिधाय सांप्रतमनैकान्तिकत्वं दर्शयति–

**અવતરણિકાર્થ :-**

આ રીતે અસિદ્ધત્વને કહીને=મીમાંસકના અનુમાનમાં પુરુષત્વરૂપ હેતુના અસિદ્ધત્વને કહીને, હવે અનેકાંતિકપણાને=હેતુના વ્યભિચારીપણાને, બતાવે છે –

ગાથા :-

ण य णाणपगरिसेणं पुरिसादीणं पि कोइ वि विरोहो ।
वयणं तु णाणजुत्तस्स चेव उववण्णतरगं तु ।।१२७९।।

છાયા :-

न च ज्ञानप्रकर्षेण पुरुषादीनामपि कोऽपि विरोधः ।
वचनं तु ज्ञानयुक्तस्यैवोपपन्नतरकं तु ।।१२७९।।

ગાથાર્થ :-

અને જ્ઞાનના પ્રકર્ષની સાથે પુરુષાદિનો કોઈ પણ વિરોધ નથી. વળી, જ્ઞાનયુક્તનું જ વચન ઉપપન્નતર છે. ।।૧૨૭૯।।

ટીકા :-

न च ज्ञानप्रकर्षेण सह पुरुषत्वादीनां कश्चिदपि विरोधोऽस्ति येन पुरुषत्वादीनामसर्वज्ञत्वेन सह प्रतिबन्धः सिद्ध्येत्, ततो विपक्षेण सह विरोधाभावात् तत्रापि वृत्तिसंशीत्या (वृत्तिसंस्थित्या) हेतोरनैकान्तिकत्वमिति । अपि च, वचनं प्रकृष्टतरं ज्ञानयुक्तस्यैव-प्रकृष्टतरज्ञानयुक्तस्यैव पुंस उपपन्नतरं, 'तुः' पूरणे, ततो वक्तृत्वादित्ययं हेतुर्विरुद्धोऽप्यवसेयः, यथा—यत एव हि इत्थं सम्यग्वक्ता अत एवासौ सर्वज्ञोऽन्यस्येत्थं सम्यग्वादित्वायोगादिति ।।१२७९।।

ટીકાર્થ :-

न च ..... योगादिति ।। અને જ્ઞાનના પ્રકર્ષની સાથે પુરુષત્વાદિ હેતુનો કોઈ પણ વિરોધ નથી, જે કારણથી પુરુષત્વાદિનું અસર્વજ્ઞત્વની સાથે પ્રતિબંધ સિદ્ધ થાય=વ્યાપ્તિ સિદ્ધ થાય. તેથી વિપક્ષની સાથે=અસર્વજ્ઞત્વના વિપક્ષ એવા સર્વજ્ઞત્વની સાથે, વિરોધનો અભાવ હોવાથી=પુરુષત્વના વિરોધનો અભાવ હોવાથી, ત્યાં પણ=સર્વજ્ઞમાં પણ, વૃત્તિની સંસ્થિતિ હોવાથી પુરુષત્વના અસ્તિત્વની વિદ્યમાનતા હોવાથી, હેતુનું અનેકાંતિકપણું છે=પુરુષત્વરૂપ હેતુનું વ્યભિચારીપણું છે. વળી, જ્ઞાનયુક્તને જ=પ્રકૃષ્ટતર જ્ઞાનયુક્ત જ પુરુષને, પ્રકૃષ્ટતર વચન ઉપપન્નતર છે. તેથી 'વક્તૃત્વાત્' એ પ્રકારનો આ હેતુ વિરોધ પણ જાણવો. 'તુ' શબ્દ પૂરણ અર્થમાં છે. જે આ પ્રમાણે – જે કારણથી જ આ પ્રકારે સમ્યગ્ વક્તા છે, આથી જ આ સર્વજ્ઞ છે; કેમ કે અન્યનું આ પ્રકારે સમ્યગ્ વાદિત્વનો અયોગ છે. ।।૧૨૭૯।।

ભાવાર્થ :-

મીમાંસકે અનુમાન કરેલું કે 'વીર ભગવાન અસર્વજ્ઞ છે.' તેમાં હેતુ આપેલ કે પુરુષપણું છે, તે હેતુ

અનેકાંતિક છે અને બીજો હેતુ આપેલ કે વક્તૃત્વ છે, તે હેતુ વિરુદ્ધ છે. તે બતાવતાં કહે છે. જ્ઞાનના પ્રકર્ષની સાથે પુરુષત્વાદિને કોઈ વિરોધ નથી. તેથી પુરુષત્વાદિની અસર્વજ્ઞત્વની સાથે વ્યાપ્તિની પ્રાપ્તિ નથી. જેમ રાસભની અગ્નિની સાથે વ્યાપ્તિની પ્રાપ્તિ નથી, તેમ અસર્વજ્ઞત્વની સાથે પુરુષત્વની વ્યાપ્તિની પ્રાપ્તિ નથી માટે અગ્નિનો અનુમાન કરવામાં રાસભરૂપ હેતુ અનેકાંતિક છે. તેમ અસર્વજ્ઞત્વને સિદ્ધ કરવામાં પુરુષત્વ હેતુ અનેકાંતિક છે અથવા તો વ્યભિચારી છે.

વળી, જે પુરુષને પ્રકૃષ્ટ જ્ઞાન હોય તેમાં યથાર્થ વક્તૃત્વ ઉપપન્નતર થાય. જેમ સામાન્ય અતિશયવાળા જ્ઞાની ઘણા પદાર્થો યથાર્થ કહી શકે તો પણ કોઈક સ્થાનમાં અજ્ઞાનના કારણે યથાર્થ વક્તૃત્વની પ્રાપ્તિ થાય નહીં પરંતુ પ્રકૃષ્ટતર જ્ઞાનયુક્ત પુરુષમાં યથાર્થ વક્તૃત્વ અતિશય ઉપપન્નતર થાય છે. તેથી યથાર્થ વક્તૃત્વ હેતુ અસર્વજ્ઞ સાધક નથી પરંતુ સર્વજ્ઞ સાધક છે માટે મીમાંસકે આપેલ વક્તૃત્વ હેતુ વિરુદ્ધ છે; કેમ કે આ પુરુષ સમ્યગ્ વક્તા છે, એથી સર્વને જાણનાર છે. અન્યનું આ પ્રકારનું સમ્યગ્વાદીપણું સંભવે નહીં, તેમ યુક્તિથી કહી શકાય છે.

અહીં વિશેષ એ છે કે જે વચનપ્રયોગથી સ્વપરનું એકાંતે હિત થાય તે વચન પ્રકૃષ્ટ વચન છે. આથી જ છદ્મસ્થ એવા પણ ઋષિઓ જિનવચનના નિયંત્રણથી જે વચનપ્રયોગ કરે છે તે વચનથી તેઓનું હિત થાય છે અને અન્યનું પણ હિત થાય છે અને ભગવાન સર્વજ્ઞ થયા પછી જે વચનપ્રયોગ કરે છે તે ઋષિઓના વચન કરતાં પણ પ્રકૃષ્ટતર છે; કેમ કે સર્વજ્ઞ થયા પછી તેમનું વચન એકાંતે સ્વપરના કલ્યાણને અનુરૂપ જ વચનપ્રયોગ કરે છે. વળી, છદ્મસ્થ જીવ સ્થૂળથી સત્ય પણ બોલતા હોય તો પણ રાગ-દ્વેષથી તે વચનપ્રયોગો પ્રકૃષ્ટ નથી; કેમ કે તે વચનપ્રયોગથી પણ પોતાના કે બીજાના કષાયોની વૃદ્ધિ થતી હોવાથી તે વચનો અપ્રકૃષ્ટ જ છે. **॥૧૨૭૯॥**

**અવતરણિકા :-**

**पराभिप्रायमाशङ्कते—**

**અવતરણિકાર્થ :-**

**પરના અભિપ્રાયની આશંકા કરે છે=મીમાંસકના અભિપ્રાયની આશંકા કરે છે.**

**ગાથા :-**

**सिय अह जो जो पुरिसो सो सो णो णाणपगरिससमेतो ।**
**दिट्ठो त्ति ता ण जुत्तं अदिट्ठपरिगप्पणं काउं ।।१२८०।।**

**છાયા :-**

**स्यादथ यो यः पुरुषः स स न ज्ञानप्रकर्षसमेतः ।**
**दृष्ट इति तस्मान्न युक्तमदृष्टपरिकल्पनं कर्तुम् ।।१२८०।।**

**ગાથાર્થ :-**

**આ પ્રમાણે થાય. જે જે પુરુષ છે તે તે જ્ઞાનપ્રકર્ષથી સમેત જોવાયા નથી. તેથી અદૃષ્ટની પરિકલ્પના કરવા માટે યુક્ત નથી. ।।૧૨૮૦।।**

**ટીકા :-**

**अथ स्यादियं तव मतिः-यो यः पुरुषो दृष्टः स स न ज्ञानप्रकर्षसमेतः पुरुषश्चासावपि, ततो न युक्तमदृष्टपरिकल्पनं सर्वज्ञत्वपरिकल्पनं तस्य कर्तुमिति ।।१२८०।।**

**ટીકાર્થ :-**

**अथ ..... कर्तुमिति ।। હવે, તારી=મીમાંસકની, આ મતિ થાય. જે જે પુરુષ જોવાય છે તે તે જ્ઞાનના પ્રકર્ષથી યુક્ત નથી અને આ પણ=વીર ભગવાન પણ, પુરુષ છે. તેથી તેમનું=વીરભગવાનનું, નહીં જોવાયેલું પરિકલ્પન=સર્વજ્ઞત્વનું પરિકલ્પન, કરવા માટે યુક્ત નથી='વીર ભગવાન સર્વજ્ઞ છે' એ પ્રમાણે કલ્પના કરવી યુક્ત નથી. ।।૧૨૮૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે 'જ્ઞાન પ્રકર્ષની સાથે પુરુષાદિનો કોઈ વિરોધ નથી.' વળી, જ્ઞાનયુક્ત પુરુષનું પ્રકૃષ્ટતર વચન અત્યંત ઉત્પન્ન થાય છે માટે પુરુષમાં જ્ઞાન પ્રકર્ષરૂપ કેવલજ્ઞાનનો નિષેધ કરી શકાય નહીં પરંતુ કોઈક પુરુષમાં જ્ઞાન પ્રકર્ષરૂપ કેવલજ્ઞાન સંભવી શકે છે. ત્યાં મીમાંસક કહે છે. 'સંસારમાં જે જે પુરુષ દેખાય છે તે સર્વ પુરુષો જ્ઞાન પ્રકર્ષથી યુક્ત નથી' તેમ દેખાય છે અને 'તમોને અભિમત વીર ભગવાન પણ પુરુષ છે એથી તેઓમાં કોઈ પુરુષમાં ન દેખાતું હોય તેવું સર્વજ્ઞપણું છે તે પ્રમાણે કલ્પના કરવી ઉચિત નથી.' **।।૧૨૮૦।।**

**અવતરણિકા :-**

**अत्र प्रतिविधानमाह—**

**અવતરણિકાર્થ :-**

**અહીં=ગાથા-૧૨૮૦ માં કરાયેલા મીમાંસકના કથનમાં, પ્રતિવિધાનને કહે છે=તેના કથનના નિરાકરણને કહે છે –**

**ગાથા :-**

**अस्सावणत्तजुत्तं सत्तं सव्वेसु चेव भावेसु ।**
**दिट्ठं पि सद्दरूवे अविरोहा अण्णहा सिद्धं ।।१२८१।।**

છાયા :-

अश्रावणत्वयुक्तं सत्त्वं सर्वेष्वेव भावेषु ।
दृष्टमपि शब्दरूपेऽविरोधादन्यथा सिद्धम् ।।१२८१।।

ગાથાર્થ :-

અશ્રાવણત્વથી યુક્ત સત્ત્વ સર્વ પણ ભાવોમાં જોવાયેલું છે. જોવાયેલું પણ શબ્દરૂપમાં અવિરોધ હોવાને કારણે અન્યથા સિદ્ધ છે=શ્રવણત્વથી યુક્ત સિદ્ધ છે. ।।૧૨૮૧।।

ટીકા :-

अश्रावणत्वयुक्तं सत्त्वं सर्वेष्वपि घटादिषु भावेषु दृष्टमथ च तत्तथा दृष्टमपि शब्दरूपे-शब्दस्वरूपे अन्यथा-श्रावणत्वेन युक्तं सिद्धमविरोधात्, नहि सत्त्वस्य श्रावणत्वेन सह कश्चिदपि विरोधोऽस्ति ।।१२८१।।

ટીકાર્થ :-

अश्रावणत्वयुक्तं ..... विरोधोऽस्ति ।। અશ્રાવણત્વયુક્ત સત્ત્વ સર્વ પણ ઘટાદિ ભાવોમાં જોવાયેલું છે અને તે તે પ્રમાણે જોવાયેલું પણ=અશ્રાવણથી યુક્ત સત્ત્વ ઘટાદિમાં જોવાયેલું પણ, શબ્દરૂપમાં=શબ્દ સ્વરૂપમાં, અન્યથા=શ્રાવણત્વથી યુક્ત, અવિરોધ હોવાથી સિદ્ધ છે=સત્ત્વ સિદ્ધ છે; हि=જે કારણથી, સત્ત્વના શ્રાવણત્વની સાથે કોઈ પણ વિરોધ નથી. ।।૧૨૮૧।।

ગાથા :-

एवं पुरिसत्तं पि हु जइ वि ण विण्णाणपगरिससमेतं ।
दिट्ठं तहऽवऽविरोहा तेण समेतं पि संभवइ ।।१२८२।।

છાયા :-

एवं पुरुषत्वमपि हु यद्यपि न विज्ञानप्रकर्षसमेतम् ।
दृष्टं तथाप्यविरोधात्तेन समेतमपि संभवति ।।१२८२।।

ગાથાર્થ :-

આ રીતે પુરુષપણું પણ જોકે જ્ઞાનપ્રકર્ષથી યુક્ત દેખાતું નથી, તો પણ અવિરોધ હોવાને કારણે તેનાથી પણ=જ્ઞાનપ્રકર્ષથી પણ, યુક્ત સંભવે છે=કોઈક પુરુષ સંભવે છે. ।।૧૨૮૨।।

ટીકા :-

एवं च सत्त्ववत् पुरुषत्वमपि यद्यपि न क्वचिदिदानीं ज्ञानप्रकर्षसमेतं दृष्टं, तथाप्यविरोधात्-विरोधाभावात् तेनापि-ज्ञानप्रकर्षेण समेतं संभवतीति न कश्चिद्दोषः ।।१२८२।।

**ટીકાર્થ :-**

**एवं ..... कश्चिद्दोषः ।। અને આ રીતે સત્ત્વની જેમ=પૂર્વગાથામાં બતાવ્યું એ રીતે સત્ત્વની જેમ, પુરુષપણું પણ જોકે ક્યારેય હમણાં જ્ઞાનપ્રકર્ષથી યુક્ત જોવાયેલું નથી, તો પણ અવિરોધ હોવાને કારણે=જ્ઞાનનો પ્રકર્ષ કોઈક પુરુષમાં છે, એમ સ્વીકારવામાં વિરોધનો અભાવ હોવાને કારણે, તેનાથી પણ=જ્ઞાનપ્રકર્ષથી પણ, સમેત=યુક્ત, સંભવે છે=કોઈક પુરુષ સંભવે છે. એથી કોઈ દોષ નથી=વર્ધમાનસ્વામીને સર્વજ્ઞ સ્વીકારવામાં કોઈ દોષ નથી. ।।૧૨૮૨।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૨૮૦માં મીમાંસકે કહ્યું કે 'સંસારમાં જે કોઈ પુરુષ દેખાય છે, તે જ્ઞાનપ્રકર્ષથી યુક્ત નથી, માટે પુરુષરૂપ એવા વીર ભગવાનને જ્ઞાનના પ્રકર્ષરૂપ સર્વજ્ઞ સ્વીકારવા ઉચિત નથી.' તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી દૃષ્ટાંતથી કહે છે. 'જેમ ઘટાદિ સર્વ ભાવોમાં સત્ત્વ છે, તે સત્ત્વ અશ્રાવણત્વથી યુક્ત છે'; કેમ કે 'ઘટાદિ ચક્ષુથી દેખાય છે, શ્રોત્રેન્દ્રિયથી સંભળાતા નથી અને ઘટાદિ જેવું સત્ત્વ શબ્દમાં છે તો પણ તે શ્રાવણત્વથી યુક્ત સિદ્ધ છે.' તેમ સંસારમાં દેખાતા બધા પુરુષો જ્ઞાનપ્રકર્ષવાળા દેખાતા નથી તો પણ પુરુષમાં જ્ઞાનનો પ્રકર્ષ સ્વીકારવામાં વિરોધ નથી; કેમ કે 'જ્ઞાનના આવરણના ક્ષયના પ્રકર્ષ, અપકર્ષથી જ્ઞાનનો પ્રકર્ષ, અપકર્ષ પુરુષોમાં દેખાય છે અને જેમાં સંપૂર્ણ જ્ઞાનનો આવરણ ક્ષય થયો છે, તેવા પુરુષમાં જ્ઞાનનો પ્રકર્ષ સંભવે છે', તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. આથી જ 'વીર ભગવાને આગમ વચનાનુસાર સાધના કરીને જ્ઞાનના આવરણનો ક્ષય કરેલો, તેથી જ્ઞાનના પ્રકર્ષવાળા થયેલા છે.' તેમ આગમના ફલથી તેઓના સર્વજ્ઞત્વની સિદ્ધિ પૂર્વમાં કરેલ છે. **॥૧૨૮૧-૧૨૮૨॥**

**અવતરણિકા :-**

**तदेवं पुरुषत्वस्य ज्ञानप्रकर्षेण सहाविरोधमुपदर्श्य सांप्रतं वक्तृत्वस्य दर्शयन्नाह–**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે પુરુષત્વના જ્ઞાનપ્રકર્ષની સાથે અવિરોધ બતાવીને હવે, વક્તૃત્વ=વક્તૃત્વના જ્ઞાનના પ્રકર્ષની સાથે અવિરોધને, બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**वयणं पि ण रागादीणमेव कज्जं ति तेहिं रहितो वि ।**
**पगतं पयंपइ जतो कोई मज्झत्थभावेण ।।१२८३।।**

**છાયા :-**

**वचनमपि न रागादीनामेव कार्यमिति तै रहितोऽपि ।**
**प्रकृतं प्रजल्पति यतः कोऽपि मध्यस्थभावेन ।।१२८३।।**

**ગાથાર્થ :-**

**વચન પણ રાગાદિનું જ કાર્ય નથી. એથી તેનાથી રહિત પણ=રાગાદિથી રહિત પણ, કોઈક પુરુષ જે કારણથી મધ્યસ્થભાવથી પ્રકૃત=પ્રકરણના અનુસાર, બોલે છે. ।।૧૨૮૩।।**

**ટીકા :-**

**वचनमपि न रागादीनामेवादिशब्दाद्द्वेषादिपरिग्रहः कार्यं येन तद्भावाद्रागादिमत्त्वानुमितिस्ततोऽप्यसर्वज्ञत्वं सिद्ध्येत् । कथं न रागादीनामेव कार्यमित्याह—यतो-यस्मात्तै-रागादिभिर्दोषैरहितोऽपि कोऽपि पुरुषो मध्यस्थभावेन प्रकृतं-प्रकरणानुरोधि किमपि प्रजल्पति-विषयेण विषयिणो लक्षणात् प्रजल्पन् दृश्यते, ततो वक्तृत्वस्यापि ज्ञानप्रकर्षेण सहाविरोध इति ।।१२८३।।**

**ટીકાર્થ :-**

**वचनमपि ..... सहाविरोध इति ।। વચન પણ રાગાદિનું જ કાર્ય નથી. 'જે કારણથી તેના ભાવથી=વચનના સદ્ભાવથી, રાગાદિમત્ત્વરૂપે અનુમિતિ થાય='આ પુરુષ વચન બોલનાર છે માટે રાગાદિ માન છે' એ પ્રકારની અનુમિતિ થાય. તેથી પણ=તેની અનુમિતિથી પણ, અસર્વજ્ઞત્વની સિદ્ધિ થાય. 'આદિ' શબ્દથી=રાગાદિમાં રહેલા 'આદિ' શબ્દથી, દ્વેષાદિનું ગ્રહણ છે. કેવી રીતે રાગાદિનું જ કાર્ય નથી=વચનનો પ્રયોગ કેવી રીતે રાગાદિનું જ કાર્ય નથી, એથી કહે છે. જે કારણથી તે રાગાદિ દોષથી રહિત પણ કોઈ પુરુષ મધ્યસ્થભાવથી પ્રકૃત=પ્રકરણને અનુસાર, કંઈ પણ બોલે છે. વિષય દ્વારા વિષયીનું પણ જણાતું હોવાથી બોલતો દેખાય છે=કોઈ પુરુષ મધ્યસ્થતાપૂર્વક પ્રકરણ અનુસાર કથન કરતો હોય ત્યારે તેના બોલાતા શબ્દરૂપ વિષય દ્વારા તે શબ્દનો વિષયી એવો પુરુષ રાગાદિ રહિત બોલે છે એ પ્રકારનું જણાતું હોવાથી બોલતો દેખાય છે=રાગાદિ રહિત બોલે છે એ પ્રકારે બોલતો દેખાય છે. તેથી=રાગ-દ્વેષ રહિત મધ્યસ્થતાથી બોલતો પુરુષ દેખાય છે તેથી, વક્તૃત્વનું પણ જ્ઞાનના પ્રકર્ષની સાથે અવિરોધ છે. ।।૧૨૮૩।।**

**ભાવાર્થ :-**

મીમાંસક માને છે કે 'જ્યાં વક્તૃત્વ હોય ત્યાં જ્ઞાનનો પ્રકર્ષ સંભવે નહીં.' તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે. 'રાગ, દ્વેષ અને અજ્ઞાનનું કાર્ય વચન નથી, જેથી બોલનાર વ્યક્તિ અવશ્ય રાગ, દ્વેષ અને અજ્ઞાનવાળા હોય તેવું અનુમાન થઈ શકે અને રાગ, દ્વેષ, અજ્ઞાનવાળા પુરુષ છે તેવું અનુમાન થાય તો જ બોલનારા પુરુષમાં અસર્વજ્ઞની સિદ્ધિ થાય.' જોકે સામાન્યથી સંસારી જીવો પરસ્પરના રાગથી બોલતા હોય છે. વાતો કરવાના રાગથી બોલતા હોય છે. વળી, કોઈ પ્રત્યે દ્વેષથી પણ બોલતા હોય છે. તેથી કેટલાક વચનપ્રયોગો રાગ, દ્વેષના કાર્યો છે, તો પણ સર્વ વચનો રાગ, દ્વેષનાં જ કાર્યો નથી; કેમ કે કેટલાક પુરુષોને તે પ્રકારનો કોઈ રાગ નથી કે કોઈ દ્વેષ નથી. છતાં બોલવાનું કોઈ પ્રકરણ હોય, તેને અનુરૂપ કોઈકના હિત અર્થે મધ્યસ્થતાથી પણ યથાર્થ બોલતા હોય છે અને પ્રાજ્ઞ પુરુષ તેમના બોલવાના

વચન ઉપરથી આ બોલનાર પુરુષ મધ્યસ્થતાથી બોલે છે તેમ નિર્ણય કરી શકે છે માટે નક્કી થાય છે કે 'વચનપ્રયોગ માત્ર રાગ, દ્વેષ અને અજ્ઞાનથી જ બોલાય છે તેવી વ્યાપ્તિ નથી પરંતુ મધ્યસ્થતાથી અને સમ્યગ્જ્ઞાનથી પણ વચનપ્રયોગ થાય છે.' તેથી જ્ઞાનપ્રકર્ષની સાથે વક્તૃત્વનો વિરોધ નથી. તેથી મધ્યસ્થતાથી બોલનારા વીર ભગવાનમાં જ્ઞાનના પ્રકર્ષરૂપ સર્વજ્ઞપણું સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. **॥૧૨૮૩॥**

**અવતરણિકા :-**

**अत्र परस्याभिप्रायं प्रचिकटयिषुराह—**

**અવતરણિકાર્થ :-**

**અહીં=વક્તૃત્વનો જ્ઞાનના પ્રકર્ષની સાથે વિરોધ નથી એ કથનમાં, પરના અભિપ્રાયને=મીમાંસકના અભિપ્રાયને પ્રગટ કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**अह तु विवक्खाए विणा ण जंपई कोइ सा य इच्छ त्ति ।**
**रागो य तती तम्हा वयणं रागादिपुव्वं तु ।।१२८४।।**

**છાયા :-**

अथ तु विवक्षया विना न जल्पति कोऽपि सा चेच्छेति ।
रागश्च सका तस्माद् वचनं रागादिपूर्वं तु ।।१२८४।।

**ગાથાર્થ :-**

**'अथ'થી પૂર્વપક્ષી કહે છે, વિવક્ષા વગર કોઈ બોલતું નથી અને તે=વિવક્ષા, ઇચ્છા છે. તે= ઇચ્છા, રાગ છે. તેનાથી વચન છે માટે રાગાદિપૂર્વક જ વચન છે. ।।૧૨૮૪।।**

**ટીકા :-**

**अथ न विवक्षया विना कोऽपि जल्पति, तथा दर्शनाभावात्, सा च विवक्षा इच्छा, वक्तुमिच्छा विवक्षेति व्युत्पत्तेः, 'तई' इति सका च इच्छा रागस्तस्माद्वचनं रागादिपूर्वकमेव । तुरवधारणे । तथा च सत्यसौ वक्ता असर्वज्ञः, सति रागादौ सर्वज्ञत्वानभ्युपगमात् ।।१२८४।।**

**ટીકાર્થ :-**

**अथ ..... भ्युपगमात् ।। 'अथ'થી મીમાંસક કહે છે. વિવક્ષા વગર કોઈ પણ બોલતું નથી; કેમ કે તે પ્રકારના દર્શનનો અભાવ છે='જે કોઈ બોલે છે, તે કોઈ પ્રકારના કથનની વિવક્ષાથી બોલે છે' તે પ્રકારનું દર્શન હોવાને કારણે વિવક્ષા વગર બોલનારના દર્શનનો અભાવ છે, અને તે વિવક્ષા ઇચ્છા છે; કેમ કે 'બોલવાની ઇચ્છા વિવક્ષા છે,' એ પ્રકારની વ્યુત્પત્તિ છે અને તે=ઇચ્છા, રાગ છે, તે**

કારણથી રાગાદિપૂર્વક વચન છે. 'तु' શબ્દ=ગાથાના અંતે રહેલો 'तु' શબ્દ, અવધારણ અર્થમાં છે અને તે પ્રમાણે હોતે છતે=રાગાદિપૂર્વક જ વચનપ્રયોગ છે તે પ્રમાણે હોતે છતે, આ વક્તા અસર્વજ્ઞ છે; કેમ કે રાગાદિ હોતે છતે સર્વજ્ઞત્વનો અસ્વીકાર છે. ॥૧૨૮૪॥

**અવતરણિકા :-**

अत्राह—

**અવતરણિકાર્થ :-**

અહીં=પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

सुविणादिसु तीए विणा जंपति कोई तहा विचित्तो य ।
अन्नम्मि जंपियव्वे दीसइ अन्नं च जंपंतो ।।१२८५।।

**છાયા :-**

स्वप्नादिषु तया विना जल्पति कोऽपि तथा विचित्तश्च ।
अन्यस्मिन् जल्पितव्ये दृश्यतेऽन्यच्च जल्पन् ।।१२८५।।

**ગાથાર્થ :-**

**સ્વપ્નાદિમાં તેના વગર=વિવક્ષા વગર, કોઈક બોલે છે અને વિચિત્તવાળો અન્ય કથનીય હોતે છતે અન્ય બોલતો દેખાય છે. ॥૧૨૮૫॥**

**ટીકા :-**

स्वप्नादिषु आदिशब्दान्मदमूर्च्छादिषु च अवस्थासु तया-विवक्षया विनापि जल्पति-जल्पन् दृश्यते, तथा विचित्तश्च-विगतचित्तश्च अन्यमनस्क इतियावत् अन्यस्मिन्-घटादौ प्रजल्पितव्ये अन्यत्-पटादिकं प्रजल्पन् दृश्यते, तन्न वचनं विवक्षाऽविनाभावि, ततश्च कथं रागादिपूर्वकमेव तद्भवेदिति? ।।१२८५।।

**ટીકાર્થ :-**

स्वप्नादिषु ..... तद्भवेदिति? ।। સ્વપ્નાદિમાં તે પ્રકારે વિવક્ષા વગર પણ બોલે છે=બોલતા દેખાય છે. 'આદિ' શબ્દથી=સ્વપ્નાદિમાં રહેલા 'આદિ' શબ્દથી, મદની મૂર્છાદિ અવસ્થામાં તે પ્રકારે બોલતા દેખાય છે અને વિચિત્ત=વિગત ચિત્તવાળો=અન્યમનસ્ક, અન્ય એવા ઘટાદિ પ્રજ્વલિતવ્ય હોતે છતે=કથનીય હોતે છતે, અન્ય એવા પટાદિને બોલતા દેખાય છે. તેથી વચન વિવક્ષા સાથે અવિનાભાવી નથી અને તેથી=વચન વિવક્ષા સાથે અવિનાભાવી નથી તેથી, કેવી રીતે રાગાદિપૂર્વક જ તે થાય ? ॥૧૨૮૫॥

અવતરણિકા :-

अत्र परस्याभिप्रायमाह–

અવતરણિકાર્થ :-

અહીં=ગ્રંથકારશ્રીએ 'વિવક્ષા વગર વચનપ્રયોગ થાય છે' એમ કહ્યું એમાં, પરના અભિપ્રાયને= મીમાંસકના અભિપ્રાયને, કહે છે –

ગાથા :-

तत्थवि य अत्थि सुहुमा अवंतराले य कज्जगम्मत्ति ।
दिट्ठपरिच्चाएणं अदिट्ठपरिकप्पणा एसा ।।१२८६।।

છાયા :-

तत्रापि चास्ति सूक्ष्माऽपान्तराले च कार्यगम्येति ।
दृष्टपरित्यागेनादृष्टपरिकल्पना एषा ।।१२८६।।

ગાથાર્થ :-

ત્યાં પણ=નિદ્રાદિમાં વચનપ્રયોગ થાય છે ત્યાં પણ, અંતરાલમાં સૂક્ષ્મ વિવક્ષા છે. કાર્યથી ગમ્ય છે, તેને ગ્રંથકારશ્રી કહે છે. આ દષ્ટના પરિત્યાગથી અદષ્ટની પરિકલ્પના છે. ।।૧૨૮૬।।

ટીકા :-

तत्रापि च-स्वापाद्यवस्थासु विगतचित्ततायां चापि अन्तरालेऽस्ति काचन सूक्ष्मा विवक्षा । किमत्र प्रमाणमिति चेत्, आह–कार्यगम्या वचनलक्षणकार्यानुमानमत्र प्रमाणमिति भावः । न हि वचनस्य विवक्षामन्तरेणान्यत् कारणमस्ति, तत्कथं तामन्तरेणापि तद्भवेदिति । अत्राह–'दिट्ठेत्यादि' यदि हि तदानीमपि सा विवक्षा भवेत्ततस्तस्याः स्वसंविदितस्वभावत्वात् तदानीमप्यनुभवो भवेत्, यथा तास्वेव स्वापाद्यवस्थासु कदाचिद्विवक्षापूर्वोक्तौ । तथा च दृश्यन्ते केचित्प्रबुद्धावस्थायां वक्तारो 'यथा–'इत्थमित्थं निशि स्वप्ने तेन सह तं तं तदभिप्रायमनुसृत्य जल्पितमिति' । अन्यैरपि उक्तम्– 'न चेमाः कल्पना अप्रतिसंविदिता एवोदयन्ते व्ययन्ते वा येन सत्योऽपि अनुपलक्षिताः स्युरिति' । तस्मात्स्वसंवेदनप्रमाणदृष्टः स्वापाद्यवस्थासु कदाचिद्विवक्षाविरहः । यदप्युक्तम्–कार्यगम्येति तदप्य-समीचीनं, विवक्षाकार्यत्वेनैव वचनस्याप्रसिद्धेस्तथाविधात्मप्रयत्नभाषाद्रव्यमात्रहेतुकत्वात् । ततो दृष्टस्य-अनुभूतस्य विवक्षाविरहस्य परित्यागेनादृष्टस्य-विवक्षासद्भावस्य परिकल्पना एषा-पूर्वोक्ता, सा च निबिडजडिमावष्टब्धान्तःकरणतासूचिका । आह च–'दृष्टमर्थं विधूयान्यददृष्टं कल्पयन्ति ये । मूढाः पिण्डं परित्यज्य, ते लिहन्ति करं वृथा ।।' इति ।।१२८६।।

**ટીકાર્થ :-**

**तत्रापि ..... वृथा ।।' इति ।। અને ત્યાં પણ=નિદ્રાદિ અવસ્થામાં અને વિગત ચિત્તવાળી અવસ્થામાં પણ, અંતરાલમાં કોઈક સૂક્ષ્મ વિવક્ષા છે. એમાં=સૂક્ષ્મ વિવક્ષામાં, શું પ્રમાણ છે ? એ પ્રમાણે કોઈ કહે તો પૂર્વપક્ષી કહે છે. 'કાર્યગમ્ય સૂક્ષ્મ વિવક્ષા છે', એમ અન્વય છે='વચન લક્ષણ કાર્યનું અનુમાન આમાં અર્થાત્ સૂક્ષ્મ વિવક્ષામાં પ્રમાણ છે,' એ પ્રકારનો ભાવ છે. हि=જે કારણથી, વિવક્ષા વગર વચનનું અન્ય કારણ નથી, તે કારણથી કેવી રીતે તેના વગર પણ=વિવક્ષા વગર પણ, તે=વચન, થાય ? અહીં=પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે. हि=જે કારણથી, જો ત્યારે પણ=નિદ્રાદિ અવસ્થામાં પણ તે વિવક્ષા હોય તો તે વિવક્ષાનું સ્વસંવિદિત સ્વભાવપણું હોવાથી ત્યારે પણ અનુભવ થાય અર્થાત્ જ્યારે બોલે છે ત્યારે 'હું આ વિવક્ષાથી બોલું છું' એ પ્રકારનો અનુભવ થાય. જે પ્રમાણે તે જ નિદ્રાદિ અવસ્થામાં ક્યારેક વિવક્ષાપૂર્વક ઉક્તિમાં વિવક્ષાનો અનુભવ થાય છે અને તે રીતે=ઊંઘમાં કોઈક વિવક્ષાપૂર્વક મેં કહ્યું હતું તે રીતે, કેટલાક પ્રબુદ્ધ અવસ્થામાં વક્તા દેખાય છે. જે આ પ્રમાણે, 'આ રીતે, આ રીતે રાત્રે સ્વપ્ન અવસ્થામાં તેની સાથે તેને તેને તે અભિપ્રાયનું સ્મરણ કરીને બોલાયું.' અન્ય વડે પણ કહેવાયું છે, "આ કલ્પના અપ્રતિસંવિદિતા જ ઉદય પામતી નથી અથવા વ્યય પામતી નથી જે કારણથી સત્ય પણ કલ્પનાઓ=વિદ્યમાન પણ કલ્પનાઓ, અનુપલક્ષિત થાય." તે કારણથી=સ્વપ્નમાં પણ કેટલાક વચનપ્રયોગો વિવક્ષાથી થાય છે અને કેટલાક વચનપ્રયોગો વિવક્ષા વગર થાય છે તે કારણથી, નિદ્રાદિ અવસ્થામાં ક્યારેક વિવક્ષાનો વિરહ સ્વસંવેદનના પ્રમાણથી દૃષ્ટ છે. જે વળી કહેવાયું=મીમાંસક વડે કહેવાયું ? 'શું કહેવાયું ?' તેથી કહે છે. કાર્ય ગમ્ય છે=નિદ્રાદિ અવસ્થામાં સૂક્ષ્મ વિવક્ષા કાર્યગમ્ય છે, તે પણ અસમીચીન છે; કેમ કે 'વિવક્ષાના કાર્યપણાથી જ વચનની અપ્રસિદ્ધિ છે.' કેમ વિવક્ષાના કાર્યપણાથી જ વચનની અપ્રસિદ્ધિ છે ? તેમાં હેતુ કહે છે. તેવા પ્રકારના આત્મપ્રયત્ન અને ભાષાદ્રવ્ય માત્ર હેતુકપણું છે= નિદ્રાદિમાં જેઓ કંઈક વચનપ્રયોગ કરે છે ત્યારે તેવા પ્રકારનો તે જીવ પ્રયત્ન કરે છે જેનાથી ભાષાદ્રવ્યનું ગ્રહણ થાય છે તેનાથી તે બોલવાની ક્રિયા થાય છે. પરંતુ ચોક્કસ પ્રકારે કોઈકને કહેવાની વિવક્ષાથી તે વચનપ્રયોગ થતો નથી. તેથી દૃષ્ટના=અનુભૂત એવા વિવક્ષા વિરહના, પરિત્યાગથી અદૃષ્ટ એવી વિવક્ષાના સદ્ભાવની પરિકલ્પના આ છે=પૂર્વોક્ત છે, અને તે=મીમાંસક દ્વારા કરાયેલ વિવક્ષાની કલ્પના જડતાથી નિબિડ અવષ્ટબ્ધ એવા અંતઃકરણતાની સૂચિકા છે અર્થાત્ ગાઢ અવિચારકતાની સૂચિકા છે, અને કહે છે, "દૃષ્ટ અર્થને છોડીને અન્ય અદૃષ્ટની જે મૂઢ કલ્પના કરે છે તેઓ પિંડનો પરિત્યાગ કરીને કરને વૃથા ચાટે છે." ।।૧૨૮૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે 'વીર ભગવાન વક્તા હોવા છતાં જ્ઞાનનો પ્રકર્ષ સ્વીકારવામાં વિરોધ નથી.' ત્યાં મીમાંસક કહે છે – બોલનાર પુરુષ કોઈક વિવક્ષા વગર બોલતો નથી; કેમ કે સંસારમાં પ્રત્યક્ષ દેખાય છે કે કોઈક વિવક્ષાને આધીન વચનપ્રયોગ થાય છે અને તે વિવક્ષા ઇચ્છા સ્વરૂપ છે; કેમ

કે બોલનાર પુરુષને તે પ્રકારે બોલવાની ઇચ્છારૂપ વિવક્ષા છે, આથી જ બોલે છે અને તે ઇચ્છા રાગરૂપ છે. તેથી વચન રાગપૂર્વક કે દ્વેષપૂર્વક થાય છે. આથી જ કોઈકના પ્રત્યે દ્વેષ હોય ત્યારે પણ તેને કઠોર શબ્દો આદિ કહેવાની ઇચ્છા થાય છે અને રાગ-દ્વેષને વશ વચનપ્રયોગ થતો હોય તો તેવો વક્તા સર્વજ્ઞ છે તેમ સ્વીકારી શકાય નહીં. આ પ્રકારના મીમાંસકના કથનમાં ગ્રંથકારશ્રી કહે છે – સ્વપ્નાદિ અવસ્થામાં વિવક્ષા વગર પણ કેટલાક જીવો બોલતા દેખાય છે. વળી, કેટલાક અન્યમનસ્ક જીવો અન્ય કંઈક કહેવું હોય અને અન્ય કંઈક બોલે છે તેમ પણ દેખાય છે. તેથી જે બોલે છે તે બોલવા વિષયક તે પુરુષની વિવક્ષા નથી. આથી જ ઘટ બોલવાની વિવક્ષા હોવા છતાં અન્યમનસ્કને કારણે પટાદિ બોલે છે. તેથી વિવક્ષા વગર ઊંઘમાં, મૂર્ચ્છાદિમાં કે અન્યમનસ્કતામાં બોલાય છે માટે વિવક્ષાપૂર્વક જ વચન પ્રયોગ થાય છે એવી નિયત વ્યાપ્તિ નથી.

તેથી એ ફલિત થાય કે સામાન્યથી લોકો વિવક્ષાપૂર્વક વચનપ્રયોગ કરતા હોય છે તો પણ સર્વ પ્રયોગો વિવક્ષાપૂર્વક જ હોય તેવો નિયમ નથી. તેમ વીર ભગવાન પણ તેવા તે પ્રકારના રાગાદિરૂપ વિવક્ષાથી વચનપ્રયોગ કરતા નથી તેમ સ્વીકારી શકાશે. આ પ્રકારે ગ્રંથકારશ્રીએ ઉત્તર આપ્યો. ત્યાં મીમાંસક કહે છે – 'નિદ્રાદિ અવસ્થામાં પણ જેઓ બોલે છે અને અન્યમનસ્કતાથી પણ જેઓ બોલે છે, તેઓના તે વચનપ્રયોગકાળમાં કોઈક સૂક્ષ્મ વિવક્ષા છે.' તેને ગ્રંથકારશ્રી પૂછે છે તેઓમાં સૂક્ષ્મ વિવક્ષા છે, તેમાં પ્રમાણ શું છે ? તેથી મીમાંસક કહે છે – કાર્યથી ગમ્ય છે અર્થાત્ તેવું બોલે છે એ રૂપ જે કાર્ય છે તે વિવક્ષાનું કાર્ય છે માટે અનુમાન થાય છે કે નિદ્રામાં જેઓ બોલે છે ત્યાં પણ સૂક્ષ્મ વિવક્ષા છે; કેમ કે વિવક્ષા વગર વચન બોલવાનું અન્ય કોઈ કારણ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – જો નિદ્રામાં બોલનારા કે અન્યમનસ્કતાથી બોલનારા જીવો જે વચનપ્રયોગ કરે છે તે વચનપ્રયોગને અનુરૂપ કોઈક સૂક્ષ્મ વિવક્ષા છે તેમ અનુભવ થવો જોઈએ અને તેવો અનુભવ બધાને થતો નથી. જેમ કેટલાકને નિદ્રા અવસ્થામાં પણ કોઈક વિવક્ષાપૂર્વક કોઈકને કથન કર્યું હોય તેવો અનુભવ છે, તો કેટલાકને કોઈ કહેવાની વિવક્ષા નથી છતાં નિદ્રા અવસ્થામાં યથાતથા બોલાઈ જવાય છે તેવો પણ અનુભવ છે. તેથી નિદ્રાદિ અવસ્થામાં ક્યારેક બોલવાની કોઈ વિવક્ષા વગર પણ બોલાય છે. એ પ્રકારે સ્વસંવેદનના પ્રમાણથી જોવાયું છે માટે વિવક્ષા વગર પણ વચનપ્રયોગનો સંભવ છે. વળી મીમાંસકે કહેલું કે વચનપ્રયોગરૂપ કાર્યથી ગમ્ય નિદ્રાદિ અવસ્થામાં સૂક્ષ્મ વિવક્ષા છે એ પણ અસંગત છે; કેમ કે 'વિવક્ષાના કાર્યથી જ વચન બોલાય છે. વિવક્ષા વગર વચન બોલાતું નથી' એ પ્રકારની અપ્રસિદ્ધિ છે; કેમ કે વિવક્ષા વગર નિદ્રાદિમાં બોલાય છે ત્યારે બોલવાને અનુરૂપ જીવનો પ્રયત્ન થાય છે અને ભાષાદ્રવ્યના પુદ્ગલો તે પ્રયત્નને કારણે વચનરૂપે પરિણમન પામે છે. તેથી વિવક્ષા વગર તે પ્રકારના પ્રયત્નથી વચનપ્રયોગ થાય છે માટે વિવક્ષાનો વિરહ સ્વઅનુભવથી દૃષ્ટ હોય છતાં વચનપ્રયોગ વિવક્ષાથી થઈ શકે છે એ પ્રકારની મીમાંસકની કલ્પના ગાઢ જડતાની સૂચક છે; કેમ કે અનુભવથી દેખાતા પદાર્થનો ત્યાગ કરીને નહીં દેખાતા પદાર્થની કલ્પના કરવી એ મૂર્ખતાનું સૂચક છે. આથી જ જ્યાં સાક્ષાત્ પ્રયત્નથી કાર્ય થતું હોય તે સ્થાનમાં કેટલાક મૂઢ જીવો

ભગવાનના કેવલજ્ઞાનમાં જે પ્રમાણે દેખાયેલું છે તે પ્રમાણે જ પોતાને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થશે તેમ વિચારીને દૃષ્ટ પ્રયત્નરૂપ કારણનો અપલાપ કરીને ભગવાનના કેવલજ્ઞાનને કારણરૂપે સ્વીકારીને સમ્યગ્ પ્રયત્નમાં શિથિલ થાય છે તેઓ મૂઢ છે તેમ વિવક્ષા વગર વચનપ્રયોગ થાય નહીં. તે પણ મૂઢતાથી જ મીમાંસક કહે છે.

સાક્ષીપાઠમાં કહેલ કે આ કલ્પના અપ્રતિસંવેદિત જ ઉદયમાં અથવા વ્યયમાં આવતી નથી, તેથી એ પ્રાપ્ત થાય કે નિદ્રાદિમાં કોઈક જીવો બોલ બોલ કરે છે એ કલ્પના સંવેદન કર્યા વગર જ ઉદયમાં આવતી નથી કે નાશ પામતી નથી પરંતુ સંવેદનમાં આવે જ છે. તેથી જો ત્યાં વિવક્ષા વિદ્યમાન હોય તો અનુપલક્ષિત થાય નહીં પરંતુ અવશ્ય વિવક્ષાનો અનુભવ થવો જોઈએ અને વિવક્ષાનો અનુભવ થતો નથી માટે તેવા સ્થાનમાં વિવક્ષાનો વિરહ છે. **॥૧૨૮૪થી ૧૨૮૬॥**

**અવતરણિકા :-**

**अभ्युपगम्यापि भगवति विवक्षां दोषाभावमाह—**

**અવતરણિકાર્થ :-**

**ભગવાનમાં વિવક્ષાને સ્વીકારીને પણ દોષના અભાવને કહે છે –**

**ભાવાર્થ :-**

મીમાંસક કહે છે કે 'વચનપ્રયોગ વિવક્ષાથી થાય છે અને વિવક્ષા રાગાદિરૂપ છે. રાગાદિથી વચનનો પ્રયોગ થાય છે માટે વીર ભગવાન વચનપ્રયોગ કરનાર હોવાથી વીતરાગ નથી માટે કેવળી નથી.' તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ પૂર્વની ગાથામાં સ્થાપન કર્યું કે 'વિવક્ષા વગર પણ વચનપ્રયોગ સંભવી શકે છે માટે ભગવાન વચનપ્રયોગ કરનાર હોવા છતાં વિવક્ષા વગરના હોવાથી વીતરાગ છે', તેમ સ્વીકારી શકાશે. હવે ભગવાનમાં યોગ્ય જીવોના ઉપદેશની વિવક્ષા છે, તેમ સ્વીકારીને પણ ભગવાન રાગાદિના અભાવવાળા છે, તેમ બતાવવા અર્થે કહે છે –

**ગાથા :-**

**ण य परिसुद्धा एसा रागोऽवि वदंति समयसारण्णू ।**
**विहिताणुट्ठाणपरस्स जह तु सज्झायझाणेसु ।।१२८७।।**

**છાયા :-**

**न च परिशुद्धा एषा रागोऽपि वदन्ति समयसारज्ञाः ।**
**विहितानुष्ठानपरस्य यथा तु स्वाध्यायध्यानेषु ।।१२८७।।**

**ગાથાર્થ :-**

**અને વળી પરિશુદ્ધ એવી આ=વિવક્ષા, રાગ નથી, જે પ્રમાણે સ્વાધ્યાય, ધ્યાનમાં વર્તતા,**

**વિહિત અનુષ્ઠાનમાં તત્પર સાધુની વિવક્ષા દોષ માટે નથી, એમ સમયના સારને જાણનારાઓ કહે છે. ॥૧૨૮૭॥**

**ટીકા :-**

**न चाप्येषा-विवक्षा परिशुद्धा सती रागः, अपि भिन्नक्रमः स च यथास्थानं योजित इति, वदन्ति समयसारज्ञाः-सिद्धान्तोपनिषत्परिज्ञानकुशलाः, यथा विहितानुष्ठानपरस्य स्वाध्यायध्यानेषु वर्त्तमानस्य साधोः, तस्माद्भवन्त्यपि भगवति विवक्षा न दोषाय, परिशुद्धस्वरूपायास्तस्या रागत्वायोगात् ।।१२८७।।**

**ટીકાર્થ :-**

**न चाप्येषा- ..... रागत्वायोगात् ।। અને વળી 'પરિશુદ્ધ છતી આ વિવક્ષા રાગ નથી.' 'अपि' શબ્દ ભિન્નક્રમ છે અને તે યથાસ્થાન યોજિત જ છે='અને વળી' એમ શરૂઆતમાં કહ્યું ત્યાં યોજિત જ છે. 'સમયસારને જાણનારાઓ=સિદ્ધાંતના ઉપનિષદના પરિજ્ઞાનમાં કુશલ પુરુષો, કહે છે. શું કહે છે ?' તે 'यथा'થી બતાવે છે. સ્વાધ્યાય, ધ્યાનમાં વર્તમાન વિહિત અનુષ્ઠાનમાં તત્પર સાધુની વિવક્ષા દોષ માટે નથી. તે કારણથી ભગવાનમાં થતી પણ વિવક્ષા દોષ માટે નથી; કેમ કે પરિશુદ્ધ સ્વરૂપવાળી એવી તેના=વિવક્ષાના, રાગત્વનો અયોગ છે. ॥૧૨૮૭॥**

**ભાવાર્થ :-**

મીમાંસકે કહેલું કે બોલવાની વિવક્ષા રાગરૂપ છે માટે વક્તા રાગથી બોલે છે તેથી જે વક્તા હોય તેને કેવલજ્ઞાન સંભવે નહીં. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – પરિશુદ્ધ વિવક્ષા રાગરૂપ નથી એ પ્રમાણે શાસ્ત્રના સારને જાણનારાઓ કહે છે અને તેઓ યુક્તિ આપે છે કે 'જે સાધુ સ્વાધ્યાય, ધ્યાનમાં વર્તમાન છે અને ભગવાને કહેલા અનુષ્ઠાનમાં તત્પર છે તે સાધુ સતત અસંગભાવમાં જવાને અનુકૂળ જ અંતરંગ પરિણતિવાળા હોય છે તેથી તેઓને આત્માના નિરાકુળ સ્વભાવને પ્રગટ કરવા સિવાય અન્ય કોઈ ઇચ્છા હોતી નથી. તેથી તેવા મહાત્મા યોગ્ય જીવોને ઉપદેશ આપે ત્યારે પણ તેઓને બોલવાની રાગાત્મક ઇચ્છા હોતી નથી પરંતુ રાગાદિથી પર શ્રુતભાવમાં જવાના યત્ન સ્વરૂપ સર્વ અનુષ્ઠાનો કરે છે, તેમ યોગ્ય જીવોના ઉપકાર અર્થે વચનપ્રયોગ કરે છે ત્યારે પણ ઉપદેશમાં વર્તતી તેઓની વિવક્ષા રાગથી આક્રાંત નથી અને ભગવાન વીતરાગ થયેલા હોવાથી તેઓ શુદ્ધ આત્મામાં અત્યંત સ્થિર થયેલા છે. તેથી તેઓને પણ ઉપદેશકાળમાં યોગ્ય જીવોના ઉપકાર કરવાની જે વિવક્ષા છે તે રાગના સંશ્લેષ વગરની હોવાથી પરિશુદ્ધ વર્તે છે. કેવળ પોતાના સ્વરૂપમાં વર્તતા વીતરાગ યોગ્ય જીવોના ઉપકાર અર્થે ઉપદેશ આપે છે ત્યારે પરિશુદ્ધ એવી તેમની વિવક્ષા રાગરહિત હોવાથી ભગવાનને વીતરાગ સ્વીકારવામાં બાધરૂપ નથી' માટે ભગવાન વક્તા હોવા છતાં 'સર્વજ્ઞ' છે તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી. **॥૧૨૮૭॥**

**અવતરણિકા :-**

**अपि च–**

**અવતરણિકાર્થ :-**

અને વળી, ભગવાનની વિવક્ષા રાગરૂપ કેમ નથી ? તેમ બતાવતાં કહે છે –

**ગાથા :-**

मणपुव्विगा विवक्खा ण य केवलिणो मणस्सऽभावातो ।
अवि णाणपुव्विग च्चिय चेट्ठा सा होइ णायव्वा ।।१२८८।।

**છાયા :-**

मनःपूर्विका विवक्षा न च केवलिनो मनसोऽभावात् ।
अपि ज्ञानपूर्विकैव चेष्टा सा भवति ज्ञातव्या ।।१२८८।।

**ગાથાર્થ :-**

**અને 'કેવળીને મનપૂર્વક વિવક્ષા નથી'; કેમ કે 'મનનો અભાવ છે.' વળી જ્ઞાનપૂર્વક જ તે ચેષ્ટા=વિવક્ષારૂપ પ્રવૃત્તિ, જ્ઞાતવ્ય છે. ॥૧૨૮૮॥**

**ટીકા :-**

**न च केवलिनः-सर्वज्ञस्य मनःपूर्विका-भावमनःकारणिका विवक्षा, कुत इत्याह—मनसोऽभावात्-भावमनसोऽभावात्, अपि तु ज्ञानपूर्विकैव-केवलज्ञानपूर्विकैव । ततः सा-विवक्षा चेष्टा-आत्म-परिस्पन्दरूपा भवति ज्ञातव्या, न त्विच्छा, मनसा हि पर्यालोचनमिच्छा लोकेऽभिधीयते इति ।।१२८८।।**

**ટીકાર્થ :-**

**न च ..... ऽभिधीयते इति ।। અને કેવલીને=સર્વજ્ઞને, મનપૂર્વક=ભાવમનના કારણવાળી, વિવક્ષા નથી. કયા કારણથી ? એથી કહે છે=કયા કારણથી કેવળીને મનપૂર્વક વિવક્ષા નથી ? એમાં હેતુ કહે છે. મનનો અભાવ છે=ભાવમનનો અભાવ છે. વળી, જ્ઞાનપૂર્વક જ=કેવલજ્ઞાનપૂર્વક જ, ભગવાનની વિવક્ષા છે, તેથી તે ચેષ્ટા=આત્માના પરિસ્પંદનરૂપ વિવક્ષા, જ્ઞાતવ્ય થાય છે. પરંતુ ઈચ્છા નથી, हि= જે કારણથી, લોકમાં મન દ્વારા પર્યાલોચન ઈચ્છા કહેવાય છે. ॥૧૨૮૮॥**

**ભાવાર્થ :-**

'ભગવાનને ઉપદેશની વિવક્ષા હોવા છતાં રાગાત્મક વિવક્ષા નથી.' તે સ્પષ્ટ કરતાં કહે છે. કેવળીને ભાવમનપૂર્વક વિવક્ષા નથી; કેમ કે ભાવમન મતિજ્ઞાન સ્વરૂપ છે અને કેવળીને મતિજ્ઞાનનો અભાવ હોવાથી ભાવમનનો અભાવ છે. અહીં પ્રશ્ન થાય કે 'કેવળીને ભાવમનપૂર્વક બોલવાની વિવક્ષા નથી તો શેનાથી બોલવાની વિવક્ષા છે.' તેથી કહે છે 'કેવલજ્ઞાનપૂર્વક જ બોલવાની વિવક્ષા છે અને કેવલજ્ઞાનપૂર્વક જે બોલવાની વિવક્ષા છે તે બોલવાથી ક્રિયા આત્મપરિસ્પંદનાત્મક જાણવી પરંતુ ઇચ્છારૂપ નહીં; કેમ કે

'મનથી પર્યાલોચન ઇચ્છા છે', એ પ્રકારે લોકમાં કહેવાય છે. ભગવાન કેવળી હોવાથી મનથી પર્યાલોચન કરતા નથી માટે ભગવાનને ઇચ્છા નથી. **॥૧૨૮૮॥**

**ગાથા :-**

**एत्तो च्चिय सा सततं ण पवत्तति तह य संगतत्थाऽवि ।**
**पत्तम्मि अवंझफला परिमियरूवा य सा होति ।।१२८९।।**

**છાયા :-**

**अत एव सा सततं न प्रवर्तते तथा च संगतार्थाऽपि ।**
**पात्रेऽवन्ध्यफला परिमितरूपा च सा भवति ।।१२८९।।**

**ગાથાર્થ :-**

**આથી જ=ભગવાન કેવલજ્ઞાનપૂર્વક બોલે છે આથી જ, સતત બોલતા નથી અને સંગત અર્થ પણ બોલે છે. પાત્રમાં અવંધ્ય ફળવાળી અને પરિમિતરૂપ તે=દેશના, થાય છે. ॥૧૨૮૯॥**

**ટીકા :-**

**यत एव भगवतः केवलज्ञानपूर्विका विवक्षा अत एव न सा सततम्-अनवरतं प्रवर्त्तते, तथा संगतार्थापि-युक्त्युपपन्नाभिधेयार्थापि, सततं पात्रे च-देशनायोग्येऽवन्ध्यफला-न बीजाधानादिफल-विकला, तथा परिमितरूपा च पुरुषापेक्षया सा भवति, तथाहि—भगवान् सर्वज्ञो भगवतो गणधरान् सकलप्रज्ञातिशयनिधानभूतान् आश्रित्य 'उप्पन्ने इति वे(०इ वेत्या०)त्यादि' पदत्रयीमेवोपदिशति, तेषां तावन्मात्रेणैव विवक्षितार्थावगमसिद्धेः, अन्येषां तु यथायोग्यं तां प्रपञ्चेन, न तु योग्यतातिरिक्तं किमपि भाषत इति ।।१२८९।।**

**ટીકાર્થ :-**

यत एव ..... भाषत इति ।। **જે કારણથી જ ભગવાનની કેવલજ્ઞાનપૂર્વક વિવક્ષા છે, આથી જ તે= વિવક્ષા, સતત પ્રવર્તતી નથી અને સંગત અર્થવાળી પણ છે=યુક્તિથી ઉપપન્ન અભિધેય અર્થવાળી પણ છે, અને સતત પાત્રમાં=દેશનાયોગ્ય પાત્રમાં, અવંધ્યફળવાળી છે. બીજાધાનાદિ ફળવિકલ નથી અને પુરુષની અપેક્ષાથી પરિમિતરૂપવાળી તે=વિવક્ષા, થાય છે, તે આ પ્રમાણે – આશ્રયીને=સકળ પ્રજ્ઞાના અતિશયના નિધાનભૂત ભગવાન ગણધરોને આશ્રયીને, સર્વજ્ઞ એવા ભગવાન "ઉપન્ને ઈતિ ઈત્યાદિ" પદત્રયીનો જ ઉપદેશ આપે છે; કેમ કે તેઓને=ગણધરોને, તેટલા માત્રથી જ=ત્રણ પદમાત્રથી જ, વિવક્ષિત અર્થના અવગમની સિદ્ધિ છે=આત્મકલ્યાણ માટે ઉપયોગી સંપૂર્ણ શ્રુતરૂપ વિવક્ષિત અર્થના બોધની સિદ્ધિ છે. વળી, અન્ય જીવોને યથાયોગ્ય તેને=દેશનાને, વિસ્તારથી આપે છે પરંતુ યોગ્યતાથી અતિરિક્ત=જીવોની યોગ્યતાથી અતિરિક્ત, કંઈ પણ બોલતા નથી. ।।૧૨૮૯।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૨૮૮માં કહ્યું કે 'કેવલજ્ઞાનીને વચન બોલવાની વિવક્ષા મનપૂર્વક નથી પરંતુ કેવલજ્ઞાનપૂર્વક જ છે.' તે કથનને દૃઢ કરવા અર્થે કહે છે. આથી જ 'કેવલી સતત વચનપ્રયોગ કરતા નથી અર્થાત્ કેવલજ્ઞાન થયા પછી જ્યારે તેઓને હિત જણાય ત્યારે ઉચિત ઉપદેશ રૂપે કથન કરે છે પરંતુ દિગંબરો માને છે કે 'તીર્થંકરોના મસ્તકમાંથી સતત ધ્વનિ નીકળે છે' તેમ નથી પરંતુ જ્યારે 'તેઓને ઉપદેશ આપવાનો પ્રયોજન દેખાય ત્યારે કેવળી પોતાના કેવલજ્ઞાનથી ઉચિત જણાવાને કારણે ઉપદેશ આપે છે.' વળી, કેવળી જે કંઈ ઉપદેશ આપે છે તે કેવલજ્ઞાનથી યથોક્ત નિર્ણીત હોવાને કારણે સંગત અર્થવાળી પણ છે=યુક્તિથી ઘટે તેવા અભિધેય અર્થને કહેનારી હોય છે. વળી 'કેવળી કેવલજ્ઞાનથી દેશનાયોગ્ય જીવોનો નિર્ણય કરીને પાત્રમાં ઉપદેશ આપે છે.' તેથી દેશના અવંધ્ય ફળવાળી હોય છે=યોગ્ય જીવમાં તેની યોગ્યતાનુસાર અવશ્ય બીજાધાનાદિરૂપ ફળની નિષ્પત્તિ કરે છે. વળી, જીવોની યોગ્યતાનુસાર પરિમિતરૂપ જ બોલે છે; કેમ કે કેવલજ્ઞાનથી ભગવાનને નિર્ણય છે કે 'આ પુરુષને આટલા ઉપદેશથી તત્ત્વની પ્રાપ્તિ થશે' તેથી તે પુરુષને આશ્રયીને ભગવાન તેટલો જ પરિમિત ઉપદેશ આપે છે. આથી જ ભગવાન ગણધરોને પૂર્ણ દ્વાદશાંગીનો બોધ કરાવાના ઉદ્દેશથી 'ઉપન્નેઇ વા' ઇત્યાદિ ત્રણ પદોથી જ ઉપદેશ આપે છે; કેમ કે કેવલજ્ઞાનથી તેઓ જાણે છે કે આટલા વચનથી જ ગણધરો અવશ્ય વચન દ્વારા કહી શકાય તેવા પૂર્ણ યોગમાર્ગનો બોધ કરી શકશે. તેથી તેઓને આશ્રયીને તેટલા જ પરિમિત વચનોથી સર્વજ્ઞ ભગવાન ઉપદેશ આપે છે. વળી, અન્ય યોગ્ય જીવોને જેટલા વચનથી ઉપકાર થાય, તેટલા જ વચનથી ઉપદેશ આપે છે, અધિક કંઈ પણ ઉપદેશ આપતા નથી; કેમ કે કેવલજ્ઞાનથી નિર્ણય કરીને ઉચિત જ ઉપદેશ આપવાની ભગવાનને વિવક્ષા છે. **॥૧૨૮૯॥**

**અવતરણિકા :-**

**इदानीं परमतं दूषयितुमन्यथा शङ्कमान आह—**

**અવતરણિકાર્થ :-**

**હવે પરમતને દૂષણ કરવા માટે અન્યથા શંકા કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**रागादिजोग्गताजण्णमह (महेत्थ) तु वयणं ण संगतमिदंपि ।**
**तज्जोग्गता ण अण्णं जणेति पुव्वावरविरोहो ।।१२९०।।**

**છાયા :-**

रागादियोग्यताजन्यमथ तु वचनं न संगतमिदमपि ।
तद् योग्यता नान्यद् जनयति पूर्वापरविरोधः ।।१२९०।।

**ગાથાર્થ :-**

**રાગાદિ યોગ્યતાજન્ય વચન છે. તેને ગ્રંથકારશ્રી કહે છે. આ પણ સંગત નથી, કેમ સંગત નથી ? તેથી કહે છે. તેની યોગ્યતા=રાગાદિની યોગ્યતા, અન્યને ઉત્પન્ન કરતી નથી; કેમ કે પૂર્વાપરનો વિરોધ છે. ।।૧૨૯૦।।**

**ટીકા :-**

**अथेत्थमाचक्षीथाः-वचनं रागादियोग्यताजन्यं, यतो रागादियोग्य एव पुरुषो लोके वक्ता दृश्यते इति । अत्राह—न संगतमिदमप्यनन्तरोक्तम् । कुत इत्याह—यस्मात्तद्योग्यता-रागादियोग्यता नान्यत्-रागादिलक्षणकार्यातिरेकेण कार्यान्तरं जनयति, यद्विषया हि या योग्यता सा तदेव कार्यं कर्तुमीष्टे न कार्यान्तरं, ततो मिथ्यात्वाकुलितचेतसः परस्य खल्वेष पूर्वापरविरोधः, तथाहि—यदि सा रागादियोग्यता तर्हि रागादिलक्षणमेव कार्यं जनयतु कथमन्यत् वचनलक्षणं कार्यं जनयतीति? ।।१२९०।।**

**ટીકાર્થ :-**

**अथेत्थमाचक्षीथाः- ..... जनयतीति? ।। હવે આ પ્રમાણે તું=પૂર્વપક્ષી, કહે, 'રાગાદિની યોગ્યતાથી જન્ય વચન છે, જે કારણથી રાગાદિયોગ્ય જ પુરુષ લોકમાં વક્તા દેખાય છે.' અહીં=પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે, 'આ પણ=અનંતરમાં કહેવાયેલું પણ સંગત નથી='રાગાદિયોગ્ય જ પુરુષ બોલે છે' એ પ્રમાણે અનંતરમાં કહેવાયેલું કથન પણ, સંગત નથી.' કયા કારણથી ?=કયા કારણથી સંગત નથી ? એથી કહે છે. 'જે કારણથી તદ્ યોગ્યતા=રાગાદિ યોગ્યતા, અન્યને=રાગાદિ લક્ષણ કાર્યને છોડીને કાર્યાંતરને, ઉત્પન્ન કરતી નથી. हि=જે કારણથી, જેના વિષયવાળી તે યોગ્યતા છે=રાગાદિની યોગ્યતા છે, તે તે જ કાર્યને કરવા માટે સમર્થ છે, કાર્યાંતરને નહીં.' તેથી મિથ્યાત્વથી આકુલિત ચિત્તવાળા એવા પરનો ખરેખર આ પૂર્વાપર વિરોધ છે, તે આ પ્રમાણે. જો તે રાગાદિ યોગ્યતા છે, તો રાગાદિ લક્ષણ જ કાર્ય કરો. કેવી રીતે અન્ય એવું વચનરૂપ કાર્ય કરે ? ।।૧૨૯૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે 'કેવળીને કેવલજ્ઞાનપૂર્વક વિવક્ષા હોય છે માટે તે રાગરૂપ નથી.' પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે 'રાગાદિની યોગ્યતાથી જન્ય વચન છે'; કેમ કે 'રાગાદિયોગ્ય જ પુરુષો લોકમાં બોલતા દેખાય છે.' પૂર્વપક્ષીનું આ વચન પણ સંગત નથી; કેમ કે 'જે જીવમાં રાગાદિની યોગ્યતા હોય તે રાગાદિરૂપ કાર્ય જ કરે પરંતુ વચન બોલવારૂપ કાર્ય કરે નહીં.' જેમ કોઈને ખાવામાં રાગાદિની યોગ્યતા હોય તો તે આહાર આદિ પ્રવૃત્તિ કરીને જ રાગ ઉત્પન્ન કરે છે, તેમ કોઈને વચન બોલવા વિષયક રાગની પરિણતિ વર્તતી હોય તો તે પુરુષ તે તે પ્રકારનાં વચન બોલીને રાગાદિ ભાવો કરે છે પરંતુ જેઓને વચન બોલવામાં રાગ નથી તેઓ જે કંઈ બોલે છે તે 'સર્વ રાગાદિયોગ્યતાજન્ય છે' તેમ કહેવું તે પૂર્વાપર વિરોધ સ્વરૂપ છે; કેમ કે 'રાગાદિની યોગ્યતા રાગરૂપ કાર્ય કરે, દ્વેષાદિની યોગ્યતા દ્વેષાદિ રૂપ કાર્ય કરે પરંતુ વચનપ્રયોગની

ક્રિયા રાગાદિની યોગ્યતાનું કાર્ય છે એમ કહેવું તે પરસ્પર વિરોધી વચન છે; કેમ કે રાગાદિની યોગ્યતા કહેવાથી તેનું કાર્ય રાગાદિ થઈ શકે, વચન થઈ શકે નહીં.' આમ છતાં અજ્ઞાનને કારણે પૂર્વપક્ષી રાગાદિની યોગ્યતાથી જન્ય વચન છે, તેમ અસંબદ્ધ વચન કહે છે. **॥૧૨૯૦॥**

**અવતરણિકા :-**

**ननु यदि स भगवान् वीतरागः सर्वज्ञश्च ततस्तस्यैकान्तेन कृतकृत्यतया प्रयोजनाभावात्तद्वत्तया प्रेक्षावतां व्याप्तो व्याहारो न युक्तो, व्याहरन्ति(ति) चेदवश्यं प्रयोजनापेक्षा, सा च राग इति कथं व्याहारान्न रागादिमत्त्वानुमानमित्यत आह—**

**અવતરણિકાર્થ :-**

**'નનુ'થી શંકા કરે છે. જો તે ભગવાન વીતરાગ અને સર્વજ્ઞ છે તો તેમનું એકાંતથી કૃતકૃત્યપણું હોવાને કારણે પ્રયોજનનો અભાવ હોવાથી=ઉપદેશાદિ કૃત્ય કરવાના પ્રયોજનનો અભાવ હોવાથી, તદ્વાનપણાને કારણે=પ્રયોજનના અભાવવાનપણાને કારણે, વિચારકોનો વ્યાપ્ત વ્યાહાર=વિચારક પુરુષો યોગ્ય જીવોને ઉચિત ઉપદેશ આપે છે એ પ્રકારનો વ્યાપ્ત વ્યાહાર, યુક્ત નથી અને જો વ્યાહાર કરે છે=કેવળી ઉપદેશ આપે છે, એમ જો કહો તો અવશ્ય પ્રયોજનની અપેક્ષા છે અને તે= પ્રયોજનની અપેક્ષા, રાગ છે. એથી કેવી રીતે વ્યાહારથી=ઉપદેશથી, રાગાદિમત્ત્વનું અનુમાન ન થાય=કેવળીમાં રાગાદિમાનપણાનું અનુમાન અવશ્ય થઈ શકે. એથી કહે છે —**

**ગાથા :-**

**जंपति य वीयरागो य भवोवग्गाहिकम्मुणो उदया ।**
**तेणेव पगारेणं वेदिज्जति जं तयं कम्मं ।।१२९१।।**

**છાયા :-**

जल्पति च वीतरागश्च भवोपग्राहिकर्मण उदयात् ।
तेनैव प्रकारेण वेद्यते यत्तकत् कर्म ।।१२९१।।

**ગાથાર્થ :-**

**અને ભવોપગ્રાહી કર્મના ઉદયથી વીતરાગ બોલે છે. જે કારણથી તે કર્મ=ભવોપગ્રાહી કર્મ, તે જ પ્રકારથી વેદન કરાય છે. ।।૧૨૯૧।।**

**ટીકા :-**

**जल्पति च वीतरागोऽपि सन् भगवान् भवोपग्राहिकर्मणः-तीर्थकरनामसंज्ञितस्योदयात्, यत्-यस्मात्तकत्-भवोपग्राहि कर्म तेनैवाग्लान्या यथावस्थितवस्तुदेशनालक्षणेन प्रकारेण वेद्यते-अनुभूयानु-**

**भूय क्षयं नीयते, यदुक्तमार्षे—'तं च कहं वेइज्जइ अगिलाए धम्मदेसणाईहिं'ति । ततो भवोपग्राहिकर्म्मानुगततया कृतकृत्यताऽभावात्तत्क्षयार्थं शुद्धदेशनाप्रवृत्तिरविरुद्धेति ।।१२९१।।**

**ટીકાર્થ :-**

**जल्पति ..... रविरुद्धेति ।। વીતરાગ પણ છતા ભગવાન ભવોપગ્રાહી કર્મથી=તીર્થંકર નામથી સંજ્ઞિત એવા કર્મના ઉદયથી બોલે છે. જે કારણથી તે=ભવોપગ્રાહી કર્મો, તેમના વડે=તીર્થંકર વડે, અગ્લાનિથી=યથાવસ્થિત વસ્તુની દેશનારૂપ પ્રકારથી, વેદન કરાય છે=અનુભવ અનુભવ કરીને ક્ષય કરાય છે, જે કારણથી આર્ષમાં કહેવાયું છે=આગમમાં કહેવાયું છે 'અને તે=તીર્થંકર નામકર્મ, કેવી રીતે વેદન કરાય છે ?' તેનો ઉત્તર આપે છે. 'અગ્લાનિપૂર્વક ધર્મદેશનાથી વેદન કરે છે.' તેથી= ભવોપગ્રાહી કર્મથી દેશના આપે છે તેથી, ભવોપગ્રાહી કર્મની સાથે અનુગતપણું હોવાને કારણે કૃતકૃત્યતાનો અભાવ હોવાથી=કેવળી એવા ભગવાનમાં સર્વથા કૃતકૃત્યતાનો અભાવ હોવાથી, તેના ક્ષય માટે=ભવોપગ્રાહી કર્મના ક્ષય માટે, શુદ્ધ દેશનાની પ્રવૃત્તિ અવિરુદ્ધ છે. ॥૧૨૯૧॥**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરેલ કે 'જો ભગવાન વીતરાગ અને સર્વજ્ઞ છે તો એકાંતથી કૃતકૃત્ય છે. તેથી તેઓને ઉપદેશ આપવાનું કોઈ પ્રયોજન નથી અને ઉપદેશ આપવાનું પ્રયોજન છે તો રાગાદિવાળા ભગવાન છે તેમ માનવું પડે.' તેનું નિરાકરણ કરતાં કહે છે, 'ભગવાન ઘાતિકર્મના ક્ષયથી કૃતકૃત્ય થયા છે. સર્વથા કૃતકૃત્ય નથી; કેમ કે ભવોપગ્રાહી કર્મ વિદ્યમાન છે અને તે ભવોપગ્રાહી કર્મ ગ્લાનિ વગર યથાવસ્થિત વસ્તુની દેશનાથી તીર્થંકરો વેદન કરે છે જેનાથી તે ભવોપગ્રાહી કર્મનો ક્ષય થાય છે.' માટે ઘાતિકર્મના ક્ષયથી રાગાદિરહિત હોવા છતાં ભવોપગ્રાહી કર્મના નાશના પ્રયોજનથી ભગવાન શુદ્ધ દેશનાની પ્રવૃત્તિ કરે છે તે અવિરુદ્ધ છે.

તીર્થંકરનામકર્મના ઉદયથી જે જાહોજલાલી દેખાય છે તેના અર્થી ભગવાન નથી અને બોલવાની ક્રિયા શ્રમરૂપ છે. છતાં પોતાનું કર્મ વિપાકમાં આવી ગયું છે તેને ખેદ વગર વેદન કરે છે. તેથી ફરી કર્મબંધ થતો નથી પરંતુ પૂર્વમાં બંધાયેલું કર્મ નાશ પામે છે. **॥૧૨૯૧॥**

**અવતરણિકા :-**

**स्यादेतद्, न रागादिकार्यत्वाद्वचनाद्रागादिमत्त्वानुमानमपि तु वक्तर्यात्मनि रागादेर्वक्तृत्वसहचारिणो दर्शनात्, अन्यत्रापि वक्तृत्वोपलम्भात् सहचारिणो रागादेरनुमानमिति, यद्येवं तर्हि आत्मनि गौरत्वसहचरितस्य वक्तृत्वस्य दर्शनादन्यत्रापि कृष्णादौ वक्तरि गौरत्वमनुमातव्यम् । अथ न येन केनचित्सह स्वात्मनि दृष्टं वक्तृत्वं तस्य सर्वस्यापि गमकं, किंतु यस्मिन् सहचारिणि दृष्टे धर्मे व्यतिरिच्यमाने वक्तृत्वमपि व्यतिरिच्यते तस्यैव गमकम्, गौरत्वे च पुरुषान्तराद् व्यतिरिच्यमाने न वचनं व्यतिरिच्यते ततो न तस्यानुमानमिति, यद्येवं तर्हि यथा कृष्णादौ वक्तरि वृत्तिदर्शनाद्वचनस्य**

गौरत्वव्यतिरेकेऽभावासिद्धिस्तथा रागादिरहितेऽपि जिने विरोधाभावतो वचनस्य वृत्तिसंदेहाद्रागादिमत्त्वव्यतिरेके तस्याभावासिद्धिस्तुल्या, यदाह धर्मकीर्त्तिः—'तुल्यावृत्तितत्संदेहाभ्यामभावासिद्धिरिति' । तदेवं विपक्षेऽपि पुरुषत्ववक्तृत्वयोर्वृत्तिसंदेहात् पुरुषादित्वादित्ययं हेतुरनैकान्तिक इति । एतदेवोपसंहरन्नाह—

**અવતરણિકાર્થ :-**

આ=આગળમાં કહે છે એ, પૂર્વપક્ષીના મતે થાય. રાગાદિના કાર્યપણારૂપ વચનથી રાગાદિમત્ત્વનું અનુમાન નથી પરંતુ વક્તા એવા આત્મામાં વક્તૃત્વ સહચારી એવા રાગાદિનું દર્શન હોવાથી, અન્યત્ર પણ=બીજા પુરુષમાં પણ, વક્તૃત્વના ઉપલંભથી સહચારી એવા રાગાદિનું અનુમાન છે. આ પ્રકારે પૂર્વપક્ષી કહે તેને ગ્રંથકારશ્રી કહે છે. જો આ રીતે છે=વક્તૃત્વના સહચારી રાગાદિને જોઈને તેના બળથી અન્ય વક્તાને જોઈને 'તે વક્તા પણ રાગાદિવાળા છે' એમ અનુમાન કરાય છે એ પ્રમાણે છે, તો 'આત્મામાં ગૌરત્વ સહચરિત વક્તૃત્વનું દર્શન હોવાથી અન્યત્ર પણ કૃષ્ણાદિ વક્તામાં ગૌરત્વનું અનુમાન કરવું જોઈએ.' આ પ્રકારે ગ્રંથકારશ્રીએ કહ્યું ત્યાં 'અથ'થી પૂર્વપક્ષી કહે છે. જે કોઈની સાથે પોતાના આત્મામાં વક્તૃત્વ જોવાયું તે સર્વનું પણ ગમક નથી=તે સર્વ ધર્મોનું વક્તૃત્વ ગમક નથી. પરંતુ જે સહચારી દૃષ્ટ ધર્મ વ્યતિરિચ્યમાન હોતે છતે=જે સહચારી દૃષ્ટ ધર્મ નહીં હોતે છતે, વક્તૃત્વ પણ વ્યતિરેક પામે છે=વક્તૃત્વનો પણ અભાવ પ્રાપ્ત થાય છે. તેનો જ ગમક છે=તે ધર્મોનો જ વક્તૃત્વ ગમક છે, અને પુરુષાંતરથી ગૌરપણું વ્યતિરિચ્યમાન હોતે છતે વચન વ્યતિરેક પામતું નથી. તેથી તેનું=વક્તૃત્વ દ્વારા ગૌરપણાનું, અનુમાન નથી. જો આ પ્રમાણે છે=જે સહચારી ધર્મની સાથે નિયત વ્યાપ્તિ હોય તેનું જ તેના બળથી અનુમાન થઈ શકે છે એ પ્રમાણે છે, તો 'જે પ્રમાણે કૃષ્ણાદિ વક્તામાં વચનની વૃત્તિનું દર્શન હોવાથી ગૌરત્વની વ્યતિરેક હોતે છતે અભાવની અસિદ્ધિ છે=વક્તૃત્વના અભાવની અસિદ્ધિ છે, તે પ્રમાણે રાગાદિ રહિત પણ જિનમાં વચનના વિરોધનો અભાવ હોવાથી વૃત્તિનો સંદેહ થવાને કારણે=વચનની વૃત્તિનો સંદેહ થવાને કારણે, રાગાદિમત્ત્વના વ્યતિરેકમાં તેના અભાવની અસિદ્ધિ=વક્તૃત્વના અભાવની અસિદ્ધિ, તુલ્ય છે.' જેને ધર્મકીર્તિ કહે છે. "તુલ્યમાં અવૃત્તિ અને તેના સંદેહ દ્વારા અભાવની અસિદ્ધિ છે." આ રીતે વિપક્ષમાં પણ પુરુષત્વની અને વક્તૃત્વની વૃત્તિનો સંદેહ હોવાથી 'પુરુષાદિત્વાત્' એ પ્રકારનો આ હેતુ અનૈકાંતિક છે=મીમાંસકે કરેલા અનુમાનના સાધ્ય અસર્વજ્ઞત્વના વિપક્ષ એવા સર્વજ્ઞમાં પણ પુરુષત્વની અને વક્તૃત્વની વૃત્તિનો સંદેહ હોવાથી મીમાંસકે જે 'પુરુષાદિત્વાત્' એ પ્રકારનો હેતુ કહ્યો છે તે વ્યભિચારી છે. એને જ ઉપસંહાર કરતાં કહે છે —

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ અનેક યુક્તિઓથી સ્થાપન કર્યું કે 'રાગાદિ રહિત પણ ભગવાનમાં વક્તૃત્વ સંભવી શકે છે.' ત્યાં મીમાંસક કહે કે 'જેમ અગ્નિનું કાર્ય ધૂમ છે. તેથી ધૂમથી અગ્નિનું અનુમાન થાય છે,

તેમ રાગાદિના કાર્યરૂપ વચનથી વક્તૃત્વને જોઈને રાગાદિનું અનુમાન થતું નથી પરંતુ અન્ય રીતે રાગાદિનું અનુમાન થાય છે; કેમ કે રાગાદિના કાર્યરૂપ વચનની સિદ્ધિ નથી તો પણ વક્તારૂપ આત્મામાં વક્તૃત્વની સાથે રાગાદિના સહચારનું દર્શન દેખાય છે અર્થાત્ જેમ સોમવાર પછી મંગળવાર આવે છે ત્યાં સોમવાર પછી મંગળવારનો સહચાર સર્વત્ર દેખાય છે તેમ વક્તૃત્વની સાથે રાગાદિનો સહચાર સર્વત્ર દેખાય છે. તેથી અન્ય એવા વીર ભગવાનમાં પણ વક્તૃત્વનો ઉપલંભ થવાથી વક્તૃત્વના સહચારી એવા રાગાદિનો અનુમાન થાય છે અર્થાત્ વીર ભગવાન વક્તા છે માટે રાગાદિવાળા છે એમ અનુમાન થાય છે.' તેને ગ્રંથકારશ્રી કહે છે 'આ રીતે કોઈ ગૌરવર્ણવાળા પુરુષને જોઈને તેમાં વક્તૃત્વનો સહચાર દેખાય તેના બળથી કૃષ્ણ વર્ણવાળા વક્તામાં પણ ગૌરત્વના અનુમાનનો પ્રસંગ પ્રાપ્ત થાય. માટે સહચાર દર્શનના બળથી વક્તામાં રાગાદિનું અનુમાન કરવું ઉચિત નથી.' ત્યાં પૂર્વપક્ષી કહે છે, 'ગૌરત્વરૂપ જે કોઈ ધર્મની સાથે વક્તૃત્વનો સહચાર દેખાય તેટલા માત્રથી વક્તૃત્વ સર્વમાં ગૌરત્વનું ગમક થઈ શકે નહીં પરંતુ જ્યાં સહચારી ધર્મનો અભાવ પ્રાપ્ત થતો હોય ત્યાં વક્તૃત્વનો પણ અભાવ થાય છે તો તે સહચારી ધર્મનું ગમક વક્તૃત્વ થાય છે તેમ દેખાય છે અને સંસારમાં સર્વ જીવોમાં રાગાદિ ધર્મો દેખાય છે અને તે રાગાદિ ધર્મો ન હોય તો વક્તૃત્વનો અભાવ પ્રાપ્ત થાય, તેમ દેખાય છે. તેથી વક્તૃત્વ રાગાદિના સદ્ભાવનો ગમક છે જ્યારે ગૌરત્વ તો અન્ય પુરુષમાં પ્રાપ્ત થતું નથી છતાં વચન પ્રાપ્ત થાય છે. તેથી વક્તૃત્વના બળથી ગૌરત્વનું અનુમાન થઈ શકે નહીં. ત્યાં ગ્રંથકારશ્રી કહે છે, 'આ રીતે જેમ કૃષ્ણાદિ વક્તામાં વચનની વૃત્તિ દેખાય છે અને ત્યાં ગૌરત્વનો અભાવ દેખાવા છતાં વક્તૃત્વના અભાવની અસિદ્ધિ છે તેમ રાગાદિ રહિત જિનમાં વક્તૃત્વના સ્વીકારવામાં વિરોધ દેખાતો નથી.' તેથી વીતરાગમાં વક્તૃત્વની વૃત્તિનો સંદેહ થાય છે. તેથી રાગાદિ રહિત વીતરાગમાં પણ વક્તૃત્વના અભાવની અસિદ્ધિ સમાન છે; કેમ કે 'તુલ્ય અવૃત્તિ અને તેના સંદેહ દ્વારા અભાવની અસિદ્ધિ છે', એ પ્રકારે ધર્મકીર્તિનું વચન છે, તે વચનાનુસાર વક્તૃત્વની સાથે ગૌરત્વની તુલ્ય વૃત્તિ નથી અને વક્તૃત્વની સાથે રાગાદિમત્ત્વનો સંદેહ છે. તેથી જિનમાં વક્તૃત્વના અભાવની અસિદ્ધિ છે.

આનાથી શું ફલિત થાય છે ? તે કહે છે, 'મીમાંસકે જે અનુમાન કરેલ તેના વિપક્ષ એવા સર્વજ્ઞમાં પણ પુરુષત્વ અને વક્તૃત્વની વૃત્તિનો સંદેહ થાય છે. તેથી મીમાંસકે કરેલા અનુમાનમાં પુરુષત્વાદિ એ પ્રકારનો હેતુ અનેકાંતિક છે=વ્યભિચારી છે.' તે બતાવવા સ્વરૂપે મીમાંસકના મતના નિરાકરણનો ઉપસંહાર કરે છે.

**ગાથા :-**

**संदिद्धा य विवक्खा वावित्तीमस्स हेतुणो जम्हा ।**
**तम्हा संसयहेतू एसो खलु होइ णायव्वो ।।१२९२।।**

**છાયા :-**

**संदिग्धा च विपक्षाद् व्यावृत्तिरस्य हेतोर्यस्मात् ।**
**तस्मात् संशयहेतुरेष खलु भवति ज्ञातव्यः ।।१२९२।।**

ગાથાર્થ :-

જે કારણથી આ હેતુની=મીમાંસકે કરેલા હેતુની, વિપક્ષથી વ્યાવૃત્તિ સંદિગ્ધ છે, તે કારણથી આ=મીમાંસકે કરેલો પુરુષત્વાદિ રૂપ હેતુ, સંશય હેતુ જ્ઞાતવ્ય છે. ।।૧૨૯૨।।

ટીકા :-

यस्मादुक्तप्रकारेण पुरुषत्वादिलक्षणस्य हेतोर्विपक्षात्-सर्वज्ञत्वलक्षणात्संदिग्धा व्यावृत्तिस्तस्मादेष-पुरुषत्वादिलक्षणः संशयहेतुरनैकान्तिको भवति ज्ञातव्यः ।।१२९२।।

ટીકાર્થ :-

यस्मादुक्तप्रकारेण ..... ज्ञातव्यः ।। જે કારણથી ઉક્ત પ્રકાર દ્વારા પુરુષત્વાદિ રૂપ હેતુનું વિપક્ષથી=સર્વજ્ઞત્વ રૂપ વિપક્ષથી, વ્યાવૃત્તિ સંદિગ્ધ છે. તે કારણથી પુરુષત્વાદિ રૂપ સંશય હેતુ એવો આ અનૈકાંતિક જ્ઞાતવ્ય છે. ।।૧૨૯૨।।

ગાથા :-

सिय तस्सेवाभावा ततो णिवित्ती ण णिच्छितो सोऽवि ।
तप्पडिसेहगमाणाभावा जं सो ण सिद्धो त्ति ।।१२९३।।

છાયા :-

स्यात् तस्यैवाभावात् ततो निवृत्ति न निश्चितः सोऽपि ।
तत्प्रतिषेधकमानाभावाद् यत् स न सिद्ध इति ।।१२९३।।

ગાથાર્થ :-

થાય. તેનો જ=સર્વજ્ઞત્વ લક્ષણ વિપક્ષનો જ, અભાવ હોવાથી, તેનાથી=વિપક્ષથી, નિવૃત્તિ છે=હેતુની નિવૃત્તિ છે. ગ્રંથકારશ્રી કહે છે, તે પણ=સર્વજ્ઞત્વ લક્ષણ વિપક્ષનો અભાવ પણ, નિશ્ચિત નથી; કેમ કે તેના પ્રતિષેધક પ્રમાણનો અભાવ છે. જે કારણથી તે=સર્વજ્ઞનો અભાવ, સિદ્ધ નથી. ।।૧૨૯૩।।

ટીકા :-

स्यादेतत्, तस्यैव-सर्वज्ञत्वलक्षणस्य विपक्षस्याभावात्ततो-विपक्षात्सकाशाद्धेतोर्निवृत्तिरिति नानैकान्तिकतेति । अत्राह—'नेत्यादि' न निश्चितः सोऽपि-सर्वज्ञत्वलक्षणविपक्षाभावोऽपि । कुत इत्याह—'तत्प्रतिषेधकप्रमाणाभावात्' सर्वज्ञप्रतिषेधकप्रमाणाभावात् यत्-यस्मात्सर्वज्ञाभावो न सिद्ध इति ।।१२९३।।

**ટીકાર્થ :-**

स्यादेतत् ..... सिद्ध इति ।। આ પ્રમાણે થાય=મીમાંસકના મતે આગળમાં કહે છે એ થાય. તેનો જ=સર્વજ્ઞત્વરૂપ વિપક્ષનો જ, અભાવ હોવાથી વિપક્ષથી હેતુની નિવૃત્તિ છે. એથી અનેકાંતિકતા નથી. અહીં=મીમાંસકના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે, તે પણ=સર્વજ્ઞત્વરૂપ વિપક્ષનો અભાવ પણ, નિશ્ચિત નથી. કયા કારણથી ? એથી કહે છે=સર્વજ્ઞનો અભાવ કયા કારણથી નિશ્ચિત નથી ? એથી હેતુ કહે છે, તેના પ્રતિષેધક પ્રમાણનો અભાવ છે=સર્વજ્ઞના પ્રતિષેધના પ્રમાણનો અભાવ છે જે કારણથી સર્વજ્ઞનો અભાવ સિદ્ધ નથી. ।।૧૨૯૩।।

**અવતરણિકા :-**

तत्प्रतिषेधकप्रमाणाभावमेवाह—

**અવતરણિકાર્થ :-**

તેના પ્રતિષેધક પ્રમાણના અભાવને જ કહે છે=સર્વજ્ઞના પ્રતિષેધક પ્રમાણના અભાવને જ કહે છે –

**ગાથા :-**

पच्चक्खणिवित्तीए तस्साभावो ण गम्मती चेव ।
जं सोवलद्धिलक्खणपत्तो नो होइ तुम्हाणं ।।१२९४।।

**છાયા :-**

प्रत्यक्षनिवृत्त्या तस्याभावो न गम्यत एव ।
यत् स उपलब्धिलक्षणप्राप्तो न भवति युष्माकम् ।।१२९४।।

**ગાથાર્થ :-**

**પ્રત્યક્ષની નિવૃત્તિ હોવાથી તેનો અભાવ=સર્વજ્ઞનો અભાવ, જણાતો નથી જ. જે કારણથી ઉપલબ્ધિ લક્ષણ પ્રમાણ પ્રાપ્ત એવા તે=સર્વજ્ઞ, તમારા મતે=મીમાંસકના મતે, નથી. ।।૧૨૯૪।।**

**ટીકા :-**

प्रत्यक्षनिवृत्त्या तद्विषयं प्रत्यक्षमिन्द्रियजं न प्रवृत्तमितिकृत्वा तस्य-सर्वज्ञस्याभावो न गम्यते एव, यस्मात्सर्वज्ञो न भवति युष्माकमुपलब्धिलक्षणप्राप्तः, सर्वथा तस्यानभ्युपगमात्, न चानुपलब्धिलक्षणप्राप्तानां प्रत्यक्षनिवृत्त्या अभावः शक्य आपादयितुं, धर्मादीनामप्येवमभावापत्तेः । अपिच, सर्वदर्शिनो हि प्रत्यक्षं व्यावृत्तं देशादिविप्रकृष्टानामप्यभावं साधयति, तस्य सकलवस्तुविषयत्वात् ।।१२९४।।

**ટીકાર્થ :-**

प्रत्यक्षनिवृत्त्या ..... विषयत्वात् ।। **પ્રત્યક્ષની નિવૃત્તિ હોવાથી=ઈન્દ્રિયથી થનારું સર્વજ્ઞ વિષયક પ્રત્યક્ષ પ્રવૃત્ત નથી એથી કરીને, તેનો=સર્વજ્ઞનો, અભાવ જણાતો નથી જ. જે કારણથી તમને=મીમાંસકને, ઉપલબ્ધિ લક્ષણ પ્રાપ્ત સર્વજ્ઞ નથી; કેમ કે સર્વથા તેનો અનભ્યુપગમ છે=સર્વથા સર્વજ્ઞનો અસ્વીકાર છે અને અનુપલબ્ધિ લક્ષણ પ્રાપ્ત થયેલાઓની પ્રત્યક્ષની નિવૃત્તિ હોવાથી અભાવ આપાદાન કરવા માટે શક્ય નથી; કેમ કે આ રીતે=જેની અનુપલબ્ધિ હોય તેનો અભાવ આપાદાન થઈ શકે એ રીતે, ધર્માદિના પણ અભાવની આપત્તિ છે અને વળી સર્વદર્શીનું વ્યાવૃત્ત પ્રત્યક્ષ દેશાદિના વિપ્રકૃષ્ટ પદાર્થોના પણ અભાવને સાધે છે; કેમ કે તેનું=સર્વદર્શીના પ્રત્યક્ષનું, સકલ વસ્તુનું વિષયપણું છે. ।।૧૨૯૪।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે 'વીર ભગવાન સર્વજ્ઞ નથી' તેમ સ્થાપન કરવા માટે મીમાંસક પુરુષત્વ અને વક્તૃત્વરૂપ હેતુ આપે છે તે અનેકાંતિક છે અર્થાત્ વ્યભિચારી છે, તેથી તે હેતુથી સર્વજ્ઞનો અભાવ સિદ્ધ થઈ શકે નહીં. ત્યાં મીમાંસક કહે કે 'જગતમાં અસર્વજ્ઞત્વના અભાવના વિપક્ષ એવા સર્વજ્ઞત્વનો અભાવ હોવાથી વિપક્ષમાં હેતુની પ્રાપ્તિ નથી. એથી હેતુની અનેકાંતિકતા નથી.' આશય એ છે કે હેતુ પક્ષમાં અને વિપક્ષમાં રહેતો હોય તો વ્યભિચારી છે તેમ કહી શકાય પરંતુ અસર્વજ્ઞત્વનો વિપક્ષ સર્વજ્ઞત્વ છે અને સર્વજ્ઞત્વરૂપ વિપક્ષનો જ જગતમાં અભાવ છે. તેથી પુરુષત્વ અને વક્તૃત્વરૂપ હેતુ વિપક્ષમાં રહે છે તેમ કહી શકાય નહીં; કેમ કે જગતમાં સર્વજ્ઞ જ કોઈ નથી અને જે કોઈ પુરુષ છે તે અસર્વજ્ઞ જ છે. તેથી પુરુષત્વ અને વક્તૃત્વ હેતુ અનેકાંતિક નથી. આ પ્રકારે મીમાંસક કહે તેને ગ્રંથકારશ્રી કહે છે. અસર્વજ્ઞત્વનો વિપક્ષ સર્વજ્ઞત્વ છે અને તેનો અભાવ પણ નિશ્ચિત નથી. કેમ નિશ્ચિત નથી ? તેમાં હેતુ કહે છે, સર્વજ્ઞત્વના પ્રતિષેધક પ્રમાણનો અભાવ છે. મીમાંસક સ્વમાન્યતાનુસાર 'સર્વજ્ઞ નથી' એમ કહે છે પરંતુ 'સર્વજ્ઞ નથી' તેમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ પ્રાપ્ત ન થતું હોય તો સર્વજ્ઞનો અભાવ સિદ્ધ થાય નહીં. સર્વજ્ઞના પ્રતિષેધ પ્રમાણનો અભાવ જ ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે.

'જે વસ્તુનો જગતમાં અસ્વીકાર હોય તે વસ્તુનો અભાવ પ્રત્યક્ષથી પ્રતીત થાય છે તેમ કહી શકાય નહીં અને મીમાંસકના મતે સર્વજ્ઞનો સર્વથા અસ્વીકાર છે. તેથી પ્રત્યક્ષ પ્રમાણથી સર્વજ્ઞનો અભાવ છે તેમ તે કહી શકે નહીં. જેમ આપણા જેવા લોકોને ઘટ પ્રત્યક્ષ પ્રમાણથી દેખાય છે, તેથી અહીં ઘટનો અભાવ છે, તેમ પણ ચક્ષુથી જોઈને વિચારક પુરુષ કહી શકે છે પરંતુ મીમાંસકના મતે 'સર્વજ્ઞ જ અપ્રસિદ્ધ હોય તો સર્વજ્ઞનો અભાવ પ્રત્યક્ષથી છે, તેમ તે કહી શકે નહીં અને સર્વજ્ઞની અનુપલબ્ધિ પ્રાપ્ત હોય એટલા માત્રથી તેનો અભાવ આપાદન કરવો શક્ય નથી.' જેમ પ્રત્યક્ષથી ધર્માદિ દ્રવ્યોની અનુપલબ્ધિ છે એટલા માત્રથી ધર્માદિનો અભાવ કહી શકાય નહીં. તેમ સર્વજ્ઞની અનુપલબ્ધિ હોય એટલા માત્રથી સર્વજ્ઞનો અભાવ છે એમ કહી શકાય નહીં અને તેમ સ્વીકારીએ તો પ્રત્યક્ષથી ધર્માદિ દેખાતા નથી તેના પણ અભાવને

સ્વીકારવાની આપત્તિ આવે. વળી, સર્વને જોનાર કોઈ પુરુષ હોય તો પ્રત્યક્ષથી ન દેખાતા હોય તેવા અને દેશથી કે કાળથી દૂરવર્તી પદાર્થોનો પણ 'ક્યારે અભાવ છે અને ક્યારે ભાવ છે, ક્યાં અભાવ છે અને ક્યાં ભાવ છે ?' ઇત્યાદિ કહી શકે છે; કેમ કે સર્વ વસ્તુને જોનારા પુરુષનું જ્ઞાન સકલ વસ્તુવિષયક છે. તેથી કહી શકે કે 'આ ક્ષેત્રમાં આ વસ્તુ અત્યારે નથી' તેથી ફલિત થાય કે પ્રત્યક્ષથી સર્વજ્ઞનો અભાવ જણાતો નથી, સર્વજ્ઞની અનુપલબ્ધિ છે એટલા માત્રથી પણ 'સર્વજ્ઞનો અભાવ છે' તેમ કહી શકાય નહીં. વળી, કોઈ સર્વને જોનારા હોય તો દૂર ક્ષેત્રમાં રહેલ કે દૂર કાળમાં રહેલ વસ્તુને કહી શકે છે. તેથી સર્વજ્ઞનો અભાવ સ્વીકારવો ઉચિત નથી.

વળી, મીમાંસકને મતે સર્વવિષયક પ્રત્યક્ષ ઇષ્ટ નથી. તેથી મીમાંસક 'સર્વજ્ઞ નથી', તેમ કહી શકે નહીં અને જો મીમાંસક કહે કે 'સર્વ વિષયો કોઈકને પ્રત્યક્ષ છે તે કહી શકે કે 'સર્વજ્ઞ કોઈ નથી' તો જેને 'સર્વ વિષય પ્રત્યક્ષ છે તે સર્વજ્ઞ છે, તેમ સિદ્ધ થાય. તેથી સર્વજ્ઞ નથી', એ પ્રકારનો પ્રતિષેધ મીમાંસક કરી શકે નહીં. **॥૧૨૯૩-૧૨૯૪॥**

**ગાથા :-**

**ण य सव्वविसयसिद्धं पच्चक्खं तस्स अब्भुवगमे य ।**
**सिद्धो च्चिय सव्वण्णू पडिसेहो कह णु एतस्स? ।।१२९५।।**

**છાયા :-**

**न च सर्वविषयसिद्धं प्रत्यक्षं तस्याभ्युपगमे च ।**
**सिद्ध एव सर्वज्ञः प्रतिषेधः कथं नु एतस्य ।।१२९५।।**

**ગાથાર્થ :-**

**અને સર્વ વિષય સિદ્ધ છે જેમાં એવું પ્રત્યક્ષ નથી=મીમાંસકના મતે એવું પ્રત્યક્ષ નથી અને તેનો સ્વીકાર કરાયે છતે=સર્વ વિષયક પ્રત્યક્ષનો સ્વીકાર કરાયે છતે, સર્વજ્ઞ સિદ્ધ જ છે. આનો=સર્વજ્ઞનો, કેવી રીતે પ્રતિષેધ થાય ? અર્થાત્ પ્રતિષેધ થાય નહીં. ।।૧૨૯૫।।**

**ટીકા :-**

**न च तत्सर्वविषयं प्रत्यक्षं युष्माकमिष्टम्, अनभ्युपगमात्, अभ्युपगमे च तस्य-सर्वविषयस्य प्रत्यक्षस्य ननु सिद्ध एव सर्वज्ञः, तद्वतः सर्वज्ञत्वात् । ततः कथं नु तस्य सर्वज्ञ(स्य) प्रतिषेधः? ।।१२९५।।**

**ટીકાર્થ :-**

**न च ..... प्रतिषेधः? ।। અને તે સર્વવિષયક પ્રત્યક્ષ તમને ઇષ્ટ નથી=સર્વદર્શી દેશાદિના વિપ્રકૃષ્ટ એવી વસ્તુના અભાવને સાધે છે એવું સર્વ વિષયક પ્રત્યક્ષ તમને ઇષ્ટ નથી; કેમ કે અનભ્યુપગમ**

છે=મીમાંસક દ્વારા સર્વને જાણનાર પુરુષનો અનભ્યુપગમ છે, અને તે સર્વ વિષયક પ્રત્યક્ષનું અભ્યુપગમ કરાયે છતે ખરેખર સર્વજ્ઞ સિદ્ધ જ છે; કેમ કે તદ્વાનનું=સર્વ વિષયક પ્રત્યક્ષવાળા પુરુષનું, સર્વજ્ઞપણું છે. તેથી કેવી રીતે ખરેખર તે સર્વજ્ઞનો પ્રતિષેધ થાય ? અર્થાત્ સર્વજ્ઞત્વનો પ્રતિષેધ થઈ શકે નહીં. ॥૧૨૯૫॥

**ભાવાર્થ :-**

વળી, મીમાંસકને મતે સર્વ વિષયક પ્રત્યક્ષ ઇષ્ટ નથી તેથી મીમાંસક 'સર્વજ્ઞ નથી' તેમ કહી શકે નહીં અને જો મીમાંસક કહે કે સર્વ વિષયો કોઈકને પ્રત્યક્ષ છે તે કહી શકે કે સર્વજ્ઞ કોઈ નથી તો જેને સર્વ વિષયક પ્રત્યક્ષ છે તે સર્વજ્ઞ છે તેમ સિદ્ધ થાય તેથી સર્વજ્ઞ નથી એ પ્રમાણે પ્રતિષેધ મીમાંસક કરી શકે નહીં. **॥૧૨૯૫॥**

**અવતરણિકા :-**

अनुमानमधिकृत्याह—

**અવતરણિકાર્થ :-**

અનુમાનને આશ્રયીને કહે છે —

**ગાથા :-**

अणुमाणेणवि तदभावणिच्छओ णेव तीरती काउं ।
तप्पडिबद्धं लिंगं जं णो पच्चक्खसंसिद्धं ।।१२९६।।

**છાયા :-**

अनुमानेनापि तदभावनिश्चयो नैव शक्यते कर्तुम् ।
तत्प्रतिबद्धं लिंगं यन्न प्रत्यक्षसंसिद्धम् ।।१२९६।।

**ગાથાર્થ :-**

અનુમાનથી પણ તેના અભાવનો નિશ્ચય કરવા માટે શક્ય નથી જ. જે કારણથી તત્ પ્રતિબદ્ધ લિંગ=સર્વજ્ઞના અભાવની સાથે પ્રતિબદ્ધ લિંગ, પ્રત્યક્ષથી સંસિદ્ધ નથી. ।।૧૨૯૬।।

**ટીકા :-**

अनुमानेनापि प्रमाणेन तदभावनिश्चयः-सर्वज्ञाभावनिश्चयो नैव कर्तुं शक्यते, कुत इत्याह— तत्प्रतिबद्धं-सर्वज्ञाभावप्रतिबद्धं लिङ्गं यत्-यस्मात् न प्रत्यक्षसंसिद्धम्, तथाहि—सर्वत्र सर्वदा च सर्वज्ञाभावस्य प्रत्यक्षतो निश्चयाभावे कथं तदविनाभावि लिङ्गं प्रत्यक्षतो निश्चेतुं शक्यत इति? । अनुमानेन तु तदविनाभाविलिङ्गनिश्चयाभ्युपगमेऽनवस्थाप्रसक्तिः, तस्यापि लिङ्गबलेन प्रवृत्ते-

र्लिङ्गस्य च विवक्षितसाध्येन सह प्रतिबद्धस्यान्यतोऽनुमानान्निश्चेतव्यत्वात्, तस्यापि चान्यस्यानुमानस्यैवमेव प्रवृत्तिरिति ।।१२९६।।

**ટીકાર્થ :-**

**अनुमानेनापि ..... प्रवृत्तिरिति ।। અનુમાન પ્રમાણથી પણ તેના અભાવનો નિશ્ચય=સર્વજ્ઞના અભાવનો નિશ્ચય, કરવા માટે શક્ય નથી જ. 'કયા કારણથી ?' એથી કહે છે, 'તત્ પ્રતિબદ્ધ=સર્વજ્ઞના અભાવની સાથે પ્રતિબદ્ધ, એવું લિંગ જે કારણથી પ્રત્યક્ષથી સંસિદ્ધ નથી'. તે આ પ્રમાણે – સર્વત્ર અને સર્વદા સર્વજ્ઞના અભાવનો પ્રત્યક્ષથી નિશ્ચયનો અભાવ હોતે છતે તેના અવિનાભાવી=સર્વજ્ઞના અભાવના અવિનાભાવી, એવા લિંગને પ્રત્યક્ષથી નિર્ણય કરવા માટે કેવી રીતે શક્ય થાય ? અર્થાત્ થઈ શકે નહીં. વળી અનુમાનથી તેના અવિનાભાવી લિંગનો નિશ્ચય સ્વીકાર કરાયે છતે=સર્વજ્ઞના અભાવની સાથે અવિનાભાવી લિંગના નિશ્ચયનો સ્વીકાર કરાયે છતે, અનવસ્થાની પ્રસક્તિ છે; કેમ કે તેની પણ=અનુમાનની પણ, લિંગના બળથી પ્રવૃત્તિ છે અને વિવક્ષિત સાધ્યની સાથે પ્રતિબદ્ધ એવા લિંગનું=સર્વજ્ઞના અભાવરૂપ વિવક્ષિત સાધ્યની સાથે પ્રતિબદ્ધ એવા લિંગનું, અન્ય અનુમાનથી નિશ્ચેતવ્યપણું છે=નિશ્ચય કરવા યોગ્ય છે, અને તે અનુમાનની પણ આ રીતે જ પ્રવૃત્તિ છે=લિંગને ગ્રહણ કરીને જ પ્રવૃત્તિ છે. ॥૧૨૯૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે 'સર્વજ્ઞ નથી' એ પ્રકારનું કથન મીમાંસક પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ કરી શકે નહીં. હવે અનુમાન પ્રમાણથી પણ મીમાંસક 'સર્વજ્ઞ નથી' એમ કહી શકે નહીં તે બતાવતાં કહે છે.

અનુમાનપ્રમાણથી પણ સર્વજ્ઞના અભાવનો નિશ્ચય કરવો શક્ય નથી જ; કેમ કે સર્વજ્ઞના અભાવની સાથે નિયત વ્યાપ્તિવાળું લિંગ પ્રત્યક્ષ સિદ્ધ નથી; કેમ કે સર્વત્ર અને સર્વદા સર્વજ્ઞના અભાવનો પ્રત્યક્ષથી નિશ્ચય ન થતો હોય તો સર્વજ્ઞના અભાવની સાથે અવિનાભાવી લિંગનો પણ પ્રત્યક્ષથી નિશ્ચય થઈ શકે નહીં અને અનુમાનથી સર્વજ્ઞના અભાવના લિંગનું ગ્રહણ થાય છે તેમ સ્વીકારવામાં આવે તો અનવસ્થા દોષની પ્રાપ્તિ છે; કેમ કે જે લિંગ પ્રત્યક્ષથી દેખાતું નથી તેનું અનુમાન કરવા માટે બીજા અનુમાનની આવશ્યકતા પ્રાપ્ત થાય. તેથી અનવસ્થાદોષની પ્રાપ્તિ છે. **॥૧૨૯૬॥**

**ગાથા :-**

**गम्मति ण यागमातो तदभावो जं तओ ण तव्विसओ ।**
**विहिपडिसेधपहाणो कज्जाकज्जेसु सो इट्ठो ।।१२९७।।**

**છાયા :-**

**गम्यते न चागमत्तदभावोयत्त्सको न तद्विषयः ।**
**विधिप्रतिषेधप्रधानः कार्याकार्येषु स इष्टः ।।१२९७।।**

**ગાથાર્થ :-**

**અને આગમથી તેનો અભાવ=સર્વજ્ઞનો અભાવ, જણાતો નથી. જે કારણથી તે=આગમ, તદ્વિષયવાળો નથી. તે=આગમ, કાર્યાકાર્યમાં વિધિપ્રતિષેધપ્રધાન ઈષ્ટ છે. ॥૧૨૯૭॥**

**ટીકા :-**

**गम्यते न चागमात्सकाशात्तदभावः-सर्वज्ञाभावो, यद्-यस्मात् 'तओ त्ति'सक आगमो न तद्विषयो न वस्तुभावाभावनीतिविषयः । कुत इत्याह—कार्याकार्येषु-कर्त्तव्याकर्त्तव्येषु यतो विधिप्रतिषेधप्रधानः सः-आगम इष्ट इति ।।१२९७।।**

**ટીકાર્થ :-**

**गम्यते ..... इष्ट इति ।। અને આગમથી તેનો અભાવ=સર્વજ્ઞનો અભાવ, જણાતો નથી. જે કારણથી તે=આગમ, તેના વિષયવાળો નથી=વસ્તુના ભાવ કે અભાવની નીતિના વિષયવાળો નથી. કયા કારણથી વસ્તુના ભાવાભાવને આગમ કહેતું નથી ? તેથી હેતુ કહે છે. જે કારણથી કાર્યાકાર્યમાં=કર્તવ્યમાં અને અકર્તવ્યમાં, વિધિપ્રતિષેધપ્રધાન તે આગમ ઈષ્ટ છે. ॥૧૨૯૭॥**

**ભાવાર્થ :-**

મીમાંસક 'જગતમાં સર્વજ્ઞ કોઈ નથી' તેમ કહે છે, તે વચન તેનું યુક્ત નથી એ પ્રત્યક્ષપ્રમાણથી અને અનુમાનપ્રમાણથી બતાવ્યું. હવે 'આગમપ્રમાણથી પણ તેનું વચન યુક્ત નથી' તે બતાવતાં કહે છે. આગમ કર્તવ્યમાં વિધિને બતાવે છે અને અકર્તવ્યમાં પ્રતિષેધને બતાવે છે. તેથી આગમ વિધિનિષેધપ્રધાન છે પરંતુ 'જગતમાં કઈ વસ્તુ છે અને કઈ વસ્તુ નથી ?' તેને આગમ બતાવતું નથી. માટે આગમના બળથી પણ મીમાંસક સર્વજ્ઞનો નિષેધ કરી શકે નહીં. જેમ મીમાંસક વેદને પ્રમાણ સ્વીકારે છે અને વેદને અપૌરુષેય કહે છે તે વેદવચનો પરલોક અર્થે જીવને શું કરવું જોઈએ ? અને પરલોક અર્થે જીવને શું ન કરવું જોઈએ ? તે જ બતાવે છે. તેથી 'તે વચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી ઇષ્ટફલની પ્રાપ્તિ થાય છે' તેમ મીમાંસક કહે છે. તેથી તે આગમ 'સર્વજ્ઞ નથી' એ પ્રકારનું વિધાન કરે છે તેમ કહી શકાય નહીં. **॥૧૨૯૭॥**

**ગાથા :-**

**उवमाणेणऽवि तदभावनिच्छओ णेव तीरती काउं ।**
**तस्सरिसगम्मि दिट्ठे अण्णम्मि पवत्तइ तयंपि ।।१२९८।।**

**છાયા :-**

**उपमानेनापि तदभावनिश्चयो नैव शक्यते कर्तुम् ।**
**तत्सदृशे दृष्टेऽन्यस्मिन् प्रवर्त्तते तकदपि ।।१२९८।।**

**ગાથાર્થ :-**

**ઉપમાનથી પણ તેના અભાવનો નિશ્ચય=સર્વજ્ઞના અભાવનો નિશ્ચય, કરવા માટે શક્ય નથી જ. તદ્ સદૃશ અન્ય દેખાયે છતે તે પણ=ઉપમાન પણ, પ્રવર્તે છે. ।।૧૨૯૮।।**

**ટીકા :-**

**उपमानेनापि तदभावनिश्चयः-सर्वज्ञाभावनिश्चयो नैव कर्तुं शक्यते, कुत इत्याह—यस्मात्तत्सदृशे-विवक्षितपरिदृष्टपदार्थसदृशे अन्यस्मिन् दृष्टे सति तकत्-उपमानं विवक्षितपूर्वदृष्टपदार्थसादृश्यविषये प्रवर्त्तते । इदमुक्तं भवति—प्रत्यक्षपरिदृष्ट एव सादृश्यविशिष्टे वस्तुनि तदुपमानं प्रमाणमिष्यते, न च तदभावः प्रत्यक्षसिद्धो, नापि सादृश्यविशिष्टः, सादृश्यस्य वस्तुधर्मत्वादिति ।।१२९८।।**

**ટીકાર્થ :-**

**उपमानेनापि ..... वस्तुधर्मत्वादिति ।। ઉપમાનથી તેના અભાવનો નિશ્ચય=સર્વજ્ઞના અભાવનો નિશ્ચય, કરવા માટે શક્ય નથી જ, કયા કારણથી ? એથી કહે છે=કયા કારણથી સર્વજ્ઞના અભાવનો નિશ્ચય કરવો શક્ય નથી એથી કહે છે. જે કારણથી તત્સદૃશ દેખાયે છતે=વિવક્ષિત દેખાયેલા પદાર્થના સદૃશ એવું અન્ય દેખાયે છતે, તે=ઉપમાન, વિવક્ષિત પૂર્વ દૃષ્ટ પદાર્થના સાદૃશ્યના વિષયમાં પ્રવર્તે છે, આ કહેવાયેલું થાય છે. પ્રત્યક્ષથી દેખાયેલા જ સાદૃશ્ય વિશિષ્ટ વસ્તુમાં તે ઉપમાન પ્રમાણ ઈચ્છાય છે અને તેનો અભાવ=સર્વજ્ઞનો અભાવ, પ્રત્યક્ષ સિદ્ધ નથી. વળી, સાદૃશ્ય વિશિષ્ટ નથી; કેમ કે 'સાદૃશ્યના વસ્તુનું ધર્મપણું છે અર્થાત્ સાદૃશ્ય કોઈ વસ્તુનો ધર્મ છે અભાવનો ધર્મ નથી.' તેથી સર્વજ્ઞના અભાવમાં સાદૃશ્યની પ્રાપ્તિ થઈ શકે નહીં. ।।૧૨૯૮।।**

**ભાવાર્થ :-**

ગાયને જોનાર પુરુષ વનાદિમાં જાય અને ગાયની સાથે અતિસદૃશ એવા ગવયને જુએ ત્યારે ઉપમાન પ્રમાણ દ્વારા તે નક્કી કરે છે કે 'આ ગવય છે જે ગાય સદૃશ છે.'

વસ્તુતઃ પૂર્વમાં તે પુરુષે ગવયને ક્યારેય જોયું ન હોય તો પણ ગાયની સાથે તેનું સાદૃશ્ય જોઈને તે નક્કી કરે છે કે 'આ ગવય છે.' એ પ્રકારના પ્રમાણથી સર્વજ્ઞના અભાવનો નિશ્ચય થઈ શકે નહીં; કેમ કે વિવક્ષિત એવી ગાય દેખાયે છતે અન્ય એવા ગવયમાં ઉપમાન પ્રમાણ પ્રવર્તે છે. તેથી પ્રત્યક્ષથી પરિદૃષ્ટ સાદૃશ્ય વિશિષ્ટ વસ્તુમાં ઉપમાન પ્રમાણ ઇચ્છાય છે અને સર્વજ્ઞનો અભાવ પ્રત્યક્ષ સિદ્ધ નથી અને વિશિષ્ટ પણ વસ્તુ નથી; જેમાં સાદૃશ્ય સ્વીકારી શકાય; કેમ કે સાદૃશ્ય એ વસ્તુનો ધર્મ છે. જેમ ગવયરૂપ વસ્તુમાં ગાયનું સાદૃશ્ય રહે છે પરંતુ અભાવનો ધર્મ સાદૃશ્ય નથી. તેથી સર્વજ્ઞના અભાવમાં સાદૃશ્યની પ્રાપ્તિ થાય નહીં. **॥૧૨૯૮॥**

**અવતરણિકા :-**

**अर्थापत्तिमङ्गीकृत्याह—**

**અવતરણિકાર્થ :-**

**અર્થાપત્તિને આશ્રયીને કહે છે=અર્થાપત્તિ પ્રમાણથી પણ સર્વજ્ઞનો અભાવ મીમાંસક સ્થાપન કરી શકે નહીં એમ બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**दिट्ठो सुओ व अत्थो णहि तदभावं विणा न संभवति ।**
**अत्थावत्तीऽवि तओ ण गाहिगा होइ एतस्स ।।१२९९।।**

**છાયા :-**

**दृष्टः श्रुतो वार्थो नहि तदभावं विना न संभवति ।**
**अर्थापत्तिरपि ततो न ग्राहिका भवति एतस्य ।।१२९९।।**

**ગાથાર્થ :-**

**જોવાયેલો કે સંભળાયેલો અર્થ તેના અભાવ વગર=સર્વજ્ઞના અભાવ વગર, નથી સંભવતો, એમ નહીં. તેથી આની=સર્વજ્ઞના અભાવની, અર્થાપત્તિ પણ ગ્રાહિકા નથી. ।।૧૨૯૯।।**

**ટીકા :-**

**दृष्टः श्रुतो वाऽर्थो यदन्तरेण नोपपद्यते यथा–काष्ठस्य भस्मविकारोऽग्नेर्दहनशक्तिमन्तरेण सोऽर्थापत्तिविषयः, न चेह यस्मात् दृष्टः श्रुतो वाऽर्थस्तदभावं-सर्वज्ञाभावं विना न संभवति, अपि तु संभवत्येवेत्यर्थः । तस्मान्नैतस्य सर्वज्ञाभावस्यार्थापत्तिरपि ग्राहिकेति ।।१२९९।।**

**ટીકાર્થ :-**

दृष्टः ..... ग्राहिकेति ।। **જોવાયેલો અથવા સંભળાયેલો અર્થ જેના વગર ઘટતો નથી જે પ્રમાણે કાષ્ઠનો ભસ્મરૂપ વિકાર અગ્નિની દહનશક્તિ વગર ઘટતો નથી તે અર્થાપત્તિનો વિષય છે અને અહીં=જગતમાં, જે કારણથી જોવાયેલો કે સંભળાયેલો અર્થ તેના અભાવ વગર=સર્વજ્ઞના અભાવ વગર, સંભવતો નથી, એમ નહીં. પરંતુ સંભવે જ છે. તે કારણથી આની=સર્વજ્ઞના અભાવની, અર્થાપત્તિ પણ ગ્રાહિકા નથી. ।।૧૨૯૯।।**

**ભાવાર્થ :-**

અગ્નિમાં લાકડાં બળતાં જોઈને નિર્ણય થાય છે કે લાકડાનો ભસ્મરૂપે જે વિકાર થયો તે અગ્નિમાં દહન શક્તિ વગર સંભવી શકે નહીં. વળી, કોઈક સ્થાને કોઈક એવો વિકાર જોવાયો ન હોય છતાં સંભળાયો હોય કે આ સંજોગથી આ વસ્તુમાં આ પ્રકારે કાર્ય થયું. તેનાથી અનુમાન થાય છે કે તે કાર્ય કરવાની શક્તિ તે વસ્તુમાં છે. જેમ કોઈને કોઈકના પ્રત્યે ગુસ્સો આવ્યો હોય અને તેને તે મારી નાખે ત્યારે

તે પ્રકારે સાંભળીને અર્થાપત્તિથી નક્કી થાય છે કે તે મારનાર જીવને મરનાર પ્રત્યે તેવા પ્રકારનો દ્વેષનો પરિણામ વર્તે છે તે દ્વેષનો પરિણામ સાક્ષાત્ દેખાતો નથી અને જેણે માર્યું છે તે પણ મારનાર પુરુષ દેખાતોન હોય છતાં કોઈક પાસેથી સાંભળવાથી અર્થાપત્તિથી નિર્ણય થાય છે કે મારનાર પુરુષમાં કોઈક તેવા પ્રકારના ક્રોધનો વિકાર થયો છે, જેના કારણે તેને મારી નાખ્યો છે તે અર્થાપત્તિનો વિષય છે. તે રીતે કોઈ દૃષ્ટ અર્થ કે કોઈ સંભળાયેલો અર્થ સર્વજ્ઞના અભાવ વગર સંગત ન થતો હોય તો કહી શકાય કે સર્વજ્ઞનો અભાવ છે માટે આ દેખાતો અર્થ સંગત થાય છે પરંતુ કોઈ દૃષ્ટ અર્થ કે કોઈ શ્રુત અર્થની સાથે સર્વજ્ઞના અભાવનો વિરોધ નથી માટે અર્થાપત્તિથી સર્વજ્ઞનો અભાવ સિદ્ધ થઈ શકે નહીં. **॥૧૨૯૯॥**

**અવતરણિકા :-**

**अभावपक्षमाह—**

**અવતરણિકાર્થ :-**

**અભાવ પક્ષને આશ્રયીને કહે છે=સર્વજ્ઞનો અભાવ સ્વીકારવાથી શું દોષ પ્રાપ્ત થાય ? તે મીમાંસકને બતાવે છે —**

**ગાથા :-**

**जोऽविय पमाणपंचगणिवित्तिरूवो मतो अभावो त्ति ।**
**सोऽविय जं णिरुवक्खो ण गमति ता णिययणेयं तु ।।१३००।।**

**છાયા :-**

**योऽपि च प्रमाणपंचकनिवृत्तिरूपो मतोऽभाव इति ।**
**सोऽपि च यद् निरूपाख्यो न गच्छति तस्मान्निजकज्ञेयं तु ।।१३००।।**

**ગાથાર્થ :-**

**અને પ્રમાણપંચકની નિવૃત્તિરૂપ જે પણ અભાવ મનાયો છે અને તે પણ જે કારણથી નિરુપાખ્ય છે=કોઈ શબ્દથી કહી ન શકાય તેવો છે, તે કારણથી નિજ જ્ઞેયને જાણતો નથી. ।।૧૩૦૦।।**

**ટીકા :-**

**योऽपि च प्रमाणपञ्चकनिवृत्तिरूपो मतोऽभावः षष्ठप्रमाणाख्यः सोऽपि यत्-यस्मान्निरुपाख्यः-सकलाख्योपाख्याविकलः 'ता' तस्मान्निजं ज्ञेयं न गच्छति-न परिच्छिनत्ति, परिच्छित्तिर्हि ज्ञानस्य धर्मो नाभावस्येति । स्यादेतत्, अभावपरिच्छेदकज्ञानजनकत्वमस्येष्यते न साक्षादभावपरिच्छेदकत्वं तेनोक्तदोषाभाव इति चेत्, न, तज्जनकत्वस्यानुपपत्तेर्न चास्य तज्जननशक्तिरस्ति एकान्ततुच्छत्वात् अन्यथा तत्तुच्छत्वविरोधात् ।।१३००।।**

**ટીકાર્થ :-**

**योऽपि ..... तत्तुच्छत्वविरोधात् ।। અને પ્રમાણપંચક નિવૃત્તિરૂપ છટ્ઠા પ્રમાણરૂપ જે પણ અભાવ મનાયો છે, તે પણ જે કારણથી નિરુપાખ્ય છે=સકલાખ્ય ઉપાખ્યાથી વિકલ છે=સકલ શબ્દના કથનથી રહિત છે, તે કારણથી પોતાના જ્ઞેયને પરિચ્છેદ કરતો નથી=પોતાના જ્ઞેયનો બોધ કરાવતો નથી. हि=જે કારણથી, પરિચ્છિત્તિ=બોધ, જ્ઞાનનો ધર્મ છે, અભાવનો ધર્મ નથી. આ થાય= મીમાંસકના મતે આ થાય – આનું='સર્વજ્ઞનો અભાવ છે' એ પ્રકારના વચનપ્રયોગનું='જગતમાં સર્વજ્ઞરૂપ વસ્તુનો અત્યંત અભાવ છે', એ પ્રકારના વચનપ્રયોગનું, અભાવપરિચ્છેદકજ્ઞાનનું જનકપણું ઈચ્છાય છે. સાક્ષાત્ અભાવ પરિચ્છેદકપણું ઈચ્છાતું નથી. જેમ ભૂતલમાં ઘટ નથી તેમ જણાવાથી સાક્ષાત્ ઘટના અભાવનું પરિચ્છેદકપણું જણાય છે પણ તેવું 'સર્વજ્ઞના અભાવ' પદથી પરિચ્છેદકપણું જણાતું નથી. તેથી 'ઉક્ત દોષનો અભાવ છે=જે વસ્તુ હોય એનો જ અભાવ કહી શકાય જે વસ્તુ ન હોય તેનો અભાવ કહી શકાય નહીં.' એ કહેવાયેલા દોષનો અભાવ છે. એ પ્રમાણે મીમાંસક કહે તો ગ્રંથકારશ્રી કહે છે, એમ ન કહેવું; કેમ કે તદ્જનકત્વની અનુપપત્તિ છે='સર્વજ્ઞનો અભાવ છે' એ પ્રકારના શબ્દમાં અભાવપરિચ્છેદકજ્ઞાનજનકત્વની અનુપપત્તિ છે, અને આની='સર્વજ્ઞનો અભાવ છે' એ પ્રકારના શબ્દની, તદ્જનનશક્તિ નથી=જગતમાં જે વસ્તુ ન હોય તેના અભાવના પરિચ્છેદનના જનનની શક્તિ નથી; કેમ કે 'એકાંત તુચ્છપણું છે'='સર્વથા સર્વજ્ઞના અભાવનું એકાંત તુચ્છપણું છે.' અન્યથા=શબ્દની તેના અભાવની જનનશક્તિ હોય તો, તેના તુચ્છત્વનો વિરોધ થાય=સર્વજ્ઞના અભાવના તુચ્છત્વનો વિરોધ થાય અર્થાત્ 'સર્વજ્ઞ કોઈ ઠેકાણે પ્રસિદ્ધ છે તેનો અહીં અભાવ છે' એ પ્રકારના સર્વજ્ઞના અભાવની પ્રાપ્તિ હોવાથી તેના તુચ્છત્વનો વિરોધ થાય. ।।૧૩૦૦।।**

**ભાવાર્થ :-**

પાંચ પ્રમાણથી જે વસ્તુનો બોધ થાય તે વસ્તુ જગતમાં છે અને પાંચેય પ્રમાણોની નિવૃત્તિરૂપ અભાવ છટ્ઠો પ્રમાણ સ્વીકારાયો છે અને તે છટ્ઠા પ્રમાણનો વિષય નિરૂપાખ્ય છે=કોઈ શબ્દોથી કહી ન શકાય તેવો છે. તેથી કોઈ શબ્દથી કહી ન શકાય તેવા અભાવરૂપ જ્ઞેયનું જ્ઞાન થતું નથી; કેમ કે 'જે વસ્તુ જગતમાં સર્વથા ન હોય તે વસ્તુને કહેનાર જેમ કોઈ શબ્દ નથી તેમ તેના અભાવને કહેનાર કોઈ શબ્દ નથી.' માટે સર્વજ્ઞનો અત્યંત અભાવ હોય તો તે શબ્દો દ્વારા કહી શકાય નહીં અને શબ્દ દ્વારા 'સર્વજ્ઞનો અભાવ છે' તેમ સ્વીકારવું હોય તો 'સર્વજ્ઞ' શબ્દથી વાચ્ય જગતમાં ક્યાંક છે તેમ સ્વીકારવું પડે અને તેનો અભાવ અહીં છે એમ કહી શકાય. જેમ સન્મુખ દેખાતી ભૂતલ ઉપર ઘડો ન હોય તો ઘટનો અભાવ છે તેમ કહી શકાય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે 'સર્વજ્ઞ નથી' એ પ્રકારના શબ્દનું અભાવપરિચ્છેદજ્ઞાનજનકપણું છે. તેથી 'ઘટનો ભૂતલમાં અભાવ છે.' એ પ્રકારના સાક્ષાત્ અભાવના પરિચ્છેદક જ્ઞાન જેવું એ જ્ઞાન નથી. માટે 'જગતમાં સર્વજ્ઞ નામની વસ્તુ નથી તેમ કહેવામાં દોષનો અભાવ છે.' તેને ગ્રંથકારશ્રી કહે છે, એમ ન કહેવું; કેમ

કે ‘જે વસ્તુ જગતમાં નથી તે વસ્તુમાં અભાવના બોધના જનકત્વની શક્તિ નથી અને ‘સર્વજ્ઞનો અભાવ છે’ એ પ્રકારનો શબ્દ ‘જગતમાં સર્વજ્ઞનો અત્યંત અભાવ છે’ તે પ્રકારનો બોધ કરાવી શકે નહીં; કેમ કે સર્વજ્ઞના અભાવની જનનશક્તિ આની નથી’ અર્થાત્ ‘જો સર્વજ્ઞનો અભાવ એકાંતે તુચ્છ હોય તો તેમાં અભાવના બોધની જનનશક્તિ નથી’ અને જો ‘અભાવના બોધની જનનશક્તિ હોય તો તેમાં તુચ્છત્વનો વિરોધ છે’; કેમ કે તે પ્રકારના બોધના જનનશક્તિવાળી વસ્તુ છે, તેમ સિદ્ધ થાય. જેમ ‘વિવક્ષિત ભૂતલમાં ઘટનો અભાવ છે’, તેવો બોધ થાય છે. તેથી ઘટના અભાવની જનનશક્તિ વિવક્ષિત ભૂતલમાં છે માટે ઘટનો અભાવ તુચ્છ નથી પરંતુ અન્યત્ર વિદ્યમાન એવા ઘટનો પ્રસ્તુત ભૂતલમાં અભાવ છે, તેવો બોધ થાય છે એ રીતે ‘સર્વજ્ઞ’ શબ્દ કોઈ અર્થનો વાચક ન હોય તો એકાંત તુચ્છ એવા સર્વજ્ઞના અભાવની શક્તિ નહીં હોવાથી તેનો બોધ થઈ શકે નહીં. **॥૧૩૦૦॥**

**અવતરણિકા :-**

**अपि च, सोऽभावो ज्ञातः सन् अभावपरिच्छेदकं ज्ञानं जनयेत् नाज्ञातो, न हि धूमः स्वज्ञानमन्तरेणाग्निविषयं ज्ञानं जनयति । ततः किमित्याह—**

**અવતરણિકાર્થ :-**

**અને વળી, તે અભાવ જ્ઞાત છતો અભાવપરિચ્છેદક જ્ઞાનને ઉત્પન્ન કરે, અજ્ઞાત નહીં. हि=જે કારણથી, ધૂમ સ્વજ્ઞાન વગર અગ્નિવિષયક જ્ઞાનને ઉત્પન્ન કરતું નથી. તેનાથી શું ? તેથી કહે છે –**

**ગાથા :-**

**ण य सो तीरइ णाउं अक्खं व ण यऽन्नहा कुणति कज्जं ।**
**सत्तिविरहा इमीवय(अ व) भावे सो कहमभावोत्ति? ।।१३०१।।**

**છાયા :-**

**न च स शक्यते ज्ञातुमक्षमिव न चान्यथा करोति कार्यम् ।**
**शक्तिविरहादस्या वा भावे स कथमभाव इति ।।१३०१।।**

**ગાથાર્થ :-**

**અને તે=પ્રમાણપંચકની નિવૃત્તિરૂપ તુચ્છ અભાવ, જાણવા માટે શક્ય નથી. (તેને મીમાંસક કહે છે) અક્ષની જેમ જાણવા માટે શક્ય છે. (તેને ગ્રંથકારશ્રી કહે છે) અન્યથા=અજ્ઞાત છતુ જ, અક્ષની જેમ કાર્યને કરે નહીં=તુચ્છ અભાવ બોધરૂપ કાર્યને કરે નહીં; કેમ કે શક્તિનો વિરહ છે અથવા આના=કાર્યજનનશક્તિના, ભાવમાં તે=અભાવ, કેવી રીતે અભાવ થાય ? ॥૧૩૦૧॥**

ટીકા :-

न च सः-प्रमाणपञ्चकनिवृत्तिरूपस्तुच्छोऽभावो ज्ञातुं शक्यते, तस्य निरुपाख्यतया कर्मत्वशक्ति-(क्त्य)योगात् । स्यादेतत्, अज्ञात एव सन् सोऽभावः स्वकार्यं करिष्यतीति, यथेन्द्रियमिति । तत्राह—'नेत्यादि' न चाक्षमिव-इन्द्रियमिव अन्यथा-अज्ञात एव सन् कार्यम्-अभावपरच्छिेदकज्ञान-लक्षणं करोति । किमित्याह—शक्तिविरहात् एकान्ततुच्छतया कार्यजननशक्त्यभावात् । भावे वा अस्याः-कार्यजननशक्तेरिष्यमाणे सोऽभावः कथमभावो भवेत्?, नैव भवेदितिभावः, शक्तिसमावेशतो भावरूपतापत्तेः । अन्यच्च, अभावादभावपरिच्छेदकं ज्ञानं भवतीति । किमुक्तं भवति? भावान्न भवतीति, प्रसज्यप्रतिषेधस्य निवृत्तिमात्रात्मकस्य क्रियाप्रतिषेधमात्रनिष्ठत्वात् । ततश्चैवं कारण-प्रतिषेधतोऽभावपरिच्छेदकस्य ज्ञानस्य निर्हेतुकत्वाभ्युपगमापत्तितः सदा सत्त्वादिप्रसङ्ग इति यत्किंचिदेतत् ।।१३०१।।

ટીકાર્થ :-

न च ..... यत्किंचिदेतत् ।। અને તે=પ્રમાણપંચકની નિવૃત્તિરૂપ તુચ્છ અભાવ, જાણવા માટે શક્ય નથી; કેમ કે તેનું નિરૂપાખ્યપણું હોવાને કારણે કર્મત્વ શક્તિનો અયોગ છે=જ્ઞાનના વિષયત્વરૂપ કર્મત્વ શક્તિનો અયોગ છે. આ થાય=મીમાંસકના મતે આ થાય, અજ્ઞાત જ છતો તે અભાવ=સર્વજ્ઞનો અભાવ, સ્વકાર્યને કરશે=પોતાના જ્ઞાનરૂપ કાર્યને કરશે. જે પ્રમાણે ઈન્દ્રિય=જે પ્રમાણે ઈન્દ્રિય સ્વયં પોતાને દેખાતી નથી છતાં પોતાની ઈન્દ્રિય રૂપાદિ જોવાનું કાર્ય કરે છે તેમ પ્રમાણપંચકના નિવૃત્તિરૂપ તુચ્છ અભાવ અજ્ઞાત છતો તે અભાવ પોતાનું કાર્ય કરશે અર્થાત્ 'સર્વજ્ઞ જગતમાં નથી' એ બોધરૂપ સ્વકાર્યને કરશે. ત્યાં=પૂર્વપક્ષીના એ કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે. 'ઈન્દ્રિયની જેમ અન્યથા કાર્ય કરતો નથી=અભાવ પરિચ્છેદક જ્ઞાનરૂપ કાર્ય કરતો નથી. કયા કારણથી અજ્ઞાત છતો 'સર્વજ્ઞનો અભાવ' એ પ્રકારનો શબ્દ ઈન્દ્રિયની જેમ કાર્ય કરતો નથી ?' એથી હેતુ કહે છે. શક્તિનો વિરહ છે= એકાંત તુચ્છપણું હોવાને કારણે કાર્યજનન શક્તિનો અભાવ છે=સર્વજ્ઞના સર્વથા અભાવમાં સર્વજ્ઞના અભાવના બોધરૂપ કાર્યની જનનશક્તિનો અભાવ છે. અથવા આનો ભાવ ઈચ્છાયે છતે= કાર્યજનનશક્તિનો ભાવ ઈચ્છાયે છતે, 'તે અભાવ કેવી રીતે અભાવ થાય ?' અર્થાત્ અત્યંત અભાવ ન જ થાય. એ પ્રકારનો ભાવ છે; કેમ કે શક્તિના સમાવેશથી ભાવરૂપતાની આપત્તિ છે અર્થાત્ જો સર્વજ્ઞનો અત્યંત અભાવ ન હોય તો કોઈક વ્યક્તિમાં સર્વજ્ઞત્વનો અભાવ છે તે વ્યક્તિમાં સર્વજ્ઞના અભાવનો બોધ કરાવવાની શક્તિ હોવાથી તે વ્યક્તિ ભાવરૂપ છે તેમ સર્વજ્ઞના અભાવની પણ ભાવરૂપતાની પ્રાપ્તિ થાય. અને બીજું 'અભાવથી=તુચ્છ એવા અભાવથી, અભાવનું પરિચ્છેદક જ્ઞાન થાય છે. એનાથી શું કહેવાયેલું થાય છે ?' એથી કહે છે – ભાવથી થતું નથી=કોઈ વસ્તુના ભાવથી અભાવનું જ્ઞાન થતું નથી પરંતુ 'તુચ્છ એવા અભાવથી જ જ્ઞાન થાય છે' એ પ્રમાણે

**મીમાંસક દ્વારા કહેવાયેલું થાય છે, તેને ગ્રંથકારશ્રી કહે છે, નિવૃત્તિ માત્રાત્મક પ્રસજ્ય પ્રતિષેધનું ક્રિયાના પ્રતિષેધ માત્રમાં નિષ્ઠપણું હોવાથી=તુચ્છ અભાવ નિવૃત્તિ માત્રાત્મક છે તે પ્રસજ્ય પ્રતિષેધ સ્વરૂપ છે તેમાં જ્ઞાનને અનુકૂળ કોઈ ક્રિયા થતી નથી તેથી ક્રિયાના પ્રતિષેધ માત્રરૂપ તે અભાવ હોવાથી શું દોષ પ્રાપ્ત થાય તે ગ્રંથકારશ્રી કહે છે અને તેથી=તુચ્છ અભાવથી અભાવપરિચ્છેદક જ્ઞાન થાય છે ભાવથી થતું નથી તેથી, આ રીતે=પૂર્વમાં કહ્યું કે 'તુચ્છ અભાવથી અભાવનું જ્ઞાન થાય છે' એ રીતે, કારણનો પ્રતિષેધ થવાથી=તુચ્છ અભાવના જ્ઞાન પ્રત્યે કારણનો પ્રતિષેધ થવાથી, અભાવપરિચ્છેદકજ્ઞાનના નિર્હેતુકત્વના સ્વીકારવાની આપત્તિ હોવાથી સદા સત્ત્વાદિનો પ્રસંગ છે= અભાવપરિચ્છેદકજ્ઞાન સદા હોવું જોઈએ અથવા સદા એનો અભાવ હોવો જોઈએ, તેથી આ=મીમાંસક કહે છે કે 'તુચ્છ અભાવથી અભાવના પરિચ્છેદકનું જ્ઞાન થાય છે એ, યત્કિંચિત્=અર્થ વગરનું છે.' ॥૧૩૦૧॥**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં ગ્રંથકારશ્રીએ મીમાંસકને કહેલ કે 'જેમ ધૂમ પોતાનું જ્ઞાન થાય તો અગ્નિનું જ્ઞાન કરાવી શકે છે, તેમ સર્વજ્ઞના અભાવનું જ્ઞાન થાય તો જ અભાવનું પરિચ્છેદક જ્ઞાન થઈ શકે પરંતુ અભાવનું જ્ઞાન ન થઈ શકે તો અભાવ પરિચ્છેદક જ્ઞાન થઈ શકે નહીં.' તે કથન જ સ્પષ્ટ કરતાં કહે છે, 'પ્રમાણપંચકના નિવૃત્તિરૂપ તુચ્છ અભાવ સ્વરૂપ સર્વજ્ઞનો અભાવ મીમાંસક સ્વીકારે છે. તેનું જ્ઞાન થઈ શકે નહીં'; કેમ કે સર્વજ્ઞનો અભાવ તુચ્છ અભાવરૂપ મીમાંસકના મતે હોવાથી તેમાં બોધ કરાવાને અનુકૂળ કર્મત્વ શક્તિનો અયોગ છે. તેથી એ ફલિત થાય કે જે વસ્તુ હોય તેમાં બોધ કરાવાને અનુકૂળ કર્મત્વ શક્તિ છે અને તેવી વસ્તુનો અભાવ કોઈક પ્રતિનિયત સ્થાને હોય, તેમાં પણ બોધ કરાવાને અનુકૂળ કર્મત્વ શક્તિ છે. જેમ ઘટમાં બોધ કરાવાને અનુકૂળ કર્મત્વ શક્તિ છે. તેથી વિવક્ષિત સ્થાનમાં ઘટના અભાવમાં પણ બોધ કરાવાને અનુકૂળ કર્મત્વ શક્તિ છે પરંતુ જે અભાવ કોઈ વિદ્યમાન વસ્તુનો ન હોય તેવો તુચ્છ અભાવ હોય તેમાં બોધ કરાવાને અનુકૂળ કર્મત્વ શક્તિ નથી. તેથી જો 'જગતમાં સર્વજ્ઞ વિદ્યમાન ન હોય તો પ્રમાણપંચકના નિવૃત્તિરૂપ તુચ્છ અભાવ સ્વરૂપ સર્વજ્ઞના અભાવમાં બોધ કરાવાને અનુકૂળ કર્મત્વ શક્તિનો અયોગ હોવાથી તેનો બોધ થઈ શકે નહીં.' અહીં મીમાંસક કહે છે – 'જેમ ઇન્દ્રિય સ્વયં જણાતી નથી તેમ તુચ્છ એવો સર્વજ્ઞનો અભાવ સ્વયં જણાતો નથી છતાં અજ્ઞાત છતો તે અભાવ પોતાના બોધરૂપ કાર્યને કરશે. જેમ અજ્ઞાત છતી જ ઇન્દ્રિય પોતાના બોધરૂપ કાર્યને કરે છે, તેને ગ્રંથકારશ્રી કહે છે. મીમાંસકનું આ કથન યુક્ત નથી' અર્થાત્ 'ઇન્દ્રિયની જેમ જ તુચ્છ એવો અભાવ અજ્ઞાત જ છતો પોતાના બોધરૂપ કાર્ય કરશે', એ વચન યુક્ત નથી; કેમ કે એકાંતે તુચ્છ એવા અભાવમાં બોધજનન રૂપ શક્તિ નથી માટે જે વસ્તુ ન હોય તેમાં શક્તિ ન હોય. તેથી શક્તિ વગરની તે વસ્તુ બોધજનનરૂપ કાર્ય કરે નહીં અથવા જો તુચ્છ અભાવમાં બોધરૂપ કાર્યજનનશક્તિ મીમાંસક સ્વીકારે તો તે અભાવ કેવી રીતે તુચ્છ અભાવરૂપ થાય અર્થાત્ થઈ શકે નહીં; કેમ કે બોધજનનશક્તિના સમાવેશને કારણે તે અભાવમાં ભાવરૂપતાની જ પ્રાપ્તિ છે.

વળી બીજું મીમાંસકે કહેલ કે 'સર્વજ્ઞના અત્યંત અભાવથી અભાવનું પરિચ્છેદક જ્ઞાન થાય છે. એનાથી શું કહેવાયેલું થાય છે ?' તે ગ્રંથકારશ્રી કહે છે. 'ભાવથી અભાવ પરિચ્છેદક જ્ઞાન થતું નથી પરંતુ જે વસ્તુ જગતમાં નથી તેનાથી જ અભાવ પરિચ્છેદક જ્ઞાન થાય છે.' તેને દોષ આપતાં ગ્રંથકારશ્રી કહે છે. 'નિવૃત્તિ માત્રાત્મક પ્રસજ્યપ્રતિષેધ છે તે ક્રિયાના પ્રતિષેધ માત્રને કરનાર છે અને તેનાથી બોધને અનુકૂળ ક્રિયાનો પ્રતિષેધ પ્રાપ્ત થાય છે. તેથી અભાવ પરિચ્છેદક જ્ઞાન નિર્હેતુક પ્રાપ્ત થાય અને જે વસ્તુ નિર્હેતુક હોય તેનો સદા સત્ત્વ હોય કે સદા અસત્ત્વ હોય તેમ માનવાનો પ્રસંગ આવે' માટે મીમાંસકનું કથન અર્થ વગરનું છે.

આશય એ છે કે 'પ્રતિષેધ બે પ્રકારના છે. પ્રસજ્ય પ્રતિષેધ અને પર્યુદાસ પ્રતિષેધ.' જેમ 'અજીવ' શબ્દથી જડ પદાર્થમાં જીવત્વનો પ્રતિષેધ કરાય છે, તે પર્યુદાસ પ્રતિષેધ છે; કેમ કે 'વસ્તુનો અભાવ સ્વીકારાતો નથી પરંતુ અજીવરૂપ વસ્તુ છે તેમાં જીવત્વરૂપ ધર્મનો પ્રતિષેધ કરાય છે.' અને જે વસ્તુ છે જ નહીં તેનો અત્યંત નિષેધ કરાય છે તે પ્રસજ્યપ્રતિષેધ છે. તેથી પ્રસજ્યપ્રતિષેધ નિવૃત્તિ માત્રાત્મક છે અર્થાત્ કોઈ વસ્તુ સ્વરૂપે નથી પરંતુ અભાવ સ્વરૂપ જ છે અને જે વસ્તુ જ ન હોય તેમાં જ્ઞાન કરવાની ક્રિયાનો પ્રતિષેધ પ્રાપ્ત થાય તેથી બોધ કરવાની ક્રિયાનો પણ પ્રતિષેધ પ્રાપ્ત થાય અને તેમ સ્વીકારીએ તો અભાવ પરિચ્છેદક જ્ઞાનનું નિર્હેતુકપણું પ્રાપ્ત થાય; કેમ કે અભાવ નામની વસ્તુ નથી છતાં અભાવનું જ્ઞાન થાય છે તેમ પ્રાપ્ત થાય અને જે જ્ઞાનની પ્રાપ્તિમાં કોઈ હેતુ ન હોય તેવું જ્ઞાન સદા થવું જોઈએ અથવા સદા થવું જોઈએ નહીં. જેમ જીવનો કોઈ હેતુ નથી તેથી જીવની સદા પ્રાપ્તિ થાય છે અને શશશૃંગનો કોઈ હેતુ નથી, તેથી શશશૃંગનો સદા અભાવ પ્રાપ્ત થાય છે. તેમ અભાવના જ્ઞાનનો કોઈ હેતુ ન હોય તો તે અભાવનું જ્ઞાન સદા પ્રાપ્ત થવું જોઈએ અથવા તે અભાવનું જ્ઞાન ક્યારેય થઈ શકે નહીં, તેમ સ્વીકારવું જોઈએ અને સર્વજ્ઞના અભાવનું જ્ઞાન સદા થતું નથી પરંતુ જ્યારે તે પ્રકારની ઉપસ્થિતિનું કારણ પ્રાપ્ત થાય છે ત્યારે જ થાય છે. તેથી અભાવનું જ્ઞાન નિર્હેતુક છે તેમ સ્વીકારી શકાય નહીં પરંતુ અભાવનું જ્ઞાન સહેતુક છે તેમ જ સ્વીકારવું જોઈએ માટે મીમાંસકનું કથન અર્થ વગરનું છે. **॥૧૩૦૧॥**

**અવતરણિકા :-**

**प्रतिषेधक एव परोक्ते प्रमाणे हेतोर्विशेषविरुद्धतां दर्शयति—**

**અવતરણિકાર્થ :-**

**પર વડે કહેવાયેલા પ્રતિષેધક જ પ્રમાણમાં=મીમાંસક વડે કહેવાયેલા 'સર્વજ્ઞ નથી' એ પ્રકારના પ્રમાણમાં, હેતુની વિશેષ વિરુદ્ધતાને બતાવે છે –**

**ગાથા :-**

**सो सो चेव ण होई पुरु(रि)सादित्ता तु देवदत्तो व्व ।**
**एवं च विरुद्धोऽवि हु लक्खणतो होति एसो त्ति ।।१३०२।।**

**છાયા :-**

**स स एव न भवति पुरुषादित्वात् तु देवदत्त इव ।**
**एवं च विरुद्धोऽपि हु लक्षणतो भवति एष इति ।।१३०२।।**

**ગાથાર્થ :-**

**પુરુષાદિપણું હોવાથી, તે=વર્ધમાનસ્વામી આદિ, તે જ નથી=સર્વજ્ઞ જ નથી, દેવદત્તની જેમ. અને આ રીતે=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે 'તુચ્છ અભાવ જ્ઞાનનો વિષય થઈ શકે નહીં' એ રીતે, લક્ષણથી=વિરુદ્ધના લક્ષણથી, વિરુદ્ધ પણ આ થાય=હેતુ થાય. ।।૧૩૦૨।।**

**ટીકા :-**

**सः-विवक्षितो वर्द्धमानस्वाम्यादिः स एव न भवति-सर्वज्ञ एव न भवति, पुरुषादित्वात्, देवदत्तवत् । एवं च उक्तेनैव प्रकारेण लक्षणतो-'विरुद्धोऽसति बाधन' इति विशेषविरुद्धलक्षणतो विरुद्धोऽप्येषः-पुरुषत्वादिको हेतुर्भवति ।।१३०२।।**

**ટીકાર્થ :-**

**सः- ..... हेतुर्भवति ।। પુરુષાદિપણું હોવાથી, તે=વિવક્ષિત વર્ધમાનસ્વામી આદિ, તે જ નથી=સર્વજ્ઞ જ નથી; કેમ કે દેવદત્તની જેમ પુરુષાદિપણું છે અને એ પ્રમાણે=ઉક્ત જ પ્રકારથી=તુચ્છ અભાવમાં જ્ઞાનજનન શક્તિ નથી એમ પૂર્વમાં બતાવ્યું એ જ પ્રકારથી, લક્ષણથી='અસતિ બાધનમાં વિરુદ્ધ' એ પ્રકારના વિશેષ વિરુદ્ધના લક્ષણથી, વિરુદ્ધ પણ આ=પુરુષત્વાદિ, હેતુ થાય છે. ।।૧૩૦૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી મીમાંસક અનુમાન કરે છે કે 'વિવક્ષિત વર્ધમાનસ્વામી સર્વજ્ઞ જ નથી.' તેમાં હેતુ આપે છે કે પુરુષત્વાદિ છે અને તેમાં દૃષ્ટાંત આપે છે કે દેવદત્તની જેમ. તેને ગ્રંથકારશ્રી કહે છે. જગતમાં સર્વથા કોઈ સર્વજ્ઞ ન હોય તો સર્વજ્ઞનો અભાવ તુચ્છાભાવ છે અને તુચ્છ અભાવનું જ્ઞાન થાય નહીં; કેમ કે જ્ઞાન કરાવાની શક્તિ વસ્તુમાં છે, જે વસ્તુ નથી તેમાં જ્ઞાનજનનશક્તિ નથી. એ રીતે વિચારીએ તો 'વીર ભગવાન સર્વજ્ઞ નથી', તેમ કહેવું હોય તો 'કોઈક પુરુષ સર્વજ્ઞ છે' તેમ સ્વીકારવું પડે અને 'તેવા સર્વજ્ઞ વીર ભગવાન નથી' તેમ કહી શકાય અને તેમ સ્વીકારીએ તો પૂર્વપક્ષીએ જે પુરુષત્વાદિ હેતુ કહ્યો તે હેતુ વિરુદ્ધ સિદ્ધ થાય; કેમ કે 'બાધ ન હોય તો વિરુદ્ધ છે', એ પ્રકારનું વિરુદ્ધ હેતુનું લક્ષણ છે અને પુરુષમાં સર્વજ્ઞનો બાધ ન હોય છતાં પુરુષત્વરૂપ હેતુથી કોઈ વીર ભગવાનને અસર્વજ્ઞ સિદ્ધ કરવા પ્રયત્ન કરે તો તે હેતુ સાધ્યને સાધવા માટે વિરુદ્ધ હેતુ હોવાથી અસમર્થ છે. **।।૧૩૦૨।।**

**અવતરણિકા :-**

**न च वाच्यमत्र दृष्टान्तस्य साध्यविकलता, विवक्षितसाध्यविशिष्टस्यैव तस्य दृष्टान्तत्वेन विवक्षणात् अधिकृतमेव प्रतिषेधकं प्रमाणमधिकृत्य दृष्टान्तस्य संदिग्धसाध्यतामुद्भावयति-**

**અવતરણિકાર્થ :-**

અહીં=મીમાંસકે અનુમાન કર્યું કે 'વર્ધમાનસ્વામી આદિ સર્વજ્ઞ નથી' એમાં, 'દૃષ્ટાંતની સાધ્ય વિકલતા છે=સર્વજ્ઞનો અભાવ હોતે છતે દેવદત્તમાં સાધ્યની વિકલતા છે', એમ ન કહેવું એ પ્રમાણે મીમાંસક કહે છે, એમાં હેતુ આપે છે. વિવક્ષિત સાધ્ય વિશિષ્ટ જ એવા તેની=સર્વજ્ઞના અભાવરૂપ સાધ્યથી વિશિષ્ટ જ એવા દેવદત્તની, દૃષ્ટાંતપણાથી વિવક્ષા છે. તેને ગ્રંથકારશ્રી કહે છે. અધિકૃત જ પ્રતિષેધક પ્રમાણને આશ્રયીને=મીમાંસકે હેતુ કહ્યો કે 'વિવક્ષિત સાધ્ય વિશિષ્ટ જ દેવદત્તનું દૃષ્ટાંતરૂપે અમે ગ્રહણ કરશું' એ રૂપ પ્રતિષેધક પ્રમાણને આશ્રયીને, દૃષ્ટાંતની સંદિગ્ધ સાધ્યતાને ગાથામાં બતાવે છે.

**ગાથા :-**

ण य देवदत्तनाणं पच्चक्खं जेण णिच्छयो तम्मि ।
एसो असव्वण्णु च्चिय णातंऽपि ण संगतं तेणं ।।१३०३।।

**છાયા :-**

न च देवदत्तज्ञानं प्रत्यक्षं येन निश्चयस्तस्मिन् ।
एषोऽसर्वज्ञ एव ज्ञातमपि न संगतं तेन ।।१३०३।।

**ગાથાર્થ :-**

**અને દેવદત્તનું જ્ઞાન પ્રત્યક્ષ નથી જેથી તેમાં=દેવદત્તમાં, 'આ અસર્વજ્ઞ જ છે' એ પ્રમાણે નિશ્ચય થાય, તે કારણથી દૃષ્ટાંત પણ સંગત નથી. ।।૧૩૦૩।।**

**ટીકા :-**

**न च देवदत्तज्ञानं प्रत्यक्षं येन तज्ज्ञानप्रत्यक्षत्वेन तस्मिन् देवदत्ते निश्चयो भवेत् यथैषोऽसर्वज्ञ इति, तेन कारणेन ज्ञातमपि-उदाहरणमपि न संगतमिति ।।१३०३।।**

**ટીકાર્થ :-**

न च ..... संगतमिति ।। અને દેવદત્તનું જ્ઞાન પ્રત્યક્ષ નથી જેથી તેના જ્ઞાનના પ્રત્યક્ષપણાને કારણે તે દેવદત્તમાં નિશ્ચય થાય. શેનો નિશ્ચય થાય ? તે યથાથી બતાવે છે. જે પ્રમાણે 'આ=દેવદત્ત, અસર્વજ્ઞ છે' એ પ્રમાણે નિશ્ચય થાય, તે કારણથી='આ દેવદત્ત અસર્વજ્ઞ છે' એ પ્રકારનો નિશ્ચય થાય નહિ તે કારણથી, દૃષ્ટાંત પણ=ઉદાહરણ પણ, સંગત નથી=મીમાંસકે આપેલ દેવદત્તની જેમ એ પ્રકારનું ઉદાહરણ પણ સંગત નથી. ।।૧૩૦૩।।

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરી કે 'મીમાંસકે કરેલા અનુમાનમાં દૃષ્ટાંત સાધ્યવિકલ છે'; કેમ કે 'દેવદત્તની

જેમ' એમ કહ્યું ત્યાં કોઈ દેવદત્ત સર્વજ્ઞ પણ હોઈ શકે. તેના નિરાકરણ માટે મીમાંસકે કહ્યું કે 'અમે સર્વજ્ઞ ન હોય એવા સાધ્યવિશિષ્ટ જ દેવદત્તને દૃષ્ટાંત તરીકે ગ્રહણ કરશું.' તેથી દૃષ્ટાંતમાં સાધ્યવિકલતા પ્રાપ્ત થશે નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે કે 'જે વિવક્ષિત દેવદત્તનું પૂર્વપક્ષીએ ગ્રહણ કરેલ છે અને જેમાં સર્વજ્ઞનો અભાવ છે તેમ કહે છે તે દેવદત્ત પ્રત્યક્ષ હોવા છતાં દેવદત્તમાં વર્તતું જ્ઞાન પ્રત્યક્ષ નથી, તેથી 'આ દેવદત્તનું જ્ઞાન સર્વ વસ્તુને જાણે છે કે સર્વ વસ્તુને જાણતું નથી', તેવો નિર્ણય થઈ શકે નહીં; કેમ કે ચક્ષુ આદિથી દેવદત્તમાં વર્તતું જ્ઞાન પ્રત્યક્ષ નથી, તેથી 'દેવદત્તની જેમ' એ દૃષ્ટાંતમાં 'સર્વજ્ઞ નથી' એ પ્રકારની સાધ્યતા સંદિગ્ધ છે.' **॥૧૩૦૩॥**

**અવતરણિકા :-**

**स्यादेतत्, यद्यपि देवदत्तस्य ज्ञानं न प्रत्यक्षं तथापि कायवाक्कर्मवृत्त्या तस्यासर्वज्ञत्वनिश्चयो भवतीत्येतदाशङ्क्याह—**

**અવતરણિકાર્થ :-**

**આ થાય=મીમાંસકના મતે આ થાય. જોકે દેવદત્તનું જ્ઞાન પ્રત્યક્ષ નથી તો પણ કાયાની અને વાણીની ક્રિયાની પ્રવૃત્તિથી તેના અસર્વજ્ઞત્વનો નિશ્ચય થાય છે. એ પ્રકારે આની=મીમાંસકના કથનની, આશંકા કરીને કહે છે –**

**ગાથા :-**

**ण य कायवयणचेट्ठा गुणदोसविणिच्छयम्मि लिंगं तु ।**
**जं बुद्धिपुव्विगा सा णडम्मि वभिचारिणी दिट्ठा ।।१३०४।।**

**છાયા :-**

न च कायवचनचेष्टा गुणदोषविनिश्चये लिङ्गं तु ।
यत् बुद्धिपूर्विका सा नटे व्यभिचारिणी दृष्टा ।।१३०४।।

**ગાથાર્થ :-**

**કાયાની અને વચનની ચેષ્ટા ગુણદોષના નિશ્ચયમાં લિંગ નથી. જે કારણથી બુદ્ધિપૂર્વક તે કાયાની અને વચનની ચેષ્ટા નટમાં વ્યભિચારી જોવાઈ છે. ।।૧૩૦૪।।**

**ટીકા :-**

**न च कायवचनचेष्टा गुणदोषविनिश्चये लिङ्गम्, किं कारणमित्याह—यत्-यस्मात् सा कायवचन-चेष्टा बुद्धिपूर्विका सती व्यभिचारिणी दृष्टा, नटे इव सभायाम् ।।१३०४।।**

**ટીકાર્થ :-**

**ન ચ ..... સભાયામ્ ।। કાયાની અને વાણીની ચેષ્ટા ગુણદોષના નિશ્ચયમાં લિંગ નથી. કયા કારણથી ?=કાયાની અને વચનની ચેષ્ટા સર્વજ્ઞ અને અસર્વજ્ઞ રૂપ ગુણદોષના નિશ્ચયમાં કયા કારણથી લિંગ નથી ? એથી કહે છે. જે કારણથી સભાની અંદર નટમાં જેમ કાયાની અને વાણીની ચેષ્ટા વ્યભિચારિણી દેખાય છે. તેમ તે=કાયાની અને વચનની ચેષ્ટા, બુદ્ધિપૂર્વિકા છતી=જ્ઞાનપૂર્વક છતી, વ્યભિચારિણી જોવાઈ છે. ।।૧૩૦૪।।**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી કહે છે કે 'દેવદત્તની જેમ' એ પ્રકારના દૃષ્ટાંતમાં અમે તે દેવદત્તને ગ્રહણ કરશું કે જે દેવદત્તમાં અસર્વજ્ઞપણારૂપ સાધ્ય હોય. ત્યાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે 'દેવદત્ત પ્રત્યક્ષ હોવા છતાં દેવદત્તનું જ્ઞાન પ્રત્યક્ષ નથી. તેથી દેવદત્ત અસર્વજ્ઞ છે.' એ પ્રકારે સાધ્યનો સંદેહ દેવદત્તમાં થાય છે. ત્યાં મીમાંસક કહે છે કે 'દેવદત્તનું જ્ઞાન પ્રત્યક્ષ નહીં હોવા છતાં દેવદત્તની કાયાની અને વાણીની ચેષ્ટાથી અમે નક્કી કરશું કે 'આ દેવદત્ત સર્વજ્ઞ નથી' અને તેને જ પ્રસ્તુત અનુમાનમાં દૃષ્ટાંત તરીકે સ્વીકારીશું.' તેને ગ્રંથકારશ્રી કહે છે –

કાયાની અને વાણીની ચેષ્ટાથી 'આ સર્વજ્ઞ છે' અને 'આ સર્વજ્ઞ નથી', તેનો નિશ્ચય થઈ શકે નહીં; કેમ કે સભામાં નટ પોતે જેવો ન હોય તેવી પણ કાયાની અને વાણીની ચેષ્ટા કરે છે, તેમ પૂર્વપક્ષીને વિવક્ષિત દેવદત્ત પણ કાયાની અને વાણીની ચેષ્ટા તેવી કરે જેનાથી ભ્રમ થાય કે 'આ દેવદત્ત સર્વજ્ઞ નથી' તેમ સંભવિત છે. જેમ કોઈ નટ ભાવથી સમભાવના પરિણામવાળો ન હોય છતાં મુનિનું પાત્ર ગ્રહણ કરીને આવે તો જે પ્રકારે સમભાવના પરિણામવાળા મુનિની કાયાની અને વાણીની ચેષ્ટા હોય તેવી જ ચેષ્ટા કરી બતાવે છે. તેથી તે ચેષ્ટાના બળથી તેમાં મુનિભાવ છે કે મુનિભાવ નથી તે નક્કી થઈ શકે નહીં પરંતુ સંદેહ ઉત્પન્ન થઈ શકે છે કે 'આવી ચેષ્ટા કરનાર આ પુરુષમાં ભાવસાધુપણું હશે કે નહીં', તેમ પૂર્વપક્ષીને અભિમત દેવદત્તની કાયાની અને વાણીની ચેષ્ટાથી 'તે સર્વજ્ઞ નથી કે સર્વજ્ઞ છે' તેવો નિર્ણય થઈ શકે નહીં માટે દૃષ્ટાંતમાં સંદિગ્ધ સાધ્યતા છે. **।।૧૩૦૪।।**

**ગાથા :-**

**सिय तक्कालम्मि तओ तेणेव समण्णितो तु भावेणं ।**
**तण्णो तक्कालम्मिऽवि रूवगमादीसु गेहीतो ।।१३०५।।**

**છાયા :-**

**स्यात् तत्काले सकस्तेनैव समन्वितस्तु भावेन ।**
**तन्न तत्कालेऽपि रूपकादिषु गृद्धेः ।।१३०५।।**

**ગાથાર્થ :-**

**આ થાય, તે કાલમાં તે=નટ, તે જ ભાવથી=ગુણરૂપ કે દોષરૂપ જ ભાવથી, સમન્વિત છે. તેને ગ્રંથકારશ્રી કહે છે, તે બરાબર નથી; કેમ કે તે કાલમાં રૂપકાદિમાં ગૃદ્ધિ છે. ।।૧૩૦૫।।**

**ટીકા :-**

**स्यादेतत्, तत्काले-तथाविधकायवचनचेष्टाकरणकाले 'तओ त्ति' सको नटस्तेनैव भावेन गुणरूपेण दोषरूपेण वा समन्वितः तन्न कायवचनचेष्टा गुणदोषव्यभिचारिणीति । अत्राह—'तन्नो इति' यदेतदुक्तं 'तत्काले तेनैव भावेन युक्त' इति तन्न । कुत इत्याह—तत्कालेऽपि-तथाविधकायवचनचेष्टाकरणकालेऽपि रूपकादिषु आदिशब्दात्सुवर्णादिषु च गृद्धेः-अभिकाङ्क्षाया भावात् ।।१३०५।।**

**ટીકાર્થ :-**

**स्यादेतत् ..... भावात् ।। આ થાય=મીમાંસકના મતે આ થાય. 'તે કાલમાં=તેવા પ્રકારની કાયાની અને વચનની ચેષ્ટાના કરણકાલમાં, તે=નટ, તે જ ભાવથી=ગુણરૂપથી કે દોષરૂપથી જ, સમન્વિત છે.' તે કારણથી કાયાની અને વચનની ચેષ્ટા ગુણદોષની વ્યભિચારિણી નથી. (માટે કાયાની અને વચનની ચેષ્ટાથી દેવદત્તમાં અસર્વજ્ઞનો અનુમાન થઈ શકે માટે દૃષ્ટાંત સાધ્યવિકલ નથી, એમ મીમાંસકના મતે થાય) અહીં=મીમાંસકના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે. તે બરાબર નથી=જે આ મીમાંસક વડે કહેવાયું કે 'તે કાલમાં તે જ ભાવથી યુક્ત નટ છે તે બરાબર નથી. કયા કારણથી ?' એથી કહે છે=કયા કારણથી મીમાંસકનું કથન યુક્ત નથી ? એથી કહે છે – તે કાલમાં પણ=તેવા પ્રકારની કાયાની અને વચનની ચેષ્ટાકરણકાલમાં પણ, રૂપકાદિમાં 'આદિ' શબ્દથી સુવર્ણાદિમાં, ગૃદ્ધિ હોવાથી=નટને અભિકાંક્ષાનો ભાવ હોવાથી, મીમાંસકનું વચન યુક્ત નથી. ।।૧૩૦૫।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં મીમાંસકે કહ્યું કે 'કાયાની અને વાણીની ચેષ્ટાથી આ દેવદત્ત સર્વજ્ઞ નથી.' એમ અમે નિર્ણય કરશું. તેને ગ્રંથકારશ્રીએ કહ્યું કે 'નટ જેમ કાયાની અને વાણીની ચેષ્ટા કૂટ કરી શકે છે તેમ દેવદત્તમાં તેવી ચેષ્ટાની સંભાવનાને કારણે ગુણનો કે દોષનો નિર્ણય થઈ શકે નહીં.' ત્યાં પૂર્વપક્ષી કહે છે કે નટ જ્યારે સાધુનું પાત્ર ગ્રહણ કરે છે ત્યારે સાધુ જેવી જ કાયાની અને વાણીની જે ચેષ્ટા તે નટ કરે છે તે વખતે તે નટમાં સાધુ જેવા ગુણો છે અને જ્યારે કોઈ ભિખારી આદિનું પાત્ર ગ્રહણ કરે છે ત્યારે દીનની જેમ કાયાની અને વાણીની ચેષ્ટા કરે છે. તેથી તેનામાં દીનતા આદિ ભાવોરૂપ દોષ જ છે જેથી કાયાની અને વાણીની ચેષ્ટાથી ગુણદોષનો નિર્ણય થઈ શકે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે, મીમાંસકનું આ કથન બરાબર નથી='જે વખતે કાયાની અને વાણીની જે ચેષ્ટા કરે છે તે વખતે તે નટ તેવા જ ભાવવાળો છે' એ મીમાંસકનું કથન યુક્ત નથી; કેમ કે કોઈ નટ સાધુનું પાત્ર ગ્રહણ કરીને આવેલ હોય ત્યારે કાયાની અને વાણીની ચેષ્ટા સાધુ જેવી જ કરે છે તે વખતે પણ ધનાદિમાં તેને રાગનો પરિણામ છે. આથી જ 'પોતાનો સાધુનો પાઠ હું તે જ રીતે કરું કે જેથી મારું પાત્ર સુસાધુ જેવું આબેહૂબ દેખાય' તેવો યત્ન કરે છે. તે વખતે પણ ધનપ્રાપ્તિમાં તેને મૂર્ચ્છાનો પરિણામ છે, સુસાધુના જેવો નિર્લેપ પરિણામ નથી.' **॥૧૩૦૫॥**

**અવતરણિકા :-**

अपि च–

**અવતરણિકાર્થ :-**

અને વળી=વળી અન્ય દોષ મીમાંસકને શું પ્રાપ્ત થાય છે ? તે બતાવતાં કહે છે –

**ગાથા :-**

सव्वन्नुभूमिगं पि हु नच्चंति णडा जतो ततो एवं ।
अब्भुवगमम्मि पावति सव्वण्णुत्तंऽपि तेसिं तु ।।१३०६।।

**છાયા :-**

सर्वज्ञभूमिकामपि हु नृत्यन्ति नटा यतस्तत एवम् ।
अभ्युपगमे प्राप्नोति सर्वज्ञत्वमपि तेषां तु ।।१३०६।।

**ગાથાર્થ :-**

જે કારણથી સર્વજ્ઞની ભૂમિકાને પણ નટો નિશ્ચિત ભજવે છે, તે કારણથી આ પ્રમાણે સ્વીકાર કરાયે છતે તેઓનું=નટોનું, સર્વજ્ઞપણું પણ પ્રાપ્ત થાય છે. ।।૧૩૦૬।।

**ટીકા :-**

यत्-यस्मात् कारणात्सर्वज्ञभूमिकामपि संसदि 'हु' निश्चितं नटा नृत्यन्ति, तत एवमभ्युपगमे सति तत्काले स तेन भावेनोपेत इत्यङ्गीकारे सति प्राप्नोति सर्वज्ञत्वमपि तेषां नटानां, तथा च सति तव स्वाभ्युपगमक्षितिरिति ।।१३०६।।

**ટીકાર્થ :-**

यत्- ..... क्षितिरिति ।। જે કારણથી સંસદમાં=સભામાં, સર્વજ્ઞની ભૂમિકાને પણ નટો નિશ્ચિત ભજવે છે, તેથી આ પ્રમાણે સ્વીકાર કરાયે છતે=તે કાલમાં તે નટ તે ભાવથી યુક્ત છે. એ પ્રમાણે સ્વીકાર કરાયે છતે, તે નટોને સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે અને તેમ હોતે છતે, તારા સ્વીકારની ક્ષતિ છે=મીમાંસકના મતે સર્વજ્ઞ કોઈ નથી, આમ છતાં તે નટ સર્વજ્ઞનો ભાગ ભજવે છે ત્યારે 'તે સર્વજ્ઞ છે' એમ સ્વીકારે તો સર્વજ્ઞના અસ્વીકારરૂપ તેનો મત જ દૂષિત થાય છે. ।।૧૩૦૬।।

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ પૂર્વગાથામાં કહ્યું કે 'નટ જે વખતે કાયા અને વચનની જે ચેષ્ટા કરે છે, તેવા ગુણ કે દોષોવાળા તે છે.' તેને સ્વીકારી લઈએ તો પણ મીમાંસકને શું દોષની પ્રાપ્તિ થાય છે ? તે બતાવતાં કહે છે. જેમ કોઈ નટ સર્વજ્ઞપણાનો ભાગ ભજવવા માટે સભામાં આવે ત્યારે તેની કાયા અને વાણીની સર્વ

ચેષ્ટા સર્વજ્ઞ તુલ્ય બતાવે છે. તેથી તેની ચેષ્ટાના બળથી 'તેનામાં સર્વજ્ઞત્વરૂપ ગુણ છે.' તેમ મીમાંસકના મતે સિદ્ધ થાય અને મીમાંસક તેમ સ્વીકારે તો 'જગતમાં કોઈ સર્વજ્ઞ નથી', એમ મીમાંસક કહી શકે નહીં. **॥૧૩૦૬॥**

**અવતરણિકા :-**

उपसंहरति—

**અવતરણિકાર્થ :-**

ઉપસંહાર કરતાં કહે છે –

**ગાથા :-**

**पडिसेहगंपि माणं माणाभासं तु दंसितं एवं ।**
**ता अणिवारियपसरो सिद्धो सव्वण्णुभावोऽवि ।।१३०७।।**

**છાયા :-**

प्रतिषेधकमपि मानं मानाभासं तु दर्शितमेवम् ।
तस्मादनिवारितप्रसरः सिद्धः सर्वज्ञभावोऽपि ।।१३०७।।

**ગાથાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં મીમાંસકે કરેલો અનુમાન અસંગત છે એમ સ્થાપન કર્યું એ રીતે, પ્રતિષેધક અનુમાન='વીર ભગવાન સર્વજ્ઞ નથી' એ પ્રકારના સર્વજ્ઞનું પ્રતિષેધક અનુમાન, માનાભાસ જ બતાવાયું છે. તે કારણથી અનિવારિત પ્રસરવાળો સર્વજ્ઞનો ભાવ પણ સિદ્ધ જ છે. ॥૧૩૦૭॥**

**ટીકા :-**

**यत एवमुक्तप्रकारेण प्रतिषेधकमपि मानं-प्रमाणं प्रमाणाभासमेव दर्शितम् । तुरेवकारार्थः । 'ता' तस्मादनिवारितप्रसरः सिद्ध एव सर्वज्ञभाव इति । अपिरेवकारार्थो भिन्नक्रमश्च स यथास्थानं योजित इति । स्यादेतत्, कथमनिवारितप्रसरः सिद्धः सर्वज्ञभावो यावता यथा तत्प्रतिषेधकं प्रमाणं न विद्यते तथा तत्साधकमपीति, तदयुक्तम्, विकल्पानुपपत्तेः, तथाहि—तत्साधकं प्रमाणं किं भवत एव न विद्यते? उताहो सर्वप्रमातॄणाम्?, तद्यदि भवत एवेति तर्हि सिद्धसाध्यता, भगवतः परोक्षत्वात्, भवतश्च सम्यक् प्रवचनार्थानधिगतेः । अथ सर्वप्रमातॄणामिति पक्षः, सोऽप्ययुक्तः, तच्चेतसामप्रत्यक्षत्वात् तत्प्रत्यक्षतामन्तरेण तेषां तदभावनिश्चयानुपपत्तेः । तत्प्रत्यक्षताभ्युपगमे च तस्यैव सकलप्रमातृचेतः-प्रत्यक्षतः सर्वज्ञत्वमिति न तत्साधकप्रमाणाभावः ननु किमनेन वाग्जालेन ?, एवं हि प्रधानेश्वरादीनामपि प्रतिषेधानुपपत्तेः, तस्माद्यत्किंचिदेतत्, तदप्ययुक्तम्, तेषां युक्तिभिरनुपपद्यमानत्वात्, अतीन्द्रियोपलम्भक-पुरुषवचनतस्तत्प्रतिषेधोपपत्तेश्च ।।१३०७।।**

ટીકાર્થ :-

यत ..... प्रमाणाभावः ।। જે કારણથી આ રીતે=ઉક્ત પ્રકારથી=ગાથા-૧૩૦૨થી અત્યાર સુધી બતાવ્યું એ પ્રકારથી, પ્રતિષેધક માન=સર્વજ્ઞનું પ્રતિષેધક પ્રમાણ, પ્રમાણાભાસ જ બતાવાયું. 'તુ' શબ્દ એવકાર અર્થવાળો છે. તે કારણથી=સર્વજ્ઞનો પ્રતિષેધક પ્રમાણ પ્રમાણાભાસ છે તે કારણથી, અનિવારિત પ્રસરવાળો સર્વજ્ઞભાવ સિદ્ધ જ છે. 'અપિ' એ એવકાર અર્થવાળો છે અને ભિન્ન ક્રમ છે અને તે યથાસ્થાન યોજિત છે='सव्वण्णुभावोऽवि'માં રહેલો 'અપિ' શબ્દ એવકાર અર્થવાળો છે અને 'સિદ્ધ જ છે' ત્યાં યોજન કરાયેલો છે. આ થાય=મીમાંસકના મતે આ થાય, કેવી રીતે અનિવારિત પ્રસરવાળો સર્વજ્ઞભાવ સિદ્ધ છે જ્યાં સુધી તેનું પ્રતિષેધક પ્રમાણ વિદ્યમાન નથી, તે પ્રમાણે તેનું સાધક પણ પ્રમાણ વિદ્યમાન નથી. એથી કહે છે – તે=મીમાંસકનું કથન, અયુક્ત છે='સર્વજ્ઞનું સાધક પ્રમાણ નથી' તેમ મીમાંસક કહે તે અયુક્ત છે; કેમ કે વિકલ્પની અનુપપત્તિ છે. કઈ રીતે વિકલ્પની અનુપપત્તિ છે તે 'તથાહિ'થી સ્પષ્ટ કરે છે. તેનું સાધક પ્રમાણ શું ?=વીર ભગવાન સર્વજ્ઞ છે શું ? તેનું સાધક પ્રમાણ શું ? તને જ=મીમાંસકને જ, વિદ્યમાન નથી અથવા સર્વ પ્રમાતૃઓને વિદ્યમાન નથી ? તે જો તને જ વિદ્યમાન નથી=સર્વજ્ઞનું સાધક પ્રમાણ મીમાંસકને જ વિદ્યમાન નથી, એ પ્રમાણે છે તો સિદ્ધ સાધ્યતા છે; કેમ કે 'ભગવાનનું પરોક્ષપણું છે અને તને=મીમાંસકને, સમ્યગ્ પ્રવચનના અર્થનો બોધ નથી.'

હવે 'સર્વ પ્રમાતૃઓને સર્વજ્ઞ સાધક પ્રમાણ નથી' એ પ્રકારનો બીજો પક્ષ છે. તે પણ=બીજો પક્ષ પણ, અયુક્ત છે; કેમ કે 'તદ્‌ચેતનાઓનું=સર્વ પ્રમાતૃ એવા આત્માઓનું, અપ્રત્યક્ષપણું હોવાથી તેમની પ્રત્યક્ષતા વગર=સર્વ પ્રમાતૃઓની પ્રત્યક્ષતા વગર, તેઓના તદ્‌અભાવના નિશ્ચયની અનુપપત્તિ છે=સર્વ પ્રમાતૃઓને સર્વજ્ઞ સાધક પ્રમાણ નથી.' એ પ્રકારના અભાવના નિશ્ચયની અનુપપત્તિ છે અને તેની પ્રત્યક્ષતા સ્વીકાર કરાયે છતે, તેનું જ=સકલ પ્રમાતૃઓના પ્રત્યક્ષ કરનાર પુરુષનું જ, સકલ પ્રમાતૃઓના ચિત્તનું પ્રત્યક્ષ હોવાથી સર્વજ્ઞપણું છે. એથી તદ્‌સાધક પ્રમાણનો અભાવ નથી=સર્વજ્ઞ સાધક પ્રમાણનો અભાવ નથી.

ननु किमनेन ..... त्प्रतिषेधोपपत्तेश्च ।। 'નનુ'થી મીમાંસક કહે છે. આ વાગ્ જાલથી શું ?=આ રીતે વિકલ્પ કરીને 'વીર ભગવાન સર્વજ્ઞ છે' તેમ સિદ્ધ કરવાથી શું ? કેમ કે આ રીતે=જે રીતે તમે વીર ભગવાનને સર્વજ્ઞ સિદ્ધ કર્યા એ રીતે, પ્રધાન ઈશ્વરાદિના પણ=જગતકર્તા એવા ઈશ્વરાદિના પણ, પ્રતિષેધની અનુપપત્તિ છે, તે કારણથી આ=સર્વજ્ઞનું સાધક વાગ્ જાલ, યત્કિંચિત્ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે. તે પણ=મીમાંસકનું તે કથન પણ, અયુક્ત છે; કેમ કે તેઓનું=જગત્કર્તા એવા ઈશ્વરાદિનું, યુક્તિઓથી અનુપપદ્યમાનપણું છે અને અતીન્દ્રિય ઉપલંભક પુરુષના વચનથી તેના પ્રતિષેધની ઉપપત્તિ છે. ।।૧૩૦૭।।

**ભાવાર્થ :-**

ગાથા-૧૩૦૨માં મીમાંસકના અનુમાનનો આકાર બતાવ્યો કે 'વીર ભગવાન સર્વજ્ઞ નથી'; કેમ કે પુરુષત્વાદિ છે, દેવદત્તની જેમ. તે અનુમાનમાં હેતુ સાધ્યનો ગમક નથી અને દૃષ્ટાંતમાં સાધ્યની સાથે હેતુની વ્યાપ્તિ નથી તેમ અત્યાર સુધી સ્થાપન કર્યું. એ રીતે સર્વજ્ઞનું પ્રતિષેધક પ્રમાણ પ્રમાણાભાસ છે, તેમ ગ્રંથકારશ્રીએ બતાવ્યું. તેથી 'વીર ભગવાન સર્વજ્ઞ નથી, એ વચન મિથ્યાવચન છે' તેમ સિદ્ધ થાય છે. તેનાથી અનિવારિત પ્રસરવાળો સર્વજ્ઞનો ભાવ સિદ્ધ જ છે અર્થાત્ 'જગતમાં કોઈક સર્વજ્ઞ છે અને તે સિદ્ધ છે અને તે વીર ભગવાન આદિ છે', તેમ સિદ્ધ થાય છે. અહીં મીમાંસક કહે કે 'અમારું અનુમાન અસંગત સિદ્ધ થાય. તેથી વીર ભગવાન અસર્વજ્ઞ છે, તેમ સિદ્ધ થાય નહીં, તો પણ જ્યાં સુધી વીર ભગવાન સર્વજ્ઞ છે, તેનું સાધક અનુમાન ન હોય ત્યાં સુધી અનિવારિત પ્રસરવાળો સર્વજ્ઞનો ભાવ સિદ્ધ થાય નહીં.' તેને ગ્રંથકારશ્રી કહે છે કે 'મીમાંસકનું આ કથન અયુક્ત છે'; કેમ કે 'વીર ભગવાન સર્વજ્ઞ નથી' તેમ સ્વીકારવામાં વિકલ્પની અનુપપત્તિ છે. તેથી 'વીર ભગવાન સર્વજ્ઞ છે, તેમ સિદ્ધ થાય છે. કઈ રીતે વિકલ્પની અનુપપત્તિ છે તે સ્પષ્ટ કરતાં કહે છે. 'વીર ભગવાન સર્વજ્ઞ છે, તેનું સાધક પ્રમાણ શું મીમાંસકને જ વિદ્યમાન નથી કે બધા પ્રમાતૃઓને વિદ્યમાન નથી.' એમ બે વિકલ્પો થાય. ત્યાં મીમાંસક કહે 'અમને વીર ભગવાન સર્વજ્ઞ છે, તેનો સાધક પ્રમાણ દેખાતો નથી.' તેને ગ્રંથકારશ્રી કહે છે 'તો સિદ્ધ સાધ્યતાની પ્રાપ્તિ છે અર્થાત્ સિદ્ધને જ સિદ્ધ કરવાનો પ્રયત્ન થાય છે'; કેમ કે ભગવાન પરોક્ષ છે. તેથી સાક્ષાત્ દેખાતા નથી અને મીમાંસકને સમ્યક્ પ્રવચનના અર્થનો બોધ નથી અર્થાત્ ભગવાનનાં વચનો રૂપ પ્રવચનનો મીમાંસકને સમ્યગ્બોધ નથી તેથી તે બોધના બળથી મીમાંસક 'વીર ભગવાન સર્વજ્ઞ છે, તેનું અનુમાન કરી શકતો નથી,' માટે મીમાંસકને 'વીર ભગવાન સર્વજ્ઞ રૂપે સિદ્ધ ન હોય.' એટલા માત્રથી 'ભગવાન સર્વજ્ઞ છે તેનું સાધક પ્રમાણ નથી', તેમ કહી શકાય નહીં. જેમ વર્તમાનમાં પણ જે અજ્ઞ જીવો છે, તેઓને ભગવાન સાક્ષાત્ દેખાતા નથી. જેથી 'ભગવાન સર્વજ્ઞ છે કે નહીં' તેનો નિર્ણય તે અજ્ઞ જીવો કરી શકે નહીં પરંતુ ભગવાને કહેલાં શાસ્ત્રવચનો યુક્તિ અને અનુભવ અનુસાર અતીન્દ્રિય પદાર્થોને બતાવે છે. તેનો નિર્ણય કરીને 'વીર ભગવાન સર્વજ્ઞ હતા', તે અનુમાન શિષ્ટ પુરુષો કરે છે, પરંતુ 'જેઓને શાસ્ત્રનો બોધ નથી, તેઓ તે પ્રકારનો અનુમાન કરી શકે નહીં. તેથી તેઓને વીર ભગવાન સર્વજ્ઞ રૂપે પ્રતીત થાય નહીં. તેમ મીમાંસકને પણ વીર ભગવાન સર્વજ્ઞ રૂપે પ્રતીત થાય નહીં.' તેમાં કોઈ દોષ નથી. હવે મીમાંસક કહે કે 'સર્વ પ્રમાતૃઓને વીર ભગવાન સર્વજ્ઞ છે. તેનું સાધક પ્રમાણ વિદ્યમાન નથી.' તેને ગ્રંથકારશ્રી કહે છે, મીમાંસકનો 'તે વિકલ્પ મીમાંસકને અયુક્ત છે'; કેમ કે 'સર્વ પ્રમાતૃઓનું અપ્રત્યક્ષપણું છે. તેથી સર્વ પ્રમાતૃઓની પ્રત્યક્ષતા વગર તે સર્વ પ્રમાતૃઓને વીર ભગવાન સર્વજ્ઞરૂપે માન્ય નથી તેવો નિશ્ચય મીમાંસક કરી શકે નહીં. તેવો નિશ્ચય થઈ શકે નહીં. વળી, મીમાંસક કહે કે કોઈક વ્યક્તિને સર્વ પ્રમાતૃ પ્રત્યક્ષ છે. તે પુરુષ કહી શકે કે વીર ભગવાન સર્વજ્ઞ છે, તેનું સાધક પ્રમાણ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે 'જે પુરુષને સર્વ પ્રમાતૃઓ પ્રત્યક્ષ છે, તે પુરુષ સર્વજ્ઞ છે, તેમ સિદ્ધ થાય છે.' તેથી સર્વજ્ઞત્વના સાધક પ્રમાણનો અભાવ નથી.

'વીર ભગવાન સર્વજ્ઞ નથી, એ તને સિદ્ધ નથી કે સર્વ પ્રમાતૃઓને સિદ્ધ નથી.' એમ વિકલ્પો કરીને 'સર્વજ્ઞના સાધક પ્રમાણનો અભાવ નથી' એ પ્રકારનો વાણીનો વિકલ્પ ઉચિત નથી એમ મીમાંસક કહે છે; કેમ કે 'એ રીતે તો જગતના પ્રધાન ઈશ્વરાદિના પણ પ્રતિષેધની અનુપપત્તિ થશે'; કેમ કે 'કોઈ વિચારક તમને પ્રશ્ન કરશે કે જગતકર્તા પ્રધાન ઈશ્વર છે, જે આખા જગતનું સર્જન કરે છે. તેનો પ્રતિષેધ તમે કરો છો, તે પણ થઈ શકશે નહીં'; કેમ કે તમારી યુક્તિથી જ કહી શકાય કે 'પ્રધાન ઈશ્વરનું સાધક પ્રમાણ શું તમને માન્ય નથી ? કે સર્વ પ્રમાતૃઓને માન્ય નથી ?' અને જો સ્યાદ્વાદીને જ પ્રધાન ઈશ્વરનું સાધક પ્રમાણ સિદ્ધ ન હોય તો સિદ્ધ સાધ્યતા દોષ છે; કેમ કે 'જગતકર્તા એવા ઈશ્વર પરોક્ષ છે અને તે જગતકર્તા ઈશ્વરને કહેનાર વેદ વચનોનો તમને બોધ નથી. તેથી તમને પ્રધાન ઈશ્વરને સાધક પ્રમાણ ન હોય તે સંગત છે પરંતુ સર્વ પ્રમાતૃઓને પ્રધાન ઈશ્વર પ્રમાણ નથી.' તેમ કહી શકાય નહીં. તેથી તેનો પણ પ્રતિષેધ તમે કરી શકશો નહીં. માટે તમારું આ વાગ્જાલ અર્થ વગરનું છે. એમ મીમાંસક કહે છે, તેને ગ્રંથકારશ્રી કહે છે. પ્રધાન ઈશ્વરાદિનો પ્રતિષેધ યુક્તિથી સંગત છે; કેમ કે જો ઈશ્વર વીતરાગ હોય તો જગતકર્તા સંભવી શકે નહીં અને અવીતરાગ હોય તો સંસારી જીવો જેવા જ રાગી, દ્વેષી છે ઇત્યાદિ યુક્તિઓથી જગત્કર્તા ઈશ્વરાદિ ઘટતા નથી. વળી, અતીન્દ્રિય પદાર્થોને જાણનારા એવા પુરુષના વચનથી જગત્કર્તા ઈશ્વરના પ્રતિષેધની ઉપપત્તિ થઈ શકે છે. માટે 'અમારા દ્વારા જગત્કર્તા ઈશ્વરનું પ્રતિષેધ કરાય છે', તે યુક્તિસંગત છે. **||૧૩૦૭||**

**અવતરણિકા :-**

**अन्यच्च—**

**અવતરણિકાર્થ :-**

**વળી, સર્વજ્ઞ સ્વીકારવા માટે બીજી યુક્તિ ગ્રંથકારશ્રી આપે છે –**

**ગાથા :-**

**वेज्जगजोतिससत्थं अतिंदियत्थेसु संगतंऽपि कहं ।**
**जुज्जति? अतिंदियत्थण्णुपुरुसविरहम्मि वत्तव्वं ।।१३०८।।**

**છાયા :-**

**वैद्यकज्योतिषशास्त्रमतीन्द्रियार्थेषु संगतमपि कथम् ।**
**युज्यते ? अतीन्द्रियार्थज्ञपुरुषविरहे वक्तव्यम् ।।१३०८।।**

**ગાથાર્થ :-**

**અતીન્દ્રિય અર્થના જાણનાર પુરુષનો વિરહ હોતે છતે અતીન્દ્રિય અર્થોમાં વૈધક અને જ્યોતિષ શાસ્ત્રો પણ કેવી રીતે સંગત થાય ? એ કહેવું જોઈએ. ||૧૩૦૮||**

**ટીકા :-**

**'वैद्यकज्योतिषशास्त्रमपि' वैद्यकशास्त्राणि ज्योतिषशास्त्राणि च अतीन्द्रियेषु-इन्द्रियातिक्रान्तेषु अभिधेयेषु अतीन्द्रियार्थज्ञायकविरहे-सर्वज्ञाभावे इतियावत् कथं नु संगतं-संगतानि निश्चित-विवक्षिताभिधेयानि युज्यन्ते इति वक्तव्यं ?, नैव कथंचनापि युज्यन्ते इति भावः, 'संगतंपीति' अपिर्भिन्नक्रमः स चादावेव योजितः ।।१३०८।।**

**ટીકાર્થ :-**

**'वैद्यकज्योतिषशास्त्रमपि' ..... योजितः ।। વૈદ્યક, જ્યોતિષ શાસ્ત્ર પણ=વૈદ્યક શાસ્ત્રો અને જ્યોતિષ શાસ્ત્રો, અતીન્દ્રિય, અભિધેયોમાં=ઈન્દ્રિયોથી અતિક્રાંત એવા વિષયોમાં, અતીન્દ્રિય અર્થજ્ઞાયકના વિરહમાં=સર્વજ્ઞના અભાવમાં, કેવી રીતે સંગત ઘટે એ કહેવું જોઈએ=સંગતને અર્થાત્ નિશ્ચિત વિવક્ષિત અભિધેયને કહેનારા કેવી રીતે ઘટે ? અર્થાત્ 'કોઈ રીતે ઘટે નહીં', એ પ્રકારનો ભાવ છે. 'संगतंपीति'માં રહેલો 'अपि' શબ્દ ભિન્ન ક્રમવાળો છે અને તે આદિમાં જ=વૈદ્યક જ્યોતિષ શાસ્ત્રોમાં 'अपि' એમ કહ્યું ત્યાં, યોજિત છે. ।।૧૩૦૮।।**

**ભાવાર્થ :-**

શરીરના નાડીના સંચારથી સર્વજ્ઞની જેમ ધન્વંતરી વૈદ્યો શરીરના મૂળ રોગોનો યથાર્થ નિર્ણય કરી શકે છે અને તે તે રોગનું કયું ઔષધ હોય ? કઈ વનસ્પતિમાંથી કેવી રીતે બનેલું હોય ? અને તે ઔષધ તે રોગનું નાશક છે ઇત્યાદિ સૂક્ષ્મ ભાવો ઇન્દ્રિયથી ગ્રાહ્ય નથી પરંતુ અતીન્દ્રિય જોનારા પુરુષથી ગ્રાહ્ય છે અને તે અતીન્દ્રિય જોનારા સર્વજ્ઞથી કહેવાયેલા આગમમાં સુનિબદ્ધ છે. તેનાથી વૈદ્યક શાસ્ત્રની સર્વ કળા યથાર્થ પ્રવર્તે છે, તે સર્વજ્ઞના અભાવમાં સંભવી શકે નહીં. જેમ વર્તમાનમાં પ્રયોગો કરીને તે તે ઔષધો અને તે તે પ્રયોગો કરીને છદ્મસ્થ અવસ્થાની શક્તિના બળથી કંઈક યથાર્થ જાણે છે, તો પણ સંપૂર્ણ યથાર્થ જ્ઞાન વર્તમાનની શોધોથી થતું નથી; કેમ કે છદ્મસ્થ સ્વબુદ્ધિપ્રતિભાથી કંઈક કાર્યકારણભાવનો નિર્ણય કરી શકે તો પણ પરિપૂર્ણ અદૃષ્ટ વ્યવસ્થા સાક્ષાત્ જોનારા સર્વજ્ઞ વગર સંપૂર્ણ યથાર્થ કોઈ કહી શકે નહીં અને જે કાળમાં ધન્વંતરી વૈદ્યો હતા, તે નાડીની પરીક્ષા કરે ત્યારે નાડીના સંચારમાં જે જે પ્રકારના જેટલા ભેદો છે, તે સર્વ ભેદો આરોગ્ય સાથે ક્યાં સંકળાયેલા છે અને તે તે રોગ સાથે ક્યાં સંકળાયેલા છે ? તેનો યથાર્થ બોધ તેઓને સર્વજ્ઞના વચનથી પ્રાપ્ત થયેલો હોય છે. તેથી તેવા સુવૈદ્યો નાડીના બળથી, રોગીની પૃચ્છાના બળથી અને રોગીના શરીરનાં ચિહ્નોના બળથી તે રોગના મૂળ કારણનો યથાર્થ નિર્ણય કરીને ઉચિત ઔષધ આપે તો અવશ્ય તે રોગ નાશ થાય છે, પરંતુ રોગનાશમાં કોઈ વિકલ્પ સંભવતો નથી. આ પ્રકારનો યથાર્થ બોધ સર્વજ્ઞના વચન વગર સંભવી શકે નહીં પરંતુ વર્તમાનમાં જે શોધોના બળથી અને છદ્મસ્થના અનુભવના બળથી રોગો અને ઔષધીઓનો સામાન્યથી નિર્ણય થાય છે તેવો અનેક સ્ખલનાવાળો બોધ થઈ શકે છે. તેથી જ ક્યારેક સાધ્ય રોગીનું તે પ્રકારના ઔષધથી ક્યારેક અહિત પણ થાય છે. જ્યારે ધન્વંતરીવૈદ્યના ઔષધથી અવશ્ય રોગ મટે તેવી નિયત વ્યાપ્તિ છે અને અસાધ્ય રોગ હોય તો ધન્વંતરી

વૈદ્ય નાડીથી જ નિર્ણય કરીને ઔષધનો નિષેધ કરે છે કે 'આ રોગનું કોઈ ઔષધ નથી.' તેવો નિર્ણય અતીન્દ્રિય પદાર્થને જોનારા સર્વજ્ઞના વચન વગર સંભવે નહીં. તેથી અતીન્દ્રિય પદાર્થને જોનારા સર્વજ્ઞો સર્વ સ્થાનો સાક્ષાત્ જોનારા છે. શબ્દો દ્વારા તેઓએ આપેલા છે અને તેમના વચનથી જ દ્વાદશાંગીનું નિર્માણ થયું છે અને તેનાથી ઉત્પન્ન થયેલું આયુર્વેદશાસ્ત્ર છે. તેથી સર્વ રોગનાં ઉચિત સ્થાનોનો નિર્ણય કરીને તે તે રોગનાં તે તે ઔષધ છે તે પણ સુનિશ્ચિત કહી શકે છે. તે વ્યવસ્થા સર્વજ્ઞના વચન વગર સંભવે નહીં. તે રીતે જ્યોતિષ શાસ્ત્રો પણ સર્વ અતીન્દ્રિય પદાર્થોનો યથાર્થ નિર્ણય કરીને આ સમયે આ નિયત કાર્ય થશે એવો યથાર્થ નિર્ણય કરી શકે છે તે સર્વજ્ઞના વચન વગર સંભવી શકે નહીં. **॥૧૩૦૮॥**

**અવતરણિકા :-**

**अत्र परस्याभिप्रायमाह—**

**અવતરણિકાર્થ :-**

**અહીં='વૈદ્યક શાસ્ત્ર અને જ્યોતિષ શાસ્ત્ર નિશ્ચિત અર્થનું કથન કરે છે તે સર્વજ્ઞ વગર સંભવે નહીં' એમ કહ્યું એમાં, પરના અભિપ્રાયની શંકા કરે છે –**

**ગાથા :-**

**वुड्ढपरंपरतो च्चिय अह तं आदीए णिच्छियं केण? ।**
**अंधाण परंपरओ णहि रूवे मुणइ दीहो वि ।।१३०९।।**

**છાયા :-**

वृद्धपरंपरात एवाथ तदादौ निश्चितं केन ? ।
अन्धानां परंपरको नहि रूपे जानाति दीर्घोऽपि ।।१३०९।।

**ગાથાર્થ :-**

**વૃદ્ધ પરંપરાથી જ વૈદ્યકાદિ શાસ્ત્રો સંગત છે. તેને આચાર્ય કહે છે. તે=વૈદ્યકશાસ્ત્ર, આદિમાં કોના વડે નિર્ણય કરાયો ? અંધોની પરંપરાવાળો દીર્ઘ પણ રૂપને જાણતો નથી. ।।૧૩૦૯।।**

**ટીકા :-**

**अथ वृद्धपरंपरात एव वैद्यकादिशास्त्राणामतीन्द्रियेष्वर्थेषु संगतत्वमिति प्रतिपद्येथाः, अत्र आचार्य आह—'तं आदीए' इत्यादि, तत्-वैद्यकादिशास्त्रमादौ-प्रथमतः केनातीन्द्रियेषु अर्थेषु निश्चितं?, नैव केनचित्, सर्वस्यापि रागादिदोषपरीततया अतीन्द्रियार्थदर्शनलक्षणलोचनाभावेनान्धतुल्यत्वात् । एतदेव प्रतिवस्तूपमया स्पष्टयति—'अंधेत्यादि' न ह्यन्धानां परंपरको दीर्घोऽपि 'रूपे' रूपविषये किमपि 'मुणति' जानाति । 'ज्ञो जाणमुणाविति' प्राकृतसूत्रतो ज्ञाधातोर्मुणादेशः । अत्रान्धतुल्याः**

**सर्वेऽपि पुरुषास्तेषां रागादिमत्तयाऽतीन्द्रियार्थदर्शनलक्षणलोचनाभावात्, रूपकल्पा अतीन्द्रिया अर्था इति ।।१३०९।।**

**ટીકાર્થ :-**

**अथ ..... अर्था इति ।। ‘અથ’થી પૂર્વપક્ષી કહે છે. વૃદ્ધ પરંપરાથી જ વૈદ્યકાદિ શાસ્ત્રોનું અતીન્દ્રિય અર્થોમાં સંગતપણું છે એ પ્રમાણે તમે સ્વીકારો. અહીં=પૂર્વપક્ષીના કથનમાં, આચાર્ય કહે છે. તે= વૈદ્યકશાસ્ત્ર, આદિમાં=પ્રથમથી, અતીન્દ્રિય અર્થોમાં કોના વડે નિશ્ચિત કરાયું ? અર્થાત્ કોઈના વડે નિર્ણય કરાયો નથી જ; કેમ કે સર્વનું પણ=વૃદ્ધ પરંપરામાં આવેલા સર્વનું પણ, રાગાદિ દોષયુક્તપણું હોવાથી અતીન્દ્રિયાર્થ દર્શન લક્ષણ ચક્ષુના અભાવના કારણે અંધતુલ્યપણું છે. આને જ=વૃદ્ધની પરંપરા અંધતુલ્ય છે તેથી અતીન્દ્રિય અર્થોનો નિર્ણય કરી શકે નહીં. એને જ, પ્રતિવસ્તુની ઉપમાથી=સદૃશ દૃષ્ટાંતથી, સ્પષ્ટ કરે છે. આંધળાઓની પરંપરાવાળો દીર્ઘ પણ પુરુષ રૂપના વિષયમાં કંઈ પણ જાણતો નથી. ‘ज्ञ’ ધાતુ ‘जाणमुणा’ અર્થમાં છે. એ પ્રકારના પ્રાકૃત સૂત્રથી ‘मुणो’ આદેશ છે. તેથી ગાથામાં ‘मुणइ’ શબ્દ છે, તેનો અર્થ ‘जानाति’ કરેલ છે. અહીં=સંસારમાં, અંધ તુલ્ય સર્વ પણ પુરુષો છે; કેમ કે તેઓનું રાગાદિ માનપણું હોવાથી અતીન્દ્રિયાર્થ દર્શન લક્ષણ લોચનનો અભાવ છે. રૂપકલ્પ અતીન્દ્રિય અર્થો છે. ।।૧૩૦૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે ‘વૈદ્યકશાસ્ત્રાદિ અતીન્દ્રિય પદાર્થોનું કથન કરે છે. તે કથન સર્વજ્ઞના અભાવમાં સંગત થાય નહીં’ ત્યાં પૂર્વપક્ષી કહે છે કે ‘વૃદ્ધ પુરુષોની પરંપરાથી વૈદકશાસ્ત્રો અતીન્દ્રિય અર્થોમાં જે કથન કરે છે, તે સંગત થાય છે’; કેમ કે વૃદ્ધ પુરુષો પોતપોતાના અનુભવથી તે તે રોગના તે તે ઔષધોનો નિર્ણય કરીને ઉત્તરોત્તર પ્રવર્તે છે. તેથી ઘણા રોગના ઔષધો વૃદ્ધ પુરુષના અનુભવના બળથી પ્રાપ્ત થયા છે પરંતુ ‘અતીન્દ્રિય પદાર્થને કહેનાર સર્વજ્ઞ કોઈ છે’, તેમ સ્વીકારવું ઉચિત નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે, ‘વૈદ્યકશાસ્ત્રના આદિમાં અતીન્દ્રિય અર્થો કોના વડે નિશ્ચિત કરાયા’ અર્થાત્ ‘આ રોગનું આ ઔષધ છે’, એવો પ્રથમ નિર્ણય કોઈ છદ્મસ્થથી થઈ શકે નહીં; કેમ કે સંસારી સર્વ જીવો રાગાદિ દોષથી યુક્ત હોવાને કારણે પોતપોતાના રાગ, દ્વેષ અને અજ્ઞાનને અનુસાર વિકલ્પો કરી શકે પરંતુ અતીન્દ્રિય અર્થને જોનારી ચક્ષુનો અભાવ હોવાને કારણે તેઓ અંધ તુલ્ય છે. જેમ અંધપુરુષોની દીર્ઘ પરંપરા હોય તો પણ રૂપવિષયક ચોક્કસ નિર્ણય કોઈ કરી શકે નહીં. ફક્ત સ્વસ્વમતિ કલ્પનાથી તેનું યોજન કરી શકે છે પરંતુ સાક્ષાત્ રૂપને જોનાર વ્યક્તિ રૂપનું યથાર્થ સ્વરૂપ કહી શકે તેમ અતીન્દ્રિય અર્થને જોનાર કેવલીએ જગતના સર્વ ભાવો જોયા અને શરીરમાં જે જાતનો રોગ થયો તેનું મૂળ કારણ શું છે ? તે પણ પ્રથમ તેઓએ જ નિર્ણય કરીને કહ્યું છે, ત્યાર પછી અન્ય છદ્મસ્થો તે વિષયક પોતાની મતિનું યોજન કરીને વિશેષ વિશેષ પ્રવૃત્તિઓ કરે છે. તેથી વૈદ્યક શાસ્ત્રોના આદ્ય પ્રવર્તક સર્વજ્ઞ છે તેમ સ્વીકારવું જોઈએ. તે રીતે જ જ્યોતિષશાસ્ત્રો પણ અતીન્દ્રિય અર્થોને કહે છે તેના આદ્ય પ્રવર્તક કોઈક સર્વજ્ઞ પુરુષ છે, તેમ સ્વીકારવું જોઈએ. **।।૧૩૦૯।।**

**અવતરણિકા :-**

**अथ मन्येथाः-स्वत एव तत्र ज्योतिषादिशास्त्रमात्मीयमर्थं कस्मैचित् पुरुषाय निवेदितवत्, स चान्येभ्यस्तमर्थं, ते चान्येभ्यस्तेनादोष इति, अत्राह—**

**અવતરણિકાર્થ :-**

'अथ'થી કહે છે. તમે માનો છો=મીમાંસક માને છે, સ્વતઃ જ ત્યાં=અર્થવિષયક જિજ્ઞાસાવાળા પુરુષમાં, જ્યોતિષ આદિ શાસ્ત્રોએ પોતાના અર્થનું કોઈક પુરુષને નિવેદન કર્યું છે અને તે=પુરુષ, અન્યને અર્થનું નિવેદન કરે છે અને તે=અન્ય પુરુષ, અન્યને નિવેદન કરે છે. તેથી અદોષ છે=સર્વજ્ઞ સ્વીકાર્યા વગર જ્યોતિષાદિ શાસ્ત્રોના અર્થોનો બોધ જગતમાં ઉપલબ્ધ છે તેમ સ્વીકારવામાં અદોષ છે. આમાં=મીમાંસકના કથનમાં, કહે છે —

**ગાથા :-**

**न य तं सयं कहेई ममेस अत्थो अचेयणत्तणतो ।**
**पुरिसेण विवेचिज्जइ एसो तु मतीविसेसेण ।।१३१०।।**

**છાયા :-**

न च तत्स्वयं कथयति ममैषोऽर्थोऽचेतनत्वात् ।
पुरुषेण विवेच्यते एष तु मतिविशेषेण ।।१३१०।।

**ગાથાર્થ :-**

**અને તે=જ્યોતિષાદિ શાસ્ત્રો, સ્વયં મારો આ અર્થ છે, એમ કહેતું નથી; કેમ કે અચેતનપણું છે. મતિવિશેષથી જ પુરુષ દ્વારા આ વિવેચન કરાય છે. ।।૧૩૧૦।।**

**ટીકા :-**

**न च तत्-ज्योतिषादिशास्त्रं स्वयमात्मीयमर्थं कथयति यथा—'मम एषोऽर्थो नान्यः' इति, कस्मान्न कथयतीत्यत आह—अचेतनत्वात्, घटादिवत्, किंतु पुरुषेणैव मतिविशेषेणैव विवेच्यते, यथा 'एषोऽस्यार्थो नान्यः' इति । तुरवधारणे भिन्नक्रमश्च, स च यथास्थानं योजितः ।।१३१०।।**

**ટીકાર્થ :-**

न च ..... योजितः ।। અને તે=જ્યોતિષ શાસ્ત્રો, સ્વયં પોતાનો અર્થ કહેતાં નથી. કઈ રીતે પોતાનો અર્થ કહેતાં નથી ? તે 'યથા'થી બતાવે છે. મારો આ અર્થ છે, અન્ય નહીં. એ પ્રમાણે કહેતાં નથી. કયા કારણથી જ્યોતિષાદિ શાસ્ત્રો પોતાનો અર્થ કહેતાં નથી ? એથી કહે છે. અચેતનપણું હોવાથી, ઘટાદિની જેમ પોતાનો અર્થ કહેતાં નથી, એમ અન્વય છે પરંતુ પુરુષ વડે જ મતિવિશેષથી

**જ વિભાગ કરાય છે. કઈ રીતે વિભાગ કરાય છે. તે 'યથા'થી બતાવે છે. આ આનો=જ્યોતિષાદિ શાસ્ત્રોનો, અર્થ છે, અન્ય નહીં. એ પ્રકારે મતિવિશેષથી નક્કી કરાય છે. 'તુ' શબ્દ અવધારણમાં છે અને ભિન્ન ક્રમવાળો છે અને તે યથાસ્થાન યોજિત છે=મતિવિશેષથી જ એમ કહ્યું ત્યાં યોજિત છે. ॥૧૩૧૦॥**

**અવતરણિકા :-**

**ननु यदि पुरुषेणार्थो विवेच्यते तर्हि किमत्र क्षूणं ?, न हि पुरुषा नाभ्युपगम्यन्त इत्याह–**

**અવતરણિકાર્થ :-**

**'ननु'થી મીમાંસક કહે છે. જો પુરુષ વડે અર્થ વિવેચન કરાય છે તો અહીં=સર્વજ્ઞના અસ્વીકારવામાં, શું ક્ષતિ છે ? हि=જે કારણથી, પુરુષો નથી સ્વીકારતા એમ નહીં અર્થાત્ જ્યોતિષાદિ શાસ્ત્રને જાણનારા પુરુષો અમે પણ સ્વીકારીએ છીએ. એથી કહે છે–**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે સર્વજ્ઞ ન હોય તો જ્યોતિષાદિ શાસ્ત્રના અર્થો કોઈ જાણી શકે નહીં. ત્યાં મીમાંસક કહે કે સર્વજ્ઞ નથી એવા પણ પુરુષો વડે જ્યોતિષ શાસ્ત્રના અને વૈદિક શાસ્ત્રના અર્થો સ્વયં વિચારણા કરીને નિર્ણય થાય છે એમ સ્વીકારાય તો શું વાંધો છે ? અર્થાત્ કોઈ વાંધો નથી; કેમ કે અમે પણ એવા પુરુષો સ્વીકારીએ છીએ કે જેઓ જ્યોતિષ શાસ્ત્રના અને વૈદિક શાસ્ત્રના અર્થોને જાણનારા છે.

**ગાથા :-**

**ण य सामण्णमतीए विवेचितुं तीरती तओ पढमं ।**
**सुविवेचितसिट्ठे उण तहा गहो होतिमीए वि ॥१३११॥**

**છાયા :-**

**न च सामान्यमत्या विवेचयितुं शक्यते सको प्रथमम् ।**
**सुविवेचितशिष्टे (सुविवेच्य शिष्टे) पुनस्तथा ग्रहो भवति अस्या अपि ॥१३११॥**

**ગાથાર્થ :-**

**અને સામાન્ય મતિથી તે=તે અર્થ, પ્રથમ વિવેચન કરવા માટે શક્ય નથી. સુવિવેચન કરીને કહેવાયે છતે વળી આનો પણ=સામાન્ય મતિનો પણ, ગ્રહ=વિષય, થાય છે. ॥૧૩૧૧॥**

**ટીકા :-**

**न च सामान्यमत्या-सामान्यज्ञानेन 'तओ त्ति' सकोऽर्थः प्रथमं विवेचयितुं शक्यते, तस्य तदगोचरत्वात्,**

किंतु मतिविशेषेण-ज्ञानविशेषेणातीन्द्रियार्थदर्शनलक्षणेन, तेन च मतिविशेषेण सुविवेच्य शिष्टे-कथिते सति पुनस्तस्मिन्नर्थे अस्या अपि सामान्यमतेर्ग्रहो भवति ।।१३११।।

**ટીકાર્થ :-**

न च ..... भवति ।। અને સામાન્ય મતિથી=સામાન્ય જ્ઞાનથી, તે અર્થ=જ્યોતિષાદિ શાસ્ત્રોનો અર્થ, પ્રથમ વિવેચન કરવા માટે શક્ય નથી; કેમ કે તેનું=છદ્મસ્થ પુરુષનું, તેનું અગોચરપણું છે= જ્યોતિષાદિ શાસ્ત્રના સામાન્ય અર્થનું વિષયપણું છે, પરંતુ મતિવિશેષથી=અતીન્દ્રિયાર્થના દર્શનરૂપ જ્ઞાનવિશેષથી, તે અર્થનું પ્રથમ વિવેચન કરવું શક્ય છે અને તે મતિવિશેષથી સુવિવેચન કરીને વળી તે અર્થ કથિત હોતે છતે આ પણ સામાન્ય મતિથી=છદ્મસ્થ જીવની સામાન્ય મતિથી, ગ્રહણ થાય છે. ॥૧૩૧૧॥

**અવતરણિકા :-**

ननु यदि प्रथमतः सामान्यमतेर्न विषयः सोऽर्थस्तर्हि अतीन्द्रियार्थदर्शिना अपि सुविवेच्य शिष्टः सन् कथं पश्चात् विषयो भवतीति? । नैष दोषः । दृष्टत्वात् तथाचाह—

**અવતરણિકાર્થ :-**

'ननु'થી શંકા કરે છે. જો પ્રથમથી સામાન્ય મતિવાળા પુરુષનો તે અર્થ વિષય નથી=વૈદકાદિ શાસ્ત્રનો અર્થ વિષય નથી, તો અતીન્દ્રિય અર્થને જોનારા વડે પણ સુવિવેચન કરીને કહેવાયેલો અર્થ કેવી રીતે પાછળથી વિષય થાય ? અર્થાત્ થાય નહીં. એને ગ્રંથકારશ્રી કહે છે, 'આ દોષ નથી=પ્રથમથી સામાન્ય મતિનો વિષય ના હોય તો પણ અતીન્દ્રિય અર્થને જોનારા વડે વિવેચન કરીને કહેવાયેલો તે અર્થ સામાન્ય મતિવાળા જીવનો વિષય થાય છે તેમ સ્વીકારવામાં દોષ નથી'; કેમ કે દૃષ્ટપણું છે. તે રીતે=પૂર્વમાં કહ્યું કે દૃષ્ટપણું છે તે રીતે, દૃષ્ટપણું જ બતાવે છે –

**ગાથા :-**

अंधो वि अणंधेणं सम्मं कहियं कहंचि रूवं पि ।
पडिवज्जित्तु पसाहइ तहाविधं कं पि ववहारं ।।१३१२।।

**છાયા :-**

अन्धोऽपि अनंधेन सम्यग् कथितं कथञ्चिद्रूपमपि ।
प्रतिपद्य प्रसाधयति तथाविधं कमपि व्यवहारम् ।।१३१२।।

**ગાથાર્થ :-**

અંધ પણ ચક્ષુવાળા પુરુષથી સમ્યક્ કહેવાયેલું કોઈક રીતે રૂપને સ્વીકારીને તેવા પ્રકારના કોઈક પણ વ્યવહારને પ્રસાધન કરે છે. ॥૧૩૧૨॥

**ટીકા :-**

**अन्धोऽपि-चक्षुर्विकलोऽप्यनन्धेन-सचक्षुषा सम्यक् कथितं सत् कथंचित्-सामान्याकारेण रूपमपि प्रतिपद्य तथाविधं कमपि व्यवहारं साधयति ।।१३१२।।**

**ટીકાર્થ :-**

अन्धोऽपि- ..... साधयति ।। અંધ પણ=ચક્ષુવિકલ પણ, અનંધથી=ચક્ષુવાળા પુરુષથી, સમ્યક્ કહેવાયેલો છતો કથંચિત્=સામાન્યાકારથી, રૂપને પણ સ્વીકારીને તેવા પ્રકારનો કોઈક વ્યવહાર સાધે છે. ।।૧૩૧૨।।

**અવતરણિકા :-**

तथाहि—

**અવતરણિકાર્થ :-**

તે આ પ્રમાણે – પૂર્વગાથામાં કહ્યું કે ચક્ષુવાળા પુરુષ વડે કહેવાયેલા=રૂપાદિને સ્વીકારીને આંધળો પણ તે પ્રકારે વ્યવહાર કરે છે તે કથનને 'तथाहि' થી સ્પષ્ટ કરે છે –

**ગાથા :-**

जस्सेरिसा दसाओ सो सुक्कपडो इमो ण य इमो त्ति ।
एवं विणिच्छियमती दीसति लोए ववहरंतो ।।१३१३।।

**છાયા :-**

यस्येदृशा दशाः स शुक्लपटोऽयं न चायमिति ।
एवं विनिश्चितमति दृश्यते लोके व्यवहरन् ।।१३१३।।

**ગાથાર્થ :-**

**જે પટની આવી દશા છે=આવા પ્રકારના તાંતણા છે. તે આ શુક્લ છે અને આ નહીં, એ પ્રમાણે નિશ્ચિત મતિવાળો અંધ લોકમાં વ્યવહાર કરતો દેખાય છે. ।।૧૩૧૩।।**

**ટીકા :-**

**यस्य पटस्य खल्वीदृशा-एवंविधस्पर्शादिगुणोपेताः दशाः सन्ति सोऽयं शुक्लपटो न त्वयमित्येवं निश्चितमतिर्व्यवहरन् लोके दृश्यते ।।१३१३।।**

**ટીકાર્થ :-**

यस्य ..... दृश्यते ।। જે પટની ખરેખર આવી=આવા પ્રકારના સ્પર્શાદિ ગુણથી યુક્ત, દશા છે, તે આ શુક્લપટ, છે પરંતુ આ નહીં એ પ્રકારે લોકમાં નિશ્ચિત મતિવાળો વ્યવહાર કરતો દેખાય છે. ।।૧૩૧૩।।

**ગાથા :-**

एवं इमे वि विज्जादिगा इहं सम्मणाणिपुव्वातो ।
उवदेसतो पयट्टा पारंपरए ण तु विसेसो ।।१३१४।।

**છાયા :-**

एवमिमेऽपि वैद्यादिका इह सम्यग्ज्ञानिपूर्वतः ।
उपदेशात् प्रवृत्ताः परंपरके न तु विशेषः ।।१३१४।।

**ગાથાર્થ :-**

**આ રીતે આ પણ વૈદકાદિ શાસ્ત્રો અહીં=જગતમાં, સમ્યગ્જ્ઞાની=અતીન્દ્રિય અર્થને જોનારા છે, પૂર્વથી=પ્રથમથી, તે ઉપદેશથી પ્રવૃત્ત થયા. વળી પરંપરામાં વિશેષ નથી. ।।૧૩૧૪।।**

**ટીકા :-**

**एवम्-अनन्धोपदेशात् प्रवृत्तान्ध इव इमेऽपि वैद्यादिका आदिशब्दात् ज्योतिषादय इह-जगति सम्यग्ज्ञानिपूर्वतः-सम्यग्ज्ञानी-अतीन्द्रियार्थदर्शी पूर्वं-प्रथमतः प्रवर्त्तकतया कारणं यस्योपदेशस्य तस्मादुपदेशात् प्रवृत्ताः, तत उद्‌र्ध्वं परंपरके तु न विशेषः, सर्वेषामपि रागादिदोषसचिवतया-ऽतीन्द्रियार्थदर्शनं प्रति तत्त्वतोऽन्धतुल्यत्वात्, मूलोपदेशानुसारेणैव प्रवृत्तेः ।।१३१४।।**

**ટીકાર્થ :-**

**एवम्- ..... प्रवृत्तेः ।। આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, અનંધના ઉપદેશથી પ્રવૃત્ત એવા અંધની જેમ આ પણ વૈદ્યાદિક એવા અહીં=જગતમાં, શાસ્ત્રો સમ્યગ્જ્ઞાની=અતીન્દ્રિયાર્થદર્શી એવા કેવલી પૂર્વમાં=પ્રથમથી, પ્રવર્તકપણારૂપે કારણ છે જે ઉપદેશના તે ઉપદેશથી પ્રવૃત્ત થયા=વૈદકાદિ શાસ્ત્રો પ્રવૃત્ત થયાં. 'આદિ' શબ્દથી જ્યોતિષાદિ શાસ્ત્રો પ્રવૃત્ત થયાં. ત્યાર પછી પરંપરામાં વિશેષ નથી; કેમ કે બધાનું પણ રાગાદિ દોષ વડે સચિવપણું હોવાથી=રાગાદિ દોષ વડે યુક્તપણું હોવાથી, અતીન્દ્રિયાર્થ દર્શન પ્રત્યે તત્ત્વથી અંધતુલ્યપણું છે, તેથી મૂલ ઉપદેશના અનુસારથી જ, પ્રવૃત્તિ છે=અતીન્દ્રિયાર્થદર્શી એવા કેવલીના વચન દ્વારા ઋષભદેવ ભગવાનના ઉપદેશના અનુસારથી જ પ્રવૃત્તિ છે. ।।૧૩૧૪।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ પૂર્વમાં કહ્યું કે જ્યોતિષશાસ્ત્રો અને વૈદ્યકશાસ્ત્રો અતીન્દ્રિયાર્થો બતાવે છે. તેનો 'આદિ'માં નિર્ણય કોઈ કરી શકે નહીં; કેમ કે 'છદ્મસ્થ સર્વ અજ્ઞાની છે.' જેમ આંધળાઓની દીર્ઘ પરંપરા પણ રૂપને જાણી શકે નહીં; કેમ કે તેઓને રૂપ દેખાતું નથી. માટે અતીન્દ્રિય અર્થને જોનારા પુરુષનો સ્વીકાર કરવો જોઈએ જેનાથી વૈદ્યક શાસ્ત્રો અને જ્યોતિષ શાસ્ત્રો પ્રવૃત્ત થયાં છે. અહીં મીમાંસક કહે કે 'જ્યોતિષશાસ્ત્ર અને વૈદ્યકશાસ્ત્ર સ્વયં પોતાનો અર્થ અન્યને બતાવે છે.' તેથી તે શાસ્ત્રનો અર્થ કહેનાર કોઈ અતીન્દ્રિય

અર્થના દર્શી પુરુષને સ્વીકારવાની આવશ્યકતા નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે. વૈદ્યકશાસ્ત્રો સ્વયં અચેતન છે તેથી તેઓ પોતાનો અર્થ કોઈને કહેતાં નથી પરંતુ પુરુષ દ્વારા જ મતિવિશેષથી તેનો અર્થ વિવેચન કરાય છે. અહીં મીમાંસક કહે કે 'વૈદ્યકશાસ્ત્રો ઉપલબ્ધ છે અને પુરુષવિશેષ તે અર્થનું વિવેચન કરે છે તેમ સ્વીકારવામાં અમને કોઈ દોષ નથી.' તેને ગ્રંથકારશ્રી કહે છે, સામાન્ય મતિવાળા જીવોને વૈદ્યકશાસ્ત્રોનો અર્થ પ્રથમ વિવેચન કરવો શક્ય નથી; કેમ કે તેમના જ્ઞાનનો અવિષય છે પરંતુ અતીન્દ્રિય અર્થના દર્શી એવા મતિવિશેષથી જ તેનું પ્રથમ કથન થઈ શકે અને તેવા અતીન્દ્રિય અર્થને જોનારા પુરુષ દ્વારા તે અર્થનું કથન કરાયે છતે સામાન્ય મતિવાળા જીવોને તેનો બોધ થઈ શકે છે. તેથી, વૈદ્યકશાસ્ત્રોનો અને જ્યોતિષશાસ્ત્રોનો જે બોધ વર્તમાનમાં વિદ્યમાન છે તેનું પ્રથમ વિવેચન કરનારા અતીન્દ્રિય જ્ઞાની કોઈક છે તેમ સ્વીકારવું જોઈએ અને તેમ મીમાંસક સ્વીકારે તો 'અતીન્દ્રિય અર્થને જોનારા કોઈ નથી', એમ કહીને સર્વજ્ઞનો અપલાપ મીમાંસક કરી શકે નહીં. અહીં મીમાંસક કહે કે જો સામાન્ય મતિવાળા જીવોને વૈદ્યકશાસ્ત્રનો અર્થ પ્રથમથી વિષય નથી તો અતીન્દ્રિય અર્થને જોનારા પણ વિવેચન કરીને કહે તો પણ પાછળથી તે વિષય બની શકે નહીં. જેમ સંસારી જીવોને કોઈ શારીરિક દુઃખાવો થાય ત્યારે સામાન્યથી બોધ હોય છે કે 'આનું ઔષધ છે, તેથી તે રોગ માટે કયા ઔષધનું સેવન કરવું જોઈએ.' તેનો નિર્ણય કરવા અર્થે વૈદ્યનો આશ્રય કરે છે પરંતુ જેઓને રોગની પીડામાં તેનો ઉપાય ઔષધ છે તેવો સામાન્ય બોધ ન હોય તેને વિશેષ બોધ કરાવનાર પણ બોધ કરાવી શકે નહીં. તેથી સામાન્ય મતિવાળાનો પણ પ્રથમથી વૈદ્યક શાસ્ત્રનો અર્થ વિષય છે તેમ સ્વીકારવું જોઈએ. તેને ગ્રંથકારશ્રી કહે છે. મીમાંસકે આપેલો 'આ પ્રકારનો દોષ નથી'; કેમ કે પ્રથમથી સામાન્ય વિષય ન હોય તો પણ અતીન્દ્રિયાર્થને જોનારા સર્વજ્ઞ તેઓને પ્રથમથી સામાન્ય બોધ કરાવી શકે છે અને તે કથન જ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. જેમ કોઈ આંધળા પુરુષને ચક્ષુવાળા પુરુષથી કોઈક વસ્ત્રનું સમ્યગ્ રૂપ કહેવાયું હોય તે વસ્ત્રને તે આંધળો પુરુષ હાથથી સ્પર્શ કરીને ત્યાર પછી તે સ્પર્શ દ્વારા તે પટને જાણીને કહે છે કે 'આ શુક્લપટ છે' તેથી નક્કી થાય છે કે આંધળાને સામાન્યથી પણ રૂપનું દર્શન ન હતું છતાં ચક્ષુવાળા પુરુષના સમ્યગ્ કથનના બળથી તે પટના શુક્લરૂપનો યથાર્થ નિર્ણય કરીને વ્યવહાર કરી શકે છે, તેમ કોઈક શારીરિક રોગનું ઔષધ છે, તેવો સામાન્ય બોધ પણ જેઓને નથી એવા જીવો પણ રોગથી પીડાતા હોય ત્યારે વિશેષદર્શી પુરુષ તેને કહે કે 'આ રોગનું આ ઔષધ છે.' તેમના વચનથી અંધતુલ્ય છદ્મસ્થ જીવ પણ વૈદ્યકશાસ્ત્રોનો વિશેષ નિર્ણય કરી શકે છે. તેથી મીમાંસકે કહ્યું કે 'સામાન્ય મતિવાળાનો જે પ્રથમથી વિષય ન હોય તે વિષયને અતીન્દ્રિયના અર્થ જોનારા પાછળથી પણ બોધ કરાવી શકે નહીં' એ કથન યુક્ત નથી. તેથી શું ફલિત થાય ? તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે.

આ રીતે ઋષભદેવ ભગવાન છદ્મસ્થ અવસ્થામાં ચૌદપૂર્વી હતા. તે ચૌદપૂર્વનું જ્ઞાન પૂર્વના ભવમાં સર્વજ્ઞના વચનના બળથી થયેલ. તેથી વૈદ્યકશાસ્ત્રના અને જ્યોતિષશાસ્ત્રોના અતીન્દ્રિય અર્થને કેવલીના વચનના બળથી જોનારા ઋષભદેવ ભગવાન હતા અને તેમના ઉપદેશથી અંધતુલ્ય એવા જીવો પ્રથમથી રોગના નિવારણ માટે ઔષધાદિમાં પ્રવૃત્ત થયા. આશય એ છે કે 'જેમ પશુઓને કોઈ પીડા થાય ત્યારે

પીડાથી સંતપ્ત થાય છે, તો પણ આ રોગ માટે કોઈ ઔષધ છે.' તેવું સામાન્ય જ્ઞાન પણ તેઓને નથી, તેમ ઋષભદેવ ભગવાન થયા ત્યારે યુગલિકોને કાલદોષને કારણે પ્રથમ અવસ્થામાં કોઈક રોગોની પ્રાપ્તિ થઈ ત્યારે ઋષભદેવ ભગવાનને તેના ઉપાયો પૂછે છે પરંતુ તે રોગના કોઈ ઉપાયો છે, કોઈ ઔષધ છે તેવું સામાન્ય જ્ઞાન પણ યુગલિકોને નથી. છતાં ઋષભદેવ ભગવાને ચૌદ પૂર્વના જ્ઞાનને કારણે તે તે રોગોનાં તે તે ઔષધો છે તેવું જાણીને યુગલિકોને તે તે રોગનાં તે તે ઔષધ છે તેવો પ્રથમ ઉપદેશ આપ્યો અને તેમના ઉપદેશથી અંધ તુલ્ય સર્વ યુગલિકો ઔષધાદિમાં પ્રવૃત્ત થયા અને ત્યાર પછી પરંપરામાં પણ કોઈ વિશેષ જાણનાર નથી; કેમ કે સર્વ જીવો રાગાદિ દોષથી યુક્ત છે અર્થાત્ રાગ, દ્વેષ અને અજ્ઞાન દોષથી યુક્ત છે. તેથી અતીન્દ્રિય અર્થને યથાર્થ જોવા માટે અંધ તુલ્ય છે. માટે ઋષભદેવ ભગવાને જે ઉપદેશ આપેલો તેના અનુસારથી જ વૈદ્યકશાસ્ત્ર પ્રવર્ત્યું અને જેઓ તે ઉપદેશને યથાર્થ જાણી શક્યા નહીં તેઓએ સ્વમતિકૃત કંઈક યથાર્થ કાંઈક વિપરીત યોજન કરીને તે વૈદ્યકશાસ્ત્રને મિશ્રિત દોષવાળું કર્યું પરંતુ જેઓ ઋષભદેવ ભગવાનના મૂળ ઉપદેશ અનુસાર જ વૈદ્યકશાસ્ત્રનું અનુસરણ કરે છે તેઓને તે તે રોગના યથાર્થ ઔષધની પ્રાપ્તિ થાય છે. તેનાથી સિદ્ધ થાય છે કે અતીન્દ્રિય અર્થને જોનારાના વચનના બળથી ઋષભદેવ ભગવાનથી વૈદ્યકશાસ્ત્ર આદિ પ્રવર્ત્યું. માટે અતીન્દ્રિય અર્થને જોનાર કોઈક પુરુષ છે તેમ મીમાંસકે સ્વીકારવું જોઈએ. **॥૧૩૧૦થી ૧૩૧૪॥**

**અવતરણિકા :-**

**पुनरप्यत्र पर आह—**

**અવતરણિકાર્થ :-**

**ફરી પણ અહીં=સર્વજ્ઞના વિષયમાં, પર કહે છે=મીમાંસક કહે છે –**

**ગાથા :-**

**सव्वं तिकालजुत्तं तीयादिसु कह य तस्स पच्चक्खं? ।**
**तेसिमभावातो च्चिय भावे तीतादिमो किह णु? ।।१३१५।।**

**છાયા :-**

**सर्वं त्रिकालयुक्तमतीतादिषु कथं च तस्य प्रत्यक्षम् ।**
**तेषामभावादेव भावेऽतीतादयः कथं नु ? ।।१३१५।।**

**ગાથાર્થ :-**

**સર્વ=સર્વ વસ્તુ, ત્રિકાલયુક્ત છે. અતીતાદિમાં કેવી રીતે તેમને=ભગવાનને, પ્રત્યક્ષ થાય ?; કેમ કે તેઓનો=અતીતાદિનો, અભાવ જ છે. ભાવમાં=અતીતાદિના ભાવમાં, કેવી રીતે અતીતાદિ થાય ? ॥૧૩૧૫॥**

**ટીકા :-**

**सर्वं वस्तु त्रिकालयुक्तं, ततश्च कथं तस्य भगवतः सर्वज्ञस्य प्रत्यक्षमतीतादिषु-अतीतानागतेषु भावेषु प्रवर्त्तते?, नैव प्रवर्त्तत इतिभावः । कुतः इत्याह—तेषाम्-अतीतादीनां विवक्षितकालेऽभावात्-असत्त्वात् । भावे वा कथं नु ते भावा अतीतादयो भवेयुः?, किंतु वर्त्तमाना एव, तदन्यवर्त्तमानभाववत् ।।१३१५।।**

**ટીકાર્થ :-**

सर्वं ..... भाववत् ।। સર્વ વસ્તુ ત્રિકાલયુક્ત છે=જગતમાં જે કોઈ પદાર્થો છે તે સર્વ ત્રણેય કાળમાં રહેનારા છે, અને તેથી તે ભગવાન સર્વજ્ઞને અતીતાદિ ભાવોમાં=અતીત અને અનાગત ભાવોમાં, કેવી રીતે પ્રત્યક્ષ પ્રવર્તે ? અર્થાત્ પ્રત્યક્ષ જ્ઞાન પ્રવર્તી શકે નહીં. 'કયા કારણથી પ્રત્યક્ષ જ્ઞાન પ્રવર્તી શકે નહીં ?' એથી હેતુ કહે છે. તેઓનો=અતીતાદિ ભાવોનો=અતીત અને અનાગત એવા ભાવોનો, વિવક્ષિત કાળમાં=વર્તમાનકાળમાં, અભાવ છે=અસત્ત્વ છે અથવા ભાવ હોતે છતે=અતીત અને અનાગત ભાવોનો વર્તમાનમાં ભાવ હોતે છતે, કેવી રીતે તે ભાવો અતીતાદિ થાય ? અર્થાત્ અતીતાદિ થાય નહીં પરંતુ વર્તમાન જ થાય. તેનાથી અન્ય વર્તમાન ભાવની જેમ=અતીત અને અનાગતથી અન્ય વર્તમાન ભાવની જેમ, અતીત અને અનાગત ભાવો પણ વર્તમાન થાય. ।।૧૩૧૫।।

**અવતરણિકા :-**

**अत्राचार्य आह—**

**અવતરણિકાર્થ :-**

આમાં=મીમાંસકની શંકામાં, આચાર્યશ્રી કહે છે –

**ગાથા :-**

**तेसिमभावो तु मुसा वत्थु जतो दव्वपज्जवसहावं ।**
**भेदाभेदो य मिहो अत्थि य तं वत्तमाणे वि ।।१३१६।।**

**છાયા :-**

तेषामभावस्तु मृषा वस्तु यतो द्रव्यपर्यायस्वभावम् ।
भेदाभेदश्च मिथोऽस्ति च तद्वर्त्तमानेऽपि ।।१३१६।।

**ગાથાર્થ :-**

**તેઓનો=અતીતાદિનો, અભાવ છે, એ મૃષા છે. જે કારણથી વસ્તુ દ્રવ્ય, પર્યાય સ્વભાવવાળી છે અને પરસ્પર ભેદાભેદ છે. તે=અતીતાદિ વસ્તુ, વર્તમાનમાં પણ છે. ।।૧૩૧૬।।**

**ટીકા :-**

तेषामतीतादीनां भावानामभाव इति यदुक्तं तन्मृषैव । तुरेवकारार्थो भिन्नक्रमश्च । कथं मृषेत्यत आह—'वत्थु इत्यादि' यतो-यस्मात् वस्तु द्रव्यपर्यायस्वभावम्-अनुवृत्तिव्यावृत्तिस्वरूपं, तयोर्द्रव्यपर्याययोर्मिथः-परस्परं भेदाभेदौ, अन्योऽन्यव्याप्तिभावात्, अन्यथाऽत्यन्तवैलक्षण्यापत्तेरैक्यापत्तेर्वा वस्तुत्वायोगात्, एकान्तनित्यस्यानित्यस्य वा सर्वथा विज्ञानादिकार्यायोगात्, यथोक्तं प्राक् । ततश्च तदतीतादिकं वस्तु वर्त्तमानेऽपि-वर्त्तमानकालेऽपि कथंचिदस्ति, ततो न कश्चिद्दोषः ।।१३१६।।

**ટીકાર્થ :-**

तेषामतीतादीनां ..... कश्चिद्दोषः ।। તેઓનો=અતીતાદિ ભાવોનો=અતીત અને અનાગત ભાવોનો, અભાવ છે એ પ્રમાણે મીમાંસક વડે જે કહેવાયું તે મૃષા જ છે. 'તુ' શબ્દ એવકાર અર્થવાળો છે અને ભિન્ન ક્રમવાળો છે. તેથી મૃષા સાથે યોજિત છે. 'કેવી રીતે મૃષા છે ?' એથી કહે છે. જે કારણથી વસ્તુ દ્રવ્ય અને પર્યાય સ્વભાવવાળી છે=અનુવૃત્તિ અને વ્યાવૃત્તિરૂપ છે=અનુવૃત્તિરૂપ દ્રવ્ય છે અને વ્યાવૃત્તિરૂપ પર્યાય છે. તે દ્રવ્ય અને પર્યાયનો પરસ્પર ભેદ-અભેદ છે; કેમ કે પરસ્પર વ્યાપ્તિભાવ છે. અન્યથા=દ્રવ્ય અને પર્યાયની પરસ્પર વ્યાપ્તિ ન માનો તો, અત્યંત વૈલક્ષણ્યની આપત્તિ હોવાથી=અત્યંત ભેદની આપત્તિ હોવાથી, અથવા ઐક્યની આપત્તિ હોવાથી વસ્તુત્વનો અયોગ છે. દ્રવ્ય અને પર્યાયની અન્યોન્ય વ્યાપ્તિ ન સ્વીકારવામાં આવે તો વસ્તુત્વનો અયોગ કેમ છે ? તેમાં હેતુ કહે છે. એકાંત નિત્યના અથવા એકાંત અનિત્યના સર્વથા વિજ્ઞાનાદિ કાર્યનો અયોગ છે. જે પ્રમાણે પૂર્વમાં કહેવાયું છે. અને તેથી તે અતીતાદિક વસ્તુ વર્તમાનમાં પણ=વર્તમાનકાળમાં પણ, કથંચિત્ છે. તેથી કોઈ દોષ નથી. ।।૧૩૧૬।।

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે 'જગતમાં સર્વજ્ઞ વિદ્યમાન છે' અને 'વીર ભગવાન સર્વજ્ઞ છે.' ત્યાં પૂર્વપક્ષી મીમાંસક કહે છે કે જગતમાં વર્તતી સર્વ વસ્તુઓ ત્રિકાળ વિષયવાળી છે અને ભગવાન સર્વજ્ઞને વર્તમાનની સર્વ વસ્તુ પ્રત્યક્ષ થઈ શકે પરંતુ અતીત વસ્તુનું અને અનાગત વસ્તુનું પ્રત્યક્ષ થઈ શકે નહીં; કેમ કે 'અતીત વસ્તુ વર્તમાનમાં નથી અને અનાગત વસ્તુ પણ વર્તમાનમાં નથી. તેથી વર્તમાનમાં તેનું પ્રત્યક્ષ થઈ શકે નહીં અને જો અતીત અને અનાગત વસ્તુનું સર્વજ્ઞને વર્તમાનમાં પ્રત્યક્ષ છે તેમ માનો તો તે અતીત અને અનાગત વસ્તુને વર્તમાન રૂપે સ્વીકારવાની આપત્તિ આવે.' આ પ્રકારના પૂર્વપક્ષીના દોષનું નિવારણ કરતાં આચાર્યશ્રી કહે છે. પૂર્વપક્ષીએ કહ્યું કે 'અતીત અને અનાગત ભાવોનો વર્તમાનમાં અભાવ છે.' તે કથન મૃષા છે. કેમ મૃષા છે ? તેથી કહે છે. વસ્તુ દ્રવ્યસ્વભાવવાળી અને પર્યાયસ્વભાવવાળી છે. દ્રવ્યસ્વભાવ ત્રણ કાળમાં અનુવૃત્તિ સ્વરૂપ છે અને પર્યાયસ્વભાવ પ્રતિક્ષણમાં વ્યાવૃત્તિ સ્વરૂપ છે. વળી, દ્રવ્ય અને પર્યાયનો પરસ્પર કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ છે પરંતુ ઘટ-પટની જેમ દ્રવ્ય અને પર્યાય અત્યંત પૃથક્ નથી. તેથી દ્રવ્ય અને પર્યાય પરસ્પર વ્યાપ્તિના પરિણામવાળા છે. જો દ્રવ્ય અને

પર્યાય પરસ્પર વ્યાપ્તિવાળા ન હોય અને ઘટ-પટની જેમ અત્યંત વૈલક્ષણ્ય હોય તો દ્રવ્ય પર્યાય વગરનું બને અને પર્યાય દ્રવ્ય વગરનું બને અને તેવી વસ્તુ જગતમાં નથી પરંતુ દ્રવ્ય અને પર્યાય પરસ્પર અનુવિદ્ધ જ છે, ઘટ-પટની જેમ પૃથક્ નથી. વળી, દ્રવ્ય પર્યાયને સર્વથા એક સ્વીકારીએ તો દ્રવ્ય એક અને પર્યાય અનેક દેખાય છે, તે સંગત થાય નહીં. તેથી સર્વથા એક સ્વીકારવાથી પણ અવસ્તુની પ્રાપ્તિ છે. માટે 'વસ્તુરૂપે સત્ એવી વસ્તુ દ્રવ્યરૂપે નિત્ય અને પર્યાયરૂપે અનિત્ય છે' તેમ સ્વીકારવું જોઈએ પરંતુ 'એકાંત નિત્ય અને એકાંત અનિત્ય વસ્તુ હોય તો તેનું વિજ્ઞાનાદિ કાર્ય થઈ શકે નહીં.' એ પ્રકારે પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહેલું છે. તેથી વસ્તુ અતીત, અનાગતરૂપે પણ વર્તમાનમાં છે. ફક્ત અતીતકાળનો તે તે પર્યાય તે તે કાળમાં વ્યક્ત હતો, વર્તમાનમાં દ્રવ્ય સ્વરૂપે તે તે પર્યાય છે અને અનાગતકાળમાં તે તે પર્યાય તે તે કાળમાં વ્યક્ત થશે તો પણ દ્રવ્યરૂપે તે પર્યાય વર્તમાનમાં વિદ્યમાન છે. તેથી અતીતકાળના પર્યાયો અને અનાગતકાળના પર્યાયો સર્વથા અસત્ નથી પરંતુ દ્રવ્યરૂપે સત્ છે. તેથી દ્રવ્યમાં વિદ્યમાન તે સર્વ પર્યાયોને સર્વજ્ઞ વર્તમાનમાં જાણી શકે છે. જેવી વસ્તુ હોય તેવી જ વસ્તુને સર્વજ્ઞ જોઈ શકે છે. તેથી સર્વ દ્રવ્યો ત્રણ કાળમાં રહેલા છે તે દ્રવ્યોને વર્તમાનમાં ત્રણ કાળરૂપે જોઈ શકે છે. ભૂતકાળના પર્યાયો વર્તમાનમાં તે દ્રવ્યમાં તિરોહિત છે. તેથી વર્તમાનમાં તિરોહિતરૂપે જોઈ શકે છે અને ભૂતકાળમાં વિદ્યમાન હતા તેથી ભૂતકાળમાં જે સ્વરૂપે વિદ્યમાન હતા તે સ્વરૂપે જોઈ શકે છે. વળી, ભવિષ્યમાં જે પર્યાયો જે સ્વરૂપે વિદ્યમાન થશે તે પર્યાયોને ભવિષ્યરૂપે વર્તમાનમાં જોઈ શકે છે અને વર્તમાનમાં ભવિષ્યના તે પર્યાયો તિરોહિત છે. તેથી તિરોહીત સ્વરૂપે જુએ છે; કેમ કે નિરાવરણ એવું કેવળજ્ઞાન જ્ઞેયના પૂર્ણ સ્વરૂપને જે સ્વરૂપે જ્ઞેય રહેલું છે તે સ્વરૂપે જોઈ શકે છે. માટે જગતમાં સર્વજ્ઞ ત્રણેય કાળના સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયોને જાણી શકે છે તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. **॥૧૩૧૫-૧૩૧૬॥**

**અવતરણિકા :-**

**दोषाभावमेव भावयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**દોષના અભાવને જ ભાવન કરતાં કહે છે=સર્વજ્ઞને અતીત અને અનાગતનું જ્ઞાન થાય છે તેમ સ્વીકારવામાં દોષનો અભાવ છે એમ પૂર્વમાં કહ્યું તેને જ સ્પષ્ટ કરતાં કહે છે –**

**ગાથા :-**

**सयलातीतावत्थाजण्णं पारंपरेण जमिदाणिं ।**
**एसाण य एवं चिय जणगं खलु होइ णातव्वं ।।१३१७।।**

**છાયા :-**

**सकलातीतावस्थाजन्यं पारंपर्येण यदिदानीम् ।**
**एष्यतीनां चैवमेव जनकं खलु भवति ज्ञातव्यम् ।।१३१७।।**

**ગાથાર્થ :-**

**જે કારણથી સકલ અતીત અવસ્થાથી જન્ય પરંપરાથી વર્તમાનની વસ્તુ છે અને તે રીતે જ ભવિષ્યની અવસ્થાની જનક (વર્તમાનની વસ્તુ) જ્ઞાતવ્ય થાય છે. ।।૧૩૧૭।।**

**ટીકા :-**

**यत्-यस्मात् इदानीं वर्त्तमानं वस्तु पारंपर्येण सकलातीतावस्थाजन्यं, तथा एवमेव-उक्तप्रकारेण पारंपर्येणेतियावत् सर्वासामपि एष्यतीनामवस्थानां जनकं खलु भवति ज्ञातव्यम् ।।१३१७।।**

**ટીકાર્થ :-**

**यत्- ..... ज्ञातव्यम् ।। જે કારણથી હમણાંની=વર્તમાનની વસ્તુ, પરંપરાથી સકલ અતીત અવસ્થાથી જન્ય છે અને એ રીતે જ=ઉક્ત પ્રકારથી જ=પારંપર્યથી, સર્વ પણ ભવિષ્યની અવસ્થાની જનક (વર્તમાનની વસ્તુ) ખરેખર જ્ઞાતવ્ય થાય છે. ।।૧૩૧૭।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે 'અતીતકાળના અને ભવિષ્યકાળના ભાવો વર્તમાનકાળમાં કથંચિત્ છે માટે સર્વજ્ઞને ત્રણેય કાળના સર્વ જ્ઞેયનું જ્ઞાન થાય છે એમ સ્વીકારવામાં દોષ નથી.' કઈ રીતે અતીતકાળના ભાવો અને ભવિષ્યકાળના ભાવો વર્તમાન વસ્તુમાં છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. વર્તમાનમાં જે વસ્તુ છે તે સકલ અતીત અવસ્થાજન્ય છે. જેમ આપણો આત્મા અતીતકાળમાં જે જે ભાવો રૂપે પરિણમન પામ્યો તે તે ભાવોથી જન્ય વર્તમાનનો પર્યાય છે. તેથી દરેક વસ્તુમાં પૂર્વ પૂર્વનો ભાવ ઉત્તર ઉત્તરના ભાવનો જનક બને છે. માટે સકલ અતીત અવસ્થાજન્ય વર્તમાનની વસ્તુ હોવાથી કારણરૂપે તે ભાવ સ્વરૂપે તે વસ્તુ છે. વળી, સર્વ પણ ભવિષ્યની અવસ્થાની જનક વર્તમાનની વસ્તુ છે; કેમ કે વર્તમાનની વસ્તુ જ પોતાની તે તે અવસ્થાને ઉત્પન્ન કરશે. જેમ વર્તમાનનો જ આપણો આત્મા તે તે ભાવો કરીને ભવિષ્યના તે તે જન્મોને પ્રાપ્ત કરશે અને સમ્યગ્ સાધના કરશે તો મોક્ષ અવસ્થાને પામશે. તેથી વર્તમાનની વસ્તુ ભવિષ્યની અવસ્થાની જનક છે માટે વર્તમાનની અવસ્થા કારણ છે અને ભવિષ્યની અવસ્થા કાર્ય છે. તેથી વર્તમાનની અવસ્થા સાથે ભવિષ્યની અવસ્થા પણ કાર્યકારણ ભાવરૂપે સંબદ્ધ છે. **।।૧૩૧૭।।**

**અવતરણિકા :-**

**ततश्च –**

**અવતરણિકાર્થ :-**

**અને તેથી=સકલ અતીત અવસ્થાજન્ય વર્તમાનની વસ્તુ છે અને વર્તમાનની વસ્તુ સર્વ પણ અનાગત અવસ્થાની જનક છે તેથી શું પ્રાપ્ત થાય ? તે કહે છે –**

ગાથા :-

तीए तीए सत्तीए (त्तिइ) पावितं जं च पाविहिति सा सा ।
तं तं तओ वियाणइ आवरणाभावतो चेव ।।१३१८।।

છાયા :-

तया तया शक्त्या प्रापितं यच्च प्राप्स्यति सा सा ।
तत्तत् सको विजानाति आवरणाभावादेव ।।१३१८।।

ગાથાર્થ :-

**તે તે શક્તિથી જે વસ્તુ પ્રાપિત છે અને તે તે અવસ્થાને પ્રાપ્ત કરશે, તેને તેને આવરણના અભાવથી જ તે=સર્વજ્ઞ, જાણે છે. ।।૧૩૧૮।।**

ટીકા :-

तया तया शक्त्याऽवस्थारूपया पारंपर्येण यत् खल्विदानीं वर्त्तमानं वस्तु प्रापितं-ढौकितं यच्च कर्म्मतापन्नमिदानीमेव वर्त्तमानं वस्तु सा साऽवस्था प्राप्स्यति, तां तामवस्थामतीतामनागतां च 'तओ त्ति'सकः सर्वज्ञस्तज्ज्ञानविबन्धकावरणाभावात् विजानाति, कथंचित्तासामवस्थानामिदानीमपि विद्यमानत्वात्, पर्यायस्याप्येकान्ततो विनाशाभावात् । 'तम्मि य अनियत्तंते न नियत्तइ सव्वहा सो वि' इति वचनप्रामाण्यात् ।।१३१८।।

ટીકાર્થ :-

तया ..... वचनप्रामाण्यात् ।। તે તે અવસ્થારૂપ શક્તિથી પરંપરા દ્વારા જે ખરેખર હમણાંની વસ્તુ પ્રાપ્ત કરાઈ અને જે કર્મતાને પામેલ હમણાંની જ=વર્તમાન વસ્તુ જ, તે તે અવસ્થાને પ્રાપ્ત કરશે, અતીત અને અનાગત તે તે અવસ્થાને, તે=સર્વજ્ઞ, તેના જ્ઞાનના વિબંધક એવા આવરણનો અભાવ હોવાથી=તે તે અતીત અવસ્થા અને અનાગત અવસ્થાના જ્ઞાનના વિબંધક તેવા જ્ઞાનાવરણીય કર્મોનો અભાવ હોવાથી, જાણે છે; કેમ કે કોઈક રીતે તેઓની અવસ્થાઓનું=વસ્તુઓની અતીત અને અનાગત અવસ્થાઓનું, હમણાં પણ વિદ્યમાનપણું છે. અહીં પ્રશ્ન થાય કે અતીત પર્યાયો તો નાશ પામ્યા છે. તેથી તે પર્યાયો હમણાં વિદ્યમાન કઈ રીતે છે ? તે સ્પષ્ટ કરવા અર્થે હેતુ કહે છે. પર્યાયનો પણ એકાંતથી વિનાશનો અભાવ છે=પર્યાય પર્યાયરૂપે નાશ પામવા છતાં દ્રવ્યરૂપે તે પર્યાય નાશ પામતું નથી. કેમ પર્યાય સર્વથા નાશ પામતું નથી ? તેમાં હેતુ કહે છે – અને "તે નિવર્તન થયે છતે તે પણ સર્વથા નિવર્તન પામતું નથી=પર્યાય નિવર્તન થયે છતે તે પર્યાયવાળું દ્રવ્ય પણ સર્વથા નિવર્તન પામતું નથી." એ પ્રકારના વચનનું પ્રામાણ્ય છે. ।।૧૩૧૮।।

**ભાવાર્થ :-**

અતીત અને અનાગત વસ્તુ દ્રવ્યરૂપે છે. તેથી સર્વજ્ઞ અતીત અને અનાગતના ભાવો જોઈ શકે છે. 'કઈ રીતે જોઈ શકે છે ?' તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે. જગતમાં વર્તમાન જે વસ્તુ છે તે વસ્તુ પરંપરાથી તે તે પ્રકારની શક્તિવાળી હતી. જે શક્તિના કારણે વર્તમાનરૂપે તે અવસ્થાને પ્રાપ્ત થઈ અને વર્તમાનની વસ્તુ ભવિષ્યની જે અવસ્થાની કર્મતાને પામેલી છે તે અવસ્થાને પણ આવરણના ક્ષયને કારણે કેવલી જાણે છે. જેમ 'કુંભાર ઘટ કરે છે', એમ કહીએ ત્યારે માટી ઘટરૂપ કાર્યની કર્મતાને પામેલ છે. તેથી ભવિષ્યમાં તે માટી ઘટરૂપ કાર્ય સ્વરૂપે થશે. તેમ દરેક 'વર્તમાનકાળની વસ્તુ ભવિષ્યમાં થનારા ભાવોની કર્મતાને પામેલી છે અને કેવળીના જ્ઞાનને આવરનારું કર્મ નાશ થયેલું હોવાથી કેવલજ્ઞાનથી તે સર્વ ભાવોને જોઈ શકે છે.' માટે અતીત અને અનાગતના ભાવોનું જ્ઞાન થઈ શકે નહીં એમ જે મીમાંસક કહે છે તે ઉચિત નથી. **૧૩૧૮॥**

**અવતરણિકા :-**

**અથોચ્યેત-કથમેતદવસીયતે દ્રવ્યપર્યાયસ્વભાવં વસ્ત્વિતિ ?, એતદાશઙ્ક્ય વિપક્ષે બાધકમાહ—**

**અવતરણિકાર્થ :-**

**'અથ'થી પૂર્વપક્ષી કહે છે. કેવી રીતે આ નિર્ણય થાય કે દ્રવ્યપર્યાય સ્વભાવવાળી વસ્તુ છે. એની આશંકા કરીને વિપક્ષમાં=દ્રવ્યપર્યાય સ્વભાવવાળી વસ્તુ ન સ્વીકારવામાં, બાધકને કહે છે —**

**ગાથા :-**

**पावति तस्साभावो मूलाभावातो अहव एगत्तं ।**
**एगंततो त्ति एवं कहं णु अद्धादिभेदो वि? ।।१३१९।।**

**છાયા :-**

**प्राप्नोति तस्याभावो मूलाभावादथवा एकत्वम् ।**
**एकान्तत इत्येवं कथं नु अद्धादिभेदोऽपि ।।१३१९।।**

**ગાથાર્થ :-**

**તેનો=વસ્તુનો, અભાવ પ્રાપ્ત થાય. મૂળ અભાવ હોવાથી અથવા એકાંતથી એકત્વ પ્રાપ્ત થાય, એ રીતે=એકાંતથી એકત્વ હોય તો, કેવી રીતે અદ્ધાદિ ભેદ પણ પ્રાપ્ત થાય ? ॥૧૩૧૯॥**

**ટીકા :-**

**यदि द्रव्यपर्यायस्वभावं वस्तु नेष्यते किंतु पर्यायमात्रं द्रव्यमात्रं वेष्येत तर्हि पर्यायमात्राभ्युपगमे तस्य वस्तुनोऽभाव एव प्राप्नोति, मूलाभावात्, पूर्वभावस्य निरन्वयविनाशाभ्युपगमे सति सर्वथा तदलाभात् । अथवा यदि केवलं द्रव्यमात्रमिष्यत इत्यर्थः एकान्ततः एकत्वं-समयातीतत्वादिपर्यायभेद-**

**मात्रस्याभावः प्राप्नोति, सर्वथा पर्यायानभ्युपगमात् । तत एवमेकान्तत एकत्वे सति कथं नु अद्धाभेदोऽपि-कालभेदोऽपि, सोऽपि भेदो न प्राप्नोतीतियावत् । तस्मात् द्रव्यपर्यायस्वभावं वस्तु ।।१३१९।।**

**ટીકાર્થ :-**

**यदि ..... वस्तु ।। જો દ્રવ્યપર્યાયસ્વભાવવાળી વસ્તુ ઈચ્છાતી નથી પરંતુ પર્યાય માત્ર અથવા દ્રવ્ય માત્ર ઈચ્છાય છે, તો પર્યાય માત્ર સ્વીકાર કરાયે છતે, તે વસ્તુનો અભાવ જ પ્રાપ્ત થાય; કેમ કે મૂળનો અભાવ છે=પર્યાયની ઉત્પત્તિનું મૂળ દ્રવ્ય છે અને દ્રવ્યનો અસ્વીકાર કરવાથી પર્યાયના મૂળનો અભાવ પ્રાપ્ત થાય છે. પૂર્વભાવનો નિરન્વય વિનાશ સ્વીકાર કરાયે છતે સર્વથા તેનો અલાભ થાય=પૂર્વ પૂર્વના પર્યાયમાં દ્રવ્યના અન્વય વગર વિનાશ પામે છે તેમ સ્વીકારાયે છતે તે તે પર્યાયનો સર્વથા અલાભ થાય. અથવા જો કેવળ દ્રવ્ય માત્ર ઈચ્છાય છે એ પ્રકારે અર્થ છે=પદાર્થ છે, તો એકાંતથી એકત્વ=સમયના અતીતત્વાદિ પર્યાયના ભેદ માત્રનો અભાવ, પ્રાપ્ત થાય; કેમ કે સર્વથા પર્યાયનો અનભ્યુપગમ છે. તેથી આ રીતે એકાંતથી એકત્વ હોતે છતે કેવી રીતે અદ્ધાભેદ પણ=કાળભેદ પણ થાય, તે પણ=કાળભેદ પણ, પ્રાપ્ત થાય નહીં. તે કારણથી દ્રવ્યપર્યાયસ્વભાવવાળી વસ્તુ છે. ॥૧૩૧૯॥**

**ભાવાર્થ :-**

જગતમાં દરેક વસ્તુ દ્રવ્યપર્યાયસ્વભાવવાળી છે, તેથી દ્રવ્યથી પર્યાય પૃથક્ નથી અને પર્યાયથી દ્રવ્ય પૃથક્ નથી. તે સ્થાપન કરવા અર્થે યુક્તિ બતાવે છે. જો પર્યાય માત્ર વસ્તુ છે તેમ સ્વીકાર કરાયે છતે વસ્તુનો અભાવ જ પ્રાપ્ત થાય; કેમ કે પર્યાયનો મૂળ દ્રવ્ય છે અને દ્રવ્ય ન હોય તો પર્યાય પ્રાપ્ત થાય નહીં. કેમ દ્રવ્ય ન હોય તો પર્યાય પ્રાપ્ત થાય નહીં ? તેમાં યુક્તિ બતાવે છે. પૂર્વક્ષણના ભાવનો નિરન્વય વિનાશ સ્વીકારવામાં આવે તો ઉત્તર ક્ષણમાં વસ્તુનો સર્વથા અભાવ પ્રાપ્ત થાય. વસ્તુતઃ ઉત્તર ક્ષણમાં વસ્તુનો સર્વથા અભાવ પ્રાપ્ત થતો નથી પરંતુ ઘટનો નાશ થાય છે ત્યારે ઉત્તરમાં ઠીકરાં પ્રાપ્ત થાય છે પરંતુ સર્વથા અભાવ પ્રાપ્ત થતો નથી. તેમ સર્વ વસ્તુના નાશમાં સર્વથા અભાવ પ્રાપ્ત થતો નથી માટે પર્યાય દ્રવ્યથી અનુવિદ્ધ છે. અથવા જો કેવળ દ્રવ્ય સ્વીકારાય તો એકાંતથી એકત્વ પ્રાપ્ત થાય=સમયના અતીતત્વાદિ પર્યાય ભેદ દરેક વસ્તુમાં પ્રાપ્ત થાય છે તેનો પણ અભાવ પ્રાપ્ત થાય; કેમ કે પર્યાય રહિત માત્ર દ્રવ્યનો સ્વીકાર કરાયેલો છે જે અનુભવ વિરુદ્ધ છે માટે અનુભવ અનુસાર દરેક વસ્તુ દ્રવ્ય સ્વભાવવાળી છે અને તે જ વસ્તુ પર્યાય સ્વભાવવાળી છે તેમ સ્વીકારવું જોઈએ. **॥૧૩૧૯॥**

**ગાથા :-**

**एवं तीताणागतरूवं पि कहंचि अत्थि दव्वस्स ।**
**ण य तीतादिअभावो पज्जायावेक्खतो जुत्तो ।।१३२०।।**

છાયા :-

एवमतीतानागतरूपमपि कथञ्चिदस्ति द्रव्यस्य ।
न चातीताद्यभावः पर्यायापेक्षातो युक्तः ।।१३२०।।

ગાથાર્થ :-

આ રીતે દ્રવ્યનું અતીત, અનાગતરૂપ પણ કથંચિત્ છે અને અતીત આદિનો અભાવ પર્યાય અપેક્ષાથી યુક્ત નથી. ।।૧૩૨૦।।

ટીકા :-

एवं सति द्रव्यपर्यायरूपत्वे सतीतियावत् अतीतानागतमपि रूपं कथंचित्तत्संबन्धबीजतया अस्ति द्रव्यस्य, ततो न यथोक्तप्रत्यक्षप्रवृत्त्यभावलक्षणदोषावकाशः, यच्चोक्तं—'भावेऽतीतादि सो किह णु त्ति' तदपाकर्तुमाह—'नयेत्यादि' न च एवं सति अतीताद्यभावः-अतीतानागताभावो युक्तः, किंत्वयुक्त एव, कुत इत्याह—पर्यायापेक्षातः । एतदुक्तं भवति—यद्यपि कथंचित्तत्संबन्धनिमित्ततया अतीतानागतमपि रूपं द्रव्यस्य विद्यते तथाप्युद्भूततथापरिणतिलक्षणपर्यायविनाशाद्यपेक्षया अतीतादित्वव्यवहारोऽपि न विरुद्ध्यत इति ।।१३२०।।

ટીકાર્થ :-

एवं ..... विरुद्ध्यत इति ।। આમ હોતે છતે=દ્રવ્યપર્યાયરૂપપણું હોતે છતે, દ્રવ્યનું અતીતઅનાગત પણ રૂપ કથંચિત્ તત્સંબંધના બીજપણાથી છે=દ્રવ્યના સંબંધના બીજપણાથી છે, તેથી યથોક્ત પ્રત્યક્ષ પ્રવૃત્તિના અભાવ લક્ષણ દોષનો અવકાશ નથી=દ્રવ્યમાં અતીતઅનાગતરૂપ કથંચિત્ છે તેથી કેવળીને તેના પ્રત્યક્ષની પ્રવૃત્તિનો અભાવ લક્ષણ દોષ જે પ્રમાણે પૂર્વપક્ષીએ આપેલો તે પ્રકારે દોષનો અવકાશ નથી, અને જે કહેવાયું=ગાથા-૧૩૧૫માં કહેવાયું કે 'અતીતાદિ ભાવો હોય તો તેનું વર્તમાન પ્રાપ્ત થાય.' એ પ્રકારે તેને=પૂર્વપક્ષીના કથનને, નિરાકરણ કરવા માટે કહે છે – અને આમ હોતે છતે અતીતાદિનો અભાવ=અતીત અને અનાગતનો અભાવ, યુક્ત નથી પરંતુ અયુક્ત જ છે. 'કઈ અપેક્ષાથી અતીત અને અનાગતનો અભાવ અયુક્ત છે ?' એથી કહે છે. પર્યાયની અપેક્ષાથી અયુક્ત જ છે. આ કહેવાયેલું થાય છે. જોકે કથંચિત્ તત્સંબંધના નિમિત્તપણાથી=અતીત અનાગત પર્યાયના સંબંધના નિમિત્તપણાથી, દ્રવ્યનું અતીતઅનાગત પણ રૂપ વિદ્યમાન છે, તો પણ ઉદ્‌ભૂત તથાપરિણતિરૂપ પર્યાયના વિનાશાદિની અપેક્ષાથી=પ્રગટ એવી તે પ્રકારની પરિણતિરૂપ પર્યાયના વિનાશાદિની અપેક્ષાથી, અતીતાદિનો વ્યવહાર પણ વિરોધ પામતો નથી. ।।૧૩૨૦।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે 'વસ્તુ દ્રવ્યપર્યાયસ્વભાવવાળી છે. માત્ર દ્રવ્ય સ્વભાવવાળી નથી કે માત્ર

પર્યાય સ્વભાવવાળી નથી.' આમ સિદ્ધ થવાથી દ્રવ્યનું સ્વરૂપ કથંચિત્ અતીતભાવરૂપ અને અનાગતભાવરૂપ છે અર્થાત્ પર્યાયની અપેક્ષાએ પદાર્થ તે તે ભાવરૂપે વર્તમાનમાં હોવા છતાં દ્રવ્યરૂપે અતીતભાવરૂપ પણ વર્તમાનમાં છે અને અનાગતભાવરૂપ પણ વર્તમાનમાં છે. વળી, પૂર્વપક્ષીએ કહેલ કે 'અતીત અને અનાગત ભાવ વર્તમાનમાં હોય તો તેને અતીત કે અનાગત કહી શકાય નહીં તેનું નિરાકરણ કરતાં કહે છે. દ્રવ્ય રૂપે અતીતાદિનો ભાવ છે તેમ સ્વીકારવાથી અતીત અને અનાગતનો અભાવ પર્યાય અપેક્ષાએ વર્તમાનમાં યુક્ત નથી એમ નહીં પરંતુ પર્યાય અપેક્ષાએ તો અતીત ભાવ અતીત જ છે, વર્તમાન નથી અને અનાગતના ભાવો અનાગતમાં થશે, વર્તમાનમાં નથી. માટે વર્તમાનમાં પણ અતીત ભાવોનો અતીત ભાવરૂપે વ્યવહાર થાય છે અને અનાગત ભાવોનો અનાગતરૂપે વ્યવહાર થાય છે. **॥૧૩૨૦॥**

**અવતરણિકા :-**

**उपसंहारमाह—**

**અવતરણિકાર્થ :-**

**ઉપસંહારને કરે છે –**

**ગાથા :-**

**एवंरूवं सव्वं एवं चिय गेण्हई तओ जम्हा ।**
**ताऽतीतादिसु सम्मं उववण्णं तस्स पच्चक्खं ।।१३२१।।**

**છાયા :-**

एवंरूपं सर्वमेवमेव गृह्णाति सको यस्मात् ।
तस्मादतीतादिषु सम्यगुपपन्नं तस्य प्रत्यक्षम् ।।१३२१।।

**ગાથાર્થ :-**

**જે કારણથી આવા સ્વરૂપવાળી સર્વ વસ્તુ આ રીતે જ તે=સર્વજ્ઞ, ગ્રહણ કરે છે. તે કારણથી તેને=સર્વજ્ઞને, અતીતાદિમાં પ્રત્યક્ષ સમ્યક્ ઉપપન્ન છે. ॥૧૩૨૧॥**

**ટીકા :-**

**एवंरूपं-मिथो भिन्नाभिन्नद्रव्यपर्यायस्वभावं सर्वं-सकलभुवनोदरवर्त्ति वस्तु, एवमेव सकलातीता-वस्थाजन्यतया सकलैष्यदवस्थाजनकतया च यस्मात् 'तओ त्ति' सकः सर्वज्ञो गृह्णाति 'ता' तस्मादतीतादिषु-अतीतानागतेषु भावेषु तस्य-सर्वज्ञस्य प्रत्यक्षं सम्यक् उपपन्नमेवेतिस्थितम् ।।१३२१।।**

**ટીકાર્થ :-**

एवंरूपं- ..... स्थितम् ।। આવા સ્વરૂપવાળું=પરસ્પર ભિન્નાભિન્ન દ્રવ્યપર્યાયસ્વભાવવાળું, સર્વ=

**સકલ ભુવનોદરવર્તી, વસ્તુ આ રીતે જ=પૂર્વમાં બતાવ્યું એ રીતે જ, સકલ અતીત અવસ્થાથી જન્યપણું હોવાને કારણે અને સકલ ભવિષ્યની અવસ્થાનું જનકપણું હોવાને કારણે જે કારણથી તે=સર્વજ્ઞ, ગ્રહણ કરે છે=સકલવસ્તુના સર્વ ભાવોને સર્વજ્ઞ કેવલજ્ઞાનથી જાણે છે, તે કારણથી, અતીતાદિ ભાવોમાં=અતીત અને અનાગત ભાવોમાં, તેને=સર્વજ્ઞને, પ્રત્યક્ષ સમ્યગ્ ઉપપન્ન છે=ઘટે છે, એ પ્રમાણે સ્થિત છે. ।।૧૩૨૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે 'દ્રવ્ય અને પર્યાય ઉભય સ્વભાવવાળી સર્વ વસ્તુ છે અને કેવલીને જ્ઞાનનું આવરણ નાશ થયેલું હોવાથી કેવલજ્ઞાનના બળથી જગતવર્તી સર્વ વસ્તુને ભિન્ન અભિન્ન દ્રવ્યપર્યાય સ્વભાવરૂપે ગ્રહણ કરે છે.' તેથી સકલ અતીત અવસ્થાજન્યપણારૂપે તેમને વર્તમાનની વસ્તુ દેખાય છે અને સકલ ભવિષ્યની અવસ્થાના જનકપણારૂપે વર્તમાનની વસ્તુ દેખાય છે. તેથી કેવલીને વર્તમાનમાં જગતમાં જેટલા પદાર્થો છે તે સર્વ પદાર્થોનું વર્તમાનરૂપે સમ્યગ્જ્ઞાન થાય છે તેમ અતીત અને અનાગત વિષયક સમ્યગ્જ્ઞાન થાય છે અને કેવળીનું તે સમ્યગ્જ્ઞાન અત્યંત સ્પષ્ટ હોવાથી પ્રત્યક્ષ છે તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. **॥૧૩૨૧॥**

**અવતરણિકા :-**

**अभ्युपगम्यापि सर्वथाऽतीतानागतानामिदानीमभावं प्रकृते दोष(षा)भावमाह—**

**અવતરણિકાર્થ :-**

**સર્વથા અતીત અને અનાગતનો હમણાં અભાવ સ્વીકાર કરીને પણ પ્રકૃતમાં=સર્વજ્ઞને અતીતાદિનું જ્ઞાન થાય છે તેમાં, દોષના અભાવને કહે છે –**

**ગાથા :-**

**तीए तीयत्तेणं अणागते तेण चेव रूवेणं ।**
**गेण्हइ जं ते दाणिं गहणे वि ण तेसि तदभावो ।।१३२२।।**

**છાયા :-**

अतीतान् अतीतत्वेनानागतान् तेनैव रूपेण ।
गृह्णाति यत्तान् इदानीं ग्रहणेऽपि न तेषां तदभावः ।।१३२२।।

**ગાથાર્થ :-**

**જે કારણથી અતીતને અતીતરૂપથી અને અનાગતને તે રૂપથી જ=અનાગતરૂપથી જ, ગ્રહણ કરે છે=કેવલી ગ્રહણ કરે છે, તે=તે કારણથી, તેઓના ગ્રહણમાં પણ=વર્તમાનકાળમાં અતીત અને અનાગત ભાવોના ગ્રહણમાં પણ, તેનો અભાવ નથી=અતીત અને અનાગત ભાવોનો અભાવ નથી. ।।૧૩૨૨।।**

**ટીકા :-**

**यत्-यस्मात्तान् भावान् अतीतान् अतीतत्वेन, अनागतान् तेनैव-अनागतत्वलक्षणेन रूपेण गृह्णाति, अन्यथा तद्भ्रान्तत्वप्रसङ्गात्, तस्मात् 'दाणिं ति' इदानींशब्दस्य 'लोपोऽरण्ये' इति योगविभागा-दादेरिकारस्य लोपे, 'नो ण' इति नकारस्य णत्वे च 'दाणिमिति' रूपं भवति, तदुक्तम्—'लोप इदानींशब्दे योगविभागादिहादेः स्या'दिति । तत इदानीं-संप्रति तेषाम्-अतीतादीनां ग्रहणेऽपि न तदभावः-अतीतादिरूपत्वाभावः, यदि हीदानीमपि तद्भावः स्यात्तदा तदभावः प्रसज्यते नान्यथेति ।।१३२२।।**

**ટીકાર્થ :-**

**यत्- ..... नान्यथेति ।। જે કારણથી અતીત એવા તે ભાવોને અતીતત્વરૂપે ગ્રહણ કરે છે. અનાગતને તેનાથી જ=અનાગતત્વરૂપથી જ, ગ્રહણ કરે છે; કેમ કે અન્યથા=કેવલી અતીતને અતીતરૂપે ન ગ્રહણ કરે પરંતુ વર્તમાનરૂપે ગ્રહણ કરે અને અનાગતને અનાગતરૂપે ગ્રહણ ન કરે પરંતુ વર્તમાનરૂપે ગ્રહણ કરે તો, તેના ભ્રાંતત્વનો પ્રસંગ છે=અતીત અને અનાગતના કેવલીના જ્ઞાનના ભ્રમાત્મકપણાનો પ્રસંગ છે, તે કારણથી શું ? તે બતાવતા પૂર્વે ગાથામાં 'ઇદાનીં' અર્થમાં 'दाणि' શબ્દ છે, તે કઈ રીતે થયેલ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. 'लोपोऽरण्ये' એ પ્રકારના યોગના વિભાગથી ઈકારના લોપમાં અને 'नो ण' એ પ્રકારના નકારના 'णत्व'માં 'दाणं' એ પ્રકારનું 'इदानीं' શબ્દનું રૂપ થાય છે, તે કહેવાયું છે. 'इदानीं' શબ્દમાં યોગ, વિભાગથી 'इहादि'નો લોપ થાય. તેથી હમણાં=વર્તમાનમાં, તેઓના=અતીતાદિના, ગ્રહણમાં પણ તેનો અભાવ નથી=અતીતાદિ રૂપત્વનો અભાવ નથી. हि=જે કારણથી, જો હમણાં પણ, તેનો ભાવ થાય=અતીતાદિનો ભાવ થાય તો, તેનો અભાવ પ્રાપ્ત થાય= અતીતાદિ રૂપત્વનો અભાવ પ્રાપ્ત થાય. અન્યથા નહીં=હમણાં તેનો ભાવ ન હોય તો અતીતાદિ રૂપત્વનો અભાવ થાય નહીં. ।।૧૩૨૨।।**

**ભાવાર્થ :-**

'કેવળીને અતીત અને અનાગત ભાવોનું જ્ઞાન કઈ રીતે થઈ શકે છે ?' તેની સ્પષ્ટતા કરતાં ગાથા-૧૩૨૦ અને ૧૩૨૧માં કહ્યું કે દ્રવ્ય રૂપે અતીત-અનાગત ભાવો વર્તમાનમાં પણ છે. તેથી કેવલી અતીત અને અનાગત ભાવોને વર્તમાનમાં જોઈ શકે છે. હવે પર્યાયનયની દૃષ્ટિથી વિચારીએ તો અતીત અને અનાગત ભાવો વર્તમાનમાં નથી છતાં કેવલી તે અતીત અને અનાગત ભાવોને કઈ રીતે જોઈ શકે છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. અતીતના ભાવો કેવલી અતીતરૂપે જ જુવે છે, અનાગતના ભાવો કેવલી અનાગતરૂપે જ જુવે છે પરંતુ અતીત ભાવોને કે અનાગત ભાવોને કેવલી વર્તમાનરૂપે જોતા નથી. તેથી અતીત ભાવો વર્તમાનમાં નહીં હોવા છતાં અતીતમાં હતા તે સ્વરૂપે જ કેવલી જોઈ શકે છે અને અનાગત ભાવો વર્તમાનમાં નથી તો પણ અનાગતમાં હશે તે સ્વરૂપે જ કેવલી જોઈ શકે છે; કેમ કે કેવલજ્ઞાનની યથાર્થ બોધ કરવાની તેવી શક્તિ છે. **।।૧૩૨૨।।**

**અવતરણિકા :-**

**अथोच्येत-कथमतीतानागतान् भावान् एकान्तेनाविद्यमानानपि परिच्छिन्दत्तद्विषयं ज्ञानं स्फुटाभं भवति, अत्यन्तपरोक्षविषयतया हि तत् ज्ञानमस्फुटाभमेव भवितुमर्हति, तथा च सति तस्य प्रत्यक्षत्वव्याघात इति, तदसमीचीनम्, अत्यन्तपरोक्षविषयस्यापि ज्ञानस्य स्फुटाभत्वेनोपलभ्यमानत्वात् यत आह—**

**અવતરણિકાર્થ :-**

'अथ'થી પૂર્વપક્ષી દ્વારા કહેવાય છે. એકાંતથી અવિદ્યમાન પણ અતીત અને અનાગત ભાવોને પરિચ્છેદન કરતાં કેવલીનું તદ્વિષયક જ્ઞાન=અતીત અને અનાગત વિષયક જ્ઞાન, કેવી રીતે સ્પષ્ટ જેવું થાય છે ? અર્થાત્ સ્પષ્ટ થવું જોઈએ નહીં. हि=જે કારણથી, તે જ્ઞાન=અતીત અને અનાગત વિષયક કેવલીનું જ્ઞાન, અત્યંત પરોક્ષ વિષયપણું હોવાથી અસ્પષ્ટ જ થવા યોગ્ય છે અને તે પ્રમાણે હોતે છતે=કેવલીને અતીત અને અનાગત વિષયક જ્ઞાન અસ્પષ્ટ હોતે છતે, તેના=કેવલીના અતીત અને અનાગત વિષયક જ્ઞાનના, પ્રત્યક્ષત્વનો વ્યાઘાત છે. એ પ્રકારની પૂર્વપક્ષીની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે, તે અસમીચીન છે=પૂર્વપક્ષીનું કથન અસમીચીન છે; કેમ કે અત્યંત પરોક્ષ વિષયવાળા પણ જ્ઞાનનું સ્પષ્ટપણાથી ઉપલભ્યમાનપણું છે. જે કારણથી કહે છે –

**ગાથા :-**

**मुणइ य घडम्मि दिट्ठे पिंडकपालादिए इहं कोवि ।**
**पच्चक्खेण वि पतिभाणाणी ता संभवइ एतं ।।१३२३।।**

**છાયા :-**

जानाति च घटे दृष्टे पिण्डकपालादीनिह कोऽपि ।
प्रत्यक्षेणापि प्रतिभाज्ञानो तस्मात् संभवति एतत् ।।१३२३।।

**ગાથાર્થ :-**

**અહીં કોઈ પણ પ્રતિભાજ્ઞાની પુરુષ પ્રત્યક્ષથી પણ ઘટ જોયે છતે પિંડકપાલાદિને જાણે છે. તે કારણથી આ=કેવલજ્ઞાન, સંભવે છે=સ્પષ્ટ જ્ઞાન સ્વરૂપે સંભવે છે. ।।૧૩૨૩।।**

**ટીકા :-**

**यस्मादिह-जगति कोऽपि प्रतिभाज्ञानी प्रत्यक्षेणापि आस्तां परोक्षज्ञानेनेत्यपिशब्दार्थः, मुणति-जानाति, घटे दृष्टे सति पिण्डकपालादीन् पर्यायान्, आदिशब्दात् यथाक्रममतीतानागताः शिवक-शर्करादयः पर्याया गृह्यन्ते, न च तत्तथापरिच्छिन्ददपि परोक्षं युज्यते, तथाऽनभ्युपगमात् ।**

'ता' तस्मादेतदपि केवलज्ञानं सकलातीतानागतपर्यायाणामविद्यमानानामपि ग्राहकं स्फुटाभमेव संभवतीति न कश्चिद्दोषः ।।१३२३।।

**ટીકાર્થ :-**

**यस्मादिह- ..... कश्चिद्दोषः ।। જે કારણથી અહીં=જગતમાં, કોઈ પ્રતિભાજ્ઞાનવાળો પુરુષ, પ્રત્યક્ષથી પણ દૂર રહો, પરોક્ષ જ્ઞાનથી પણ ઘટ દૃષ્ટ થયે છતે પિંડકપાલાદિ પર્યાયોને જાણે છે. 'આદિ' શબ્દથી=પિંડકપાલાદિમાં રહેલા 'આદિ' શબ્દથી અને યથાક્રમ અતીત અને અનાગત એવા શિવક, શર્કરાદિ પર્યાયો ગ્રહણ કરાય છે, અને તે પ્રકારે જાણતા પણ તે=જે પ્રકારે અતીત પર્યાયો થયા અને અનાગત પર્યાયો થશે તે પ્રકારે જાણતા પણ અતીત અને અનાગત પર્યાયો, પરોક્ષ કહેવાતા નથી; કેમ કે તે પ્રકારે અસ્વીકાર છે=તેનું જ્ઞાન અસ્પષ્ટ છે તેમ સ્વીકારાતું નથી. તે કારણથી અવિદ્યમાન પણ સકલ અતીત-અનાગત પર્યાયોનું ગ્રાહક એવું આ પણ=કેવલજ્ઞાન પણ, સ્પષ્ટ જ સંભવે છે. એથી કોઈ દોષ નથી=કેવલીને અતીત અને અનાગત ભાવોનું પ્રત્યક્ષ છે એમ સ્વીકારવામાં કોઈ દોષ નથી. ॥૧૩૨૩॥**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરેલ કે અતીત અને અનાગત ભાવો અત્યંત પરોક્ષ છે. તેથી કેવલીને તેનું જ્ઞાન સ્પષ્ટ થઈ શકે નહીં. તેનું નિરાકરણ કરતાં કહે છે. કોઈ પ્રતિભાસંપન્ન કુંભાર હોય અને કોઈક ઘટને પ્રત્યક્ષથી જુવે ત્યારે તે કુંભારને બોધ થાય કે 'માટીનો પિંડ મસળીને કોઈકે ચકેડા ઉપર તેને કપાલાદિ ભાવો રૂપે કરીને ક્રમસર ઘટરૂપે બનાવેલ છે.' તે વખતે તે કુંભારને માત્ર ઘટ જ પ્રત્યક્ષ દેખાય છે પરંતુ માટીના પિંડમાંથી કપાલાદિ પર્યાયો ક્રમસર થયા છે તે સાક્ષાત્ તે ઘટમાં દેખાતા નથી તો પણ તે નક્કી કહી શકે છે કે આ ઘટ પ્રથમ પિંડ અવસ્થામાં આવા સ્વરૂપવાળો હતો, ત્યાર પછી કપાલાદિ સર્વ અવસ્થાઓના ક્રમથી ઘટરૂપે થયો છે, તે સર્વ અવસ્થાઓ તે તે સ્વરૂપે તેને બુદ્ધિથી સ્પષ્ટ થઈ શકે છે. તે બોધ તેનો અસ્પષ્ટ નથી પરંતુ સ્પષ્ટ જ છે તેમ કેવલીને પણ દરેક પદાર્થો કયા ક્રમથી કઈ કઈ અવસ્થાને પામીને પ્રસ્તુત અવસ્થાને પામ્યા છે અને પ્રસ્તુત અવસ્થાવાળા પદાર્થો ભવિષ્યમાં કયા ક્રમથી કઈ કઈ અવસ્થાને પામશે તે પણ સ્પષ્ટ દેખાય છે. તેથી કેવલીને અતીતનું અને અનાગતનું જ્ઞાન અસ્પષ્ટ છે માટે પ્રત્યક્ષ નથી તેમ કહી શકાય નહીં. ફક્ત પ્રતિભાસંપન્ન પુરુષ ઘટને જુએ છે તેનું જ્ઞાન વ્યવહારથી પ્રત્યક્ષ છે અને ઇન્દ્રિયથી થનારું હોવાથી પરમાર્થથી પરોક્ષ છે. વળી, પિંડાદિ અવસ્થાનું જ્ઞાન પણ વ્યવહારથી તેને સ્પષ્ટ છે અને પરમાર્થથી પરોક્ષ છે તો પણ તે દૃષ્ટાંતથી કેવલીનું અતીત અને અનાગતનું જ્ઞાન પરમાર્થથી પ્રત્યક્ષ છે તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી એ પ્રકારે પ્રસ્તુત ગાથામાં સ્થાપન કરેલ છે. **॥૧૩૨૩॥**

**અવતરણિકા :-**

**अत्रैव मतान्तरं प्रतिपादयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

આમાં જ=કેવલીને અતીતનું અને અનાગતનું જ્ઞાન સ્પષ્ટ થાય છે એમાં જ, મતાંતરને પ્રતિપાદન કરતાં કહે છે —

**ગાથા :-**

**अण्णे तु असंतेसु वि सुविणादिसु जह फुडाभमेतं ति ।**
**एत्तो च्चिय पच्चक्खं भणंति तं वीयरागस्स ।।१३२४।।**

**છાયા :-**

अन्ये तु असत्सु अपि स्वप्नादिषु यथा स्फुटाभमेतदिति ।
अत एव प्रत्यक्षं भणन्ति तद्वीतरागस्य ।।१३२४।।

**ગાથાર્થ :-**

**વળી, જે પ્રમાણે સ્વપ્નાદિમાં આ=જ્ઞાન, સ્પષ્ટ જેવું છે તિ=એ રીતે, અવિધમાનમાં પણ=અતીત અને અનાગત એવા અવિધમાન ભાવોમાં પણ, વીતરાગનું તે=કેવલજ્ઞાન છે, આથી જ સ્પષ્ટ જેવું પ્રત્યક્ષ અન્ય આચાર્યો કહે છે. ।।૧૩૨૪।।**

**ટીકા :-**

अन्ये त्वाचार्या मायासूनवीया यथा स्वप्नादिष्वादिशब्दात्कामशोकाद्यवस्थापरिग्रहः एतत्-ज्ञानं विषयासत्त्वेऽपि स्फुटाभमितिः-एवमसत्स्वपि अतीतानागतेषु विषयेषु वीतरागस्य तत्-केवलज्ञानं स्फुटाभं भणन्ति, अत एव च-स्फुटाभत्वादेव च तत्-प्रत्यक्षं भणन्ति—प्रतिपादयन्ति, प्रत्यक्षशब्दस्य हि प्रवृत्तिनिमित्तमर्थसाक्षात्कारित्वं, यथा गोशब्दस्य खुरककुदादिमत्त्वं, तच्चार्थसाक्षात्कारित्वं वीतरागज्ञानेऽप्यविशिष्टं, ततः कथमिव न तत् प्रत्यक्षं भवेदिति । तथा च तैरुक्तम्—

'भावनाबलतः स्पष्टं, भयादाविव भासते ।
यत्स्पष्टमविसंवादि, तत्प्रत्यक्षमकल्पकम् ।।१।।' इति ।

अस्यायमर्थः—स्पष्टं-स्पष्टग्राह्याभासं यन्मनोविज्ञानं तत्प्रत्यक्षम्, कुतस्तस्य स्पष्टाभत्वमित्यत आह—'भावनाबलतः' भावनायां बलं-सामर्थ्यं, प्रकर्षश्च भावनायाः सामर्थ्यं, तस्मात् भावनाबलात् स्पष्टं तन्मनोविज्ञानं भवति । 'भयादाविवे'त्यनेन दृष्टान्तेन भावनानिमित्तकं स्पष्टाभत्वं प्रसिद्धं दर्शयति । तच्च भ्रान्तमपि भवति, तथाहि—असत्यविकल्परूपमपि मनोविज्ञानं भाव्यमानं स्पष्टप्रतिभासं भवत्येव, न च तत् प्रत्यक्षमतस्तन्निवृत्त्यर्थमाह—अविसंवादि-विसंवादरहितं, तत्प्रत्यक्षमकल्पकं-निर्विकल्पकम्, अकल्पकता च स्फुटाभत्वेन तन्मतापेक्षया द्रष्टव्या, एतदुक्तं भवति—भागवतमपि

ज्ञानं भावनाप्रकर्षवशाद्विशदाभं प्रमाणपरिशुद्धविषयतया चाभ्रान्तमतः प्रत्यक्षमिति । कथं पुनर्भावनाबलतो मनोविज्ञानस्य स्पष्टाभता भवतीत्येतदाशङ्कानिवृत्त्यर्थं यदुक्तं—'भयादाविवेति' तद्व्याख्यानायैव तैरुक्तम्—

'कामशोकभयोन्मादचौरस्वप्नाद्युपप्लुताः ।
अभूतानपि पश्यन्ति, पुरतोऽवस्थितानिव ।।१।।
यथाविप्लवमावेगप्रतिपत्तिप्रदर्शनात् ।
परोक्षगतिसंज्ञायां, तथा वृत्तेरदर्शनात् ।।२।।
तस्माद्भूतमभूतं वा, यद् यदेवातिभाव्यते ।
भावनापरिनिष्पत्तौ, तत् स्फुटाकल्पधीफलम् ।।३।।' **इति ।**

**अमीषां चानुष्टुभामयं संक्षेपार्थः-चौरस्वप्नो नाम यत्र स्वप्ने चौरानभिमुखमापततः पश्यति, आदिशब्दस्तदन्यैवंविधप्रकारसूचनार्थः, तैः कामादिभिरुपप्लुता अभूतानपि-अविद्यमानानपि पुरतो-ऽवस्थितानिव प्रियतमादीन् भावान् पश्यन्ति । कथं पुनरेतदवसीयते पुरतोऽवस्थितानिव तांस्ते पश्यन्तीत्यत आह—'यथेत्यादि' आवेगः-संभ्रमः कायावस्थाविशेषो रोमाञ्चलक्षणः कम्पलक्षणो वा, प्रतिपत्तिः-दर्शनानुरूपमनुष्ठानं कान्ताकण्ठाकर्षणादि कस्को वेत्याभाषणं, साहंकारश्च खड्गादि-परिग्रहः, अनयोर्यथाविप्लवं-कामादिविप्लवानतिक्रमेण दर्शनात् । यथाविप्लवमावेगप्रतिपत्तिदर्शनेऽपि कथं प्रत्यक्षवत् स्पष्टाभं तेषां दर्शनमित्याह—परोक्षस्य गतिः-ज्ञानं तस्याः संज्ञानिश्चयस्तस्यां सत्यां तेन प्रकारेण वृत्तेः-प्रवृत्तेरावेगादिरूपाया अदर्शनात्, तस्मात् भूतमभूतं वा यत् यदेवातिशयेन भाव्यते तत् भावनाप्रकर्षे सति स्फुटाकल्पकधीफलं-स्फुटाया अकल्पिकाया धियो हेतुर्भवतीत्यर्थः । तत्र यत् असत्यं तत् पूर्वविज्ञानारूढं तस्मादव्यतिरिक्तमुत्तरज्ञानस्य हेतुर्भवति, यत् पुनः सत् तत् भाव्यमानं स्वभावेनैव हेतुर्भवति, न ज्ञानरूढतयेति कृतं प्रसङ्गेन ।।१३२४।।**

**ટીકાર્થ :-**

अन्ये ..... प्रसङ्गेन ।। વળી જે પ્રમાણે સ્વપ્નાદિમાં આ જ્ઞાન વિષયના અસત્ત્વમાં પણ સ્પષ્ટ જેવું છે એમ માયા સૂનવીય=બૌદ્ધદર્શનવાદીઓ કહે છે એ પ્રમાણે અવિદ્યમાન પણ અતીત અને અનાગત વિષયોમાં વીતરાગનું તે=કેવલજ્ઞાન, સ્પષ્ટ જેવું કહે છે. એમ અન્ય આચાર્યો કહે છે. સ્વપ્નાદિમાં 'આદિ' શબ્દથી કામ, શોકાદિ અવસ્થાનું ગ્રહણ છે. અને આથી જ=સ્પષ્ટપણું હોવાથી જ, તેને પ્રત્યક્ષ કહે છે. हि=જે કારણથી, પ્રત્યક્ષ શબ્દનું પ્રવૃત્તિ નિમિત્ત અર્થનું સાક્ષાત્કારીપણું છે, જે પ્રમાણે 'ગો' શબ્દનું ખુર, કકુદાદિમાનપણું છે અને તે અર્થનું સાક્ષાત્કારીપણું વીતરાગના જ્ઞાનમાં પણ અવિશિષ્ટ છે. તેથી તે પ્રત્યક્ષ કેમ ન થાય ? અર્થાત્ પ્રત્યક્ષ છે. અને તે રીતે તેઓ વડે=બૌદ્ધ

દર્શનવાદીઓ વડે, કહેવાયું છે. "ભયાદિની જેમ ભાવનાના બળથી સ્પષ્ટ ભાસે છે. જે સ્પષ્ટ અવિસંવાદી છે, તે અકલ્પક=વિકલ્પ વગર, પ્રત્યક્ષ છે." આનો આ અર્થ છે. સ્પષ્ટ ગ્રાહ્યાભાસ જે મનોવિજ્ઞાન તે પ્રત્યક્ષ છે. શેનાથી તેનું સ્પષ્ટાભપણું છે. આથી કહે છે 'ભાવના બળથી' ભાવનામાં બળ=સામર્થ્ય છે અને ભાવનાનો પ્રકર્ષ સામર્થ્ય છે. તેનાથી=ભાવના બળથી, સ્પષ્ટ, તે=મનોવિજ્ઞાન, થાય છે.' જેમ ભયાદિમાં "એ દૃષ્ટાંત વડે ભાવના નિમિત્તક સ્પષ્ટાભપણું પ્રસિદ્ધ બતાવે છે" અને તે=ભાવનાનિમિત્તક જ્ઞાન થાય છે તે, ભ્રાન્ત પણ થાય છે. તે આ પ્રમાણે – ભાવન કરાતું અસત્ય વિકલ્પરૂપ પણ એવું મનોવિજ્ઞાન્ સ્પષ્ટ પ્રતિભાસ થાય જ છે=કોઈ પુરુષ અવાસ્તવિક વસ્તુને પુનઃ પુનઃ ભાવન કરે તો વાસ્તવિક વસ્તુ ન હોય તો પણ સાક્ષાત્ વસ્તુ છે તે રીતે તેવું મનોવિજ્ઞાન પ્રતિભાસ થાય જ છે અને તે પ્રત્યક્ષ નથી આથી તેની નિવૃત્તિ માટે કહે છે. અવિસંવાદી=વિસંવાદરહિત, તે પ્રત્યક્ષ અકલ્પક છે=નિર્વિકલ્પ છે, અને અકલ્પકતા સ્પષ્ટ આભાપણાના કારણે તેના મતની અપેક્ષાથી જાણવી= બૌદ્ધદર્શનના મતની અપેક્ષા જાણવી. આ કહેવાયેલું થાય છે. ભગવાનનું પણ જ્ઞાન ભાવનાના પ્રકર્ષના વશથી વિશદ આભ=વિશદ સદશ છે, અને પ્રમાણ પરિશુદ્ધ વિષયપણું હોવાથી અભ્રાંત છે. આથી પ્રત્યક્ષ છે. કેવી રીતે વળી ભાવનાના બળથી મનોવિજ્ઞાનનું સ્પષ્ટપણું થાય છે, એ આશંકાની નિવૃત્તિ માટે જે કહેવાયું "ભયાદિની જેમ" તેના વ્યાખ્યાન માટે જ તેઓ વડે કહેવાયું=ભયાદિના વ્યાખ્યાન માટે જ તે બૌદ્ધદર્શનવાદીઓ વડે કહેવાયું – "કામ, શોક, ભય, ઉન્માદ, ચૌર, સ્વપ્નાદિથી ઉપપ્લુત જીવો, અભૂતને=અવિદ્યમાનને, પણ આગળમાં રહેલા અવસ્થિત પદાર્થની જેમ જુવે છે; કેમ કે જે પ્રમાણે વિપ્લવ છે, તે પ્રમાણે આવેગ અને પ્રતિપત્તિનું દર્શન છે=તે પુરુષમાં કામ, શોકાદિનો જે પ્રકારનો વિપ્લવ છે તેને અનુરૂપ આવેગ અને પ્રવૃત્તિ તે પુરુષમાં દેખાય છે. પરોક્ષ ગતિની સંજ્ઞામાં=મરનાર પુરુષ પરલોકમાં ગયો છે તે પ્રમાણે ઉપસ્થિતિમાં, તે પ્રકારની વૃત્તિનું અદર્શન છે=મરનાર પુરુષ સામે વિદ્યમાન છે તે પ્રકારની ઉપસ્થિતિનું અદર્શન છે. તે કારણથી થયેલું કે નહીં થયેલું જે જ્યારે જ અતિભાવન કરાય છે. ભાવનાની પરિનિષ્પત્તિમાં તે=જે પરિભાવન કરાય છે તે, સ્પષ્ટ અકલ્પક બુદ્ધિનું ફળ છે."

આ ગાથાનો આ સંક્ષેપ અર્થ છે. ચૌર સ્વપ્ન=ચોર સંબંધી સ્વપ્ન, જે સ્વપ્નમાં ચોરોને અભિમુખ આવતા જુવે છે. 'આદિ' શબ્દ તેનાથી અન્ય આવા પ્રકારને સૂચન અર્થવાળો છે. તેનાથી=તે કામાદિથી, ઉપપ્લુત થયેલા જીવો અભૂત પણ=અવિદ્યમાન પણ, સન્મુખ અવસ્થિતની જેમ પ્રિયતમાદિ ભાવોને જુવે છે. કેવી રીતે વળી આ જણાય છે. આગળમાં રહેલાની જેમ તેઓને=તે ભાવોને, તેઓ જુવે છે. એથી કહે છે, આવેગ=સંભ્રમ કાય અવસ્થાવિશેષ, રોમાંચલક્ષણ અથવા કંપલક્ષણ આવેગ; પ્રતિપત્તિ=દર્શનને અનુરૂપ, અનુષ્ઠાન=કાંતાના કંઠના આકર્ષણ આદિરૂપ અનુષ્ઠાન, અથવા કોણ, કોણ ? એ પ્રકારનું આભાષણ અને અહંકાર સહિત ખડ્ગાદિનું ગ્રહણ છે. આ બેનું=આવેગ અને પ્રતિપત્તિનું, યથાવિપ્લવ=કામાદિના વિપ્લવના અનતિક્રમથી, દર્શન છે. તેથી સન્મુખ જુવે છે, એમ અન્વય છે. યથાવિપ્લવ, આવેગ અને પ્રતિપત્તિના દર્શનમાં પણ કેવી રીતે પ્રત્યક્ષની જેમ સ્પષ્ટ જેવું તેઓનું દર્શન છે ? તેમાં હેતુ કહે છે. 'પરોક્ષની ગતિ=જ્ઞાન, તેની સંજ્ઞાનો નિશ્ચય તે હોતે છતે તે પ્રકારની વૃત્તિનું=આવેગ આદિ રૂપ પ્રવૃત્તિનું, અદર્શન છે. તે કારણથી ભૂત અથવા અભૂત, જે જ્યારે

**જ અતિશયથી ભાવન કરાય છે, તે વસ્તુ ભાવનાનો પ્રકર્ષ હોતે છતે સ્પષ્ટ અકલ્પક બુદ્ધિના ફળવાળું થાય છે=સ્પષ્ટ અવિકલ્પક બુદ્ધિનો હેતુ થાય છે', એ પ્રકારે અર્થ છે. ત્યાં=સત્ય કે અસત્ય ભાવનાના પ્રકર્ષથી થતા સ્પષ્ટ બોધમાં, જે અસત્ય છે=કોઈ મૃત્યુ પામ્યા પછી તે વિદ્યમાન નથી તો પણ ભાવનાના બળથી વિદ્યમાન દેખાય છે, તે રૂપ અસત્ય છે તે અસત્ય જ્ઞાન પૂર્વવિજ્ઞાન આરૂઢ છે. તે કારણથી અવ્યતિરિક્ત એવું તે જ્ઞાન=પૂર્વના જ્ઞાનથી અવ્યતિરિક્ત એવું તે જ્ઞાન, ઉત્તર જ્ઞાનનો હેતુ થાય છે. વળી, જે સત્ છે, તે ભાવ્યમાન સ્વભાવથી જ હેતુ થાય છે, જ્ઞાનના રૂઢપણાથી નહીં, એથી પ્રસંગથી સર્યું. ।।૧૩૨૪।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં પ્રશ્ન કરેલ કે 'કેવલી વર્તમાનમાં વિદ્યમાન ભાવોને પ્રત્યક્ષ જોઈ શકે પરંતુ ભૂતકાળના ભાવોને અને ભવિષ્યના ભાવોને કઈ રીતે પ્રત્યક્ષની જેમ જોઈ શકે ?' અર્થાત્ જોઈ શકે નહીં; કેમ કે 'ભૂતના ભાવો નષ્ટ થયા છે અને ભવિષ્યના ભાવો ઉત્પન્ન થયા નથી.' તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે 'ભૂતના ભાવો અને ભવિષ્યના ભાવો પર્યાયરૂપે વિદ્યમાન નથી તો પણ તે તે દ્રવ્યમાં દ્રવ્યરૂપે વિદ્યમાન છે.' તેથી કેવલી સર્વ વિદ્યમાન દ્રવ્યોના ભૂતના, વર્તમાનના અને ભવિષ્યના પર્યાયોને પ્રત્યક્ષથી જાણે છે. હવે એ વિષયમાં બૌદ્ધદર્શનવાદીઓ શું કહે છે ? તે બતાવીને અન્ય આચાર્યનો મત બતાવે છે. જેમ સ્વપ્નાદિમાં વિષય નહીં હોવા છતાં સ્પષ્ટ જેવું જ્ઞાન જીવોને થાય છે તેમ અતીત અને અનાગત વિષયો વર્તમાનમાં વિદ્યમાન નહીં હોવા છતાં વીતરાગને કેવલજ્ઞાનમાં સ્પષ્ટ જણાય છે. વળી, સ્વપ્નાદિમાં 'આદિ' શબ્દથી કામ, શોકાદિ અવસ્થાનું ગ્રહણ છે. તેથી કોઈ વ્યક્તિએ કામનું અત્યંત ભાવન કરેલું હોય તો જેના પ્રત્યે રાગ છે તે વ્યક્તિ વિદ્યમાન નથી તો પણ ભાવનાના બળથી તે વ્યક્તિ તેને સ્પષ્ટ દેખાય છે. જેમ 'કોઈને સ્ત્રી પ્રત્યે અત્યંત રાગ હોય તો તે સાક્ષાત્ સન્મુખ ન હોય તો પણ તે સન્મુખ છે તેવો ભ્રમ થાય છે અને તેની સાથે પોતે વાર્તાલાપ કરે છે, તે પ્રકારની ચેષ્ટાઓ કરે છે ઇત્યાદિ સ્પષ્ટ તેને દેખાય છે.' આથી જ કોઈ મહાત્મા ભગવાનના ગુણોનું અત્યંત ભાવન કરેલ હોય અને તેવા ગુણવાન પુરુષ પ્રત્યે અત્યંત રાગ થયેલો હોય તો સાક્ષાત્ તીર્થંકરો વિદ્યમાન ન હોય તો પણ ભાવનાના બળથી પોતે સાક્ષાત્ ભગવાનને જુએ છે, તેમને પોતાના પ્રશ્નો પૂછે છે અને ભગવાન તેમનું સમાધાન કરે છે, તે પ્રકારે તેને સ્પષ્ટ જેવું પ્રતિભાસ થાય છે. વળી, ભાવનાના બળથી સ્પષ્ટ જેવું પ્રતિભાસ ક્યારેક મિથ્યા પણ હોય છે. જેમ જેના પ્રત્યે અત્યંત પ્રીતિ છે તે વ્યક્તિ મૃત્યુ પામેલ હોય તો પણ તે સન્મુખ છે તેવું મિથ્યાભાસ થાય છે. વળી, ભગવાન પણ સાધનાના કાળમાં સર્વ જીવો સિદ્ધ સદૃશ છે એવું ભાવન કરે છે. તેથી તે ભાવનાના પ્રકર્ષના વશથી ભગવાનને જગતના સર્વ જીવો દેહવાળા છે, કર્મવાળા છે, વિચિત્ર કષાયવાળા છે તેનો ઉપયોગ તિરોહિત થાય છે અને દેહથી પૃથગ્ભૂત તે સર્વ જીવો કેવળજ્ઞાનમય સિદ્ધ સદૃશ શુદ્ધ સ્વરૂપવાળા છે તે સ્વરૂપે જ તે જીવો દેખાય છે, જે બોધ ભ્રમાત્મક નથી પરંતુ સૂક્ષ્મ બુદ્ધિથી જોઈ શકાય તેવો છે અને ભગવાને તેવું સ્વરૂપ અતિ ભાવન કરેલું હોવાથી સર્વ જીવોને સાધનાકાળમાં સિદ્ધ સ્વરૂપે જોઈ શકે છે. તેથી તે અભ્રાંત પ્રત્યક્ષ છે.

વળી, જે રીતે સ્યાદ્વાદી ભાવનાના પ્રકર્ષથી શુદ્ધ આત્માને સત્યરૂપે જોઈ શકે છે તેમ પ્રસ્તુતમાં બૌદ્ધદર્શનનું 'भावनाबलतः' એ પ્રકારનું જે ઉદ્ધરણ આપ્યું તે પ્રકારે બૌદ્ધદર્શનવાદી કહે છે કે સર્વ આત્માઓ ક્ષણિક છે, નિત્ય કોઈ વસ્તુ નથી છતાં નિત્યના ભ્રમને કારણે જીવોને પોતાના પ્રત્યે સ્નેહ થાય છે. પોતાના પ્રત્યે સ્નેહ થવાને કારણે પોતાના સુખ અર્થે ઇષ્ટમાં પ્રયત્ન કરે છે અને અનિષ્ટના નિવારણ અર્થે પ્રયત્ન કરે છે. વળી, જ્યાં સુધી ઇષ્ટનો રાગ, અનિષ્ટનો દ્વેષ અને આત્મા પ્રત્યે સ્નેહ હોય ત્યાં સુધી મોક્ષ થઈ શકે નહીં. આથી જ યોગીઓ પોતાનું ક્ષણિક સ્વરૂપ અત્યંત ભાવન કરે છે ત્યારે તેઓને વિકલ્પ વગર પોતાનું ક્ષણિક સ્વરૂપ પ્રત્યક્ષ દેખાય છે જેના બળથી જ યોગીઓ મોક્ષને પામે છે. તેથી બૌદ્ધ મતાનુસાર ક્ષણિકત્વનું પ્રત્યક્ષ જ્ઞાન ભાવ્યમાન કરવાથી સ્વાભાવિક પ્રગટ થાય છે પરંતુ અસત્ય જ્ઞાનની જેમ પૂર્વવિજ્ઞાનથી આરૂઢ નથી અર્થાત્ મૃત પુરુષમાં પૂર્વવિજ્ઞાનને કારણે તે સન્મુખ છે એવું ભ્રમાત્મક જ્ઞાન થાય છે તેવું જ્ઞાન ક્ષણિકત્વનું નથી પરંતુ સ્વભાવથી જ પદાર્થ ક્ષણિક હોવાને કારણે ક્ષણિકત્વનું જ્ઞાન થાય છે, એમ બૌદ્ધ દર્શનવાદી કહે છે. આ રીતે ભ્રાન્તપ્રત્યક્ષ અને અભ્રાન્તપ્રત્યક્ષ જેમ સ્પષ્ટ છે તેવું જ કેવલીનું જ્ઞાન અતીત અને અનાગતવિષયક સ્પષ્ટ છે એમ અન્ય આચાર્યો કહે છે. **॥૧૩૨૪॥**

**અવતરણિકા :-**

**तदेवं केवलज्ञानं यथोपपन्नं भवति तथाऽभिधाय सांप्रतं साकारानाकारताचिन्तया तदभिधातुमुपक्रमते—**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે કેવલજ્ઞાન જે પ્રમાણે ઉપપન્ન થાય છે=સર્વ પદાર્થ વિષયક કેવલજ્ઞાન જે રીતે સંગત થાય છે, તે રીતે કહીને હવે 'સાકાર, અનાકારની ચિંતાથી=કેવલજ્ઞાન સાકાર છે કે અનાકાર એ પ્રમાણે વિચારણાથી, તેને=કેવલજ્ઞાનને, કહેવાનો ઉપક્રમ કરે છે.**

**ગાથા :-**

**तं पुण विसयागारं सो य इमस्सेव गहणपरिणामो ।**
**णतु बिंबसंकमादी पोग्गलरूवत्तओ तस्स ।।१३२५।।**

**છાયા :-**

तत् पुनर्विषयाकारं स चास्यैव ग्रहणपरिणामः ।
न तु बिम्बसंक्रमादि पुद्गलरूपत्वात् तस्य ।।१३२५।।

**ગાથાર્થ :-**

**વળી તે=કેવલજ્ઞાન, વિષયના આકારવાળું છે અને તે=વિષયનો આકાર, આનો જ=જ્ઞાનનો જ, ગ્રહણ પરિણામ છે પરંતુ બિંબ સંક્રમાદિ નથી; કેમ કે તેનું=બિંબનું, પુદ્ગલરૂપપણું છે. ।।૧૩૨૫।।**

ટીકા :-

तत्-केवलज्ञानं पुनःशब्दो वक्तव्यतान्तरप्रदर्शनार्थः, विषयाकारं-विषयस्य परिच्छेदकतया संबन्धी आकारो यस्य तद्विषयाकारम् । कः पुनरस्याकार इति चेत् अत आह—स चाकारोऽस्यैव ज्ञानस्य विवक्षितविषयगोचरो ग्रहणपरिणामः, अन्यथा तदभावाविशेषतः सर्वस्य सर्वार्थपरिच्छित्तिप्रसक्त्या सर्वज्ञत्वप्रसङ्गात् । अन्ये त्वाहुः—'विषयबिम्बसंक्रमादिराकार' इति, तन्मतं दूषयितुमाह—'न उ' इत्यादि नतु बिम्बसंक्रमादि-बिम्बसंक्रम आदिशब्दात् बिम्बसदृशबिम्बोत्पाद आकारः । कुत इत्याह—तस्य बिम्बस्य पुद्गलरूपत्वात् । बिम्बं हि चक्षुर्विषय आकार उच्यते, चक्षुषश्च विषयो रूपं, रूपं च स्पर्शाद्यविनाभावि, स्पर्शादिमन्तश्च पुद्गलाः, 'रूपरसगन्धस्पर्शवन्तः पुद्गला' इति वचनात् । तस्मात् पुद्गलधर्म एव बिम्बं, तत्संक्रमाद्यभ्युपगमे चानेकदोषप्रसङ्गः, तथाहि—धर्मास्तिकायादीनाममूर्त्ततया बिम्बं न संभवत्येवेत्यव्याप्तिः, येषामपि च घटादीनां बिम्बं संभवति तेषामपि ज्ञाने बिम्बसंक्रान्तौ निराकारताप्रसङ्गः, विषयसदृशबिम्बोत्पादाभ्युपगमे च ज्ञानस्यापि विषयस्येव पौद्गलिकत्वप्रसङ्ग इति ।।१३२५।।

ટીકાર્થ :-

तत्- ..... प्रसङ्ग इति ।। પુનઃ શબ્દ વક્તવ્યતાંતરના પ્રદર્શન અર્થવાળો છે. તે=કેવલજ્ઞાન, વિષયના આકારવાળું છે=વિષયના પરિચ્છેદકપણાથી સંબંધવાળો આકાર છે જેને તે વિષયાકારવાળું છે. વળી, 'આનો=કેવલજ્ઞાનનો, આકાર શું છે ?' એ પ્રમાણે પૂર્વપક્ષી જો કહે આથી કહે છે — અને તે આકાર આનો જ=જ્ઞાનનો જ, વિવક્ષિત વિષયના ગોચરવાળો ગ્રહણ પરિણામ છે; કેમ કે અન્યથા=વિવક્ષિત વિષયના ગોચરવાળો ગ્રહણ પરિણામ ન સ્વીકારવામાં આવે તો, તેના અભાવનો અવિશેષ હોવાથી=કેવલીમાં અને અન્ય જીવોમાં ગ્રહણ પરિણામના અભાવ સમાન હોવાથી, સર્વ જીવોને સર્વ અર્થની પરિચ્છિત્તિની પ્રસક્તિ હોવાથી=સર્વ અર્થના બોધની પ્રાપ્તિનો પ્રસંગ હોવાથી, સર્વજ્ઞત્વનો પ્રસંગ છે.

વળી, બીજા કહે છે, "વિષયના બિંબસંક્રમાદિ આકાર છે=જ્ઞાનમાં બિંબસંક્રમાદિનો આકાર વિષય છે." તે મતને=બીજાના મતને, દૂષણ કરવા માટે કહે છે. વળી, બિંબસંક્રમાદિ નથી=બિંબસંક્રમ અને 'આદિ' શબ્દથી બિંબ સદૃશ બિંબનો ઉત્પાદ આકાર નથી=જ્ઞાનનો આકાર નથી. કયા કારણથી બિંબસંક્રમાદિ જ્ઞાનનો આકાર નથી. તેથી હેતુ કહે છે. તેનું=બિંબનું, પુદ્ગલરૂપપણું છે. हि=જે કારણથી, બિંબ ચક્ષુ વિષયવાળો આકાર કહેવાય છે અને ચક્ષુનો વિષય રૂપ છે અને રૂપ, સ્પર્શાદિ અવિનાભાવી છે અને સ્પર્શાદિવાળા પુદ્ગલો છે; કેમ કે "રૂપ, રસ, ગંધ, સ્પર્શવાળા પુદ્ગલો છે" એ પ્રમાણે વચન છે. તે કારણથી જ પુદ્ગલોનો ધર્મ જ બિંબ છે અને તેના સંક્રમાદિનો સ્વીકાર કરાયે છતે=બિંબના સંક્રમાદિનો સ્વીકાર કરાયે છતે, અનેક દોષોનો પ્રસંગ છે અને તે અનેક દોષોનો પ્રસંગ

**'તથાહિ'થી બતાવે છે. ધર્માસ્તિકાયાદિનું અમૂર્તપણું હોવાથી બિંબ સંભવતું નથી. એથી અવ્યાપ્તિ છે=કેવલજ્ઞાનમાં ધર્માસ્તિકાયાદિના બિંબસંક્રમાદિની અવ્યાપ્તિ છે અને જે પણ ઘટાદિનું બિંબ સંભવે છે, તેઓના પણ જ્ઞાનમાં બિંબની સંક્રાંતિ થયે છતે, નિરાકારતાનો પ્રસંગ છે=બિંબના સંક્રમણનો સ્વીકાર કરવામાં બાહ્ય પદાર્થોમાં નિરાકારતાનો પ્રસંગ છે, અને વિષય સદૃશ બિંબનો ઉત્પાદનો સ્વીકાર કરાયે છતે વિષયની જેમ જ્ઞાનના પણ પૌદ્ગલિકત્વનો પ્રસંગ છે. ।।૧૩૨૫।।**

**ભાવાર્થ :–**

અવતરણિકામાં કહેલ કે 'કેવલજ્ઞાન સાકાર છે કે અનાકાર છે', તેની વિચારણા કરવા માટે ઉપક્રમ કરાય છે. ત્યાં પ્રથમ કેવલજ્ઞાન શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. કેવલજ્ઞાન જ્ઞેય વસ્તુના યથાર્થ બોધરૂપ આકાર સ્વરૂપે છે અને તે આકાર વિષયના ગ્રહણના પરિણામરૂપ છે. જેમ છદ્મસ્થને ચક્ષુ સામે ઘટ દેખાય છે ત્યારે વિવક્ષિત એવા ઘટના વિષયવાળો બોધનો જે પરિણામ છે તે ઘટનું જ્ઞાન છે તેમ કેવળીને જગતવર્તી સકળ જ્ઞેયના ગ્રહણના પરિણામરૂપ કેવલજ્ઞાન છે અને જો કેવલજ્ઞાનને સકલ જ્ઞેયના ગ્રહણના પરિણામરૂપ ન માનવામાં આવે તો છદ્મસ્થને જેમ સકલ જ્ઞેયના ગ્રહણનો પરિણામ નથી તેમ કેવળીમાં પણ સકલ જ્ઞેયના ગ્રહણનો પરિણામ નથી એમ પ્રાપ્ત થાય અને તેમ સ્વીકારીએ તો જેમ કેવળીને સકલ જ્ઞેયના ગ્રહણનો પરિણામ નહીં હોવા છતાં કેવલજ્ઞાન વર્તે છે એમ સર્વ છદ્મસ્થને પણ સકલ જ્ઞેયના ગ્રહણનો પરિણામ નહીં હોવા છતાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થવી જોઈએ. તેથી સર્વ જીવોને સર્વજ્ઞત્વ સ્વીકારવાનો પ્રસંગ આવે.

વળી, અન્ય કહે છે કે જ્ઞાનના વિષયભૂત જે જ્ઞેય છે તેના બિંબનું સંક્રમણ કેવલજ્ઞાનમાં થાય છે અથવા બિંબ સદૃશ બિંબનો ઉત્પાદ થાય છે અને તેઓ કહે છે કે 'જેમ દર્પણમાં બિંબનું સંક્રમણ થાય છે તેમ કેવલજ્ઞાનમાં સર્વ જ્ઞેયના આકારનું સંક્રમણ થાય છે અથવા દર્પણમાં બિંબના આકાર જેવો નવા બિંબના આકારનો ઉત્પાદ થાય છે તેમ કેવલજ્ઞાનમાં જ્ઞેય વસ્તુના બિંબના સદૃશ બિંબનો ઉત્પાદ થાય છે. તે વચન યુક્ત નથી; કેમ કે બિંબ પુદ્ગલરૂપ છે અને તે ચક્ષુનો વિષય છે અને તેમ સ્વીકારીએ તો કેવલજ્ઞાનથી ધર્માસ્તિકાયાદિ અરૂપી દ્રવ્યોનું ગ્રહણ થઈ શકે નહીં; કેમ કે ધર્માસ્તિકાયાદિમાં ઘટાદિ જેવા પુદ્ગલના આકારો નથી. આથી જ ધર્માસ્તિકાયાદિ દર્પણમાં સંક્રમણ પામતા નથી તેમ કેવલજ્ઞાનમાં પણ ધર્માસ્તિકાયાદિ અરૂપી દ્રવ્યોનો સંક્રમણ થાય નહીં તેથી કેવળીને તેમનો બોધ થઈ શકે નહીં. વળી, ઘટાદિનો આકાર જ્ઞાનમાં સંક્રમણ થાય છે એમ સ્વીકારીએ તો ઘટાદિનો આકાર જ્ઞાનમાં સંક્રમણ થવાથી ઘટાદિમાં નિરાકારતાની પ્રાપ્તિ થાય જે પ્રત્યક્ષવિરુદ્ધ છે. વળી, ઘટાદિના આકાર સદૃશ નવા આકારનો ઉત્પાદ જ્ઞાનમાં થાય છે તેમ સ્વીકારીએ તો જેમ દર્પણમાં પોતાનું પ્રતિબિંબ પડે છે ત્યારે પોતાના સદૃશ નવું બિંબ દર્પણમાં ઉત્પન્ન થાય છે. તેથી તે દર્પણ પુદ્ગલરૂપ છે તેમ જ્ઞાનમાં પણ ઘટાદિ આકાર સદૃશ આકાર ઉત્પન્ન થાય છે એમ માનવામાં આવે તો જ્ઞાનને પણ દર્પણની જેમ પુદ્ગલરૂપ સ્વીકારવાની આપત્તિ આવે. **॥૧૩૨૫॥**

**અવતરણિકા :-**

**स्यादेतत्, न विषयबिम्बसंक्रमरूपो ज्ञाने आकारो मन्यते येन विषयस्य निराकारता प्रसज्येत, नापि विषयसदृशबिम्बोत्पादो यतः पौद्गलिकत्वं ज्ञानस्याप्यापद्येत, किंत्वादर्श इवाङ्गनावदनस्य विषयस्य प्रतिच्छायासंक्रमो ज्ञाने आकार इत्यत आह—**

**અવતરણિકાર્થ :-**

આ થાય=પૂર્વપક્ષીના મતે આ થાય, જ્ઞાનમાં વિષયના બિંબના સંક્રમરૂપ આકાર મનાતો નથી જેનાથી=જે સ્વીકારવાથી, વિષયની નિરાકારતાનો પ્રસંગ પ્રાપ્ત થાય. વળી, વિષયના સદૃશ બિંબનો ઉત્પાદ નથી જેનાથી=વિષય સદૃશ બિંબના ઉત્પાદથી, જ્ઞાનનું પૌદ્ગલિકપણું પ્રાપ્ત થાય પરંતુ દર્પણમાં સ્ત્રીના મુખરૂપ વિષયની પ્રતિછાયાના સંક્રમની જેમ જ્ઞાનમાં આકાર છે=વિષયની પ્રતિછાયાના સંક્રમરૂપ આકાર છે. એ પ્રકારે પૂર્વપક્ષીનો મત છે, એથી કહે છે —

**ગાથા :-**

**बिंबपडिच्छाया वा पोग्गलजोगं विणा ण संभवति ।**
**अब्भुवगमे य सो च्चिय आवज्जइ गहणपरिणामो ।।१३२६।।**

**છાયા :-**

बिम्बप्रतिच्छाया वा पुद्गलयोगं विना न संभवति ।
अभ्युपगमे च स एवापद्यते ग्रहणपरिणामः ।।१३२६।।

**ગાથાર્થ :-**

**અથવા બિંબની પ્રતિછાયા પુદ્ગલયોગ વગર સંભવતી નથી અને અભ્યુપગમમાં તે જ ગ્રહણ પરિણામ પ્રાપ્ત થાય છે. ।।૧૩૨૬।।**

**ટીકા :-**

**'बिंबेत्यादि' वाशब्दोऽपास्यपक्षान्तराभ्युच्चये । बिम्बप्रतिच्छाया पुद्गलयोगं-बिम्बप्रतिच्छायापरिणामयोग्यपुद्गलसंबन्धं विना-अन्तरेण न संभवति, उक्तं चाचार्येणैवान्यत्र—'न ह्यङ्गनावदनच्छायाणुसंक्रमातिरेकेणादर्शकेऽन्यस्तत्प्रतिबिम्बसंभवोऽम्भसि वा निशाकरबिम्बस्येति' । परममुनिभिरप्युक्तम्—**

'सामा उ दिया छाया अभासुरगया निसिं तु कालाभा ।
सच्चिय भासुरगया सदेहवण्णा मुणेयव्वा ।।१।
जे आयरिसंतत्तो (आरिसस्स अंतो) देहावयवा हवंति संकंता ।
तेसिं तत्थुवलद्धी पगासजोगा न इयरस्से ।।२।। **ति'** ।

तथा च सति स एवाव्याप्तिदोषो, धर्मास्तिकायादी नामपौद्‌गलिकतया तत्प्रतिबद्धच्छायापुद्‌गला-भावात् । अथ विषयप्रतिच्छायापरिणामयोग्यपुद्‌गलसंबन्धमन्तरेणापि ज्ञाने विषयप्रतिच्छायाभ्युपगम्यते तत्राह—अभ्युपगमे च पुद्‌गलयोगं विनापि विषयप्रतिच्छायायाः स एवापद्यते ग्रहणपरिणामलक्षण आकारः, तदुक्तमाचार्येणैवान्यत्र—'तत्प्रतिबद्धवस्तुसंक्रमाभावे च प्रतिबिम्बाभावे अस्मदभ्युपगमाकार-सिद्धिरेवेति' ।।१३२६।।

**ટીકાર્થ :-**

**'बिंबेत्यादि' ..... सिद्धिरेवेति' ।। 'वा' શબ્દ નિરાકરણ કરવાયોગ્ય પક્ષાંતરના અભ્યુચ્ચયમાં છે. બિંબની પ્રતિચ્છાયા પુદ્ગલના યોગ વગર સંભવતી નથી=બિંબની પ્રતિછાયાના પરિણામયોગ્ય પુદ્ગલ સંબંધ વિના સંભવતી નથી, અને આચાર્યશ્રી વડે જ=પૂ.આ.શ્રી હરિભદ્રસૂરિ વડે જ, અન્યત્ર કહેવાયું છે. "સ્ત્રીના વદનની છાયાના અણુના સંક્રમ વગર દર્પણમાં અન્ય તેના પ્રતિબિંબનો સંભવ નથી અથવા પાણીમાં ચંદ્રના બિંબનો સંભવ નથી." પરમ મુનિ વડે પણ કહેવાયું છે.**
"અભાસ્વરગત=અભાસ્વર વસ્તુમાં રહેલી છાયા, શ્યામ હોય છે. વળી રાત્રિમાં કાળી હોય છે. ભાસ્વરગત=ભાસ્વર પદાર્થમાં રહેલી, તે જ=છાયા જ, પોતાના દેહના વર્ણવાળી જાણવી. અરીસાની અંદર દેહના અવયવો જે સંક્રાંત થાય છે, તેઓની પ્રકાશના યોગથી ત્યાં=અરિસામાં, ઉપલબ્ધિ છે, ઈતરની નહિ."

**અને તે પ્રમાણે હોતે છતે=દેહના અવયવોના સંક્રમ વગર પ્રતિબિંબ નથી તે પ્રકારે હોતે છતે, તે જ અવ્યાપ્તિ દોષ છે=કેવલજ્ઞાનમાં સર્વ પદાર્થના બોધની અપ્રાપ્તિરૂપ અવ્યાપ્તિ દોષ છે; કેમ કે ધર્માસ્તિકાયાદિનું અપૌદ્ગલિકપણું હોવાથી તત્પ્રતિબદ્ધ છાયાના પુદ્ગલોનો અભાવ છે. 'અથ'થી પૂર્વપક્ષી કહે છે. વિષયના પ્રતિછાયાના પરિણામને યોગ્ય પુદ્ગલના સંબંધ વગર પણ જ્ઞાનમાં વિષયની પ્રતિછાયાનો સ્વીકાર કરાય છે. ત્યાં=પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે – અને પુદ્ગલના યોગ વગર પણ વિષયની પ્રતિછાયાનો સ્વીકાર કરાયે છતે તે જ ગ્રહણ પરિણામલક્ષણ આકાર પ્રાપ્ત થાય છે. આચાર્યશ્રી વડે જ અન્યત્ર તે કહેવાયું છે – અને તત્ પ્રતિબદ્ધ વસ્તુના સંક્રમના અભાવરૂપ પ્રતિબિંબના અભાવમાં અમારા વડે સ્વીકારાયેલા આકારની સિદ્ધિ જ છે. ।।૧૩૨૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી કહે છે કે 'જેમ દર્પણમાં સ્ત્રીના મુખાદિની પ્રતિછાયાનો સંક્રમ થાય છે તેમ જ્ઞાનમાં જ્ઞેયનો જે બોધ થાય છે તે પ્રતિછાયાના સંક્રમરૂપ છે.' તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – પુદ્ગલરૂપ શરીરમાંથી છાયાના અણુઓ નીકળીને દર્પણમાં સંક્રમણ પામે છે. તેથી ત્યાં પોતાના આકારસદૃશ આકારનું દર્શન થાય છે પરંતુ જ્ઞાનમાં તે રીતે વસ્તુની છાયાના અણુઓનો સંક્રમ સ્વીકારીએ તો ધર્માસ્તિકાયાદિ અરૂપી પદાર્થોનું જ્ઞાન કેવળીને થઈ શકે નહીં; કેમ કે તેમાંથી છાયાના અણુઓ નીકળતા નથી કે જેનું સંક્રમણ જ્ઞાનમાં થઈ શકે અને તે દોષના નિવારણ માટે પૂર્વપક્ષી કહે કે 'પુદ્ગલના યોગ વગર પણ વિષયોની પ્રતિછાયા જ જ્ઞાનમાં પડે છે' અને તેમ સ્વીકારવામાં આવે તો એ પ્રાપ્ત થાય કે 'જ્ઞાનનો જ્ઞેયના

ગ્રહણનો પરિણામ છે તે જ જ્ઞેયનો આકાર છે.' તેનું સ્થાપન ગ્રંથકારશ્રીએ પૂર્વમાં કરેલ છે. તેથી એ ફલિત થાય કે જ્ઞાનનો તેવો જ સ્વભાવ છે કે જ્ઞેયવસ્તુ જે સ્વરૂપે વિદ્યમાન હોય તે સ્વરૂપે જ્ઞાન તેનું ગ્રહણ કરે છે. આથી જ કેવલજ્ઞાનમાં સર્વ જ્ઞેયનું યથાર્થ ગ્રહણ થાય છે. **॥૧૩૨૬॥**

**અવતરણિકા :-**

**येषामपि मूर्त्तानां प्रतिच्छायापरिणामयोग्यपुद्गलसंबन्धसंभवः तत्राप्यव्याप्तिदोषमाह—**

**અવતરણિકાર્થ :-**

**જે પણ મૂર્ત દ્રવ્યોની પ્રતિછાયાના પરિણામયોગ્ય પુદ્ગલની સાથે સંબંધ સંભવ છે ત્યાં પણ= મૂર્તદ્રવ્યોમાં પણ, અવ્યાપ્તિ દોષ કહે છે=કેવલજ્ઞાનમાં તેની અવ્યાપ્તિના દોષને કહે –**

**ગાથા :-**

**ण य तस्स णेयजोगो छायाणूहिं पि विप्पगरिसातो ।**
**अणुपभितिसुऽभावातो णेयाणंतत्तओ चेव ।।१३२७।।**
**णाणस्स पिंडभावो सिद्धाण य जोगसंभवाभावा ।**
**तेसावरणपसंगा सेसपरिच्छेदविरहा य ।।१३२८।।**

**છાયા :-**

न च तस्य ज्ञेययोगः छायाणुभिरपि विप्रकर्षात् ।
अणुप्रभृतिषु अभावाद् ज्ञेयानन्तत्वाच्चैव ।।१३२७।।
ज्ञानस्य पिण्डभावः सिद्धानां च योगसंभवाभावात् ।
तेषामावरणप्रसङ्गात् शेषपरिच्छेदविरहाच्च ।।१३२८।।

**ગાથાર્થ :-**

**અને તેને=સર્વજ્ઞના જ્ઞાનને, છાયાના અણુઓની સાથે જ્ઞેયનો યોગ નથી; કેમ કે વિપ્રકર્ષ છે. અણુ વિગેરેમાં અભાવ હોવાથી=સૂક્ષ્મ દ્રવ્યોમાં છાયાના અણુઓનો અભાવ હોવાથી, જ્ઞેયનો યોગ નથી, એમ અન્વય છે અને જ્ઞેયનું અનંતપણું હોવાથી જ્ઞાનનો પિંડભાવ છે અને સિદ્ધોને યોગના સંભવનો અભાવ હોવાથી છાયા દ્વારા જ્ઞેયનો યોગ નથી, એમ અન્વય છે. તેઓને=સિદ્ધોને, આવરણનો પ્રસંગ હોવાથી=સિદ્ધોને છાયાનો યોગ સ્વીકારવામાં આવે તો આવરણનો પ્રસંગ હોવાથી, સિદ્ધોને છાયાના યોગનો સંભવ નથી, એમ અન્વય છે. અને શેષ પદાર્થના પરિચ્છેદનો વિરહ હોવાથી=છાયાના અવિષયભૂત પદાર્થોના બોધનો વિરહ હોવાથી, સર્વજ્ઞના જ્ઞાનને છાયાના પરમાણુઓ દ્વારા જ્ઞેયનો યોગ નથી, એમ અન્વય છે. ॥૧૩૨૭-૧૩૨૮॥**

ટીકા :-

न च तस्य-सर्वज्ञज्ञानस्य छायाणुभिरपि छायाणुपक्षेऽपि ज्ञेययोगो-ज्ञेयसंबन्धः संभवति । कुत इत्याह—विप्रकर्षात्-देशादिविप्रकर्षभावात् । तथा अणुप्रभृतिषु च-सूक्ष्मद्रव्येषु छायापुद्गलानामभावात् न तैर्योगः । स्थूलेषु हि छायाणुसंबन्धो, न सूक्ष्मेषु, तथादर्शनादिति । तथा ज्ञेयानि पुद्गलद्रव्यरूपाण्यप्यनन्तानि, ततो युगपत्तत्प्रतिबद्धच्छायापरमाणुसंक्रमाभ्युपगमे तेषां छायाणूनां परस्परं पिण्डभावसंभवात् ज्ञानस्य-परिच्छेदस्य पिण्डभाव एव प्राप्नोति न तु वैविक्त्यं, विषयप्रतिच्छायाधीना हि विषयपरिच्छित्तिस्तथाऽभ्युपगमात्, विषयप्रतिच्छायाश्चोक्तवत्परस्परं पिंडरूपतामापन्ना इति परिच्छेदस्य वैविक्त्येनाभावः । तथा सिद्धानां-सकलकर्मविनिर्मुक्तानां ज्ञानस्य न सर्वथा छायाणुभिरपि ज्ञेययोग इति संटङ्कः । कुत इत्याह—'योगसंभवाभावात्' तेषामशरीरतया छायाणुभिः सहाकाशस्येव संबन्धविशेषसंभवाभावात्, अन्यथा 'तेसावरणपसंग त्ति' तेषां-सिद्धानामावरणप्रसङ्गात्, तर्हि छायाणुभिः सहान्योऽन्यव्याप्तिसंबन्धाभ्युपगमे त एवावारका भवेयुस्तथा च सिद्धत्वक्षितिरिति । तथा शेषस्य-छायाणुव्यतिरिक्तस्यासंक्रान्तस्य ज्ञेयस्य परिच्छेदविरहप्रसङ्गात् । ज्ञानं हि संक्रान्तमेव वेदयते, संक्रान्ताश्च ज्ञाने छायाणव एव न तत्प्रतिबद्धं ज्ञेयं, तत् कथं तत् ज्ञेयं वस्तु ज्ञानमवगच्छेत् ?। तथारूपछायाऽण्वन्यथानुपपत्त्या तदपि ज्ञेयं वस्तु ज्ञानं वेदयते, तेनायमदोष इति चेत्, नैवं, सार्वज्ञस्यापि ज्ञानस्यानुमानत्वप्रसंगादिति यत्किंचिदेतत् ।।१३२७-१३२८।।

ટીકાર્થ :-

न च ..... यत्किंचिदेतत् ।। અને તેને=સર્વજ્ઞના જ્ઞાનને, છાયાના અણુઓની સાથે પણ=છાયાના અણુઓના પક્ષમાં પણ, જ્ઞેયનો યોગ=જ્ઞેયનો સંબંધ, સંભવતો નથી. કયા કારણથી સર્વજ્ઞના જ્ઞાનને જ્ઞેયની સાથે સંબંધ થતો નથી ? એથી હેતુ કહે છે, વિપ્રકર્ષ છે=દેશ અને કાળનો વિપ્રકર્ષ છે. અને અણુ વિગેરેમાં=સૂક્ષ્મ દ્રવ્યોમાં, છાયાના પુદ્ગલોનો અભાવ હોવાથી તેઓની સાથે=સૂક્ષ્મ દ્રવ્યોની સાથે, યોગ નથી. हि=જે કારણથી, સ્થૂલ પુદ્ગલોમાં છાયાના અણુનો સંબંધ છે સૂક્ષ્મમાં નહિ; કેમ કે તે પ્રકારે દર્શન છે=અરીસાની સન્મુખ રહેલા સૂક્ષ્મ પદાર્થોની છાયાનો સંક્રમ નથી તે પ્રકારે દર્શન છે.

અને જ્ઞેય પુદ્ગલ દ્રવ્યનાં રૂપો પણ અનંતાં છે. તેથી યુગપદ્ તેની સાથે પ્રતિબદ્ધ છાયાના પરમાણુનો સંક્રમ સ્વીકાર કરાયે છતે=એક સાથે એક ક્ષેત્રમાં રહેલા અનંત પુદ્ગલોની સાથે પ્રતિબદ્ધ છાયાના પરમાણુનો સંક્રમ સ્વીકાર કરાયે છતે, તે છાયાના અણુઓનો પરસ્પર પિંડભાવનો સંભવ હોવાથી જ્ઞાનનો=પરિચ્છેદનો, પિંડભાવ જ પ્રાપ્ત થાય પરંતુ વિવિક્તપણું પ્રાપ્ત થાય નહીં. हि=જે કારણથી, વિષયની પ્રતિછાયાને આધીન વિષયનો પરિચ્છેદ છે=વિષયનો બોધ છે; કેમ કે તે પ્રકારે સ્વીકાર છે=જે પ્રકારે વિષય રહેલો હોય તે પ્રકારે બોધ થાય છે એમ સ્વીકાર છે, અને

**વિષયની પ્રતિછાયા પૂર્વમાં કહ્યું એ પ્રમાણે પરસ્પર પિંડરૂપતાને પામેલી છે એથી જ્ઞાનનો વિવિક્તપણારૂપે અભાવ છે.**

**અને સિદ્ધના=સકલ કર્મરહિત એવા જીવોના, જ્ઞાનને સર્વથા છાયાના અણુઓની સાથે પણ જ્ઞેયનો યોગ નથી, એ પ્રમાણે સંબંધ છે. કયા કારણથી સિદ્ધના જીવોના જ્ઞાનનો જ્ઞેયની સાથે સંબંધ નથી ? એમાં હેતુ કહે છે. યોગના સંભવનો અભાવ છે=તેઓનું અશરીરીપણું હોવાથી છાયાના અણુઓની સાથે આકાશની જેમ સંબંધવિશેષના સંભવનો અભાવ છે. અન્યથા=સિદ્ધના જીવોને શરીર નહીં હોવા છતાં છાયાના અણુઓનો સંબંધ સ્વીકારવામાં આવે તો, સિદ્ધના જીવોને આવરણનો પ્રસંગ છે. હિ=જે કારણથી, તે છાયાના અણુઓની સાથે અન્યોન્ય વ્યાપ્તિનો સંબંધ સ્વીકાર કરાયે છતે=તે છાયા પરમાણુની સાથે સિદ્ધના જીવોનો પરસ્પર વ્યાપ્તિરૂપ સંબંધ સ્વીકાર કરાયે છતે, તે જ=છાયાના પરમાણુ જ, આવારક થાય અને તે રીતે=સિદ્ધના જીવોને છાયાના પરમાણુ આવારક છે તે રીતે, સિદ્ધત્વની ક્ષતિ છે.**

**અને શેષના=છાયાના અણુથી વ્યતિરિક્ત અસંક્રાંત જ્ઞેયના, પરિચ્છેદના વિરહનો પ્રસંગ છે. હિ= જે કારણથી, જ્ઞાન સંક્રાંત જ વેદન કરાય છે અને જ્ઞાનમાં છાયાના અણુઓ જ સંક્રાંત છે તત્પ્રતિબદ્ધ જ્ઞેય નહિ=છાયાની સાથે પ્રતિબદ્ધ જ્ઞેય સંક્રાંત નથી, તે કારણથી કેવી રીતે તે જ્ઞાન જ્ઞેય વસ્તુને જાણે ? અર્થાત્ જાણે નહીં. તથારૂપ છાયાના અણુની અન્યથા અનુપપત્તિ હોવાથી=જ્ઞેય વસ્તુ ન હોય તો તે પ્રકારના છાયાના અણુની જ્ઞાનમાં અનુપપત્તિ હોવાથી, જ્ઞાન તે પણ જ્ઞેય વસ્તુને વેદન કરે છે. તે કારણથી આ દોષ નથી='જ્ઞેયનું જ્ઞાન થશે નહીં', એ દોષ નથી એ પ્રકારે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે. એ પ્રમાણે ન કહેવું; કેમ કે સર્વજ્ઞના પણ જ્ઞાનના અનુમાનત્વનો પ્રસંગ છે. એથી આ=પૂર્વપક્ષીનું કથન, અર્થ વગરનું છે. ॥૧૩૨૭-૧૩૨૮॥**

**ભાવાર્થ :-**

જેઓ માને છે કે 'દર્પણમાં જેમ છાયાનો સંક્રમ થાય છે તેમ કેવલજ્ઞાનમાં પુદ્ગલોની છાયાનું સંક્રમણ થાય છે.' તેમ સ્વીકારીએ તો પણ દોષ પ્રાપ્ત થાય છે કયો દોષ પ્રાપ્ત થાય છે તે સ્પષ્ટ કરે છે. અમૂર્ત દ્રવ્યોનો કેવલીને બોધ થઈ શકે નહીં; કેમ કે તેમાંથી છાયાના પુદ્ગલો નીકળતા નથી. વળી, જે મૂર્ત દ્રવ્યોમાંથી છાયાના અણુઓ નીકળે છે તેના સંક્રમણથી કેવળીને તેનું જ્ઞાન થાય છે, તેમ સ્વીકારવામાં પણ દોષની પ્રાપ્તિ છે; કેમ કે 'જેમ દર્પણમાં સન્મુખ રહેલા પદાર્થોનું સંક્રમણ થાય છે પરંતુ દૂર રહેલા પદાર્થોનું સંક્રમણ થતું નથી તેમ કેવળીના જ્ઞાનમાં પણ દૂર રહેલા પદાર્થોની છાયાના અણુઓનો સંક્રમણ થઈ શકે નહીં તેમ માનવું પડે અને તે દૂરવર્તી પદાર્થો દેશથી અને કાલથી છે. જેમ સિદ્ધ અવસ્થામાં કેવલી છે, તેઓનાથી દૂર રહેલા પુદ્ગલો દેશથી દૂર છે અને ભૂતકાળના અને ભવિષ્યકાળના પુદ્ગલો કાળથી દૂર છે, તે સર્વનો કેવલીને બોધ થઈ શકે નહીં.

વળી, પુદ્ગલોમાં પણ અણુ વગેરે સૂક્ષ્મ દ્રવ્યો છે તેમાંથી છાયાના પુદ્ગલો નીકળતા નથી. આથી જ

દર્પણની સન્મુખ પરમાણુ કે સૂક્ષ્મ કાર્મણ વર્ગણાદિ જ રહેલા છે તેનું સંક્રમણ દર્પણમાં થતું નથી તેમ કેવલજ્ઞાનમાં પણ તે સૂક્ષ્મ દ્રવ્યોની છાયાના અણુઓનો સંક્રમણ થાય નહીં. તેથી કેવલીને તેનો બોધ થઈ શકે નહીં.

વળી પુદ્ગલ દ્રવ્યો અનંતાં છે. તેથી એક જ સ્થાને અનંતી કાર્મણ વર્ગણાઓ, અનંતા પરમાણુઓ રહેલા છે અને તેઓમાંથી એક સાથે છાયાના પરમાણુઓનો સંક્રમણ થાય તો પણ તે છાયાના અણુઓનો પરસ્પર પિંડભાવ જ પ્રાપ્ત થાય. જેમ દર્પણમાં ભિન્ન ભિન્ન સ્થાનમાં રહેલા પદાર્થોની છાયાના અણુઓ સંક્રમણ પામે છે તેથી તે દ્રવ્યો પરસ્પર ભિન્ન ભિન્ન રૂપે જણાય છે પરંતુ એક ક્ષેત્રમાં રહેલા અનંતા પુદ્ગલોની છાયાના અણુઓ કેવલજ્ઞાનમાં સંક્રમણ પામે તો કેવલીને તેનો પિંડરૂપે જ બોધ થઈ શકે, પૃથક્ રૂપે બોધ થઈ શકે નહીં.

વળી, સિદ્ધોના જ્ઞાનમાં છાયાના અણુની સાથે જ્ઞેયનો સંયોગ થઈ શકે નહીં; કેમ કે સિદ્ધના જીવોને શરીર નથી, તેથી છાયાના અણુની સાથે આકાશને જેમ સંબંધવિશેષ થતો નથી તેમ સિદ્ધના જીવોને પણ શરીર નહીં હોવાથી છાયાના અણુની સાથે સંબંધવિશેષ થઈ શકે નહીં અને જો છાયાના અણુની સાથે સિદ્ધના જીવોને સંબંધવિશેષ થાય છે એમ સ્વીકારવામાં આવે તો સિદ્ધના જીવોને છાયાના અણુથી આવરણની પ્રાપ્તિ થઈ છે તેમ માનવાનો પ્રસંગ આવે. તેથી સિદ્ધમાં રહેલા સિદ્ધત્વની ક્ષતિની પ્રાપ્તિ થાય. અહીં સંબંધવિશેષ કહેવાથી એ પ્રાપ્ત થાય કે આકાશની સાથે છાયાના અણુનો સામાન્ય સંબંધ છે તેવો સંબંધ સિદ્ધના જીવોને પણ થઈ શકે પરંતુ શરીરવાળા જીવ ઉપર છાયાના અણુનો સંબંધ થાય છે તે આવરણ સ્વરૂપે પ્રતીત થાય છે. તે સંબંધવિશેષ છે. જેમ કોઈના ઉપર કોઈની છાયા પડતી હોય તો તે છાયા તેના ઉપર પડે છે તેવું દેખાય છે, તે સંબંધવિશેષ છે અને તેવો સંબંધવિશેષ છાયાના અણુની સાથે સિદ્ધના જીવોને નથી.

વળી, જે પુદ્ગલોમાંથી છાયાના અણુઓ નીકળતા નથી અને જે ધર્માસ્તિકાયાદિમાંથી છાયાના અણુઓ નીકળતા નથી તેવા જ્ઞેયનું સિદ્ધના જીવોને જ્ઞાન થઈ શકે નહીં; કેમ કે પૂર્વપક્ષી સ્વીકારે છે કે છાયાના અણુના સંક્રમથી સિદ્ધના જીવોને જ્ઞેયનું જ્ઞાન થાય છે. તેથી જેમાંથી છાયાના અણુ નીકળતા નથી તેવા જ્ઞેયનું જ્ઞાન સિદ્ધના જીવોને થઈ શકે નહીં માટે પૂર્વપક્ષીનું કથન યુક્ત નથી. અહીં પૂર્વપક્ષી કહે છે કે જ્ઞાન સંક્રાંતનું જ વેદન કરે છે અને જ્ઞાનમાં છાયાના અણુનું સંક્રમણ થાય છે, જ્ઞેયનું સંક્રમણ થતું નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે કે છાયાના સ્થાને પ્રતિબદ્ધ એવા જ્ઞેયનું જ્ઞાન કેવલીને કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં પરંતુ જ્ઞાનમાં સંક્રાંત થયેલા છાયાના અણુનું જ જ્ઞાન થઈ શકે. તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી કહે કે જો જ્ઞેય વસ્તુ એવા સ્વરૂપવાળી ન હોય તો તેવા પ્રકારના છાયાના અણુઓ જ્ઞાનમાં પ્રાપ્ત થઈ શકે નહીં. તેના બળથી કેવલીને જ્ઞેય વસ્તુનું જ્ઞાન થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – તેવા પ્રકારના છાયાના અણુઓના બળથી જો કેવલીને જ્ઞેયનું જ્ઞાન થાય છે તેમ પૂર્વપક્ષી સ્વીકારે તો કેવલીના જ્ઞાનને અનુમાનરૂપે સ્વીકારવાનો પ્રસંગ આવે. વસ્તુતઃ કેવલી જ્ઞેયમાત્રને પ્રત્યક્ષથી જુવે છે. માટે પૂર્વપક્ષીનું કથન અસંગત છે. **॥૧૩૨૭-૧૩૨૮॥**

**અવતરણિકા :-**

इह केचित् 'सर्वगतावभास'मित्यादिवचनश्रवणतः सद्भावतो विश्वगतं केवलज्ञानमभिमन्यन्ते, तन्मतमपाचिकीर्षुराह—

**અવતરણિકાર્થ :-**

અહીં=કેવલજ્ઞાનના વિષયમાં, કેટલાક "સર્વગત અવભાસવાળું કેવલજ્ઞાન છે" ઇત્યાદિ વચનના શ્રવણથી સદ્ભાવથી=સત્તાથી, વિશ્વગત કેવલજ્ઞાન માને છે. તેના મતનું નિરાકરણ કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

**ण य सव्वगयं एयं सत्तारूवेण जं अणंतो तु ।**
**धम्मरहितो अलोगो कह गच्छति तो तयं झत्ति? ।।१३२९।।**

**છાયા :-**

न च सर्वगतमेतत् सत्तारूपेण यदनन्तस्तु ।
धर्मरहितोऽलोकः कथं गच्छति तस्मात्तकत् झटिति ।।१३२९।।

**ગાથાર્થ :-**

**અને સર્વગત સત્તારૂપથી આ=કેવલજ્ઞાન, નથી. જે કારણથી અનંત જ ધર્મરહિત અલોક છે. તે કારણથી તે=કેવલજ્ઞાન, (અલોકમાં) શીઘ્ર કેવી રીતે જાય ? અર્થાત્ જાય નહિ. ।।૧૩૨૯।।**

**ટીકા :-**

न च, चकारो मतान्तरप्रतिक्षेपसमुच्चयद्योतनार्थः, सत्तारूपेण-सद्भावेन सर्वगतं-सकलवस्तुगत-मेतत्-केवलज्ञानम् । कुत इत्याह—असंभवात्, असंभवश्च यत्-यस्मादनन्त एव, तुरवधारणे, धर्म्मरहितो-धर्मास्तिकायविरहितोऽलोकोऽस्ति, 'ता' तस्मात्कथं तकत्-केवलज्ञानमलोके झटिति गच्छति ?, नैव गच्छतीतिभावः । तत्र गत्युपष्टम्भकधर्मास्तिकायाभावात् समयमात्रेण च सामस्त्येन गमने तस्यानन्तत्वविरोधाच्च, अत एव धर्मरहित इति अनन्त इति च विशेषणद्वयमुपादायीति ।।१३२९।।

**ટીકાર્થ :-**

न च ..... मुपादायीति ।। 'च'કાર મતાંતરના પ્રતિક્ષેપના સમુચ્ચયના દ્યોતન અર્થવાળો છે. સત્તારૂપથી=સદ્ભાવથી, સર્વગત=સકલ વસ્તુગત, આ=કેવલજ્ઞાન, નથી. કયા કારણથી સર્વ વસ્તુગત કેવલજ્ઞાન નથી ? એથી હેતુ કહે છે. અસંભવ છે અને અસંભવ (કેમ છે તે સ્પષ્ટ કરે છે.) જે કારણથી, ધર્મરહિત=ધર્માસ્તિકાય વિરહિત, અલોક છે. તે કારણથી કેવી રીતે તે=કેવલજ્ઞાન, અલોકમાં શીઘ્ર જાય અર્થાત્ ન જ જાય, એ પ્રકારનો ભાવ છે; કેમ કે ત્યાં=અલોકાકાશમાં, ગતિ ઉપષ્ટંભક

**ધર્માસ્તિકાયનો અભાવ છે અને સમય માત્રથી સમસ્તપણારૂપે ગમન હોતે છતે=કેવલજ્ઞાનનું ગમન હોતે છતે, તેનો=અલોકનો, અનંતપણાનો વિરોધ છે. આથી જ 'ધર્મરહિત' એ પ્રમાણે અને 'અનંત' એ પ્રમાણે બે વિશેષણ=અલોકનાં બે વિશેષણ, કહેવાયાં. 'અનંત' શબ્દ પછી 'તુ' શબ્દ છે તે અવધારણ અર્થમાં છે. ।।૧૩૨૯।।**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં કહ્યું કે 'કેવલજ્ઞાન સર્વગત અવભાસવાળું છે.' તેનો શું અર્થ કરવો ? તેના વિષયમાં કેટલાક માને છે કે 'કેવલજ્ઞાન આત્મામાં રહેલું હોવા છતાં જેમ સૂર્યનો પ્રકાશ પૃથ્વી ઉપર વિસ્તાર પામે છે તેમ કેવલજ્ઞાનનો પ્રકાશ પણ વિદ્યમાનપણારૂપે લોક-અલોક સર્વવ્યાપી બને છે. આથી જ કેવળીને સર્વજ્ઞેયનું જ્ઞાન થાય છે' તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે. કેવલીનું કેવલજ્ઞાન ધર્માસ્તિકાયાદિ રહિત અનંત એવા અલોકમાં એક સમયમાં જઈ શકે નહીં અને 'એક સમયમાં કેવલજ્ઞાન અલોકમાં જઈ શકે છે', એમ સ્વીકારવામાં આવે તો અલોકાકાશ અનંત છે, અને તે અંત વગરનું છે. જેમ ભૂતકાળ અને ભવિષ્યકાળ અંત વગરના છે એમ શાસ્ત્રકારો જે સ્વીકારે છે તે સ્વીકારવાનો વિરોધ આવે અને શાસ્ત્રકારોએ લોકાકાશના અસંખ્યાત પ્રદેશો છે અને અલોકાકાશના અનંત પ્રદેશો છે, એમ સ્વીકાર્યું છે માટે કેવળીનું જ્ઞાન કેવલીના આત્મામાં જ રહેલું છે અને ત્યાં રહેલું જ જ્ઞાન લોક અને અલોક સર્વ વસ્તુનું યથાર્થ સ્વરૂપે ગ્રહણ કરવા સમર્થ છે એમ સ્વીકારવું જોઈએ. **।।૧૩૨૯।।**

**અવતરણિકા :-**

**अत्रैव दूषणान्तरमाह—**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=કેવલજ્ઞાનને સદ્‌ભાવથી વિશ્વગત સ્વીકારવામાં જ, દૂષણાંતરને કહે છે –**

**ગાથા :-**

**जं च इयमातधम्मो परिमियमाणो य सो मतो समए ।**
**ण य अदव्वा तु गुणा संकमगा चेव जुज्जंति ।।१३३०।।**

**છાયા :-**

**यच्चेदमात्मधर्मः परिमितमानश्च स मतः समये ।**
**न चाद्रव्यास्तु गुणाः संक्रामका एव युज्यन्ते ।।१३३०।।**

**ગાથાર્થ :-**

**અને જે કારણથી આ=કેવલજ્ઞાન, આત્મધર્મ છે અને તે=આત્મધર્મ, પરિમિત માનવાળો સિદ્ધાંતમાં મનાયો છે અને અદ્રવ્યવાળા ગુણો સંક્રમ પામતા ઘટતા નથી જ. ।।૧૩૩૦।।**

**ટીકા :-**

**यच्च-यस्माच्च इदं-केवलज्ञानमात्मधर्मः, स चात्मधर्मः समये परिमितमान आत्मस्थो मतः । ननु भवत्वेवं परं, किंत्विदमात्मानं विमुच्य सकलमिदं जगल्लोकालोकात्मकं गत्वाऽवगच्छति, ततः सर्वगतमिति, अत्राह—'नयेत्यादि' नच-नैव अद्रव्या-द्रव्यरहिता गुणा-ज्ञानादयः संक्रामकाः-संक्रमणक्रियाविधायिनो युज्यन्ते, तथादर्शनाभावात् । एवः-पूरणे । युज्यन्तां वा तथापि कथमलोके गच्छति ?, तत्र गत्युपष्टम्भकधर्मास्तिकायाभावादित्युक्तम् ।।१३३०।।**

**ટીકાર્થ :-**

**यच्च- ..... भावादित्युक्तम् ।। અને 'જે કારણથી આ=કેવલજ્ઞાન, આત્માનો ધર્મ છે. તે આત્માનો ધર્મ શાસ્ત્રમાં પરિમિત પ્રમાણવાળો આત્મામાં રહેલો મનાયો છે.' 'ननु'થી પૂર્વપક્ષી કહે છે. આ પ્રમાણે થાઓ=આત્માનો ધર્મ આત્મામાં રહે છે એ પ્રમાણે થાઓ પરંતુ આ=આત્માના ધર્મરૂપ એવું કેવલજ્ઞાન, આત્માને છોડીને સકલ આ લોકાલોકરૂપ જગતમાં જઈને આવે છે તેથી સર્વગત છે. એમાં='ननु'થી કરાયેલા પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે. અદ્રવ્ય=દ્રવ્ય રહિત, જ્ઞાનાદિ ગુણો સંક્રામક=સંક્રમણ ક્રિયા કરનારા, ઘટતા નથી જ; કેમ કે તે પ્રકારનો દર્શનનો અભાવ છે. ગાથામાં 'एव' શબ્દ પૂરણ અર્થમાં છે. અથવા ઘટે=દ્રવ્યમાંથી ગુણો નીકળીને લોકમાં સંક્રમ પામે છે એ પ્રમાણે ઘટે, તો પણ અલોકમાં કેવી રીતે જાય ? અર્થાત્ જાય નહીં; કેમ કે ત્યાં=અલોકમાં, ગતિ ઉપષ્ટંભક ધર્માસ્તિકાયનો અભાવ છે. એમ કહેવાયું=એ પ્રમાણે પૂર્વમાં કહેવાયું છે. ॥૧૩૩૦॥**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી આત્માના કેવલજ્ઞાનને સર્વગત સત્તાથી વ્યાપ્ત સ્વીકારે છે તે યુક્ત નથી. તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે. કેવલજ્ઞાન આત્માનો ધર્મ છે અને તે ધર્મ આત્મપ્રદેશપ્રમાણ જ આત્મામાં રહેલો શાસ્ત્રમાં મનાયો છે. ત્યાં પૂર્વપક્ષી કહે કે 'કેવલજ્ઞાન આત્માનો ધર્મ હો તો પણ તે લોક-અલોકમાં જઈને તે જ્ઞેયનો બોધ કરે છે અને પાછો આત્મામાં આવે છે,' એમ સ્વીકારી શકાશે. તેને ગ્રંથકારશ્રી કહે છે – જ્ઞાનાદિ ગુણો દ્રવ્ય રહિત સંક્રમણ ક્રિયા કરનારા સ્વીકારાયા નથી આમ છતાં આત્મા કેવલીસમુદ્ઘાત કરે ત્યારે આત્મપ્રદેશો સાથે તેમનું જ્ઞાન ચૌદ રાજલોકવ્યાપી થઈ શકે પરંતુ આત્મામાંથી નીકળીને જ્ઞાન લોકમાં અને અલોકમાં જઈ શકે નહીં. વળી, આત્મામાંથી જ્ઞાન નીકળે છે તેમ સ્વીકારીએ તો પણ જ્ઞાન અલોકમાં જઈ શકે નહીં; કેમ કે ગમનક્રિયાને સહાયક એવો ધર્માસ્તિકાયનો અલોકમાં અભાવ છે. તેથી જ્ઞાન આત્મામાં રહેલું જ સર્વજ્ઞેયને જાણે છે તેમ સ્વીકારવું જોઈએ. **॥૧૩૩૦॥**

**અવતરણિકા :-**

**उपसंहरति—**

**અવતરણિકાર્થ :-**

ઉપસંહાર કરે છે=ગાથા-૧૩૨૫થી 'કેવલજ્ઞાન સાકાર છે કે અનાકાર છે.' તે કહેવાનો પ્રારંભ કર્યો. ત્યાં 'કેવલજ્ઞાન શું છે ?' તેનું સ્વરૂપ બતાવ્યું. 'તેના વિષયમાં બિંબ સંક્રમણાદિરૂપ કેવલજ્ઞાન છે એમ અન્ય કહે છે. તેનું નિરાકરણ કર્યું. વળી, કેટલાક 'કેવલજ્ઞાનને સદ્ભાવથી વિશ્વગત સ્વીકારે છે.' તે સર્વ મતોનું નિરાકરણ કર્યું. હવે તેનો ઉપસંહાર કરે છે –

**ગાથા :-**

**तम्हा सव्वपरिच्छेदसत्तिमन्तं तु णायजुत्तमिणं ।**
**एत्तो च्चिय णीसेसं जाणति उप्पत्तिसमयम्मि ।।१३३१।।**

**છાયા :-**

तस्मात् सर्वपरिच्छेदशक्तिमत्तु न्याययुक्तमिदम् ।
अस्मादेव निःशेषं जानाति उत्पत्तिसमये ।।१३३१।।

**ગાથાર્થ :-**

**તે કારણથી સર્વ પરિચ્છેદ શક્તિવાળું આ=કેવલજ્ઞાન, ન્યાયયુક્ત છે. આથી જ=સર્વ પરિચ્છેદ શક્તિવાળું હોવાથી જ, ઉત્પતિ સમયમાં નિઃશેષને જાણે છે. ।।૧૩૩૧।।**

**ટીકા :-**

**तस्मादात्मस्थमेव सत् सर्वपरिच्छेदशक्तिमत् एतत्-केवलज्ञानमितीदं ज्ञानं(न्याय) युक्तम् । अत एव च-सर्वपरिच्छेदशक्तिमत्त्वादेव चोत्पत्तिसमय एव निःशेषं जानाति, अन्यथा समयमात्रेणालोकस्यानन्ततया सामस्त्येन गमनासंभवात् कथमुत्पत्तिसमये निःशेषं जानीयात्? ।।१३३१।।**

**ટીકાર્થ :-**

तस्मादात्मस्थमेव ..... जानीयात्? ।। તે કારણથી આત્મસ્થ જ છતું સર્વ પરિચ્છેદ શક્તિવાળું આ= કેવલજ્ઞાન, ન્યાયયુક્ત છે=યુક્તિયુક્ત છે. (અહીં 'केवलज्ञान' પછી 'इति इदं ज्ञानं' વધારાનું જણાય છે અને મૂળ ગાથા પ્રમાણે 'न्याययुक्तम्' પાઠ જોઈએ.) અને આથી જ=સર્વ પરિચ્છેદ શક્તિવાળું હોવાથી જ, ઉત્પત્તિ સમયમાં જ નિઃશેષને જાણે છે. અન્યથા=સર્વ પરિચ્છેદ શક્તિવાળું કેવલજ્ઞાન ન હોય તો, અલોકનું અનંતપણું હોવાથી સમયમાત્રથી સમસ્તપણે ગમનનો અસંભવ હોવાને કારણે કેવી રીતે ઉત્પત્તિના સમયમાં નિઃશેષ સર્વ પદાર્થોને જાણે ? અર્થાત્ જાણી શકે નહીં. ।।૧૩૩૧।।

**ભાવાર્થ :-**

પૂર્વના કથનનું નિગમન કરતાં કહે છે કેવલજ્ઞાન કેવલીના આત્મામાં જ રહે છે પરંતુ આત્મપ્રદેશોમાંથી

નીકળીને લોકમાં અને અલોકમાં વ્યાપ્ત થતું નથી અને સર્વ જ્ઞેયના બોધની શક્તિવાળું કેવલજ્ઞાન છે તેમ માનવું જ ન્યાયયુક્ત છે. આથી જ જ્ઞાનના આવરણના ક્ષયથી કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે ઉત્પત્તિ સમયમાં જ સર્વજ્ઞેયને જાણે છે. જો કેવલજ્ઞાન આત્મપ્રદેશોમાંથી નીકળીને બહાર જતું હોય તો એક સમયમાત્રમાં સર્વજ્ઞેયને જાણી શકે નહીં; કેમ કે અલોક અનંત છે. તેથી એક સમયમાં સર્વ અલોકમાં જઈ શકે નહીં. તેથી શાસ્ત્રવચન અને યુક્તિ અનુસાર સ્વીકારવું જોઈએ કે કેવલજ્ઞાન આત્માનો ગુણ હોવાથી આત્મામાં જ રહે છે અને જ્ઞાનના આવરણનો ક્ષય થવાથી સર્વજ્ઞેયને જાણવાની શક્તિવાળું છે. **॥૧૩૩૧॥**

**અવતરણિકા :-**

**अथोच्येत-कथमेतत्प्रत्येतुं शक्यते यथोत्पत्तिसमय एव तथापरिच्छेदशक्तियुक्ततया निःशेषं जानातीति ?, उपपत्त्यभावाद्, अत उपपत्तिमाह—**

**અવતરણિકાર્થ :-**

**'अथ'થી પૂર્વપક્ષી વડે કહેવાય છે. 'કેવી રીતે આ જાણવા માટે શક્ય છે ?' શું જાણવા માટે શક્ય છે ? તે 'यथा'થી સ્પષ્ટ કરે છે. ઉત્પત્તિ સમયમાં જ તે પ્રકારની પરિચ્છેદશક્તિથી યુક્તપણું હોવાને કારણે નિઃશેષ જાણે છે ? અર્થાત્ તે પ્રમાણે નિશ્ચય થઈ શકે નહીં; કેમ કે ઉપપત્તિનો અભાવ છે. આથી=પૂર્વપક્ષીએ કહ્યું કે ઉપપત્તિનો અભાવ છે આથી, ઉપપત્તિને કહે છે –**

**ગાથા :-**

**जह कस्सवि सयराहं जायति पंचत्थिकायविण्णाणं ।**
**एवं केवलिणोवि हु असेसविसयं पि समए वि ।।१३३२।।**

**છાયા :-**

**यथा कस्यापि शीघ्रं जायते पञ्चास्तिकायविज्ञानम् ।**
**एवं केवलिनोऽपि हु अशेषविषयमपि समयेऽपि ।।१३३२।।**

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે કોઈકને પણ પંચાસ્તિકાયનું વિજ્ઞાન શીઘ્ર થાય છે. એ રીતે કેવલીને પણ સમયમાં પણ અશેષ વિષયવાળું પણ જ્ઞાન થાય છે. ।।૧૩૩૨।।**

**ટીકા :-**

**यथा कस्यापि समयज्ञस्य-समयवशादधिगतधर्मास्तिकायादिवस्तुस्वरूपस्य कदाचित् शीघ्रं पञ्चास्तिकायविज्ञानं जायते, एवम्-अमुनैव प्रकारेण केवलिनोऽप्यशेषद्रव्यपर्यायप्रपञ्चविषयमपि समये-समयमात्रेण जायत इत्यदोषः । उक्तं चान्यैरपि—**

'यथा सकलशास्त्रार्थः स्वभ्यस्तः प्रतिभासते ।
मनस्येकक्षणेनैव, तथाऽनन्तादिवेदनम् ।।१।।' **इति।**

**अनन्तादिवेदनमिति-अनाद्यनन्तवेदनम् ।।१३३२।।**

**ટીકાર્થ :-**

**यथा ..... अनाद्यनन्तवेदनम् ।। જે પ્રમાણે શાસ્ત્રના જાણનાર કોઈને પણ=શાસ્ત્રના બળથી જાણ્યું છે ધર્માસ્તિકાયાદિ વસ્તુનું સ્વરૂપ જેણે એવા પુરુષને, ક્યારેક શીઘ્ર પંચાસ્તિકાયનું વિજ્ઞાન થાય છે. એ રીતે=આ જ પ્રકારથી, કેવલીને પણ સર્વ દ્રવ્ય અને પર્યાયના વિસ્તારવિષયવાળું પણ જ્ઞાન સમયમાં=સમયમાત્રથી, થાય છે. એથી અદોષ છે=ઉપપત્તિ સમયમાં કેવલજ્ઞાન વિશેષને જાણે છે તેમ સ્વીકારવામાં અદોષ છે અને અન્ય વડે પણ કહેવાયું છે.** 'જે પ્રમાણે સુઅભ્યસ્ત સકલ શાસ્ત્રના અર્થવાળા પુરુષને મનમાં એક ક્ષણથી જ પ્રતિભાસ થાય છે. તે પ્રમાણે અનંતાદિનું વેદન છે.' **અનંતાદિના વેદનનો અર્થ સ્પષ્ટ કરે છે. અનાદિ અનંતનું વેદન છે. ।।૧૩૩૨।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરેલ કે 'સામાન્યથી ઘણા બધા પદાર્થો હોય તો તેની ઉપસ્થિતિ કરવા માટે કોઈ ઉપયોગ મૂકે તો તે સર્વની ઉપસ્થિતિ કરવામાં ઘણો સમય લાગે. તેથી કેવલીને આવરણના ક્ષયથી જે ક્ષણે કેવલજ્ઞાન પ્રગટે છે તે ક્ષણથી જગતવર્તી સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયને એક સમયમાં કેવી રીતે જાણી શકે ?' તેને સ્પષ્ટ કરતાં કહે છે. જેમ કોઈ છદ્મસ્થ જીવે પણ શાસ્ત્રના અવલંબનથી ધર્માસ્તિકાયાદિ પાંચેય દ્રવ્યોનો સ્પષ્ટ બોધ કર્યો હોય તો ક્યારેક તેને શીઘ્ર પંચાસ્તિકાયનું વિજ્ઞાન ઉપસ્થિત થાય છે પરંતુ 'આ ધર્માસ્તિકાય છે, તેનો આવો આકાર છે. તેવા જ આકાર રૂપે અધર્માસ્તિકાયાદિ રહેલા છે અને તેવો લોક જીવ અને પુદ્ગલથી ખીચોખીચ ભરેલ છે.' તે સર્વની ક્રમસર ઉપસ્થિતિ અપટુબોધવાળી અવસ્થામાં થાય છે પરંતુ જેને તે પંચાસ્તિકાયના સ્વરૂપનો બોધ પુનઃ પુનઃ ભાવનથી સ્પષ્ટ થયો છે, તે પુરુષ બુદ્ધિરૂપી ચક્ષુસન્મુખ ક્ષણમાત્રમાં પંચાસ્તિકાયને સ્મૃતિમાં લાવી શકે છે. જ્યારે કેવલીને તો સર્વ આવરણનો ક્ષય થયો છે. તેથી છદ્મસ્થની જેમ યત્ન કરવો પડતો નથી માટે પટુ ક્ષયોપશમવાળા છદ્મસ્થ પણ ક્ષણમાં પંચાસ્તિકાયમય જગતને ઉપસ્થિત કરી શકે છે તો કેવલીને અવશ્ય અનાદિ અનંત સર્વ પદાર્થોનો કેવળજ્ઞાનની ઉત્પત્તિના સમયમાં જ બોધ થાય છે તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. વળી, અન્ય પણ વિચારકો કહે છે કે 'જે મહાત્માએ સકલ શાસ્ત્રના અર્થો સુઅભ્યસ્ત કર્યા છે તેઓને એક ક્ષણમાં તે સર્વની ઉપસ્થિતિ થઈ શકે છે.' તેમ અનાદિ અનંત સંસારના પદાર્થોનું વેદન કેવલીને થઈ શકે છે. **।।૧૩૩૨।।**

**અવતરણિકા :-**

**यद्येवं तर्हि यत् तत्र तत्र प्रदेशे उच्यते–**

'सर्वगतावभास'मित्यादि, तथा 'स्थितः शीतांशुवज्जीवः ।
प्रकृत्या भावशुद्ध्या । चन्द्रिकावच्च विज्ञानं, तदावरणमभ्रवद् ।।१।।'

इत्यादिना चन्द्रादिप्रभाज्ञातं च तत् विरुद्ध्यते एव, आत्मस्थस्यैव केवलज्ञानस्य सकलवस्तु-परिच्छेदशक्तिमत्त्वाभ्युपगमे तस्यानुपपद्यमानत्वात्, अत आह–

**અવતરણિકાર્થ :-**

**જો આ પ્રમાણે છે=કેવલજ્ઞાન આત્મસ્થ જ રહેલું સર્વ વસ્તુનું પ્રકાશન કરે છે એ પ્રમાણે છે, તો તે તે પ્રદેશમાં=શાસ્ત્રના તે તે સ્થાનમાં, જે કહેવાય છે તે વિરુદ્ધ જ પામે છે, એમ અન્વય છે. તે તે સ્થાનમાં શું કહેવાયું છે ? તે બતાવે છે.** 'સર્વગત અવભાસ છે'=કેવલજ્ઞાનનો સર્વગત અવભાસ છે, ઈત્યાદિ અને ભાવશુદ્ધ પ્રકૃતિથી શીતાંશુ જેવો જીવ રહેલો છે. ચંદ્રિકા જેવું વિજ્ઞાન છે. વાદળ જેવું તેનું આવરણ છે=જ્ઞાનનું આવરણ છે, **ઈત્યાદિ દ્વારા ચંદ્રાદિની પ્રભાનું દૃષ્ટાંત છે, તે વિરુદ્ધ જ પામે છે; કેમ કે આત્મસ્થ જ કેવલજ્ઞાનનું સકલ વસ્તુ પરિચ્છેદ શક્તિમત્ત્વના અભ્યુપગમમાં તેનું અનુપપદ્યમાનપણું છે=તે તે સ્થાનમાં કહેવાયેલા કથનનું અનુપપદ્યમાનપણું છે. આથી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે જ્ઞાન આત્માનો ગુણ છે. તે આત્મામાંથી પૃથક્ થઈને સર્વ લોક-અલોકમાં જાય નહીં પરંતુ કેવલીના આત્મામાં રહેલું કેવલજ્ઞાન ગ્રહણ સ્વભાવને કારણે આત્મામાં જ રહીને સર્વ જ્ઞેયનું ગ્રહણ કરે છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે શાસ્ત્રમાં તે તે સ્થાને કહેવાયું છે કે કેવલજ્ઞાન સર્વગત અવભાસ છે તેથી અર્થથી એ ફલિત થાય કે કેવલજ્ઞાન લોક-અલોક સર્વગત રહીને જ્ઞેયનો બોધ કરાવે છે. વળી, અન્ય પણ શાસ્ત્રમાં કહ્યું છે કે ભાવશુદ્ધ એવી પ્રકૃતિથી જીવ ચંદ્રના જેવો શીતલ રહેલો છે, ચંદ્રની ચંદ્રિકા જેવું તેનું જ્ઞાન છે અને વાદળા જેવું જ્ઞાનનું આવરણ છે તેથી એ ફલિત થાય કે ચંદ્રમાંથી જેમ કિરણો નીકળીને પૃથ્વી પર પ્રસરે છે તેમ કેવલીનું કેવલજ્ઞાન પણ લોક-અલોકમાં પ્રસરે છે અને વાદળાંઓનું આવરણ આવે તો ચંદ્રનાં કિરણો પૃથ્વી પર પ્રસરતાં નથી તેમ છદ્મસ્થ જીવનું જ્ઞાન આવરણથી આવૃત છે માટે સર્વત્ર પ્રસર પામતું નથી અને કેવલીનું જ્ઞાન નિરાવૃત હોવાથી ચંદ્રિકાની જેમ સર્વત્ર પ્રસરે છે. તે કથનનો તમારા કથનની સાથે વિરોધ છે; કેમ કે તમારા કથન પ્રમાણે કેવલજ્ઞાન કેવલીના આત્મામાં જ રહે છે, બહાર પ્રસરણ પામતું નથી અને સકલ વસ્તુના બોધ કરવાની શક્તિવાળું હોવાથી બોધ થાય છે. આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ કરવા અર્થે કહે છે.

**ગાથા :-**

**एवं चिय सव्वगतावभासमिच्चादि जुज्जति असेसं ।**
**चंदादिपभाणाते उवमामेत्तं मुणेयव्वं ।।१३३३।।**

**છાયા :-**

**एवमेव सर्वगतावभासमित्यादि युज्यतेऽशेषम् ।**
**चंद्रादिप्रभाज्ञातमुपमामात्रं ज्ञातव्यम् ।।१३३३।।**

**ગાથાર્થ :-**

**આ રીતે જ સર્વગત અવભાસ ઈત્યાદિ અશેષ ઘટે છે. ચંદ્રાદિપ્રભાના દૃષ્ટાંતમાં ઉપમા માત્ર જાણવું. ॥૧૩૩૩॥**

**ટીકા :-**

**एवमेव-उक्तेनैव प्रकारेण 'सर्वगतावभास'मित्याद्यशेषं युज्यते, अवभासशब्दस्य परिच्छेदरूपशक्तिवाचकत्वात्। यदुक्तमाचार्येणैवान्यत्र—'सर्वगतावभासमित्यादि विरुद्ध्यत इति चेत्, न, परिच्छेदशक्तेरवभासत्वादिति' । यत्तु चन्द्रादिप्रभाज्ञातं तत् उपमामात्रमेव ज्ञातव्यं, न तु तद्दृष्टान्तावष्टम्भेन केवलज्ञानस्यापि ताथात्म्यम् ।।१३३३।।**

**ટીકાર્થ :-**

**एवमेव- ..... ताथात्म्यम् ।। 'આ રીતે જ=ઉક્ત જ પ્રકારથી=આત્મામાં રહેલું કેવલજ્ઞાન જ પદાર્થનો બોધ કરાવે છે' એ પ્રમાણે પૂર્વમાં કહ્યું એ જ પ્રકારથી, સર્વગત અવભાસ છે ઈત્યાદિ અશેષ ઘટે છે; કેમ કે 'અવભાસ' શબ્દનું જ્ઞાન કરવાની શક્તિનું વાચકપણું છે. જે કારણથી અન્યત્ર આચાર્ય વડે જ કહેવાયું છે. સર્વગત અવભાસ ઈત્યાદિ વિરોધ પામે છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે, એમ ન કહેવું; કેમ કે પરિચ્છેદ શક્તિનું અવભાસપણું છે. જે વળી ચંદ્રપ્રભાદિનું દૃષ્ટાંત છે તે ઉપમા માત્ર જ જાણવું પરંતુ તે દૃષ્ટાંતના અવલંબનથી કેવલજ્ઞાનનું પણ તાથાત્મ્ય=તથાપણું, નથી. ॥૧૩૩૩॥**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરેલ કે કેવલજ્ઞાન સર્વગત અવભાસવાળું છે અને જ્ઞાન ચંદ્રની ચંદ્રિકા જેવું છે. તેથી જેમ ચંદ્રની ચંદ્રિકા પૃથ્વી ઉપર પ્રસરે છે તેમ કેવલજ્ઞાનનો પ્રકાશ પણ લોક-અલોકમાં પ્રસરે છે એમ તે તે શાસ્ત્રવચનોથી સ્વીકારવું જોઈએ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે. કેવલજ્ઞાન આત્મામાં જ રહેલું સર્વ જ્ઞેયનો બોધ કરવાની શક્તિવાળું છે એમ સ્વીકારવું જોઈએ અને સર્વગત અવભાસનો અર્થ સર્વગત રહેલા પદાર્થોના બોધ કરવાની શક્તિ છે એમ જ સ્વીકારવું જોઈએ. વળી, ચંદ્રની પ્રભાનું દૃષ્ટાંત ઉપમા માત્ર છે જેનાથી યોગ્ય જીવને જ્ઞાનના સ્વરૂપનો યથાર્થ બોધ થાય પરંતુ તે દૃષ્ટાંતના બળથી ચંદ્રનાં કિરણો જેમ લોકમાં પ્રસરે છે તેમ કેવલીનું જ્ઞાન લોકમાં પ્રસરે છે એમ સ્વીકારવું ઉચિત નથી. **॥૧૩૩૩॥**

**અવતરણિકા :-**

**कथं चन्द्रादिप्रभाज्ञातमुपमामात्रमित्यत आह—**

**અવતરણિકાર્થ :-**

**ચંદ્રાદિ પ્રભાનું દૃષ્ટાંત ઉપમા માત્ર કેવી રીતે છે ? આથી કહે છે –**

ગાથા :-

जम्हा पहा वि दव्वं पोग्गलरूव त्ति चंदमादीणं ।
ण य भिन्नाऽभिण्णाणं एवं जुत्तिं समुव्वहति ।।१३३४।।

છાયા :-

यस्मात् प्रभापि द्रव्यं पुद्गलरूपमिति चंद्रादीनाम् ।
न च भिन्नाऽभिन्नानामेवं युक्तिं समुद्वहति ।।१३३४।।

ગાથાર્થ :-

**જે કારણથી ચંદ્રાદિની પ્રભા પણ પુદ્ગલરૂપ દ્રવ્ય છે અને ભિન્ન એવી પ્રભા અભિન્ન એવા જ્ઞાનોની યુક્તિને એ રીતે વહન કરતી નથી. ।।૧૩૩૪।।**

ટીકા :-

यस्मात् प्रभापि चन्द्रादीनां-चन्द्रादित्यग्रहनक्षत्रतारकामणिप्रदीपादीनां संबन्धिनी द्रव्यम् । कुत इत्याह—'पौद्गलरूपेति' यत इयं प्रभा पुद्गलरूपा, पुद्गलरूपताऽस्या घटादेरिव चक्षुर्ग्राह्यत्वात्, 'तमश्छायोद्योतातपाश्चेति' वचनप्रामाण्याच्च इति, तस्मात्कारणात् सा प्रभा द्रव्यम् । अत एव चन्द्रादिभ्यो भिन्ना द्रव्यान्तरत्वादतश्चन्द्रादिकमतिक्रम्यान्यत्रापि सा गच्छन्ती न विरुद्ध्यते, न तु ज्ञानमात्मानमतिरिच्य, तस्य गुणत्वात् । तथा चाह—न च सा भिन्ना सती अभिन्नानाम्-आत्मनोऽव्यतिरिक्तानां ज्ञानानामेवं-स्वस्वरूपवत् युक्तिं समुद्वहति, नात्मसमानयोगक्षेमतामापादयतीत्यर्थ, अतश्चन्द्रादिप्रभाज्ञातमुपमामात्रमेवेति स्थितम् ।।१३३४।।

ટીકાર્થ :-

यस्मात् ..... स्थितम् ।। જે કારણથી ચંદ્રાદિની પ્રભા પણ=ચંદ્ર, આદિત્ય, ગ્રહ, નક્ષત્ર, તારા, મણિ, પ્રદિપાદિની સંબંધી પ્રભા પણ, દ્રવ્ય છે. કયા કારણથી પ્રભા દ્રવ્ય છે ? આથી કહે છે. જે કારણથી આ પ્રભા પુદ્ગલરૂપ છે. આની=પ્રભાની, પુદ્ગલરૂપતા ઘટાદિની જેમ ચક્ષુગ્રાહ્યપણાથી છે; કેમ કે "અંધકાર, છાયા, ઉદ્યોત, આતપ એ પુદ્ગલો છે" એ પ્રકારના વચનનું પ્રામાણ્ય છે. તે કારણથી તે પ્રભા દ્રવ્ય છે. આથી જ=ચંદ્રાદિની પ્રભા દ્રવ્ય છે આથી જ, ચંદ્રાદિથી ભિન્ન છે; કેમ કે દ્રવ્યાંતરપણું છે. આથી ચંદ્રાદિકને છોડીને અન્યત્ર પણ જતી તે વિરુદ્ધ પામતી નથી. વળી, આત્માને છોડીને જ્ઞાન અન્યત્ર જતું નથી; કેમ કે તેનું=જ્ઞાનનું, ગુણપણું છે. અને તે રીતે કહે છે=આત્માને છોડીને જ્ઞાન અન્યત્ર જતું નથી તે રીતે કહે છે – અને તે=પ્રભા, ભિન્ન છતી અભિન્ન એવાં જ્ઞાનોની= આત્માથી અવ્યતિરિક્ત એવાં જ્ઞાનોની, સ્વસ્વરૂપની જેમ યુક્તિને વહન કરતી નથી=આત્મ સમાન યોગક્ષેમને આપાદન કરતી નથી. આથી ચંદ્રાદિની પ્રભાનું દૃષ્ટાંત ઉપમા માત્ર જ છે, એ પ્રમાણે સ્થિત છે. ।।૧૩૩૪।।

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે ચંદ્રની ચંદ્રિકા જેવું જ્ઞાન છે. તે ઉપમા માત્ર છે. તેના બળથી ચંદ્રની ચંદ્રિકા જેમ લોકમાં પ્રસરે છે તેમ કેવલજ્ઞાન લોક-અલોકમાં પ્રસરે છે એમ સ્વીકારી શકાય નહીં. કેમ ? તેમાં યુક્તિ બતાવતાં કહે છે. ચંદ્રાદિ સંબંધી પ્રભા ચંદ્રનો ગુણ નથી પરંતુ ચંદ્ર સાથે સંબંધવાળા પ્રકાશના પુદ્ગલોરૂપ છે જે ચંદ્રમાંથી નીકળીને જગતમાં પ્રસરે છે. તેથી ચંદ્રથી છૂટા પડેલા તે ભિન્ન પુદ્ગલો ચંદ્રિકારૂપ છે. જ્યારે આત્માનું કેવલજ્ઞાન આત્માનો ગુણ છે તેથી તે આત્માથી પૃથક્ થઈ શકે નહીં પરંતુ આત્માનો જ્ઞાનગુણ આત્મામાં જ રહેલો હોવા છતાં જ્ઞેયને જાણવાની તેની શક્તિ હોવાથી તે જ્ઞાન જ્ઞેયનો બોધ કરાવે છે. તેથી એ ફલિત થાય કે ચંદ્રની પ્રભા ચંદ્રથી ભિન્ન છે અને આત્માનું કેવલજ્ઞાન આત્માથી અભિન્ન છે. તેથી ચંદ્રની પ્રભા અને આત્માનું કેવલજ્ઞાન સમાન છે તેમ કહી શકાય નહીં. ફક્ત ચંદ્રની પ્રભા માત્રના દૃષ્ટાંત દ્વારા કેવલજ્ઞાનનું સ્વરૂપ બતાવવામાં આવેલ છે. માટે ચંદ્રાદિની પ્રભાનું દૃષ્ટાંત ઉપમા માત્ર જ છે. **II૧૩૩૪II**

**અવતરણિકા :-**

**अस्मिन्नेव विषये कथंचित् परमताभ्युपगमेऽपि मतान्तरेणाविरोधं दर्शयति—**

**અવતરણિકાર્થ :-**

**આ જ વિષયમાં=કેવલજ્ઞાન ચંદ્રાદિની પ્રભાની જેમ સર્વગત છે એ જ વિષયમાં, કથંચિત્ પરમતના સ્વીકારવામાં પણ=સ્યાદ્વાદીની દૃષ્ટિથી પરમતના સ્વીકારવામાં પણ, મતાંતર દ્વારા અવિરોધને બતાવે છે —**

**ગાથા :-**

**अन्ने सागारं खलु सव्वगतं पि हु कहंचि जंपंति ।**
**विसयादिजोगतो च्चिय सियवादसुदिट्ठपरमत्था ।।१३३५।।**

**છાયા :-**

**अन्ये साकारं खलु सर्वगतमपि हु कथंचिद् जल्पन्ति ।**
**विषयादियोगत एव स्याद्वादसुदृष्टपरमार्थाः ।।१३३५।।**

**ગાથાર્થ :-**

**સ્યાદ્વાદના સુદૃષ્ટ પરમાર્થવાળા અન્ય આચાર્યો વિષયાદિના યોગથી જ કથંચિત્ સાકાર અને સર્વગત પણ કહે છે=કેવલજ્ઞાનને સાકાર અને સર્વગત કહે છે. ।।૧૩૩૫।।**

**ટીકા :-**

**अन्ये आचार्याः स्याद्वादसुदृष्टपरमार्था-अनेकान्तनीतिनिपुणा भगवतः केवलज्ञानं कथंचित् साकारं-**

विषयगताकारसंगतं तथा सर्वगतमपि-सद्भावतो विश्वगतमपि खलु जल्पन्ति । कथमित्याह– विषयादियोगतः-परिच्छेद्यपरिच्छेदकभावेन विषययोगतोऽशेषवस्तुयोगतश्चेत्यर्थः तत्खलु केवलज्ञानं साकारं, विषयगतस्याकारस्य तस्य तत्परिच्छेद्यतया तत्संबन्धित्वात् । तथा परिच्छेद्यपरिच्छेदकभावत एवाशेषवस्तुयोगतः सद्भावतोऽशेषवस्तुगतमपीति ।।१३३५।।

**ટીકાર્થ :-**

**अन्ये ..... गतमपीति ।। સ્યાદ્વાદના સુદૃષ્ટ પરમાર્થવાળા=અનેકાંત નીતિમાં નિપુણ, અન્ય આચાર્યો ભગવાનના કેવલજ્ઞાનને કથંચિત્=કોઈક અપેક્ષાએ, સાકાર=વિષયગત આકારથી યુક્ત, અને સર્વગત પણ=સદ્ભાવથી વિશ્વગત પણ, ખરેખર કહે છે. કેવી રીતે જ્ઞાનને સાકાર અને સર્વગત કહે છે ? એથી કહે છે, વિષયાદિના યોગથી=પરિચ્છેદ્ય પરિચ્છેદક ભાવને કારણે વિષયની સાથે યોગ હોવાથી અને અશેષ વસ્તુની સાથે યોગ હોવાને કારણે, તે કેવલજ્ઞાન સાકાર છે; કેમ કે વિષયગત આકારવાળા એવા જ્ઞાનનું તત્પરિચ્છેદ્યપણું હોવાને કારણે તત્સંબંધીપણું છે=વિષયનું પરિચ્છેદ્યપણું હોવાને કારણે જ્ઞાનનું વિષય સાથે સંબંધીપણું છે. અને પરિચ્છેદ્ય પરિચ્છેદક ભાવથી જ અશેષ વસ્તુનો યોગ હોવાને કારણે=અશેષ વસ્તુ સાથે જ્ઞાનનો સંબંધ હોવાને કારણે, સદ્ભાવથી અશેષ વસ્તુગત પણ છે=કેવલજ્ઞાન અશેષ વસ્તુગત પણ છે. ।।૧૩૩૫।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે કેવલજ્ઞાન કેવલીના આત્મામાં રહેલું છે. સર્વ વિષયોમાં પ્રસરતું નથી પરંતુ જ્ઞાનનો જ્ઞેયને ગ્રહણ કરવાનો સ્વભાવ હોવાથી કેવળજ્ઞાન જ્ઞેયના ગ્રહણ પરિણામરૂપ છે પરંતુ જ્ઞેયના આકાર સ્વરૂપ નથી. આ કથન જે દૃષ્ટિથી કહ્યું તે દૃષ્ટિથી તેમ જ છે તો પણ પદાર્થને જોનારી અન્ય દૃષ્ટિથી પદાર્થ કેવો છે તે બતાવે છે. સ્યાદ્વાદની સુંદર દૃષ્ટિના પરમાર્થને જાણનારા મહાત્માઓ કેવલજ્ઞાનને અપેક્ષાએ વિશ્વગત વ્યાપ્ત પણ સ્વીકારે છે અને જ્ઞેયના આકારરૂપ કેવલજ્ઞાન છે એમ પણ સ્વીકારે છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેમ ચંદ્રની ચંદ્રિકા લોકમાં વ્યાપ્ત થાય છે તેમ કેવલજ્ઞાન આત્મામાંથી બહાર નીકળીને લોક-અલોકમાં વ્યાપ્ત થતું નથી તો પણ જ્ઞાન જ્ઞેયનો પરિચ્છેદક છે અને જ્ઞેય જ્ઞાનથી પરિચ્છેદ્ય છે. તેથી કેવલજ્ઞાન પરિચ્છેદ્ય પરિચ્છેદક ભાવરૂપ સંબંધથી સર્વ જ્ઞેય સાથે સંબંધવાળું છે માટે કેવલજ્ઞાનના વિષયભૂત સર્વજ્ઞેય જ્યાં રહેલા છે ત્યાં પરિચ્છેદ્ય પરિચ્છેદક ભાવથી કેવલજ્ઞાન પણ રહેલું છે. તેથી કેવલજ્ઞાન તે દૃષ્ટિથી સર્વ વ્યાપક છે અને જ્ઞાનથી પરિચ્છેદ્ય જ્ઞેય હોવાથી જ્ઞાનનો આકાર પણ જ્ઞેય સદૃશ છે એમ કહેવામાં વિરોધ નથી પરંતુ આત્મામાંથી બહાર નીકળીને લોક-અલોકમાં વ્યાપક જ્ઞાનને પૂર્વપક્ષી માને છે તે રીતે સ્વીકારવું ઉચિત નથી અને દર્પણમાં જેમ જ્ઞેયનું પ્રતિબિંબ પડે છે તેમ કેવલજ્ઞાનમાં જ્ઞેયનું પ્રતિબિંબ પડે છે. એમ પૂર્વપક્ષી સ્વીકારે છે તે રીતે સ્વીકારવું ઉચિત નથી. **॥૧૩૩૫॥**

**અવતરણિકા :-**

इह च केवलज्ञानलाभे सति केवलज्ञानदर्शनोपयोगचिन्तायां क्रमोपयोगादा(वा)चार्याणामनेकधा विप्रतिपत्तिरतः संक्षेपतो विनेयजनानुग्रहार्थं तामपि प्रदर्शयन्नाह—

**અવતરણિકાર્થ :-**

અને અહીં=સંસારમાં, કેવલજ્ઞાનનો લાભ થયે છતે કેવલજ્ઞાનના અને કેવલદર્શનના ઉપયોગની વિચારણામાં ક્રમ ઉપયોગાદિના વિષયમાં આચાર્યોના અનેક પ્રકારનો ભિન્ન ભિન્ન અભિપ્રાય છે. આથી સંક્ષેપથી શિષ્યના અનુગ્રહ માટે તેને પણ=અનેક આચાર્યોની ભિન્ન ભિન્ન વિપ્રતિપત્તિને પણ, બતાવતાં કહે છે –

**ગાથા :-**

केई भणंति जुगवं जाणति पासति य केवली णियमा ।
अण्णे एगंतरितं इच्छंति सुतोवदेसेणं ।।१३३६।।

**છાયા :-**

केचिद् भणन्ति युगपद् जानाति पश्यति च केवली नियमात् ।
अन्ये एकान्तरितमिच्छन्ति श्रुतोपदेशेन ।।१३३६।।

**ગાથાર્થ :-**

**કેટલાક કહે છે – 'કેવળી નિયમથી યુગપદ જાણે છે અને જુવે છે' અન્ય આચાર્ય શ્રુતના ઉપદેશથી એકાંતરિત ઈચ્છે છે. ।।૧૩૩૬।।**

**ટીકા :-**

केचन-सिद्धसेनाचार्यादयो भणन्ति—ब्रुवते, किमित्याह—युगपत्-एकस्मिन् काले केवली-केवलज्ञानवान्, नत्वन्यश्छद्मस्थः जानाति पश्यति चेति, नियमात्-नियमेन । अन्ये पुनराचार्या-जिनभद्रगणिक्षमाश्रमणप्रभृतय इच्छन्ति-मन्यन्ते, किमित्याह—एकान्तरितं केवली जानाति पश्यति चेति-एकस्मिन् समये जानाति एकस्मिन् समये पश्यतीत्यर्थः । कथमेतदिच्छन्तीत्यत आह—श्रुतोपदेशेन-आगमानुसारेणेत्यर्थः ।।१३३६।।

**ટીકાર્થ :-**

केचन- ..... आगमानुसारेणेत्यर्थः ।। કેટલાક=સિદ્ધસેન આચાર્યાદિ, કહે છે. શું કહે છે ? એથી કહે છે, કેવલી=કેવલજ્ઞાનવાળા, યુગપદ્=એક કાળમાં, નિયમથી જાણે છે અને જુવે છે પરંતુ અન્ય છદ્મસ્થ નહીં. વળી, અન્ય આચાર્ય=જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણાદિ, ઈચ્છે છે=માને છે, શું માને છે ?

**એથી કહે છે. કેવલી એકાંતરિત જાણે છે અને જુવે છે=એક સમયમાં જાણે છે અને એક સમયમાં જુવે છે. કેવી રીતે આને=એકાંતરિત જ્ઞાન અને દર્શનને, ઈચ્છે છે ? એથી કહે છે. શ્રુતના ઉપદેશથી=આગમના અનુસારથી, એકાંતરિત ઈચ્છે છે, એમ અન્વય છે. ।।૧૩૩૬।।**

**ભાવાર્થ :-**

'સર્વ જ્ઞાનાવરણના અને દર્શનાવરણના ક્ષયથી કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે', એ પ્રમાણે શાસ્ત્રવચન છે. ત્યાં કેટલાક કહે છે કે 'કેવલજ્ઞાનનો અને કેવલદર્શનનો ક્ષય થયેલો હોવાથી એક જ સમયમાં કેવલી જગતના સર્વજ્ઞેયને નિયમથી જાણે છે અને જુવે છે પરંતુ જેમ છદ્મસ્થ કોઈ પણ જ્ઞાન કરે ત્યારે પ્રથમ જ્ઞેયને જુવે છે ત્યાર પછી જાણે છે તેમ કેવલીમાં નથી; કેમ કે છદ્મસ્થનો બોધ ઉપયોગના ક્રમથી થાય છે અર્થાત્ જાણવા માટેના વ્યાપાર દ્વારા આવરણ દૂર થવાથી પ્રથમ જ્ઞેયનું દર્શન થાય છે, ત્યાર પછી દૃષ્ટ એવા તે જ્ઞેયનું વિશેષથી જ્ઞાન થાય છે. જ્યારે નિરાવરણ એવા કેવલીને એક જ સમયમાં સર્વજ્ઞેય દેખાય પણ છે અને તે સર્વજ્ઞેયનો વિશેષ બોધ પણ થાય છે. વળી અન્ય 'જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણાદિ' આગમના વચનના બળથી કહે છે કે કેવલીને જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો ક્ષય થયેલો હોવા છતાં પ્રથમ સમયે જ્ઞાન થાય છે, બીજા સમયે દર્શન થાય છે. **।।૧૩૩૬।।**

**ગાથા :-**

**अण्णे ण चेव वीसुं दंसणमिच्छंति जिणवरिंदस्स ।**
**जं चिय केवलणाणं तं चिय से दंसणं बिंति ।।१३३७।।**

**છાયા :-**

**अन्ये नैव विष्वग् दर्शनमिच्छन्ति जिनवरेन्द्रस्य ।**
**यदेव केवलज्ञानं तदेव तस्य दर्शनं ब्रुवते ।।१३३७।।**

**ગાથાર્થ :-**

**અન્ય આચાર્યો જિનવરેન્દ્રના દર્શનને પૃથગ્ ઈચ્છતા નથી જ. જે કેવલજ્ઞાન છે તે જ તેમનું દર્શન કહે છે. ।।૧૩૩૭।।**

**ટીકા :-**

**अन्ये-केचित् वृद्धाचार्या न चैव ज्ञानात् दर्शनं विष्वग्-पृथगिच्छन्ति 'जिनवरेन्द्रस्य' जिना-उपशान्तरागादिदोषसमूहास्तेषां वराः-प्रधाना निर्मूलत एव क्षीणसकलरागादिदोषोद्भवनिबन्धन-मोहनीयकर्म्माणः क्षीणमोहा इत्यर्थः तेषामिन्द्रो भगवान् उत्पन्नकेवलज्ञानस्तस्य न त्वन्यस्य, किंतु यदेव केवलज्ञानं तदेव 'से' तस्य केवलिनो दर्शनं ब्रुवते । क्षीणसकलावरणस्य देशज्ञानाभाववत् केवलदर्शनस्याप्यभावात्तस्यापि वस्त्वेकदेशभूतसामान्यमात्रग्राहितया देशज्ञानकल्पत्वादिति भावना ।।१३३७।।**

**ટીકાર્થ :-**

अन्ये- ..... त्वादिति भावना ।। **અન્ય કેટલાક વૃદ્ધ આચાર્ય જ્ઞાનથી દર્શનને પૃથગ્ ઈચ્છતા નથી જ. કોના જ્ઞાનને દર્શનથી પૃથગ્ ઈચ્છતા નથી ? જિનવરેન્દ્રના જ્ઞાનથી દર્શનને પૃથગ્ ઈચ્છતા નથી. જિનવરેન્દ્રનો અર્થ સ્પષ્ટ કરે છે. 'જિનો ઉપશાંત રાગાદિ દોષના સમૂહવાળા છે તેઓમાં વર= પ્રધાન, નિર્મૂળથી જ ક્ષીણ કર્યા છે સકલ રાગાદિ દોષના ઉદ્‌ભવ નિબંધન મોહનીય કર્મ જેમણે એવા ક્ષીણ મોહવાળા. તેઓના ઈન્દ્ર ભગવાન ઉત્પન્નકેવલજ્ઞાનવાળા છે તેમને જ્ઞાનથી દર્શન પૃથગ્ નથી, એમ અંન્વય છે પરંતુ અન્યને નહીં.' તો શું છે ? એથી કહે છે – પરંતુ જે કેવલજ્ઞાન છે તે જ તેનું=કેવલીનું, દર્શન કહે છે; કેમ કે 'ક્ષીણ સકલ આવરણવાળા કેવલીને દેશજ્ઞાનના અભાવની જેમ કેવલદર્શનનો પણ અભાવ છે. કેમ કેવલ દર્શનનો અભાવ છે ?' તેમાં હેતુ કહે છે – તેનું પણ=કેવલ દર્શનનું પણ, વસ્તુના એક દેશભૂત સામાન્ય માત્ર ગ્રાહીપણું હોવાથી દેશજ્ઞાનકલ્પપણું છે, એ પ્રકારની ભાવના છે. ॥૧૩૩૭॥**

**ભાવાર્થ :-**

કેવલજ્ઞાન અને કેવલદર્શન વિષયક પૂર્વમાં બે મતો બતાવ્યા. હવે અન્ય આચાર્યોનો ત્રીજો મત બતાવે છે. તેઓ કહે છે કે 'કેવલજ્ઞાનથી કેવલદર્શન પૃથક્ નથી'; કેમ કે ક્ષીણ આવરણવાળા કેવલીને છદ્મસ્થની જેમ જ્ઞેયના એક દેશનું જ્ઞાન થતું નથી, પૂર્ણ જ્ઞેયનું જ્ઞાન થાય છે અને દર્શન વસ્તુના એકદેશ રૂપ સામાન્ય માત્ર ગ્રાહી છે. તેથી દેશજ્ઞાન જેવું છે અને નિરાવરણ એવા કેવલીને જ્ઞેયનું પૂર્ણ જ્ઞાન છે. છદ્મસ્થની જેમ એક દેશનું જ્ઞાન અને અન્ય દેશનું અજ્ઞાન કેવલીમાં સંભવે નહીં. કેવળજ્ઞાનથી કેવળદર્શનને પૃથક્ સ્વીકારવું ઉચિત નથી. **॥૧૩૩૭॥**

**અવતરણિકા :-**

**तत्र 'यशोद्देशं निर्देश' इति न्यायात् प्रथमं युगपदुपयोगवादिमतप्रदर्शनायाह—**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=કેવલજ્ઞાન અને કેવલદર્શનના વિષયમાં ત્રણ મતો બતાવ્યા તેમાં 'યથાઉદ્દેશ નિર્દેશ કરવો જોઈએ', એ ન્યાયથી પ્રથમ યુગપદ્ ઉપયોગવાદી મતના=કેવલજ્ઞાનકેવલદર્શનનો એક સાથે ઉપયોગવાદી મતના પ્રદર્શન માટે કહે છે –**

**ગાથા :-**

**जं केवलाइं सादिअपज्जवसिताइं दोवि भणिताइं ।**
**तो बेंति केइ जुगवं जाणति पासति य सव्वण्णू ।।१३३८।।**

**છાયા :-**

**यत् केवले साद्यपर्यवसिते द्वे अपि भणिते ।**
**तस्माद् ब्रुवते केचन युगपद् जानाति पश्यति च सर्वज्ञः ।।१३३८।।**

**ગાથાર્થ :-**

**જે કારણથી બંને પણ કેવલ=કેવલજ્ઞાન અને કેવલદર્શન બંને પણ, સાદિ અપર્યવસિત કહેવાયા છે. તે કારણથી સર્વજ્ઞ યુગપદ્ જાણે છે અને જુવે છે, એમ કેટલાક કહે છે. ॥૧૩૩૮॥**

**ટીકા :-**

**यत्-यस्मात् द्वे अपि-केवलज्ञानदर्शने समये-सिद्धान्ते साद्यपर्यवसिते भणिते 'तो' ततो ब्रुवते केचन सिद्धसेनाचार्यादयः, किमित्याह—युगपद्-एकस्मिन् काले जानाति पश्यति च सर्वज्ञ इति ।।१३३८।।**

**ટીકાર્થ :-**

**यत्- ..... सर्वज्ञ इति ।। જે કારણથી બંને પણ=કેવલજ્ઞાન અને કેવલદર્શન બંને પણ, સમયમાં=સિદ્ધાંતમાં, સાદિ અપર્યવસિત કહેવાયા છે. તે કારણથી સિદ્ધસેન આચાર્યાદિ કેટલાક કહે છે. શું કહે છે ? એથી કહે છે. એક સાથે=એક કાળમાં, સર્વજ્ઞ જાણે છે અને જુવે છે. ॥૧૩૩૮॥**

**ભાવાર્થ :-**

સિદ્ધસેન આચાર્યાદિ કેટલાક કહે છે કે શાસ્ત્રમાં કેવલજ્ઞાન કેવલદર્શન સાદિ અપર્યવસિત છે=સાદિ અનંત છે, એમ કહેલ છે. તેથી કેવલજ્ઞાનના અને કેવલદર્શનના આવરણના ક્ષયથી કેવલજ્ઞાન કેવલદર્શન પ્રગટે છે અને તે સદા વિદ્યમાન છે. તેથી એક જ કાળમાં કેવલી જાણે છે અને જુવે છે એમ સ્વીકારવું જોઈએ. **॥૧૩૩૮॥**

**અવતરણિકા :-**

**विपक्षे बाधामाह—**

**અવતરણિકાર્થ :-**

**વિપક્ષમાં બાધાને કહે છે=એક સમયે કેવલી જાણે છે અને જુવે છે. તેમ ન સ્વીકારવામાં આવે તો એ રૂપ વિપક્ષમાં બાધાને કહે છે –**

**ગાથા :-**

**इहराऽऽदीणिधणत्तं मिच्छावरणक्खओ त्ति व जिणस्स ।**
**इतरेतरावरणता अहवा णिक्कारणावरणं ।।१३३९।।**

**છાયા :-**

इतरथाऽऽदिनिधनत्वं मिथ्यावरणक्षय इति वा जिनस्य ।
इतरेतरावरणताऽथवा निष्कारणावरणम् ।।१३३९।।

**ગાથાર્થ :-**

**ઈતરથા આદિ નિધનપણું અથવા જિનને આવરણનો ક્ષય મિથ્યા છે. ઈતરેતર આવરણતા અથવા નિષ્કારણ આવરણ પ્રાપ્ત થાય. ।।૧૩૩૯।।**

**ટીકા :-**

इतरथा-युगपत् केवलज्ञानदर्शनभावानभ्युपगमे आदिनिधनत्वं-सादिसपर्यवसितत्वं केवलज्ञानदर्शनयोः प्राप्नोति, तथाहि—उत्पत्तिसमयभाविकेवलज्ञानोपयोगानन्तरमेव केवलदर्शनोपयोगसमये केवलज्ञानाभावः, पुनस्तदनन्तरमेव केवलज्ञानोपयोगसमये केवलदर्शनाभावः, इति द्वे अपि केवलज्ञानदर्शने सादिसपर्यवसिते । तथा मिथ्या-अलीक आवरणक्षयः-केवलज्ञानदर्शनावरणक्षयो जिनस्य इति वा प्राप्नोति, न हि युगपदपनीतावरणौ द्वौ प्रदीपौ क्रमेण प्रकाश्यं प्रकाशयतः, तद्यदीहापि केवलज्ञानदर्शने युगपन्निर्मूलतोऽपनीतस्वस्वावरणे ततः कथं क्रमेण स्वप्रकाश्यं प्रकाशयतः ?, क्रमेणेति चेदभ्युपगमस्तर्हि मिथ्या तदावरणक्षय इति । तथा इतरेतरावरणता प्राप्नोति, तथाहि—यदि स्वावरणे निःशेषतः क्षीणेऽपि अन्यतरभावे अन्यतरभावो नेष्यते तर्हि ते एव परस्परमावरणे जाते, तथा च सति सिद्धान्तपथक्षतिरिति । अथवा निष्कारणावरणं, यदि हि साकल्येन स्वावरणापगमेऽप्यन्यतरोपयोगकालेऽन्यतरस्य भावो नेष्यते तर्हि तस्यान्यतरस्यावरणमकारणमेव जातं, कारणस्य कर्मलक्षणस्य प्रागेव सर्वथाऽपगमात्, तथा च सति सदैव भावाभावप्रसङ्गः, तथा चोक्तम्—'नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणात् । अपेक्षातो हि भावानां, कादाचित्कत्वसंभवः ।।१।। इति' ।।१३३९।।

**ટીકાર્થ :-**

इतरथा- ..... त्वसंभवः ।। ઈતરથા=એકસાથે કેવલજ્ઞાન કેવલદર્શનનો ભાવ સ્વીકારવામાં ન આવે તો, કેવલજ્ઞાન કેવલદર્શનનું આદિ નિધનપણું=સાદિ સપર્યવસિતપણું, પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે – ઉત્પત્તિ સમય ભાવિ કેવલજ્ઞાનના ઉપયોગ અનંતર જ કેવલદર્શનના ઉપયોગના સમયમાં કેવલજ્ઞાનનો અભાવ છે. વળી તદ્અનંતર જ=કેવલદર્શનના ઉપયોગની અનંતર જ, કેવલજ્ઞાનના ઉપયોગ સમયમાં કેવલદર્શનનો અભાવ છે. એથી બંને પણ=કેવલજ્ઞાન અને કેવલદર્શન બંને પણ, સાદિ સપર્યવસિત થાય.

અથવા તે રીતે=કેવલજ્ઞાન કેવલદર્શન ક્રમસર સ્વીકારીએ તે રીતે, જિનનો આવરણ ક્ષય=કેવલજ્ઞાન કેવલદર્શનના આવરણનો ક્ષય, મિથ્યા=અલીક, પ્રાપ્ત થાય. हि=જે કારણથી, એકસાથે દૂર થયેલા

**આવરણવાળા બે પ્રદીપો ક્રમથી પ્રકાશ્યનું પ્રકાશન કરતા નથી. તેની જેમ અહીં પણ=આવરણના ક્ષયના વિષયમાં પણ, એકસાથે નિર્મૂળથી દૂર થયેલા સ્વસ્વ આવરણવાળા કેવલજ્ઞાન કેવલદર્શન છે. તેથી કેવી રીતે ક્રમથી સ્વપ્રકાશ્યનું પ્રકાશન કરે ? ક્રમથી પ્રકાશન કરે તે પ્રમાણે જો સ્વીકાર છે તો તેના આવરણનો ક્ષય મિથ્યા છે.**

**અને ઈતરેતર આવરણતા પ્રાપ્ત થાય. તે આ પ્રમાણે – જો નિઃશેષથી સ્વઆવરણ ક્ષીણ થયે છતે પણ અન્યતરના ભાવમાં અન્યતરનો ભાવ ઈચ્છાતો નથી તો તે જ પરસ્પર=કેવલજ્ઞાન કેવલદર્શન પરસ્પર, આવરણ થાય અને તે પ્રમાણે હોતે છતે=પરસ્પર આવરણ થાય તે પ્રમાણે હોતે છતે, સિદ્ધાંતપથની ક્ષતિ છે.**

**અથવા આવરણ નિષ્કારણ છે. જો સાકલ્યથી સ્વઆવરણના અપગમમાં પણ અન્યતરના ઉપયોગકાળમાં અન્યતરનો ભાવ ઈચ્છાતો નથી તો તે અન્યતરનું આવરણ અકારણ જ થયું; કેમ કે કર્મલક્ષણ કારણનું પૂર્વમાં જ સર્વથા અપગમ છે અને તે પ્રમાણે હોતે છતે=અન્યતરનો આવરણ અકારણ થાય છે તે પ્રમાણે હોતે છતે, સદા જ ભાવ અથવા અભાવનો પ્રસંગ થાય, અને તે પ્રમાણે કહેવાયું છે. 'અહેતુક વસ્તુનું નિત્ય સત્ત્વ અથવા અસત્ત્વ થાય; કેમ કે અન્યનું અનપેક્ષણ છે. हि=જે કારણથી, અપેક્ષાને કારણે ભાવોના કદાચિત્કત્વનો સંભવ છે.' ।।૧૩૩૯।।**

**ભાવાર્થ :-**

આવરણના ક્ષયથી કેવલજ્ઞાન, કેવલદર્શન થાય છે. માટે એક કાલમાં જ કેવલી જાણે છે અને જુવે છે એમ સિદ્ધસેનદિવાકરસૂરિ માને છે અને પોતાના કથનને દૃઢ કરવા અર્થે કહે છે કે જો કેવલીને કેવલજ્ઞાન, કેવલદર્શનનો ઉપયોગ ક્રમસર વર્તે છે એમ કહેવામાં આવે તો કેવલજ્ઞાન, કેવલદર્શન સાદિ સાંત છે એમ માનવું પડે; કેમ કે પ્રથમ સમયે કેવલજ્ઞાન થાય છે, બીજા સમયે નાશ પામે છે અને કેવલદર્શનનો ઉપયોગ પ્રગટે છે. વળી, ત્યાર પછી કેવલદર્શનના ઉપયોગનો નાશ થાય છે અને કેવલજ્ઞાન પ્રગટે છે. તેથી સાદિ અનંત કેવલજ્ઞાન, કેવલદર્શનને કહેનાર શાસ્ત્ર સાથે વિરોધ પ્રાપ્ત થાય.

વળી, બીજો દોષ બતાવતાં કહે છે. જિનને કેવલજ્ઞાન, કેવલદર્શનના આવરણનો ક્ષય થયો છે છતાં બીજા સમયે કેવલજ્ઞાનનો ઉપયોગ નથી અને કેવલદર્શનના ઉપયોગમાં કેવલજ્ઞાનનો ઉપયોગ નથી એમ માનીએ તો કેવલજ્ઞાન, કેવલદર્શનના આવરણનો ક્ષય મિથ્યા પ્રાપ્ત થાય. જેમ બે પ્રદીપનાં આવરણો સાથે દૂર કરવામાં આવે તો બંને પ્રદીપનો પ્રકાશ ક્રમસર પ્રગટ થતો નથી પરંતુ એકસાથે પ્રગટ થાય છે. તેમ આત્માના કેવલજ્ઞાન અને કેવલદર્શનના ગુણના આવરણનો ક્ષય એકસાથે થયેલો હોય છતાં તેનો બોધ ક્રમસર થાય છે એમ માનીએ તો જે સમયે કેવળજ્ઞાન, કેવળદર્શનમાંથી જે એકનો ઉપયોગ નથી તે સમયે તેના તે આવરણનો ક્ષય મિથ્યા છે એમ પ્રાપ્ત થાય.

વળી, ત્રીજો દોષ બતાવતાં કહે છે. કેવલજ્ઞાનના ઉપયોગકાળમાં કેવલદર્શનના આવરણનો ક્ષય હોવા છતાં કેવલીને કેવલદર્શનનો ઉપયોગ નથી એમ સ્વીકારીએ તો કેવલદર્શનના ઉપયોગમાં કેવલજ્ઞાનનો

ઉપયોગ આવરણ છે એમ સ્વીકારવું પડે અને કેવલદર્શનના ઉપયોગકાળમાં કેવલજ્ઞાનના આવરણનો ક્ષય હોવા છતાં કેવલીને કેવળજ્ઞાનનો ઉપયોગ નથી એમ સ્વીકારીએ તો કેવલજ્ઞાનના ઉપયોગમાં કેવલદર્શનનો ઉપયોગ આવરણ છે એમ સ્વીકારવું પડે; કેમ કે કેવલજ્ઞાન અને કેવલદર્શનના આવારક કર્મનો ક્ષય થયેલો હોવા છતાં બંનેથી એકસાથે બોધ થતો નથી પરંતુ એક કાળમાં એકથી બોધ થાય છે. તેથી કેવલદર્શનના ઉપયોગ પ્રત્યે કેવલજ્ઞાનનો ઉપયોગ આવારક છે અને કેવલજ્ઞાનના ઉપયોગ પ્રત્યે કેવલદર્શનનો ઉપયોગ આવારક છે એમ માનવું પડે.

વળી, ચોથો દોષ બતાવતાં કહે છે – જો કેવલજ્ઞાનના ઉપયોગકાળમાં કેવલદર્શનનો ઉપયોગ નથી એમ માનીએ તો કેવલજ્ઞાન અને કેવલદર્શન બંનેના આવરણનો અપગમ થવા છતાં બેમાંથી એકના ઉપયોગકાળમાં અન્યતરનો ભાવ ઇચ્છાય નહીં તો તે અન્યતરનું આવરણ કારણ વગર થયું એમ માનવું પડે અને જે આવરણ વગર કારણે થાય તેનો સદા ભાવ અથવા સદા અભાવ સ્વીકારવો પડે; કેમ કે 'જે વસ્તુ કદાચિત્ છે તેના ઉત્પત્તિનો હેતુ હોય છે અને જેનો કોઈ હેતુ ન હોય તેવી વસ્તુનો સદા ભાવ હોય છે અથવા તેવી વસ્તુનો સદા અભાવ હોય છે.' જેમ આત્માનો કોઈ હેતુ નથી તેથી આત્માનો સદા ભાવ છે અને શશશૃંગનો કોઈ હેતુ નથી તેથી શશશૃંગનો સદા અભાવ છે તેમ કેવલજ્ઞાન, કેવલદર્શનમાંથી એકના ઉપયોગકાળમાં અન્યનું આવરણ નહીં હોવા છતાં તેના ઉપયોગનો અભાવ સ્વીકારવામાં આવે તો તેનું આવરણ અકારણ થયું એમ માનવું પડે અને અકારણ આવરણ હોય તો તેનો સદા ભાવ કે સદા અભાવ સ્વીકારવો પડે. **॥૧૩૩૯॥**

**ગાથા :-**

**तह य असव्वण्णुत्तं असव्वदरिसित्तणप्पसंगो य ।**
**एगंतरोवयोगे जिणस्स दोसा बहुविहा य ।।१३४०।।**

**છાયા :-**

**तथा चासर्वज्ञत्वमसर्वदर्शित्वप्रसंगश्च ।**
**एकान्तरोपयोगे जिनस्य दोषा बहुविधाः ।।१३४०।।**

**ગાથાર્થ :-**

**અને અસર્વજ્ઞત્વ, અસર્વદર્શિત્વનો પ્રસંગ છે અને જિનના એકાંતર ઉપયોગમાં બહુ દોષો છે. ॥૧૩૪૦॥**

**ટીકા :-**

**तथा चेति समुच्चये । यदि क्रमेणोपयोग इष्यते तर्हि भगवतोऽसर्वज्ञत्वमसर्वदर्शित्वप्रसङ्गश्च प्राप्नोति, तथाहि—यदि क्रमेण केवलज्ञानदर्शनोपयोगाभ्युपगमस्तर्हि न कदाचिदपि भगवान् सामान्य-विशेषावेककालं जानाति पश्यति वा, ततोऽसर्वज्ञत्वासर्वदर्शित्वप्रसङ्गः, पाक्षिकं वा सर्वज्ञत्वं**

सर्वदर्शित्वं च प्रसज्यते, तथाहि—यदा सर्वज्ञो न तदा सर्वदर्शी, दर्शनोपयोगाभावात्, यदा तु सर्वदर्शी न तदा सर्वज्ञः, ज्ञानोपयोगाभावादिति । एवमेकान्तरोपयोगेऽभ्युपगम्यमाने सति जिनस्य दोषा बहुविधाः प्राप्नुवन्तीति ।।१३४०।।

**ટીકાર્થ :-**

तथा चेति ..... प्राप्नुवन्तीति ।। **'तथा च' એ સમુચ્ચયમાં છે. જો ક્રમથી ઉપયોગ ઈચ્છાય છે=કેવલજ્ઞાનનો અને કેવલદર્શનનો ઉપયોગ ક્રમથી ઈચ્છાય છે, તો ભગવાનને અસર્વજ્ઞત્વ અને અસર્વદર્શિત્વના સ્વીકારનો પ્રસંગ પ્રાપ્ત થાય તે આ પ્રમાણે. 'જો ક્રમથી કેવલજ્ઞાન, કેવલદર્શનના ઉપયોગનો સ્વીકાર છે તો ક્યારે પણ ભગવાન સામાન્ય વિશેષને એકકાલે જાણતા નથી અને જોતા નથી. તેથી અસર્વજ્ઞત્વ અને અસર્વદર્શિત્વના સ્વીકારનો પ્રસંગ છે અથવા પાક્ષિક સર્વજ્ઞત્વ અને સર્વદર્શિત્વના સ્વીકારનો પ્રસંગ પ્રાપ્ત થશે.' તે આ પ્રમાણે. 'જ્યારે સર્વજ્ઞ છે ત્યારે સર્વદર્શી નથી; કેમ કે દર્શનના ઉપયોગનો અભાવ છે, વળી જ્યારે સર્વદર્શી છે ત્યારે સર્વજ્ઞ નથી; કેમ કે જ્ઞાનના ઉપયોગનો અભાવ છે.' આ રીતે=ગાથા-૧૩૩૯-૧૩૪૦માં બતાવ્યું એ રીતે, જિનને એકાંતર ઉપયોગ સ્વીકાર કરાયે છતે ઘણા દોષો પ્રાપ્ત થાય છે. ॥૧૩૪૦॥**

**ભાવાર્થ :-**

કેવલજ્ઞાન, કેવલદર્શનનો ક્રમસર ઉપયોગ સ્વીકારવામાં શું શું દોષોની પ્રાપ્તિ થાય છે ? તે ગાથા-૧૩૩૯માં બતાવ્યું. હવે, અન્ય દોષોનો સમુચ્ચય કરવા અર્થે કહે છે. કેવલીને ક્રમસર ઉપયોગ સ્વીકારવામાં અસર્વજ્ઞ અને અસર્વદર્શી સ્વીકારવાનો પ્રસંગ આવશે; કેમ કે જે વખતે કેવલજ્ઞાનનો ઉપયોગ છે તે વખતે કેવલદર્શનનો ઉપયોગ નહીં હોવાથી અસર્વદર્શી છે અને જે વખતે કેવલદર્શનનો ઉપયોગ છે તે વખતે કેવલજ્ઞાનનો ઉપયોગ નહીં હોવાથી અસર્વજ્ઞ છે. આ પ્રકારે=ગાથા-૧૩૩૯માં અને ૧૩૪૦ના પૂર્વાર્ધમાં બતાવ્યું એ પ્રકારે જિનને ક્રમિક ઉપયોગ સ્વીકારવામાં ઘણા દોષોની પ્રાપ્તિ છે. **॥૧૩૪૦॥**

**અવતરણિકા :-**

एवं परेणोक्ते सति आगमवादी जिनभद्रगणिक्षमाश्रमण आह—

**અવતરણિકાર્થ :-**

**આ રીતે પર વડે કહેવાયે છતે=સિદ્ધસેનદિવાકરસૂરિ વડે કહેવાયે છતે, આગમવાદી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ કહે છે –**

**ગાથા :-**

भण्णति भिन्नमुहुत्तोवयोगकाले वि तो तिणाणस्स ।
मिच्छा छावट्ठीसागरोवमाइं खओवसमो ।।१३४१।।

**છાયા :-**

भण्यते भिन्नमुहूर्तोपयोगकालेऽपि तस्मात् त्रिज्ञानिनः ।
मिथ्या षट्षष्टिसागरोपमाणि क्षयोपशमः ।।१३४१।।

**ગાથાર્થ :-**

**ઉત્તર અપાય છે=ગાથા-૧૩૩૯ અને ૧૩૪૦માં કહેલા કથનનો ઉત્તર અપાય છે. 'तो'=તેથી= કેવલજ્ઞાન, કેવલદર્શનના ક્રમિક ઉપયોગમાં આવરણ ક્ષય મિથ્યા છે તેથી, ત્રણ જ્ઞાનના ભિન્ન મુહૂર્ત ઉપયોગકાલમાં મિથ્યા પ્રાપ્ત થાય; કેમ કે ૬૬ સાગરોપમ સુધી ક્ષયોપશમ છે. ।।૧૩૪૧।।**

**ટીકા :-**

यदुक्तमितरथा आदिनिधनत्वं प्राप्नोतीति, तदसमीचीनम्, उपयोगकालमनपेक्ष्य लब्धिमात्रापेक्षया केवलज्ञानदर्शनयोः साद्यपर्यवसितत्वस्याभिधानात्, मत्यादिषु षट्षष्टिसागरोपमाणामिव । यदप्युक्तम्—'मिथ्या आवरणक्षय इति' तत्रापि भण्यते—यदि साद्यपर्यवसितं कालमुपयोगाभावत आवरणक्षयस्य मिथ्यात्वमापद्यते 'तो त्ति' ततस्त्रिज्ञानिनो-मतिश्रुतावधिज्ञानवतो भिन्नमुहूर्त्तलक्षणोपयोगकालेऽपि मत्यादीनां यो नाम षट्षष्टिसागरोपमाणि यावत् क्षयोपशमः सूत्रेऽभिहितः स मिथ्या प्राप्नोति, तावत्कालं मत्यादीनामुपयोगाभावात्, युगपद्भावासंभवाच्चेति । यापि इतरेतरावरणता पूर्वमासंजिता साऽप्यसमीचीना, यतो जीवस्वाभाव्यादेव मत्यादीनामिव केवलज्ञानदर्शनयोर्युगपदुपयोगासंभवस्ततः सा कथमुपपद्यते?, मा प्रापदन्यथा मत्यादीनामपि परस्परमावरणताप्रसङ्गः । योऽपि निष्कारणावरण-दोष उद्भावितः सोऽपि जीवस्वाभाव्यादेव तथोपयोगप्रवृत्तेरपास्तो द्रष्टव्यः, अन्यथा मत्यादीनामपि प्रसज्येत, तेषामप्युत्कृष्टतः षट्षष्टिसागरोपमाणि यावत् तत्क्षयोपशमस्याभिधानात्, तावत्कालं चोपयोगाभावादिति ।।१३४१।।

**ટીકાર્થ :-**

यदुक्तमितरथा ..... चोपयोगाभावादिति ।। જે કહેવાયું=ગાથા-૧૩૩૯માં કહેવાયું, ઈતરથા=કેવલજ્ઞાન, કેવલદર્શનનો ઉપયોગ એક કાલમાં સ્વીકારવામાં ન આવે તો, આદિ નિધનપણું=કેવલજ્ઞાન કેવલદર્શનનું સાદિ સાંતપણું, પ્રાપ્ત થાય, તે અસમીચીન છે; કેમ કે ઉપયોગકાળની અનપેક્ષા કરીને લબ્ધિમાત્રની અપેક્ષાથી કેવલજ્ઞાન, કેવલદર્શનનું સાદિ અપર્યવસિતપણાનું અભિધાન છે. જેમ મત્યાદિ જ્ઞાનોમાં ૬૬ સાગરોપમ પ્રમાણનું લબ્ધિની અપેક્ષાએ કથન છે.

જે વળી કહેવાયું છે=ગાથા-૧૩૩૯માં કહેવાયું છે. મિથ્યાઆવરણનો ક્ષય છે. ત્યાં પણ=મિથ્યા આવરણનો ક્ષય છે એ કથનમાં પણ, ઉત્તર અપાય છે — જો સાદિ અપર્યવસિતકાળમાં ઉપયોગના અભાવથી આવરણના ક્ષયનું મિથ્યાપણું પ્રાપ્ત થાય તો ત્રણ જ્ઞાનવાળા=મતિ-શ્રુત-અવધિરૂપ ત્રણ

**જ્ઞાનવાળા, મહાત્માઓને ભિન્ન મુહૂર્ત ઉપયોગકાળમાં પણ મતિ આદિનો જે છાસઠ સાગરોપમ સુધીનો ક્ષયોપશમ સૂત્રમાં કહેવાયો છે તે મિથ્યા પ્રાપ્ત થાય; કેમ કે તેટલા કાળ સુધી=છાસઠ સાગરોપમ કાળ સુધી, મતિ આદિના ઉપયોગનો અભાવ છે અને એકસાથે મતિ આદિ ત્રણે જ્ઞાનોના ઉપયોગના ભાવનો અસંભવ છે.**

**વળી, ઈતરેતર આવરણતા પૂર્વમાં=ગાથા-૧૩૩૯માં, અપાઈ તે પણ અસમીચીન છે. જે કારણથી જીવસ્વભાવથી જ મતિ આદિની જેમ કેવળજ્ઞાન, કેવળદર્શનના એકસાથે ઉપયોગનો અસંભવ છે. તેથી તે=ઈતરેતર આવરણતા, કેવી રીતે ઘટે ? અન્યથા=તેવું ન માનો તો, મત્યાદિના પણ પરસ્પર આવરણતાનો પ્રસંગ પ્રાપ્ત ન થાઓ અર્થાત્ જો કેવળજ્ઞાન, કેવળદર્શનની ઈતરેતર આવરણતા સ્વીકારવામાં આવે તો મતિ આદિ ત્રણેની પણ પરસ્પર આવરણતા પ્રાપ્ત થાય, જે પ્રાપ્ત ન જ થાય. માટે કેવળજ્ઞાન, કેવળદર્શનની પણ ઈતરેતર આવરણતાનો અસ્વીકાર કરવો જોઈએ.**

**વળી, જે નિષ્કારણ આવરણદોષ ઉદ્ભાવન કરાયો તે પણ જીવસ્વભાવથી જ તે પ્રકારના ઉપયોગની પ્રવૃત્તિ હોવાને કારણે=ક્રમસર ઉપયોગની પ્રવૃત્તિ હોવાને કારણે, નિરાકરણ કરાયેલો જાણવો, અન્યથા મતિ આદિને પણ પ્રાપ્ત થાય=મતિ આદિને પણ નિષ્કારણ આવરણ પ્રાપ્ત થાય; કેમ કે તેઓને પણ=મતિ આદિ જ્ઞાનોને પણ, ઉત્કૃષ્ટથી છાસઠ સાગરોપમ સુધી તેઓના ક્ષયોપશમનું કથન છે અને તેટલો કાળ=છાસઠ સાગરોપમ કાળ, ઉપયોગનો અભાવ છે=મતિ આદિ જ્ઞાનના ઉપયોગનો અભાવ છે. ॥૧૩૪૧॥**

**ભાવાર્થ :-**

પૂ.આ.શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિએ કેવલજ્ઞાન, કેવલદર્શનના ક્રમિક ઉપયોગમાં દોષ આપ્યો કે 'કેવલજ્ઞાન, કેવલદર્શન સાદિ સાંત પ્રાપ્ત થશે.' તેમનું નિરાકરણ કરતાં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ કહે છે – શાસ્ત્રમાં કેવલજ્ઞાન, કેવલદર્શનને સાદિ, અનંત કહેલ છે. તે ઉપયોગની અપેક્ષાએ નથી પરંતુ લબ્ધિની અપેક્ષાએ છે. માટે કેવલજ્ઞાન, કેવલદર્શનને સાદિ, અનંત સ્વીકારવામાં દોષ નથી.

વળી, 'ક્રમિક ઉપયોગ સ્વીકારવામાં કેવલજ્ઞાનના ઉપયોગકાલમાં કેવલદર્શનનો ઉપયોગ નથી એમ સ્વીકારવાથી કેવલદર્શનના આવરણનો ક્ષય મિથ્યા છે, તેમ પૂર્વમાં પૂ.આ.શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિએ કહ્યું.' તેનું નિરાકરણ કરતાં પૂ.શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ કહે છે – 'જેમ મતિ, શ્રુત અને અવધિજ્ઞાનનો ક્ષયોપશમ શાસ્ત્રોમાં ૬૬ સાગરોપમ સુધી કહેલ છે.' તેથી કોઈ જીવ સમ્યક્ત્વ પામે અને અવધિજ્ઞાન હોય તો ૬૬ સાગરોપમ સુધી તે ત્રણેય જ્ઞાનનો ક્ષયોપશમ તે જીવમાં વર્તે છે છતાં મતિ, શ્રુત અને અવધિ ત્રણમાંથી કોઈ એકનો ઉપયોગ હોય તો તે ઉપયોગ એક અંતરમુહૂર્ત સુધી રહે છે ત્યારે અન્ય જ્ઞાનનો ઉપયોગ નથી. તેથી તે જ્ઞાનનો ક્ષયોપશમ મિથ્યા સ્વીકારવાની આપત્તિ આવે.

વસ્તુતઃ મતિ આદિ ત્રણેય જ્ઞાનનો ક્ષયોપશમ હોવા છતાં તે ત્રણમાંથી એકનો ઉપયોગ વર્તે છે, ત્રણેયનો

ઉપયોગ સાથે વર્તતો નથી તેમ કેવલજ્ઞાન, કેવલદર્શનના આવરણનો ક્ષય થયો હોવા છતાં એક કાળમાં ઉપયોગ વર્તતો નથી.

વળી, પૂર્વમાં પૂ.આ.શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિએ કહ્યું કે 'ક્રમિક ઉપયોગ સ્વીકારીએ તો કેવલજ્ઞાન, કેવલદર્શનના ઉપયોગમાં ઇતરેતર આવરણતાની સિદ્ધિ છે તે પણ ઉચિત નથી'; કેમ કે જીવસ્વભાવથી જ કેવલજ્ઞાન, કેવલદર્શનનો ક્રમસર ઉપયોગ છે. જેમ મતિ આદિ ત્રણેય જ્ઞાનનો ક્ષયોપશમ હોવા છતાં તેઓનો ક્રમસર ઉપયોગ થાય છે. પરંતુ એક કાળમાં તે ત્રણેયનો ઉપયોગ વર્તતો નથી તેમ કેવલદર્શન અને કેવલજ્ઞાનનો ઉપયોગ ક્રમસર થાય છે.

વળી પૂર્વમાં પૂ.આ.શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ વડે કહેવાયું કે 'કેવલજ્ઞાન, કેવલદર્શનના આવરણનો ક્ષય થયેલો હોવા છતાં કેવલજ્ઞાનના ઉપયોગકાળમાં કેવલદર્શનનું આવરણ કર્મરૂપ કારણ વગર પ્રાપ્ત થયું તે પણ સંગત નથી એમ પૂ.શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ કહે છે. કેમ સંગત નથી ? એ સ્પષ્ટ કરતાં કહે છે – કેવલીને કેવલજ્ઞાનના ઉપયોગકાળમાં કેવલદર્શનના ઉપયોગનો અભાવ આવરણના કારણે નથી, પરંતુ જીવસ્વભાવે કેવલજ્ઞાન અને કેવલદર્શનનો ઉપયોગ ક્રમસર થાય છે. માટે નિષ્કારણ આવરણદોષની પ્રાપ્તિ નથી. **॥૧૩૪૧॥**

**અવતરણિકા :-**

**वादिनो मतमाशङ्क्य दूषयति—**

**અવતરણિકાર્થ :-**

**વાદિના મતની આશંકા કરીને દૂષણ આપે છે=સિદ્ધસેનદિવાકરસૂરિના મતની યુક્તિની આશંકા કરીને જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ દૂષણ આપે છે.**

**ગાથા :-**

**अह णवि एवं तो सुण जहेव खीणंतराइओ अरहा ।**
**संते वि अंतरायक्खयम्मि पंचप्पगारम्मि ।।१३४२।।**
**सततं ण देति लभति व भुंजति उवभुंजती व सव्वण्णू ।**
**कज्जम्मि देइ लभति व भुंजति व तहेव इहइं पि ।।१३४३।।**

**છાયા :-**

**अथ नैवैवं ततः शृणु यथैव क्षीणान्तरायकोऽर्हन् ।**
**सत्यपि अंतरायक्षये पञ्चप्रकारे ।।१३४२।।**
**सततं न ददाति लभते वा भुङ्क्ते उपभुङ्क्ते वा सर्वज्ञः ।**
**कार्ये ददाति लभते वा भुङ्क्ते वा तथैव इहापि ।।१३४३।।**

**ગાથાર્થ :-**

'अथ'થી પૂર્વપક્ષીને કહે છે – આ રીતે=ગાથા-૧૩૪૧માં કહ્યું એ રીતે, નથી જ તો સાંભળ. 'જે પ્રમાણે ક્ષીણ અંતરાયવાળા અરિહંત પાંચ પ્રકારના અંતરાયનો ક્ષય હોતે છતે પણ સર્વજ્ઞ સતત આપતા નથી અથવા પ્રાપ્ત કરતા નથી, ભોગવતા નથી અથવા ઉપભોગ કરતા નથી. કાર્ય હોતે છતે આપે છે અથવા પ્રાપ્ત કરે છે અથવા ભોગવે છે.' તે પ્રમાણે અહીં પણ=કેવલજ્ઞાન, કેવલદર્શનના વિષયમાં પણ છે. ।।૧૩૪૨-૧૩૪૩।।

**ટીકા :-**

अपिरवधारणे । अथ नैव एवम्-उक्तप्रकारेण मन्यसे क्षायोपशमिकक्षायिकयोर्दृष्टान्तदार्ष्टान्तिक-भावासंभवात्, ततः शृणु-यथा क्षयकार्यमपि ज्ञानं दर्शनं वाऽवश्यमनवरतं न प्रवर्त्तते इति, यथैव खलु क्षीणान्तरायकोऽर्हन् सत्यप्यन्तरायक्षये पञ्चप्रकारे, इहान्तरायकर्मणो दानान्तरायादिभेदेन पञ्चप्रकारत्वात् तत्क्षयोऽपि पंचप्रकार उक्तः, सततं न ददाति लभते वा भुङ्क्ते उपभुङ्क्ते वा सर्वज्ञ, किंतु कार्ये उत्पन्ने सति ददाति लभते वा भुङ्क्ते वा, उपलक्षणमेतत् उपभुङ्क्ते वा, तथैव इहापि-केवलज्ञानदर्शनविषये सत्यपि तदावरणक्षये न युगपत्तदुपयोगसंभवः, तथाजीवस्वाभाव्यादिति ।।१३४२-१३४३।।

**ટીકાર્થ :-**

अपिरवधारणे ..... तथाजीवस्वाभाव्यादिति ।। 'अपि' શબ્દ અવધારણમાં છે='एवकार'માં છે, 'अथ'થી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ કહે છે. આ પ્રમાણે=ઉક્ત પ્રકારથી=ગાથા-૧૩૪૧માં કહ્યું એ પ્રકારથી 'તું માનતો નથી જ=પૂ.આ.શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ માનતા નથી જ; કેમ કે 'ક્ષાયોપશમિક અને ક્ષાયિકમાં દૃષ્ટાંત દાર્ષ્ટાંતિક ભાવનો અસંભવ છે=ક્ષાયોપશમિક એવા મતિ આદિ જ્ઞાનના દૃષ્ટાંતથી ક્ષાયિક એવા કેવલજ્ઞાનકેવલદર્શનમાં પણ લબ્ધિ માત્રની અપેક્ષાથી સાદિ અપર્યવસિતત્વાદિના સ્થાપનનો અસંભવ છે', તો સાંભળ. એ પ્રકારે પૂ.શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ કહે છે, જે પ્રમાણે ક્ષયનું કાર્ય પણ જ્ઞાન અથવા દર્શન અવશ્ય અનવરત પ્રવર્તતું નથી એ પ્રમાણે તું સાંભળ, એમ અન્વય છે. કઈ રીતે પ્રવર્તતું નથી. તે 'यथा'થી બતાવે છે. જે પ્રમાણે જ ક્ષીણ અંતરાયવાળા અરિહંત સર્વજ્ઞ પાંચ પ્રકારનો અંતરાય ક્ષય થયે છતે પણ સતત આપતા નથી, લાભને પ્રાપ્ત કરતા નથી અથવા ભોગવતા નથી અથવા ઉપભોગ કરતા નથી, પરંતુ કાર્ય ઉત્પન્ન થયે છતે આપે છે અથવા લાભને પ્રાપ્ત કરે છે અથવા ભોગવે છે, આ ઉપલક્ષણ છે એથી ઉપભોગ કરે છે. તે પ્રમાણે જ અહીં પણ=કેવલજ્ઞાન, કેવલદર્શનના વિષયમાં તેના આવરણનો ક્ષય થયે છતે પણ, એકસાથે તે બેના ઉપયોગનો સંભવ નથી=કેવલજ્ઞાન, કેવલદર્શનના ઉપયોગનો સંભવ નથી; કેમ કે તે પ્રકારે જીવનું સ્વભાવપણું છે=કેવલજ્ઞાન અને કેવલદર્શનનો ઉપયોગ ક્રમસર થાય તે પ્રકારે જીવનું સ્વભાવપણું છે.

**કેવલીને જે પાંચ પ્રકારના અંતરાયનો ક્ષય હોતે છતે એમ કેમ કહ્યું, તે સ્પષ્ટ કરતાં કહે છે. અહીં= સંસારમાં, અંતરાયકર્મોનું દાનાંતરાયાદિના ભેદથી પાંચ પ્રકારપણું હોવાથી તેનો ક્ષય પણ પાંચ પ્રકારવાળો કહેવાયો છે. ।।૧૩૪૨-૧૩૪૩।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૩૪૧માં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે 'મતિ આદિ ત્રણ જ્ઞાનના દૃષ્ટાંતના બળથી કેવલજ્ઞાન, કેવલદર્શનનો ક્રમિક ઉપયોગ હોવા છતાં સાદિ અનંત છે', તેમ સ્થાપન કર્યું. ત્યાં સિદ્ધસેનદિવાકરસૂરિ કહે કે 'ક્ષાયોપશમિક અને ક્ષાયિક જ્ઞાન વચ્ચે દૃષ્ટાંત, દાર્ષ્ટાંતિક ભાવનો અસંભવ છે'; કેમ કે ક્ષાયોપશમિક જ્ઞાન ઉપયોગ મૂકે ત્યારે બોધ કરાવે છે. ત્યાર પછી તદ્આવારક કર્મ વિપાકમાં આવે છે ત્યારે અન્ય જ્ઞાનનો ઉપયોગ હોય છે તો પણ જે જ્ઞાનનો ક્ષયોપશમ પ્રગટ થયો છે તે ઉપયોગ માત્રના પ્રયાસથી ફરી ક્ષયોપશમ ભાવને પામે છે અને જેનો ક્ષયોપશમ થયો નથી તે ઉપયોગમાત્રના પ્રયાસથી શીઘ્ર પ્રગટ થતો નથી પરંતુ યત્નથી પ્રગટ કરાય છે. તેથી જેનો ક્ષયોપશમ થયેલો છે તે જ્ઞાનનો ઉપયોગ પ્રવર્તતો ન હોય તો પણ લબ્ધિની અપેક્ષાએ તેના ક્ષયોપશમને ગ્રહણ કરીને ક્ષાયોપશમિક જ્ઞાનમાં ૬૬ સાગરોપમનું કથન છે પરંતુ ક્ષાયિક એવા કેવલજ્ઞાન, કેવલદર્શનમાં તે પ્રકારે લબ્ધિની અપેક્ષા સ્વીકારી શકાય નહીં. તેનું નિરાકરણ કરતાં પૂ.શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ કહે છે. જે પ્રમાણે કેવલીને દાનાંતરાયાદિ પાંચેય કર્મોનો ક્ષય વિદ્યમાન છે તો પણ ઉપદેશના દાનની ક્રિયા સતત કરતા નથી. વળી, આહારાદિ સામગ્રી સતત પ્રાપ્ત કરતા નથી અને આહારાદિનો ભોગ કે ઉપભોગ સતત કરતા નથી પરંતુ તે તે કરવાનું પ્રયોજન ઉત્પન્ન થાય છે ત્યારે દાનાદિ કરે છે. તેથી ક્ષાયિક પણ દાનાદિ ભાવો ક્રમસર પ્રવર્તે છે તેમ ક્ષાયિક એવું કેવલજ્ઞાન, કેવલદર્શન પણ ક્રમસર પ્રવર્તે છે; કેમ કે જીવનો તેવો જ સ્વભાવ છે. **॥૧૩૪૨-૧૩૪૩॥**

**અવતરણિકા :-**

**स्यादेतत्, यदि पंचविधान्तरायक्षयेऽपि भगवान्न सततं दानादिक्रियासु प्रवर्त्तते ततः किं तत्क्षयस्य फलमित्यत आह—**

**અવતરણિકાર્થ :-**

**આ થાય, શું થાય ? એથી કહે છે. જો પાંચ પ્રકારના અંતરાયના ક્ષયમાં પણ ભગવાન સતત દાનાદિકની ક્રિયામાં પ્રવર્તતા નથી તો તેના ક્ષયનું=પાંચ પ્રકારના અંતરાયના ક્ષયનું, શું ફલ છે ? એથી કહે છે –**

**ગાથા :-**

**दिंतस्स लभंतस्स य भुंजंतस्स य जिणस्स एस गुणो ।**
**खीणंतराइयत्ते जं से विग्घं ण संभवति ।।१३४४।।**

**છાયા :-**

दद‌तो लभमानस्य च भुञ्जानस्य च जिनस्य एष गुणः ।
क्षीणान्तरायत्वे यत्तस्य विघ्नं न संभवति ।।१३४४।।

**ગાથાર્થ :-**

**આપતા અને મેળવતા અને ભોગવતા તે જિનને ક્ષીણાંતરાયપણું હોતે છતે જે તેમને વિઘ્ન સંભવતો નથી એ ગુણ છે. ।।૧૩૪૪।।**

**ટીકા :-**

जिनस्य-क्षीणसकलघातिकर्म्मणः क्षीणान्तरायत्वे सत्येष गुणो जायते, यदुत–'से' तस्य जिनस्य ददतो लभमानस्य भुञ्जानस्य चकारस्यानुक्तसमुच्चयार्थत्वादुपभुञ्जानस्य च यद्विघ्नो न संभवति । प्राकृतत्वाच्च विघ्नशब्दस्य नपुंसकनिर्देशः ।।१३४४।।

**ટીકાર્થ :-**

जिनस्य- ..... नपुंसकनिर्देशः ।। ક્ષીણ સકલ ઘાતિકર્મવાળા જીવને ક્ષીણાંતરાયપણું હોતે છતે આ ગુણ થાય છે=આ ફળ થાય છે. જે 'યદુત'થી બતાવે છે. આપતા, પ્રાપ્ત કરતા, ભોગવતા એવા તેને=જિનને, જે વિઘ્ન સંભવતો નથી. એ ગુણ છે એમ અન્વય છે. ગાથામાં 'चकार'નું અનુક્તના સમુચ્ચય અર્થપણું હોવાથી ઉપભોગતાનું ગ્રહણ છે અને 'વિઘ્ન' શબ્દના પ્રાકૃતપણાને કારણે નપુંસક લિંગનો નિર્દેશ છે. ।।૧૩૪૪।।

**અવતરણિકા :-**

अमुमेव गुणं प्रकृतेऽपि योजयन्नाह–

**અવતરણિકાર્થ :-**

આ જ ગુણને=પાંચ અંતરાયના ક્ષયથી થતા ગુણને, પ્રકૃતમાં પણ=કેવલજ્ઞાન-કેવલદર્શનમાં પણ, યોજન કરતાં કહે છે –

**ગાથા :-**

**उवउत्तस्सेमेव य णाणम्मि व दंसणम्मि व जिणस्स ।**
**खीणावरणगुणोऽयं जं कसिणं मुणति पासति वा ।।१३४५।।**

**છાયા :-**

उपयुक्तस्यैवमेव च ज्ञाने वा दर्शने वा जिनस्य ।
क्षीणावरणगुणोऽयं यत् कृत्स्नं जानाति पश्यति वा ।।१३४५।।

ગાથાર્થ :-

એ રીતે જ જ્ઞાનમાં અને દર્શનમાં ઉપયુક્ત એવા જિનને ક્ષીણાવરણનો ગુણ આ છે, જે કૃત્સ્ન જાણે છે અને જુવે છે. ॥૧૩૪૫॥

ટીકા :-

एवमेव-दानादिक्रियासु प्रवृत्तस्येव ज्ञाने दर्शने चोपयुक्तस्य केवलिनोऽयं क्षीणावरणगुणः-क्षीणावरणत्वे सति गुणः, यदुत-कृत्स्नं-लोकालोकात्मकं जगत् जानाति पश्यति, न तु जानतः पश्यतो विघ्नः संभवति ।।१३४५।।

ટીકાર્થ :-

एवमेव- ..... संभवति ।। આ રીતે જ=દાનાદિ ક્રિયામાં પ્રવૃત્ત જ કેવલીની જેમ, જ્ઞાનમાં અને દર્શનમાં ઉપયુક્ત એવા કેવલીને ક્ષીણાવરણ ગુણ=ક્ષીણાવરણપણું હોતે છતે ગુણ થાય છે. શું ગુણ થાય છે ? તે 'यदुत'થી બતાવે છે – લોકાલોકાત્મક સંપૂર્ણ જગતને જાણે છે અને જુવે છે પરંતુ જાણતા અને જોતા કેવલીને વિઘ્ન સંભવતો નથી. ॥૧૩૪૫॥

અવતરણિકા :-

वाद्याह—

અવતરણિકાર્થ :-

વાદી કહે છે=પૂ.આ.શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ કહે છે –

ગાથા :-

पासंतो वि ण जाणइ जाणं व ण पासती जति जिणिंदो ।
एवं ण कदाचि वि सो सव्वण्णू सव्वदरिसी य ।।१३४६।।

છાયા :-

पश्यन्नपि न जानाति जानन् वा न पश्यति यदि जिनेन्द्रः ।
एवं न कदाचिदपि स सर्वज्ञः सर्वदर्शी च ।।१३४६।।

ગાથાર્થ :-

જો જોતા પણ ભગવાન જાણતા નથી, જાણતા પણ જોતા નથી, એ રીતે ક્યારે પણ તે=ભગવાન, સર્વજ્ઞ અને સર્વદર્શી થાય નહીં. ॥૧૩૪૬॥

ટીકા :-

यदि पश्यन्नपि भगवान्न जानाति, दर्शनकाले ज्ञानोपयोगानभ्युपगमात्, जानन्वा यदि न पश्यति,

ज्ञानोपयोगकाले दर्शनोपयोगानभ्युपगमात्, तत एवं सति न कदाचिदप्यसौ सर्वज्ञः सर्वदर्शी च प्राप्नोतीति ।।१३४६।।

**ટીકાર્થ :-**

यदि ..... प्राप्नोतीति ।। જો જોતા પણ ભગવાન જાણતા નથી; કેમ કે દર્શનના ઉપયોગકાલમાં જ્ઞાનના ઉપયોગનો અસ્વીકાર છે=સિદ્ધાંતવાદી દ્વારા અસ્વીકાર છે, અથવા જો જાણતા પણ ભગવાન જોતા નથી; કેમ કે જ્ઞાનના ઉપયોગકાલમાં દર્શનના ઉપયોગનો અસ્વીકાર છે=સિદ્ધાંતવાદી દ્વારા અસ્વીકાર છે. તો આમ હોતે છતે=સિદ્ધાંતવાદીના મતે ક્રમિક ઉપયોગ હોતે છતે, આ=કેવલી, ક્યારેય પણ સર્વજ્ઞ અને સર્વદર્શી પ્રાપ્ત થાય નહીં=ક્રમસર સર્વજ્ઞ સર્વદર્શી પ્રાપ્ત થાય પરંતુ ક્યારે પણ સર્વજ્ઞ અને સર્વદર્શી પ્રાપ્ત થાય નહીં. ।।૧૩૪૬।।

**અવતરણિકા :-**

सिद्धान्तवाद्याह—

**અવતરણિકાર્થ :-**

સિદ્ધાંતવાદી કહે છે=પૂ.શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ કહે છે —

**ગાથા :-**

जुगवमजाणंतो वि हु चउहिं वि णाणेहिं जह उ चउनाणी ।
भण्णति तहेव अरहा सव्वण्णू सव्वदरिसी य ।।१३४७।।

**છાયા :-**

युगपदजानन्नपि हु चतुर्भिरपि ज्ञानैर्यथा तु चतुर्ज्ञानी ।
भण्यते तथैवार्हन् सर्वज्ञः सर्वदर्शी च ।।१३४७।।

**ગાથાર્થ :-**

યુગપત્ નહીં જાણતા પણ ચાર જ્ઞાનો વડે જે પ્રમાણે ચતુર્જ્ઞાની કહેવાય છે. તે પ્રમાણે જ અરિહંતો સર્વજ્ઞ અને સર્વદર્શી કહેવાય છે. ।।૧૩૪૭।।

**ટીકા :-**

यथा मत्यादिभिर्मनःपर्यायान्तैश्चतुर्भिर्ज्ञानैर्युगपदजानन्नपि जीवस्वाभाव्यादेव युगपदुपयोगाभावात् लब्ध्यपेक्षया चतुर्ज्ञानी भण्यते, तथैवार्हन्नपि युगपत् केवलज्ञानदर्शनोपयोगाभावेऽपि निःशेषतस्तदा-वरणक्षयात् शक्त्यपेक्षया सर्वज्ञः सर्वदर्शी चोच्यते इत्यदोषः ।।१३४७।।

**ટીકાર્થ :-**

यथा ..... इत्यदोषः ।। જે પ્રમાણે મતિ આદિથી મનઃપર્યાય અંતવાળાં ચાર જ્ઞાન વડે એકસાથે જાણતા પણ જીવસ્વભાવથી જ યુગપદ્ ઉપયોગના અભાવને કારણે લબ્ધિ અપેક્ષાથી ચતુર્જ્ઞાની કહેવાય છે તે પ્રમાણે જ અરિહંત પણ એકસાથે કેવલજ્ઞાન, કેવલદર્શનના ઉપયોગનો અભાવ હોતે છતે પણ સંપૂર્ણ તદ્આવરણના ક્ષયથી શક્તિ અપેક્ષાએ સર્વજ્ઞ અને સર્વદર્શી કહેવાય છે. એથી અદોષ છે=ગાથા-૧૩૪૬માં વાદીએ કહેલ કે 'કેવલી ક્યારેય પણ સર્વજ્ઞ અને સર્વદર્શી પ્રાપ્ત થશે નહીં.' એ રૂપ દોષનો અભાવ છે; કેમ કે શક્તિની અપેક્ષાએ સર્વજ્ઞ અને સર્વદર્શી કહેવાય છે. ।।૧૩૪૭।।

**અવતરણિકા :-**

पुनरप्यत्र वाद्याह—

**અવતરણિકાર્થ :-**

ફરી પણ અહીં=સિદ્ધાંતવાદીના કથનમાં, વાદિ કહે છે=પૂ.આ.શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ કહે છે –

**ગાથા :-**

तुल्ले उभयावरणक्खयम्मि पुव्वं समुब्भवो कस्स? ।
दुविहुवओगाभावे जिणस्स जुगवन्ति चोदेति ।।१३४८।।

**છાયા :-**

तुल्ये उभयावरणक्षये पूर्वं समुद्भवः कस्य ? ।
द्विविधोपयोगभावे जिनस्य युगपदिति चोदयति ।।१३४८।।

**ગાથાર્થ :-**

ઉભયના આવરણનો ક્ષય તુલ્ય હોતે છતે, પૂર્વમાં=પ્રથમ સમયે, કોનો ઉદ્ભવ છે ? એ પ્રમાણે જિનને યુગપદ્ બે પ્રકારના ઉપયોગના અભાવમાં વાદી પ્રશ્ન કરે છે. ।।૧૩૪૮।।

**ટીકા :-**

तुल्ये-समाने उभयावरणक्षये-केवलज्ञानदर्शनावरणक्षये पूर्वतरं-प्रथमतरमुद्भवः-उत्पादः कस्य भवेत् ?, किं ज्ञानस्य उत दर्शनस्य ?। तत्र यदि ज्ञानस्य स किंनिबन्धन इति वाच्यं?, तदावरण-क्षयनिबन्धन इति चेत् ? ननु स दर्शनेऽपि तुल्य इति तस्याप्युद्भवप्रसङ्गः, एवं दर्शनपक्षेऽपि वाच्यम् । अतः प्रथमसमये स्वावरणक्षयेऽपि अन्यतरस्याभावेऽन्यतरस्याप्यभाव एव विपर्ययो वा प्राप्नोतीति युगपद्द्विविधोपयोगाभावाभ्युपगमे जिनस्य वादी चोदयतीति ।।१३४८।।

**ટીકાર્થ :-**

**तुल्ये- ..... चोदयतीति ।। તુલ્ય ઉભય આવરણ ક્ષય થયે છતે=સમાન કેવલજ્ઞાન-કેવલદર્શનના આવરણનો ક્ષય થયે છતે, 'પૂર્વતર ઉદ્ભવ=પ્રથમતર ઉત્પાદ, કોનો થાય ? શું જ્ઞાનનો ? કે દર્શનનો ? ત્યાં=પ્રથમ ઉત્પાદમાં, જો 'જ્ઞાનનો થાય' એમ કહેવામાં આવે તો 'તે=જ્ઞાનનો પ્રથમ ઉત્પાદ, કયા કારણવાળો છે ?' એ પ્રમાણે કહેવું જોઈએ. તેના આવરણના ક્ષયના નિબંધનવાળો છે. એ પ્રમાણે જો સિદ્ધાંતવાદી કહે તો, વાદી 'ननु'થી કહે છે. તે=આવરણનો ક્ષય, દર્શનમાં પણ સમાન છે. એથી તેનો પણ=કેવલદર્શનનો પણ, ઉદ્ભવનો પ્રસંગ છે=પ્રથમ સમયમાં દર્શનના ઉદ્ભવનો પ્રસંગ છે. એ રીતે દર્શન પક્ષમાં પણ કહેવું=જો દર્શનના આવરણના ક્ષયમાં દર્શનનો ઉદ્ભવ છે તો તે વખતે જ કેવલજ્ઞાનના આવરણના ક્ષયથી કેવલજ્ઞાનના ઉદ્ભવનો પણ પ્રસંગ છે એ પ્રમાણે દર્શન પક્ષમાં પણ કહેવું. આથી પ્રથમ સમયમાં સ્વઆવરણના ક્ષયમાં પણ અન્યતરનો અભાવ હોતે છતે અન્યતરનો પણ અભાવ જ અથવા વિપર્યય પ્રાપ્ત થાય=પ્રથમ સમયમાં કેવલજ્ઞાનાવરણ અને કેવલદર્શનાવરણના ક્ષયમાં પણ સિદ્ધાંતવાદીના મતે અન્યતરના અભાવમાં અર્થાત્ કેવલજ્ઞાન, કેવલદર્શનમાંથી ક્રમિક ઉપયોગને કારણે અન્યતરના અભાવમાં અન્યતરનો પણ અભાવ જ પ્રાપ્ત થાય અર્થાત્ જો કેવલજ્ઞાનનો પણ અભાવ હોય તો કેવલદર્શનનો પણ અભાવ જ પ્રાપ્ત થાય અને જો કેવલદર્શનનો અભાવ હોય તો કેવલજ્ઞાનનો અભાવ જ પ્રાપ્ત થાય. અથવા વિપર્યય પ્રાપ્ત થાય અર્થાત્ સ્વઆવરણના ક્ષયમાં બંનેના ભાવની પ્રાપ્તિરૂપ વિપર્યય પ્રાપ્ત થાય. એ પ્રમાણે જિનને યુગપદ્ દ્વિવિધ ઉપયોગના અભાવના સ્વીકારવામાં વાદી=પૂ.આ.શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ, પ્રશ્ન કરે છે=સિદ્ધાંતવાદીને પ્રશ્ન કરે છે. ॥૧૩૪૮॥**

**ભાવાર્થ :-**

'કેવલજ્ઞાન અને કેવલદર્શનનું આવરણ એકસાથે ક્ષય થાય છે' એમ વાદી અને સિદ્ધાંતવાદી બંને માને છે પરંતુ કેવલજ્ઞાન અને કેવલદર્શનનો ઉપયોગ ક્રમસર વર્તે છે એમ સિદ્ધાંતવાદી માને છે. તેને વાદી પૂ.આ.શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ પ્રશ્ન કરે છે કે 'કેવલજ્ઞાન અને કેવલદર્શનનું આવરણ સમાન ક્ષય થયેલું હોવા છતાં ક્રમિક ઉપયોગવાદીના મતે પ્રથમતર કોનો ઉત્પાદ થાય ?' જો સિદ્ધાંતવાદી જ્ઞાનનો ઉત્પાદ કહે તો વાદી કહે છે. 'દર્શનનું પણ આવરણ ક્ષય થયેલું છે, તો દર્શનનો ઉત્પાદ પ્રથમતર કેમ થતો નથી ?' ત્યાં સિદ્ધાંતવાદી કહે છે કે 'આવરણના ક્ષયને કારણે જ્ઞાનનો પ્રથમ ઉત્પાદ છે, તો વાદી કહે છે, દર્શનનું પણ આવરણ તે વખતે જ ક્ષય થયેલું છે માટે જ્ઞાનના ઉત્પાદકાળમાં જ દર્શનનો ઉત્પાદ થવો જોઈએ.' હવે જો સિદ્ધાંતવાદી કહે કે 'દર્શનના આવરણનો ક્ષય થયો છે માટે પ્રથમ દર્શનનો ઉત્પાદ છે તો કેવલજ્ઞાનના આવરણનો પણ ક્ષય થયો છે માટે દર્શનના ઉત્પાદકાળમાં કેવલજ્ઞાનનો પણ ઉત્પાદ થવો જોઈએ.' આનાથી શું ફલિત થાય ? તે ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે. પ્રથમ સમયમાં કેવલજ્ઞાન અને કેવલદર્શનનું આવરણ ક્ષય પામેલું હોવા છતાં પણ કેવલજ્ઞાન, કેવલદર્શનમાંથી સિદ્ધાંતવાદી એકના ઉપયોગનો અભાવ

સ્વીકારે તો અન્યના ઉપયોગનો પણ અભાવ સ્વીકારવો જોઈએ; કેમ કે બંનેના આવરણનો ક્ષય હોવા છતાં જે રીતે એકના ઉપયોગનો અભાવ છે તે રીતે અન્યના ઉપયોગનો અભાવ પ્રાપ્ત થવો જોઈએ અથવા બંનેના આવરણનો ક્ષય થયો છે તેથી બંનેના ભાવની પ્રાપ્તિ થવી જોઈએ. એ પ્રકારે સિદ્ધાંતવાદીને એકસાથે બે ઉપયોગના અભાવના સ્વીકારવામાં વાદી પ્રશ્ન કરે છે. **II૧૩૪૫થી ૧૩૪૮II**

**અવતરણિકા :-**

**सिद्धान्तवाद्याह—**

**અવતરણિકાર્થ :-**

**સિદ્ધાંતવાદી કહે છે=પૂ.શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ કહે છે –**

**ગાથા :-**

**भण्णति ण एस णियमो जुगवुप्पण्णेण जुगवमेवेह ।**
**होयव्वं उवओगेण एत्थ सुण ताव दिट्ठंतं ।।१३४९।।**

**છાયા :-**

भण्यते नैष नियमो युगपदुत्पन्नेन युगपदेवेह ।
भवितव्यमुपयोगेनात्र शृणु तावद् दृष्टान्तम् ।।१३४९।।

**ગાથાર્થ :-**

**ઉત્તર અપાય છે. 'યુગપદ્ ઉત્પન્ન થયેલાથી યુગપદ્ જ ઉપયોગથી અહીં થવું જોઈએ', એ નિયમ નથી. આમાં દૃષ્ટાંત સાંભળ. ।।૧૩૪૯।।**

**ટીકા :-**

**भण्यते-अत्रोत्तरं दीयते-न एष नियमो, यदुत-शक्त्यपेक्षया युगपदुत्पन्नेनापि ज्ञानेन युगपदेवेहोपयोगेन-उपयोगरूपतयाऽपि भवितव्यमिति । कुत इति चेत्?, तथाऽ दर्शनात् । आह च—'एत्थ सुण ताव दिट्ठंतं' अत्र-अस्मिन् विचारप्रक्रमे शृणु तावत् दृष्टान्तम् ।।१३४९।।**

**ટીકાર્થ :-**

**भण्यते- ..... दृष्टान्तम् ।। કહેવાય છે=વાદીની શંકામાં ઉત્તર અપાય છે. 'આ નિયમ નથી.' શું નિયમ નથી ? તે 'यदुत'થી સ્પષ્ટ કરે છે – શક્તિ અપેક્ષાથી એકસાથે ઉત્પન્ન થયેલા પણ જ્ઞાન વડે યુગપદ્ જ અહીં ઉપયોગથી=ઉપયોગરૂપપણાથી, પણ થવું જોઈએ એ નિયમ નથી એમ અન્વય છે. કયા કારણથી આ નિયમ નથી ? એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો, સિદ્ધાંતવાદી હેતુ કહે છે – તે પ્રકારે દર્શન છે=એકસાથે પ્રગટ થયેલા જ્ઞાનોનો પણ ઉપયોગ ક્રમસર હોય છે તે પ્રકારે દર્શન છે. અને કહે**

છે – આ વિચારપ્રક્રમમાં='શક્તિની અપેક્ષાએ એકસાથે પ્રગટેલા પણ કેવલજ્ઞાન-કેવલદર્શનમાં ક્રમસર ઉપયોગ હોય છે' એ પ્રકારના વિચારના પ્રક્રમમાં, દૃષ્ટાંતને તું સાંભળ. ।।૧૩૪૯।।

**અવતરણિકા :-**

तमेव दर्शयति–

**અવતરણિકાર્થ :-**

તેને જ=આ વિચારના પ્રક્રમમાં દૃષ્ટાંતને જ, બતાવે છે –

**ગાથા :-**

जह जुगवुप्पत्तीए वि सुत्ते सम्मत्तमतिसुतादीणं ।
णत्थि जुगवोवओगो सव्वेसु तहेव केवलिणो ।।१३५०।।

**છાયા :-**

यथा युगपदुत्पत्तावपि सूत्रे सम्यक्त्वमतिश्रुतादीनाम् ।
नास्ति युगपदुपयोगः सर्वेषु तथैव केवलिनः ।।१३५०।।

**ગાથાર્થ :-**

જે પ્રમાણે સમ્યક્ત્વ, મતિ, શ્રુતાદિની યુગપત્ ઉત્પત્તિ સૂત્રમાં કહેવાયેલી હોતે છતે પણ સર્વમાં યુગપત્ ઉપયોગ નથી, તે પ્રમાણે જ કેવલીને પણ યુગપત્ ઉપયોગ નથી. ।।૧૩૫૦।।

**ટીકા :-**

यथा सम्यक्त्वमतिश्रुतादीनामादिशब्दादवधिज्ञानपरिग्रहः युगपदुत्पत्तावपि सूत्रे-आगमे अभिहितायां न सर्वेष्वेव मत्यादिषु-युगपदुपयोगो भवति 'जुगवं दो नत्थि उवयोगा' इति वचनात्, तथैव केवलिनोऽपि शक्त्यपेक्षया युगपत्केवलज्ञानदर्शनोत्पत्तावपि न द्वयोरपि युगपदुपयोगो भविष्यतीति ।।१३५०।।

**ટીકાર્થ :-**

यथा ..... भविष्यतीति ।। જે પ્રમાણે સૂત્રમાં=આગમમાં, સમ્યક્ત્વ, મતિ, શ્રુતાદિની યુગપદ્ ઉત્પત્તિ પણ અભિહિત હોતે છતે, સર્વ પણ મતિ આદિમાં યુગપદ્ ઉપયોગ થતો નથી; કેમ કે 'યુગપદ બે ઉપયોગો નથી,' એ પ્રકારનું વચન છે. તે પ્રકારે જ કેવલીને પણ શક્તિની અપેક્ષાથી યુગપત્ કેવલજ્ઞાન, કેવલદર્શનની ઉત્પત્તિ હોવા છતાં પણ બંનેનો પણ યુગપત્ ઉપયોગ થશે નહીં. સમ્યક્ત્વ, મતિ, શ્રુતાદિમાં રહેલા આદિ શબ્દથી અવધિજ્ઞાનનું ગ્રહણ છે. ।।૧૩૫૦।।

**અવતરણિકા :-**

अमुमेवार्थं सूत्रेण संवादयन्नाह—

**અવતરણિકાર્થ :-**

આ જ અર્થને=કેવલીને યુગપત્ ઉપયોગ નથી એ જ અર્થને, સૂત્રથી સંવાદન કરતા સિદ્ધાંતવાદી કહે છે –

**ગાથા :-**

भणितं पण्णत्तीए पण्णवणादीसु जह जिणो भगवं ।
जं जाणती ण पासति तं अणुरयणप्पभादीणं ।।१३५१।।

**છાયા :-**

भणितं प्रज्ञप्तौ प्रज्ञापनादिषु यथा जिनो भगवान् ।
यद् जानाति न पश्यति तदणुरत्नप्रभादीनाम् (दिकम्) ।।१३५१।।

**ગાથાર્થ :-**

**પ્રજ્ઞપ્તિમાં અને પ્રજ્ઞાપનાદિમાં કહેવાયું છે. શું કહેવાયું છે ? તે 'યથા'થી બતાવે છે. 'જે પ્રમાણે ભગવાન જિન અણુ, રત્નપ્રભાદિને જે સમયે જાણે છે, તે સમયે જોતા નથી.' ।।૧૩૫૧।।**

**ટીકા :-**

भणितमपि चैतत् अनन्तरोदितं प्रज्ञप्तौ प्रज्ञापनादिषु च, यथा—यं समयं केवली जानाति अण्वादिकं रत्नप्रभादिकं च न तमेव समयं पश्यतीति । 'अणुरयणप्पभाईण'मित्यत्र प्राकृतत्वात् द्वितीयार्थे षष्ठी । तत्र क्रमेणैव केवलज्ञानदर्शनयोरुपयोगो न युगपदिति स्थितम् ।।१३५१।।

**ટીકાર્થ :-**

भणितमपि ..... स्थितम् ।। અને આ=અનંતરમાં કહેવાયેલું=કેવલીને ક્રમસર ઉપયોગ હોય છે એ પ્રજ્ઞપ્તિમાં અને પ્રજ્ઞાપનાદિમાં કહેવાયેલું છે. જે આ પ્રમાણે – 'જે સમયે કેવલી અણુ આદિને અને રત્નપ્રભાદિને જાણે છે તે જ સમયે જોતા નથી.' 'अणुरयणप्पभाईण' એ પ્રકારના કથનમાં પ્રાકૃતપણું હોવાથી દ્વિતીયાર્થમાં ષષ્ઠી છે. ત્યાં=કેવલીમાં, ક્રમથી જ કેવલજ્ઞાન, કેવલદર્શનનો ઉપયોગ છે યુગપત્ નથી, એ પ્રમાણે સ્થિત છે. ।।૧૩૫૧।।

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં વાદીએ પ્રશ્ન કર્યો કે 'કેવલજ્ઞાન અને કેવલદર્શનનું આવરણ એકસાથે ક્ષય થવાથી કેવલીને કોનો પ્રથમ ઉત્પાદ થશે ?' 'જ્ઞાનનો પ્રથમ ઉત્પાદ થશે.' એમ સિદ્ધાંતવાદી કહે તો 'દર્શનનો કેમ

નહીં ?' અને સિદ્ધાંતવાદી દર્શનનો પ્રથમ ઉત્પાદ સ્વીકારે તો 'જ્ઞાનનો કેમ નહીં ?' એ પ્રકારનો પ્રશ્ન કરીને વાદીએ સ્થાપન કર્યું કે 'બંનેનો યુગપત જ ઉત્પાદ સ્વીકારવો જોઈએ, ક્રમસર નહીં.' તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતવાદી કહે છે – 'આવરણના ક્ષયથી બંનેની શક્તિ પ્રગટેલ હોવા છતાં જ્ઞાન અને દર્શન બંનેનો એકસાથે જ ઉપયોગ પ્રાપ્ત થવો જોઈએ, એવો નિયમ નથી.' કેમ એવો નિયમ નથી ? તેમાં સિદ્ધાંતવાદી દૃષ્ટાંત બતાવે છે – 'સમ્યક્ત્વ, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન ચારેય કોઈક જીવને એકસાથે પ્રગટ થાય છે', તેમ આગમમાં સ્વીકાર્યું છે; કેમ કે મિથ્યાદૃષ્ટિ જીવ વિભંગજ્ઞાનવાળો હોય અને સમ્યક્ત્વ પ્રાપ્ત કરે ત્યારે મતિ, શ્રુત અને અવધિ ત્રણેય સમ્યક્ બને છે. તેથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન શક્તિની અપેક્ષાએ ત્રણેયની પ્રાપ્તિ છે તો પણ તે જીવનો એક કાળમાં તે ત્રણમાંથી કોઈ એકમાં ઉપયોગ વર્તે છે; કેમ કે એકસાથે બેનો ઉપયોગ ન હોય, એમ શાસ્ત્ર કહે છે. તે રીતે કેવલીને પણ આવરણના ક્ષયથી કેવલજ્ઞાન, કેવલદર્શનની ઉત્પત્તિ થવા છતાં પણ એકસાથે બંનેનો ઉપયોગ થઈ શકે નહીં. આ રીતે દૃષ્ટાંતથી પોતાનું કથન કર્યા પછી શાસ્ત્રવચનથી પણ કેવલીને ક્રમસર ઉપયોગ છે. તે બતાવવા અર્થે કહે છે – ભગવતીમાં અને પ્રજ્ઞાપનાદિમાં કહ્યું છે કે 'કેવલી અણુ આદિને અને રત્નપ્રભાદિ પૃથ્વીને જે સમયે જાણે છે તે જ સમયે જોતા નથી.' તેથી ભગવતીના વચનથી નક્કી થાય છે કે 'કેવલીને જ્ઞાન-દર્શનનો ઉપયોગ એકસાથે નથી પરંતુ ક્રમસર છે.' **॥૧૩૪૯થી ૧૩૫૧॥**

**અવતરણિકા :-**

**सांप्रतं ये केवलज्ञानदर्शनाभेदवादिनस्तन्मतमुपन्यस्यन्नाह–**

**અવતરણિકાર્થ :-**

**હવે, જેઓ કેવલજ્ઞાન, કેવલદર્શનના અભેદવાદી છે, તેના મતનો ઉપન્યાસ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**जह किर खीणावरणे देसण्णाणाण संभवो ण जिणे ।**
**उभयावरणातीते तह केवलदंसणस्सावि ।।१३५२।।**

**છાયા :-**

यथा किल क्षीणावरणे देशज्ञानानां संभवो न जिने ।
उभयावरणातीते तथा केवलदर्शनस्यापि ।।१३५२।।

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે ક્ષીણ આવરણવાળા જિનમાં દેશજ્ઞાનોનો સંભવ નથી, તે પ્રમાણે ઉભય આવરણથી અતીત એવા જિનમાં કેવલદર્શનનો પણ સંભવ નથી. ॥૧૩૫૨॥**

**ટીકા :-**

**यथा किलेत्याप्तोक्तौ, क्षीणावरणे भगवति जिने देशज्ञानानां-मत्यादीनां न संभवः, तथा उभयावरणातीते-केवलज्ञानदर्शनावरणातीते भगवति केवलदर्शनस्यापि न संभवः । कथमिति चेत् उच्यते—इह तावत् युगपदुपयोगद्वयं न जायते, सूत्रे तत्र तत्र प्रदेशे निषेधनात्, नचैतदपि समीचीनं, यत्तदावरणं क्षीणं तथापि तन्न प्रादुर्भवतीति, ऊर्द्ध्वमपि तदभावप्रसङ्गात् । ततः केवलदर्शनावरणक्षयादुपजायमानं केवलदर्शनं सामान्यमात्रग्राहि केवलज्ञाने एव सर्वात्मना सर्ववस्तुग्राहकेऽन्तर्लीनमिति तदेव केवलज्ञानं चकास्ति, न ततः पृथग्भूतं केवलदर्शनमिति ।।१३५२।।**

**ટીકાર્થ :-**

यथा ..... केवलदर्शनमिति ।। **'किल' શબ્દ આપ્તની ઉક્તિમાં છે. જે પ્રમાણે ક્ષીણ આવરણવાળા ભગવાન એવા જિનમાં દેશજ્ઞાનરૂપ મત્યાદિનો સંભવ નથી. તે પ્રમાણે ઉભયાવરણના અતીતવાળા ભગવાનમાં=કેવલજ્ઞાન, કેવલદર્શનના આવરણથી અતીત એવા ભગવાનમાં, કેવલદર્શનનો પણ સંભવ નથી. કેમ ? એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ઉત્તર આપે છે. અહીં=કેવલીમાં, યુગપદ્ બે ઉપયોગ થતા નથી; કેમ કે સૂત્રમાં તે તે સ્થાનમાં નિષેધ છે અને આ પણ=કેવલીને કેવલદર્શન નથી એ પણ, સમીચીન નથી; કેમ કે જે કારણથી તેનું આવરણ=કેવલદર્શનનું આવરણ, ક્ષીણ છે, તો પણ તે=કેવલદર્શન, પ્રાદુર્ભાવ પામતું નથી, એ પ્રમાણે કહેવાથી ઊર્ધ્વમાં પણ તેના અભાવનો પ્રસંગ આવે=જેનું આવરણ ક્ષય થાય છે તે પ્રાદુર્ભાવ થતું નથી તેમ સ્વીકારવાનો પ્રસંગ આવે. તેથી કેવલદર્શનના આવરણના ક્ષયથી થતું સામાન્ય માત્ર ગ્રાહી એવું કેવલદર્શન સર્વ સ્વરૂપે સર્વ વસ્તુગ્રાહક એવા કેવલજ્ઞાનમાં અન્તર્લીન છે. એથી તે જ કેવલજ્ઞાન પ્રકાશે છે, તેનાથી પૃથક્ભૂત કેવલદર્શન નથી. ।।૧૩૫૨।।**

**ભાવાર્થ :-**

કોઈક વાદી કેવલજ્ઞાન સાથે કેવલદર્શનનો અભેદ માને છે. ત્યાં પ્રથમ કોઈકની યુક્તિ બતાવતાં કહે છે. દેશજ્ઞાનવાળા એવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન ક્ષીણ આવરણવાળા એવા ભગવાનમાં સંભવતાં નથી; કેમ કે મતિ આદિ ચારેય જ્ઞાન ક્ષયોપશમવાળાં હોવાથી વસ્તુના એક દેશને જાણનારાં છે. પૂર્ણ વસ્તુને જાણનારા નથી અને ક્ષીણ આવરણવાળા જિનને દેશજ્ઞાન સંભવે નહીં. તેમ કેવલદર્શન પણ સંભવે નહીં; કેમ કે વસ્તુ સામાન્ય વિશેષરૂપ છે અને કેવલદર્શન સામાન્ય માત્ર ગ્રાહી સ્વીકારવામાં આવે તો કેવલીને વસ્તુના એક દેશનું જ્ઞાન છે એમ સ્વીકારવાની આપત્તિ આવે. વળી, કેવલીને પૂર્ણ વસ્તુનું જ્ઞાન છે માટે કેવલજ્ઞાન, કેવલદર્શન સાથે છે, એમ સ્વીકારીએ તો એકસાથે બે ઉપયોગ કેવલીને સ્વીકારવા પડે અને કેવલીને એકસાથે બે ઉપયોગ હોય તેનો નિષેધ શાસ્ત્રમાં ઘણા સ્થાને પ્રાપ્ત થાય છે. માટે કેવલીને દર્શનનો સંભવ નથી, જ્ઞાનનો જ સંભવ છે, એમ કોઈ કહે તો કેવલજ્ઞાન

અને કેવલદર્શનના અભેદવાદી કહે છે. આ પ્રકારનું કથન ઉચિત નથી; કેમ કે કેવલદર્શનનું આવરણ ક્ષીણ થયું હોય છતાં તેનો પ્રાદુર્ભાવ ન થાય તો ઉત્તરમાં પણ કેવલદર્શનનો અભાવ પ્રાપ્ત થાય અને જેનું આવરણ ક્ષય થાય તેનો અવશ્ય પ્રાદુર્ભાવ થવો જોઈએ. માટે કેવલદર્શનના આવરણના ક્ષયથી વસ્તુના એક દેશરૂપ સામાન્ય માત્ર ગ્રાહી એવું કેવલદર્શન સંપૂર્ણ વસ્તુગ્રાહી એવા કેવલજ્ઞાનમાં અંતર્લીન થાય છે. તેથી કેવલજ્ઞાનથી પૃથક્ કેવલદર્શન નથી પરંતુ કેવલજ્ઞાનમાં જ અંતર્ભાવ પામેલું કેવલદર્શન છે અને કેવલજ્ઞાન સંપૂર્ણ વસ્તુનો યથાર્થ બોધ કરાવે છે. **॥૧૩૫૨॥**

**અવતરણિકા :-**

**अत्र सिद्धान्तवादी केवलदर्शनस्य स्वरूपतः पार्थक्यं सिसाधयिषुरिदमाह—**

**અવતરણિકાર્થ :-**

**અહીં=કેવલજ્ઞાન અને કેવલદર્શનના અભેદવાદીના મતમાં, સિદ્ધાંતવાદી સ્વરૂપથી કેવલદર્શનના પાર્થક્યને=પૃથક્પણાને, સાધવાની ઇચ્છાવાળા આ કહે છે –**

**ગાથા :-**

**देसण्णाणोवरमे जह केवलणाणसंभवो भणितो ।**
**देसद्दंसणविगमे तह केवलदंसणं होतु ।।१३५३।।**

**છાયા :-**

देशज्ञानोपरमे यथा केवलज्ञानसंभवो भणितः ।
देशदर्शनविगमे तथा केवलदर्शनं भवतु ।।१३५३।।

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે દેશજ્ઞાનના ઉપરમમાં 'કેવલજ્ઞાનનો સંભવ' કહેવાયો છે, તે પ્રમાણે દેશદર્શનના વિગમમાં કેવલદર્શન થાઓ. ॥૧૩૫૩॥**

**ટીકા :-**

**यथा भगवति मत्यादिदेशज्ञानोपरमे केवलज्ञानसंभवः स्वरूपेण भणितस्त्वया तथा चक्षुर्दर्शनादिदेश-दर्शनविगमे सति केवलदर्शनमपि ततः पृथक् स्वरूपतो भवतु, न्यायस्य समानत्वात्, अन्यथा पृथक्तदावरणकल्पनानैरर्थक्यापत्तेः ।।१३५३।।**

**ટીકાર્થ :-**

यथा ..... रर्थक्यापत्तेः ।। **જે પ્રમાણે ભગવાનમાં મત્યાદિ દેશજ્ઞાનનો ઉપરમ થયે છતે=મત્યાદિ દેશજ્ઞાનનો અભાવ થયે છતે, સ્વરૂપથી કેવલજ્ઞાનનો સંભવ તારા વડે કહેવાયો છે, તે પ્રમાણે**

**ચક્ષુદર્શનાદિ દેશદર્શનનો વિગમ થયે છતે=કેવલી ભગવંતમાં ચક્ષુદર્શનાદિ દેશદર્શનનો અભાવ થયે છતે, તેનાથી=કેવલજ્ઞાનથી, પૃથક્ સ્વરૂપથી કેવલદર્શન પણ થાઓ; કેમ કે ન્યાયનું સમાનપણું છે= જે ન્યાય કેવલજ્ઞાનના સંભવમાં છે તે જ ન્યાય કેવલદર્શનના સંભવમાં સમાન છે. અન્યથા=કેવલજ્ઞાનથી કેવલદર્શન પૃથક્ ન સ્વીકારવામાં આવે તો, પૃથક્ તેના આવરણની કલ્પનાના નિરર્થકપણાની પ્રાપ્તિ છે=કેવલજ્ઞાનથી પૃથક્ એવા કેવલદર્શનાવરણની કલ્પના શાસ્ત્રકારો સ્વીકારે છે તેને નિરર્થક સ્વીકારવાની આપત્તિ છે. ।।૧૩૫૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી કેવલીને કેવલજ્ઞાનમાં જ કેવલદર્શનનો અંતર્ભાવ સ્વીકારે છે અને તેની યુક્તિ ગાથા-૧૩૫૨માં પૂર્વપક્ષીએ આપેલ. તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતવાદી કહે છે – ભગવાનને કેવલજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે મતિ આદિ દેશજ્ઞાન હતું અને દેશ અજ્ઞાન હતું અને સર્વજ્ઞાનના આવરણનો ક્ષય થાય છે ત્યારે મતિ આદિ દેશજ્ઞાન નાશ પામે છે અને કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે એમ પૂર્વપક્ષી સ્વીકારે છે. તે રીતે ચક્ષુદર્શન આદિ દેશદર્શનનો વિગમન થાય છે. તેથી કેવલજ્ઞાનથી પૃથક્ કેવલદર્શન પણ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ; કેમ કે કેવલજ્ઞાનમાં જે ન્યાય છે તે જ ન્યાય કેવલદર્શનમાં પણ પ્રાપ્ત થાય છે અને જો કેવલદર્શન કેવલજ્ઞાનથી પૃથક્ નથી એમ કહેવામાં આવે તો શાસ્ત્રમાં કેવલજ્ઞાન અને કેવલદર્શનનાં પૃથક્ આવરણો સ્વીકાર્યાં છે તેની કલ્પના નિરર્થક છે એમ માનવું પડે. **॥૧૩૫૩॥**

**ગાથા :-**

**अह देसणाणदंसणविगमे तव केवलं मतं णाणं ।**
**ण मतं केवलदंसणमिच्छामेत्तं णणु तदेवं ।।१३५४।।**

**છાયા :-**

अथ देशज्ञानदर्शनविगमे तव केवलं मतं ज्ञानम् ।
न मतं केवलदर्शनमिच्छामात्रं ननु तदेवम् ।।१३५४।।

**ગાથાર્થ :-**

**'अथ'થી સિદ્ધાંતવાદી પૂર્વપક્ષીને કહે છે – દેશજ્ઞાન અને દેશદર્શનના વિગમમાં તને કેવલ=માત્ર, જ્ઞાન સંમત છે. કેવલદર્શન સંમત નથી, ખરેખર આ રીતે ઈચ્છામાત્ર છે. ।।૧૩૫૪।।**

**ટીકા :-**

**अथ देशज्ञानदर्शनविगमे तव केवलज्ञानमेवैकं मतं न मतं केवलदर्शनमिति, अत्राह—ननु तदेवमिच्छामात्रम्-अभिप्रायमात्रं, नत्वत्र काचनापि युक्तिः, न चेच्छामात्रतो वस्तुसिद्धिः, सर्वस्य सर्वेष्टार्थसिद्धिप्रसक्तेः । यदप्युक्तम्—न चैतदपि समीचीनं (यत्तदावरणं क्षीणं तथापि तन्न प्रादुर्भवतीति, तत्र)**

क्षयोपशमाविशेषेऽपि मत्यादीनामिव जीवस्वाभाव्यादेव केवलज्ञानावरणकेवलदर्शनावरणक्षयेऽपि सततं तयोरप्रादुर्भावाविरोधात् ।।१३५४।।

**ટીકાર્થ :-**

**अथ ..... प्रादुर्भावाविरोधात् ।। 'अथ'થી પૂર્વપક્ષીને સિદ્ધાંતવાદી કહે છે - દેશજ્ઞાન અને દેશદર્શનનો વિગમન થયે છતે તને કેવલજ્ઞાન જ એક સંમત છે. કેવલદર્શન સંમત નથી એમાં સિદ્ધાંતવાદી કહે છે — ખરેખર આ રીતે ઈચ્છા માત્ર છે=અભિપ્રાય માત્ર છે, પરંતુ આમાં=કેવલદર્શન નથી એમાં, કોઈ યુક્તિ નથી અને ઈચ્છા માત્રથી વસ્તુની સિદ્ધિ નથી; કેમ કે 'સર્વને સર્વ ઈષ્ટાર્થની સિદ્ધિની આપત્તિ છે અર્થાત્ યુક્તિ વગર ઈચ્છા માત્રથી વસ્તુની સિદ્ધિ થતી હોય તો બધા પોતાને જે ઈષ્ટ અર્થ હોય તેને ઈચ્છામાત્રથી સિદ્ધ કરી શકે.'**

**જે વળી કહેવાયું=કેવલજ્ઞાનમાં કેવલદર્શન અંતર્ભાવ પામે છે માટે કેવલજ્ઞાનથી કેવલદર્શન પૃથક્ નથી એ પ્રમાણે જે વળી પૂર્વપક્ષી દ્વારા કહેવાયું, એ પણ સમીચીન નથી. કેમ સમીચીન નથી ? તેમાં હેતુ કહે છે. જેમ મતિ આદિ ચાર જ્ઞાનોનો ક્ષયોપશમ અવિશેષ હોવા છતાં પણ જીવ સ્વભાવથી જ તે ચારેયના એકસાથે અપ્રાદુર્ભાવનો અવિરોધ છે. તેમ જીવસ્વભાવથી જ કેવલજ્ઞાનાવરણ અને કેવલદર્શનાવરણના ક્ષયમાં પણ સતત તે બેના અપ્રાદુર્ભાવનો અવિરોધ છે. ।।૧૩૫૪।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૩૫૨માં કેવલજ્ઞાન, કેવલદર્શનના અભેદવાદીનો મત બતાવ્યો. તેને સિદ્ધાંતવાદી કહે છે — તારા મત પ્રમાણે કેવલજ્ઞાનાવરણ અને કેવલદર્શનાવરણ કર્મનો જે વિગમ થાય છે તે બંને દેશવિગમન સ્વરૂપ છે એમ માનવું પડે; કેમ કે પદાર્થ સામાન્ય વિશેષ સ્વરૂપ છે. તેમાં સામાન્યના બોધનું આવરણ કેવલદર્શન છે અને વિશેષ બોધનું આવરણ કેવલજ્ઞાન છે એમ તારા મતે પ્રાપ્ત થાય. તેથી દેશ એવા જ્ઞાનાવરણીય કર્મનો નાશ અને દેશ એવા દર્શનાવરણીય કર્મનો નાશ થવાથી પૂર્ણ વસ્તુના જ્ઞાન સ્વરૂપ કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે અને કેવલદર્શન થતું નથી અર્થાત્ કેવલજ્ઞાનમાં જ તેનો અંતર્ભાવ થાય છે. આ પ્રકારે જે પૂર્વપક્ષી સ્વીકારે છે તે તેના પોતાના અભિપ્રાય માત્રથી છે એમ સ્વીકારવામાં કોઈ યુક્તિ નથી. વળી પૂર્વપક્ષી કેવલજ્ઞાનમાં કેવલદર્શનનો અંતર્ભાવ ઇચ્છે છે એ પ્રમાણે જે પૂર્વમાં કહેવાયું તે પણ સમીચીન નથી. કેમ ઉચિત નથી ? તે સ્પષ્ટ કરતાં સિદ્ધાંતવાદી કહે છે — જેમ છદ્મસ્થ જીવોને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન થાય છે. તે સર્વ ક્ષયોપશમ સ્વરૂપ છે. તેથી તે ચારેય જ્ઞાનોમાં ક્ષયોપશમભાવ સમાન છે, છતાં તે ચારેયનો એક સાથે અપ્રાદુર્ભાવનો અવિરોધ છે અર્થાત્ એક સાથે પ્રાદુર્ભાવ પામતા નથી; કેમ કે પૃથક્ રૂપે પ્રાદુર્ભાવ પ્રતીત થાય છે તેમ કેવલજ્ઞાનાવરણનો અને કેવલદર્શનાવરણનો ક્ષય થવા છતાં પણ સતત તે બંનેના અપ્રાદુર્ભાવનો અવિરોધ છે માટે કેવલજ્ઞાન અને કેવલદર્શનનો ક્રમિક ઉપયોગ સ્વીકારવો ઉચિત છે. **।।૧૩૫૪।।**

**અવતરણિકા :-**

**अथोच्येत** 'दव्वतो णं केवलनाणी सव्वदव्वाइं जाणइ पासइ' **इत्यादि सूत्रं केवलज्ञानदर्शनाभेदपरं, केवलज्ञानिन एव सतो ज्ञानदर्शनयोरभेदेन विषयनिर्देशात्, सूत्रं च युष्माकमपि प्रमाणं, तत्कथमत्र विप्रतिपद्यत इति, तत्राह—**

**અવતરણિકાર્થ :-**

**કેવલજ્ઞાન, કેવલદર્શનનો અભેદ સ્વીકારનાર પૂર્વપક્ષી 'अथ'થી કહે છે. ઉત્તર અપાય છે.** "દ્રવ્યથી કેવલજ્ઞાની સર્વ દ્રવ્યો જાણે છે અને જુવે છે" **ઈત્યાદિ સૂત્ર કેવલજ્ઞાન, કેવલદર્શનના અભેદને બતાવનાર છે; કેમ કે કેવલજ્ઞાની જ છતા જ્ઞાનદર્શનના અભેદથી વિષયનો નિર્દેશ છે=ઉદ્ધરણના સૂત્રમાં જ્ઞાનદર્શનના અભેદથી વિષયનો નિર્દેશ છે, અને સૂત્ર તમને પણ પ્રમાણ છે=સિદ્ધાંતવાદીને પણ પ્રમાણ છે, તે કારણથી કેવી રીતે અહીં=કેવલજ્ઞાનકેવલદર્શનના અભેદમાં, વિપરીત સ્વીકાર કરાય છે. ત્યાં, સિદ્ધાંતવાદી કહે છે —**

**ગાથા :-**

**भण्णति जहोहिणाणी जाणति पासति य भासियं सुत्ते ।**
**ण य णाम ओहिदंसणणाणेगत्तं तह इमं पि ।।१३५५।।**

**છાયા :-**

**भण्यते यथाऽवधिज्ञानी जानाति पश्यति च भाषितं सूत्रे ।**
**न च नामाऽवधिदर्शनज्ञानैकत्वं तथा इदमपि ।।१३५५।।**

**ગાથાર્થ :-**

**ઉત્તર આપે છે — જે પ્રમાણે અવધિજ્ઞાની જાણે છે અને જુવે છે, એમ સૂત્રમાં કહેવાયું છે અને અવધિદર્શન અને અવધિજ્ઞાનનું એકત્વ નથી. તે પ્રમાણે આ પણ છે=કેવલજ્ઞાન અને કેવલદર્શનનું એકત્વ નથી. ।।૧૩૫૫।।**

**ટીકા :-**

**'भण्यते' अत्रोत्तरं दीयते-यथा अवधिज्ञानी जानाति पश्यति चेति सूत्रे भणितम्, यदुक्तम्—** 'दव्वओ णं ओहिणाणी उक्कोसेणं सव्वाइं रूविदव्वाइं जाणइ पासइ' **इत्यादि, न च तथा सूत्रे भणनेऽपि नामावधिज्ञानावधिदर्शनयोरेकत्वं, तथा इहापि केवलज्ञानकेवलदर्शनयोरेकत्वं सूत्रवशादासज्यमानं न भविष्यति, सूत्रस्य सामान्यतः प्रवृत्तेः । अपि च, जानाति पश्यति चेति नैतौ द्वावपि शब्दावेकार्थौ, नापि तत्र सूत्रे एकार्थिकवक्तव्यताधिकारः, किं तु सामान्यविशेषविषयावगमाभिधानपरौ ।।१३५५।।**

**ટીકાર્થ :-**

**'भण्यते' ..... भिधानपरौ ।। ઉત્તર અપાય છે=પૂર્વપક્ષીના કથનમાં સિદ્ધાંતવાદી વડે ઉત્તર અપાય છે – 'જે પ્રમાણે અવધિજ્ઞાની જાણે છે અને જુવે છે', એ પ્રમાણે સૂત્રમાં કહેવાયું છે.** "દ્રવ્યથી અવધિજ્ઞાની ઉત્કર્ષથી સર્વ રૂપી દ્રવ્યોને જાણે છે અને જુવે છે" **ઇત્યાદિ જે કહેવાયું છે, અને તે રીતે=અવધિજ્ઞાનના સૂત્રનું ઉદ્ધરણ આપ્યું તે રીતે, સૂત્રના કથનમાં પણ અવધિજ્ઞાન અને અવધિદર્શનનું એકત્વ નથી, તે પ્રમાણે અહીં પણ=કેવલજ્ઞાનમાં પણ, કેવલજ્ઞાનકેવલદર્શનનું સૂત્રના વશથી એકત્વ આસંજન કરાતું=પૂર્વપક્ષી દ્વારા સૂત્રના વશથી કેવલજ્ઞાનકેવલદર્શનનું એકત્વ આપાદન કરાતું, થશે નહીં=પ્રાપ્ત થશે નહીં; કેમ કે સૂત્રની સામાન્યથી પ્રવૃત્તિ છે=અવધિજ્ઞાની ઉત્કૃષ્ટથી સર્વ રૂપી દ્રવ્યોને જાણે છે અને જુવે છે એ પ્રકારનું કથન સામાન્યથી કરાયું છે પરંતુ અવધિજ્ઞાનમાં અવધિદર્શનનો અભેદ બતાવાયો નથી. અને વળી 'જાણે છે અને જુવે છે', એ બે શબ્દો પણ એકાર્થવાચી નથી. વળી તે સૂત્રમાં=કેવલજ્ઞાની સર્વદ્રવ્યને 'જાણે છે અને જુવે છે' એ પ્રકારના કહેનારા સૂત્રમાં, એકાર્થિક વક્તવ્યતાનો અધિકાર નથી='જાણે છે અને જુવે છે' એ બંને એકાર્થિક છે એ પ્રકારની વક્તવ્યતાનો અધિકાર નથી પરંતુ સામાન્ય વિષય અને વિશેષ વિષયના બોધના કહેવામાં તત્પર છે. ।।૧૩૫૫।।**

**ભાવાર્થ :-**

કેવળજ્ઞાન અને કેવળદર્શનનો એકસાથે ઉપયોગ છે કે ક્રમસર ઉપયોગ પ્રવર્તે છે ? ઇત્યાદિ વિષયક ત્રણ મતો પ્રવર્તે છે. તેમાં વાદી તરીકે પૂ.આ.શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિનો મત છે, સિદ્ધાંતવાદી તરીકે પૂ.શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો મત છે અને કેવળજ્ઞાન-કેવળદર્શનના અભેદવાદી પૂ.શ્રી મલ્લવાદીસૂરિનો મત છે. આ ત્રણેય આચાર્યો સર્વજ્ઞના વચનને પ્રમાણભૂત માનનારા છે, સર્વજ્ઞના વચનોને અન્ય શાસ્ત્રોની યુક્તિથી યોજીને પોતાને મધ્યસ્થતાથી જે અર્થ જણાય છે તેનું સ્થાપન કરે છે. તેથી સિદ્ધાંતના પરમાર્થને જાણવામાં મૂઢમતિથી કોઈ અર્થ સ્વીકારતા નથી પરંતુ મધ્યસ્થતાપૂર્વક શાસ્ત્રોના પરમાર્થને યોજન કરવા યત્ન કરે છે. આ રીતે શાસ્ત્રોના પરમાર્થનું મધ્યસ્થતાપૂર્વક યોજન કરવાથી સમ્યક્ત્વ નિર્મળ થાય છે.

તેમાં સિદ્ધાંતવાદી પૂ.શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ જિનવચન અને શાસ્ત્ર અનુસાર કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ક્રમિક ઉપયોગ સ્વીકારે છે. વાદી એવા પૂ.આ.શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ દ્રવ્ય અને પર્યાયદ્વયને ક્રમ વગર એક કેવલથી જાણે છે તે બતાવવા માટે શાસ્ત્રમાં કેવળજ્ઞાન, કેવળદર્શન બતાવે છે એમ કહે છે. વળી, કેવળજ્ઞાન અને કેવળદર્શનના અભેદને કહેનારા મહાત્મા પૂ.શ્રી મલ્લવાદીસૂરિ કેવળજ્ઞાનના ઉપયોગમાં જ કેવળદર્શનના ઉપયોગનો અંતર્ભાવ કરે છે અને તેનું સમર્થન ગાથા-૧૩૫૨માં કર્યું. તેનું નિરાકરણ કરતા સિદ્ધાંતવાદી જે પ્રમાણે 'અવધિજ્ઞાની અવધિજ્ઞાન દ્વારા જાણે છે અને અવધિદર્શન દ્વારા જુએ છે' એ પ્રમાણે સૂત્રમાં કહેવાયું છે. તેથી અવધિજ્ઞાન અને અવધિદર્શન એક નથી પરંતુ પૃથગ્ભૂત છે તેમ કેવળજ્ઞાનકેવળદર્શનનું પણ પૃથક્પણું સ્વીકારવું જોઈએ; કેમ કે સૂત્રમાં દર્શનના ચાર ઉપયોગો કહેવાયા છે તેમાં જેમ અવધિદર્શનનો ઉપયોગ કહેવાયો છે તેમ કેવલદર્શનનો ઉપયોગ પણ બતાવાયો છે. તેથી જેમ

અવધિજ્ઞાનથી અવધિદર્શનને પૃથક્ સ્વીકારાય છે તેમ કેવળજ્ઞાનથી કેવળદર્શનને પણ પૃથક્ સ્વીકારવું જોઈએ તો જ ચક્ષુ આદિ ચાર દર્શનને સ્વીકારનાર શાસ્ત્ર સંગત થાય. **॥૧૩૫૫॥**

**અવતરણિકા :-**

**ततश्च—**

**અવતરણિકાર્થ :-**

**અને તેથી=જ્ઞાન-દર્શન એકાર્થવાચી નથી એમ સિદ્ધાંતવાદીએ પૂર્વપક્ષીને કહ્યું તેથી, શું પ્રાપ્ત થાય ? તે સિદ્ધાંતવાદી કહે છે –**

**ગાથા :-**

**जह पासइ तह पासउ पासति सो जेण दंसणं तं से ।**
**जाणति य जेण अरहा तं से णाणन्ति णेतव्वं ।।१३५६।।**

**છાયા :-**

**यथा पश्यति तथा पश्यतु स येन दर्शनं तत्तस्य ।**
**जानाति च येनार्हन् तत्तस्य ज्ञानमिति ज्ञातव्यम् ।।१३५६।।**

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે જુવે છે, તે પ્રમાણે જુઓ. તે=અરિહંત, જે પ્રકારથી જુવે છે તે તેમનું દર્શન છે અને અરિહંત જે પ્રકારથી જાણે છે તે તેમનું=અરિહંતનું, જ્ઞાન છે એ પ્રમાણે જાણવું. ।।૧૩૫૬।।**

**ટીકા :-**

**यथा—येन प्रकारेण ज्ञानादभेदेन भेदेन वा पश्यति तथा पश्यतु, एतावत्तु वयं ब्रूमो-येन सामान्यावगमाकारेणार्हन् पश्यति तत् दर्शनमिति ज्ञातव्यं, येन पुनर्विशेषावगमनिबन्धनेनाकारेण जानाति तत् 'से' तस्य अर्हतो ज्ञानमिति । न च युगपदुपयोगद्वयम्, अनेकशः सूत्रे निषेधनात्, ततः सिद्धं क्रमेण भगवतो ज्ञानं दर्शनं चेति ।।१३५६।।**

**ટીકાર્થ :-**

यथा- ..... चेति ।। **જે પ્રમાણે જ્ઞાનથી અભેદરૂપે અથવા ભેદરૂપે જુવે છે, તે પ્રમાણે જુઓ. વળી એટલું જ અમે કહીએ છીએ=સિદ્ધાંતવાદી કહે છે – જે સામાન્ય અવગમ આકારથી અરિહંત જુવે છે, તે દર્શન એ પ્રમાણે જાણવું. વળી વિશેષ અવગમના કારણ એવા જે આકારથી જાણે છે, તે તેમનું=અરિહંતનું, જ્ઞાન છે અને યુગપદ્ ઉપયોગદ્વય નથી=એકસાથે બે ઉપયોગ નથી; કેમ કે સૂત્રમાં અનેક વખત નિષેધ છે. તેથી ભગવાનને ક્રમથી જ્ઞાન અને દર્શન સિદ્ધ છે. ।।૧૩૫૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી કેવલજ્ઞાનથી કેવલદર્શનનો અભેદ કરે છે અને કહે છે કે કેવલજ્ઞાનમાં જ કેવલદર્શનનો અંતર્ભાવ છે તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતવાદીએ સ્થાપન કર્યું કે 'જાણે છે અને જુવે છે' એ બે પ્રકારના શબ્દો એકાર્થવાચી નથી. તેથી કેવલી કેવલજ્ઞાનથી કેવલદર્શનને અભેદરૂપે જુવે છે કે ભેદરૂપે જુવે છે, જે હોય તે હો. અમે એટલું જ કહીએ છીએ કે સામાન્ય અવગમ આકારથી કેવલી જે જુવે છે, તે દર્શન છે અને વિશેષ અવગમ આકારથી જે જાણે છે, તે કેવલીનું જ્ઞાન છે. તેથી કેવલીનું જ્ઞાન અને દર્શન બંને ભિન્ન પ્રકારના બોધ સ્વરૂપ છે, તેમ સિદ્ધ થાય છે અને શાસ્ત્રમાં એક સમયમાં બે ઉપયોગનો નિષેધ છે. તેથી સિદ્ધ થાય છે કે 'કેવલીને ક્રમસર જ્ઞાન, દર્શન વર્તે છે.' આ પ્રકારે સિદ્ધાંતવાદી પોતાના મતનું સમર્થન કરે છે. **॥૧૩૫૬॥**

**અવતરણિકા :-**

एतदेव सूत्रेण दर्शयति–

**અવતરણિકાર્થ :-**

**આને જ=કેવલીને કેવલજ્ઞાન અને કેવલદર્શન ક્રમસર છે એને જ, સૂત્રથી બતાવે છે –**

**ગાથા :-**

**णाणम्मि दंसणम्मि य एत्तो एगयरयम्मि उवउत्तो ।**
**सव्वस्स केवलिस्सवि जुगवं दो णत्थि उवयोगा ।।१३५७।।**

**છાયા :-**

**ज्ञाने दर्शने च(वा) अनयोरेकतरस्मिन्नुपयुक्तः ।**
**सर्वस्य केवलिनोऽपि युगपद् द्वौ नास्ति उपयोगौ ।।१३५७।।**

**ગાથાર્થ :-**

**જ્ઞાનમાં અથવા દર્શનમાં આ બેના એકતરમાં ઉપયુક્ત છે. સર્વ કેવલીને પણ યુગપદ્ બે ઉપયોગો નથી. ।।૧૩૫૭।।**

**ટીકા :-**

**ज्ञाने तथा दर्शने, वाशब्दो विकल्पार्थः, अनयोरेकतरस्मिन् कस्मिंश्चिदुपयुक्तो, न तु द्वयोः, यतः सर्वस्य केवलिनो युगपत् द्वावुपयोगौ न स्त इति ।।१३५७।।**

**ટીકાર્થ :-**

**ज्ञाने ..... इति ।। 'वा' શબ્દ વિકલ્પાર્થવાળો છે. જ્ઞાનમાં અને દર્શનમાં, આ બંનેના કોઈક એકતરમાં ઉપયુક્ત છે પરંતુ બેમાં નહીં. જે કારણથી સર્વ કેવલીને યુગપદ્ બે ઉપયોગ નથી. ।।૧૩૫૭।।**

**ભાવાર્થ :-**

કેવલીને ક્રમસર જ્ઞાન, દર્શનનો ઉપયોગ છે તે બતાવતાં સિદ્ધાંતવાદી કહે છે. કેવલજ્ઞાન અથવા કેવલદર્શનમાંથી કોઈ એકમાં કેવલી ઉપયુક્ત હોય છે; કેમ કે સર્વ કેવલીને પણ એકસાથે બે ઉપયોગ નથી માટે કેવલીને ક્રમસર જ્ઞાન અને દર્શનનો ઉપયોગ છે તેમ સ્વીકારવું જોઈએ. **॥૧૩૫૭॥**

**અવતરણિકા :-**

**अपि च—**

**અવતરણિકાર્થ :-**

**અને વળી, સિદ્ધાંતવાદી કહે છે —**

**ગાથા :-**

**उवयोगो एगतरो पणुवीसतिमे सते सिणातस्स ।**
**भणितो वियडत्थो च्चिय छट्ठुद्देसे विसेसेउं ।।१३५८।।**

**છાયા :-**

उपयोग एकतरः पञ्चविंशतितमे शते स्नातकस्य ।
भणितो विकटार्थ एव षष्ठोद्देशे विशेष्य ।।१३५८।।

**ગાથાર્થ :-**

**પચ્ચીસમા શતકમાં છટ્ઠા ઉદ્દેશમાં સ્નાતકને વિશેષથી એકતર ઉપયોગ પ્રગટ અર્થવાળો જ કહેવાયો છે. ॥૧૩૫૮॥**

**ટીકા :-**

**भगवत्याः पञ्चविंशतितमे शते अध्ययनापरपर्याये षष्ठोद्देशे स्नातकस्य-केवलिनो विशेष्य विशेषतः प्रकटार्थ एव एकतर उपयोगो भणितस्तत्कथमेवमागमार्थमुपलभ्यात्मानमन्यथा विप्रलभेमहीति ।।१३५८।।**

**ટીકાર્થ :-**

भगवत्याः ..... विप्रलभेमहीति ।। **ભગવતીના અધ્યયન અપરપર્યાયવાળા પચ્ચીસમા શતકમાં છટ્ઠા ઉદ્દેશમાં સ્નાતક એવા કેવલીને વિશેષ કરીને=વિશેષથી, પ્રકટ અર્થવાળો જ એકતર ઉપયોગ કહેવાયો છે. તેથી કેવી રીતે આ પ્રકારના આગમ અર્થને પ્રાપ્ત કરીને અન્યથા=અન્ય પ્રકારે, અમે આત્માને ઠગીએ ? ॥૧૩૫૮॥**

**ભાવાર્થ :-**

સિદ્ધાંતવાદીએ 'કેવલજ્ઞાન, કેવલદર્શનનો ઉપયોગ ક્રમસર છે', તેમ પૂર્વની ગાથામાં સ્થાપન કર્યું. હવે ભગવતીના વચનથી તેને દૃઢ કરવા અર્થે કહે છે. ભગવતીના પચ્ચીસમા અધ્યયનમાં છટ્ઠા ઉદ્દેશમાં કેવલીને કેવલજ્ઞાન, કેવલદર્શનનો ઉપયોગ ક્રમસર હોય છે તેમ વિશેષથી પ્રગટ અર્થમાં કહેલ છે. તેથી આગમ અર્થને પામીને અમે યુક્તિના બળથી અન્ય પ્રકારનો અર્થ કરીને આત્માને કેવી રીતે ઠગીએ ? અર્થાત્ આગમને જ અમે પ્રમાણ સ્વીકારીએ છીએ માટે અતીન્દ્રિય એવા કેવલીના ઉપયોગનો કઈ રીતે સ્વીકાર કરવો જોઈએ તેમાં અમને આગમવચન જ પ્રમાણ છે. **॥૧૩૫૮॥**

**અવતરણિકા :-**

**सांप्रतं सिद्धान्तवाद्येव जिनभद्रगणिक्षमाश्रमण आत्मनोऽनुद्धतत्वमागमभक्तिपरं ख्यापयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**હવે સિદ્ધાંતવાદી જ એવા જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ પોતાના આગમની ભક્તિમાં તત્પર એવું અનુદ્ધતપણું બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**कस्स व णाणुमतमिणं जिणस्स जति होज्ज दो वि उवयोगा ।**
**णूणं ण होंति दोण्णी जतो णिसिद्धा सुते बहुसो ।।१३५९।।**

**છાયા :-**

कस्य वा नानुमतमिदं जिनस्य यदि भवेतां द्वावप्युपयोगी ।
नूनं न भवतो द्वौ यतो निषिद्धौ श्रुते बहुशः ।।१३५९।।

**ગાથાર્થ :-**

**જો જિનને બંને પણ ઉપયોગ હોય તો કોને જ અનુમત ન હોય ? ખરેખર બે ઉપયોગ નથી. જે કારણથી શ્રુતમાં અનેક વખત નિષેધ કરાયા છે=બે ઉપયોગો નિષેધ કરાયા છે. ॥૧૩૫૯॥**

**ટીકા :-**

निगदसिद्धम् ।।१३५९।।

**ટીકાર્થ :-**

**કથનથી સિદ્ધ છે=ગાથામાં કરેલ કથનથી સિદ્ધ છે. ॥૧૩૫૯॥**

**ભાવાર્થ :-**

સિદ્ધાંતવાદી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ કહે છે કે 'કેવલજ્ઞાનાવરણ અને કેવલદર્શનાવરણનો જિનને

એકસાથે ક્ષય થયો છે અને તે ક્ષય સદા અવસ્થિત છે. તેથી જિનને કેવલજ્ઞાન અને કેવલદર્શનનો સાથે ઉપયોગ છે. એમ સ્થૂલથી જોનારને જણાય પરંતુ શાસ્ત્રમાં એકસાથે બે ઉપયોગનો નિષેધ કર્યો છે તેથી જ અમે ક્રમસર કેવલજ્ઞાન અને કેવલદર્શનનો ઉપયોગ છે એમ કહીએ છીએ. જો એકસાથે બે ઉપયોગ કેવલીને છે એમ શાસ્ત્ર સ્વીકારતું હોય તો અમને તે સ્વીકારવામાં કોઈ વિરોધ નથી પરંતુ શાસ્ત્રમાં બે ઉપયોગનો અનેક વખત નિષેધ સંભળાય છે તેથી જ અમે કેવલીને ક્રમસર ઉપયોગ સ્વીકારીએ છીએ. **॥૧૩૫૯॥**

**અવતરણિકા :-**

अत्रापरश्चोदयन्नाह—

**અવતરણિકાર્થ :-**

**અહીં=પૂ.શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના સમાધાનમાં, અપર=વાદી સિદ્ધસેનદિવાકરસૂરિ, પ્રશ્ન કરતાં કહે છે –**

**ગાથા :-**

**जं दंसणणाणाइं सामन्नविसेसगहणरूवाइं ।**
**तेण ण सव्वण्णू सो णाया ण य सव्वदरिसी वि ।।१३६०।।**

**છાયા :-**

यद् दर्शनज्ञाने सामान्यविशेषग्रहणरूपे ।
तेन न सर्वज्ञः य न्यायाद् न च सर्वदर्शी अपि ।।१३६०।।

**ગાથાર્થ :-**

**જે કારણથી દર્શન, જ્ઞાન સામાન્ય, વિશેષ ગ્રહણરૂપ છે, તે કારણથી તે=કેવલી ભગવાન, ન્યાયથી=યુક્તિથી, સર્વજ્ઞ નથી અને સર્વદર્શી પણ નથી. ।।૧૩૬૦।।**

**ટીકા :-**

**यत्-यस्मात् दर्शनज्ञाने यथाक्रमं सामान्यविशेषग्रहणरूपे तेन कारणेन स-भगवान् न्यायात्-न्यायेन न सर्वज्ञो नापि सर्वदर्शी प्राप्नोति ।।१३६०।।**

**ટીકાર્થ :-**

यत्- ..... प्राप्नोति ।। **જે કારણથી દર્શન, જ્ઞાન યથાક્રમ સામાન્ય-વિશેષ ગ્રહણરૂપ છે, તે કારણથી તે ભગવાન ન્યાયથી=યુક્તિથી, સર્વજ્ઞ નથી. વળી સર્વદર્શી નથી, એમ પ્રાપ્ત થાય. ।।૧૩૬૦।।**

**અવતરણિકા :-**

**अथ कोऽसौ न्यायो यद्वशादसावसर्वज्ञोऽसर्वदर्शी च प्रसज्यत इति ? तमाह—**

**અવતરણિકાર્થ :-**

'अथ'થી સિદ્ધાંતવાદી કહે છે, કયો આ ન્યાય છે ? જેના વશથી આ=જિન, અસર્વજ્ઞ અસર્વદર્શી થાય ? એથી તેને=તે ન્યાયને, વાદી કહે છે –

**ગાથા :-**

समुदितमुभयं सव्वं अण्णतरेण णवि घेप्पति तयं च ।
भेदाभेदे वि मिहो एसो खलु होइ णातो त्ति ।।१३६१।।

**છાયા :-**

समुदितमुभयं सर्वमन्यतरेण नापि गृह्यते तच्च ।
भेदाभेदेऽपि मिथः एष खलु भवति न्याय इति ।।१३६१।।

**ગાથાર્થ :-**

**સમુદિત ઉભયરૂપ સર્વ વસ્તુ છે અને તે પરસ્પર ભેદાભેદરૂપ હોવા છતાં પણ અન્યતરથી= કેવલજ્ઞાન કેવલદર્શન અન્યતરથી, પણ ગ્રહણ થતું નથી. ખરેખર આ ન્યાય છે. ।।૧૩૬૧।।**

**ટીકા :-**

समुदितमुभयं-सामान्यविशेषलक्षणं सर्वं-समस्तं वस्तु, सकलमपि वस्तु सामान्यविशेषात्मकमित्यर्थः, तच्च समुदितमुभयं-सामान्यविशेषरूपं मिथः-परस्परं भेदाभेदेऽपि सति नान्यतरेण-ज्ञानेन दर्शनेन वा गृह्यते, अविषयत्वात् । न हि रूपरसादीनामन्योऽन्यं भेदाभेदेऽपि चक्षुराद्यन्यतमेन्द्रियोद्‌भवेनाध्यक्षेण सर्वेषां ग्रहो भवतीति । एष खलु भवति न्यायो ज्ञातव्य इति ।।१३६१।।

**ટીકાર્થ :-**

**समुदितमुभयं- ..... इति ।। સમુદિત ઉભય=સામાન્યવિશેષરૂપ, સર્વ સમસ્ત વસ્તુ=સકલ પણ વસ્તુ, સામાન્યવિશેષાત્મક છે અને તે સમુદિત ઉભય=સામાન્યવિશેષરૂપ, પરસ્પર ભેદાભેદ પણ હોતે છતે અન્યતર એવા જ્ઞાનથી અથવા દર્શનથી ગ્રહણ થતા નથી; કેમ કે અવિષયપણું છે=જ્ઞાનનું કે દર્શનનું પૂર્ણ વસ્તુ અવિષય છે. हि=જે કારણથી, રૂપ, રસાદિનો અન્યોન્ય ભેદાભેદ હોવા છતાં પણ ચક્ષુ આદિ અન્યતમ ઈન્દ્રિયથી ઉદ્‌ભવ એવા પ્રત્યક્ષથી સર્વનું ગ્રહણ થતું નથી. એ પ્રમાણે ખરેખર આ ન્યાય જ્ઞાતવ્ય થાય છે. ।।૧૩૬૧।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૩૫૯માં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે સ્થાપન કર્યું કે 'સૂત્રમાં બે ઉપયોગો નથી તેથી અમે કેવલીને કેવલજ્ઞાન, કેવલદર્શનનો ક્રમસર ઉપયોગ સ્વીકારીએ છીએ.' ત્યાં વાદી કહે છે, 'જો તમે કેવલી ભગવાનનો ક્રમસર ઉપયોગ સ્વીકારશો તો દૃષ્ટાંતથી કેવલીને અસર્વજ્ઞ, અસર્વદર્શી સ્વીકારવા પડશે' અને તે દૃષ્ટાંત

જ સ્પષ્ટ કરતાં કહે છે. જેમ પુદ્ગલમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ રહેલા છે, તેઓનો પરસ્પર ભેદાભેદ છે; કેમ કે 'જ્યાં રૂપ છે, ત્યાં જ રસાદિ છે.' તેથી અભેદ છે અને રૂપ કરતાં રસ વિલક્ષણ ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે અને વિલક્ષણ સ્વરૂપવાળું છે, તેથી ભેદ છે અને તે રૂપ, રસાદિનો પરસ્પર ભેદાભેદ હોવા છતાં પણ છદ્મસ્થ જીવને ચક્ષુ આદિ ચાર ઇન્દ્રિયોમાંથી કોઈ એક ઇન્દ્રિય પોતાનો વિષય ગ્રહણ કરે ત્યારે તે ઇન્દ્રિયોના વિષયભૂત રૂપાદિમાંથી અન્યનું ગ્રહણ થતું નથી. તેથી છદ્મસ્થનું તે જ્ઞાન રૂપાદિ ચારમાંથી કોઈ એકને ગ્રહણ કરે છે, તેથી તેનું તે જ્ઞાન એક દેશવિષયક છે, સંપૂર્ણ વસ્તુ વિષયક નથી. તેમ કેવલીના જ્ઞાનવિષયક પણ સમસ્ત વસ્તુ સામાન્ય વિશેષ રૂપ છે અને પરસ્પર ભેદાભેદ રૂપ છે અને કેવલી જ્ઞાનથી વિશેષને ગ્રહણ કરે છે સામાન્યને ગ્રહણ કરતા નથી અને દર્શનથી સામાન્યને ગ્રહણ કરે છે વિશેષને ગ્રહણ કરતા નથી. તેથી છદ્મસ્થની જેમ ચક્ષુ આદિ અન્યતમ ઇન્દ્રિયોથી એક દેશનું ગ્રહણ છે, રૂપાદિ ચારેયનું ગ્રહણ નથી. તેમ 'કેવલીને પણ ક્રમિક ઉપયોગ સ્વીકારવાને કારણે જ્ઞાનથી અથવા દર્શનથી વસ્તુના એકદેશનું ગ્રહણ છે, સમસ્ત વસ્તુનું ગ્રહણ નથી. તેથી કેવલીને અસર્વજ્ઞ, અસર્વદર્શી સ્વીકારવાની આપત્તિ ક્રમવાદીને પ્રાપ્ત થશે.' **॥૧૩૬૦-૧૩૬૧॥**

**અવતરણિકા :-**

**अत्राचार्य आह—**

**અવતરણિકાર્થ :-**

**આમાં=વાદીના કથનમાં, આચાર્ય=સિદ્ધાંતવાદી આચાર્યશ્રી, કહે છે –**

**ગાથા :-**

**सामन्नमिह कहंची णेयं अब्भंतरीकयविसेसं ।**
**ते वि इतरेण एवं उभयं पि ण जुज्जई इहरा ।।१३६२।।**

**છાયા :-**

**सामान्यमिह कथञ्चिद् ज्ञेयमभ्यंतरीकृतविशेषम् ।**
**तेऽपि इतरेण एवमुभयमपि न युज्यत इतरथा ।।१३६२।।**

**ગાથાર્થ :-**

**અહીં=જગતમાં, કથંચિત્ અભ્યંતરીકૃત વિશેષવાળું સામાન્ય જાણવું, તે પણ=વિશેષ પણ, ઈતરની સાથે આ રીતે છે=સામાન્યની સાથે અનુવિદ્ધ છે. ઈતરથા=ઉભયાત્મક વસ્તુ ન માનો તો, ઉભય પણ ઘટે નહીં. ।।૧૩૬૨।।**

**ટીકા :-**

**सामान्यमिह-जगति कथंचित्-स्याद्वादनीत्या ज्ञेयं-ज्ञातव्यमभ्यन्तरीकृतविशेषम् । समानपरिणामो**

हि सामान्यं, समानश्च परिणामोऽसमानपरिणामानुविद्धः, अन्यथैकत्वापत्तितः समानत्वस्यैवायोगात् । असमानपरिणामः प्रतिव्यक्ति नियतो विशेषः, तदुक्तम्—'असमानस्तु विशेष इति' । तेऽपि च विशेषा इतरेण-सामान्येन एवं-सामान्यं विशेषैरिवानुविद्धा द्रष्टव्याः । इतरथा-एवमनभ्युपगमे उभयमपि-उभयात्मकमपि वस्तु न युज्यते ।।१३६२।।

**ટીકાર્થ :-**

सामान्यमिह- ..... युज्यते ।। અહીં=જગતમાં, કથંચિત્=સ્યાદ્વાદની નીતિથી, સામાન્ય અભ્યંતરીકૃત વિશેષવાળું જાણવું. हि=જે કારણથી, સમાન પરિણામ સામાન્ય છે અને સમાન પરિણામ અસમાન પરિણામથી અનુવિદ્ધ છે; કેમ કે અન્યથા=સમાન પરિણામ અસમાન પરિણામથી અનુવિદ્ધ ન સ્વીકારવામાં આવે તો, એકત્વની પ્રાપ્તિ હોવાથી=સર્વ પદાર્થો સાથે એકત્વની પ્રાપ્તિ હોવાથી, સમાનત્વનો જ અયોગ છે. અસમાન પરિણામ પ્રતિવ્યક્તિમાં નિયત એવો વિશેષ છે. તે કહેવાયું છે, વળી અસમાન વિશેષ છે અને તે પણ વિશેષો ઇતરની સાથે=સામાન્યની સાથે, આ રીતે=વિશેષની સાથે સામાન્ય છે એની જેમ, અનુવિદ્ધ જાણવા. ઇતરથા=આ રીતે ન સ્વીકારવામાં આવે તો, ઉભય પણ=ઉભયાત્મક પણ વસ્તુ, ઘટે નહીં=સામાન્ય વિશેષાત્મક પણ વસ્તુ ઘટે નહીં. ।।૧૩૬૨।।

**અવતરણિકા :-**

ततः किमित्याह—

**અવતરણિકાર્થ :-**

તેનાથી શું ?=ગાથા-૧૩૬૨માં સ્થાપન કર્યું કે 'સામાન્ય વિશેષથી અનુવિદ્ધ છે અને વિશેષ સામાન્યથી અનુવિદ્ધ છે, તેનાથી શું પ્રાપ્ત થાય ?' એથી આચાર્યશ્રી=સિદ્ધાંતવાદી આચાર્યશ્રી, કહે છે —

**ગાથા :-**

एवं च उभयरूवे सिद्धे सव्वम्मि वत्थुजायम्मि ।
दंसणणाणे वि फुडं सिद्धे च्चिय सव्वविसए त्ति ।।१३६३।।

**છાયા :-**

एवं चोभयरूपे सिद्धे सर्वस्मिन् वस्तुजाते ।
दर्शनज्ञाने अपि स्फुटं सिद्धे एव सर्वविषये इति ।।१३६३।।

**ગાથાર્થ :-**

**અને આ રીતે=ગાથા-૧૩૬૨માં કહ્યું એ રીતે, ઉભયરૂપ સર્વ વસ્તુ સિદ્ધ થયે છતે દર્શન અને જ્ઞાન પણ=કેવલદર્શન અને કેવલજ્ઞાન પણ, સ્પષ્ટ સર્વવિષયવાળું સિદ્ધ જ છે. ।।૧૩૬૩।।**

टीst :-

एवं च-उक्तप्रकारेण परस्पराभ्यन्तरीकृतत्वलक्षणेन उभयरूपे-सामान्यविशेषरूपे सर्वस्मिन् वस्तुजाते सिद्धे सति दर्शनज्ञाने अपि स्फुटं सिद्धे एव सर्वविषये, तथाहि—त एव सर्वे पदार्था दर्शनेन ज्ञानेन च यथाक्रमं समविषमतया संप्रज्ञायन्त इति ।।१३६३।।

ટીકાર્થ :-

एवं च- ..... इति ।। અને આ રીતે=પરસ્પર અભ્યંતરીકૃતત્વ સ્વરૂપ ઉક્ત પ્રકારથી, ઉભય રૂપ= સામાન્ય વિશેષરૂપ, સર્વ વસ્તુનો સમૂહ સિદ્ધ થયે છતે દર્શન અને જ્ઞાન પણ સ્પષ્ટ સર્વ વિષયવાળા સિદ્ધ જ થાય છે. તે આ પ્રમાણે, તે જ સર્વ પદાર્થો દર્શનથી અને જ્ઞાનથી યથાક્રમ સમવિષમપણાથી જણાય છે. ।।૧૩૬૩।।

અવતરણિકા :-

इमामेव सर्वविषयतामनयोर्भावयति—

અવતરણિકાર્થ :-

આ બેની=કેવલજ્ઞાન અને કેવલદર્શનની, આ જ સર્વવિષયતાને=ગાથા-૧૩૬૩માં કહી એ જ સર્વવિષયતાને, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે.

ગાથા :-

जं एत्थ णिव्विसेसं गहो विसेसाण दंसणं होति ।
सविसेसं पुण णाणं ता सयलत्थे तओ दो वि ।।१३६४।।

છાયા :-

यदत्र निर्विशेषं ग्रहो विशेषाणां दर्शनं भवति ।
सविशेषं पुनर्ज्ञानं तस्मात् सकलार्थे तके द्वे अपि ।।१३६४।।

ગાથાર્થ :-

જે કારણથી અહીં વિશેષોનું નિર્વિશેષ ગ્રહણ દર્શન છે. વળી, સવિશેષ ગ્રહણ જ્ઞાન છે, તે કારણથી તે=કેવલજ્ઞાન અને કેવલદર્શન, બંને પણ સકલાર્થ વિષયવાળા છે. ।।૧૩૬૪।।

ટીકા :-

यत्-यस्मादत्र विशेषाणां-घटादीनां निर्विशेषं-विशेषरूपतापरिहारेण सामान्याकारेणेतियावत् ग्रहो दर्शनं भवति । सविशेषं पुनः सामान्याकारमुत्सृज्य विशेषरूपतया पुनस्तेषामेव घटादिविशेषाणां ग्रहो ज्ञानम् । 'ता' तस्मात्तके द्वे अपि ज्ञानदर्शने सकलार्थे सिद्धे इति ।।१३६४।।

**ટીકાર્થ :-**

**यत्- ..... इति ।। જે કારણથી અહીં=પદાર્થના વિષયમાં, વિશેષ એવા ઘટાદિના નિર્વિશેષનો=વિશેષરૂપતાના પરિહાર રૂપ સામાન્ય આકારથી, ગ્રહ અર્થાત્ ગ્રહણ, દર્શન છે. વળી સવિશેષ=સામાન્ય આકારનો ત્યાગ કરીને વિશેષરૂપપણાથી, ફરી તે જ ઘટાદિ વિશેષોનું ગ્રહણ જ્ઞાન છે. તે કારણથી તે બંને પણ=જ્ઞાન અને દર્શન પણ, સકલ અર્થવાળા સિદ્ધ છે. ।।૧૩૬૪।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સિદ્ધસેનદિવાકરસૂરિએ યુક્તિથી કહ્યું કે 'ક્રમિક ઉપયોગમાં કેવલજ્ઞાન, કેવલદર્શન અસર્વ વિષયવાળું પ્રાપ્ત થશે.' તેના નિરાકરણ અર્થે સિદ્ધાંતવાદી આચાર્યશ્રી કહે છે – જગતમાં સ્યાદ્વાદીની દૃષ્ટિથી જે કંઈ સામાન્ય છે તે વિશેષથી અનુવિદ્ધ છે અને જે કંઈ વિશેષ છે તે સામાન્યથી અનુવિદ્ધ છે. જેમ જે કોઈ વૃક્ષો છે તે વૃક્ષસામાન્યથી અનુવિદ્ધ છે અને જે કોઈ આંબો, લીમડો આદિ વૃક્ષવિશેષો છે તે સર્વ વૃક્ષો વૃક્ષ સામાન્યથી અનુવિદ્ધ છે. તેમ જગતવર્તી સર્વ પદાર્થો સામાન્યવિશેષથી અનુવિદ્ધ છે અને કેવલી કેવલજ્ઞાનથી સર્વ વિશેષને જાણે છે તે સર્વ વિશેષ પણ સામાન્યથી અનુવિદ્ધ છે અને કેવલી કેવલદર્શનથી જે સર્વ સામાન્યને જુવે છે તે સામાન્ય પણ વિશેષથી અનુવિદ્ધ છે. તેથી કેવલજ્ઞાનનો વિષય પણ સર્વ વસ્તુ છે અને કેવલદર્શનનો વિષય પણ સર્વ વસ્તુ છે માટે ક્રમસર ઉપયોગ સ્વીકારવામાં પણ કેવલજ્ઞાનની અને કેવલદર્શનની સર્વવિષયતા સંગત થાય છે. **।।૧૩૬૨થી ૧૩૬૪।।**

**અવતરણિકા :-**

**अत्र पर आह—**

**અવતરણિકાર્થ :-**

**અહીં=સિદ્ધાંતવાદીએ કેવલજ્ઞાન, કેવલદર્શન ક્રમસર હોવા છતાં સકલાર્થ વિષયવાળું છે એમ યુક્તિથી બતાવ્યું એમાં, પર=વાદી, કહે છે –**

**ગાથા :-**

**समताधम्मविसिट्ठं घेप्पति जं दंसणेण सव्वं तु ।**
**ण तु विसमताए ता कह सयलत्थमिणं ति वत्तव्वं ? ।।१३६५।।**

**છાયા :-**

**समताधर्मविशिष्टं गृह्यते यद् दर्शनेन सर्वं तु ।**
**न तु विषमतया तस्मात् कथं सकलार्थमिदमिति वक्तव्यम् ।।१३६५।।**

**ગાથાર્થ :-**

**જે કારણથી સમતાધર્મવિશિષ્ટ સર્વ વસ્તુ દર્શન વડે ગ્રહણ કરાય છે પરંતુ વિષમતાથી નહિ. તે કારણથી આ=કેવલદર્શન, સકલાર્થ વિષયવાળું છે એ પ્રમાણે કેવી રીતે વક્તવ્ય થાય ? ।।૧૩૬૫।।**

**ટીકા :-**

ननु यत्-यस्मात् दर्शनेन समताधर्मविशिष्टं सर्वं वस्तु गृह्यते, नतु विषमतया विशिष्टं, 'ता' तस्मात्कथमिदं दर्शनं सकलार्थविषयमिति वक्तव्यम्? ।।१३६५।।

**ટીકાર્થ :-**

ननु यत्- ..... वक्तव्यम्? ।। ખરેખર જે કારણથી દર્શન વડે=કેવલદર્શન વડે, સમતાધર્મથી વિશિષ્ટ સર્વ વસ્તુ ગ્રહણ કરાય છે પરંતુ વિષમતાથી વિશિષ્ટ સર્વ વસ્તુ ગ્રહણ કરાતી નથી, તેથી આ=કેવલદર્શન, સકલાર્થ વિષયવાળું છે. એ કેવી રીતે વક્તવ્ય થાય ? અર્થાત્ થાય નહીં. ।।૧૩૬૫।।

**ગાથા :-**

एवं विवज्जासेणं णाणस्स वि असयलत्थया णेया ।
उभयग्गहणे (य) दोण्ह वि अविसेसो पावती णियमा ।।१३६६।।

**છાયા :-**

एवं विपर्यासेन ज्ञानस्यापि असकलार्थता ज्ञेया ।
उभयग्रहणे (च) द्वयोरपि अविशेषः प्राप्नोति नियमात् ।।१३६६।।

**ગાથાર્થ :-**

**આ રીતે વિપર્યાસને કારણે જ્ઞાનની પણ અસકલાર્થવિષયતા જાણવી. બંનેનું પણ ઉભય ગ્રહણ હોતે છતે નિયમથી અવિશેષ પ્રાપ્ત થાય. ।।૧૩૬૬।।**

**ટીકા :-**

एवं-दर्शनस्येव ज्ञानस्यापि विपर्यासेनासकलार्थता ज्ञेया, यथा ज्ञानेन विषमताधर्मविशिष्टं सर्वं वस्तु गृह्यते, न समताविशिष्टं, तत्कथमिदं ज्ञानं सकलार्थविषयमिति । अथैतद्दोषभयादेवमिष्येत यदुत-ज्ञानेनापि सामान्यविशेषात्मकतया सर्वं वस्तु गृह्यते तथा दर्शनेनापीति तत्राह—उभयग्रहणे-सामान्यविशेषग्रहणे द्वयोरपि-ज्ञानदर्शनयोरभ्युपगम्यमाने सति नियमात्तयोरविशेषः प्राप्नोति । परिच्छेद्यकृतो हि विशेषः सोऽपि चेदानीमपगत इति कथमनयोः परस्परं विशेषः? ।।१३६६।।

**ટીકાર્થ :-**

एवं- ..... विशेषः ?।। આ રીતે=દર્શનની જેમ જ્ઞાનનો પણ વિપર્યાસ હોવાથી=વિષમપણાથી જ માત્ર ગ્રહણરૂપ વિપર્યાસ હોવાથી, અસકલાર્થતા જાણવી. 'જે પ્રમાણે જ્ઞાન વડે વિષમતા ધર્મથી વિશિષ્ટ સર્વ વસ્તુ ગ્રહણ કરાય છે સમતાવિશિષ્ટ નહીં, તે કારણથી આ જ્ઞાન=કેવલજ્ઞાન, સકલાર્થ વિષયવાળું કેવી રીતે થાય ? અર્થાત્ થાય નહીં.' હવે આ દોષના ભયથી=વાદીએ સિદ્ધાંતવાદીને

**'કેવલજ્ઞાન અને કેવલદર્શન અસકલાર્થ વિષયવાળું છે.' એ પ્રકારનો દોષ આપ્યો તેના ભયથી, આ પ્રમાણે ઈચ્છાય છે=સિદ્ધાંતવાદી વડે ઈચ્છાય છે. શું ઈચ્છાય છે ? તે 'यदुत'થી બતાવે છે. જ્ઞાનથી પણ સામાન્યવિશેષાત્મકપણારૂપે સર્વ વસ્તુ ગ્રહણ કરાય છે, તે પ્રમાણે દર્શનથી પણ સામાન્ય-વિશેષાત્મકપણારૂપે સર્વ વસ્તુ ગ્રહણ કરાય છે. ત્યાં=આ પ્રકારના સિદ્ધાંતવાદીના સમાધાનમાં, વાદી કહે છે. ઉભય ગ્રહણમાં=સામાન્યવિશેષના ગ્રહણમાં, બંનેનો પણ=જ્ઞાન અને દર્શન બંનેનો પણ, સ્વીકાર કરાયે છતે નિયમથી તે બેનો અવિશેષ પ્રાપ્ત થાય. हि=જે કારણથી, પરિચ્છેદ્યકૃત વિશેષ છે=જ્ઞાનથી પરિચ્છેદ્ય અને દર્શનથી પરિચ્છેદ્ય એવા વિષયકૃત તે બેનો ભેદ છે, અને તે પણ= જ્ઞાન અને દર્શનમાં પરિચ્છેદ્યકૃત ભેદ છે તે પણ, હવે દૂર થયો=તમે સ્વીકાર્યું એ પ્રમાણે દૂર થયો. એથી કેવી રીતે આ બેનો=કેવલજ્ઞાન અને કેવલદર્શનનો, પરસ્પર વિશેષ છે ?=ભેદ છે ? ॥૧૩૬૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સિદ્ધાંતવાદીએ 'કેવલજ્ઞાન અને કેવલદર્શન ક્રમિક હોવા છતાં સર્વાર્થ વિષયવાળા છે.' તેમ યુક્તિથી સ્થાપન કર્યું. ત્યાં વાદી કહે છે. પદાર્થમાં સમતા નામનો ધર્મ છે અને વિષમતા નામનો ધર્મ છે અને કેવલદર્શન સમાનધર્મવિશિષ્ટ સર્વ વસ્તુને ગ્રહણ કરે છે પરંતુ વિષમતાધર્મવિશિષ્ટ સર્વ વસ્તુને ગ્રહણ કરતું નથી અને કેવલજ્ઞાન પણ વિષમતાધર્મવિશિષ્ટ સર્વ વસ્તુને ગ્રહણ કરે છે, સમાનધર્મવિશિષ્ટ સર્વ વસ્તુને ગ્રહણ કરતું નથી. તેથી જ્ઞાન અને દર્શનની સર્વાર્થ વિષયતા થાય નહીં. આ દોષના નિવારણ અર્થે સિદ્ધાંતવાદી કહે કે 'કેવલજ્ઞાન પણ સામાન્યવિશેષાત્મક વસ્તુને ગ્રહણ કરે છે અને કેવલદર્શન પણ સામાન્યવિશેષાત્મક વસ્તુને ગ્રહણ કરે છે.' તેને વાદી કહે છે, 'આ રીતે સ્વીકારવાથી કેવલજ્ઞાન અને કેવલદર્શન બંનેનો વિષય સમાન પ્રાપ્ત થાય.' વસ્તુતઃ કેવલજ્ઞાનના વિષય અને કેવલદર્શનના વિષયકૃત જ કેવલજ્ઞાનનો અને કેવલદર્શનનો ભેદ છે અને આ બંનેનો વિષય સમાન સ્વીકારવાથી વિષયકૃત ભેદ દૂર થયો. તેથી કેવલજ્ઞાન અને કેવલદર્શનનો વિષય સમાન થવાથી તેમાં નામકૃત જ ભેદ પ્રાપ્ત થાય, અન્ય કોઈ ભેદની પ્રાપ્તિ થાય નહીં. **॥૧૩૬૫-૧૩૬૬॥**

**અવતરણિકા :-**

**अत्राचार्य आह–**

**અવતરણિકાર્થ :-**

**આમાં=વાદીએ આપેલી આપત્તિમાં, આચાર્ય=સિદ્ધાંતવાદી આચાર્યશ્રી, કહે છે –**

**ગાથા :-**

**समएतरधम्माणं भेदाभेदम्मि ण खलु अण्णोण्णं ।**
**णिरवेक्खमेव गहणं इय सयलत्थे तओ दो वि ।।१३६७।।**

**છાયા :-**

समतेतरधर्मयोर्भेदाभेदे न खलु अन्योन्यम् ।
निरपेक्षमेव ग्रहणमिति सकलार्थे ततो द्वे अपि ।।१३६७।।

**ગાથાર્થ :-**

સમતા અને ઈતર ધર્મનો ભેદાભેદ હોતે છતે અન્યોન્ય નિરપેક્ષ જ ગ્રહણ નથી. એ રીતે બે પણ તે=જ્ઞાન અને દર્શન, સકલાર્થ થાય. ।।૧૩૬૭।।

**ટીકા :-**

समतेतरधर्मयोः-सामान्यविशेषयोर्भेदाभेदे सति न खल्वन्योऽन्यं निरपेक्षमेव ग्रहणमुपपद्यते, एतदुक्तं भवति—समानासमानपरिणामयोः सामान्यविशेषशब्दवाच्ययोस्तथा भेदाभेदो व्यवस्थितो यथा नानयोर्ग्रहणमन्योऽन्यनिरपेक्षमेवोपजायते, यथा रूपादीनां, किंतु प्रधानोपसर्ज्जनभावेन परस्परसापेक्षं, तथास्वभावत्वात् । इतिः-एवमुक्तप्रकारेण द्वे अपि ज्ञानदर्शने सकलार्थे ।।१३६७।।

**ટીકાર્થ :-**

समतेतरधर्मयोः- ..... सकलार्थे ।। સમતા અને ઈતર ધર્મનો=સામાન્ય અને વિશેષનો, ભેદાભેદ હોતે છતે ખરેખર પરસ્પર નિરપેક્ષ જ ગ્રહણ ઘટતું નથી. આ=આગળમાં કહે છે એ, કહેવાયેલું થાય છે. સમાન અને અસમાન પરિણામવાળા સામાન્ય અને વિશેષ શબ્દ વાચ્ય એવા બેનો તે પ્રકારે ભેદાભેદ રહેલો છે. જે પ્રકારે આ બેનું=સામાન્ય અને વિશેષ ધર્મનું, ગ્રહણ પરસ્પર નિરપેક્ષ જ થતું નથી, જે પ્રમાણે રૂપાદિનું પરસ્પર નિરપેક્ષ ગ્રહણ થતું નથી પરંતુ પ્રધાન-ગૌણભાવથી પરસ્પર સાપેક્ષ ગ્રહણ થાય છે; કેમ કે તે પ્રકારનું સ્વભાવપણું છે=જ્ઞાનનું પ્રધાન-ગૌણભાવથી પરસ્પર સાપેક્ષ ગ્રહણ કરવાના સ્વભાવપણું છે. એ રીતે ઉક્ત પ્રકારથી જ્ઞાન અને દર્શન પણ સકલાર્થવાળા છે. ।।૧૩૬૭।।

**અવતરણિકા :-**

एतदेव स्पष्टयति—

**અવતરણિકાર્થ :-**

આને જ=ગાથા-૧૩૬૭માં સિદ્ધાંતવાદીએ સ્થાપન કર્યું એને જ, સ્પષ્ટ કરે છે –

**ગાથા :-**

जं सामण्णपहाणं गहणं इतरोवसज्जणं चेव ।
अत्थस्स दंसणं तं विवरीयं होइ णाणं तु ।।१३६८।।

છાયા :-

यत् सामान्यप्रधानं ग्रहणमितरोपसर्जनमेव ।
अर्थस्य दर्शनं तद् विपरीतं भवति ज्ञानं तु ।।१३६८।।

ગાથાર્થ :-

જે સામાન્યપ્રધાન ઈતરના ઉપસર્જનવાળું જ અર્થનું ગ્રહણ તે દર્શન છે. વિપરીત વળી જ્ઞાન થાય છે. ।।૧૩૬૮।।

ટીકા :-

यत् अर्थस्य-घटादेः सामान्यप्रधानमितरोपसर्ज्जनं-विशेषोपसर्ज्जनमेव ग्रहणं तत् दर्शनं, विपरीतं तु ग्रहणं यत् विशेषप्रधानमुपसर्ज्जनीकृतसामान्यं तत् ज्ञानं भवतीति ।।१३६८।।

ટીકાર્થ :-

यत् ..... भवतीति ।। ઘટાદિ અર્થનું સામાન્યપ્રધાન ઈતરનું ઉપસર્જન જ=વિશેષનું ગૌણ જ, એવું જે ગ્રહણ તે દર્શન છે. વળી જે વિપરીત ગ્રહણ=વિશેષનું પ્રધાન ઉપસર્જન કરાયેલું સામાન્ય ગ્રહણ, તે જ્ઞાન છે. ।।૧૩૬૮।।

અવતરણિકા :-

स्यादेतत् युगपदुभयरूपे अर्थे अविशिष्टे सति कथमेवं प्रधानोपर्सज्जनभावतो विच्छेदेन ग्रहणं प्रवर्त्तत इति ? (आह–)

અવતરણિકાર્થ :-

આ થાય=આ પ્રકારે શંકા થાય. એકસાથે ઉભયરૂપ અર્થ અવિશિષ્ટ હોવા છતાં પણ આ રીતે=ગાથા-૧૩૬૮માં બતાવ્યું એ રીતે, પ્રધાન-ગૌણભાવ હોવાને કારણે વિચ્છેદથી ગ્રહણ કેવી રીતે પ્રવર્તે છે ? એથી કહે છે –

ગાથા :-

जीवसहावातो च्चिय एतं एवं तु होइ णातव्वं ।
अविसिट्ठम्मि वि अत्थे जुगवं चिय उभयरूवे वि ।।१३६९।।

છાયા :-

जीवस्वाभाव्यादेवैतदेवं तु भवति ज्ञातव्यम् ।
अविशिष्टेऽपि अर्थे युगपदेव उभयरूपेऽपि ।।१३६९।।

**ગાથાર્થ :-**

**યુગપદ્ જ ઉભયરૂપ પણ અર્થ અવિશિષ્ટ હોતે છતે આ રીતે આ=પ્રધાન-ગૌણભાવથી ક્રમસર જ્ઞાનદર્શનનું ગ્રહણ, જીવસ્વભાવથી જ જ્ઞાતવ્ય છે. ।।૧૩૬૯।।**

**ટીકા :-**

**युगपदुभयरूपेऽप्यर्थे तथा उभय्यामपि ज्ञानदर्शनोपयोगरूपायामवस्थायामविशिष्टेऽपि यदेतत् ग्रहणमेवं क्रमशः प्रधानोपसर्जनभावेन तत् जीवस्याभाव्याद् भवति ज्ञातव्यमित्यदोषः ।।१३६९।।**

**ટીકાર્થ :-**

**युगपदुभयरूपे ..... ज्ञातव्यमित्यदोषः ।। એકસાથે ઉભયરૂપ પણ અર્થ હોતે છતે અને ઉભય પણ જ્ઞાનદર્શન ઉપયોગરૂપ અવસ્થામાં અર્થ અવિશિષ્ટ પણ હોતે છતે આ પ્રમાણે પ્રધાન-ઉપસર્જન ભાવથી ક્રમસર જે આ ગ્રહણ છે તે જીવના સ્વભાવપણાથી જ્ઞાતવ્ય થાય છે, એથી અદોષ છે. ।।૧૩૬૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વાદીએ સ્થાપન કર્યું કે 'કેવલજ્ઞાનને અને કેવલદર્શનને સકલાર્થ વિષયવાળા સ્વીકારવામાં આવે તો તે બેમાં અભેદની જ પ્રાપ્તિ થાય અર્થાત્ કેવલજ્ઞાન અને કેવલદર્શન સમાન જ પ્રાપ્ત થાય.' ત્યાં સિદ્ધાંતવાદી કહે છે, કેવલજ્ઞાન અને કેવલદર્શન પરસ્પર નિરપેક્ષ જ ભેદાભેદરૂપે સામાન્ય વિશેષનું ગ્રહણ કરતા નથી પરંતુ જેમ છદ્મસ્થ જીવ પદાર્થમાં રહેલા રૂપાદિને ગ્રહણ કરે છે ત્યારે ચક્ષુથી રૂપને પ્રધાન ગ્રહણ કરે છે અને રસાદિને ઉપસર્જન રૂપે ગ્રહણ કરે છે. તેમ કેવલી પણ કેવલજ્ઞાનથી વિશેષ ધર્મનું ગ્રહણ કરે છે ત્યારે સામાન્ય ધર્મનું ગૌણરૂપે ગ્રહણ કરે છે અને જ્યારે કેવલદર્શનથી સામાન્યનું ગ્રહણ કરે છે ત્યારે વિશેષનું ગૌણરૂપે ગ્રહણ કરે છે; કેમ કે સામાન્ય વિશેષનું ભેદાભેદ સ્વરૂપ છે. વળી, કેવલજ્ઞાન અને કેવલદર્શન સકલાર્થ વિષયવાળા જ છે; કેમ કે દર્શનથી સામાન્યનું ગ્રહણ છે તે પણ વિશેષસાપેક્ષ જ છે અને જ્ઞાનથી વિશેષનું ગ્રહણ છે તે પણ સામાન્યસાપેક્ષ જ છે. માટે કેવલજ્ઞાન, કેવલદર્શન સકલાર્થ વિષયવાળા છે.

અહીં પ્રશ્ન થાય કે 'જો પદાર્થ એક કાળમાં સામાન્યવિશેષ ઉભયરૂપ છે અને જ્ઞાનદર્શનનો પણ તેવો જ સ્વભાવ છે કે ઉભયરૂપ વસ્તુને એકસાથે ગ્રહણ કરે છતાં કેવલજ્ઞાન, કેવલદર્શન પ્રધાન-ગૌણભાવથી ક્રમસર કેમ પ્રવર્તે છે. વસ્તુતઃ આવરણનો ક્ષય થયેલો હોવાથી પદાર્થ ઉભય સ્વરૂપે એક કાળમાં જ જણાવો જોઈએ', એ પ્રકારની શંકાનું સમાધાન કરતાં સિદ્ધાંતવાદી કહે છે. જીવનો તેવો જ સ્વભાવ છે કે જ્ઞેયરૂપ વસ્તુને ક્રમસર સામાન્યવિશેષમાંથી એકને મુખ્ય કરીને અને અન્યને ગૌણ કરીને બોધ કરે તેથી જે વસ્તુ સ્વભાવને આધીન હોય ત્યાં 'આ પ્રમાણે કેમ છે ?' એ પ્રકારનો પ્રશ્ન થઈ શકે નહીં. **।।૧૩૬૭થી ૧૩૬૯।।**

**અવતરણિકા :-**

तदेवं भगवतः सर्वज्ञत्वं सर्वदर्शित्वं च व्यवस्थाप्य सांप्रतमत्रैव मतान्तरमुपदर्शयन्नाह—

**અવતરણિકાર્થ :-**

આ રીતે=ગાથા-૧૩૩૬થી અત્યાર સુધી ત્રણે મતોની ચર્ચા કરી એ રીતે, ભગવાનનું સર્વજ્ઞપણું અને સર્વદર્શીપણું વ્યવસ્થાપન કરીને હવે આમાં જ=કેવલજ્ઞાન-કેવલદર્શનમાં જ, મતાંતરને બતાવતાં કહે છે –

**ગાથા :-**

अण्णे सव्वं णेयं जाणति सो जेण तेण सव्वण्णू ।
सव्वं च दरिसणिज्जं पासइ ता सव्वदरिसि त्ति ।।१३७०।।

**છાયા :-**

अन्ये सर्वं ज्ञेयं जानाति स येन तेन सर्वज्ञः ।
सर्वं च दर्शनीयं पश्यति तस्मात् सर्वदर्शी इति ।।१३७०।।

**ગાથાર્થ :-**

**અન્ય આચાર્યો કહે છે. જે કારણથી સર્વજ્ઞેયને તે=ભગવાન, જાણે છે તે કારણથી સર્વજ્ઞ છે અને સર્વદર્શનીયને જુવે છે તે કારણથી સર્વદર્શી છે. ।।૧૩૭૦।।**

**ટીકા :-**

अन्ये आचार्या मन्यन्ते-येन कारणेन भगवान् सर्वं ज्ञेयं जानाति तेन कारणेन सर्वज्ञः, सर्वं च दर्शनीयं पश्यति 'ता' तस्मात् सर्वदर्शीति ।।१३७०।।

**ટીકાર્થ :-**

अन्ये ..... सर्वदर्शीति ।। અન્ય આચાર્યો માને છે. જે કારણથી ભગવાન સર્વ જ્ઞેયને જાણે છે તે કારણથી સર્વજ્ઞ છે અને સર્વ દર્શનીયને જુવે છે તે કારણથી સર્વદર્શી છે. ।।૧૩૭૦।।

**અવતરણિકા :-**

अथ किं ज्ञेयं ? किं वा दर्शनीयं ? यत् जानन् पश्यंश्च सर्वज्ञः सर्वदर्शीति, तत आह—

**અવતરણિકાર્થ :-**

'अथ'થી પ્રશ્ન કરે છે. જ્ઞેય શું છે ? અથવા દર્શનીય શું છે ? જેને જાણતા અને જોતા સર્વજ્ઞ, સર્વદર્શી છે. તેથી=પૂર્વમાં 'अथ'થી શંકા કરી તેથી, કહે છે –

ગાથા :-

णेया तु विसेस च्चिय सामण्णं चेव दरिसणिज्जं तु ।
ण य अण्णेयण्णाणे वि तस्स णो इट्ठसिद्धि त्ति ।।१३७१।।

છાયા :-

ज्ञेया तु विशेषा एव सामान्यमेव दर्शनीयं तु ।
न चाज्ञेयज्ञानेऽपि तस्य न इष्टसिद्धिरिति ।।१३७१।।

ગાથાર્થ :-

**જ્ઞેય વિશેષ જ છે, દર્શનીય સામાન્ય જ છે, તેને=ભગવાનને, અજ્ઞેયનું જ્ઞાન હોતે છતે પણ કોઈ ઈષ્ટની સિદ્ધિ અમને નથી. ।।૧૩૭૧।।**

ટીકા :-

ज्ञेया विशेषा एव, न सामान्यं, तस्य ज्ञानाविषयत्वात्, तथास्वभावत्वात्, रसस्येव चक्षुष इति । दर्शनीयं च सामान्यमेव, न विशेषास्तेषां दर्शनागोचरत्वात्, रूपस्येव रसनायाः, तत् कथं न सर्वज्ञत्वं सर्वदर्शित्वं वोपपद्यत इति? । अथ सामान्यमजानन् कथं सर्वज्ञो विशेषांश्चापश्यन् कथं सर्वदर्शीति? । अत आह—'न येत्यादि' उक्तमिदं-न सामान्यं ज्ञेयं, नापि दर्शनीयं विशेषाः, यच्च ज्ञेयं दर्शनीयं वा तत्सर्वं जानाति पश्यति च, न चास्य भगवतोऽज्ञेयज्ञानेऽपि-सामान्यज्ञानेऽपि, अदर्शनीयविशेषदर्शनेऽपि अभ्युपगम्यमाने नोऽस्माकं काचिदिष्टसिद्धिरिति कृतं प्रसङ्गेन ।।१३७१।।

ટીકાર્થ :-

ज्ञेया ..... प्रसङ्गेन ।। જ્ઞેય વિશેષ જ છે, સામાન્ય નથી; કેમ કે તેનું=સામાન્યનું, જ્ઞાનનું અવિષયપણું છે. કેમ સામાન્યનું જ્ઞાનનું અવિષયપણું છે ? તેમાં હેતુ કહે છે — ચક્ષુના રસની જેમ તથાસ્વભાવપણું છે=ચક્ષુનો જેમ રસવિષય નથી તેમ જ્ઞાનનો સામાન્ય વિષય નથી તે પ્રકારનું સામાન્યનું સ્વભાવપણું છે, અને દર્શનીય સામાન્ય જ છે, વિશેષો નથી; કેમ કે તેઓનું=વિશેષોનું, દર્શનથી અગોચરપણું છે, રસનાથી રૂપની જેમ. તેથી=કેવલજ્ઞાન સર્વજ્ઞેયને જાણે છે અને કેવલદર્શન સર્વદર્શનીયને જુવે છે તેથી, સર્વજ્ઞપણું અથવા સર્વદર્શીપણું કેમ ઘટે નહીં ? અર્થાત્ ભગવાનમાં સર્વજ્ઞપણું અને સર્વદર્શીપણું ઘટે છે. 'अथ'થી શંકા કરે છે. 'સામાન્યને નહીં જાણતા કેવી રીતે સર્વજ્ઞ કહેવાય ? અને વિશેષોને નહીં જોતા કેવી રીતે સર્વદર્શી થાય ?' આથી કહે છે — આ કહેવાયું સામાન્ય જ્ઞેય નથી વળી વિશેષ દર્શનીય નથી અને જે જ્ઞેય છે અથવા જે દર્શનીય છે તે સર્વને જાણે છે અને જુવે છે અને આ ભગવાનને અજ્ઞેયનું જ્ઞાન પણ સ્વીકાર કરાયે છતે=સામાન્યનું જ્ઞાન પણ સ્વીકાર કરાયે છતે, અદર્શનીય એવા વિશેષનું દર્શન પણ સ્વીકાર કરાયે છતે, અમને કોઈ ઈષ્ટની સિદ્ધિ નથી. એથી પ્રસંગથી સર્યું. ।।૧૩૭૧।।

**ભાવાર્થ :-**

ભગવાન સર્વજ્ઞ, સર્વદર્શી છે અને તેઓને ક્રમસર કેવલજ્ઞાન, કેવલદર્શનનો ઉપયોગ વર્તે છે. છતાં ભગવાનનું જ્ઞાન અને દર્શન દેશગ્રાહી નથી પરંતુ સર્વગ્રાહી જ્ઞાન અને દર્શન છે તે મતાંતરથી બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે. ભગવાન કેવલજ્ઞાનથી સર્વજ્ઞેયને જાણે છે અને કેવલદર્શનથી સર્વદર્શનીયને જુવે છે. વળી, જ્ઞેય વિશેષ જ છે અને દર્શનીય સામાન્ય જ છે. જેમ ચક્ષુથી રસગ્રહણ થતું નથી તેમ કેવલજ્ઞાનથી સામાન્યનું ગ્રહણ થતું નથી અને રસનાથી રૂપનું ગ્રહણ થતું નથી તેમ કેવલદર્શનથી વિશેષોનું ગ્રહણ થતું નથી એ પ્રકારનો પદાર્થનો સ્વભાવ છે. તેથી ભગવાન સર્વજ્ઞેયને જાણે છે માટે સર્વજ્ઞ છે અને સર્વદર્શનીયને જુવે છે માટે સર્વદર્શી છે. વળી, અન્ય આચાર્યો પોતાના કથનની પુષ્ટિ અર્થે કહે છે કે સામાન્ય જ્ઞેય નહીં હોવાથી સામાન્યનું જ્ઞાન સ્વીકારવાથી ભગવાનને કોઈ ઇષ્ટની સિદ્ધિ થતી નથી અને વિશેષ દર્શનીય નહીં હોવાથી વિશેષનું દર્શન સ્વીકારવાથી ભગવાનને કોઈ ઇષ્ટની સિદ્ધિ થતી નથી; કેમ કે જ્ઞાનનો જે વિષય છે તે સર્વને ભગવાન જાણે છે તેમ કહેવાથી જ સર્વજ્ઞની સિદ્ધિ થાય છે. તેથી જ્ઞાનના અવિષયભૂત સામાન્યનું જ્ઞાન નહીં સ્વીકારવાથી સર્વજ્ઞની અસિદ્ધિ થતી નથી અને દર્શનના અવિષયભૂત વિશેષનું દર્શન નહીં સ્વીકારવાથી સર્વદર્શીની અસિદ્ધિ થતી નથી, માટે અજ્ઞેયનું જ્ઞાન અને અદર્શનીયનું દર્શન સ્વીકારવાનું અમને કોઈ પ્રયોજન નથી. **॥૧૩૭૦-૧૩૭૧॥**

**અવતરણિકા :-**

**स्यादेतदेवं, सुगतादिमतानुसारिणोऽपि सर्वज्ञं परिकल्पयन्ति, न च तेषां सुगतादीनां सर्वज्ञत्वं, तत् कथमिहापीत्यत आह—**

**અવતરણિકાર્થ :-**

**આ આ પ્રમાણે થાય=અન્ય આચાર્યોએ ભગવાન સર્વજ્ઞ અને સર્વદર્શી છે તેનું સમર્થન ગાથા-૧૩૭૦ અને ૧૩૭૧માં કર્યું એ રીતે આગળ બતાવે છે એ થાય. સુગતાદિ મતને અનુસરનારાઓ પણ સર્વજ્ઞની પરિકલ્પના કરે છે અને તેઓને=સુગતાદિ મત અનુસરનારાઓને, સુગતાદિનું સર્વજ્ઞપણું નથી, તે કારણથી અહીં પણ=અન્ય આચાર્યના મતમાં પણ, કેવી રીતે સર્વજ્ઞપણું થાય ? આથી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં અન્ય આચાર્યોનો મત બતાવતાં કહ્યું કે સર્વજ્ઞેયને કેવલી જાણે છે અને સર્વદર્શનીયને કેવલી જુવે છે તેથી કેવલીને સર્વજ્ઞ, સર્વદર્શી સ્વીકારી શકાશે. ત્યાં શંકા થાય કે બૌદ્ધદર્શનાદિ મતને અનુસરનારા કહે છે કે 'અમારા બુદ્ધ ભગવંત ઇષ્ટ એવા મોક્ષમાર્ગને જોનારા છે. જગતમાં કીડા કેટલા છે ? તેનું જ્ઞાન આવશ્યક નથી' તેથી તેઓ બુદ્ધ ભગવાનને સર્વજ્ઞેયને જાણનારા સ્વીકારતા નથી પરંતુ આત્મકલ્યાણને ઉપયોગી યોગમાર્ગને જાણનારા સ્વીકારે છે. છતાં સુગતને તેવા સ્વીકારીને પણ તેઓ સર્વજ્ઞ કહે છે. વસ્તુતઃ તેમના વચનાનુસાર જ સુગતાદિ સર્વજ્ઞેયને જાણનારા નહીં હોવાથી સર્વજ્ઞ નથી, તેમ અન્ય

આચાર્યોના મતે પણ 'કેવલી સર્વ વિશેષને જાણવા છતાં સામાન્યને જાણનારા નથી અને સર્વ સામાન્યને જોનારા હોવા છતાં વિશેષને જોનારા નથી માટે સુગતાદિના મતની જેમ જ દેશથી જાણનારા અને દેશથી જોનારા હોવાથી તેઓનું સર્વજ્ઞપણું પરિકલ્પિત થશે.' એ પ્રકારની શંકામાં કહે છે –

**ગાથા :-**

**सव्वण्णुविहाणम्मि वि दिट्ठेट्ठाबाधितातो वयणातो ।**
**सव्वण्णू होइ जिणो सेसा सव्वे असव्वण्णू ।।१३७२।।**

**છાયા :-**

**सर्वज्ञविधानेऽपि दृष्टेष्टाबाधिताद् वचनात् ।**
**सर्वज्ञो भवति जिनः शेषाः सर्वेऽसर्वज्ञाः ।।१३७२।।**

**ગાથાર્થ :-**

**સર્વજ્ઞના વિધાનમાં પણ દૃષ્ટ, ઇષ્ટ અબાધિત એવા વચનથી જિન સર્વજ્ઞ થાય છે, શેષ સર્વ સર્વજ્ઞ થતા નથી. ।।૧૩૭૨।।**

**ટીકા :-**

**एवं सामान्यतः सर्वज्ञविधानेऽपि-सर्वज्ञसिद्धावपि सत्यां 'दृष्टेष्टाबाधितात्' दृष्टेन-प्रत्यक्षेणानुमेयेन च इष्टेन स्वयमभ्युपगतेनाबाधितात्तद्वचनात् सर्वज्ञो भवति जिन एव-वर्द्धमानस्वाम्यादिः, न शेषाः-सुगतादयो दृष्टेष्टबाधितवचनाः सर्वज्ञा इति । तदुक्तम्–**

'दृष्टशाब्दाविरुद्धार्थं, सर्वसत्त्वसुखावहम् ।
मितं गम्भीरमाह्लादि, वाक्यं यस्य स सर्ववित् ।।१।।
एवंभूतं च यद्वाक्यं, जैनमेव ततः स वै ।
सर्वज्ञो नान्य एतच्च, स्याद्वादेनैव गम्यते ।।२।।' **।।१३७२।।**

**ટીકાર્થ :-**

**एवं ..... गम्यते ।। આ રીતે સામાન્યથી સર્વજ્ઞના વિધાનમાં પણ=સર્વજ્ઞની સિદ્ધિ હોતે છતે પણ, દૃષ્ટ ઇષ્ટ અબાધિત એવા વચનથી=પ્રત્યક્ષ અને અનુમેય એવા દૃષ્ટથી અને સ્વયં અભ્યુપગત એવા ઇષ્ટરૂપ શાસ્ત્રથી અબાધિત એવા તેમના વચનથી, જિન જ વર્ધમાનસ્વામી આદિ સર્વજ્ઞ થાય છે. દૃષ્ટ ઇષ્ટ બાધિત વચનવાળા શેષ=સુગતાદિ, સર્વજ્ઞ નથી. તે કહેવાયું છે.** "દૃષ્ટ શાબ્દ અવિરુદ્ધાર્થવાળું સર્વ સત્ત્વના સુખને કરનારું, મિત, ગંભીર, આહ્લાદિ વાક્ય જેનું છે, તે સર્વવિત્ છે અને આવા પ્રકારનું જે વાક્ય, જિન સંબંધી જ છે. તેથી તે જ સર્વજ્ઞ છે, અન્ય નથી અને આ=ભગવાનનું વચન દૃષ્ટ-શાબ્દ-અવિરુદ્ધાર્થવાળું ઇત્યાદિ છે એ, સ્યાદ્વાદથી જ જણાય છે." **।।૧૩૭૨।।**

**ભાવાર્થ :-**

'સુગતાદિ મત અનુસારી પોતાના ભગવાનને સર્વજ્ઞ માને છે. વાસ્તવિક રીતે તેઓના ભગવાન સર્વ જ્ઞેયને જાણનારા તેમના મત પ્રમાણે નથી. માટે સર્વ જ્ઞેયને જાણનારા નહીં હોવાથી સુગતાદિ સર્વજ્ઞ નથી એમ સિદ્ધ થાય છે. તેમ 'ભગવાન કેવલજ્ઞાનથી જ્ઞેયને જાણે છે, દર્શનીયને જાણતા નથી. કેવલદર્શનથી દર્શનીયને જુવે છે, જ્ઞેયને જોતા નથી', એમ સ્વીકારવાથી સુગતમતાનુસારીના ભગવાન જેવા જ વર્ધમાનસ્વામી આદિ સર્વજ્ઞ છે, એમ સિદ્ધ થાય. ગાથા-૧૩૭૦ અને ૧૩૭૧માં જે આચાર્યશ્રીનો મત સ્થાપન કર્યો તે આચાર્યશ્રી તેનું નિરાકરણ કરતાં કહે છે, 'સુગતમતાનુસારી સામાન્યથી પોતાના ભગવાનને સર્વજ્ઞ સ્વીકારે તો પણ તે સર્વજ્ઞ નથી પરંતુ દૃષ્ટ, ઇષ્ટ અબાધિત એવા વચનને કહેનારા હોવાથી વર્ધમાનસ્વામી જિન જ સર્વજ્ઞ છે.' જ્યારે સુગતાદિનાં વચનો દૃષ્ટ, ઇષ્ટથી બાધિત હોવાને કારણે તેઓ સર્વજ્ઞ નથી, તેમાં સાક્ષી આપે છે. ભગવાનનું વચન પદાર્થને નિત્ય, અનિત્ય આદિ સ્વરૂપ કહે છે. તે દૃષ્ટથી અબાધિત છે અને ભગવાનનાં દરેક વચનો પૂર્વનાં વચનોથી અવિરુદ્ધ છે; કેમ કે સ્યાદ્વાદની દૃષ્ટિથી કહેવાયેલાં છે. તેથી ઇષ્ટથી અબાધિત છે. વળી, સર્વ જીવોના સુખને પ્રાપ્ત કરાવનારા છે; કેમ કે ભગવાનના વચનાનુસાર જેઓ પ્રવૃત્તિ કરે છે તેઓ સર્વ પ્રકારના પોતાના ક્લેશોનો નાશ કરનારા છે. અને પોતાની શક્તિ અનુસાર અન્યના ક્લેશોના નાશનું કારણ બને છે. તેથી સ્વ-પર સર્વ જીવોના સુખને કરનારું ભગવાનનું વચન છે. વળી, ભગવાનનું વચન જીવોના ઉપકાર માટે જરૂરી જણાય તેટલું પરિમિત છે, ગંભીર છે, આલ્લાદને કરનારું છે. આવું વાક્ય જેમનું છે તે સર્વને જાણનારા છે અને આવું વાક્ય જિન સંબંધી જ છે, તેથી તે સર્વજ્ઞ છે અન્ય કોઈ સર્વજ્ઞ નથી એ પ્રકારે સ્યાદ્વાદથી જ જણાય છે. **॥૧૩૭૨॥**

**અવતરણિકા :-**

**एतेन यदुच्यते परैः—'छिन्नमूलत्वात् कैश्चिदेव परिग्रहात् विगानाच्च नैवासावागमः प्रमाणमिति,' तदप्यपास्तमवसेयम् । तथा चाह—**

**અવતરણિકાર્થ :-**

**આના દ્વારા=ગાથા-૧૩૭૨માં કહ્યું કે ભગવાનનું વચન દૃષ્ટ ઈષ્ટ અબાધિત છે માટે ભગવાન સર્વજ્ઞ છે. એના દ્વારા, જે બીજા વડે કહેવાય છે, તે પણ નિરાકરણ કરાયેલું જાણવું એમ અન્વય છે. બીજા શું કહે છે ? તે બતાવે છે, "આ આગમ=ભગવાનનું આગમ, પ્રમાણ નથી; કેમ કે છિન્નમૂલપણું છે. કેટલાક વડે જ ગ્રહણ કરાયેલું છે અને વિગાન છે=પરસ્પર વિપરીત સ્વીકાર છે." આ પ્રકારે કેટલાક કહે છે, તે અપાસ્ત છે અને તે પ્રમાણે કહે છે=અન્યનું વચન નિરાકૃત છે તે પ્રમાણે કહે છે –**

**ભાવાર્થ :-**

કેટલાક સ્થૂલ બુદ્ધિવાળા જીવો કહે છે કે ભગવાનનું આગમ પ્રમાણ નથી; કેમ કે તેમના નિષ્પાદક વીરભગવાન સાથે તે વચનોનો એકવાક્યતાથી સંબંધ નથી પરંતુ તેમણે જે કીધેલું હોય તેની સાથે સ્વ-

સ્વમતિ પ્રમાણે જોડીને અન્ય વડે કહેવાયેલું તે વચન પ્રાપ્ત થાય છે તેથી તે વચનના મૂળ નિષ્પાદક તીર્થંકરો સાથે છિન્ન એવું વર્તમાનનું ઉપલબ્ધ આગમ છે માટે પ્રમાણ નથી. વળી, ભગવાનનું વચન પ્રમાણ નથી તેમાં અન્ય હેતુ કહે છે – કેટલાક જ ભગવાનના આગમને પ્રમાણ માને છે, બધા માનતા નથી, માટે પ્રમાણ નથી. વળી, ભગવાનના આગમના વિષયમાં પણ વિપરીત માન્યતાઓ પ્રવર્તે છે તેથી આ આગમ પ્રમાણ નથી એમ કેટલાક કહે છે તેનું નિરાકરણ જ ગાથામાં બતાવે છે.

**ગાથા :-**

**एवं सव्वण्णुत्ते सिद्धे णो छिन्नमूलदोसो वि ।**
**पावति एव भणंतस्स अहिगमे तुल्लदोसो तु ।।१३७३।।**

**છાયા :-**

एवं सर्वज्ञत्वे सिद्धे न छिन्नमूलदोषोऽपि ।
प्राप्नोति एवं भणतोऽधिगमे तुल्यदोषस्तु ।।१३७३।।

**ગાથાર્થ :-**

**આ રીતે સર્વજ્ઞત્વ સિદ્ધ થયે છતે છિન્નમૂલત્વ દોષ પણ પ્રાપ્ત થતો નથી. આ રીતે કહેતાને=સર્વજ્ઞના અસ્વીકારપૂર્વક વેદવચનને પ્રમાણ કહેતા પુરુષને, અધિગમમાં=વેદના અર્થના બોધમાં, તુલ્ય દોષ છે=છિન્નમૂલ દોષ છે. ।।૧૩૭૩।।**

**ટીકા :-**

**एवम्-उक्तेन प्रकारेण सर्वज्ञत्वे सिद्धे सत्यागमस्य छिन्नमूलत्वदोषोऽपि परैरासज्यमानो न प्राप्नोति, तस्य सर्वज्ञमूलत्वात् । अपित्वेवं-सर्वज्ञमूलमन्तरेणेत्यर्थः आगमं भणतः-प्रतिपादयतः परस्यापि तदर्थाधिगमे तुल्य एव छिन्नमूलत्वलक्षणो दोषः प्राप्नोति, तथाहि—न सर्वज्ञमन्तरेण वचनस्यातीन्द्रियार्थ-प्रतिपादनशक्तिरवगन्तुं शक्यते, ततः सर्वज्ञानभ्युपगमे वेदार्थाधिगमः छिन्नमूल एवेति ।।१३७३।।**

**ટીકાર્થ :-**

**एवम्- ..... एवेति ।। આ રીતે=ગાથા-૧૩૭૨માં કહ્યું એ પ્રકારથી, સર્વજ્ઞપણું સિદ્ધ થયે છતે પર વડે આસંજન કરાતો=પર વડે આપાદાન કરાતો, આગમનો છિન્નમૂલત્વ દોષ પણ પ્રાપ્ત થતો નથી; કેમ કે તેનું=આગમનું, સર્વજ્ઞમૂલપણું છે. વળી આ રીતે=સર્વજ્ઞમૂલ વગરનું આગમ છે એ રીતે, આગમને કહેતા=પ્રતિપાદન કરતા, પરને પણ તેના અર્થના બોધમાં તુલ્ય જ છિન્નમૂલત્વ લક્ષણ દોષ પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે – સર્વજ્ઞ વગર વચનના અતીન્દ્રિય અર્થના પ્રતિપાદનની શક્તિ જાણવા માટે શક્ય નથી. તેથી સર્વજ્ઞના અનભ્યુપગમમાં વેદના અર્થનો અધિગમ છિન્નમૂલવાળો જ છે. ।।૧૩૭૩।।**

**ભાવાર્થ :-**

'જૈનોનું આગમ પ્રમાણ નથી; કેમ કે છિન્નમૂલવાળું છે.' એ પ્રમાણે અવતરણિકામાં કોઈકે કહેલ તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે વર્ધમાનસ્વામી સર્વજ્ઞ છે એમ સિદ્ધ થયે છતે તેમના દ્વારા કહેવાયેલા વચનાનુસાર સુવિદિતોની પરંપરાથી પ્રાપ્ત વર્તમાનનું આગમ છે અર્થાત્ વીર ભગવાન પાસેથી ગૌતમાદિ મહામુનિઓએ અતીન્દ્રિય પદાર્થોને પ્રાપ્ત કર્યા અને તેમના વચનાનુસાર સંયમને સેવનારા તે ઋષિઓ જે પ્રમાણે વીર ભગવાને કહેલું તે પ્રમાણે જ તે વચન શિષ્યોને પરંપરામાં આપ્યું. તેથી વીર ભગવાનરૂપ સર્વજ્ઞ સાથે એક વાક્યથી સંબદ્ધ સ્યાદ્વાદને કહેનારું આગમ છે માટે તે આગમમાં છિન્નમૂલપણાનો દોષ પ્રાપ્ત થતો નથી; કેમ કે વર્તમાનમાં જે આગમો ઉપલબ્ધ છે તેનું મૂલ સર્વજ્ઞ એવા વર્ધમાનસ્વામી છે.

વળી, ભગવાનનું આગમ છિન્નમૂલવાળું છે માટે પ્રમાણ નથી. એમ કહીને અપૌરુષેય એવા વેદવચનને મીમાંસક પ્રમાણ માને છે. તેને ગ્રંથકારશ્રી કહે છે, મીમાંસક સર્વજ્ઞને સ્વીકારતો નથી અને વેદને અપૌરુષેય સ્વીકારે છે. તે વેદવચનો જે અતીન્દ્રિય અર્થોનું પ્રતિપાદન કરે છે તેની શક્તિનો નિર્ણય કરવો સર્વજ્ઞ વગર શક્ય નથી. તેથી સર્વજ્ઞને નહીં સ્વીકારનાર એવા પૂર્વપક્ષીના મતાનુસાર જે વેદ પ્રમાણભૂત છે તેના અર્થનો અધિગમ જ છિન્નમૂલવાળો છે. તેથી તે વેદવચનથી અતીન્દ્રિય અર્થની પ્રવૃત્તિ સંભવે નહીં પરંતુ સર્વજ્ઞમૂલક આગમવચનથી જ અતીન્દ્રિય અર્થની પ્રવૃત્તિ સંગત થાય. **॥૧૩૭૩॥**

**અવતરણિકા :-**

**कैश्चिदेव परिग्रहादित्यत्र प्रतिविधानमाह—**

**અવતરણિકાર્થ :-**

**કેટલાક વડે જ ગ્રહણ હોવાથી એ પ્રકારના હેતુમાં પ્રતિવિધાનને કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૧૩૭૩ની અવતરણિકામાં પૂર્વપક્ષીએ કહેલ કે 'ભગવાનનું આગમ પ્રમાણ નથી.' તેમાં બીજો હેતુ આપેલ કે 'કેટલાક વડે જ ભગવાનનું આગમ પ્રમાણ સ્વીકારાય છે માટે પ્રમાણભૂત નથી.' એ પ્રકારના પૂર્વપક્ષીના કથનમાં સમાધાન કરે છે.

**ગાથા :-**

**केहिंचि परिग्गहितो पतणुयकम्मेहिं एत्थ को दोसो? ।**
**वेदस्स वि णिच्चत्तं सव्वेसिमसंमतं चेव ।।१३७४।।**

**છાયા :-**

**कैश्चित् परिगृहीतः प्रतनुकर्मभिरत्र को दोषः ?।**
**वेदस्यापि नित्यत्वं सर्वेषामसंमतमेव ।।१३७४।।**

ગાથાર્થ :-

પ્રતનુકષાયવાળા એવા કેટલાક વડે ગ્રહણ કરાયેલો છે, એમાં શું દોષ છે ? વેદનું પણ નિત્યપણું સર્વને અસંમત જ છે. ।।૧૩૭૪।।

ટીકા :-

यदि नाम कैश्चिदेव प्रतनुकर्म्मभिरेष आगमः परिगृहीतस्ततोऽत्र-कैश्चिदेव परिग्रहे को दोषो?, नैव कश्चित्, न हि कल्पपादपः सर्वैरेव प्राप्यत इति । यदपि विगानादित्युक्तं तदपि न समीचीनम्, वेदेऽपि तस्य समानत्वात् । तथा चाह—'वेदेत्यादि' वेदस्यापि नित्यत्वम्—अपौरुषेयत्वं सर्वेषामसंमतमेव, कणादादीनां भूयसां तथानभ्युपगमात्, तद्यदि विगानमप्रामाण्यनिमित्तं ततो वेदस्याप्यप्रामाण्यमव्याहतप्रसरमेवेत्यलमतिप्रसङ्गेन ।।१३७४।।

ટીકાર્થ :-

यदि ..... प्रसङ्गेन ।। જો અલ્પકષાયવાળા કેટલાક જીવો વડે આ આગમ સ્વીકારાયો, તેથી આમાં=કેટલાક વડે જ પરિગ્રહ છે એમાં, કયો દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી જ. हि=જે કારણથી, કલ્પવૃક્ષ બધા વડે પ્રાપ્ત કરાતું નથી જ. જે વળી, વિગાન હોવાથી આગમ પ્રમાણ નથી, એ પ્રમાણે ગાથા-૧૩૭૩ની અવતરણિકામાં પૂર્વપક્ષી વડે કહેવાયું, તે પણ સમીચીન નથી=યુક્ત નથી; કેમ કે વેદમાં પણ તેનું સમાનપણું છે=વિપરીત સ્વીકારનું વેદમાં પણ સમાનપણું છે અને તે પ્રમાણે કહે છે. વેદનું પણ નિત્યત્વ=અપૌરુષેયત્વ, સર્વેને અસંમત જ છે; કેમ કે કણાદ આદિ ઘણાઓને તે પ્રકારે અનભ્યુપગમ છે=વેદ અપૌરુષેય રૂપે અસ્વીકાર છે. તે કારણથી જો વિગાન=વિપરીત સ્વીકાર, અપ્રામાણ્યનું નિમિત્ત છે, તો વેદનું પણ અપ્રામાણ્ય અવ્યાહત પ્રસરવાળું જ છે=અપ્રમાણ અવશ્ય પ્રાપ્ત થાય જ છે. એથી અતિપ્રસંગથી સર્યું=જૈનાગમને અપ્રમાણ સ્વીકારવામાં પૂર્વપક્ષીએ આપેલા અતિપ્રસંગથી સર્યું. ।।૧૩૭૪।।

ભાવાર્થ :-

ભગવાનનું 'આગમ અપ્રમાણ છે, વેદ પ્રમાણ છે.' એ પ્રકારે માનનાર વાદીઓ તેમાં ત્રણ હેતુ કહે છે. 'ભગવાનનું આગમ છિન્નમૂલપણું હોવાથી અપ્રમાણ છે. કેટલાક વડે જ સ્વીકારાય છે માટે અપ્રમાણ છે અને વિપરીત સ્વીકાર છે માટે અપ્રમાણ છે. તેનું નિરાકરણ કરતાં ભગવાનનું આગમ છિન્નમૂલવાળું નથી વેદ જ છિન્નમૂલવાળું છે' તેમ યુક્તિથી પૂર્વગાથામાં બતાવ્યું. હવે પ્રસ્તુત ગાથામાં પૂર્વપક્ષીએ આપેલા બીજા બે હેતુ પણ અસંગત જ છે તે બતાવતાં કહે છે, 'જે જીવોના કષાયો અલ્પ થયા છે તેઓમાં માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટે છે અને તેવા અલ્પકષાયવાળા જીવો પદાર્થનું વાસ્તવિક સમાલોચન કરીને જે યુક્તિયુક્ત આગમ હોય તેની પરીક્ષા કરીને સ્વીકારે છે અને મૂઢ જીવો વિચાર્યા વગર ઘણા લોકો સ્વીકારતા હોય તેને સ્વીકારે છે.' તેથી 'વિવેકસંપન્ન અલ્પ જીવોથી જૈન આગમ યથાર્થ સ્વીકારાયો છે તેમાં શું દોષ છે ? અર્થાત્

કોઈ દોષ નથી'; કેમ કે પુણ્યશાળી એવા અલ્પ જીવો વડે જ કલ્પવૃક્ષ પ્રાપ્ત કરાય છે તેમ અલ્પ કષાયવાળા વિવેકી પુણ્યશાળી જીવો વડે કલ્પવૃક્ષ જેવું સર્વજ્ઞનું આગમ યથાર્થ પ્રાપ્ત કરાય છે તેમાં કોઈ દોષ નથી.

વસ્તુતઃ જૈનદર્શનને સ્વીકારનાર પણ જેઓ મધ્યસ્થ નથી. તેથી તત્ત્વને જાણવાની જિજ્ઞાસાને અનુકૂળ અલ્પ કર્મવાળા નથી તેઓ જૈનકુળમાં જન્મેલા હોવાથી જૈનધર્મ સ્વીકારતા હોય, ક્વચિત્ સાધ્વાચાર પાળતા હોય તો પણ મધ્યસ્થતાપૂર્વક તત્ત્વને જાણવાનો યત્ન કરતા નથી. તેઓથી ગ્રહણ કરાયેલું ભગવાનનું આગમ હોવા છતાં પરમાર્થથી ભગવાનનું આગમ ગ્રહણ થયું નથી; કેમ કે અન્ય દર્શનવાળા પણ મધ્યસ્થતાથી પરીક્ષા કર્યા વગર અતીન્દ્રિય અર્થની પ્રવૃત્તિ અર્થે સ્વસ્વદર્શનના રાગથી પોતપોતાને અભિમત વેદ આદિને સ્વીકારે છે તેમજ કેટલાક મુગ્ધ બુદ્ધિવાળા જૈનાગમને પણ સ્વીકારે છે. પરંતુ માર્ગાનુસારી પ્રજ્ઞાવાળા જીવો સ્વશક્તિ અનુસાર કષાદિથી વચનની પરીક્ષા કરીને જે નિર્દોષ આગમ હોય તેનો સ્વીકાર કરે છે. તેથી જૈનાગમ અલ્પ જીવોથી પરિગૃહીત છે.

વળી, 'જૈન આગમના વિષયમાં પરસ્પર વિગાન છે માટે પ્રમાણ નથી' એ કથન પણ ઉચિત નથી; કેમ કે વેદમાં પણ તેની સમાન પ્રાપ્તિ છે. આથી જ વેદને પણ કેટલાક અપૌરુષેય સ્વીકારતા નથી અને કેટલાક સ્વીકારે છે. તેથી વિપરીત સ્વીકારને કારણે જૈન આગમ અપ્રમાણ નથી પરંતુ યુક્તિયુક્ત એવા સ્યાદ્વાદને કહેનાર છે માટે પ્રમાણ છે.

વળી, જેમ વેદવિષયક પણ અપૌરુષેયત્વના વિષયમાં ભિન્ન ભિન્ન મતો છે તેમ જૈનાગમમાં પણ દિગંબર, શ્વેતાંબર આદિથી ભિન્ન ભિન્ન મતો પ્રવર્તે છે તો પણ મધ્યસ્થ પરીક્ષક મધ્યસ્થતાપૂર્વક પરીક્ષા કરીને સર્વજ્ઞથી કહેવાયેલા નિર્દોષ આગમનો જ સ્વીકાર કરે છે. ક્વચિત્ તત્ત્વની તીવ્ર જિજ્ઞાસા હોવાને કારણે મધ્યસ્થતાપૂર્વક સ્વશક્તિ અનુસાર પરીક્ષા કરીને દિગંબર આદિ મતોનો સ્વીકાર કરતા હોય તો ભગવાનનું વચન તેઓને સમ્યગ્દૃષ્ટિ સ્વીકારે છે. આથી જ મધ્યસ્થતાપૂર્વક યત્ન કરનારા તાપસાદિ લિંગમાં કે સ્થાનકવાસી મતમાં કે દિગંબર મતમાં પણ ભગવાનનું શાસન ભાવચારિત્રોનો સ્વીકાર કરે છે. **॥૧૩૭૪॥**

**અવતરણિકા :-**

**उपसंहरन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**ઉપસંહાર કરતાં કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૧૧૩૭માં કહ્યું કે વીતરાગ સર્વજ્ઞ વડે આ ભાવધર્મ કહેવાયો છે, ત્યાં વીતરાગતા અને સર્વજ્ઞતા અસંગત છે એ પ્રકારની શંકાઓનું ઉદ્ભાવન કરીને અત્યાર સુધી નિરાકરણ કર્યું. તે સર્વ કથનના ઉપસંહારને કરતા કહે છે –

ગાથા :-

सोऊण आगमत्थं एवं समयाणुसारतो सम्मं ।
जोएज्ज सबुद्धीए सेसे वि कुचोज्जपरिहारे ।।१३७५।।

છાયા :-

श्रुत्वाऽऽगमार्थमेव समयानुसारतः सम्यग् ।
योजयेत् स्वबुद्ध्या शेषानपि कुचोद्यपरिहारान् ।।१३७५।।

ગાથાર્થ :-

**સમ્યગ્ આગમના અર્થને સાંભળીને આ રીતે=અત્યાર સુધી પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, સમય અનુસારથી=શાસ્ત્ર અનુસારથી, શેષ પણ કુચોદ્યના પરિહારોનું સ્વબુદ્ધિથી યોજન કરવું જોઈએ. ॥૧૩૭૫॥**

ટીકા :-

**श्रुत्वा सम्यगागमार्थं समयानुसारतः-आगमानुसारेण एवमुक्तप्रकारेण योजयेत् स्वबुद्ध्या शेषानपि कुचोद्यपरिहारानिति ।।१३७५।।**

ટીકાર્થ :-

**श्रुत्वा ..... परिहारानिति ।। સમ્યગ્ આગમના અર્થને સાંભળીને આ રીતે=ઉક્ત પ્રકારે=ગાથા-૧૧૩૮થી અત્યાર સુધી યોજન કર્યું એ પ્રકારે, સમય અનુસારથી=આગમ અનુસારથી, શેષ પણ કુચોદ્યપરિહારોનું=કુયુક્તિઓના પરિહારોનું, સ્વબુદ્ધિથી યોજન કરવું જોઈએ. ॥૧૩૭૫॥**

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ આગમના અર્થોને આગમ વચન, યુક્તિ અને અનુભવ અનુસાર અત્યાર સુધી યોજન કરીને બતાવ્યું. તેથી તેના રહસ્યને યથાર્થ સાંભળીને જેઓમાં માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટી છે તેઓને હિતકારી ઉપદેશ આપતાં ગ્રંથકારશ્રી કહે છે. જેમ ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી આગમનાં વચનોને ગ્રહણ કરીને તેના અર્થોનું યથાર્થ નિરૂપણ કર્યું છે એ રીતે કલ્યાણના અર્થી જીવે આગમનું અનુસરણ કરીને સ્વબુદ્ધિથી શેષ પણ કુયુક્તિઓના પરિહારોનું યોજન કરવું જોઈએ જેથી સર્વજ્ઞકથિત યથાર્થ તત્ત્વની પ્રાપ્તિ થાય જેનાથી સર્વકલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય. **॥૧૩૭૫॥**

અવતરણિકા :-

**इह हि फललिप्साप्रधानाः प्रेक्षावन्तस्ततस्तेषां प्रवृत्त्यर्थमिदानीमनन्तराभिहितसम्यग्दर्शनादिरूपस्य भावधर्मस्य फलमुपदर्शयति—**

**અવતરણિકાર્થ :-**

**हि=જે કારણથી, અહીં=સંસારમાં, ફલની લિપ્સાપ્રધાન વિચારકો હોય છે. તેથી તેઓની પ્રવૃત્તિ માટે હવે અનંતરમાં કહેવાયેલા સમ્યગ્દર્શનાદિ રૂપ ભાવધર્મના ફળને બતાવે છે –**

**ભાવાર્થ :-**

બુદ્ધિમાન પુરુષો હંમેશાં કોઈપણ પ્રવૃત્તિના ફલની લિપ્સાવાળા હોય છે. તેથી કઈ પ્રવૃત્તિ કરવાથી શ્રેષ્ઠ ફળ મળે તેનો વિચાર કરીને પ્રવૃત્તિ કરે છે. તેથી તેવા જીવોને ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરવામાં ઉત્સાહ ઉત્પન્ન થાય તે અર્થે ગ્રંથના પ્રારંભથી માંડીને અત્યાર સુધી જે સમ્યગ્દર્શનાદિ રૂપ ભાવધર્મનું ગ્રંથકારશ્રીએ નિરૂપણ કરેલું છે તેનું કેવું શ્રેષ્ઠ ફળ છે તે બતાવે છે જેથી તેવા શ્રેષ્ઠ ફળવાળા ભાવધર્મને સેવવાનો ઉત્સાહ વિચારક જીવોને પ્રગટ થાય.

**ગાથા :-**

**काऊण इमं धम्मं विसुद्धचित्ता गुरूवएसेणं ।**
**पावंति मुणी अइरा सासतसोक्खं धुवं मोक्खं ।।१३७६।।**

**છાયા :-**

कृत्वाऽमुं धर्मं विशुद्धचित्ता गुरूपदेशेन ।
प्राप्नुवन्ति मुनयोऽचिरात् शाश्वतसौख्यं ध्रुवं मोक्षम् ।।१३७६।।

**ગાથાર્થ :-**

**આ ધર્મને કરીને ગુરુઉપદેશથી વિશુદ્ધ ચિત્તવાળા મુનિઓ અલ્પકાળમાં શાશ્વત સુખરૂપ મોક્ષને ધ્રુવ=નક્કી, પ્રાપ્ત કરે છે. ।।૧૩૭૬।।**

**ટીકા :-**

**कृत्वा अमुमनन्तरोदितस्वरूपं धर्मं विशुद्धचित्ता गुरूपदेशेन मुनयोऽचिरात्-स्तोककालेन प्राप्नुवन्ति शाश्वतसौख्यं ध्रुवं मोक्षमिति ।।१३७६।।**

**ટીકાર્થ :-**

**कृत्वा ..... मोक्षमिति ।। ગુરુઉપદેશથી આ ધર્મને=અનંતર કહેવાયેલા સ્વરૂપવાળા ધર્મને, કરીને વિશુદ્ધ ચિત્તવાળા મુનિઓ શીઘ્ર=થોડા કાલથી, શાશ્વત સૌખ્યરૂપ મોક્ષ ધ્રુવ=નક્કી, પ્રાપ્ત કરે છે. ।।૧૩૭૬।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ ગ્રંથના પ્રારંભથી અત્યાર સુધી સમ્યગ્દર્શન આદિ રૂપ ભાવધર્મનું સ્વરૂપ બતાવેલ છે.

એવા ધર્મને જીવનમાં સેવીને જે મહાત્મા ગુરુઉપદેશ દ્વારા તેના સૂક્ષ્મ રહસ્યને પ્રાપ્ત કરશે, તેના કારણે શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર ધર્મના પરમાર્થને જાણશે. તેનાથી વિશુદ્ધ ચિત્તવાળા થયેલા તે મહાત્માઓ પોતાના શત્રુભૂત ક્લિષ્ટ કર્મોનો નાશ કરીને અલ્પકાળમાં શાશ્વત સુખરૂપ મોક્ષને અવશ્ય પામશે. માટે પૂર્ણ સુખના અર્થી એવા વિચારક પુરુષે નિપુણતાપૂર્વક ધર્મના સ્વરૂપને જાણવું જોઈએ અને જાણીને હૈયાને અત્યંત સ્પર્શે તે રીતે અનુભવ અનુસાર ધર્મને સ્થિર કરવો જોઈએ. જેથી સંસારના પરિભ્રમણની વિડંબનાથી પર એવા શાશ્વત સુખ સ્વરૂપ મોક્ષ શીઘ્ર પ્રાપ્ત થાય. **॥૧૩૭૬॥**

**અવતરણિકા :-**

**शाश्वतमेव सौख्यं मोक्षे प्रतिपादयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**મોક્ષમાં શાશ્વત જ સુખને પ્રતિપાદન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**रागादीणमभावा जम्मादीणं असंभवातो य ।**
**अव्वाबाहातो खलु सासयसोक्खं तु सिद्धाणं ।।१३७७।।**

**છાયા :-**

रागादीनामभावाद् जन्मादीनामसंभवाच्च ।
अव्याबाधात् खलु शाश्वतसौख्यं तु सिद्धानाम् ।।१३७७।।

**ગાથાર્થ :-**

**રાગાદિનો અભાવ હોવાથી અને જન્માદિનો અસંભવ હોવાથી, અવ્યાબાધ હોવાથી ખરેખર સિદ્ધોને શાશ્વત સુખ જ છે. ।।૧૩૭૭।।**

**ટીકા :-**

**रागादीनामभावात् जन्मादीनामसंभवाच्च तथा अव्याबाधातः खलु शाश्वतसौख्यमेव, तुरेवकारार्थः, सिद्धानामिति गाथासंक्षेपार्थः ।।१३७७।।**

**ટીકાર્થ :-**

रागादीनामभावात् ..... गाथासंक्षेपार्थः ।। **રાગાદિનો અભાવ હોવાથી અને જન્માદિનો અસંભવ હોવાથી અને અવ્યાબાધ હોવાથી=કર્મકૃત સર્વ પ્રકારની બાધાનો અભાવ હોવાથી, સિદ્ધોને શાશ્વત સુખ જ છે. ગાથામાં રહેલો 'तु' શબ્દ 'एवकार' અર્થવાળો છે. ।।૧૩૭૭।।**

**ભાવાર્થ :-**

જીવને કોઈ ઉપદ્રવ ન હોય તો પૂર્ણ સ્વસ્થતારૂપ સુખનું જ વેદન થાય છે અને સંસાર અવસ્થામાં જીવને અંતરંગ રીતે રાગાદિ ભાવો દુઃખ ઉત્પન્ન કરે છે અર્થાત્ સોળ કષાય અને નવ નોકષાય જીવને સતત પીડા ઉત્પન્ન કરે છે. વળી, મોક્ષમાં તે ભાવોનો અભાવ હોવાથી તે પ્રકારની કદર્થના નથી. વળી, સંસારી જીવો કર્મને પરવશ જન્મે છે, શ્રમ કરીને દેહ આદિના ઉપદ્રવોને શમાવવા અર્થે ધન અર્જનાદિ કરે છે અને પરવશ મૃત્યુને પામે છે. તેથી સંસારી જીવોને જન્મ, મરણ, રોગાદિ સર્વ ભાવોકૃત વિડંબના વર્તે છે. તે વિડંબના મોક્ષમાં સંભવતી નથી. વળી સંસારી જીવોને કર્મકૃત બાધાઓ વર્તે છે, તે સર્વ બાધાઓનો મોક્ષમાં અભાવ છે. તેથી સિદ્ધના જીવોને સર્વ પ્રકારના ઉપદ્રવોનો અભાવ હોવાથી શાશ્વત સુખ છે. માટે શાશ્વત સુખના અર્થી જીવે પૂર્વમાં વર્ણન કરાયેલા ભાવધર્મનું સમ્યક્ સેવન કરવું જોઈએ. જેથી શાશ્વત સુખ પ્રાપ્ત થાય. **॥૧૩૭૭॥**

**અવતરણિકા :-**

**प्रपञ्चतः स्वयमेवार्थः(र्थमाह)—**

**અવતરણિકાર્થ :-**

**વિસ્તારથી સ્વયં જ આ અર્થને ગ્રંથકારશ્રી કહે છે —**

**ગાથા :-**

**रागो दोसो मोहो दोसाभिस्संगमादिलिंग त्ति ।**
**अतिसंकिलेसरूवा हेतू चिय संकिलेसस्स ।।१३७८।।**

**છાયા :-**

**रागो द्वेषो मोहो दोषा अभिष्वङ्गादिलिङ्गा इति ।**
**अतिसंक्लेशरूपा हेतव एव संक्लेशस्य ।।१३७८।।**

**ગાથાર્થ :-**

**રાગ, દ્વેષ, મોહરૂપ દોષો અભિષ્વંગાદિ લિંગવાળા અતિ સંક્લેશરૂપ છે. સંક્લેશના હેતુ જ છે. ।।૧૩૭૮।।**

**ટીકા :-**

**रागो द्वेषो मोह इत्येते दोषा अभिष्वङ्गादिलिङ्गाः, अभिष्वङ्गलक्षणो रागोऽप्रीतिलक्षणो द्वेषः अज्ञानलक्षणो मोह इति, अतिसंक्लेशरूपास्तथानुभवभावात्, तथा हेतवोऽपि संक्लेशस्य, क्लिष्टकर्मनिबन्धनत्वात् ।।१३७८।।**

**ટીકાર્થ :-**

**रागो ..... बन्धनत्वात् ।। રાગ, દ્વેષ, મોહ એ દોષો અભિષ્વંગાદિ લિંગવાળા છે, અભિષ્વંગ લક્ષણ રાગ છે, અપ્રીતિલક્ષણ દ્વેષ છે અને અજ્ઞાન લક્ષણ મોહ છે. 'इति' શબ્દ ત્રણના સ્વરૂપની સમાપ્તિ માટે છે અને 'રાગ, દ્વેષ, મોહ અભિષ્વંગ લિંગવાળા કેવા છે ?' તે બતાવતા કહે છે. અતિ સંક્લેશરૂપ છે; કેમ કે તે પ્રકારે અનુભવનો ભાવ છે=સંસારી જીવોને સંક્લેશ સ્વરૂપે જ રાગાદિનો અનુભવનો સદ્ભાવ છે, અને સંક્લેશના હેતુઓ પણ છે; કેમ કે ક્લિષ્ટ કર્મનું કારણપણું છે. ॥૧૩૭૮॥**

**ભાવાર્થ :-**

રાગ, દ્વેષ અને મોહથી વિકૃત સંસારી જીવોની પરિણતિ વર્તે છે અને નિમિત્તને પામીને જીવને તે પદાર્થો પ્રત્યે અભિષ્વંગ થાય છે. ત્યારે તે લિંગથી તેનામાં વર્તતો રાગનો ભાવ દેખાય છે. વળી, નિમિત્તને પામીને અપ્રીતિ થાય છે. તેના લિંગથી તે જીવમાં વર્તતો દ્વેષનો ભાવ જણાય છે. વળી જીવમાં અજ્ઞાનતાઆપાદક જ્ઞાનાવરણીય કર્મો છે, તો પણ જ્યારે જે જીવોમાં પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોવામાં અજ્ઞાન વર્તતું હોય છે એ લિંગથી તે જીવમાં વર્તતા વિશેષ અજ્ઞાનનો બોધ થાય છે. જેમ ધર્મનાં કૃત્યો માત્ર બાહ્યથી ધર્મરૂપે દેખાય અને તે કૃત્યો કઈ રીતે કષાયોનો ક્ષય કરીને ધર્મ નિષ્પન્ન કરે છે તેનો બોધ જે જીવોને થતો નથી, તે જીવો માત્ર બાહ્ય ધર્મ કૃત્ય કરીને 'મેં ધર્મકૃત્ય કર્યું છે' તેવું મિથ્યાભિમાન ધારણ કરે છે. તે અજ્ઞાન લક્ષણ લિંગથી તેનો મોહ જણાય છે અને આ સર્વ ભાવો જીવ માટે અતિ સંક્લેશ સ્વરૂપ છે; કેમ કે અજ્ઞાનને વશ જ રાગાદિના સંક્લેશો કરીને જીવ સર્વ પ્રકારની અનર્થોની પરંપરાને પ્રાપ્ત કરે છે. વળી, આ રાગાદિ ભાવો જેમ સંક્લેશરૂપ છે તેમ સંક્લેશના હેતુ પણ છે; કેમ કે રાગ, દ્વેષ અને મોહને વશ જીવો ક્લિષ્ટ કર્મ બાંધીને દુર્ગતિઓમાં જાય છે અને અનેક સંક્લેશોને પ્રાપ્ત કરે છે. **॥૧૩૭૮॥**

**ગાથા :-**

**एतेहऽभिभूयाणं संसारीणं कतो सुहं किंचि? ।**
**जम्मजरामरणजलं भवजलहिं परियडंताणं ।।१३७९।।**

**છાયા :-**

**एतैरिहाभिभूतानां संसारिणां कुतः सौख्यं किंचित् ।**
**जन्मजरामरणजलं भवजलधिं पर्यटताम् ।।१३७९।।**

**ગાથાર્થ :-**

**અહીં=સંસારમાં, આનાથી=રાગાદિથી, અભિભૂત જન્મ, જરા, મરણરૂપી જલવાળા ભવરૂપી સમુદ્રમાં ભટકતા સંસારી જીવોને કંઈક પણ સુખ ક્યાંથી હોય ? ।।૧૩૭૯।।**

**ટીકા :-**

**एतैः-रागादिभिरभिभूतानाम्-अस्वतन्त्रीकृतानां संसारिणां सत्त्वानां कुतः सौख्यं किंचित्?, नैव**

किंचिदपीत्यर्थ । किंविशिष्टानामित्याह—जन्मजरामरणजलं भवजलधिं-संसारार्णवं पर्यटतां-भ्रमतामिति ।।१३७९।।

**ટીકાર્થ :-**

**एतैः- ..... भ्रमतामिति ।। આ રાગાદિ વડે અભિભૂત=અસ્વતંત્રીકૃત, એવા સંસારી જીવોને, કંઈ સુખ ક્યાંથી હોય ? અર્થાત્ કંઈ પણ સુખ ન જ હોય. કેવા વિશિષ્ટ સંસારી જીવોને ? એથી કહે છે, જન્મ, જરા, મરણરૂપી જલ છે જેમાં એવા ભવરૂપી સમુદ્રમાં=સંસારરૂપ સમુદ્રમાં, ભટકતા=ભમતા જીવોને, સુખ ક્યાંથી હોય ! એમ અન્વય છે. ॥૧૩૭૯॥**

**ભાવાર્થ :-**

મોક્ષના વાસ્તવિક સુખનો બોધ કરાવવવા અર્થે કહે છે – 'સુખના વ્યાઘાતક રાગ, દ્વેષ અને મોહ છે અને સંસારી જીવો રાગ, દ્વેષ અને મોહથી અત્યંત પરવશ છે અને નવાં નવાં કર્મો બાંધીને તે તે ભવમાં ભટકે છે.' તે કથનને પ્રધાન કરીને 'તેઓને કંઈક પણ સુખ નથી', એમ કહેલ છે અને જે જે અંશથી રાગાદિ ક્લેશ અલ્પ થાય છે અને તેના કારણે પુણ્ય બંધાય છે ત્યારે અલ્પ ક્લેશ અને પુણ્યના સહકારથી સુગતિમાં વર્તતા જીવોને કંઈક સુખ પ્રાપ્ત થાય છે તો પણ સર્વથા રાગાદિ અભાવજન્ય સુખ વીતરાગને છે. તેથી તે સિવાયના જીવોને કંઈ સુખ નથી એમ કહેલ છે. **॥૧૩૭૯॥**

**અવતરણિકા :-**

**एतदभावे सुखमाह—**

**અવતરણિકાર્થ :-**

**આના અભાવમાં=રાગાદિના અભાવમાં, સુખને કહે છે –**

**ગાથા :-**

**रागादिविरहतो जं सोक्खं जीवस्स तं जिणो मुणति ।**
**ण हि सण्णिवातगहिओ जाणइ तदभावजं सातं ।।१३८०।।**

**છાયા :-**

**रागादिविरहतो यत् सौख्यं जीवस्य तज्जिनो मुनति (जानाति) ।**
**न हि सन्निपातगृहीतो जानाति तदभावजं सातम् ।।१३८०।।**

**ગાથાર્થ :-**

**રાગાદિના વિરહથી જીવને જે સુખ છે, તેને જિન જાણે છે. हि=જે કારણથી, સન્નિપાતથી ગ્રહિત જીવ તેના અભાવથી થનારા સુખને=સન્નિપાતના અભાવથી થનારા સુખને, જાણતો નથી. ।।૧૩૮૦।।**

**ટીકા :-**

**रागादिविरहतो रागद्वेषमोहाभावेन यत्सौख्यं जीवस्य संक्लेशविवर्जितं तत् जिनो मुणति-अर्हन्नेव सम्यग्विजानाति नान्यः । किमिति चेत्, अत आह—'नहीत्यादि', हिर्यस्मादर्थे न यस्मात्सन्निपातगृहीतः सन् जानाति तदभावजं-संनिपाताभावोत्पन्नं सातं-सौख्यमिति ।।१३८०।।**

**ટીકાર્થ :-**

रागादिविरहतो ..... सौख्यमिति ।। **રાગાદિના વિરહથી=રાગ, દ્વેષ, મોહના અભાવથી, જીવને સંક્લેશ રહિત જે સુખપણું છે, તે જિન=અરિહંત જ, જાણે છે=સમ્યગ્ જાણે છે, અન્ય નહીં. કયા કારણથી ? એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે=કયા કારણથી સંક્લેશ વગરનું સુખ જિન જ જાણે છે, અન્ય નહીં ? એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે, એથી કહે છે, ગાથામાં 'हि' શબ્દ 'यस्माद्' અર્થમાં છે. જે કારણથી સન્નિપાતથી ગૃહીત છતો જીવ, તેના અભાવથી થનારા સુખને=સંનિપાતના અભાવથી થનારા સાતારૂપ, સુખને જાણતો નથી. ॥૧૩૮૦॥**

**ભાવાર્થ :-**

રાગ, દ્વેષ અને અજ્ઞાન જીવમાં સંક્લેશ ઉત્પન્ન કરે છે અને તેની મંદતાથી જીવને કંઈક કંઈક સુખ થાય છે અને સંપૂર્ણ રાગાદિ સંક્લેશના અભાવથી જે સુખ થાય છે, તે સુખને જિનો જ સાક્ષાત્ સ્વસંવેદનથી જાણે છે. વળી, સંપૂર્ણ રાગાદિ નાશ થયા નથી તો પણ શ્રુત જિન, અવધિ જિન આદિ જિનો રાગ, દ્વેષ રહિત સુખને સમ્યક્ કંઈક જાણે છે. આથી જ સર્વ ઉદ્યમથી ક્ષાયિકભાવના જિનપણાને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે અને 'રાગાદિ રહિત જીવોને સુખ છે', તેવો કંઈક સ્પષ્ટ બોધ હોવાથી નિમિત્તોને પામીને પણ એવા મહાત્માઓની ઇન્દ્રિયો વિષયોની તૃષાવાળી થતી નથી પરંતુ પારમાર્થિક સુખ અર્થે જ સતત ઉદ્યમશીલ રહે છે. કેમ જિન સિવાય અન્ય જીવો તે સુખને જોઈ શકતા નથી ? તે બતાવવા અર્થે કહે છે જે જીવોને સન્નિપાત થયો છે તેઓ સતત બોલ બોલ કરીને આનંદ લેનારા હોય છે. કંઈક કંઈક બકવાસ કરે છે પરંતુ સન્નિપાતના અભાવથી થનારા સુખને તેઓ જાણતા નથી, તેથી તે તે પ્રકારે બોલ બોલ કરીને આનંદ લઈ શકે છે તેમ સંસારી જીવો કષાયને પરવશ હોવાથી તે તે પ્રકારની ઇન્દ્રિયોની પ્રવૃત્તિઓ કરીને થતા સુખને જ સુખરૂપે જોઈ શકે છે પરંતુ ઇન્દ્રિયોના કોલાહલના શમનજન્ય સુખને જોઈ શકતા નથી પણ સર્વજ્ઞ વીતરાગ જ તે સુખને જોઈ શકે છે. **॥૧૩૮૦॥**

**અવતરણિકા :-**

**जन्मादीनामसंभवाच्चेति यदुक्तं तद्भाव्यते, तत्र जन्माद्यभावमेव तावदाह—**

**અવતરણિકાર્થ :-**

**'જન્માદિના અસંભવથી' એ પ્રમાણે જે ગાથા-૧૩૭૭માં કહેવાયું='જન્માદિના અસંભવથી સિદ્ધોને**

શાશ્વત સુખ થાય છે' એમ જે કહેવાયું તે ભાવન કરાય છે, ત્યાં=જન્માદિના અભાવના સુખના વિષયમાં, જન્માદિના અભાવને જ કહે છે –

**ગાથા :-**

**दड्ढम्मि जहा बीए ण होति पुणरंकुरस्स उप्पत्ती ।**
**तह चेव कम्मबीए भवंकुरस्सावि पडिकुट्ठा ।।१३८१।।**

**છાયા :-**

**दग्धे यथा बीजे न भवति पुनरङ्कुरस्योत्पत्तिः ।**
**तथैव कर्मबीजे भवाङ्कुरस्यापि प्रतिकृष्टा ।।१३८१।।**

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે બીજ દગ્ધ થયે છતે ફરી અંકુરની ઉત્પત્તિ થતી નથી તે પ્રમાણે જ કર્મબીજ દગ્ધ થયે છતે ભવરૂપી અંકુરની પણ ઉત્પત્તિ પ્રતિકૃષ્ટ છે. ||૧૩૮૧||**

**ટીકા :-**

**यथा दग्धे बीजे-शाल्यङ्कुरादिनिबन्धने न भवति पुनरङ्कुरस्य शाल्यादिसंबन्धिन उत्पत्तिस्तथैव कर्मबीजे दग्धे सति भवाङ्कुरस्याप्युत्पत्तिः प्रतिकृष्टा-निराकृता, निमित्तापगमात् ।।१३८१।।**

**ટીકાર્થ :-**

**यथा ..... निमित्तापगमात् ।। જે પ્રમાણે બીજ દગ્ધ થયે છતે=શાલિના અંકુરાદિનું કારણ એવું બીજ બળી ગયે છતે, ફરી શાલિ આદિ સંબંધી અંકુરની ઉત્પત્તિ થતી નથી તે પ્રમાણે જ કર્મબીજ દગ્ધ થયે છતે ભવરૂપી અંકુરની પણ ઉત્પત્તિ પ્રતિકૃષ્ટ છે=નિરાકૃત છે; કેમ કે નિમિત્તનું અપગમ છે. ||૧૩૮૧||**

**ભાવાર્થ :-**

બીજને જલાદિ સામગ્રી મળે તો તેમાંથી અંકુરો થાય છે અને શાલિ આદિનું બીજ અગ્નિથી બળી ગયેલું હોય એવા બળેલા બીજને વપન, જલસિંચન આદિ સામગ્રી મળે તો પણ અંકુરો થાય નહીં તેમ જીવમાં બાહ્ય પદાર્થો પ્રત્યે સંશ્લેષ થાય તેવી પરિણતિ વિદ્યમાન છે અને તેવી પરિણતિવાળો જીવ બાહ્ય નિમિત્તોને પામીને તેના પ્રત્યે સંશ્લેષવાળો થાય છે, તેના દ્વારા કર્મો બાંધે છે જેનાથી નવા નવા ભવોની પ્રાપ્તિ થાય છે અને જેઓનો સંશ્લેષનો પરિણામ ધ્યાનરૂપી અગ્નિથી દગ્ધ થયેલો છે અર્થાત્ નાશ પામેલો છે તેઓ બાહ્ય નિમિત્તોને પ્રાપ્ત કરે છે તો પણ નવા ભવની પ્રાપ્તિના કારણીભૂત કર્મો બાંધતા નથી. તેથી ભવરૂપી અંકુરાદિની ઉત્પત્તિ નથી; કેમ કે સંશ્લેષરૂપ નિમિત્તનો અભાવ છે. **||૧૩૮૧||**

ગાથા :-

जम्माभावे ण जरा ण य मरणं ण य भयं ण संसारो ।
एतेसिमभावातो कहं ण सोक्खं परं तेसिं? ।।१३८२।।

છાયા :-

जन्माभावे न जरा न च मरणं न च भयं न संसारः ।
एतेषामभावात् कथं न सौख्यं परं तेषाम् ? ।।१३८२।।

ગાથાર્થ :-

**જન્મના અભાવમાં જરા નથી અને મરણ નથી અને ભય નથી, સંસાર નથી. આ બધાના અભાવથી કેવી રીતે તેઓને=સિદ્ધના જીવોને, પ્રકૃષ્ટ સુખ ન થાય ? અર્થાત્ પ્રકૃષ્ટ સુખ થાય જ. ||૧૩૮૨||**

ટીકા :-

जन्माभावे न जरा-वयोहानिलक्षणा आश्रयाभावात्, न च मरणं-प्राणत्यागलक्षणं, तदभावे न च भयमिहलोकभयादिभेदभिन्नं, तन्निबन्धनभवकारागृहावताराभावात्, न च संसारो-नारकादिभव-भ्रमणरूपो, जन्माभावात्, (न च ) एतेषां-जन्मादीनामभावात् कथं न सौख्यं परं तेषां सिद्धानां,? सौख्यमेवेति भावः । जन्मादीनामेव दुःखरूपत्वादिति ।।१३८२।।

ટીકાર્થ :-

जन्माभावे ..... दुःखरूपत्वादिति ।। **જન્મના અભાવમાં જરા=વયના હાનિરૂપ જરા, નથી; કેમ કે આશ્રયનો અભાવ છે=જરાનો આશ્રય શરીર છે તેનો અભાવ છે, અને પ્રાણત્યાગરૂપ મરણ નથી અને તેના અભાવમાં=મરણના અભાવમાં, ભય નથી=ઇહલોક ભયાદિના ભેદથી ભેદવાળો ભય નથી; કેમ કે તેના કારણ ભવરૂપી કારાગૃહના અવતારનો અભાવ છે અને નારકાદિ ભવભ્રમણરૂપ સંસાર નથી; કેમ કે જન્મનો અભાવ છે. આમના=જન્માદિના, અભાવથી તે સિદ્ધના જીવોને પરમ સૌખ્ય કેમ નથી ? અર્થાત્ સુખ જ છે, એ પ્રમાણેનો ભાવ છે; કેમ કે જન્માદિનું જ દુઃખરૂપપણું છે. ।।૧૩૮૨।।**

ભાવાર્થ :-

જીવ જ્ઞાન સ્વભાવવાળો છે અને કર્મના સંયોગથી જ્ઞાન સ્વભાવવાળા જીવને જન્મરૂપ ઉપદ્રવની પ્રાપ્તિ થાય છે જેથી કર્મને પરવશ જન્મે છે. વળી, સિદ્ધના જીવોએ કર્મોનો નાશ કરેલો હોવાથી તેઓને જન્મનો અભાવ છે અને જન્મના અભાવને કારણે જરા, મરણ, ભય, ચાર ગતિમાં પરિભ્રમણરૂપ સંસાર પ્રાપ્ત થતો નથી અને કર્મને પરવશ પ્રાપ્ત થતા જન્માદિ ઉપદ્રવોના અભાવમાં જ્ઞાનમય જીવને કેવી રીતે પ્રકૃષ્ટ સુખ ન થાય ? અર્થાત્ સર્વ ઉપદ્રવ રહિત હોવાથી પ્રકૃષ્ટ સુખ પ્રાપ્ત થાય જ. **||૧૩૮૨||**

**અવતરણિકા :-**

**‘अव्याबाधात’ इति प्रपञ्चयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

અવ્યાબાધથી=ગાથા-૧૩૭૭માં કહેલું કે ‘અવ્યાબાધ હોવાથી સિદ્ધોને શાશ્વત સુખ છે’ એથી, તે ત્રીજા હેતુને વિસ્તાર કરતાં કહે છે –

**ગાથા :-**

**अव्वाबाधाओ च्चिय सयलिंदियभोगविसयपज्जंते ।**
**उस्सुगविणिवित्तीतो संसारसुहं च सद्धेयं ।।१३८३।।**

**છાયા :-**

**अव्याबाधादेव सकलेन्द्रियभोगविषयपर्यन्ते ।**
**औत्सुक्यविनिवृत्तितः संसारसुखमिव श्रद्धेयम् ।।१३८३।।**

**ગાથાર્થ :-**

**સકલ ઈન્દ્રિયના ભોગના વિષયના પર્યંતમાં ઔત્સુક્યની નિવૃત્તિ થવાથી સંસારના સુખની જેમ અવ્યાબાધાથી જ શ્રદ્ધેય છે=સિદ્ધના જીવોનું સુખ શ્રદ્ધેય છે. ।।૧૩૮૩।।**

**ટીકા :-**

**अव्याबाधात एव सिद्धानां सौख्यं श्रद्धेयम् । किमिवेत्याह—‘सकलेन्द्रियभोगविषयपर्यन्ते’ अशेषचक्षुरादीन्द्रियप्रकृष्टरूपादिविषयानुभवचरमकाले औत्सुक्यनिवृत्तेः-अभिलाषव्यावृत्तेरुपजायमानं संसारसुखमिव, तस्यापि मनोज्ञविषयोपभोगतः तद्विषयौत्सुक्यनिवृत्तिरूपत्वात्, उक्तं च—**

‘वेणुवीणामृदङ्गादिनादयुक्तेन हारिणा ।
श्लाघ्यस्मरकथाबद्धगीतेन स्तिमितः सदा ।।१।।
कुट्टिमादौ विचित्राणि, दृष्ट्वा रूपाण्यनुत्सुकः ।
लोचनानन्ददायीनि, लीलावन्ति स्वकानि हि ।।२।।
अम्बरागुरुकर्पूरधूपगन्धानितस्ततः ।
पटवासादिगन्धांश्च, व्यक्तमाघ्राय निःस्पृहः ।।३।।
नानारससमायुक्तं, भुक्त्वाऽन्नमिह मात्रया ।
पीत्वोदकं च तृप्तात्मा, स्वादयन् स्वादिमं शुभम् ।।४।।
मृदुतूलीसमाक्रान्तदिव्यपर्यङ्कसंस्थितः ।
सहसाम्भोदसंशब्दश्रुतेर्भयघनं भृशम् ।।५।।

इष्टभार्यापरिष्वक्तस्तद्रतान्तेऽथवा नरः ।
सर्वेन्द्रियार्थसंप्राप्त्या, सर्वबोधनिवृत्तिजम् ।।६।।
यद्वेदयति स हृद्यं, प्रशान्तेनान्तरात्मना ।
मुक्तात्मनस्ततो नित्यं सुखमाहुर्मनीषिणः ।।७।। **इत्यादि' ।।१३८३।।**

**ટીકાર્થ :-**

**अव्याबाधात ..... इत्यादि' ।। અવ્યાબાધ હોવાથી જ સિદ્ધના જીવોને સુખ શ્રદ્ધેય છે. કયા કારણથી સિદ્ધોને સુખ છે ? એથી કહે છે, બધી ઇન્દ્રિયોના ભોગના વિષયના પર્યંતમાં ઔત્સુક્યની નિવૃત્તિ હોવાથી=ચક્ષુ આદિ બધી ઇન્દ્રિયોના પ્રકૃષ્ટ રૂપાદિના વિષયના અનુભવના ચરમકાલમાં અભિલાષની વ્યાવૃત્તિ થવાથી, થનારા સંસારના સુખની જેમ સિદ્ધનું સુખ શ્રદ્ધેય છે. એમ અન્વય છે. કેમ સંસારના સુખ જેવું મોક્ષનું સુખ છે ? તેમાં હેતુ કહે છે – તેનું પણ=સંસારના સુખનું પણ, મનોજ્ઞવિષયના ઉપભોગને કારણે તેના વિષય ઔત્સુક્યની નિવૃત્તિરૂપપણું છે અને કહેવાયું છે –**
"વેણુ, વીણા, મૃદંગાદિ નાદથી યુક્ત મનને હરનારા, શ્લાઘ્ય, કામની કથાથી બદ્ધ ગીતથી સદા સ્તિમિત, કુટ્ટિમાદિમાં લોચનને આનંદ દેનારાં વિચિત્ર રૂપોને જોઈને અને લીલાવાળા પોતાના રૂપોને જોઈને, અંબર, અગુરુ, કર્પૂર, ધૂપ, ગંધથી આનિત અને તેનાથી વસ્ત્રોની સુગંધી ગંધોને વ્યક્ત સુંઘીને નિઃસ્પૃહ, અનેક પ્રકારના રસથી સમાયુક્ત એવા અન્નને ભોગવીને અહીં=સંસારમાં, માત્રાથી પાણીને પીને તૃપ્ત આત્મા શુભ ખાદિમને સ્વાદ કરતો, મૃદુ તુલથી સમાક્રાંત દિવ્ય પલંગમાં રહેલો, સહસા વાદળાંઓના સંશબ્દની શ્રુતિથી અત્યંત ભયઘન ઇષ્ટ ભાર્યાના આલિંગનવાળો, તેના રતિના અંતમાં જે વેદન કરે છે અથવા સર્વ ઇન્દ્રિયના અર્થની સંપ્રાપ્તિથી મનુષ્ય સર્વ બોધની નિવૃત્તિને થનારું જે વેદન કરે છે=જે સુખ વેદન કરે છે, તે પ્રશાંત અંતરાત્માથી હૃદ્ય છે=આનંદથી વેદ્ય છે. તેનાથી=તે દૃષ્ટાંતથી, મુક્તાત્માને નિત્ય સુખ મનીષીઓ કહે છે." **॥૧૩૮૩॥**

**ભાવાર્થ :-**

'મોક્ષમાં સર્વ બાધાઓના અભાવથી સુખ છે. તે કઈ રીતે શ્રદ્ધેય બને ?' તે સંસારી જીવોના અનુભવ અનુસાર સ્પષ્ટ કરે છે. કોઈ જીવને બધી ઇન્દ્રિયોના આલ્હાદને કરે તેવા પ્રકૃષ્ટ રૂપાદિ વિષયોની પ્રાપ્તિ થાય અને ઇચ્છાનુસાર તેનો અનુભવ કરે અને જ્યારે તે આલ્હાદથી પૂર્ણ સંતોષ પામે છે ત્યારે તેને તે તે ઇન્દ્રિયોના વિષયોમાં જે ઉત્સુકતા હતી તે નિવર્તન પામે છે. તેનાથી તૃપ્ત થયેલા સંસારી જીવને જે સુખ પ્રતીત થાય છે તેના જેવું મોક્ષનું સુખ શ્રદ્ધેય છે; કેમ કે જેઓ સંસારના વાસ્તવિક સ્વરૂપનું અવલોકન કરીને 'અંતરંગ કષાય અને નોકષાયો આત્માને પીડાકારી છે અને તેના કારણે જ સંસારની સર્વ વિડંબના પ્રાપ્ત થાય છે' તેવો બોધ કરીને ધર્મનું સેવન કરે છે તેઓને ઉત્તરમાં ઉત્તમ દેવ આદિના ભવો મળે છે અને 'કષાયની અનાકુળતા જ સુખ છે' તેવા બોધવાળા જીવો પુણ્યના સહકારથી મનોજ્ઞ વિષયનો ભોગ કરે છે. તેનાથી પણ તેઓને ક્રમસર વિષયો પ્રત્યેના ઔત્સુક્યની નિવૃત્તિ થાય છે અને જ્યારે તત્ત્વના ભાવનથી સર્વ પ્રકારના વિષયો વિષયક ઔત્સુક્ય નિવૃત્ત થાય છે ત્યારે તેઓને વીતરાગતાનું સુખ થાય છે અને તેના

પ્રકર્ષરૂપ જ મોક્ષનું સુખ છે. આનાથી એ ફલિત થાય કે 'સંસારી જીવોને ભોગની જે ઇચ્છા થાય છે તે ઇચ્છા સ્વયં સુખ નથી; કેમ કે ઉત્સુકતા રૂપ છે. ભોગનો શ્રમ કરે છે, તે સ્વયં સુખરૂપ નથી; કેમ કે શ્રમરૂપ છે.' વળી, ભોગકાળમાં જે રતિ થાય છે તે કંઈક સુખરૂપ હોવા છતાં ખણજકાળમાં ખણજથી થતી રતિતુલ્ય છે માટે કંઈક વિકૃત સુખ છે પરંતુ ઉત્સુકતાની નિવૃત્તિ થાય અને નવી નવી ઉત્સુકતાઓ ન થાય તો તૃપ્તિજન્ય સુખ થાય છે અને મહાત્માઓ સાધનાથી ઇચ્છારૂપી રોગનો ક્રમસર નાશ કરે છે અને જે કંઈ ક્ષીણ થતી પણ ઇચ્છાઓ નાશ પામી નથી તે ઇચ્છાના નાશ માટે કરાતા યત્નથી સરાગ સંયમકાળમાં બંધાતા પુણ્યથી દેવલોકનાં સુખો મળે છે, ત્યાં ઉત્તમ ભોગો કરીને પણ તેઓ વિશેષ પ્રકારની તૃપ્તિવાળા થાય છે જેથી ફરી તે ભોગોની ઇચ્છા થાય નહીં અને જેઓમાં તત્ત્વના ભાવથી અને દેવાદિ ભાવોના ભોગોથી પ્રચુર ઇચ્છા શાંત થઈ છે. છતાં કંઈક ઇચ્છા નિવૃત્ત થઈ નથી તેવા જીવો ચક્રવર્તી આદિના ભોગોને પામીને ચરમભવમાં શ્રી શાંતિનાથ ભગવાન આદિની જેમ મનોજ્ઞ વિષયના ઉપભોગથી જે કંઈક ઇચ્છા શેષ હતી તેની તૃપ્તિને અનુભવે છે. વળી તે ઇચ્છાની શાંતિ થાય છે ત્યારે સંયમને અભિમુખ પરિણામવાળા થઈને સંયમ ગ્રહણ કરે છે. તેના દ્વારા સર્વ ઔત્સુક્યની નિવૃત્તિ કરે છે, ત્યારે સંયમકાળમાં વિશેષ પ્રકારના સ્વાસ્થ્યનું સુખ થાય છે અને વીતરાગ થાય છે ત્યારે સદા માટે તે ઔત્સુક્યની નિવૃત્તિ થવાથી જે સુખ થાય છે તેનાથી મોક્ષમાં કેવું સુખ છે તેનો કંઈક નિર્ણય માર્ગાનુસારી પ્રજ્ઞાથી સંસારી જીવો કરી શકે છે. જેથી અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરવાની ઉત્કટ ઇચ્છા થાય છે. **॥૧૩૮૩॥**

**અવતરણિકા :-**

**संसारसुखमपि औत्सुक्यनिवृत्तिरूपत्वान्मोक्षसमानमभिहितं तन्मा भूदतिविषयामिषलालसानां तत्रैवास्थानिर्बन्ध इति ततः सकाशात् मोक्षसुखे विशेषमाह—**

**અવતરણિકાર્થ :-**

**સંસારનું સુખ પણ ઔત્સુક્યની નિવૃત્તિરૂપપણું હોવાથી મોક્ષની સાથે સમાન કહેવાયું. તેનાથી અતિવિષય અભિલાષવાળા જીવોને ત્યાં જ=સંસારના સુખમાં જ, આસ્થાનું કારણ ન થાઓ=પૂર્વની ગાથાનું કથન સંસારી જીવોને સંસારના સુખને જ પ્રાપ્ત કરવાના ઉત્સાહનું આધાયક ન થાઓ, એથી તેનાથી=સંસારના સુખથી, મોક્ષના સુખમાં વિશેષને કહે છે –**

**ગાથા :-**

**इयमित्तरा णिवित्ती सा पुण आवकहिया मुणेयव्वा ।**
**भावा पुणो वि णेयं एगंतेणं तई णियमा ।।१३८४।।**

**છાયા :-**

**इयमित्वरा निवृत्तिः सा पुनर्यावत्कथिका ज्ञातव्या।**
**भावात् पुनरपि नेयमेकान्तेन सा नियमात् ।।१३८४।।**

ગાથાર્થ :-

**આ ઈત્વર નિવૃત્તિ છે=સંસારના સુખના ઔત્સુક્યની નિવૃત્તિ અલ્પકાલીન છે. વળી તે=મોક્ષમાં ઔત્સુક્યની નિવૃત્તિ, યાવત્ જાણવી. આ=સંસારના ઔત્સુક્યની નિવૃત્તિ, એકાંતથી નથી; કેમ કે ફરી પણ ભાવ છે=ઔત્સુક્યનો ભાવ છે. તે=સિદ્ધોના ઔત્સુક્યની નિવૃત્તિ, નિયમથી છે. ॥૧૩૮૪॥**

ટીકા :-

**इयमिन्द्रियविषयभोगपर्यन्तकालभाविनी औत्सुक्यनिवृत्तिरित्वरा-स्वल्पकालावस्थायिनी, सा पुनः-सिद्धानां संबन्धिनी औत्सुक्यनिवृत्तिः सार्वकालिकी मुणितव्या । कुत इत्याह—'भावेत्यादि' यस्मादियमिन्द्रियविषयोपभोगपर्यन्तकालभाविनी औत्सुक्यनिवृत्तिर्नैकान्तेन सर्वथा निवृत्तिरेव, किमित्याह—भावात् पुनरपि-भूयोऽपि प्रवृत्तेः, सा पुनः सिद्धानां संबन्धिनी औत्सुक्यनिवृत्तिर्नियमात् एकान्तेनैव निवृत्तिरेव, न पुनर्भूयोऽपि भवतीतियावत् । ततो महदेव सिद्धानां सौख्यमिति, तत्रैव न्यायचक्षुषामास्था-निर्बन्धो युक्त इति ॥१३८४॥**

ટીકાર્થ :-

**इयमिन्द्रिय ..... इति ॥ આ=ઈન્દ્રિયના વિષયના ભોગપર્યંતકાલભાવી ઔત્સુક્યની નિવૃત્તિ, ઈત્વર છે=સ્વલ્પકાલાવસ્થાયી છે. વળી તે=સિદ્ધો સંબંધી ઔત્સુક્યની નિવૃત્તિ, સર્વકાલિકી જાણવી. કયા કારણથી સિદ્ધમાં ઔત્સુક્યની નિવૃત્તિ સદા છે ? એથી કહે છે, જે કારણથી આ=ઈન્દ્રિયના વિષયના ઉપભોગપર્યંતકાલભાવિની ઔત્સુક્યની નિવૃત્તિ, એકાંતથી=સર્વથા, નિવૃત્તિ જ નથી, કયા કારણથી સર્વથા નિવૃત્તિ નથી ? એથી કહે છે. ભાવને કારણે=ઔત્સુક્યના ભાવને કારણે, ફરી પણ પ્રવૃત્તિ છે. વળી તે=સિદ્ધો સંબંધી ઔત્સુક્યની નિવૃત્તિ, નિયમથી=એકાંતથી જ, નિવૃત્તિ જ છે, ફરી પણ થતી નથી=ફરી પણ પ્રવૃત્તિ થતી નથી, તેથી સિદ્ધોને મહાન જ સુખ છે. એથી તેમાં જ=સિદ્ધોના સુખમાં જ, ન્યાયચક્ષુવાળા જીવોની આસ્થાનો આગ્રહ યુક્ત છે. ॥૧૩૮૪॥**

ભાવાર્થ :-

સંસારી જીવને વિષયોની ઉત્સુકતા થાય છે, પુણ્યના સહકારથી વિષયોની પ્રાપ્તિ થાય છે અને ઇચ્છાનુસાર વિષયોના ભોગ પછી ઔત્સુક્યની નિવૃત્તિ થાય છે જે સુખ સ્વરૂપ છે અને જે જીવોને વિવેક પ્રગટ્યો છે તેઓને ઔત્સુક્ય સુખરૂપ દેખાતું નથી, ભોગની પ્રવૃત્તિ સુખરૂપ દેખાતી નથી પરંતુ ઔત્સુક્યની નિવૃત્તિ જ સુખરૂપ દેખાય છે. છતાં અનાદિકાલના ભોગના સંસ્કારોને કારણે ફરી ફરી ઔત્સુક્ય થાય છે અને પુણ્યના સહકારથી ભોગની પ્રવૃત્તિ કરે છે ત્યારે તે ઔત્સુક્યની નિવૃત્તિ થાય છે અને જેઓમાં વિવેક છે તેઓને સર્વથા ઔત્સુક્યની નિવૃત્તિ જ પ્રિય છે. તેથી તેઓ ઔત્સુક્યની વિડંબનાનું ભાવન કરીને

સર્વથા ઔત્સુક્યની નિવૃત્તિ માટે યત્ન કરે છે તો પણ વીતરાગતાની પ્રાપ્તિ થઈ નથી ત્યાં સુધી ઔત્સુક્યની નિવૃત્તિ એકાંતથી જ નથી; કેમ કે ફરી નિમિત્તોને પામીને ઇન્દ્રિયોની ઉત્સુકતા થાય છે. આથી જ ધ્યાનાદિમાં યત્ન કરીને સિંહગુફાવાસી મુનિ નિર્વિકારી અવસ્થાને અભિમુખ પ્રયત્ન કરતા હતા તો પણ રૂપકોશાના નિમિત્તને પામીને ફરી કામનું ઔત્સુક્ય થયું. જ્યારે સિદ્ધ અવસ્થામાં જે ઔત્સુક્યની નિવૃત્તિ છે તે એકાંતથી નિવૃત્તિ છે; કેમ કે સિદ્ધના જીવોને તે પ્રકારની ભોગોની ઇચ્છારૂપ ઔત્સુક્ય ફરી ક્યારેય થતું નથી. આથી જ સર્વ કર્મોરહિત સિદ્ધના જીવોમાં અનંતજ્ઞાન અને અનંતવીર્ય હોવા છતાં ભોગને અનુકૂળ કોઈ પરિણામ જ થતો નથી. જો સર્વથા ઔત્સુક્યની નિવૃત્તિ ન હોય તો જ્ઞાન અને વીર્યના બળથી તેઓ સર્વ પ્રકારના ભોગવિલાસો કરી શકે તેવી શક્તિ છે તો પણ સર્વથા ઔત્સુક્યની નિવૃત્તિને કારણે તેઓને મહાન સુખ છે. માટે બુદ્ધિમાન પુરુષે તેમના સુખમાં જ આગ્રહ રાખવો યુક્ત છે. **॥૧૩૮૪॥**

**ગાથા :-**

**इय अणुभवजुत्तिहेतूसंगतं हंदि णिट्ठितट्ठाणं ।**
**अत्थि सुहं सद्धेयं तह जिणचंदागमातो य ।।१३८५।।**

**છાયા :-**

**इत्यनुभवयुक्तिहेतुसंगतं हंदि निष्ठितार्थानाम् ।**
**अस्ति सुखं श्रद्धेयं तथा जिनचन्द्रागमाच्च ।।१३८५।।**

**ગાથાર્થ :-**

**'જે કારણથી આ રીતે અનુભવથી, યુક્તિથી અને હેતુથી સંગત છે. તે કારણથી નિષ્ઠિતાર્થવાળા સિદ્ધોને સુખ છે' અને જિનચંદ્ર આગમથી તે પ્રકારે શ્રદ્ધેય છે. 'हंदि' શબ્દ ઉપપ્રદર્શનમાં છે. ।।૧૩૮૫।।**

**ટીકા :-**

**यस्मादितिः-एवमुक्तेन प्रकारेण 'अनुभवयुक्तिसंगतम्' अनुभवः-स्वसंवेदनं युक्तिः-उपपत्तिः हेतुः-अन्वयव्यतिरेकलक्षणः एभिः संगतं-घटमानकं तस्मात् 'हंदी'त्युपप्रदर्शने, निष्ठितार्थानां-सिद्धानामस्ति सुखमनन्तमिति श्रद्धेयं-प्रतिपत्तव्यम् । तथा जिनचन्द्रागमाच्च-अर्हद्वचनाच्चेति ।।१३८५।।**

**ટીકાર્થ :-**

**यस्मादितिः- ..... अर्हद्वचनाच्चेति ।। જે કારણથી આ રીતે=ઉક્ત પ્રકારથી, અનુભવયુક્તિહેતુથી સંગત=અનુભવ અર્થાત્ સ્વસંવેદન, યુક્તિ અર્થાત્ ઉપપત્તિ, હેતુ અર્થાત્ અન્વય-વ્યતિરેક લક્ષણ હેતુ, આનાથી સંગત, અર્થાત્ ઘટમાન છે, તે કારણથી નિષ્ઠિતાર્થવાળા સિદ્ધોને અનંત સુખ છે, એ**

**પ્રમાણે શ્રદ્ધેય છે=સ્વીકારવા યોગ્ય છે, અને જિનચંદ્રના આગમથી=અરિહંતના વચનરૂપ આગમથી, સ્વીકારવા યોગ્ય છે. ગાથામાં 'हंदि' શબ્દ ઉપપ્રદર્શનમાં છે. ।।૧૩૮૫।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને ઔત્સુક્યની નિવૃત્તિથી સુખ થાય છે તેમ સિદ્ધોને ઔત્સુક્યની નિવૃત્તિથી સુખ છે, એમ પૂર્વમાં બતાવ્યું અને સંસારી જીવોની ઔત્સુક્યની નિવૃત્તિ અલ્પકાલીન છે, સિદ્ધોની શાશ્વત છે એમ અનુભવ, યુક્તિ અને હેતુથી બતાવ્યું. તેથી નિષ્ઠિતાર્થવાળા સિદ્ધ ભગવંતોને અનંત સુખ છે, શાશ્વત સુખ છે એમ સ્વીકારવું જોઈએ. વળી, ભગવાનનું વચન પણ કહે છે કે સંસારનાં સર્વ સુખોથી અતિશય એવું સુખ સિદ્ધ ભગવંતોને છે, તે વચનના બળથી પણ સિદ્ધોને શાશ્વત સુખ છે એમ સ્વીકારવું જોઈએ. **।।૧૩૮૫।।**

**અવતરણિકા :-**

**इदानीमस्यैवातिशयख्यापनार्थमनुपमतामाचिख्यासुराह—**

**અવતરણિકાર્થ :-**

**હવે આના જ=સિદ્ધના સુખના જ, અતિશયને ખ્યાપન માટે અનુપમતાને=ઉપમાથી અતીતતાને, કહેવાની ઇચ્છાવાળા કહે છે —**

**ગાથા :-**

**ण य सव्वण्णू वि इमं उवमाभावा चएति परिकहितुं ।**
**ण य तिहुयणे वि सरिसं सिद्धसुहस्सावरं अत्थि ।।१३८६।।**

**છાયા :-**

**न च सर्वज्ञोऽपि इदमुपमाभावात् शक्नोति परिकथयितुम् ।**
**न च त्रिभुवनेऽपि सदृशं सिद्धसुखस्यापरमस्ति ।।१३८६।।**

**ગાથાર્થ :-**

**અને ઉપમાના અભાવને કારણે સર્વજ્ઞ પણ આને=સિદ્ધોના સુખને, કહેવા માટે સમર્થ નથી. જે કારણથી ત્રિભુવનમાં પણ સિદ્ધના સુખના સદૃશ અપર સુખ નથી. ।।૧૩૮૬।।**

**ટીકા :-**

**न च सर्वज्ञोऽपि-त्रिभुवनभाविभूतभवद्भविष्यद्भावस्वभावसाक्षात्कार्यपि इदं-सिद्धानां सौख्यं यथावत्परिकथयितुं शक्नोति । कुत इत्याह—उपमाऽभावात् । तदभाव एव कथं सिद्ध इति चेत् अत आह—'न येत्यादि' 'चो' हेतौ, यस्मान्न त्रिभुवनेऽपि-भुवनत्रयेऽपि सिद्धसुखस्य सदृशमपरं किंचित्सुखमस्ति, तत उपमाया अभावः ।।१३८६।।**

**ટીકાર્થ :-**

**ન ચ ..... અભાવઃ ।। અને સર્વજ્ઞ પણ=ત્રણ ભુવનના ભાવિ, ભૂત અને વર્તમાનમાં થનારા ભાવોને સ્વભાવથી સાક્ષાત્કારી પણ, આ=સિદ્ધોનું સુખ, યથાવત્ કહેવા માટે સમર્થ નથી. કયા કારણથી સમર્થ નથી ? એથી કહે છે, ઉપમાનો અભાવ છે. તેનો અભાવ જ=ઉપમાનો અભાવ જ કેવી રીતે સિદ્ધ છે ? એ પ્રમાણે જો પૂર્વપક્ષી પ્રશ્ન કરે, એથી કહે છે. 'ચ' શબ્દ હેતુ અર્થમાં છે. તેથી 'ચ'નો અર્થ યસ્માત્ છે, જે કારણથી ત્રણેય ભુવનમાં પણ=ભુવનત્રયમાં પણ, સિદ્ધના સુખના સદૃશ અપર કંઈ સુખ નથી, તેથી ઉપમાનો અભાવ છે. ।।૧૩૮૬।।**

**ભાવાર્થ :-**

સર્વજ્ઞ જગતના સર્વભાવોને સાક્ષાત્ જોનારા છે, તેથી અનંતા સિદ્ધોને પણ તેઓ સાક્ષાત્ જુવે છે અને તેઓમાં વર્તતા સુખને પણ સાક્ષાત્ જુવે છે, તો પણ શબ્દ દ્વારા અન્ય છદ્મસ્થ જીવોને સાક્ષાત્ કહી શકતા નથી; કેમ કે સંસારી જીવોને ઉપમા દ્વારા તે સુખ બતાવી શકાય પરંતુ ત્રણ જગતમાં સિદ્ધના સુખ સદૃશ સુખ નથી જેના દ્વારા કેવલી કહે કે 'આના જેવું સિદ્ધનું સુખ છે' માટે સિદ્ધનું સુખ ઉપમાથી અતીત છે. **।।૧૩૮૬।।**

**ગાથા :-**

**एत्तो च्चिय अण्णेहिं कण्णाणायं इमम्मि अहिगारे ।**
**भणियं घडमाणं पि हु विण्णेयं तंपि लेसेण ।।१३८७।।**

**છાયા :-**

**अत एवान्यैः कन्याज्ञातमस्मिन्नधिकारे ।**
**भणितं घटमानमपि हु विज्ञेयं तदपि लेशेन ।।१३८७।।**

**ગાથાર્થ :-**

**આથી જ=મોક્ષના સુખમાં ઉપમા નથી આથી જ, આના અધિકારમાં અન્ય વડે કન્યાનું દૃષ્ટાંત કહેવાયું છે, તે પણ લેશથી ઘટમાન જ જાણવું. ।।૧૩૮૭।।**

**ટીકા :-**

**अत एव-उपमाया अभावादेवान्यैरपि-तीर्थान्तरीयैरस्मिन्ऽमुक्तात्मसुखविचारप्रक्रमरूपे अधिकारे कन्याज्ञातं-कन्योदाहरणं दर्शितम् । तथा च ते आहुः—**

'स्वयंवेद्यं हि तद्ब्रह्म, कुमारी स्त्रीसुखं यथा ।
अयोगी न विजानाति, सम्यग्जात्यन्धवद् घटम् ।।१।।'

**इति, तदपि-कन्याज्ञातं 'हु' निश्चितं लेशेन घटमानकमेव विज्ञेयं । अपिरेवकारार्थः ।।१३८७।।**

**ટીકાર્થ :-**

अत ..... अपिरेवकारार्थः ।। આથી જ=ઉપમાનો અભાવ હોવાથી જ, અન્યો વડે પણ=અન્ય દર્શનવાળા વડે પણ, આ અધિકારમાં=મુક્તાત્માના સુખના વિચારના પ્રક્રમરૂપ અધિકારમાં, કન્યા-જ્ઞાત=કન્યાનું ઉદાહરણ, બતાવાયું છે અને તે પ્રમાણે તેઓ કહે છે, "જે પ્રમાણે સ્ત્રીસુખને કુમારી જાણતી નથી, તે પ્રમાણે સ્વસંવેદ્ય તે બ્રહ્મને અયોગી જાણતા નથી, જેમ જાત્યન્ધ ઘટને સમ્યગ્ જાણતો નથી તેમ" તે પણ કન્યાનું દૃષ્ટાંત 'હુ'=નિશ્ચિત, લેશથી ઘટમાન જ જાણવું. 'अपि' શબ્દ એવકાર અર્થવાળો છે. ।।૧૩૮૭।।

**અવતરણિકા :-**

कन्याज्ञातमेव भावयन्नाह—

**અવતરણિકાર્થ :-**

કન્યાના દૃષ્ટાંતને જ ભાવન કરતાં કહે છે —

**ગાથા :-**

**कण्णाण दढं पीती अणभिण्णाण पुरुसभोगसोक्खस्स ।**
**संगारो पढममिणं जायमिह मिहो कहेतव्वं ।।१३८८।।**

**છાયા :-**

कन्ययोर्दृढं प्रीतिरनभिज्ञयोः पुरुषभोगसौख्यस्य ।
संकेतः प्रथममिदं जातमिह मिथं कथयिव्यम् ।।१३८८।।

**ગાથાર્થ :-**

**પુરુષના ભોગના સુખને નહીં જાણનારી એવી બે કન્યાઓની દૃઢ પ્રીતિ થઈ. અહીં સંકેત થયો, પ્રથમ આ=પુરુષના ભોગથી થયેલું સુખ, પરસ્પર કહેવું જોઈએ. ।।૧૩૮૮।।**

**ટીકા :-**

अभिन्नरजस्का पुरुषेणासंयुक्ता स्त्री कन्या तयोरत एव पुरुषभोगसौख्यस्यानभिज्ञयोर्दृढम्-अत्यर्थं परस्परं प्रीतिः, तयोश्च कदाचित्पुरुषभोगनिमित्तसुखविचारप्रक्रमे 'संगारो' त्ति संकेतोऽभूत्, यथा— प्रथममिदं-पुरुषभोगजं सुखं जातं तत् मिथः-परस्परं कथयितव्यम्, यस्या एव प्रथमत इदमुपजायते तयाऽन्यतरस्यै नियमान्निवेदनीयमित्यर्थः ।।१३८८।।

**ટીકાર્થ :-**

अभिन्नरजस्का ..... मित्यर्थः ।। અભિન્ન રજસ્કવાળી=પુરુષથી અસંયુક્તવાળી સ્ત્રી, કન્યા આથી જ

પુરુષના ભોગસુખને નહીં જાણનાર એવી તે બે હતી. તે બેની=બે કન્યાઓની, પરસ્પર અત્યંત પ્રીતિ હતી અને તે બેને=તે બે કન્યાઓને, પુરુષના ભોગના નિમિત્ત સુખના વિચારના પ્રક્રમમાં સંકેત થયો, જે આ પ્રમાણે – પ્રથમ આ=પુરુષના ભોગથી થનારું સુખ થયું એ, પરસ્પર કહેવું જોઈએ; જેણીને પ્રથમથી જ આ થાય છે=પુરુષના ભોગજન્ય સુખ થાય છે, તેણી વડે=જેને પ્રથમથી આ થાય તેણી વડે, અન્યતરને=બીજીને, નિયમથી નિવેદન કરવું જોઈએ. ॥૧૩૮૮॥

**ગાથા :-**

परिणीता तत्थेक्का वुत्था य कमेण भत्तुणा सद्धिं ।
पुट्ठा इतरीए ततो भणेति णो तीरए कहिउं ।।१३८९।।

**છાયા :-**

परिणीता तत्रेकोषिता च क्रमेण भर्त्रा सार्द्धम् ।
पृष्टा इतरया ततो भणति न शक्यते कथयितुम् ।।१३८९।।

**ગાથાર્થ :-**

ત્યાં=આ પ્રમાણે સંકેત કરાયે છતે, એક કન્યા પરણાવાઈ, ક્રમથી પતિ સાથે લઈ જવાઈ, ઈતર વડે=બીજી કન્યા વડે, પુછાઈ, તેથી કહે છે. 'કહેવા માટે શક્ય નથી.' ॥૧૩૮૯॥

**ટીકા :-**

तत्रैवं संकेते सति तयोर्मध्ये एका काचनापि परिणीता, क्रमेण च भर्त्रा सार्द्धमुषिता, इतरया चामुं वृत्तान्तमवगम्य सा गत्वा पृष्टा–'कीदृशं तत्र पुरुषभोगजन्यं सुखमिति' तत एवं पृष्टा सती सा भणति–सखि! न तत् यथावत्कथयितुं शक्यते, तस्यानन्यसदृशतयोपमाऽतीतत्वात् ।।१३८९।।

**ટીકાર્થ :-**

तत्रैवं ..... ऽतीतत्वात् ।। ત્યાં=આ પ્રમાણે સંકેત થયે છતે, તે બેની મધ્યમાં કોઈ પણ એક પરણી, ક્રમથી ભર્તાની સાથે લઈ જવાઈ, બીજી કન્યાથી આ વૃત્તાંત જાણીને તે=પ્રથમની કન્યા, જઈને પુછાઈ, 'કેવા પ્રકારનું ત્યાં પુરુષભોગજન્ય સુખ છે', તેથી આ પ્રમાણે પુછાયેલ છતી તે=પરણેલી કન્યા, કહે છે. હે સખી, તે=સુખ, યથાવત્ કહેવું શક્ય નથી; કેમ કે તેનું અનન્ય સદૃશપણું હોવાથી ઉપમાથી અતીતપણું છે. ॥૧૩૮૯॥

**ગાથા :-**

रुट्ठा इतरी ऊढा य कमेणं जाणिऊण तो तीए ।
गंतूण सयं तुट्ठा जंपति णणु तं तह च्चेव ।।१३९०।।

**છાયા :-**

रुष्टा इतरा ऊढा च क्रमेण ज्ञात्वा ततस्तस्याः ।
गत्वा स्वयं तुष्टा जल्पति तत् तथैव ।।१३९०।।

**ગાથાર્થ :-**

**રોષ પામેલી ઈતર કન્યા ક્રમથી પરણી, જાણીને તે ત્યાર પછી, તેણી વડે જઈને સ્વયં તુષ્ટ થયેલી કહે છે. ખરેખર તે=પુરુષના ભોગથી થનારું સુખ, તે પ્રકારે જ છે. ।।૧૩૯૦।।**

**ટીકા :-**

**ततश्चैवमुक्ता सती सा इतरा-कन्या रुष्टा, 'एषा विप्रतारिता(का) स्वप्रतिज्ञापरिभ्रष्टा जातेति' । कालान्तरे च साऽपीतरा कन्या ऊढा-परिणीता, क्रमेण च भर्त्रा सार्द्धमुषित्वा ज्ञात्वा च साक्षादनुभवेन यथावत्पुरुषभोगजं सुखं 'तो' ततस्तुष्टा प्रीतमनाः सती तस्याः पार्श्वे यस्या विषये सा रुष्टा आसीत् स्वयमेव सा गत्वा जल्पति-ननु सखि! तत्पुरुषभोगजं सुखं तथैव-यथा त्वयोक्तं,नान्यस्मै यथावत्परिकथयितुं शक्यत इति ।।१३९०।।**

**ટીકાર્થ :-**

ततश्चैवमुक्ता ..... इति ।। ત્યાર પછી આ રીતે કહેવાયેલી છતી તે=ઈતર કન્યા, રોષ પામી, કઈ રીતે રોષ પામી ? તેથી કહે છે, 'આ ઠગારી પોતાની પ્રતિજ્ઞાથી પરિભ્રષ્ટ થઈ' એ પ્રમાણે રોષ પામી. અને કાલાંતરમાં તે પણ=ઈતર કન્યા પણ, પરણી અને ક્રમથી ભર્તા સાથે ભોગવીને અને જાણીને=સાક્ષાત્ અનુભવથી યથાવત્ પુરુષભોગથી ઉત્પન્ન થયેલા સુખને જાણીને, ત્યાર પછી પ્રીતિ મનવાળી છતી તેની પાસે=જે કન્યાના વિષયમાં તે રુષ્ટ હતી તેની પાસે, સ્વયં જ જઈને તે બોલે છે. ખરેખર હે સખી ! તે પુરુષના ભોગથી થનારું સુખ તે પ્રમાણે જ છે, જે પ્રમાણે તારા વડે કહેવાયું, અન્યને યથાવત્ કહેવા માટે શક્ય નથી. ।।૧૩૯૦।।

**અવતરણિકા :-**

दृष्टान्तमभिधाय दार्ष्टान्तिके योजनामाह–

**અવતરણિકાર્થ :-**

દૃષ્ટાંતને કહીને=કન્યાના દૃષ્ટાંતને કહીને, દાર્ષ્ટાંતિકમાં=મોક્ષના સુખમાં, યોજનાને=દૃષ્ટાંતની યોજનાને, કહે છે –

**ગાથા :-**

एवं सिद्धसुहस्स वि पगरिसभावं ततो च्चिय मुणेइ ।
अणुभवतो सम्मं ण तु अण्णो वि अपत्ततब्भावो ।।१३९१।।

**છાયા :-**

**एवं सिद्धसुखस्यापि प्रकर्षभावं सक एव मुनति (जानाति) ।**
**अनुभवतः सम्यग् न तु अन्योऽपि अप्राप्ततद्भावः ।।१३९१।।**

**ગાથાર્થ :-**

**આ રીતે સિદ્ધના સુખનું પણ પ્રકર્ષભાવ તે જ=સિદ્ધ જ, જાણે છે; કેમ કે સમ્યગ્ અનુભવ છે, પરંતુ અપ્રાપ્ત તદ્ભાવવાળો અન્ય પણ જાણતો નથી. ।।૧૩૯૧।।**

**ટીકા :-**

**एवं सिद्धसुखस्यापि प्रकर्षभावं 'तउ त्ति'सक एव सिद्धो मुणति-जानाति । कुत? इत्याह— सम्यगनुभवतस्तस्य सम्यक् स्वयमनुभवात्, न त्वन्योऽपि अप्राप्ततद्भावः-अनवाप्तसिद्धभावः, तस्य सम्यगनुभवाभावात् ।।१३९१।।**

**ટીકાર્થ :-**

**एवं ..... भावात् ।। આ રીતે=કન્યાનું સુખ કહી શકાય એવું નથી એમ પૂર્વમાં કહ્યું એ રીતે, સિદ્ધના સુખનો પણ પ્રકર્ષભાવ તે જ સિદ્ધ જાણે છે. કયા કારણથી તે જાણે છે ? એથી કહે છે. સમ્યગ્ અનુભવથી તેનું અર્થાત્ સુખનું, સમ્યક્ સ્વયં અનુભવ હોવાથી, અન્ય પણ જાણતો નથી= અપ્રાપ્તતદ્ભાવવાળો અર્થાત્ અનવાપ્ત સિદ્ધભાવવાળો, જાણતો નથી; કેમ કે તેને=સંસારી જીવોને, સમ્યગ્ અનુભવનો અભાવ છે. ।।૧૩૯૧।।**

**ભાવાર્થ :-**

સિદ્ધનું સુખ કેવું છે ? તેનો કંઈક બોધ કરાવવા અર્થે સંસારી જીવોના શ્રેષ્ઠ સુખનું દૃષ્ટાંત આપીને તેનાથી સિદ્ધનું સુખ શ્રદ્ધેય છે એમ પૂર્વમાં કહ્યું અને ત્યાર પછી કહ્યું કે 'સિદ્ધનું સુખ ઉપમાતીત છે માટે કહી શકાય તેમ નથી અને સિદ્ધનું સુખ તેવું જ છે' તે બતાવવા માટે અન્ય દર્શનવાળા પણ જેઓ મોક્ષને સુખાત્મક માને છે, તેઓ કહે છે કે 'જેમ કુમારી કન્યા ભોગથી થનારા સુખને જાણતી નથી તેમ યોગીઓને યોગના સેવનથી થનારું સ્વસંવેદ્ય એવું પરમબ્રહ્મનું સુખ અયોગીઓ જાણતા નથી.' જેમ જાત્યંધ પુરુષ ઘટને હાથના સ્પર્શથી કંઈક જાણે છે તો પણ ચક્ષુવાળો પુરુષ જે પ્રમાણે દેખાતા ઘટને જોઈને તેના વર્ણાદિથી જાણી શકે છે તેમ જાત્યંધ પુરુષ જાણી શકતો નથી, તે રીતે યોગીઓ પરમબ્રહ્મમાં લીન હોય છે તેનાથી થનારું સુખ સંસારી જીવોને જણાતું નથી; કેમ કે 'સંસારી જીવોને બાહ્ય ભોગની પ્રાપ્તિમાં કે અપ્રાપ્તિમાં જ સુખ-દુઃખ જણાય છે પરંતુ પરમબ્રહ્મના સ્વરૂપમાં લીન થયેલા યોગીઓના ચિત્તના સ્વાસ્થ્યજન્ય સુખને સંસારી જીવો જાણી શકતા નથી, તેથી મોક્ષનું સુખ પણ મુક્ત આત્માઓ જ સ્વસંવેદનથી વેદન કરી શકે છે માટે ઉપમાતીત છે.' એ કથનમાં અન્ય દર્શનકારો બે કન્યાના દૃષ્ટાંતને કહે છે. તે દૃષ્ટાંતાનુસાર તે બંને કન્યાઓએ પરસ્પર પુરુષના ભોગને કહેવાનો સંકેત કરેલો, છતાં પ્રથમ પરણેલી

કન્યા બીજી કન્યાને કહે છે કે 'તે સુખ શબ્દથી કહી શકાય તેવું નથી.' જ્યારે તે બીજી કન્યા પરણે છે ત્યારે જ તેને ખ્યાલ આવે છે કે 'ખરેખર આ સુખ શબ્દથી કહી શકાય તેમ નથી', તેમ સિદ્ધનું સુખ પણ સિદ્ધ અવસ્થાવાળા જીવોને જ સ્વસંવેદનથી પ્રતીત છે. શબ્દો દ્વારા યોગીઓ પણ તેને કહી શકતા નથી અને સિદ્ધનું જેવું સુખ છે તેવું સુખ યોગીઓને પણ સ્વસંવેદનથી અનુભવાતું નથી પરંતુ સિદ્ધના ગુણોમાં લીન થયેલા યોગીઓને કંઈક શાંતરસનો અનુભવ છે, સાક્ષાત્ તો સિદ્ધ અવસ્થામાં જ જનારા જીવોને તેનો અનુભવ છે. માટે સિદ્ધનું સુખ ઉપમાતીત છે. છતાં સંસારી જીવોને પણ કંઈક તેની પ્રતીતિ થાય તદ્ અર્થે પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સર્વ ઇન્દ્રિયોની તૃપ્તિથી થનારા સુખની જેમ સિદ્ધનું સુખ શ્રદ્ધેય છે એમ કહેલ છે. **॥૧૩૮૭થી ૧૩૯૧॥**

**અવતરણિકા :-**

**अत्र पर आह—**

**અવતરણિકાર્થ :-**

**અહીં=સિદ્ધના વિષયમાં, પર કહે છે —**

**ગાથા :-**

**धुवभावो सिद्धाणं छम्मासादारओ वि गमणं च ।**
**कालो य अपरिमाणो उच्छेदो कह ण भव्वाणं? ॥१३९२॥**

**છાયા :-**

**ध्रुवभावः सिद्धानां षण्मासादारतोऽपि गमनं च ।**
**कालश्चापरिमाण उच्छेदः कथं न भव्यानाम् ? ॥१३९२॥**

**ગાથાર્થ :-**

**સિદ્ધોનો ધ્રુવભાવ છે અને છ મહિનાથી પૂર્વ પણ ગમન છે=અનેક જીવોનું સિદ્ધમાં ગમન છે, અને કાલ અપરિમાણવાળો છે. ભવ્યનો કેમ ઉચ્છેદ ન થાય ? ॥૧૩૯૨॥**

**ટીકા :-**

**ध्रुवभावः-शाश्वतभावः सिद्धानां, भवाङ्कुरनिबन्धनकर्मबीजाभावात्, तथा षण्मासादारतोऽपि-अर्वागप्यास्ताषण्मासपर्यन्ते इत्यपिशब्दार्थः, गमनं चान्येषां जीवानां, कालश्चापरिमितमानः, ततः कथं भव्यानामेवमनवरतं मोक्षगमने सति नोच्छेदः प्राप्नोति?, प्राप्नोतीति भावः ॥१३९२॥**

**ટીકાર્થ :-**

ध्रुवभावः- ..... भावः ॥ **સિદ્ધોનો ધ્રુવભાવ છે=શાશ્વત ભાવ છે; કેમ કે ભવરૂપી અંકુરના કારણ**

**એવા કર્મબીજનો અભાવ છે અને છ મહિનાથી પૂર્વ પણ અન્ય જીવોનું ગમન છે=અન્ય જીવોનું મોક્ષમાં ગમન છે, છ મહિનાના પર્યંતમાં દૂર રહો, પૂર્વમાં પણ ગમન છે એ 'अपि' શબ્દનો અર્થ છે. અને અપરિમિત માનવાળો કાળ છે=સંસારમાં ભૂત અને ભવિષ્ય અપરિમિત માનવાળો કાળ છે, તેથી આ રીતે મોક્ષનું ગમન અનવરત હોતે છતે ભવ્યોનો ઉચ્છેદ કેમ પ્રાપ્ત નહીં થાય ? અર્થાત્ પ્રાપ્ત થાય, એ પ્રકારનો ભાવ છે. ।।૧૩૯૨।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી ધર્મનું વર્ણન કર્યું અને તે ધર્મ મોક્ષ અર્થે ભવ્ય જીવો સેવે છે અને 'તે મોક્ષનું સુખ કેવું છે ?' તે બતાવ્યું. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે 'જેઓ મોક્ષમાં જાય છે, તેઓ સંસારમાં ફરી જન્મતા નથી, તેથી તેટલા જીવોની સંખ્યા સંસારમાં અલ્પ થાય છે' અને શાસ્ત્રવચનાનુસાર છ મહિનાના અંતે તો અવશ્ય એક જીવ મોક્ષમાં જાય છે, તેના પૂર્વે પણ ઘણા જીવોનું ગમન થાય છે. તેથી સતત સંસારમાંથી જીવોની સંખ્યા અલ્પ થાય છે અને કાલ અપરિમિત પ્રમાણવાળો છે, તેથી કોઈક એવો કાલ પ્રાપ્ત થશે કે 'જ્યારે સંસારમાં વર્તતા બધા ભવ્ય જીવો મોક્ષને પ્રાપ્ત કરશે. તેથી બધા ભવ્ય જીવોનો સંસારમાં ઉચ્છેદ પ્રાપ્ત થશે.' આ પ્રકારની કોઈક શંકા કરે છે. **।।૧૩૯૨।।**

**અવતરણિકા :-**

**अत्राचार्य आह—**

**અવતરણિકાર્થ :-**

**આમાં=પૂર્વગાથામાં શંકા કરી એમાં, આચાર્યશ્રી કહે છે —**

**ગાથા :-**

**ते वि अपरिमाण च्चिय जम्हा तेणं ण तेसिमुच्छेदो ।**
**समयाण व तीतेणं वोच्छेज्जिज्जऽण्णधा ते तु ।।१३९३।।**

**છાયા :-**

**तेऽपि अपरिमाणा एव यस्मात् तेन न तेषामुच्छेदः ।**
**समयानामिवातीतेन व्युच्छिद्येरन् अन्यथा ते तु ।।१३९३।।**

**ગાથાર્થ :-**

**તેઓ પણ=ભવ્યો પણ, જે કારણથી અપરિમિત જ છે. તે કારણથી તેઓનો ઉચ્છેદ નથી, અન્યથા અતીત સમયોથી તેઓ=ભવ્યો, વિચ્છેદ જ પામે. ।।૧૩૯૩।।**

**ટીકા :-**

**तेऽपि भव्या यस्मादपरिमिता एवानन्तानन्तकसंख्योपेतत्वात् तेन कारणेन न तेषां-भव्यानामुच्छेदो**

भवति, यथा समयानाम्, अन्यथाऽनन्तानन्तकतयाऽपरिमितत्वानभ्युपगमे ते भव्याः परीत्तानन्तकादिरूपतया अनन्ता अप्यभ्युपगम्यमाना अतीतेन कालेन व्युच्छिद्येरन्नेव, यथा वनस्पतिकायस्थितिः । तुरेवकारार्थो भिन्नक्रमश्च, स च यथास्थानं योजितः ।।१३९३।।

**ટીકાર્થ :-**

तेऽपि ..... योजितः ।। જે કારણથી તે પણ ભવ્યો અપરિમિત જ છે; કેમ કે અનંતા અનંત સંખ્યાથી યુક્તપણું છે, તે કારણથી તેઓનો=ભવ્યોનો, ઉચ્છેદ થતો નથી જે પ્રમાણે સમયોનો ઉચ્છેદ થતો નથી, અન્યથા=અનંતાઅનંતપણાથી અપરિમિતત્વનો અસ્વીકાર કરાયે છતે, તે ભવ્યો પરીત્ત અનંતકાદિ રૂપપણાને કારણે અનંત પણ સ્વીકાર કરાતા અતીતકાલથી વ્યુચ્છેદ જ પામે જે પ્રમાણે વનસ્પતિકાયની સ્થિતિ. 'તુ' શબ્દ એવકાર અર્થવાળો છે અને ભિન્ન ક્રમવાળો છે અને તે='તુ' શબ્દનો એવકાર અર્થ, યથાસ્થાન યોજિત જ છે='વિચ્છેદ પામે' એની સાથે યોજિત જ છે. ।।૧૩૯૩।।

**અવતરણિકા :-**

उपसंहारमाह—

**અવતરણિકાર્થ :-**

ઉપસંહારને કરતાં કહે છે=ગાથા-૧૩૯૨માં શંકા કરીને તેનું સમાધાન ગાથા-૧૩૯૩માં કર્યું તે કથનના ફલિતાર્થને કહે છે –

**ગાથા :-**

तम्हाऽतीतेणाणादिणा वि तेसिं जथा ण वोच्छेदो ।
तह चेवऽणागतेण वि अणंतभावा मुणेयव्वो ।।१३९४।।

**છાયા :-**

तस्मादतीतेनानादिनापि तेषां यथा न व्यवच्छेदः ।
तथैवानागतेनापि अनंतभावाद् ज्ञातव्यः ।।१३९४।।

**ગાથાર્થ :-**

તે કારણથી અનાદિ પણ એવા અતીતકાલથી તેઓનો=ભવ્યોનો, જે પ્રમાણે વ્યવચ્છેદ નથી, તે પ્રમાણે જ અનાગતથી પણ અવ્યવચ્છેદ જાણવો; કેમ કે અનંતનો ભાવ છે. ।।૧૩૯૪।।

**ટીકા :-**

तस्माद्यथाऽतीतेन कालेनानादिनापि तेषां न व्यवच्छेदः तथा चैवानागतेनापि कालेनाव्यवच्छेदो ज्ञातव्यः । कुत इत्याह—अनन्तभावात्-अनन्तानन्तकत्वात् ।।१३९४।।

**ટીકાર્થ :-**

**तस्माद्यथाऽ ..... अनन्तानन्तकत्वात् ।। જે પ્રમાણે અનાદિ પણ અતીતકાલથી તેઓનો વિચ્છેદ નથી. તે પ્રમાણે જ અનાગત પણ કાળથી અવિચ્છેદ જાણવો. 'કયા કારણથી વિચ્છેદ નથી ?' એથી કહે છે, અનંતનો ભાવ હોવાથી=અનંતાનંતકપણું હોવાથી સર્વ ભવ્યોનો વિચ્છેદ નથી, એમ અન્વય છે. ॥૧૩૯૪॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં પૂર્વપક્ષીએ શંકા કરેલી કે જો આ રીતે જીવો મોક્ષમાં જાય છે અને પાછા સંસારમાં આવતા નથી, તો મોક્ષમાં જવાને યોગ્ય જે જીવો છે તેમનો કોઈક કાળે સર્વથા ઉચ્છેદ થશે. જેથી સતત મોક્ષગમનનો માર્ગ ચાલે છે તેની પ્રાપ્તિ થશે નહીં. તેનો ઉત્તર આપતાં આચાર્યશ્રી કહે છે 'જેમ કાળ અપરિમિત છે તેમ ભવ્ય જીવો પણ અપરિમિત છે અર્થાત્ અનંતાનંત સંખ્યાવાળા છે. તેથી તેઓનો ઉચ્છેદ થશે નહીં. કેમ તેઓનો ઉચ્છેદ થશે નહીં ? એ અનુભવ અનુસાર યુક્તિથી બતાવે છે. જો સર્વ ભવ્યો મોક્ષમાં જાય અને સંસારમાં તેનો અભાવ પ્રાપ્ત થાય તેટલી પરિમિત અનંત સંખ્યાવાળા હોય તો ભૂતકાળના અપરિમિત અનંત સંખ્યાવાળા કાળમાં જ તેઓનો અવશ્ય વિચ્છેદ થયો હોત. જેમ વનસ્પતિકાયની કાયસ્થિતિ અનંતકાળની છે, તેથી કોઈ જીવ મરીને કોઈક રીતે વનસ્પતિકાયમાં જાય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સુધી ફરી ફરી વનસ્પતિકાયમાં જન્મ લે તો અનંતકાળ સુધી તે વનસ્પતિમાં રહે છે તો પણ તે વનસ્પતિકાયની અનંતકાળની કાયસ્થિતિ ઘણા જીવોએ ભૂતકાળમાં પૂર્ણ કરેલ છે, તેમ ભવ્ય જીવો પણ પરિમિત અનંત સંખ્યાવાળા હોત તો ભૂતકાળમાં જ સર્વ ભવ્ય જીવો મોક્ષમાં ગયા હોત અને સંસાર ક્યારનો ભવ્ય જીવ વગરનો પ્રાપ્ત થયો હોત અને સંસારમાં મોક્ષમાં જનારા ભવ્ય જીવો દેખાય છે. તેથી નક્કી થાય છે કે ભૂતકાળના અપરિમિતકાળમાં જેમ તે સર્વ ભવ્ય જીવો મોક્ષમાં ગયા નથી તેમ ભવિષ્યમાં પણ ક્યારેય એવો સમય પ્રાપ્ત થશે નહીં કે જ્યારે સર્વ ભવ્ય જીવો મોક્ષમાં ગયેલા હશે અને સંસાર ભવ્ય જીવરહિત હશે માટે ભવ્યનો ઉચ્છેદ થશે, એ પ્રકારની શંકા ઉચિત નથી. **॥૧૩૯૩-૧૩૯૪॥**

**અવતરણિકા :-**

**सकलं प्रकरणार्थमुपसंहरति—**

**અવતરણિકાર્થ :-**

**સકલ પ્રકરણાર્થના ઉપસંહારને કહે છે –**

**ગાથા :-**

**एवमिह समासेणं भणितो धम्मो सुताणुसारेणं ।**
**आताणुसरणहेतुं केसिंचि तहोवगाराय ।।१३९५।।**

**છાયા :-**

**एवमिह समासेन भणितो धर्मः श्रुतानुसारेण ।**
**आत्मानुस्मरणहेतोः केषाञ्चित् तथोपकाराय ।।१३९५।।**

**ગાથાર્થ :-**

**આ રીતે અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, શ્રુતાનુસારથી ધર્મ સમાસથી કહેવાયો. શેના માટે કહેવાયો ? એથી કહે છે, આત્માના અનુસ્મરણના હેતુથી અને કેટલાક જીવોના ઉપકાર માટે કહેવાયો. ।।૧૩૯૫।।**

**ટીકા :-**

**एवम्-उक्तेन प्रकारेण इह-प्रकरणे समासेन-संक्षेपेण नतु विस्तरेण भणितः-उक्तो धर्मो-भावधर्मः सम्यक्त्वादिरूपः, श्रुतानुसारेण-आगमानुसारेण । किमर्थमित्याह—आत्मानुस्मरणहेतोस्तथा केषांचिदुपकाराय चेति ।।१३९५।।**

**ટીકાર્થ :-**

**एवम्- ..... चेति ।। આ રીતે=ઉક્ત પ્રકારથી, અહીં=પ્રકરણમાં, વિસ્તારથી નહીં પરંતુ સંક્ષેપથી ધર્મ=સમ્યક્ત્વાદિ ભાવધર્મ, શ્રુતાનુસારથી=આગમ અનુસારથી, કહેવાયો. શેના માટે કહેવાયો ? એથી કહે છે, ગ્રંથકારશ્રીના પોતાના આત્માના અનુસ્મરણના હેતુથી અને કેટલાક જીવોના ઉપકાર માટે કહેવાયો. ।।૧૩૯૫।।**

**ભાવાર્થ :-**

ગ્રંથની પૂર્ણાહુતિમાં ઉપસંહાર વચનરૂપે ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વમાં જે વર્ણન કર્યું તે વર્ણન ભાવધર્મ સ્વરૂપ છે અને તે સંક્ષેપથી કહેવાયું છે; કેમ કે ભાવધર્મના વિસ્તારરૂપ જ ચૌદ પૂર્વરૂપ દ્વાદશાંગી છે અને અતિસંક્ષેપ સ્વરૂપે ‘કરેમિ ભંતે’ સૂત્ર છે; કેમ કે ભાવધર્મ સામાયિકના પરિણામરૂપ છે અને ‘કરેમિ ભંતે’ સૂત્ર જીવના સામાયિકના પરિણામનો જ યથાર્થ બોધ કરાવીને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે અને તેમાં જ યથાર્થ રુચિ કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવે છે અને તે ભાવોથી ભાવિત થયેલા જીવમાં સમ્યગ્ ચારિત્ર પ્રગટ કરે છે. તે સામાયિક સૂત્રના જ ગંભીર અર્થરૂપ વિસ્તારાત્મક પૂર્ણ દ્વાદશાંગી છે અને તેના સંક્ષેપરૂપે ગ્રંથકારશ્રીએ પ્રસ્તુતમાં ભાવધર્મ કહ્યો છે અને જે ભાવધર્મનું વર્ણન ગ્રંથકારશ્રીએ કર્યું છે તે સ્વમતિથી કર્યું નથી પરંતુ આગમ વચનાનુસાર કરેલ છે જેથી સર્વજ્ઞના વચનાનુસાર છે. શા માટે ગ્રંથકારશ્રીએ આ પ્રકારનો શ્રમ કર્યો છે ? તે બતાવતાં કહે છે – પોતાના આત્માને ભાવધર્મનું અનુસ્મરણ થાય જેથી પોતે સર્વજ્ઞના વચનથી ભાવિત બને માટે પોતાના આત્માના ઉપકાર અર્થે પ્રસ્તુત ગ્રંથ ગ્રંથકારશ્રીએ કરેલ છે અને અન્ય કેટલાક યોગ્ય જીવોના ઉપકાર માટે પ્રસ્તુત ગ્રંથ કરેલ છે જેથી યોગ્ય જીવો તેનું ભાવન કરીને આત્મહિતને પ્રાપ્ત કરશે. **।।૧૩૯૫।।**

**ગાથા :-**

**काऊण पगरणमिणं पत्तं जं कुसलमिह मया तेण ।**
**दुक्खविरहाय भव्वा लभंतु जिणधम्मसंबोधिं ।।१३९६।।**

**છાયા :-**

कृत्वा प्रकरणमिदं प्राप्तं यत् कुशलमिह मया तेन ।
दुःखविरहाय भव्या लभन्तां जिनधर्मसंबोधिम् ।।१३९६।।

**ગાથાર્થ :-**

**આ પ્રકરણ કરીને જે કુશલ અહીં મારા વડે પ્રાપ્ત કરાયું, તેનાથી ભવ્ય જીવો દુઃખના વિરહ માટે જિનધર્મની સંબોધિને પામો. ।।૧૩૯૬।।**

**ટીકા :-**

कृत्वा प्रकरणमिदं धर्मसंग्रहणिनामकं यन्मया प्राप्तं कुशलमिह—

**प्रकरणकरणे तेन कुशलेन दुःखविरहाय-दुःखाभावाय (भव्याः) लभन्तां जिनधर्मसंबोधिमिति ।।१३९६।।**

**ટીકાર્થ :-**

**कृत्वा ..... संबोधिमिति ।। આ ધર્મસંગ્રહણિ નામના પ્રકરણને કરીને જે મારા વડે અહીં=પ્રકરણના કરણમાં, કુશલ પ્રાપ્ત કર્યું=પુણ્ય પ્રાપ્ત કરાયું, તે કુશલથી દુઃખના વિરહ માટે=દુઃખના અભાવ માટે, ભવ્ય જીવો જિનધર્મની સંબોધિને પ્રાપ્ત કરો. ।।૧૩૯૬।।**

**ભાવાર્થ :-**

ઉત્તમ પુરુષો પોતાના સામાયિકના પરિણામને અતિશયિત કરવાના અત્યંત અર્થી હોય છે અને સર્વ જીવોના કુશલના ચિંતવનથી સર્વ જીવો પ્રત્યે પોતાના તુલ્ય બુદ્ધિ થવારૂપ સામાયિકનો પરિણામ અતિશયિત થાય છે. તેથી જ ગ્રંથકારશ્રી ગ્રંથના અંતે ગ્રંથરચનાથી પોતાને થયેલા કુશલ પરિણામથી અન્ય જીવોને પણ તેવો જ કુશલ પરિણામ પ્રાપ્ત થાઓ એવો અભિલાષ કરે છે; કેમ કે પોતાને થયેલો કુશલ પરિણામ પોતાને સુગતિઓની પરંપરા દ્વારા મોક્ષની પ્રાપ્તિ કરાવશે. તેથી દુઃખના વિરહની પ્રાપ્તિ થશે તેમ યોગ્ય જીવો પણ પ્રસ્તુત ગ્રંથના પરમાર્થને જાણીને સંસારની વિડંબનારૂપ દુઃખના વિરહની પ્રાપ્તિ કરે અને સુગતિઓની પરંપરા દ્વારા મોક્ષના સુખને પ્રાપ્ત કરે અને તેના ઉપાયભૂત જિનધર્મના પારમાર્થિક બોધને પ્રાપ્ત કરે તેવો અભિલાષ ગ્રંથકારશ્રી કરે છે. **।।૧૩૯૬।।**

**પ્રશસ્તિ :-**

**हारिभद्रं वचः क्वेदमतिगम्भीरपेशलम् ।**
**क्व चाहं जडधीरेष, स्वल्पशास्त्रकृतश्रमः ।।१।।**
**तथापि सन्ति ये केचित्, मत्तोऽपि स्तोकबुद्धयः ।**
**तेषां लेशावबोधार्थमेष यत्नःकृतो मया ।।२।।**
**यच्च किंचिदिह क्षुण्णं, प्रज्ञावैकल्ययोगतः ।**
**तच्छोध्यं मयि कारुण्यमाश्रितैस्तत्त्ववेदिभिः ।।३।।**
**विषमगभीरपदार्थां यदिमां व्याख्याय धर्म्मसंग्रहणिम् ।**
**मलयगिरिणाऽऽपि कुशलं सिद्धिं तेनाश्नुतां लोकः ।।४।।**

**इति श्रीमद्धरिभद्रसूरिपुरन्दरप्रणीता श्रीमन्मलयगिरिसूरिव्याख्याता धर्मसङ्ग्रहणिः समाप्ता ।।**

**પ્રશસ્તિનો અનુવાદ :-**

**हारिभद्रं ..... लोकः ।। પૂ.આ.શ્રી હરિભદ્રસૂરિજીનું આ અતિગંભીર સુંદર વચન ક્યાં અને જડ બુદ્ધિવાળો સ્વલ્પ શાસ્ત્રના કરાયેલા શ્રમવાળો આ 'હું ક્યાં.' ।।૧।।**

**તો પણ જે કોઈ જીવો મારાથી પણ અલ્પ બુદ્ધિવાળા છે તેઓના લેશ અવબોધ માટે મારા વડે આ યત્ન કરાયો છે. ।।૨।।**

**અને અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, પ્રજ્ઞાવૈકલ્યના યોગથી જે કાંઈ ક્ષુણ્ણ છે=ક્ષતિવાળો છે, મારા વિષયમાં કારુણ્યને આશ્રિત એવા તત્ત્વવેદીઓ વડે તે=ક્ષતિ, શોધન કરવી જોઈએ. ।।૩।।**

**વિષમ ગંભીર પદાર્થવાળી આ ધર્મસંગ્રહણિની વ્યાખ્યા કરીને પૂ.આ.શ્રી મલયગિરિસૂરિ વડે પણ જે કુશલ સિદ્ધિને પ્રાપ્ત કરાઈ તેનાથી લોક કુશલ સિદ્ધિ પ્રાપ્ત કરો. ।।૪।।**

**આ પ્રમાણે શ્રીમદ્ હરિભદ્રસૂરિપુરંદર દ્વારા પ્રણિત શ્રીમદ્ મલયગિરિસૂરિ દ્વારા વ્યાખ્યા કરાયેલ ધર્મસંગ્રહણિ સમાપ્ત થઈ.**

**પ્રશસ્તિનો ભાવાર્થ :-**

પ્રામાણિક પુરુષો પોતાની પ્રજ્ઞાને પ્રામાણિકતાથી જોનારા હોય છે. તેથી તેવા મહાત્માઓને ગંભીર અર્થને કહેનારા પૂર્વપુરુષોના વચનો કઈ રીતે સૂક્ષ્મ બુદ્ધિથી લખાયા છે તેને જોનારા હોય છે. આથી ટીકાકાર પૂ.આ.શ્રી મલયગિરિસૂરિજી કહે છે કે અતિ ગંભીર અને તત્ત્વને સ્પર્શનારું પૂ.આ.શ્રી હરિભદ્રસૂરિજીનું વચન છે અને પોતે તેમની સાથે તુલનામાં અલ્પ શાસ્ત્રોના કરાયેલા શ્રમવાળા છે. તેથી હરિભદ્રસૂરિજી કરતાં જડ બુદ્ધિવાળા છે. આ વચન માત્ર પોતાની લઘુતા બતાવવા અર્થે નથી પરંતુ વાસ્તવિક ગ્રંથના

ગાંભીર્યને જાણીને પોતાની મતિ અલ્પ જણાતી હોય છતાં ઉદ્ધતાઈને કારણે 'હું ઘણા ગંભીર પદાર્થો સ્પષ્ટ કરું છું' તેવી મતિના પરિહાર અર્થે ટીકાકારશ્રીએ કહેલ છે અને પોતાની અલ્પમતિ હોવા છતાં પોતાનાથી મંદ મતિવાળા જીવોના ઉપકાર અર્થે ટીકા રચાઈ છે છતાં ટીકાકારશ્રીને પણ પ્રશ્ન થયો કે પોતાની અલ્પ પ્રજ્ઞાને કારણે કોઈક સ્થાનમાં પોતાને સ્ખલના થઈ હોય તો ભગવાનનું વચન અન્યથા ન થાઓ તે અર્થે તત્ત્વવેદી મહાત્માને તેનું શોધન કરવા અર્થે વિજ્ઞપ્તિ કરે છે. વળી, વિવેકપૂર્વક કરાયેલી આ વ્યાખ્યાથી જીવમાં શુભ અધ્યવસાય થાય છે અને તેનાથી જે કુશલ કર્મોની ટીકાકારશ્રીને પ્રાપ્તિ થઈ છે તેના દ્વારા યોગ્ય જીવો કુશલ સિદ્ધિને પ્રાપ્ત કરે તેવો અધ્યવસાય અંતે ટીકાકારશ્રીએ કરેલ છે. તેથી યોગ્ય જીવોના કલ્યાણની શુભ કામના પોતાનામાં સ્થિર થાય. **॥૧થી ૪॥**

## ધર્મસંગ્રહણિ ગ્રંથ સંપૂર્ણ

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

| | |
|---|---|
| આશ્રવ અને અનુબંધ | ૧૩✤ |
| ચારિત્રાચાર | ૩૬ |
| ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ) | ૧૯૦ |
| પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા | ૨૫ |

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

| | |
|---|---|
| Is Jaina Order Independent Religion or Denomination ? | ૫૮ |
| Status of religion in modern Nation State theory | ૬૪ |
| અનેકાંતવાદ | ૯ |
| કર્મવાદ કર્ણિકા | ૫ |
| કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ) | ૧૫૭ |
| કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય | ૪૯ |
| ગૃહજિનાલય મહામંગલકારી | ૮૫ |
| ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | ૧૨ |
| ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ) | ૧૮૯ |
| ચિત્તવૃત્તિ | ૧૧ |
| ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ) | ૨૮ |
| જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ? | ૫૬ |
| જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ) | ૫૭ |
| દર્શનાચાર | ૭ |
| ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧ | ૫૫ |
| પ્રશ્નોત્તરી | ૧૦ |
| પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ) | ૪૨ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | ૧૫ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ) | ૧૮૮ |
| ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન) | ૨૧ |

✤ જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

| | |
|---|---|
| ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) | ૨૪ |
| મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) | ૧૭૯ |
| મનોવિજય અને આત્મશુદ્ધિ | ૧૪ |
| યોગદૃષ્ટિસમુચ્ચય | ૪ |
| લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' | ૩૩ |
| શાસન સ્થાપના | ૮ |
| શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) | ૨૭ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો | ૩ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) | ૩૫ |
| શ્રી ઉપધાન માર્ગોપદેશિકા | ૯૩ |
| શ્રીબૃહદ્-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-બૃહદ્-જ્વાલામાલિનીદેવીમંત્ર | ૨૦૭ |
| 'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર | ૧૯૧ |
| શ્રીલઘુ-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-લઘુ-જ્વાલામાલિનીદેવીમંત્ર | ૨૦૮ |
| સદ્ગતિ તમારા હાથમાં ! | ૬ |
| સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) | ૧૬૩ |


## संपादक :- प. पू. आ.भ. श्री अरिहंतसागरसूरीश्वरजी महाराज साहब


| | |
|---|---|
| पाक्षिक अतिचार (हिन्दी) | ४१ |


## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી


| | | |
|---|---|---|
| 'Rakshadharma' Abhiyaan | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૩ |
| Right to Freedom of Religion !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૧ |
| 'રક્ષાધર્મ' અભિયાન | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૨ |
| શંખેશ્વર પાસજી પૂજીએ... | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૨૦૯ |
| શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૮ |
| શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૭ |
| સેવો પાસ સંખેસરો (સૂરદત્ત શેઠના ચરિત્ર સહિત) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૪ |
| સેવો પાસ સંખેસરો (હિં.આ.) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૫ |
| સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૫૯ |
| સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.) | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૦ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનના ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા


| | |
|---|---|
| અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન | ૧૬૯ |
| અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૨ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૨૦ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૨૨ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૬ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૮ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૯ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૧૪ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૫ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૧૬ |
| અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૨૨ |
| આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન | ૧૨૪ |
| આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | ૧૮ |
| ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૪ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨ | ૧૯૭ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૩ | ૧૯૮ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૪ | ૧૯૯ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૬ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૭ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૮ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૬ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૭ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૨૮ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૧ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૨ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૩ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૮૦ |

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૮૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬ ૧૮૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭ ૧૯૪
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮ ૧૯૫
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯ ૧૯૬
કૂપદષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન ૩૧
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૦૨
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૦૩
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૨૧૨
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૨૧૩
**ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૨૧૪**
**ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૬ ૨૧૫**
જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન ૬૮
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૧૦
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૬૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૬૨
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૬૪
દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન ૧૪૭
દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન ૧૧૮
દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન ૧૬૦
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૩૮
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૫૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૨૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૬૫
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૩૨
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૩૩
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૩૪
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૪૦
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૪૧
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૪૨
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૫૫
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૫૬
ધર્મસંગ્રહણિ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૨૧૦
**ધર્મસંગ્રહણિ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૨૧૬**
**ધર્મસંગ્રહણિ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૨૧૭**
ધ્યાનશતક શબ્દશઃ વિવેચન ૧૮૩
નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન ૧૧૭
પકખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન ૧૨૫

| | |
|---|---|
| પગામસિજ્જા શબ્દશઃ વિવેચન | ૧૪૪ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૪૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૮૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૦૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૦૧ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૯ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૨૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૨૩ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨) | ૩૪ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫) | ૩૭ |
| પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૮૪ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૦ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૧ |
| પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૧૨ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૯ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૪૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૯૯ |
| પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૮૭ |
| બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૩ |
| બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૮ |
| બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૭ |
| બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૦ |
| બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૯ |
| બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૨ |
| બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૪૬ |
| બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૩૯ |
| બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૧૩ |
| બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૨ |
| બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૭ |
| બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૪ |
| બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૩ |
| બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૪ |
| બત્રીશી-૧૫ : સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૧ |
| બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૫ |
| બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૧ |
| બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૦ |
| બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૧ |

| | |
|---|---|
| બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૦ |
| બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૪ |
| બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૨ |
| બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૩ |
| બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૪ |
| બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૬ |
| બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૧ |
| બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૩ |
| બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૪ |
| બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૭ |
| બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૬ |
| બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૦૬ |
| બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૨ |
| બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત) | ૧૫૨ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૩ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૪ |
| યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૮૦ |
| યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન | ૬૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૭૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૬ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૭ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૫ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૬ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૭ |
| યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | ૧ |
| યોગશતક શબ્દશઃ વિવેચન | ૪૫ |
| યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૯૨ |
| યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૯૩ |
| યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૦૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૬૬ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૮ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | ૧૬ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | ૧૯ |
| વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન | ૧૫૮ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૦ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૮૫ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૮૬ |
| વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૨૦૦ |

| | |
|---|---|
| વૈરાગ્યકલ્પલતા ઉત્તરાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૨૦૧ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૨૦૨ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૨૦૩ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૮ | ૨૦૪ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૯) શબ્દશઃ વિવેચન ભાગ-૯ | ૨૦૫ |
| શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના) | ૧૫૧ |
| શ્રાવકધર્મવિધિ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૨૧૧ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૮ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૯ |
| શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૯૮ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૧ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૧ |
| સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૪૩ |
| સમાધિશતક શબ્દશઃ વિવેચન | ૨૦૬ |
| સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન | ૨૩ |
| સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૪૫ |
| સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન | ૬૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૮ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૦ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૩૮ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૯ |
| સૂત્રના પરિણામદર્શક યત્નલેશ | ૩૨ |


## ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત
## સંશોધનાત્મક પ્રકાશનો


| | | |
|---|---|---|
| આગમ પ્રકાશનસૂચી (હિન્દી) | સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી | ૧૭૫ |


## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો


૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨
૩. ધર્મતીર્થ ભાગ-૩
૪. ધર્મતીર્થ ભાગ-૪

# પ્રાપ્તિસ્થાન

**✤ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : mygg@gitarthganga.com
www.gitarthganga.com

**✤ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✤ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✤ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

**✤ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

**✤ BANGALORE :**

**SHRI VIMALCHANDJI**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262
(Mo.) 9448359925, 7892448604
Email : vimalkgadiya@gmail.com

**SHRI DHEERAJ KATARIA**
Flat No. 202, Munoth Habitat Apts.
No. 13/14, Pmk Road, Shankarpuram,
Bangalore-560004. (Karnataka)
☎ (M) 9844350590
Email : dheeraj83kataria@gmail.com

नाणं पगासगं सोहओ तवो संजमो य गुत्तिकरो ।
तिण्हंपि समायोगे मोक्खो जिणसासणे भणिओ ।।

❖

જ્ઞાન પ્રકાશક, તપ શોધક અને સંયમ
ગુપ્તિકર છે. ત્રણેયના પણ સમાયોગમાં
મોક્ષ જિનશાસનમાં કહેવાયો છે.




: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : mygg@gitarthganga.com ❖ www.gitarthganga.com